અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે તારા ઇલ્મમાંથી માંગુ છું , દરેક વસ્તુ ઉપર કુદરત ધરાવનાર ઇલ્મના વાસ્તાથી, અને તારા તમામ ઇલ્મે દરેક વસ્તુને ઘેરી લીધી છે, અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે સવાલ કરું છું તારા તમામ ઇલ્મના વાસ્તાથી; અય અલ્લાહ , ખરેખર હું તારી પાસે તારા ખુબજ પસંદ કરેલા કથન (કવ્લ)ના વાસ્તાથી સવાલ કરું છું, અને તારા દરેક કથન પસંદ કરેલા છે, અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે સવાલ કરું છું તારા તમામ કથનના વાસ્તાથી, અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે તારા દરેક પસંદ કરેલ હુકમોના વાસ્તાથી સવાલ કરું છું, અને તારા દરેક હુકમોને તું પસંદ કરે છે, અય અલ્લાહ , ખરેખર હું તારી પાસે સવાલ કરું છું તારા દરેક હુકમોના વાસ્તાથી; અય

અલ્લાહ, ખરેખર હું તારી પાસે તારી મહાન ઇઝ્ઝતના વાસ્તાથી સવાલ કરૂં છું, અને તારી દરેક ઇઝ્ઝત ખુબજ મહાન છે, અય અલ્લાહ , ખરેખર હું તારી પાસે સવાલ કરૂં છું તારી દરેક ઇઝ્ઝતના વાસ્તાથી

اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ مِنْ سُلْطَانِكَ بِاَدْوَمِهٖ وَكُلُّ

سُلْطَانِكَ دَائِمٌ ، اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ بِسُلْطَانِكَ كُلِّهٖ ،

اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ مِنْ مُلْكِكَ بِاَفْخَرِهٖ وَكُلُّ مُلْكِكَ

فَاخِرٌ ، اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ بِمُلْكِكَ كُلِّهٖ ، اَللّٰهُمَّ اِنِّيْ

اَسْاَلُكَ مِنْ عُلُوِّكَ بِاَعْلَاهُ وَكُلُّ عُلُوِّكَ عَالٍ اَللّٰهُمَّ اِنِّيْ

اَسْاَلُكَ بِعُلُوِّكَ كُلِّهٖ ، اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ مِنْ مَنِّكَ

بِاَقْدَمِهٖ وَكُلُّ مَنِّكَ قَدِيمٌ ، اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ

بِمَنِّكَ كُلِّهٖ ، اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ مِنْ اٰيَاتِكَ بِاَكْرَمِهَا

وَكُلُّ اٰيَاتِكَ كَرِيمَةٌ ، اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ بِاٰيَاتِكَ

كُلِّهَا،

અય અલ્લાહ , ખરેખર હું તારી પાસે હંમેશા રહેવાવાળી સત્તા (કુદરત)ના વાસ્તાથી સવાલ કરૂં છું, અને તારી સત્તા હંમેશા બાકી રહેવાવાળી છે, અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે સવાલ કરૂં છું તારી દરેક સત્તાના વાસ્તાથી; અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે તારા ગર્વ ભરી સલ્તનત થકી સવાલ કરૂં છું, અને તારી દરેક સલ્તનત ખુબજ ગર્વને લાયક છે, અય અલ્લાહ , ખરેખર હું તારી પાસે સવાલ કરૂં છું તારી દરેક સલ્તનતના વાસ્તાથી, અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે તારી સર્વોચ્ચ બુલંદીના વાસ્તાથી સવાલ કરૂં છું, અને તારી દરેક બુલંદી સર્વોચ્ચ છે, અય અલ્લાહ , ખરેખર હું તારી પાસે સવાલ કરૂં છું તારી દરેક બુલંદીના વાસ્તાથી; અય અલ્લાહ, હું સવાલ કરૂં છું તારા એહસાનના વાસ્તાથી, જે હંમેશાથી છે, અને તારા દરેક એહસાન હંમેશાથી છે, અય અલ્લાહ , હું તારા તમામ એહસાનના વસીલાથી સવાલ કરૂં છું, અય અલ્લાહ,

હું તારી પાસે ઇઝ્ઝતવાળી આયતોના વસીલાથી સવાલ કરૂં છું, અને તારી દરેક આયતો ઇઝ્ઝતવાળી છે, અય અલ્લાહ , ખરેખર હું તારી તમામ આયતોના વસીલાથી સવાલ કરૂં છું;

اَللّٰهُمَّ اِنِّيْٓ اَسْاَلُكَ بِمَا اَنْتَ فِيْهِ مِنَ الشَّأْنِ وَ الْجَبَرُوْتِ وَ اَسْاَلُكَ بِكُلِّ شَأْنٍ وَّحْدَهٗ وَ جَبَرُوْتٍ وَّحْدَهَا اَللّٰهُمَّ اِنِّيْٓ اَسْاَلُكَ بِمَا تُجِيْبُنِيْ حِيْنَ اَسْاَلُكَ فَاَجِبْنِيْ يَا اَللّٰهُ.

(પછી પોતાની જે કાંઈ પણ હાજતો હોઈ તે માંગે કે ચોક્કસ પુરી થશે જ)

અય અલ્લાહ, મારો સવાલ તારી શાન અને તારી કુદરતોના વસીલાથી છે કે જે ફક્ત તારા માટેજ છે, અય અલ્લાહ , ખરેખર હું તારી પાસે તારા બધાજ દબદબા અને બધીજ કુદરતના વસીલાથી સવાલ કરૂં છું કે જે ફક્ત તારી પાસે જ છે; અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે તે દરેક વસીલાથી સવાલ કરૂં છું કે જેના થકી તું મારી દુઆઓને કબૂલ કરે છે, તો મારી દુઆને કબૂલ કર, અય અલ્લાહ. (પછી પોતાની જે કાંઈ પણ

હાજતો હોઈ તે માંગે કે ચોક્કસ પુરી થશે જ)

## સેહરીની દુઆ–યા ઉદ્દતી ફી કુરબતી

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، يَا عُدَّتِيْ فِيْ كُرْبَتِيْ وَ
يَا صَاحِبِيْ فِيْ شِدَّتِيْ وَ يَا وَلِيِّيْ فِيْ نِعْمَتِيْ وَ يَا غَايَتِيْ
فِيْ رَغْبَتِيْ ، اَنْتَ السَّاتِرُ عَوْرَتِيْ وَ الْمُؤْمِنُ رَوْعَتِيْ وَ
الْمُقِيْلُ عَثْرَتِيْ ، فَاغْفِرْ لِيْ خَطِيئَتِيْ ، اَللّٰهُمَّ اِنِّيْ
اَسْاَلُكَ خُشُوْعَ الْاِيْمَانِ قَبْلَ خُشُوْعِ الذُّلِّ فِي النَّارِ ،
يَا وَاحِدُ يَا اَحَدُ يَا صَمَدُ يَا مَنْ لَمْ يَلِدْ وَ لَمْ يُوْلَدْ
وَ لَمْ يَكُنْ لَهٗ كُفُوًا اَحَدٌ ،

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. (અય અલ્લાહ) અય મારી મુસીબતોમાં મારા મદદગાર, અય મારી સખ્તીઓમાં મારા સાથી, અય નેઅમતોમાં મારા સરપરસ્ત, અય મારી ચાહતના મકસદ, તું મારા એબોને છુપાવવાવાળો છે, અને ખૌફના સમયે અમાન આપનાર, અને મારી ભૂલોને માફ કરનાર છે; તો મારી ભૂલોને માફ કરી દે; અય અલ્લાહ હું તારી પાસે જહન્નમની ઝીલ્લતની પેહલા ઈમાનની

વિનમ્રતાનો સવાલ કરું છું, અય એકમાત્ર, અય એકલા, અય બેનિયાઝ, અય તે કે જેની કોઈ ઔલાદ નથી અને તે પણ કોઈની ઔલાદ નથી, અને તેની જેવુ બીજું કોઈ નથી;

يَا مَنْ يُعْطِي مَنْ سَاَلَهٗ تَحَنُّنًا مِنْهُ وَ رَحْمَةً وَ يَبْتَدِئُ بِالْخَيْرِ مَنْ لَمْ يَسْاَلْهُ تَفَضُّلًا مِنْهُ وَ كَرَمًا بِكَرَمِكَ الدَّائِمِ ، صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ وَّ هَبْ لِيْ رَحْمَةً وَّاسِعَةً جَامِعَةً اَبْلُغُ بِهَا خَيْرَ الدُّنْيَا وَ الْاٰخِرَةِ ، اَللّٰهُمَّ اِنِّيْ اَسْتَغْفِرُكَ لِمَا تُبْتُ اِلَيْكَ مِنْهُ ثُمَّ عُدْتُ فِيْهِ وَ اَسْتَغْفِرُكَ لِكُلِّ خَيْرٍ اَرَدْتُ بِهٖ وَجْهَكَ فَخَالَطَنِيْ فِيْهِ مَا لَيْسَ لَكَ ، اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ وَ اعْفُ عَنْ ظُلْمِيْ وَ جُرْمِيْ بِحِلْمِكَ وَ جُوْدِكَ يَا كَرِيْمُ

અય તે ઝાત કે જે સવાલ કરનારને મુહબ્બત અને રહમતથી અતા કરે છે, અને તારી હંમેશાની ઉદારતા થકી તું તેની સાથે પણ તારા ફઝ્લ અને કરમ વડે નેકીની શરૂઆત કરે છે કે જે તારી પાસે

નથી માંગતો; તું હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની ઔલાદ ઉપર રહમત નાઝિલ કર, અને મને તમામ ફેલાયેલી વિશાળ રહમતો અતા કર કે જેના થકી હું દુનિયા અને આખેરતની નેકીઓ સુધી પહોંચું; અય અલ્લાહ , ખરેખર હું તારી પાસે તે ગુનાહોની માફી માંગું છું, કે જેની મેં તૌબા કરી લીધી હતી, પણ ફરી વખત મેં તે ગુનાહ કર્યો; અને અય અલ્લાહ , ખરેખર હું તારી પાસે તે કાર્યોની માફી માંગું છું કે શરૂઆતમાં તો મેં તેને ફક્ત તારી ખુશનુદી માટે નિય્યત કરેલ હતી, પણ પછી મારી નિય્યત ભેળસેળવાળી થઇ ગઈ કે જે તારી માટે બાકી ન રહી; અય અલ્લાહ, તું હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની ઔલાદ ઉપર રહમત નાઝિલ કર, અને તારી સહનશીલતા અને તારી સખાવત થકી મારા ઝુલ્મો અને ગુનાહોને માફ કરી દે, અય ખુબજ ઉદાર.

يَا مَنْ لَا يَخِيْبُ سَائِلُهٗ وَ لَا يَنْفَدُ نَائِلُهٗ ، يَا مَنْ عَلَا فَلَا شَيْءَ فَوْقَهٗ وَ دَنَا فَلَا شَيْءَ دُوْنَهٗ ، صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ وَّ ارْحَمْنِيْ يَا فَالِقَ الْبَحْرِ لِمُوْسٰى ، اَللَّيْلَةَ اَللَّيْلَةَ اَلسَّاعَةَ اَلسَّاعَةَ

اَللّٰهُمَّ طَهِّرْ قَلْبِيْ مِنَ النِّفَاقِ وَ عَمَلِيْ مِنَ الرِّيَاءِ وَ
لِسَانِيْ مِنَ الْكِذْبِ وَ عَيْنِيْ مِنَ الْخِيَانَةِ ، فَاِنَّكَ
تَعْلَمُ خَائِنَةَ الْاَعْيُنِ وَ مَا تُخْفِيْ الصُّدُوْرُ ، يَا رَبِّ
هٰذَا مَقَامُ الْعَائِذِ بِكَ مِنَ النَّارِ ، هٰذَا مَقَامُ
الْمُسْتَجِيْرِ بِكَ مِنَ النَّارِ ، هٰذَا مَقَامُ الْمُسْتَغِيْثِ
بِكَ مِنَ النَّارِ ، هٰذَا مَقَامُ الْهَارِبِ اِلَيْكَ مِنَ النَّارِ ،
هٰذَا مَقَامُ مَنْ يَبُوْءُ لَكَ بِخَطِيْئَتِهٖ وَ يَعْتَرِفُ بِذَنْبِهٖ
وَ يَتُوْبُ اِلٰى رَبِّهٖ ، هٰذَا مَقَامُ الْبَائِسِ الْفَقِيْرِ ، هٰذَا
مَقَامُ الْخَائِفِ الْمُسْتَجِيْرِ ، هٰذَا مَقَامُ الْمَحْزُوْنِ
الْمَكْرُوْبِ

અય તે ઝાત કે જે માંગવાવાળાને ખાલી હાથે પાછી નથી ફેરવતી, અને તેની બખ્શીશોનો અંત નથી; અય તેવો સર્વોચ્ચ કે જેનાથી બીજું કોઈ મહાન નથી, અય તેવો નજિક કે જેનાથી વધારે બીજું કોઈ નજિક નથી; તું રહમત નાઝિલ કર હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને હઝરત મોહમ્મદ (સ.અ.વ.)ની ઔલાદ ઉપર, અને મારી ઉપર રહેમ કર - અય

હઝરત મુસા (અ.) માટે દરિયાને ફાડી તેમાં રસ્તો બનાવનાર- આજે રાત્રે જ, આજે રાત્રે જ, આજે રાત્રે જ, અત્યારે જ, અત્યારે જ, અત્યારે જ, અય અલ્લાહ મારા દિલમાંથી દંભ (નિફાક)ને દૂર કરી દે, અને મારા અમલને રીયાકારીથી દૂર રાખ, અને મારી ઝબાનને ખોટું બોલવાથી પાક કર, અને મારી આંખોને ખયાનત અને ગુનાહોથી દૂર રાખ કારણ કે તું આંખોની ખયાનતોને અને જે કાંઈ પણ દિલમાં છુપાયેલી બાબતો છે તે બધું જાણનાર છે; અય મારા પાલનહાર, આ તે બંદાની જગ્યા છે જે તારી પાસે જહન્નમની આગથી પનાહ માંગે છે, આ જગ્યા તારી પાસે જહન્નમની આગથી પનાહ માંગનારની જગ્યા છે, આ જગ્યા તારી પાસે આગથી આશરો માંગનારની જગ્યા છે, આ જગ્યા તારી પાસે જહન્નમની આગથી ફરિયાદ કરનારની જગ્યા છે, આ જગ્યા જહન્નમની આગથી ભાગીને તારી તરફ આવનારની જગ્યા છે, આ તે બંદાની જગ્યા છે કે જે પોતાની ભૂલોના કારણે તારી તરફ પાછો ફરેલો છે, અને પોતાના ગુનાહોને સ્વીકારે છે, અને પોતાના પાલનહાર તરફ તૌબા કરે છે, આ એક મોહતાજ ફકીરની જગ્યા છે, આ એક ભયભીત આશરો માંગનારની જગ્યા છે, આ દુઃખી અને પરેશાનહાલની જગ્યા છે;

هٰذَا مَقَامُ الْمَغْمُوْمِ الْمَهْمُوْمِ ، هٰذَا مَقَامُ الْغَرِيْبِ الْغَرِيْقِ ، هٰذَا مَقَامُ الْمُسْتَوْحِشِ الْفَرِقِ ، هٰذَا مَقَامُ مَنْ لَا يَجِدُ لِذَنْبِهٖ غَافِرًا غَيْرَكَ وَ لَا لِضَعْفِهٖ مُقَوِّيًا اِلَّا اَنْتَ وَ لَا لِهَمِّهٖ مُفَرِّجًا سِوَاكَ ، يَا اَللّٰهُ يَا كَرِيْمُ ، لَا تُحْرِقْ وَجْهِيْ بِالنَّارِ بَعْدَ سُجُوْدِيْ لَكَ وَ تَعْفِيْرِيْ بِغَيْرِ مَنٍّ مِنِّيْ عَلَيْكَ بَلْ لَكَ الْحَمْدُ وَ الْمَنُّ وَ التَّفَضُّلُ عَلَيَّ ، اِرْحَمْ اَيْ رَبِّ ، اَيْ رَبِّ ، اَيْ رَبِّ ......

આ ગમગીન અને ઉદાસ બંદાની જગ્યા છે, આ પરદેસી અને ડૂબેલા બંદાની જગ્યા છે, આ ડરેલા અને ભયભીત બંદાની જગ્યા છે, આ તે બંદાની જગ્યા છે કે જે તારા સિવાય બીજા કોઈને ગુનાહોનો માફ કરવાવાળો નથી પામતો અને તારા સિવાય બીજા કોઈને પોતાની નબળાઈ માટે તાકત આપનાર નથી પામતો, અને તારા સિવાય બીજા કોઈને પોતાના દુ:ખને દૂર કરનાર નથી પામતો, અય અલ્લાહ, અય ખુબજ ઉદાર, મારા ચેહરાને જહન્નમની આગથી દઝાડતો નહીં કે જે ચેહરાએ

તારી માટે સજદાઓ કર્યા છે અને તારી બારગાહમાં ઝમીન ઉપર માથું રાખ્યું છે; હું આ બયાન કરીને તારી ઉપર મારો એહસાન નથી જતાવતો, પણ ફક્ત તારી માટે જ વખાણ છે અને ફક્ત તારો જ એહસાન અને ફઝ્લ છે કે મેં તારી બારગાહમાં સજદાઓ કર્યા છે, તો મારી ઉપર રહેમ કર, અય મારા પાલનહાર, અય મારા પાલનહાર, અય મારા પાલનહાર.... (શ્વાસ તૂટે ત્યાં સુધી પુકારતો રહે.... અય મારા પાલનહાર...)

ضَعْفِيْ وَ قِلَّةَ حِيْلَتِيْ وَ رِقَّةَ جِلْدِيْ وَ تَبَدُّدَ اَوْصَالِيْ وَ
تَنَاثُرَ لَحْمِيْ وَ جِسْمِيْ وَ جَسَدِيْ وَ وَحْدَتِيْ وَ
وَحْشَتِيْ فِيْ قَبْرِيْ وَ جَزَعِيْ مِنْ صَغِيْرِ الْبَلَاءِ ،
اَسْاَلُكَ يَا رَبِّ قُرَّةَ الْعَيْنِ وَ الْاِغْتِبَاطَ يَوْمَ الْحَسْرَةِ
وَ النَّدَامَةِ ، بَيِّضْ وَجْهِيْ يَا رَبِّ يَوْمَ تَسْوَدُّ الْوُجُوْهُ ،
اٰمِنِّيْ مِنَ الْفَزَعِ الْاَكْبَرِ ، اَسْاَلُكَ الْبُشْرٰى يَوْمَ
تُقَلَّبُ الْقُلُوْبُ وَ الْاَبْصَارُ وَ الْبُشْرٰى عِنْدَ فِرَاقِ
الدُّنْيَا، اَلْحَمْدُ لِلّٰهِ الَّذِيْ اَرْجُوْهُ عَوْنًا فِيْ حَيَاتِيْ وَ

أُعِدُّهُ ذُخْرًا لِيَوْمِ فَاقَتِيْ ، اَلْحَمْدُ لِلّٰهِ الَّذِيْ اَدْعُوْهُ وَ لَا اَدْعُوْ غَيْرَهُ وَلَوْ دَعَوْتُ غَيْرَهُ لَخَيَّبَ دُعَائِيْ ، اَلْحَمْدُ لِلّٰهِ الَّذِيْ اَرْجُوْهُ وَلَا اَرْجُوْ غَيْرَهُ وَلَوْ رَجَوْتُ غَيْرَهُ لَاَخْلَفَ رَجَائِيْ

અય મારા પાલનહાર, રહેમ કર મારી નબળાઈ ઉપર, મારી લાચારી ઉપર, મારી ચામડીની નબળાઈ ઉપર, મારા હાડકાના જોડ તુટવા ઉપર, મારા ગોશ્ત, શરીર અને મારા બદનના તુટવા ઉપર, કબરમાં મારા એકાંત અને ભય ઉપર, તથા નાની બલાઓથી થતી પરેશાનીમાં મારી ઉપર રહેમ કર; અય મારા પાલનહાર, હું તારી પાસે સવાલ કરું છું કે અફસોસ અને પસ્તાવાના કયામતના દિવસે મારી આંખોમાં ઠંડક અને મને ખુશહાલી અતા કર; અય મારા પાલનહાર, જે દિવસે ચેહરાઓ કાળા હશે તે દિવસે મારો ચેહરો નૂરાની કર, અને મને કયામતના દિવસે સલામતી અતા કર; અને હું તારી પાસે સવાલ કરું છું કે જે દીવસે દિલ અને આંખો ફરી જતી હશે તે દિવસે મને ખુશખબરી આપ, અને દુનિયાથી વિદાય લેતા સમયે પણ મને ખુશખબરી આપ; વખાણ ફક્ત તે અલ્લાહ માટે છે કે ઝીંદગીમાં જેની મદદની ઉમ્મીદ રાખું છું અને મોહતાજીના

દિવસે જે મારી માટે મૂડી છે; વખાણ ફક્ત તે અલ્લાહ માટે છે જેને હું પુકારૂં છું અને તેના સિવાય બીજા કોઈને હું નથી પુકારતો, અને જો તેના સિવાય બીજા કોઈને પુકારૂં તો મારી દુઆ કબૂલ ન થાય; વખાણ ફક્ત તે અલ્લાહ માટે છે જેની પાસે હું ઉમ્મીદ રાખું છું અને તેના સિવાય બીજા કોઈથી હું ઉમ્મીદ નથી રાખતો, અને જો તેના સિવાય બીજા કોઈથી ઉમ્મીદ રાખું તો મારી ઉમ્મીદ પૂરી ન થાય;

اَلْحَمْدُ لِلّٰهِ الْمُنْعِمِ الْمُحْسِنِ الْمُجْمِلِ الْمُفْضِلِ ذِي الْجَلَالِ وَ الْاِكْرَامِ ، وَلِيِّ كُلِّ نِعْمَةٍ وَّ صَاحِبِ كُلِّ حَسَنَةٍ وَّ مُنْتَهٰى كُلِّ رَغْبَةٍ وَّ قَاضِيْ كُلِّ حَاجَةٍ ، اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ وَّ ارْزُقْنِيَ الْيَقِيْنَ وَ حُسْنَ الظَّنِّ بِكَ وَ اَثْبِتْ رَجَاءَكَ فِيْ قَلْبِيْ وَ اقْطَعْ رَجَائِيْ عَمَّنْ سِوَاكَ حَتّٰى لَا اَرْجُوَ غَيْرَكَ وَ لَا اَثِقَ اِلَّا بِكَ ، يَا لَطِيْفًا لِمَا تَشَاءُ اُلْطُفْ لِيْ فِيْ جَمِيْعِ اَحْوَالِيْ بِمَا تُحِبُّ وَ تَرْضٰى

વખાણ ફક્ત અલ્લાહ માટે જ છે જે નેઅમતો આપનાર, ભલાઈ કરનાર, ખૂબસૂરતી અતા કરનાર,

વધારો કરનાર, બુઝુર્ગી અને ઇઝ્ઝતનો માલિક, દરેક નેઅમતોનો માલિક, દરેક નેકીઓ ધરાવનાર, દરેક ઈચ્છાઓની આખરી મંઝિલ, અને દરેકની હાજતોને પૂરી કરનાર છે; અય અલ્લાહ, હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને હઝરત મોહમ્મદ (સ.અ.વ.)ની ઔલાદ ઉપર રહમત નાઝિલ કર, અને મને યકીન અતા કર, અને હું તારી ઉપર નેક ગુમાન રાખું, અને મારા દિલમાં તારી ઉમ્મીદને મક્કમ કરી દે, અને તારા સિવાય બીજા બધાથી મારી ઉમ્મીદોને કાપી નાખ જેથી હું તારા સિવાય બીજા કોઈ પાસે ઉમ્મીદ ન રાખું અને તારા સિવાય બીજા કોઈ ઉપર ભરોસો ન કરૂં; અય જેની ઉપર ચાહે તેની ઉપર મહેરબાની કરનાર, દરેક હાલતમાં મારી ઉપર એવી મહેરબાની કર કે જેને તું પસંદ કરે છે અને જેનાથી તું રાજી છે;

يَا رَبِّ اِنِّيْ ضَعِيْفٌ عَلَى النَّارِ فَلَا تُعَذِّبْنِيْ بِالنَّارِ ، يَا رَبِّ ارْحَمْ دُعَائِيْ وَ تَضَرُّعِيْ وَ خَوْفِيْ وَ ذُلِّيْ وَ مَسْكَنَتِيْ وَ تَعْوِيْذِيْ وَ تَلْوِيْذِيْ ، يَا رَبِّ اِنِّيْ ضَعِيْفٌ عَنْ طَلَبِ الدُّنْيَا وَ اَنْتَ وَاسِعٌ كَرِيْمٌ ، اَسْاَلُكَ يَا رَبِّ بِقُوَّتِكَ عَلٰى ذٰلِكَ وَ قُدْرَتِكَ عَلَيْهِ وَ غِنَاكَ عَنْهُ ،

وَ حَاجَتِيْ اِلَيْهِ اَنْ تَرْزُقَنِيْ فِيْ عَامِيْ هٰذَا وَ شَهْرِيْ هٰذَا وَ يَوْمِيْ هٰذَا وَ سَاعَتِيْ هٰذِهٖ رِزْقًا تُغْنِيْنِيْ بِهٖ عَنْ تَكَلُّفِ مَا فِيْ اَيْدِي النَّاسِ مِنْ رِزْقِكَ الْحَلَالِ الطَّيِّبِ

અય મારા પાલનહાર, હું જહન્નમની આગ સામે ખુબજ નબળો છું, તો તું મને જહન્નમની આગનો અઝાબ ન દે; અય મારા પાલનહાર, મારી દુઆ ઉપર, મારી ફરિયાદ ઉપર, મારા ડરવા ઉપર, મારી ઝીલ્લત ઉપર, મારી લાચારી ઉપર, મારી પનાહ માંગવા ઉપર અને તારી બારગાહમાં મારા હાજર થવા ઉપર રહેમ કર; અય મારા પાલનહાર, દુનિયા માંગવામાં હું બહુજ નબળો છું, અને તું તો ખુબજ ઉદાર અને પુષ્કળ અતા કરનાર છે; અય મારા પાલનહાર, હું તારી પાસે સવાલ કરૂં છું તારી કુવ્વતના વાસ્તાથી કે જે તું આ બધી બાબતો ઉપર ધરાવે છે અને આ બધી બાબતો ઉપર ધરાવનાર તારી કુદરતના વાસ્તાથી, અને આ બધી બાબતોથી તારી બેનીયાઝીના વાસ્તાથી અને હું તે બધી બાબતોનો મોહતાજ છું, તું મને આ વર્ષે, અને આ મહીનામાં, અને આજના દિવસે અને આજ ઘડીએ એવી રોઝી અતા કર કે જેનાથી લોકોની પાસે જે

કઈ છે તેનાથી તું મને બેનિયાઝ કરી દે, અને તું મને હલાલ અને પાક રોઝી અતા કર;

اَيْ رَبِّ مِنْكَ اَطْلُبُ وَاِلَيْكَ اَرْغَبُ وَاِيَّاكَ اَرْجُوْ وَ

اَنْتَ اَهْلُ ذٰلِكَ ، لَا اَرْجُوْ غَيْرَكَ وَلَا اَثِقُ اِلَّا بِكَ يَا

اَرْحَمَ الرَّاحِمِيْنَ ، اَيْ رَبِّ ظَلَمْتُ نَفْسِيْ فَاغْفِرْ لِيْ وَ

ارْحَمْنِيْ وَعَافِنِيْ ، يَا سَامِعَ كُلِّ صَوْتٍ وَّيَا جَامِعَ كُلِّ

فَوْتٍ وَّيَا بَارِئَ النُّفُوْسِ بَعْدَ الْمَوْتِ ،

અય મારા પાલનહાર, હું ફક્ત તારી પાસે માંગું છું, અને ફક્ત તારી તરફ આશા રાખું છું, અને ફકત તારી ઉપર ઉમ્મીદ રાખું છું, અને તું જ આ બાબતો માટે લાયક છે કે હું તારા સિવાય બીજા કોઈ પાસે ઉમ્મીદ નથી રાખતો, તારા સિવાય બીજા કોઈ ઉપર ભરોસો નથી કરતો, અય રહેમ કરવા વાળાઓમાં સૌથી વધારે રહેમ કરનાર; અય મારા પાલનહાર, મેં પોતાના નફ્સ ઉપર ઝુલ્મ કર્યો છે તો તું મને માફ કરી આપ અને મારી ઉપર રહેમ કર અને મને સલામતી આપ, અય દરેક અવાજને સાંભળનાર, અય નાબૂદ થઇ ગયેલી વસ્તુઓને ભેગી કરનાર, અને મૌત પછી નફ્સોને ફરી વખત જીવતો કરનાર,

يَا مَنْ لَا تَغْشَاهُ الظُّلُمَاتُ وَلَا تَشْتَبِهُ عَلَيْهِ

الْاَصْوَاتُ وَ لَا يَشْغَلُهُ شَيْءٌ عَنْ شَيْءٍ ، اَعْطِ مُحَمَّدًا

صَلَّى اللهُ عَلَيْهِ وَ اٰلِهٖ اَفْضَلَ مَا سَاَلَكَ وَ اَفْضَلَ مَا

سُئِلْتَ لَهُ وَ اَفْضَلَ مَا اَنْتَ مَسْئُوْلٌ لَهُ اِلٰى يَوْمِ

الْقِيَامَةِ وَ هَبْ لِيَ الْعَافِيَةَ حَتّٰى تَهْنِئَنِيْ الْمَعِيْشَةُ وَ

اخْتِمْ لِيْ بِخَيْرٍ حَتّٰى لَا تَضُرَّنِيْ الذُّنُوْبُ

અય તે ઝાત કે જેને અંધકારો ઢાંકી નથી શકતા, અને તેને અલગ અલગ અવાજો ઓળખવામાં ભૂલ નથી થતી, અને તેને કોઈ પણ બાબત બીજી બાબત માટે મગ્ન (મશ્ગૂલ) નથી કરતી, હઝરત મોહમ્મદ (સ.અ.વ.) એ જે માંગ્યું છે તેની કરતા તું તેમને વધારે અતા કર, અને તારી પાસે તેમની માટે સવાલ થયેલી બેહતરીન બાબતો માંથી તું સૌથી વધારે સારી બાબત તેમને અતા કર, અને તારી પાસે તેમની માટે આજથી લઇ કયામતના દિવસ સુધી સવાલ થનાર બેહતરીન બાબતો માંથી તું સૌથી વધારે સારી બાબત તેમને અતા કર, અને મને એવી સલામતી અતા કર કે જેનાથી મારું જીવન સુખી થઇ જાય, અને મારા અંતકાળને નેક બનાવ જેથી મારા ગુનાહો મને નુકશાન ન પહોંચાડે;

اَللّٰهُمَّ رَضِّنِيْ بِمَا قَسَمْتَ لِيْ حَتّٰى لَا اَسْئَلَ اَحَدًا

شَيْـًٔا ، اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِ مُحَمَّدٍ وَافْتَحْ لِيْ

خَزَائِنَ رَحْمَتِكَ وَارْحَمْنِيْ رَحْمَةً لَا تُعَذِّبُنِيْ بَعْدَهَا

اَبَدًا فِي الدُّنْيَا وَالْاٰخِرَةِ وَارْزُقْنِيْ مِنْ فَضْلِكَ

الْوَاسِعِ رِزْقًا حَلَالًا طَيِّبًا لَا تُفْقِرُنِيْ اِلٰى اَحَدٍ بَعْدَهٗ

سِوَاكَ تَزِيْدُنِيْ بِذٰلِكَ شُكْرًا وَّاِلَيْكَ فَاقَةً وَّفَقْرًا

وَّبِكَ عَمَّنْ سِوَاكَ غِنًا وَّتَعَفُّفًا ،

અય અલ્લાહ, તેં વહેંચણી કરેલી બાબતો ઉપર મને રાજી રાખ, જેથી હું બીજા કોઈ પાસે કઈ ન માંગું; અય અલ્લાહ, હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને હઝરત મોહમ્મદ (સ.અ.વ.)ની ઔલાદ ઉપર રહમત નાઝિલ કર, અને મારી માટે તારી રહમતના ખઝાનાઓને ખોલી આપ, અને તારી એવી મહેરબાની થકી મારી ઉપર રહેમ કર કે જેના પછી મારી ઉપર દુનિયા અને આખેરતમાં ક્યારેય પણ તું અઝાબ ન કર, અને મને તારા પુષ્કળ એહસાન થકી હલાલ અને પાક રોઝી અતા કર કે જેની પછી તું મને તારા સિવાય બીજા કોઈનો મોહતાજ ન બનાવ, અને જેના માટે તું મને તારો વધારે શુક્ર અદા કરવાની તૌફીક અતા કર, અને મને ફક્ત તારો જ મોહતાજ બનાવીને રાખ જેમાં તારા સિવાય બીજા

કોઈનો મોહતાજ ન બનું અને તારાથી અલગ ન થઇ જાઉં;

يَا مُحْسِنُ يَا مُجْمِلُ يَا مُنْعِمُ يَا مُفْضِلُ يَا مَلِيْكُ يَا مُقْتَدِرُ، صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ وَا كْفِنِى الْمُهِمَّ كُلَّهٗ وَاقْضِ لِىْ بِالْحُسْنٰى وَبَارِكْ لِىْ فِىْ جَمِيْعِ اُمُوْرِىْ وَاقْضِ لِىْ جَمِيْعَ حَوَائِجِىْ ، اَللّٰهُمَّ يَسِّرْ لِىْ مَا اَخَافُ تَعْسِيْرَهٗ ، فَاِنَّ تَيْسِيْرَ مَا اَخَافُ تَعْسِيْرَهٗ عَلَيْكَ سَهْلٌ يَسِيْرٌ وَسَهِّلْ لِىْ مَا اَخَافُ حُزُوْنَتَهٗ وَنَفِّسْ عَنِّىْ مَا اَخَافُ ضِيْقَهٗ وَكُفَّ عَنِّىْ مَا اَخَافُ هَمَّهٗ وَاصْرِفْ عَنِّىْ مَا اَخَافُ بَلِيَّتَهٗ يَا اَرْحَمَ الرَّاحِمِيْنَ .

અય નેકી કરવાવાળા, અય ખુબસૂરત બનાવનાર, અય નેઅમતો આપનાર, અય વધારો કરનાર, અય બાદશાહ, અય કુદરતના માલિક; હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને હઝરત મોહમ્મદ (સ.અ.વ.)ની ઔલાદ ઉપર રહમત નાઝિલ કર, અને મુશ્કિલ કાર્યોમાં મારી માટે પૂરતો થઇ જા, અને મારા

હક્કમાં બેહતરીન હુક્મ જારી કર, દરેક બાબતોમાં મને તું બરકત અતા કર, અને મારી તમામ જરૂરતોને પૂરી કર, અય અલ્લાહ, જે અઘરી બાબતોથી હું ડરું છું તેમાં તું મને આસાની અતા કર, કારણ કે તારી માટે મારી અઘરી બાબતોને આસાન કરવી ખુબજ સેહલી અને આસાન છે; અને તે બાબતોને મારી માટે સેહલી કરી દે જે બાબતોથી મને દુ:ખી થવાનો ડર છે; અને જે બાબતોમાં મને તંગીનો ડર છે તેમાં મારી માટે વિશાળતા અતા કર; અને મારી માટે તે બાબતોમાં પૂરતો થઇ જા કે જેની પરેશાનીનો મને ડર છે; અને મારીથી તે બાબતોને દૂર કરી દે કે જેની બલાઓથી હું ડરું છું, અય રહેમ કરવાવાળાઓ માં સૌથી વધારે રહેમ કરનાર;

اَللّٰهُمَّ امْلَأْ قَلْبِيْ حُبًّا لَكَ وَ خَشْيَةً مِّنْكَ وَ تَصْدِيْقًا لَكَ وَ اِيْمَانًا بِكَ وَ فَرَقًا مِنْكَ وَ شَوْقًا اِلَيْكَ ، يَا ذَا الْجَلَالِ وَ الْاِكْرَامِ ، اَللّٰهُمَّ اِنَّ لَكَ حُقُوْقًا فَتَصَدَّقْ بِهَا عَلَيَّ وَ لِلنَّاسِ قِبَلِيْ تَبِعَاتٌ ، فَتَحَمَّلْهَا عَنِّيْ وَ قَدْ اَوْجَبْتَ لِكُلِّ ضَيْفٍ قِرًى وَ اَنَا ضَيْفُكَ ، فَاجْعَلْ قِرَايَ اللَّيْلَةَ الْجَنَّةَ ، يَا وَهَّابَ الْجَنَّةِ ، يَا وَهَّابَ

الْمَغْفِرَةِ وَلَا حَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِكَ

અય અલ્લાહ, મારા દિલને તારી મુહબ્બતથી, તારા ડરથી, તારી સચ્ચાઈથી, તારા ઇમાનથી, તારા ભયથી, તારા તરફ આવવાના શોખથી ભરી દે; અય ખુબજ બુઝુર્ગી અને ઇઝ્ઝતના માલિક; અય અલ્લાહ તારા હક્કો મારી ઉપર છે, તો તું તેને બખ્શી દે; અને લોકોના જે હક્કો મારી ઉપર છે તેમાં તું મારો જામીન થઈ જા; અને તે દરેક મેહમાનની ખિદમત કરવાનો હુકમ આપ્યો છે, અને અત્યારે હું તારો મેહમાન છું, તો આ મેહમાનીમાં મને જન્નત અતા કર, અય જન્નત અતા કરવાવાળા, અય માફી આપવાવાળા; અને તારા સિવાય બીજા કોઈ પાસે કુદરત અને તાકત નથી.

## સેહરીના સમયે પડવાની દુઆ – વકફ સ્સાએલૂન બેબાબેક

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ . اِلٰهِيْ وَقَفَ السَّائِلُوْنَ بِبَابِكَ، وَلَاذَ الْفُقَرَاءُ بِجَنَابِكَ وَوَقَفَتْ سَفِيْنَةُ الْمَسَاكِيْنِ عَلٰى سَاحِلِ بَحْرِ جُوْدِكَ وَكَرَمِكَ يَرْجُوْنَ الْجَوَازَ اِلٰى سَاحَةِ رَحْمَتِكَ وَنِعْمَتِكَ . اِلٰهِيْ

اِنْ كُنْتَ لَا تَرْحَمُ فِيْ هٰذَا الشَّهْرِ الشَّرِيْفِ اِلَّا مَنْ اَخْلَصَ لَكَ فِيْ صِيَامِهٖ وَقِيَامِهٖ فَمَنْ لِلْمُذْنِبِ الْمُقَصِّرِ اِذَا غَرِقَ فِيْ بَحْرِ ذُنُوْبِهٖ وَاٰثَامِهٖ؟

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય મારા અલ્લાહ, આ સવાલ કરનારાઓ તારા દરવાજા ઉપર ઉભા છે, અને આ ફકીરોએ તારી બારગાહમાં પનાહ લઇ લીધી છે, અને તંગદસ્તોની હાજતોની હોડી તારી બખ્શીશ અને ઉદારતાના દરીયા કિનારે આવી પહોંચી છે કે જેનો મકસદ એ છે કે અહિયાંથી આગળ વધે અને તારી રહમત અને નેઅમતની બારગાહમાં પહોંચે. અય મારા અલ્લાહ, અગર તું આ મોહતરમ મહીનામાં જો ફકત એવા લોકો ઉપર રહેમ કરીશ કે જેઓએ ખુલૂસની સાથે પોતાના રોઝાઓ અને પોતાની નમાઝોને ફકત તારી માટે અંજામ આપેલી હોય, તો પછી આ ગુનેહગાર અને ખતાકારનું કોણ છે જે પોતાના ગુનાહો અને ખતાઓના દરીયામાં ડૂબેલો છે ?

اِلٰهِيْ اِنْ كُنْتَ لَا تَرْحَمُ اِلَّا الْمُطِيْعِيْنَ فَمَنْ لِلْعَاصِيْنَ؟ وَاِنْ كُنْتَ لَا تَقْبَلُ اِلَّا مِنَ الْعَامِلِيْنَ

فَمَنْ لِلْمُقَصِّرِيْنَ ؟   اِلٰهِىْ رَبِحَ الصَّائِمُوْنَ، وَفَازَ

الْقَائِمُوْنَ، وَنَجَا الْمُخْلِصُوْنَ، وَنَحْنُ عَبِيْدُكَ

الْمُذْنِبُوْنَ ، فَارْحَمْنَا بِرَحْمَتِكَ ، وَاعْتِقْنَا مِنَ النَّارِ

بِعَفْوِكَ ، وَاغْفِرْ لَنَا ذُنُوْبَنَا بِرَحْمَتِكَ.   يَا اَرْحَمَ

الرَّاحِمِيْنَ

અય મારા અલ્લાહ, જો તું ફક્ત તારી ઇતાઅત કરવાવાળાઓ ઉપર રહેમ કરીશ તો પછી નાફરમાની કરવાવાળાઓ નું કોણ છે ? અને જો તું ફક્ત મેહનત કરવાવાળા લોકોના આમાલને કબૂલ કરીશ તો જે લોકોએ કોતાહી કરી તેઓનું કોણ છે ? અય મારા અલ્લાહ, રોઝેદારોએ ફાયદો ઉપાડી લીધો અને નમાઝીઓએ કામયાબી હાંસિલ કરી લીધી અને ખુલૂસ નિય્યતવાળાઓ નજાત પામ્યા, અને અમે તારા ગુનેહગાર બંદાઓ બાકી રહી ગયા, તો પછી તારી રહમતના વાસ્તાથી અમારી ઉપર રહેમ કર, અને તારી માફી થકી અમોને જહન્નમની આગથી આઝાદ કરી દે તેમજ તારી રહમત થકી અમારા ગુનાહોને માફ કરી દે, અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર.

## દુઆએ અબુ હમ્ઝા સુમાલી

સેહરીના સમયે ઈમામ સજ્જાદ (અ.)ની દુઆ છે જે દુઆએ અબુ હમ્ઝા સુમાલી ના નામથી મશહૂર છે, આ દુઆ પેજ નંબર 532 ઉપર છે

## સેહરીના સમયે તસ્બીહ (અલ્લાહના વખાણ)

સહેરીના સમયે આ તસ્બીહ થકી અલ્લાહના વખાણ કરવા

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، سُبْحَانَ مَنْ يَعْلَمُ جَوَارِحَ الْقُلُوْبِ ، سُبْحَانَ مَنْ يُحْصِيْ عَدَدَ الذُّنُوْبِ ، سُبْحَانَ مَنْ لَا يَخْفٰى عَلَيْهِ خَافِيَةٌ فِي السَّمٰوَاتِ وَ الْاَرَضِيْنَ ، سُبْحَانَ الرَّبِّ الْوَدُوْدِ ، سُبْحَانَ الْفَرْدِ الْوِتْرِ ، سُبْحَانَ الْعَظِيْمِ الْاَعْظَمِ ، سُبْحَانَ مَنْ لَا يَعْتَدِيْ عَلٰى اَهْلِ مَمْلَكَتِهٖ ، سُبْحَانَ مَنْ لَا يُؤَاخِذُ اَهْلَ الْاَرْضِ بِاَلْوَانِ الْعَذَابِ ، سُبْحَانَ الْحَنَّانِ الْمَنَّانِ ، سُبْحَانَ الرَّءُوْفِ الرَّحِيْمِ ،

(શરૂ કરું છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. પાક છે જે દિલોની છુપી વાતોને જાણે છે, પાક છે જે ગુનાહોને ગણે છે, પાક છે જેનાથી આસમાનો અને ઝમીનોની છુપાયેલી વસ્તુઓ પણ છુપી નથી, પાક છે જે મુહબ્બત કરવાવાળો પરવરદિગાર છે, પાક છે જે ફક્ત એક અને એકલો છે, પાક છે જે ખુબજ મહાન, સૌથી વધારે મહાન છે, પાક છે જે પોતાની હુકુમતમાં રહેવાવાળાઓ ઉપર બળજબરી નથી કરતો, પાક છે જે ઝમીન ઉપર રેહવાવાળાઓને અલગ અલગ અઝાબ નથી દેતો, પાક છે જે મુહબ્બત અને એહસાન કરવાવાળો છે, પાક છે જે ખુબજ મહેરબાન અને રહેમ કરવાવાળો છે,

سُبْحَانَ الْجَبَّارِ الْجَوَادِ ، سُبْحَانَ الْكَرِيْمِ الْحَلِيْمِ
، سُبْحَانَ الْبَصِيْرِ الْعَلِيْمِ ، سُبْحَانَ الْبَصِيْرِ
الْوَاسِعِ ، سُبْحَانَ اللهِ عَلٰى اِقْبَالِ النَّهَارِ ، سُبْحَانَ
اللهِ عَلٰى اِدْبَارِ النَّهَارِ ، سُبْحَانَ اللهِ عَلٰى اِدْبَارِ اللَّيْلِ
وَاِقْبَالِ النَّهَارِ وَلَهُ الْحَمْدُ وَ الْمَجْدُ وَ الْعَظَمَةُ وَ
الْكِبْرِيَاءُ مَعَ كُلِّ نَفَسٍ وَّكُلِّ طَرْفَةِ عَيْنٍ وَّكُلِّ لَمْحَةٍ

سَبَقَ فِيْ عِلْمِهٖ ، سُبْحَانَكَ مِلْاَ مَا اَحْصٰى كِتَابُكَ ،
سُبْحَانَكَ زِنَةَ عَرْشِكَ ، سُبْحَانَكَ سُبْحَانَكَ
سُبْحَانَكَ .

પાક છે જે કુદરતવાળો અને ખુબજ અતા કરનાર છે, પાક છે જે ઉદાર અને સહનશીલ છે, પાક છે જે દરેક વસ્તુનો જોનાર અને જાણનાર છે, પાક છે જે બસીરત અને પુષ્કળતાવાળો છે, પાક છે અલ્લાહ દિવસ ઉગવાના સમયે અને દિવસ આથમવાના સમયે, પાક છે અલ્લાહ રાતના અંતમાં અને દિવસની શરૂઆતમાં અને દરેક શ્વાસ ઉપર, દરેક પલક જપકની સાથે, અને દરેક સમય કે જે તેના ઇલ્મમાં ગુઝરી ચુક્યો છે, તેની માટેજ વખાણ, બુઝુર્ગી, મોટાઈ અને બુલંદી છે. તું પાક છે તારી કિતાબમાં થયેલી ગણત્રી મુજબ, તું પાક છે તારા અર્શના વજન મુજબ, તું પાક છે, તું પાક છે, તું પાક છે.

## યા અલીય્યો યા અઝીમ

દરેક વાજિબ નમાઝો પછી આ દુઆ પઢે

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، يَا عَلِيُّ يَا عَظِيْمُ ، يَا
غَفُوْرُ يَا رَحِيْمُ ، اَنْتَ الرَّبُّ الْعَظِيْمُ الَّذِيْ لَيْسَ
كَمِثْلِهٖ شَيْءٌ وَّ هُوَ السَّمِيْعُ الْبَصِيْرُ وَ هٰذَا شَهْرٌ
عَظَّمْتَهٗ وَ كَرَّمْتَهٗ وَ شَرَّفْتَهٗ وَ فَضَّلْتَهٗ عَلَى الشُّهُوْرِ وَ
هُوَ الشَّهْرُ الَّذِيْ فَرَضْتَ صِيَامَهٗ عَلَيَّ وَ هُوَ شَهْرُ
رَمَضَانَ الَّذِيْ اَنْزَلْتَ فِيْهِ الْقُرْاٰنَ ، هُدًى لِلنَّاسِ وَ
بَيِّنَاتٍ مِنَ الْهُدٰى وَ الْفُرْقَانِ وَ جَعَلْتَ فِيْهِ لَيْلَةَ
الْقَدْرِ وَ جَعَلْتَهَا خَيْرًا مِنْ اَلْفِ شَهْرٍ ، فَيَا ذَا الْمَنِّ
وَلَا يُمَنُّ عَلَيْكَ مُنَّ عَلَيَّ بِفَكَاكِ رَقَبَتِيْ مِنَ النَّارِ
فِيْمَنْ تَمُنُّ عَلَيْهِ وَ اَدْخِلْنِي الْجَنَّةَ بِرَحْمَتِكَ يَا
اَرْحَمَ الرَّاحِمِيْنَ

(શરૂ કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન

અને બહુજ દયાળુ છે. અય સર્વોચ્ચ, અય ખુબજ મહાન, અય ખુબજ માફ કરનાર, અય બહુજ દયાળુ, તું એ મહાન પરવરદિગાર છે કે તેની જેવું બીજું કોઈ નથી, તે બધુજ સાંભળનાર અને જોનાર છે. અને આ તે મહિનો છે જેને તે મહાનતા આપી, માનનીય બનાવ્યો, ઇઝ્ઝત આપી અને તેને બીજા બધા મહીનાઓ ઉપર ફઝીલત આપી છે. અને આ તે મહીનો છે જેના રોઝાઓને તે મારી ઉપર વાજિબ કર્યા છે, અને આ તે રમઝાનનો મહીનો છે કે જેમાં તેં કુરઆનને નાઝિલ કર્યું છે કે જે તમામ લોકો માટે હિદાયત છે અને જેમાં હિદાયતની સ્પષ્ટ દલીલો ઉપરાંત જેમાં હક્ક અને બાતિલને ઓળખવાની તમામ નિશાનીઓ બયાન થયેલી છે, અને આ મહીનામાં શબે કદ્રને રાખી છે કે જેને તેં હજાર મહીનાઓ કરતા પણ બેહતર બનાવી છે. તો અય એહસાન કરનાર કે તારી ઉપર કોઈ એહસાન નથી કરી શકતું, મારી ગરદનને જહન્નમની આગથી આઝાદ કરીને મારી ઉપર એહસાન કરી મને તે લોકોમાં શામિલ કર કે જેઓની ઉપર તું આ એહસાન કરવાનો છે, અને તારી રેહમત થકી મને જન્નતમાં દાખલ કર, અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર.

## રસૂલે ખુદા (સ.અ.વ.) ની દુઆ : અલ્લાહુમ્મ અદખિલ

રસૂલે ખુદા (સ.અ.વ.) ફરમાવે છે કે જે કોઈ માહે રમઝાનમાં દરેક વાજિબ નમાઝ પછી આ દુઆ પઢે , અલ્લાહ તઆલા તેના કયામત સુધીના ગુનાહોને બક્ષી આપશે, તે આ દુઆ છે :

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ اَدْخِلْ عَلٰى
اَهْلِ الْقُبُوْرِ السُّرُوْرَ ، اَللّٰهُمَّ اَغْنِ كُلَّ فَقِيْرٍ ، اَللّٰهُمَّ
اَشْبِعْ كُلَّ جَائِعٍ ، اَللّٰهُمَّ اكْسُ كُلَّ عُرْيَانٍ ، اَللّٰهُمَّ
اقْضِ دَيْنَ كُلِّ مَدِيْنٍ ، اَللّٰهُمَّ فَرِّجْ عَنْ كُلِّ
مَكْرُوْبٍ ، اَللّٰهُمَّ رُدَّ كُلَّ غَرِيْبٍ ، اَللّٰهُمَّ فُكَّ كُلَّ
اَسِيْرٍ ، اَللّٰهُمَّ اَصْلِحْ كُلَّ فَاسِدٍ مِنْ اُمُوْرِ الْمُسْلِمِيْنَ ،
اَللّٰهُمَّ اشْفِ كُلَّ مَرِيْضٍ ، اَللّٰهُمَّ سُدَّ فَقْرَنَا بِغِنَاكَ ،
اَللّٰهُمَّ غَيِّرْ سُوْءَ حَالِنَا بِحُسْنِ حَالِكَ ، اَللّٰهُمَّ اقْضِ

عَنَّا الدَّيْنَ وَ اَغْنِنَا مِنَ الْفَقْرِ ، اِنَّكَ عَلٰی کُلِّ شَيْءٍ قَدِيْرٌ

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ, કબરવાળાઓને ખુશી નસીબ કર, અય અલ્લાહ, દરેક ફકીરને તવંગર કર, અય અલ્લાહ, દરેક ભુખ્યાને (પેટ ભરીને) ખાણું ખવરાવ , અય અલ્લાહ, દરેક નવસ્ત્રાને વસ્ત્ર પેહરાવ , અય અલ્લાહ, દરેક કર્ઝદારના કર્ઝને અદા કર , અય અલ્લાહ, દરેક ઉદાસીવાળાની ઉદાસી દૂર કર , અય અલ્લાહ, દરેક મુસાફિરને પોતાના વતન પહોંચાડ, અય અલ્લાહ, દરેક કૈદીને મુક્ત કર, અય અલ્લાહ, મુસલમાનોના દરેક કામની ખરાબ હાલતને સુધારી આપ , અય અલ્લાહ, દરેક બિમારને શિફા અતા કર, અય અલ્લાહ, તું અમારી ફકીરીને તારી તવંગરી થકી બદલી આપ, અય અલ્લાહ, અમારી ખરાબ હાલતને તારી સારી હાલત થકી બદલી નાખ , અય અલ્લાહ, અમારા કર્ઝને અદા કર અને અમારી ફકીરીને અમીરી થકી બદલી નાખ, ખરેખર તું દરેક બાબત ઉપર સત્તાવાન છે.

## અલ્લાહુમ્મર્ઝુકની હજ્જ

ઈમામ જઅફરે સાદિક (અ.) તેમજ ઈમામ મૂસા કાઝિમ (અ.) એ ફરમાવ્યું છે કે માહે રમઝાનની પહેલી તારીખથી છેલ્લી તારીખ સુધી દરેક વાજિબ નમાઝ પછી આ દુઆ પઢવામાં આવે :

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ ارْزُقْنِيْ حَجَّ بَيْتِكَ الْحَرَامِ فِيْ عَامِيْ هٰذَا وَفِيْ كُلِّ عَامٍ مَا اَبْقَيْتَنِيْ فِيْ يُسْرٍ مِنْكَ وَعَافِيَةٍ وَّسَعَةِ رِزْقٍ وَّلَا تُخْلِنِيْ مِنْ تِلْكَ الْمَوَاقِفِ الْكَرِيْمَةِ وَالْمَشَاهِدِ الشَّرِيْفَةِ وَزِيَارَةِ قَبْرِ نَبِيِّكَ صَلَوَاتُكَ عَلَيْهِ وَاٰلِهٖ وَ فِيْ جَمِيْعِ حَوَائِجِ الدُّنْيَا وَالْاٰخِرَةِ ، فَكُنْ لِيْ اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ فِيْمَا تَقْضِيْ وَتُقَدِّرُ مِنَ الْاَمْرِ الْمَحْتُوْمِ فِيْ لَيْلَةِ الْقَدْرِ مِنَ الْقَضَاءِ الَّذِيْ لَا يُرَدُّ وَلَا يُبَدَّلُ اَنْ تَكْتُبَنِيْ مِنْ حُجَّاجِ بَيْتِكَ الْحَرَامِ ، الْمَبْرُوْرِ حَجُّهُمْ ، اَلْمَشْكُوْرِ سَعْيُهُمْ ، اَلْمَغْفُوْرِ ذُنُوْبُهُمْ ،

اَلْمُكَفِّرِ عَنْهُمْ سَيِّئَاتُهُمْ وَ اجْعَلْ فِيْمَا تَقْضِيْ وَ

تُقَدِّرُ اَنْ تُطِيْلَ عُمْرِيْ وَ تُوَسِّعَ عَلَيَّ رِزْقِيْ وَ تُؤَدِّيَ

عَنِّيْ اَمَانَتِيْ وَ دَيْنِيْ ، اٰمِيْنَ رَبَّ الْعَالَمِيْنَ

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ, મને આ વર્ષે તેમજ દર વર્ષે તારા મોહતરમ ઘરની હજ્જ નસીબ કર, મને તારી તરફથી આસાની, તંદુરસ્તી અને રોઝીમાં વિશાળતા અતા કર જ્યાં કે હું જીવતો છું, અને મને આ મોહતરમ મકામો તેમજ શહાદતની માનનીય જગ્યાઓ અને તારા નબી (તારી સલવાત થાય તેમની ઉપર તેમજ તેમની ઔલાદ ઉપર)ની કબ્રની ઝિયારતથી મહરૂમ (વંચિત) નહિ રાખતો, અને દુનિયા તેમજ આખેરતની તમામ હાજતોમાં મારી મદદ કર. અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે સવાલ કરૂં છું તે વસ્તુઓ માંથી - કે જે શબે કદ્રમાં મુકદ્દર થવાનો તેં હુક્મ (ફેંસલો) આપ્યો છે, કે તે કાર્યો ચોક્કસ થવાનાજ છે, એવો હુક્મ કે જે ન તો પાછો ખેંચવામાં આવશે અને ન તો તેમાં કોઈ ફેરફાર થશે – કે તારા મોહતરમ ઘરની હજ્જ કરનારાઓમાં મારૂં નામ લખી દે, તે લોકોમાં કે જેમની હજ્જ પાક અને તને પસંદ પડે તેવી છે, અને જેમની સઈ (અને મહેનત) કબૂલ છે, અને

જેમના ગુનાહો માફ થયેલા છે, અને જેમની બુરાઈઓ નાબૂદ થયેલી છે, અને મારી માટે મુકદ્દર કરજે કે મારી આયુષ્ય વધે, અને મારી રોઝી મારી માટે બહોળી થાય, અને મારી અમાનતો અને મારા કર્ઝ અદા થાય, આમીન, અય તમામ કાએનાતના પાલનહાર.

## દુઆએ હજ્જ

નીચેની દુઆને દુઆએ હજ્જના નામથી ઓળખવામાં આવે  છે અને રિવાયતોમાં છે કે આ દુઆને માહે રમઝાનમાં દરરોજ પઢવાની છે અને ખાસ તો માહે રમઝાનની પેહલી રાત્રે નમાઝે મગરીબ પછી પઢવી જોઈએ. ઈમામ જઅફરે સાદિક (અ.) ફરમાવે છે કે હજ્જ માટે આ દુઆને માહે રમઝાનમાં મગરીબની નમાઝ પછી પઢવી :

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ اِنِّيْ بِكَ وَ مِنْكَ
اَطْلُبُ حَاجَتِيْ وَ مَنْ طَلَبَ حَاجَةً اِلَى النَّاسِ فَاِنِّيْ لَا
اَطْلُبُ حَاجَتِيْ اِلَّا مِنْكَ ، وَحْدَكَ لَا شَرِيْكَ لَكَ وَ
اَسْاَلُكَ بِفَضْلِكَ وَ رِضْوَانِكَ اَنْ تُصَلِّيَ عَلٰى مُحَمَّدٍ وَّ
اَهْلِ بَيْتِهٖ وَ اَنْ تَجْعَلَ لِيْ فِيْ عَامِيْ هٰذَا اِلٰى بَيْتِكَ

الْحَرَامِ سَبِيْلًا ، حِجَّةً مَّبْرُوْرَةً مُّتَقَبَّلَةً زَاكِيَةً

خَالِصَةً لَكَ ، تَقَرُّ بِهَا عَيْنِيْ وَ تَرْفَعُ بِهَا دَرَجَتِيْ وَ

تَرْزُقَنِيْ اَنْ اَغُضَّ بَصَرِيْ وَ اَنْ اَحْفَظَ فَرْجِيْ وَ اَنْ

اَكُفَّ بِهَا عَنْ جَمِيْعِ مَحَارِمِكَ حَتّٰى لَا يَكُوْنَ شَيْءٌ

اٰثَرَ عِنْدِيْ مِنْ طَاعَتِكَ وَ خَشْيَتِكَ وَ الْعَمَلِ بِمَا

اَحْبَبْتَ وَ التَّرْكِ لِمَا كَرِهْتَ وَ نَهَيْتَ عَنْهُ ، وَ اجْعَلْ

ذٰلِكَ فِيْ يُسْرٍ وَّ يَسَارٍ وَّ عَافِيَةٍ وَّ مَا اَنْعَمْتَ بِهٖ عَلَيَّ ،

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ, તારી થકી અને તારી પાસે હું મારી હાજતને માંગું છું, અને જેને લોકો પાસે હાજત માંગવી હોય તે માંગે, પણ હું તો તારા સિવાય કોઈની પાસે હાજત નથી માંગતો, તું એવો એક છે કે તારો બીજો કોઈ ભાગીદાર નથી અને હું તારા ફઝ્લ અને તારી ખુશનુદીના વાસ્તા થકી તારી પાસે માંગું છું કે તું હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમના ખાનદાન ઉપર રહમત નાઝિલ કર અને મારી માટે આ વર્ષે તારા મોહતરમ ઘરની હજ્જ કરવા માટે રસ્તો બનાવ, એવી પાક, કબૂલ થનારી, પાકીઝા હજ્જ કે જે ફક્ત તારી માટે

હોય અને જેના થકી મારી આંખને ઠંડક મળે અને જેના થકી મારો  દરજ્જો બુલન્દ થાય, અને મારી આંખોને હરામ નઝરોથી બચાવું, અને મારી શહવતને અંકુશમાં રાખું, અને જેના થકી દરેક હરામ કાર્યોથી બચેલો રહું જેથી મારી માટે તારી ઇતાઅત અને તારા ભય કરતા બીજી કોઈ વસ્તુ વધારે મહત્વની ન હોય, અને એ કાર્યોને અંજામ આપું કે જેને તું પસંદ કરે છે; અને જે કાર્યોને તું પસંદ નથી કરતો અને જેની તે મનાઈ કરેલી છે હું તે કાર્યોને છોડી દઉં, અને આસાની, વિશાળતા, સલામતી તેમજ તારી તરફથી મળનાર નેઅમતોની સાથે મને આ બધી વસ્તુ  અતા કર.

وَ اَسْاَلُكَ اَنْ تَجْعَلَ وَفَاتِيْ قَتْلًا فِيْ سَبِيْلِكَ تَحْتَ رَايَةِ نَبِيِّكَ مَعَ اَوْلِيَائِكَ ، وَاَسْاَلُكَ اَنْ تَقْتُلَ بِيْ اَعْدَاءَكَ وَ اَعْدَاءَ رَسُوْلِكَ ، وَاَسْاَلُكَ اَنْ تُكْرِمَنِيْ بِهَوَانِ مَنْ شِئْتَ مِنْ خَلْقِكَ وَ لَا تُهِنِّيْ بِكَرَامَةِ اَحَدٍ مِنْ اَوْلِيَائِكَ ، اَللّٰهُمَّ اجْعَلْ لِيْ مَعَ الرَّسُوْلِ سَبِيْلًا ، حَسْبِيَ اللهُ مَا شَاءَ اللهُ

અને તારા નબી (સ.અ.વ)ના પરચમ હેઠળ, તારા વલીઓની સાથે, મારી મૌતને તારી ઇતાઅતમાં

શહાદતની મૌત આપ; અને મને તૌફીક અતા કર કે તું મારા થકી તારા દુશ્મનને તેમજ તારા રસૂલ (સ.અ.વ.)ના દુશ્મનને હલાક કર. અને હું તારી પાસે સવાલ કરું છું કે તું તારી ઈચ્છા (હિકમત) મુજબ તારી મખ્લૂક માંથી જેને ચાહે હલકો (ઝલીલ) કરીને મને ઇઝ્ઝત અતા કર પણ મને તારા ચહિતા બંદાઓની ઈઝ્ઝતના મુકાબલામાં ઝલીલ નહીં કરતો. અય અલ્લાહ, હઝરત રસૂલ (સ.અ.વ.) સાથે મારો રાબેતો હંમેશા રાખજે, અલ્લાહ મારી માટે કાફી (પૂરતો) છે, જે અલ્લાહની મરજી હશે તેમજ થશે.

## જુમ્માના કુનૂતમાં પઢવાની દુઆ

**ઈમામ સાદિક (અ.) ફરમાવે છે કે જુમ્માના કુનૂતમાં આ દુઆને જરૂર પઢશો :**

اَللّٰهُمَّ اِنَّ عَبِيْدًا مِنْ عِبَادِكَ الصَّالِحِيْنَ قَامُوْا

بِكِتَابِكَ وَ سُنَّةِ نَبِيِّكَ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَ اٰلِهٖ ،

فَاجْزِهِمْ عَنَّا خَيْرَ الْجَزَاءِ

અય અલ્લાહ, ખરેખર અમુક બંદાઓ તારા નેક બંદાઓમાંથી ઉભા tahથયા છે તારી કિતાબ અને તારા નબી (સ.અ.વ.)ની સુન્નત પ્રમાણે, તો તેઓને અમારી તરફથી બેહતરીન બદલો અતા કરજે.

# ઇફતારીના આમાલ તેમજ દુઆઓ

## ઇફતારી કરવી

માહે રમઝાનમાં મગરિબની અઝાન પછી ઇફતારી કરવી અને મુસ્તહબ છે કે નમાઝે ઈશા પછી ઇફતારી કરે પણ જયારે કમઝોરી આવી ગઈ હોય અથવા લોકોનો એક સમૂહ ઇફતારી કરવા માટે રાહ જોઈ રહ્યો હોય તો નમાઝ પહેલા ઇફતારી કરી લેવી; એવા પાક અને હલાલ ખોરાકથી ઇફતારી કરે કે જેમાં હરામ હોવાનો જરા પણ શક ન હોય, અને ખાસ તો હલાલ ખજુરથી પોતાનો રોઝો ખોલે, જેથી તેની નમાઝોનો સવાબ ૪૦૦ ગણો વધારે મળે. ખજુર, ખજુરવાળું દૂધ, હલવો, મિઠાઈ અને ગરમ પાણી માંથી કોઈ પણ વસ્તુથી રોઝો ખોલ્વો બેહતર છે.

## રસૂલે ખુદા (સ.અ.વ.) ની દુઆ : અલ્લાહુમ્મ રબ્બન્નૂરિલ અઝીમ

જનાબે જબ્રઈલ (અ.) રસૂલે ખુદા હઝરત મોહમ્મદ મુસ્તફા (સ.અ.વ.) ઉપર નાઝિલ થયા અને ફરમાવ્યું કે જે કોઈ આ દુઆને માહે રમઝાનમાં ઇફતારી કર્યા પહેલા પઢશે, તો અલ્લાહ તઆલા તેની દુઆનો જવાબ આપશે, અને તેના રોઝા અને તેની નમાઝને કબૂલ કરશે, તેની દસ દુઆઓને કબૂલ કરશે, અને તેના ગુનાહને માફ

કરશે, તેની મુશ્કેલીઓ અને દુ:ખોને દૂર કરશે, તેની તફ્લીફોને મિટાવી દેશે, અને તેની હાજતોને પૂરી કરશે, અને તેના સવાલોને પુરા કરી કામયાબી અતા કરશે, અને તેના અમલને નબીઓ અને સિદ્દીકીન (સાચ્ચાઓ)ના આમાલની સાથે ઉચ્ચ દરજ્જા ઉપર પહોંચાડશે, અને કયામતના દિવસે તેનો ચેહરો પૂનમના ચાંદથી પણ વધારે ચમકતો હશે

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ رَبَّ النُّوْرِ الْعَظِيْمِ ، وَرَبَّ الْكُرْسِيِّ الرَّفِيْعِ ، وَرَبَّ الْبَحْرِ الْمَسْجُوْرِ ، وَرَبَّ الشَّفْعِ الْكَبِيْرِ ، وَالنُّوْرِ الْعَزِيْزِ ، وَ رَبَّ التَّوْرَاةِ وَالْاِنْجِيْلِ وَالزَّبُوْرِ ، وَالْفُرْقَانِ الْعَظِيْمِ . اَنْتَ اِلٰهُ مَنْ فِيْ السَّمٰوَاتِ وَاِلٰهُ مَنْ فِي الْاَرْضِ ، لَا اِلٰهَ فِيْهِمَا غَيْرُكَ ، وَاَنْتَ جَبَّارُ مَنْ فِيْ السَّمٰوَاتِ وَجَبَّارُ مَنْ فِي الْاَرْضِ ، لَا جَبَّارَ فِيْهِمَا غَيْرُكَ ، اَنْتَ مَلِكُ مَنْ فِيْ السَّمٰوَاتِ ، وَمَلِكُ مَنْ فِي الْاَرْضِ ، لَا مَلِكَ فِيْهِمَا غَيْرُكَ ،

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન

અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ, અય મહાન નૂરના પાલનહાર, અને બુલન્દ હુકુમતના પાલનહાર, અને જોશ મારતા દરિયાના પાલનહાર, અને મહાન શફાઅતના પાલનહાર તથા કુદરતવાળા નૂરના પાલનહાર, અને તૌરાત, ઇન્જીલ, ઝબૂર અને હક્ક તથા બાતિલને અલગ કરનાર મહાન કુરઆનના પાલનહાર; જે કોઈ પણ આસમાનોમાં છે તું તેનો મઅબૂદ છે, જે કોઈ પણ ઝમીનમાં છે તું તેનો મઅબૂદ છે, તે બન્નેમાં તારા સિવાય બીજો કોઈ મઅબૂદ નથી; જે કોઈ પણ આસમાનોમાં છે તું તેની ઉપર કુદરત ધરાવે છે, જે કોઈ પણ ઝમીનમાં છે તું તેની ઉપર કુદરત ધરાવે છે, તે બન્નેમાં તારા સિવાય બીજો કોઈ કુદરત ધરાવનાર નથી; જે કોઈ પણ આસમાનોમાં છે તું તેનો બાદશાહ છે, જે કોઈ પણ ઝમીનમાં છે તું તેનો બાદશાહ છે, તે બન્નેમાં તારા સિવાય બીજો કોઈ બાદશાહ નથી;

اَسْاَلُكَ بِاسْمِكَ الْكَبِيْرِ، وَ نُوْرِ وَجْهِكَ الْمُنِيْرِ، وَ بِمُلْكِكَ الْقَدِيْمِ. يَا حَيُّ يَا قَيُّوْمُ، يَا حَيُّ يَا قَيُّوْمُ ، يَا حَيُّ يَا قَيُّوْمُ، اَسْاَلُكَ بِاسْمِكَ الَّذِيْ اَشْرَقَ بِهِ كُلُّ شَيْءٍ، وَ بِاسْمِكَ الَّذِيْ اَشْرَقَتْ بِهِ السَّمٰوَاتُ وَ

الْاَرْضُ، وَ بِاسْمِكَ الَّذِيْ صَلُحَ بِهِ الْاَوَّلُوْنَ، وَ بِهٖ يَصْلُحُ الْاٰخِرُوْنَ. يَا حَيًّا قَبْلَ كُلِّ حَيٍّ، وَ يَا حَيًّا بَعْدَ كُلِّ حَيٍّ، وَ يَا حَيُّ لَا اِلٰهَ اِلَّا اَنْتَ ،

હું સવાલ કરું છું તારા મહાન નામોના વાસ્તાથી, અને તારી નૂરાની ઝાતના નૂરના વાસ્તાથી અને તારી હંમેશાવાળી બાદશાહતના વાસ્તાથી, અય હંમેશાથી જીવતા, અય હંમેશા કાયમ રેહનાર, અય હંમેશાથી જીવતા, અય હંમેશા કાયમ રેહનાર, અય હંમેશાથી જીવતા, અય હંમેશા કાયમ રેહનાર, અને હું સવાલ કરું છું તારા મહાન નામોના વાસ્તાથી કે જેના થકી દરેક વસ્તુઓ રોશન થાય છે અને તે નામના વાસ્તાથી કે જેના થકી આસમાનો અને ઝમીન રોશન થયેલ છે; અને તે નામના વાસ્તાથી કે જેના થકી પહેલા ગુઝરી ચુકેલા લોકો નેક થયા અને જેના થકી પછી આવનાર લોકો નેક થશે; અય દરેક જીવતાઓની પહેલાથી જીવંત, અને અય દરેક જીવતાઓની પછી પણ જીવંત; અને એવા જીવંત કે તારા સિવાય બીજો કોઈ મઅબૂદ નથી,

صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ، وَ اغْفِرْ لِيْ ذُنُوْبِيْ، وَ اجْعَلْ لِيْ مِنْ اَمْرِيْ يُسْرًا وَّ فَرَجًا قَرِيْبًا، وَ ثَبِّتْنِيْ

عَلٰى دِيْنِ مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ، وَ عَلٰى هُدٰى مُحَمَّدٍ وَّ

اٰلِ مُحَمَّدٍ، وَ عَلٰى سُنَّةِ مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ، عَلَيْهِ وَ

عَلَيْهِمُ السَّلَامُ.

તું રહમત નાઝિલ કર હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને હઝરત મોહમ્મદ (સ.અ.વ.)ની ઔલાદ ઉપર, અને મારા ગુનાહોને માફ કરી દે, અને મારી બાબતોમાં આસાની અને જલ્દીથી વિશાળતા અતા કર, અને મને હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને હઝરત મોહમ્મદ (સ.અ.વ.)ની ઔલાદના દીન ઉપર મક્કમ રાખ, અને મને હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને હઝરત મોહમ્મદ (સ.અ.વ.)ની ઔલાદની હિદાયત ઉપર મક્કમ રાખ, અને મને હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને હઝરત મોહમ્મદ (સ.અ.વ.)ની સીરત ઉપર મક્કમ રાખ, તેમની ઉપર તથા તેઓ બધાની ઉપર તારા સલામ થાય.

وَ اجْعَلْ عَمَلِيْ فِي الْمَرْفُوْعِ الْمُتَقَبَّلِ، وَ هَبْ لِيْ كَمَا

وَهَبْتَ لِاَوْلِيَائِكَ وَ اَهْلِ طَاعَتِكَ، فَاِنِّيْ مُؤْمِنٌ بِكَ، وَ

مُتَوَكِّلٌ عَلَيْكَ، مُنِيْبٌ اِلَيْكَ، مَعَ مَصِيْرِيْ اِلَيْكَ، وَ

تَجْمَعُ لِيْ وَ لِاَهْلِيْ وَلِوَلَدِي الْخَيْرَ كُلَّهٗ، وَ تَصْرِفُ عَنِّيْ وَ عَنْ وَلَدِيْ وَ اَهْلِي الشَّرَّ كُلَّهٗ ، اَنْتَ الْحَنَّانُ الْمَنَّانُ بَدِيْعُ السَّمٰوَاتِ وَ الْاَرْضِ، تُعْطِيْ الْخَيْرَ مَنْ تَشَاءُ، وَ تَصْرِفُهٗ عَمَّنْ تَشَاءُ، فَامْنُنْ عَلَيَّ بِرَحْمَتِكَ يَا اَرْحَمَ الرَّاحِمِيْنَ.

અને મારા અમલને તારી બારગાહમાં કબૂલ કરી ઉચ્ચ દરજ્જા સુધી પહોંચાડ, અને મને એવી નેઅમતો અતા કર જેવી નેઅમતો તેં તારા વલીઓને અને તારી ઇતાઅત કરવાવાળા બંદાઓને અતા કરી, અને ખરેખર હું તારી ઉપર ઈમાન રાખું છું, અને તારી ઉપર ભરોસો કરૂં છું, અને તારી તરફ પાછો આવ્યો છું અને મારો રસ્તો તારી તરફ છે; અને મારી માટે, મારા ખાનદાન માટે, મારી ઔલાદ માટે દરેક પ્રકારની નેકી અતા કર, અને મારાથી, મારી ઔલાદથી અને મારા ખાનદાનથી તમામ પ્રકારની બુરાઈને દૂર કર; તું જ ખુબજ મહેરબાન, નેઅમતો અતા કરનાર, આસમાનો અને ઝમીનને પૈદા કરનાર છે, તું જેને ચાહે છે તેને નેકી અતા કરે છે, અને જેને ચાહે છે તેને નેકીથી વંચિત રાખે છે, તો મારી ઉપર એહસાન કર, તારી રહમત થકી અય

રહેમ કરવાવાળાઓ માં સૌથી વધારે રહેમ કરનાર.

## ઇફતારીના સમયે દુઆ

ઇફતારીના સમયે આ દુઆ પઢવી જેથી અલ્લાહ તઆલા તેને એ બધા લોકોના રોઝાનો સવાબ અતા કરશે જેઓએ આ દિવસે રોઝો રાખ્યો હશે.

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ لَکَ صُمْتُ وَ
عَلٰی رِزْقِکَ اَفْطَرْتُ وَ عَلَيْکَ تَوَکَّلْتُ

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ, મેં ફક્ત તારી (ખુશનુદી) માટે રોઝો રાખ્યો, અને ફક્ત તારી આપેલી રોઝી થકી ઇફતાર કરૂં છું અને હું ફક્ત તારી ઉપર ભરોસો કરૂં છું.

## મૌલા અલી (અ.)ની ઇફતારીના સમયે દુઆ

રિવાયતમાં છે કે અમીરૂલ મોઅમેનીન અલી (અ.) હમેશા ઇફતારીના સમયે આ દુઆ પઢતા :

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، بِسْمِ اللّٰهِ ، اَللّٰهُمَّ
لَکَ صُمْنَا وَ عَلٰی رِزْقِکَ اَفْطَرْنَا فَتَقَبَّلْ مِنَّا اِنَّکَ
اَنْتَ السَّمِيْعُ الْعَلِيْمُ

(શરૂ કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. (શરૂ કરૂં છું) અલ્લાહના નામથી કે અય અલ્લાહ, અમે ફક્ત તારી (ખુશનુદી) માટે રોઝા રાખ્યા, અને ફક્ત તારી આપેલી રોઝી થકી ઇફ્તાર કરીએ છીએ તો અમારા તરફથી તું અમારા રોઝાઓને કબૂલ કર, ખરેખર તું બધું જ સાંભળનાર અને બધું જ જાણવા વાળો છે.

## પેહલો લુક્મો (કોળીયો) લેતી વખતે પઢવાની દુઆ

રિવાયતમાં છે કે અલ્લાહ તઆલા માહે રમઝાનમાં દરરોજ દિવસના અંતે હજાર હજાર લોકોને જહન્નમની આગથી આઝાદી આપે છે, તો અલ્લાહની બારગાહમાં માંગણી કરવી જોઈએ કે આપણો શુમાર પણ તે લોકોમાં થાય. પહેલો લુક્મો લેતા સમયે નીચે મુજબ કહે, જેથી અલ્લાહ તઆલા તેને માફ કરી દે.

بِسْمِ اللّٰهِ الرَّحْمَنِ الرَّحِيمِ ، يَا وَاسِعَ الْمَغْفِرَةِ اغْفِرْ لِي

(શરૂ કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય વિશાળ મગફેરતના માલિક, મને માફ કરી દે.

## ઇફતારીના સમયે સૂરએ કદ્ર પઢવો

ઇફતારના સમયે સૂરએ કદ્રની તિલાવત કરવી કારણ કે હદીસમાં છે કે જે મોઅમિન રોઝો રાખે અને સેહરી કરવાના સમયે અને ઇફતારી કરવાના સમયે સૂરએ કદ્ર (ઇન્ના અન્ઝલ્નાહો) પઢે તો તે બંને સમય દરમ્યાન અલ્લાહની રાહમાં પોતાના લોહીમાં આળોટવાનો સવાબ તેને મળશે.

## સદકો આપવો અને ઇફતારી કરાવવી

ઇફતારીના સમયે સદકો આપવો અને રોઝેદારોને ઇફતારી કરાવવી ભલે પછી અમુક ખજુરની પેસીઓ થકી અથવા પાણીના શરબત થકી હોય; રસૂલે ખુદા (સ.અ.વ.) ફરમાવે છે કે જે કોઈ એક રોઝદારને ઇફતારી કરાવે તો રોઝેદારનો જરા પણ સવાબ ઓછા થયા વગર ઇફતારી કરાવનારને તે રોઝેદારના રોઝા જેટલો બદલો અને સવાબ મળશે, અને તે ખોરાક વડે જેટલી ઈબાદત અને નેક કાર્યો kકર્યા હશે તેના જેટલો બદલો અને સવાબ પણ ઇફતારી કરાવનારને મળશે. ઈમામ સાદિક (અ.સ) ફરમાવે છે કે જે મોઅમિન માહે મુબારકે રમઝાનમાં બીજા કોઈ મોમિન ભાઈને એક લુક્મો ખવરાવે તો અલ્લાહ તઆલા તેના સવાબમાં 30 મોઅમિન બંદાને આઝાદ કર્યાનો સવાબ અતા કરશે,

અને અલ્લાહ પાસે તેની એક દુઆ કબુલ થશે.

## દરરોજ રાત્રે પઢવાની દુઆઓ

### અલ્લાહુમ્મ રબ્બ શહરે રમઝાન

અગર કોઈ આ દુઆને માહે રમઝાનમાં દરરોજ રાત્રે પઢે તો ૪૦ વર્ષના ગુનાહ માફ કરી દેવામાં આવશે :

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ رَبَّ شَهْرِ رَمَضَانَ الَّذِيْ اَنْزَلْتَ فِيْهِ الْقُرْاٰنَ وَ افْتَرَضْتَ عَلٰى عِبَادِكَ فِيْهِ الصِّيَامَ ، صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ وَّ ارْزُقْنِيْ حَجَّ بَيْتِكَ الْحَرَامِ فِيْ عَامِيْ هٰذَا وَ فِيْ كُلِّ عَامٍ ، وَ اغْفِرْ لِيْ تِلْكَ الذُّنُوْبَ الْعِظَامَ ، فَاِنَّهٗ لَا يَغْفِرُهَا غَيْرُكَ يَا رَحْمٰنُ يَا عَلَّامُ

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ, અય માહે રમઝાનના પરવરદિગાર કે જેમાં તેં કુરઆનને નાઝિલ કર્યુ અને જેમાં તારા બંદાઓ ઉપર તેં રોઝાઓ વાજિબ કર્યા, હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર રહમત નાઝિલ કર; અને મને આ વર્ષે તેમજ દરેક વર્ષે, તારા મોહતરમ

ઘરની હજ્જ નસીબ કર; અને મારા અત્યાર સુધીના તમામ મોટા ગુનાહોને માફ કરી દે કારણ કે તારા સિવાય બીજું કોઈ તેને માફ નથી કરી શકતું; અય ખૂબજ મહેરબાન, અય બધું જ જાણનાર.

## દુઆએ ઇફ્તેતાહ

આ દુઆને ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.) એ તાલીમ ફરમાવેલ છે અને માહે રમઝાનની દરેક રાત્રીના આ દુઆ પઢવામાં આવે છે જેનો ઝિક્ર પેજ નંબર 510 ઉપર થયેલ છે.

## રાત્રે પઢવાની દુઆ : અલ્લાહુમ્મ બે રહમતેક ફીસ્સાલેહીન ફઅદખિલના

માહે રમઝાનની દરેક રાત્રીના આ દુઆ પઢે:

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ بِرَحْمَتِكَ فِيْ الصَّالِحِيْنَ فَاَدْخِلْنَا ، وَفِيْ عِلِّيِّيْنَ فَارْفَعْنَا ، وَبِكَأْسٍ مِنْ مَعِيْنٍ مِنْ عَيْنٍ سَلْسَبِيْلٍ فَاسْقِنَا ، وَمِنَ الْحُوْرِ الْعِيْنِ بِرَحْمَتِكَ فَزَوِّجْنَا ، وَمِنَ الْوِلْدَانِ الْمُخَلَّدِيْنَ كَاَنَّهُمْ لُؤْلُؤٌ مَكْنُوْنٌ فَاَخْدِمْنَا ، وَمِنْ

ثِمَارِ الْجَنَّةِ وَلُحُومِ الطَّيْرِ فَأَطْعِمْنَا ، وَمِنْ ثِيَابِ
السُّنْدُسِ وَالْحَرِيْرِ وَالْاِسْتَبْرَقِ فَأَلْبِسْنَا ،

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ, તારી રહમત થકી અમોને સારા લોકોમાં દાખલ કર; અને જન્નત (ઈલ્લીયીન)માં અમારા દરજ્જાને બુલંદ કર; અમોને જન્નતના સલસબીલ ઝરણાંના પીણા થકી અમારી તરસને બુજાવ, તારી મહેરબાની થકી હૂરુલ-ઈન સાથે મારૂં જોડું બનાવ; અને હંમેશા જવાન રેહવાવાળા છોકરાઓ કે જે છુપાયેલા મોતી જેવા છે, તેઓને અમારી ખિદમતમાં લગાવ; અને અમોને જન્નતના ફળો તેમજ પક્ષીઓના ગોશ્ત ખવરાવ; અને અમને રેશમી તથા ચમકતા કપડાઓથી બનેલા લિબાસ પહેરાવ;

وَلَيْلَةَ الْقَدْرِ وَحَجَّ بَيْتِكَ الْحَرَامِ وَقَتْلًا فِيْ سَبِيْلِكَ
فَوَفِّقْ لَنَا ، وَصالِحَ الدُّعَاءِ وَالْمَسْأَلَةِ فَاسْتَجِبْ لَنَا
، وَإِذَا جَمَعْتَ الْأَوَّلِيْنَ وَالْاٰخِرِيْنَ يَوْمَ الْقِيَامَةِ
فَارْحَمْنَا ، وَبَرَاءَةً مِّنَ النَّارِ فَاكْتُبْ لَنا ، وَفِيْ
جَهَنَّمَ فَلَا تَغُلَّنَا ، وَفِيْ عَذَابِكَ وَهَوَانِكَ فَلَا تَبْتَلِنَا ،

وَمِنَ الزَّقُّوْمِ وَالضَّرِيْعِ فَلَا تُطْعِمْنَا ، وَمَعَ

الشَّيَاطِيْنِ فَلَا تَجْعَلْنَا ، وَفِي النَّارِ عَلٰى وُجُوْهِنَا فَلَا

تَكُبْنَا ، وَمِنْ ثِيَابِ النَّارِ وَسَرَابِيْلِ الْقَطِرَانِ فَلَا

تُلْبِسْنَا ، وَ مِنْ كُلِّ سُوْءٍ يَا لَا اِلٰهَ اِلَّا اَنْتَ بِحَقِّ لَا

اِلٰهَ اِلَّا اَنْتَ فَنَجِّنَا

અને અમોને શબે કદ્ર નસીબ કર, તારા ઇઝ્ઝતવાળા ઘરની હજ્જની તૌફીક અતા કર અને તારી રાહમાં (ઇતાઅતમાં) શહીદ થવું નસીબ કર; અને અમારી નેક દુઆઓ તથા નેક હાજતોને પૂરી કર; અને કયામતના દિવસે જયારે તું પહેલાના તેમજ પછીના લોકોને ભેગા કર, ત્યારે મારી ઉપર રહેમ કર; અમારી માટે જહન્નમની આગથી મુક્તિ લખી આપ; અને અમોને જહન્નમમાં નાખજે નહીં; અને અમોને તારા અઝાબ અને તારી ઝીલ્લતમાં મુબ્તેલા નહીં કરતો; અને અમોને થોર (જંગલી વનસ્પતિ) તથા ઝેરી ઘાસ ન ખવરાવ; અને અમારો શુમાર શૈતાનો સાથે નહિ કરતો; અને જહન્નમમાં અમોને ઊંધે માથે પછાડતો નહીં; અને અમોને આગના કપડા અને કતેરાન (ખુબજ બદબુદાર વસ્તુ)ના લિબાસ ન પહેરાવ; અય કે

તારા સિવાય બીજો કોઈ ઈબાદતને લાયક નથી, અને “લા ઇલાહ ઇલ્લા અન્ત” (તારા સિવાય બીજો કોઈ ઈબાદતને લાયક નથી)ના વાસ્તાથી અમોને તમામ બુરાઈઓથી બચાવ.

## દુઆ : અલ્લાહુમ્મ ઇન્ની અસઅલોક અન્તજઅલ ફીમા તક્ઝી

માહે રમઝાનની દરેક રાત્રીના આ દુઆ પઢે:

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ اَنْ تَجْعَلَ فِيْمَا تَقْضِيْ وَتُقَدِّرُ مِنَ الْاَمْرِ الْمَحْتُوْمِ فِي الْاَمْرِ الْحَكِيْمِ مِنَ الْقَضَاءِ الَّذِيْ لَا يُرَدُّ وَلَا يُبَدَّلُ اَنْ تَكْتُبَنِيْ مِنْ حُجَّاجِ بَيْتِكَ الْحَرَامِ ، اَلْمَبْرُوْرِ حَجُّهُمْ ، اَلْمَشْكُوْرِ سَعْيُهُمْ ، اَلْمَغْفُوْرُ ذُنُوْبُهُمْ ، اَلْمُكَفَّرِ عَنْ سَيِّئَاتِهِمْ ، وَاَنْ تَجْعَلَ فِيْمَا تَقْضِيْ وَتُقَدِّرُ اَنْ تُطِيْلَ عُمْرِيْ فِيْ خَيْرٍ وَعَافِيَةٍ ، وَ تُوَسِّعَ فِيْ رِزْقِيْ وَتَجْعَلَنِيْ مِمَّنْ تَنْتَصِرُ بِهٖ لِدِيْنِكَ وَلَاتَسْتَبْدِلُ بِيْ غَيْرِيْ.

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ , ખરેખર હું તારી પાસે સવાલ કરૂં છું તે વસ્તુઓ માંથી - કે જે મુકદ્દર થવાનો તેં હુકમ (ફેંસલો) આપ્યો છે, કે તે કાર્યો ચોક્કસ થવાનાજ છે, એવો હુકમ કે જે ન તો પાછો ખેંચવામાં આવશે અને ન તો તેમાં કોઈ ફેરફાર થશે – કે તારા મોહતરમ ઘરની હજ્જ કરનારાઓમાં મારું નામ લખી દે, તે લોકોમાં કે જેમની હજ્જ પાક અને તને પસંદ પડે તેવી છે, અને જેમની સઈ (અને મહેનત) કબૂલ છે, અને જેમના ગુનાહો માફ થયેલા છે, અને જેમની બુરાઈઓ અને ભૂલો માફ થયેલી છે, અને મારી માટે મુકદ્દર કરજે કે મારી આયુષ્ય વધે, અને મારી રોઝી મારી માટે બહોળી થાય, અને મને તે લોકોમાં શુમાર કર કે જેના થકી તું તારા દીનની મદદ કરે છે, અને મારી આ જગ્યાને કોઈ બીજા થકી બદલી ન નાખજે (મને આ બધી હાજતોથી વંચિત નહીં રાખ).

## અઉઝો બે જલાલે વજ્હેકલ કરીમ

માહે રમઝાનની દરેક રાત્રીના આ દુઆ પઢે:

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَعُوْذُ بِجَلَالِ وَجْهِكَ

الْكَرِيْمِ ، اَنْ يَنْقَضِيَ عَنِّيْ شَهْرُ رَمَضَانَ اَوْ يَطْلُعَ

الْفَجْرُ مِنْ لَيْلَتِيْ هٰذِهِ وَلَكَ قِبَلِيْ تَبِعَةٌ اَوْ ذَنْبٌ تُعَذِّبُنِيْ عَلَيْهِ

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. હું તારી ઉદારતાવાળી ઝાતની જલાલતના વાસ્તાથી તારી પનાહ માંગું છું કે મારી ઉપર કોઈ સજા બાકી રહી ગઈ હોય અથવા મારી ઉપર કોઈ ગુનાહ હોય જેના કારણે તું મારી ઉપર અઝાબ કર અને ક્યાંક માહે રમઝાન પૂરો થઇ જાય અથવા મારી આ રાત પૂરી થઇ અને ફજરનો સમય થઇ જાય !!

## ઈમામ મોહમ્મદ તકી (અ.) ની દુઆ

ઈમામ મોહમ્મદ તકી (અ.)થી રિવાયત છે કે મુસ્તહબ છે કે માહે રમઝાનમાં પેહલી તારીખથી છેલ્લી તારીખ સુધી, આ દુઆને દિવસ-રાત વધારે પઢયા કરે:

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، يَا ذَا الَّذِيْ كَانَ قَبْلَ كُلِّ شَيْءٍ ، ثُمَّ خَلَقَ كُلَّ شَيْءٍ ، ثُمَّ يَبْقٰى وَ يَفْنٰى كُلُّ شَيْءٍ ، يَا ذَا الَّذِيْ لَيْسَ كَمِثْلِهٖ شَيْءٌ ، وَ يَا ذَا الَّذِيْ لَيْسَ فِيْ السَّمٰوَاتِ الْعُلٰى وَلَا فِي الْاَرَضِيْنَ

السُّفْلٰى وَلَا فَوْقَهُنَّ وَلَا تَحْتَهُنَّ وَلَا بَيْنَهُنَّ اِلٰهٌ يُعْبَدُ غَيْرُهٗ ، لَكَ الْحَمْدُ حَمْدًا لَا يَقْوٰى عَلٰى اِحْصَائِهٖ اِلَّا اَنْتَ فَصَلِّ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِ مُحَمَّدٍ صَلَاةً لَا يَقْوٰى عَلٰى اِحْصَائِهَا اِلَّا اَنْتَ.

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય તે કે જે દરેક વસ્તુની પહેલા પણ હાજર હતો, અને પછી બધી વસ્તુઓને પૈદા કરી, અને પછી પણ તે બાકી રહેશે અને બીજી બધી વસ્તુઓ ફના થઇ જશે. અય તે કે તેની જેવું બીજું કોઈ નથી, અને અય તે કે જેના સિવાય બીજો કોઈ મઅબૂદ નથી કે જેની ઈબાદત ઊંચા આસમાનોમાં કે તેની ઉપર અને જમીનોના પાતાળમાં કે તેની નીચે અને જમીનો અને આસમાનોની વચ્ચે થતી હોય. ફક્ત તારી માટે જ બધા વખાણ છે, એવા વખાણ કે જેની ગણત્રી તારા સિવાય બીજું કોઈ ન કરી શકે. તો રહમત નાઝિલ કર હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની ઔલાદ ઉપર, એવી રહમત કે જેની ગણત્રી તારા સિવાય બીજું કોઈ ન કરી શકે

# દિવસે અને રાત્રે કરવાનો અમલ

રસૂલે ખુદા (સ.અ.વ.) ફરમાવે છે કે માહે રજબ, માહે શાબાન તથા માહે રમઝાનમાં જે કોઈ દરરોજ દિવસે અને રાત્રે નીચે મુજબ પઢે તો અલ્લાહ તઆલા તેના ગુનાહોને માફ કરી દેશે ભલે પછી તે ગુનાહો વરસાદના ટીપાની ગણતરી જેટલા, વૃક્ષોના પત્તાઓ જેટલા અને દરિયાના ફીણ જેટલા કેમ ન હોય.

3 વખત સૂરએ અલ્હમ્દ

3 વખત આયતુલ કુરસી

3 વખત સૂરએ કાફેરૂન (કુલ યા અય્યોહલ કાફેરૂન)

3 વખત સૂરએ તૌહીદ (કુલ હોવલ્લાહો અહદ)

3 વખત સૂરએ ફલક (કુલ અઊઝો બે રબ્બિલ ફલક)

3 વખત સૂરએ નાસ (કુલ અઊઝો બે રબ્બિન્નાસ)

3 વખત નીચે મુજબ કહે :

سُبْحَانَ اللّٰهِ وَالْحَمْدُ لِلّٰهِ وَلَا اِلٰهَ اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ

وَلَا حَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ الْعَلِيِّ الْعَظِيْمِ

પાક છે અલ્લાહ, અને તમામ વખાણ અલ્લાહ માટે જ છે, અને તેના સિવાય બીજું કોઈ ઈબાદતને લાયક નથી, અને અલ્લાહ સૌથી મહાન છે; મહાન અને સર્વોચ્ચ અલ્લાહની સિવાય કોઈ તાકત અને કોઈ કુદરત નથી

3 વખત નીચે મુજબ કહે :

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ

અય અલ્લાહ, રહમત નાઝિલ કર હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને હઝરત મોહમ્મદ (સ.અ.વ.)ની ઔલાદ ઉપર.

3 વખત નીચે મુજબ કહે :

اَللّٰهُمَّ اغْفِرْ لِلْمُؤْمِنِيْنَ وَالْمُؤْمِنَاتِ

અય અલ્લાહ, તું તમામ મોઅમિન મરદો અને તમામ મોઅમિન ઔરતોને માફ કરી આપ;

પછી ૪૦૦ વખત કહે :

اَسْتَغْفِرُ اللّٰهَ وَاَتُوْبُ اِلَيْهِ

હું અલ્લાહ પાસે માફી માંગું છું અને તૌબા કરૂં છું.

## દુઆએ હજ્જ

દુઆએ હજ્જ ના નામથી ઓળખવામાં આવ તી આ દુઆ માટે રિવાયતોમાં છે કે આ દુઆને માહે રમઝાનમાં દરરોજ પઢવાની છે, જેનો ઝિક્ર પેજ નંબર 89 ઉપર થયેલ છે

## બે રકઆત નમાઝ (સિત્તેર હજાર ગુનાહોની માફી માટે)

મુસ્તહબ છે કે માહે રમઝાનની દરેક રાત્રીએ બે રકઆત નમાઝ પઢે કે જેમાં દરેક રકઆત માં સૂરએ અલ્હમ્દ પછી ત્રણ વખત સૂરએ તૌહીદ પઢે, નમાઝ પુરી થયા પછી આ મુજબ પઢે:

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، سُبْحَانَ مَنْ هُوَ حَفِيْظٌ لَا يَغْفُلُ ، سُبْحَانَ مَنْ هُوَ رَحِيْمٌ لَا يَعْجَلُ ، سُبْحَانَ مَنْ هُوَ قَائِمٌ لَا يَسْهُوْ ، سُبْحَانَ مَنْ هُوَ دَائِمٌ لَا يَلْهُو

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. પાક છે તે અલ્લાહ કે જે હિફાઝત કરવાવાળો છે અને ગાફિલ નથી થતો; પાક છે તે મહેરબાન જે જલ્દી નથી કરતો; પાક છે તે હંમેશાથી બાકી જે ક્યારેય પણ ભૂલ નથી કરતો, પાક છે તે હંમેશા બાકી રેહનાર જે ક્યારેય પણ નકામા કાર્યો નથી કરતો

પછી સાત વખત તસ્બીહાતે અરબા પઢે

سُبْحَانَ اللّٰهِ وَالْحَمْدُ لِلّٰهِ وَلَا اِلٰهَ اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ

પાક છે અલ્લાહ, અને તમામ વખાણ અલ્લાહ માટે જ છે, અને તેના સિવાય બીજું કોઈ ઈબાદતને લાયક નથી, અને અલ્લાહ સૌથી મહાન છે.

પછી આ મુજબ કહે:

سُبْحَانَكَ سُبْحَانَكَ سُبْحَانَكَ يَا عَظِيمُ اغْفِرْ لِيَ الذَّنْبَ الْعَظِيمَ

તું પાક છે, તું પાક છે, તું પાક છે, અય ખુબજ મોટાઈવાળા, મારા મોટા ગુનાહોને માફ કરી દે.

પછી ૧૦ વખત હઝરત મોહમ્મદ સ.અ.વ. અને તેમની ઔલાદ ઉપર સલવાત મોકલે.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِ مُحَمَّدٍ

અય અલ્લાહ, રહમત નાઝિલ કર હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને હઝરત મોહમ્મદ (સ.અ.વ.) ની ઔલાદ ઉપર.

જે કોઈ આ નમાઝને ઉપર મુજબ પઢે તો અલ્લાહ તઆલા તેના સિત્તેર હજાર ગુનાહોને માફ કરશે.

## મુસ્તહબ નમાઝોમાં સુરએ ઇન્ના ફતહના પઢવો

રિવાયતમાં છે કે દરરોજની મુસ્તહબ નમાઝોમાં સૂરએ ફતહ (સૂરા નંબર ૪૮ - ઇન્ના ફતહના) પઢનાર તે

વર્ષે હિફાઝતમાં રહેશે

## ૧000 રકઆત નમાઝ (પુરા મહીનામાં)

નવમા ઈમામ હઝરત મોહમ્મદ તકી (અ.)થી મનકૂલ છે કે માહે રમઝાનમાં નીચે મુજબ બે-બે રકઆત કરીને ૧000 રકઆત નમાઝ પઢવી:

- ❖ પહેલી વીસ રાત્રીઓમાં દરરોજ (૧૯મી રાત સિવાય)
  - ▪ નમાઝે મગરિબ પછી ૮ રકઆત
    - ▪ નમાઝે ઇશા પછી ૧૨ રકઆત
- ❖ શબે કદ્રમાં
    - ▪ ૧૯મી રાત્રે ૧00 રકઆત
    - ▪ ૨૧મી રાત્રે ૧00 રકઆત
    - ▪ ૨૩મી રાત્રે ૧00 રકઆત
- ❖ છેલ્લી દસ રાત્રીઓમાં દરરોજ ( ૨૧મી રાત અને ૨૩મી રાત સિવાય)
اَفْضَلَ مَا تُعْطِيْ اَحَدًا مِنْ خَلْقِكَ وَ اَعْطِ مُحَمَّدًا

فَوْقَ مَا تُعْطِي الْخَلَائِقَ مِنَ الْخَيْرِ اَضْعَافًا كَثِيْرَةً

لَا يُحْصِيْهَا غَيْرُكَ ، اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِ

مُحَمَّدٍ اَطْيَبَ وَ اَطْهَرَ وَ اَزْكٰى وَ اَنْمٰى وَ اَفْضَلَ مَا

صَلَّيْتَ عَلٰى اَحَدٍ مِنَ الْاَوَّلِيْنَ وَ الْاٰخِرِيْنَ وَ عَلٰى اَحَدٍ

مِنْ خَلْقِكَ يَا اَرْحَمَ الرَّاحِمِيْنَ

અય અલ્લાહ, હઝરત મોહમ્મદ (સ.અ.વ.)ને

રોશની, તાઝગી, ખુશી, બુઝુર્ગવારી, ફઝીલત, વસીલા, બુલંદી, દરજ્જા, ઇઝ્ઝત, ઉચ્ચતા અતા કર, અને કયામતમાં તારી બારગાહમાં શફાઅત કરવાનો હક્ક અતા કર, તેનાથી વધારે અતા કર કે જેવું તેં તારી મખ્લૂકમાંથી કોઈને પણ અતા કર્યું હોય; અને તારી મખ્લૂકમાંથી જેને ભલાઈ અતા કરી છે તેની કરતાં હઝરત મોહમ્મદ (સ.અ.વ.)ને ખુબજ વધારે તથા અનેકગણી ભલાઈ અતા કર, જેની ગણત્રી તારા સિવાય બીજું કોઈ નથી કરી શકતું; અય અલ્લાહ હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને હઝરત મોહમ્મદ (સ.અ.વ.)ની ઔલાદ ઉપર એવી રહમત નાઝિલ કર કે જે ખુબજ પાકીઝા, ઉમદા, બેહતરીન અને વધારો થતી રહે અને એવી રહમતથી વધારે ફઝીલતવાળી રહમત કે જેને તે પહેલાઓ અને પછીનાઓમાં કોઈની ઉપર મોકલી હોય તથા તારી મખ્લૂક માંથી કોઈની ઉપર મોકલી હોય, અય રહેમ કરવાવાળાઓ માં સૌથી વધારે રહેમ કરનાર;

اَللّٰهُمَّ صَلِّ عَلٰى عَلِيٍّ اَمِيْرِ الْمُؤْمِنِيْنَ وَ وَالِ مَنْ وَالَاهُ

وَ عَادِ مَنْ عَادَاهُ وَ ضَاعِفِ الْعَذَابَ عَلٰى مَنْ شَرِكَ فِيْ

دَمِهٖ ، اَللّٰهُمَّ صَلِّ عَلٰى فَاطِمَةَ بِنْتِ نَبِيِّكَ مُحَمَّدٍ

عَلَيْهِ وَ اٰلِهِ السَّلَامُ وَ الْعَنْ مَنْ اٰذٰى نَبِيَّكَ فِيْهَا ،

اَللّٰهُمَّ صَلِّ عَلَى الْحَسَنِ وَ الْحُسَيْنِ اِمَامَيِ

الْمُسْلِمِيْنَ وَ وَالِ مَنْ وَالَاهُمَا وَ عَادِ مَنْ عَادَاهُمَا وَ

ضَاعِفِ الْعَذَابَ عَلٰى مَنْ شَرِكَ فِيْ دِمَائِهِمَا

અય અલ્લાહ, અમીરૂલ મુઅમેનીન હઝરત અલી (અ.) ઉપર રહમત નાઝિલ કર, અને તેના ચાહવાવાળાઓથી તું મુહબ્બત કર, અને તેના દુશ્મનોથી દુશ્મની રાખ, અને તેના ખૂન વહાવવા વાળાઓમાં શિરકત કરનાર તમામ ઉપર બમણો અઝાબ કર; અય અલ્લાહ, તારા નબી (સ.અ.વ.)ની દુખ્તર જનાબે ફાતેમા ઝહરા (સ.) ઉપર રહમત નાઝિલ કર, તેમની ઉપર તથા તેમની ઔલાદ ઉપર સલામ થાય, અને લઅનત કર તેઓની ઉપર કે જેણે જનાબે ફાતેમા (સ.)ની બાબતમાં તારા નબી (સ.અ.વ.)ને હેરાન કર્યા; અય અલ્લાહ, ઈમામ હસન (અ.) અને ઈમામ હુસૈન (અ.) ઉપર રહમત નાઝિલ કર કે જે બંને તમામ મુસલમાનોના ઈમામ છે, અને તે બન્નેના ચાહવાવાળાઓથી તું મુહબ્બત કર, અને તે બન્નેના દુશ્મનોથી દુશ્મની રાખ, અને તે બન્નેના ખૂન વહાવવા વાળાઓમાં શિરકત કરનાર

તમામ ઉપર બમણો અઝાબ કર;

اَللّٰهُمَّ صَلِّ عَلىٰ عَلِيِّ بْنِ الْحُسَيْنِ اِمَامِ الْمُسْلِمِيْنَ

وَ وَالِ مَنْ وَالَاهُ وَ عَادِ مَنْ عَادَاهُ وَ ضَاعِفِ الْعَذَابَ

عَلىٰ مَنْ ظَلَمَهٗ ، اَللّٰهُمَّ صَلِّ عَلىٰ مُحَمَّدِ بْنِ عَلِيٍّ اِمَامِ

الْمُسْلِمِيْنَ وَ وَالِ مَنْ وَالَاهُ وَ عَادِ مَنْ عَادَاهُ وَ ضَاعِفِ

الْعَذَابَ عَلىٰ مَنْ ظَلَمَهٗ

અય અલ્લાહ, હઝરત અલી ઇબ્ને હુસૈન (અ.) ઉપર રહમત નાઝિલ કર, કે જે મુસલમાનોના ઈમામ છે, અને તેના ચાહવાવાળાઓથી તું મુહબ્બત કર, અને તેના દુશ્મનોથી દુશ્મની રાખ, અને જેણે તેની ઉપર ઝુલ્મ કર્યો તેની ઉપર બમણો અઝાબ કર; અય અલ્લાહ, હઝરત મોહમ્મદ ઇબ્ને અલી (અ.) ઉપર રહમત નાઝિલ કર, કે જે મુસલમાનોના ઈમામ છે, અને તેના ચાહવાવાળાઓથી તું મુહબ્બત કર, અને તેના દુશ્મનોથી દુશ્મની રાખ, અને જેણે તેની ઉપર ઝુલ્મ કર્યો તેની ઉપર બમણો અઝાબ કર;

اَللّٰهُمَّ صَلِّ عَلىٰ جَعْفَرِ بْنِ مُحَمَّدٍ اِمَامِ الْمُسْلِمِيْنَ وَ

وَالِ مَنْ وَالَاهُ وَ عَادِ مَنْ عَادَاهُ وَ ضَاعِفِ الْعَذَابَ عَلىٰ

مَنْ ظَلَمَهٗ ، اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُوْسَى بْنِ جَعْفَرٍ اِمَامِ الْمُسْلِمِيْنَ وَ وَالِ مَنْ وَالَاهُ وَ عَادِ مَنْ عَادَاهُ وَ ضَاعِفِ الْعَذَابَ عَلٰى مَنْ شَرِكَ فِيْ دَمِهٖ

અય અલ્લાહ, હઝરત જઅફર ઇબ્ને મોહમ્મદ (અ.) ઉપર રહમત નાઝિલ કર, કે જે મુસલમાનોના ઈમામ છે, અને તેના ચાહવાવાળાઓથી તું મુહબ્બત કર, અને તેના દુશ્મનોથી દુશ્મની રાખ, અને જેણે તેની ઉપર ઝુલ્મ કર્યો તેની ઉપર બમણો અઝાબ કર; અય અલ્લાહ, હઝરત મુસા ઇબ્ને જઅફર (અ.) ઉપર રહમત નાઝિલ કર, કે જે મુસલમાનોના ઈમામ છે, અને તેના ચાહવાવાળાઓથી તું મુહબ્બત કર, અને તેના દુશ્મનોથી દુશ્મની રાખ, અને તેના ખૂન વહાવવા વાળાઓમાં શિરકત કરનાર તમામ ઉપર બમણો અઝાબ કર;

اَللّٰهُمَّ صَلِّ عَلٰى عَلِيِّ بْنِ مُوْسٰى اِمَامِ الْمُسْلِمِيْنَ وَ وَالِ مَنْ وَالَاهُ وَ عَادِ مَنْ عَادَاهُ وَ ضَاعِفِ الْعَذَابَ عَلٰى مَنْ شَرِكَ فِيْ دَمِهٖ ، اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدِ بْنِ عَلِيٍّ اِمَامِ الْمُسْلِمِيْنَ وَ وَالِ مَنْ وَالَاهُ وَ عَادِ مَنْ عَادَاهُ وَ

ضَاعِفِ الْعَذَابَ عَلٰی مَنْ ظَلَمَهٗ

અય અલ્લાહ, હઝરત અલી ઇબ્ને મૂસા (અ.) ઉપર રહમત નાઝિલ કર, કે જે મુસલમાનોના ઈમામ છે, અને તેના ચાહવાવાળાઓથી તું મુહબ્બત કર, અને તેના દુશ્મનોથી દુશ્મની રાખ, અને તેના ખૂન વહાવવા વાળાઓમાં શિરકત કરનાર તમામ ઉપર બમણો અઝાબ કર; અય અલ્લાહ, હઝરત મોહમ્મદ ઇબ્ને અલી (અ.) ઉપર રહમત નાઝિલ કર, કે જે મુસલમાનોના ઈમામ છે, અને તેના ચાહવાવાળાઓથી તું મુહબ્બત કર, અને તેના દુશ્મનોથી દુશ્મની રાખ, અને જેણે તેની ઉપર ઝુલ્મ કર્યો તેની ઉપર બમણો અઝાબ કર;

اَللّٰهُمَّ صَلِّ عَلٰی عَلِيِّ بْنِ مُحَمَّدٍ اِمَامِ الْمُسْلِمِيْنَ وَ وَالِ مَنْ وَالَاهُ وَ عَادِ مَنْ عَادَاهُ وَ ضَاعِفِ الْعَذَابَ عَلٰی مَنْ ظَلَمَهٗ ، اَللّٰهُمَّ صَلِّ عَلَی الْحَسَنِ بْنِ عَلِيٍّ اِمَامِ الْمُسْلِمِيْنَ وَ وَالِ مَنْ وَالَاهُ وَ عَادِ مَنْ عَادَاهُ وَ ضَاعِفِ الْعَذَابَ عَلٰی مَنْ ظَلَمَهٗ ، اَللّٰهُمَّ صَلِّ عَلَی الْخَلَفِ مِنْ

بَعْدِهٖ اِمَامِ الْمُسْلِمِيْنَ وَ وَالِ مَنْ وَالَاهُ وَ عَادِ مَنْ عَادَاهُ وَ عَجِّلْ فَرَجَهٗ

અય અલ્લાહ, હઝરત અલી ઇબ્ને મોહમ્મદ (અ.) ઉપર રહમત નાઝિલ કર, કે જે મુસલમાનોના ઈમામ છે, અને તેના ચાહવાવાળાઓથી તું મુહબ્બત કર, અને તેના દુશ્મનોથી દુશ્મની રાખ, અને જેણે તેની ઉપર ઝુલ્મ કર્યો તેની ઉપર બમણો અઝાબ કર; અય અલ્લાહ, હઝરત હસન ઇબ્ને અલી (અ.) ઉપર રહમત નાઝિલ કર, કે જે મુસલમાનોના ઈમામ છે, અને તેના ચાહવાવાળાઓથી તું મુહબ્બત કર, અને તેના દુશ્મનોથી દુશ્મની રાખ, અને જેણે તેની ઉપર ઝુલ્મ કર્યો તેની ઉપર બમણો અઝાબ કર; અય અલ્લાહ, તેમની પછીના જાનશીન (અ.) ઉપર રહમત નાઝિલ કર, કે જે મુસલમાનોના ઈમામ છે, અને તેના ચાહવાવાળાઓથી તું મુહબ્બત કર, અને તેના દુશ્મનોથી દુશ્મની રાખ, અને તેને જાહેર કરવામાં જલ્દી કર.

اَللّٰهُمَّ صَلِّ عَلَى الْقَاسِمِ وَ الطَّاهِرِ ابْنَيْ نَبِيِّكَ ، اَللّٰهُمَّ صَلِّ عَلٰى رُقَيَّةَ بِنْتِ نَبِيِّكَ وَ الْعَنْ مَنْ اٰذٰى نَبِيَّكَ فِيْهَا ، اَللّٰهُمَّ صَلِّ عَلٰى اُمِّ كُلْثُوْمٍ بِنْتِ نَبِيِّكَ

وَ الْعَنْ مَنْ اٰذٰى نَبِيَّكَ فِيْهَا ، اَللّٰهُمَّ صَلِّ عَلٰى ذُرِّيَّةِ نَبِيِّكَ ، اَللّٰهُمَّ اخْلُفْ نَبِيَّكَ فِيْٓ اَهْلِ بَيْتِهٖ ، اَللّٰهُمَّ مَكِّنْ لَهُمْ فِي الْاَرْضِ ، اَللّٰهُمَّ اجْعَلْنَا مِنْ عَدَدِهِمْ وَ مَدَدِهِمْ وَ اَنْصَارِهِمْ عَلَى الْحَقِّ فِي السِّرِّ وَ الْعَلَانِيَةِ ، اَللّٰهُمَّ اطْلُبْ بِذَحْلِهِمْ وَ وِتْرِهِمْ وَ دِمَآئِهِمْ وَ كُفَّ عَنَّا وَ عَنْهُمْ وَ عَنْ كُلِّ مُؤْمِنٍ وَّ مُؤْمِنَةٍ ، بَأْسَ كُلِّ بَاغٍ وَّ طَاغٍ وَّ كُلِّ دَابَّةٍ ، اَنْتَ اٰخِذٌ بِنَاصِيَتِهَا ، اِنَّكَ اَشَدُّ بَأْسًا وَّ اَشَدُّ تَنْكِيْلًا .

અય અલ્લાહ, તારા નબી (સ.અ.વ.)ના ફરઝંદો હઝરતે કાસિમ (અ.) અને હઝરતે તાહિર (અ.) ઉપર રહમત નાઝિલ કર; અય અલ્લાહ, તારા નબી (સ.અ.વ.)ની (સાવકી) દુખ્તર જનાબે રૂકય્યા (સ.) ઉપર રહમત નાઝિલ કર, અને લઅનત કર તેઓની ઉપર કે જેણે જનાબે રૂકય્યા (સ.)ની બાબતમાં તારા નબી (સ.અ.વ.)ને હેરાન કર્યા; અય અલ્લાહ, તારા નબી (સ.અ.વ.)ની (સાવકી) દુખ્તર જનાબે ઉમ્મે કુલ્સૂમ (સ.) ઉપર રહમત નાઝિલ કર, અને લઅનત કર તેઓની ઉપર કે જેણે જનાબે ઉમ્મે

કુલ્સૂમ (સ.)ની બાબતમાં તારા નબી (સ.અ.વ.)ને હેરાન કર્યા; અય અલ્લાહ તારા નબી (સ.અ.વ.)ની ઔલાદ ઉપર રહમત નાઝિલ કર. અય અલ્લાહ, તારા નબી (સ.અ.વ.) પછી તેના અહલે બય્ત (અ.સ.) માટે સપરસ્ત રહેજે, તેઓને ઝમીન ઉપર હુકુમત અતા કર; અય અલ્લાહ, અમોને તેઓના છુપાએલા તથા જાહેર એવા સાચા તરફદારો, મદદગારો અને નાસિરોમાં શામિલ કર; અય અલ્લાહ, તેઓની સાથે દુશ્મની કરનાર, તેઓને એકલા છોડનાર અને તેઓના ખૂન વહાવનારનો તું બદલો લે, અને અમોને, તેઓને તથા દરેક મોઅમિન ભાઈઓને અને દરેક મોઅમિન બેહનોને, દરેક નાફરમાન તથા માથાભારે અને તારી કુદરતના કબ્જામાં રહેતા દરેક જાનવરની હેરાનગતીથી બચાવ, બેશક તું સખ્તી કરવામાં સૌથી વધારે સખ્ત, અને અઝાબ દેવામાં સૌથી વધારે સખ્ત છે.

પછી કહે :

يَا عُدَّتِيْ فِيْ كُرْبَتِيْ وَ يَا صَاحِبِيْ فِيْ شِدَّتِيْ وَ يَا وَلِيِّيْ فِيْ نِعْمَتِيْ وَ يَا غَايَتِيْ فِيْ رَغْبَتِيْ ، اَنْتَ السَّاتِرُ عَوْرَتِيْ وَ الْمُؤْمِنُ رَوْعَتِيْ وَ الْمُقِيْلُ عَثْرَتِيْ فَاغْفِرْ لِيْ خَطِيْئَتِيْ

يَا اَرْحَمَ الرَّاحِمِيْنَ.

અય મારી મુસીબતોમાં મારા મદદગાર, અય મારી સખ્તીઓમાં મારા સાથી, અય નેઅમતોમાં મારા સરપરસ્ત, અય મારી ચાહતના મકસદ, તું મારા એબોને છુપાવવાવાળો છે, અને ખૌફના સમયે અમાન આપનાર, અને મારી ભૂલોને માફ કરનાર છે; તો મારી ભૂલોને માફ કરી દે, અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર.

પછી કહે :

اَللّٰهُمَّ اِنِّيْ اَدْعُوْكَ لِهَمٍّ لَا يُفَرِّجُهُ غَيْرُكَ وَلِرَحْمَةٍ لَا تُنَالُ اِلَّا بِكَ وَلِكَرْبٍ لَا يَكْشِفُهُ اِلَّا اَنْتَ وَلِرَغْبَةٍ لَا تُبْلَغُ اِلَّا بِكَ وَلِحَاجَةٍ لَا يَقْضِيْهَا اِلَّا اَنْتَ،

اَللّٰهُمَّ فَكَمَا كَانَ مِنْ شَأْنِكَ مَا اَذِنْتَ لِيْ بِهِ مِنْ مَسْاَلَتِكَ وَرَحِمْتَنِيْ بِهِ مِنْ ذِكْرِكَ فَلْيَكُنْ مِنْ شَأْنِكَ سَيِّدِي الْاِجَابَةُ لِيْ فِيْمَا دَعَوْتُكَ وَعَوَائِدُ الْاِفْضَالِ فِيْمَا رَجَوْتُكَ وَالنَّجَاةُ مِمَّا فَزِعْتُ اِلَيْكَ فِيْهِ،

અય અલ્લાહ, ખરેખર હું તને પરેશાનીઓમાં પુકારૂં છું કે પરેશાનીઓને તારા સિવાય બીજું કોઈ દૂર નથી કરી શકતું, અને રહમત માટે પુકારૂં છું કે તારા સિવાય બીજા કોઈ તરફથી રહમત નથી મળતી, અને દુઃખમાં તને પુકારૂં છું કે તારા સિવાય બીજા કોઈ તેને દૂર નથી કરતું, અને ઉમ્મીદોમાં તને પુકારૂં છું કે તારા સિવાય બીજું કોઈ તે ઉમ્મીદ સુધી પહોંચાડતું નથી, અને હાજતો માટે તને પુકારૂં છું કે તારા સિવાય બીજું કોઈ તેને પૂરી નથી કરતું; અય અલ્લાહ, જેવી રીતે તે તારી શાન થકી મને રજા આપી છે કે હું તારી પાસે સવાલ કરૂં અને માંગું, અને તારી શાન થકી તેં મને યાદ કરીને મારી ઉપર રહેમ કર્યો છે, તો એવી જ રીતે, અય મારા સરદાર, તારી શાન થકી મારી માંગેલી હાજતોને પૂરી કર, અને જે બાબતોની ઉમ્મીદ રાખું છું તેં મને અતા કર, અને દરેક તે વસ્તુથી નજાત આપ કે જેની મેં તારી પાસે પનાહ માંગી છે;

فَاِنْ لَمْ اَكُنْ اَهْلًا اَنْ اَبْلُغَ رَحْمَتَكَ فَاِنَّ رَحْمَتَكَ

اَهْلٌ اَنْ تَبْلُغَنِيْ وَتَسَعَنِيْ ، وَاِنْ لَمْ اَكُنْ لِلْاِجَابَةِ

اَهْلًا فَاَنْتَ اَهْلُ الْفَضْلِ وَرَحْمَتُكَ وَسِعَتْ كُلَّ شَيْءٍ

فَلْتَسَعْنِيْ رَحْمَتُكَ ، يَا اِلٰهِيْ يَا كَرِيْمُ ، اَسْاَلُكَ

بِوَجْهِكَ الْكَرِيْمِ اَنْ تُصَلِّيَ عَلٰى مُحَمَّدٍ وَّ اَهْلِ بَيْتِهٖ وَاَنْ تُفَرِّجَ هَمِّيْ وَتَكْشِفَ كَرْبِيْ وَغَمِّيْ وَتَرْحَمَنِيْ بِرَحْمَتِكَ وَتَرْزُقَنِيْ مِنْ فَضْلِكَ ، اِنَّكَ سَمِيْعُ الدُّعَاءِ قَرِيْبٌ مُجِيْبٌ.

તો અગર હું એ લાયક નથી કે મારી ઉપર તારી રહમત થાય તો પણ તારી રહમત માટે લાયક છે કે તે મારી સુધી પહોંચે અને મને ઘેરી લે; અને અગર હું પોતે એ લાયક નથી કે મારી દુઆ કબૂલ થાય તો પણ તું તો ફઝ્લનો માલિક છે અને તારી રહમત દરેક વસ્તુ ઉપર ઘેરાએલી છે, તો પછી ચોક્કસ તારી રહમત મને પણ ઘેરી લે; અય મારા મઅબૂદ, અય ખુબજ ઉદાર, હું તારી ઉદાર ઝાતના વાસ્તા થકી સવાલ કરૂં છું, કે તું રહમત નાઝિલ કર હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમના અહલે બય્ત (અ.મુ.) ઉપર, અને મારી પરેશાનીઓને દૂર કર, મારા દુઃખો અને ગમોને હટાવી દે, અને તારી રહમત થકી મારી ઉપર દયા કર, અને તારા ફઝ્લ થકી મને રોઝી આપ, બેશક તું દુઆઓનો સાંભળનાર, ખુબજ નજીકમાં કબૂલ કરવાવાળો છે;

## અલ્લાહુમ્મ ઇન્ની અસ્અલોક મિન ફઝ્લેક

આ દુઆને પણ દરરોજ દિવસે પઢે :

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ مِنْ فَضْلِكَ بِاَفْضَلِهِ وَكُلُّ فَضْلِكَ فَاضِلٌ ، اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ بِفَضْلِكَ كُلِّهِ ، اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ مِنْ رِزْقِكَ بِاَعَمِّهِ وَكُلُّ رِزْقِكَ عَامٌّ ، اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ بِرِزْقِكَ كُلِّهِ ، اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ مِنْ عَطَائِكَ بِاَهْنَئِهِ وَكُلُّ عَطَائِكَ هَنِيْءٌ ، اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ بِعَطَائِكَ كُلِّهِ ، اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ مِنْ خَيْرِكَ بِاَعْجَلِهِ وَكُلُّ خَيْرِكَ عَاجِلٌ ، اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ بِخَيْرِكَ كُلِّهِ اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ مِنْ اِحْسَانِكَ بِاَحْسَنِهِ وَكُلُّ اِحْسَانِكَ حَسَنٌ ، اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ بِاِحْسَانِكَ كُلِّهِ

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે તારા એહસાન માંથી માંગુ છું કે જે બેહતરીન એહસાન છે, અને તારા બધાજ એહસાનો

બેહતરીન છે, અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે સવાલ કરૂં દરેક એહસાનના વસીલાથી ; અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે તારી રોઝી માંથી માંગુ છું કે જે તું બધાને આપે છે, અને તારી તમામ રોઝી બધા માટે છે, અય અલ્લાહ, હું સવાલ કરૂં છું તારી તમામ રોઝીના વાસ્તાથી ; અય અલ્લાહ , ખરેખર હું તારી પાસે તારી બખ્શીશ માંથી માંગુ છું કે જે ભરપૂર છે, અને તારી બધીજ બખ્શીશ ભરપૂર છે, અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે સવાલ કરૂં દરેક બખ્શીશના વાસ્તાથી; અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે તારી બેહતરીન વસ્તુઓ (અને નેકીઓ) માંથી માંગુ છું જે તું એકદમ જલ્દી અતા કરે છે , અને તારી બધીજ બેહતરીન વસ્તુઓ જલ્દી અતા થાય છે, અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે સવાલ કરૂં તારી દરેક બેહતરીન વસ્તુઓના વસીલા થી ; અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે તારી બેહતરીન નેકીઓ માંગુ છું , અને તારી બધીજ નેકીઓ બેહતરીન છે, અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે સવાલ કરૂં તારી દરેક બેહતરીન નેકીઓના વસીલા થી;

اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ بِمَا تُجِيْبُنِيْ بِهِ حِيْنَ اَسْاَلُكَ

فَاَجِبْنِيْ يَا اَللّٰهُ ، وَصَلِّ عَلٰى مُحَمَّدٍ عَبْدِكَ الْمُرْتَضٰى

وَ رَسُوْلِكَ الْمُصْطَفٰى وَ اَمِيْنِكَ وَ نَجِيِّكَ دُوْنَ خَلْقِكَ

وَ نَجِيْبِكَ مِنْ عِبَادِكَ ، وَ نَبِيِّكَ بِالصِّدْقِ وَ حَبِيْبِكَ

وَ صَلِّ عَلٰى رَسُوْلِكَ وَ خِيَرَتِكَ مِنَ الْعَالَمِيْنَ الْبَشِيْرِ

النَّذِيْرِ السِّرَاجِ الْمُنِيْرِ وَ عَلٰى اَهْلِ بَيْتِهِ الْاَبْرَارِ

الطَّاهِرِيْنَ وَ عَلٰى مَلاۤئِكَتِكَ الَّذِيْنَ اسْتَخْلَصْتَهُمْ

لِنَفْسِكَ وَ حَجَبْتَهُمْ عَنْ خَلْقِكَ وَ عَلٰى اَنْۢبِيَاۤئِكَ

الَّذِيْنَ يُنْۢبِئُوْنَ عَنْكَ بِالصِّدْقِ وَ عَلٰى رُسُلِكَ الَّذِيْنَ

خَصَصْتَهُمْ بِوَحْيِكَ وَ فَضَّلْتَهُمْ عَلَى الْعَالَمِيْنَ

بِرِسَالاَتِكَ

અય અલ્લાહ હું તારી પાસે તેના થકી દુઆ કરૂં છું કે જેના વડે જયારે હું તારી પાસે દુઆ માંગું તો તું મારી દુઆને કબૂલ કરે છે , અય અલ્લાહ; અને તું રહમત નાઝિલ કર હઝરત મોહમ્મદ (સ.અ.વ.) ઉપર કે જે તારી ખુશનુદીવાળા બંદા છે, જે તારા પસંદ થયેલા તારા રસૂલ છે, અને તારા ખુલૂસવાળા અમાનતદાર છે, અને બધી મખ્લૂકમાં સૌથી વધારે માનનીય છે, અને તારા સાચા નબી છે, અને જેની

સાથે તું ખુબજ મુહબ્બત કરે છે; અને તારી રહમત નાઝિલ કર તારા રસૂલ ઉપર અને તારી તમામ મખ્લૂકમાં સૌથી વધારે સારા, જે ખુશખબરી આપનાર, ડરાવનાર, હિદાયત કરનાર અને નૂર ફેલાવનાર છે; અને તું તારી રહમત નાઝિલ કર તેમની ઔલાદ ઉપર કે જે પાક અને પાકીઝા છે; અને તું તારી રહમત નાઝિલ કર તારા ફરિશ્તાઓ ઉપર કે જેઓને તેં પોતાની પાક ઝાત માટે પસંદ કરી દીધા છે, અને તેઓને તારી મખ્લૂકથી પરદામાં રાખ્યા છે; અને તું તારી રહમત નાઝિલ કર તારા નબીઓ ઉપર કે જેઓ તારા સંદેશાઓ અને તારા પયગામોની સાચી ખબર આપે છે; અને તું તારી રહમત નાઝિલ કર તારા રસૂલો ઉપર કે જેઓને તેં વહી નાઝિલ થવા માટે મખ્સૂસ કર્યા, અને તેઓને તારી રિસાલત વડે તમામ કાએનાત ઉપર ફઝીલત આપી;

وَ عَلٰى عِبَادِكَ الصَّالِحِيْنَ الَّذِيْنَ اَدْخَلْتَهُمْ فِيْ
رَحْمَتِكَ الْاَئِمَّةِ الْمُهْتَدِيْنَ الرَّاشِدِيْنَ وَ اَوْلِيَائِكَ
الْمُطَهَّرِيْنَ وَ عَلٰى جَبْرَئِيْلَ وَ مِيْكَائِيْلَ وَ اِسْرَافِيْلَ وَ
مَلَكِ الْمَوْتِ وَ عَلٰى رِضْوَانَ خَازِنِ الْجِنَانِ وَ عَلٰى
مَالِكٍ خَازِنِ النَّارِ وَ رُوْحِ الْقُدُسِ وَ الرُّوْحِ الْاَمِيْنِ وَ

حَمَلَةِ عَرْشِكَ الْمُقَرَّبِيْنَ وَعَلَى الْمَلَكَيْنِ الْحَافِظَيْنِ

عَلَيَّ ، بِالصَّلاةِ الَّتِيْ تُحِبُّ اَنْ يُصَلِّيَ بِهَا عَلَيْهِمْ

اَهْلُ السَّمٰوَاتِ وَاَهْلُ الْاَرَضِيْنَ، صَلاةً طَيِّبَةً كَثِيْرَةً

مُّبَارَكَةً زَاكِيَةً نَامِيَةً ظَاهِرَةً بَاطِنَةً شَرِيْفَةً فَاضِلَةً

تُبَيِّنُ بِهَا فَضْلَهُمْ عَلَى الْاَوَّلِيْنَ وَالْاٰخِرِيْنَ

અને તું તારી રહમત નાઝિલ કર તારા નેક અને ભલા બંદાઓ ઉપર કે જેઓને તેં એવા ઇમામોની રહમતમાં દાખલ કરી દીધા છે કે જેઓ હિદાયત પામેલા, હિદાયત કરનાર અને પાક તથા પાકીઝા છે; અને તું તારી રહમત નાઝિલ કર હઝરત જબ્રઈલ (અ.) ઉપર, હઝરત મીકાઈલ ( અ.) ઉપર, હઝરત ઇસ્રાફીલ ( અ.) ઉપર, મૌતના ફરિશ્તા ઉપર , અને જન્નતોના ખઝાનાને પોતાના કબજામાં રાખનાર રિઝવાન ઉપર , અને જહન્નમની આગના ખઝાનાના માલિક ઉપર, અને રૂહુલ્કુદુસ ઉપર, અને રૂહુલ અમીન ઉપર, અર્શને ઉપાડનાર ફરિશ્તાઓ ઉપર, અને તે બન્ને ફરિશ્તાઓ ઉપર કે જેઓ મારૂં ધ્યાન રાખે છે ; અને જેવી તને પસંદ છે તેવી રહમત કે જેને ઝમીન અને આસમાનમાં રેહવાવાળાઓ તેમની ઉપર સલવાત મોકલતા હોય, એવી રહમત તેઓ

બધા ઉપર નાઝિલ કર, અને ખુબજ  વધારે, બહુજ પાક, બરકતવાળી, પાકીઝા, દરજ્જાઓને વધારવાવાળી, પાક, ઇઝ્ઝતવાળી, ફઝીલતવાળી રહમત હોય કે તું આ રહમત થકી પેહલાની મખ્લૂક અને પછીની  મખ્લૂક ઉપર તેઓની ફઝીલતને બયાન કર;

اَللّٰهُمَّ اَعْطِ مُحَمَّدًا الْوَسِيْلَةَ وَ الشَّرَفَ وَ الْفَضِيْلَةَ وَ اجْزِهٖ خَيْرَ مَا جَزَيْتَ نَبِيًّا عَنْ اُمَّتِهٖ ، اَللّٰهُمَّ وَ اَعْطِ مُحَمَّدًا صَلَّى اللّٰهُ عَلَيْهِ وَ اٰلِهٖ مَعَ كُلِّ زُلْفَةٍ زُلْفَةً ، وَ مَعَ كُلِّ وَسِيْلَةٍ وَسِيْلَةً ، وَ مَعَ كُلِّ فَضِيْلَةٍ فَضِيْلَةً ، وَ مَعَ كُلِّ شَرَفٍ شَرَفًا ، تُعْطِيْ مُحَمَّدًا وَّ اٰلَهٗ يَوْمَ الْقِيَامَةِ اَفْضَلَ مَا اَعْطَيْتَ اَحَدًا مِنَ الْاَوَّلِيْنَ وَ الْاٰخِرِيْنَ.

અય અલ્લાહ, હઝરત મોહમ્મદ (સ.અ.વ.)ને વસીલો બનાવ, અને બુઝુર્ગી તેમજ ફઝીલત અતા કર, અને તેને ઉમ્મત તરફથી એવો બેહતરીન બદલો અતા કર કે જેવો બદલો કોઈ બીજા નબીને પોતાની ઉમ્મત તરફથી મળ્યો હોય; અય અલ્લાહ, હઝરત મોહમ્મદ (સ.અ.વ.)ને દરેક કુરબતની સાથે

એક વધારે કુરબત, દરેક વસીલાની સાથે એક વધારે વસીલો, અને દરેક ફઝીલતની સાથે એક વધારે ફઝીલત, અને દરેક મહાનતાની સાથે એક વધારે મહાનતા અને હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની ઔલાદને કયામતના દિવસે એવો મહાન દરજ્જો અતા કર કે જેને ન તો તે તેમની પેહલા થઇ ગયેલાઓને અતા કર્યો છે અને ન તો તેની પછી આવનારને અતા કરીશ.

اَللّٰهُمَّ وَاجْعَلْ مُحَمَّدًا صَلَّى اللّٰهُ عَلَيْهِ وَاٰلِهٖ اَدْنَى

الْمُرْسَلِيْنَ مِنْكَ مَجْلِسًا وَّ اَفْسَحَهُمْ فِي الْجَنَّةِ

عِنْدَكَ مَنْزِلًا وَّ اَقْرَبَهُمْ اِلَيْكَ وَسِيْلَةً ، وَاجْعَلْهُ

اَوَّلَ شَافِعٍ وَّاَوَّلَ مُشَفَّعٍ وَّاَوَّلَ قَائِلٍ وَّاَنْجَحَ سَائِلٍ

، وَابْعَثْهُ الْمَقَامَ الْمَحْمُوْدَ الَّذِي يَغْبِطُهٗ بِهٖ

الْاَوَّلُوْنَ وَالْاٰخِرُوْنَ ، يَا اَرْحَمَ الرَّاحِمِيْنَ

અય અલ્લાહ, હઝરત મોહમ્મદ (સ.અ.વ.)ને બીજા તમામ નબીઓ કરતાં તારાથી ખુબજ વધારે નજિક મકામ અતા કર, અને જન્નતમાં તેમને ખુબજ વિશાળ મકામ અતા કર, અને તારી કુરબત માટે

તેના વસીલાને વધારે નજિક બનાવ; અને તેમને સૌથી પેહલા શફાઅત કરનાર બનાવી દે, અને તેમને સૌથી પેહલા બનાવ કે જેની શફાઅતને તે કબૂલ કરી, અને સૌથી પહેલા કલામ કરનાર બનાવ કે જેના સવાલો સૌથી પહેલા પુરા થયા, અને તેમને એ મકામે મહમૂદ અતા કર કે જેની ઉપર પેહલાઓ અને છેલ્લાઓ તિવ્ર ઈચ્છા કરે, અય રહેમ કરવા વાળાઓમાં સૌથી વધારે રહેમ કરનાર;

وَ اَسْاَلُكَ اَنْ تُصَلِّيَ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ وَّ اَنْ
تَسْمَعَ صَوْتِيْ وَ تُجِيْبَ دَعْوَتِيْ وَ تَجَاوَزَ عَنْ خَطِيْٓئَتِيْ
وَ تَصْفَحَ عَنْ ظُلْمِيْ وَ تُنْجِحَ طَلِبَتِيْ وَ تَقْضِيَ حَاجَتِيْ
وَ تُنْجِزَ لِيْ مَا وَعَدْتَنِيْ وَ تُقِيْلَ عَثْرَتِيْ وَ تَغْفِرَ ذُنُوْبِيْ
وَ تَعْفُوَ عَنْ جُرْمِيْ وَ تُقْبِلَ عَلَيَّ وَ لَا تُعْرِضَ عَنِّيْ وَ
تَرْحَمَنِيْ وَ لَا تُعَذِّبَنِيْ وَ تُعَافِيَنِيْ وَ لَا تَبْتَلِيَنِيْ، وَ
تَرْزُقَنِيْ مِنَ الرِّزْقِ اَطْيَبَهٗ وَ اَوْسَعَهٗ وَ لَا تَحْرِمَنِيْ يَا
رَبِّ وَ اقْضِ عَنِّيْ دَيْنِيْ وَ ضَعْ عَنِّيْ وِزْرِيْ وَ لَا تُحَمِّلْنِيْ
مَا لَا طَاقَةَ لِيْ بِهٖ يَا مَوْلَايَ وَ اَدْخِلْنِيْ فِيْ كُلِّ خَيْرٍ

اَدْخَلْتَ فِيْهِ مُحَمَّدًا وَّاٰلَ مُحَمَّدٍ وَّاَخْرِجْنِيْ مِنْ كُلِّ سُوْءٍ اَخْرَجْتَ مِنْهُ مُحَمَّدًا وَّاٰلَ مُحَمَّدٍ ، صَلَوَاتُكَ عَلَيْهِ وَعَلَيْهِمْ وَالسَّلَامُ عَلَيْهِ وَعَلَيْهِمْ وَرَحْمَةُ اللّٰهِ وَبَرَكَاتُهٗ.

અને હું તારી પાસે સવાલ કરૂં છું કે હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને હઝરત મોહમ્મદ (સ.અ.વ.)ની ઔલાદ ઉપર રહમત નાઝિલ કર, અને મારી અવાજને સાંભળ, અને મારી દુઆઓને કબૂલ કર, અને મારા ગુનાહોને દરગુઝર કર, અને મારા ખરાબ કાર્યોને ઢાંકી દે, અને મારી જરૂરતોને પૂરી કર, અને મારી હાજતોને પૂરી કર, અને મને આપેલ વચન પૂરૂં કર, મારી ભૂલોને માફ કર, મારા ગુનાહોને બખ્શી આપ, મારી ખતાઓને માફ કર, અને મારી ઉપર તવજ્જો આપ અને મારાથી ધ્યાન ન હટાવજે, અને મારી ઉપર રહેમ કર, અને મને અઝાબ ન કર, અને મને સલામતી આપ, અને મને મુસીબતોમાં ન નાખજે; અને મને હલાલ અને પુષ્કળ રોઝી અતા કર અને મને વંચિત ન રાખ; અય મારા પાલનહાર, મારા કર્ઝને અદા કરી દે, મારી ઉપર લાદેલા ભારને હલકો કરી દે, અને મારી ઉપર એવો ભાર ન નાખજે કે જેને ઉપાડવાની મને તાકત ન હોય, અય મારા

મૌલા, અને મને તે દરેક નેકીઓમાં દાખલ કર કે જેમાં તેં હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને હઝરત મોહમ્મદ (સ.અ.વ.)ની ઔલાદને દાખલ કર્યા, અને તે દરેક બુરાઈઓથી દૂર રાખ જે બુરાઈઓથી તેં હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને હઝરત મોહમ્મદ (સ.અ.વ.)ની ઔલાદને દૂર રાખ્યા, તેમની ઉપર તેમજ તેમની ઔલાદ ઉપર સલવાત નાઝિલ કર તેમજ સલામ મોકલ,અને તેમની ઉપર તેમજ તેમની ઔલાદ ઉપર અલ્લાહની રહમત અને બરકત નાઝિલ થાય.

પછી 3 વખત કહે :

اَللّٰهُمَّ اِنِّيْ اَدْعُوْكَ كَمَا اَمَرْتَنِيْ فَاسْتَجِبْ لِيْ كَمَا وَعَدْتَنِيْ

અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે દુઆ કરૂં છું જેવી રીતે તેં મને હુકમ આપ્યો છે, તો તું મારી દુઆ કબુલ કર જેવી રીતે તેં મને વાયદો કર્યો છે;

પછી કહે :

اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ قَلِيْلًا مِنْ كَثِيْرٍ مَعَ حَاجَةٍ بِيْ اِلَيْهِ عَظِيْمَةٍ وَّ غِنَاكَ عَنْهُ قَدِيْمٌ وَّ هُوَ عِنْدِيْ كَثِيْرٌ وَّ هُوَ عَلَيْكَ سَهْلٌ يَسِيْرٌ فَامْنُنْ عَلَيَّ بِهِ ، اِنَّكَ عَلٰى كُلِّ

شَيْءٍ قَدِيْرٌ، اٰمِيْنَ رَبَّ الْعَالَمِيْنَ

અય અલ્લાહ ! બેશક હું તારી પાસે ખૂબ વધારેમાંથી માત્ર થોડાની માંગણી કરૂં છું. મને તે વસ્તુઓની ખૂબ જ વધારે જરૂર છે. જયારે કે તું તો તેનાથી હંમેશ માટે બેનિયાઝ (ગની) છે. અને તે મારા માટે ઘણું જ વધારે છે, અલબત્ત તે (અતા કરવું) તારા માટે ખુબ જ સહેલુ અને આસાન છે. તો પછી મને આ બધી વસ્તુઓ અતા કરી મારી ઉપર એહસાન કર, ખરેખર તું દરેક વસ્તુ ઉપર કુદરત રાખે છે; આમીન, અય દરેક કાએનાતના પાલનહાર.

## અલ્લાહુમ્મ ઇન્ની અદઊક કમા અમરતની - દુઆ એ આલીશાન

આ દુઆને દરરોજ દિવસે પઢવામાં આવે છે જેનો ઝિક્ર પેજ નંબર 599 ઉપર છે

## ઈમામ મોહમ્મદ તકી (અ.) ની દુઆ

આ દુઆ નો ઝિક્ર દરરોજ રાત્રે પઢવાની દુઆઓમાં પણ થઈ ચુક્યો છે. ઈમામ મોહમ્મદ તકી (અ.)થી રિવાયત છે કે મુસ્તહબ છે કે માહે રમઝાનમાં પેહલી તારીખથી છેલ્લી તારીખ સુધી , આ દુઆને દિવસ-રાત વધારે પઢયા કરે;

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، يَا ذَا الَّذِيْ كَانَ قَبْلَ
كُلِّ شَيْءٍ ثُمَّ خَلَقَ كُلَّ شَيْءٍ ثُمَّ يَبْقٰى وَ يَفْنٰى كُلُّ
شَيْءٍ، يَا ذَا الَّذِيْ لَيْسَ كَمِثْلِهٖ شَيْءٌ وَّ يَا ذَا الَّذِيْ
لَيْسَ فِيْ السَّمٰوَاتِ الْعُلٰى وَ لَا فِي الْاَرَضِيْنَ السُّفْلٰى وَ
لَا فَوْقَهُنَّ وَ لَا تَحْتَهُنَّ وَ لَا بَيْنَهُنَّ اِلٰهٌ يُعْبَدُ غَيْرُهٗ ،
لَكَ الْحَمْدُ حَمْدًا لَا يَقْوٰى عَلٰى اِحْصَائِهٖ اِلَّا اَنْتَ ،
فَصَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ صَلاةً لَا يَقْوٰى عَلٰى
اِحْصَائِهَا اِلَّا اَنْتَ.

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય તે કે જે દરેક વસ્તુની પહેલા પણ હાજર હતો, અને પછી બધી વસ્તુઓને પૈદા કરી, અને પછી પણ તે બાકી રહેશે અને બીજી બધી વસ્તુઓ ફના થઇ જશે. અય તે કે તેની જેવું બીજું કોઈ નથી, અને અય તે કે જેના સિવાય બીજો કોઈ મઅબૂદ નથી કે જેની ઈબાદત ઊંચા આસમાનોમાં કે તેની ઉપર અને જમીનોના પાતાળમાં કે તેની નીચે અને જમીનો અને આસમાનોની વચ્ચે થતી હોય. ફક્ત તારી માટે જ

બધા વખાણ છે, એવા વખાણ કે જેની ગણત્રી તારા સિવાય બીજું કોઈ ન કરી શકે. તો રહમત નાઝિલ કર હઝરત મોહમ્મદ સ.અ.વ. અને તેમની ઔલાદ ઉપર, એવી રહમત કે જેની ગણત્રી તારા સિવાય બીજું કોઈ ન કરી શકે

## અલ્લાહુમ્મ રબ્બ શહરે રમઝાન

જે કોઈ આ દુઆને દરરોજ દિવસે પઢે તો અલ્લાહ તઆલા તેના ૪૦ વર્ષના ગુનાહોને માફ કરી દેશે

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ ، اَللّٰهُمَّ رَبَّ شَهۡرِ رَمَضَانَ الَّذِيۡ اَنۡزَلۡتَ فِيۡهِ الۡقُراٰنَ وَافۡتَرَضۡتَ عَلٰى عِبَادِكَ فِيۡهِ الصِّيَامَ ، اُرۡزُقۡنِيۡ حَجَّ بَيۡتِكَ الۡحَرَامِ فِيۡ هٰذَا الۡعَامِ وَفِيۡ كُلِّ عَامٍ وَّاغۡفِرۡ لِيَ الذُّنُوۡبَ الۡعِظَامَ فَاِنَّهٗ لَا يَغۡفِرُهَا غَيۡرُكَ يَا ذَا الۡجَلَالِ وَالۡاِكۡرَامِ

(શરૂ કરું છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ, અય માહે રમઝાનના પરવરદિગાર કે જેમાં તેં કુરઆનને નાઝિલ કર્યું અને જેમાં તારા બંદાઓ ઉપર તેં રોઝાઓ વાજિબ કર્યા, મને આ વર્ષે તેમજ દરેક વર્ષે, તારા મોહતરમ ઘરની હજ્જ નસીબ કર; અને

મારા અત્યાર સુધીના તમામ મોટા ગુનાહોને માફ કરી દે કારણ કે તારા સિવાય બીજું કોઈ તેને માફ નથી કરી શકતું; અય મહાનતા અને બુઝુર્ગીના માલિક.

## ઈમામે ઝમાના (અ.સ.) ની દુઆ : અલ્લાહુમ્મ કુલ્લે વલીય્યેક

પુરા રમઝાન મહીના દરમિયાન આ દુઆ પઢવાની છે અને ખાસ શબે કદ્રમાં કારણ કે મઅસૂમીન (અ.મુ.) થી રીવાયતો છે કે શબે કદ્રમાં આ દુઆ પઢે અને ખુબજ વધારે પઢે, દરેક હાલતમાં પઢે; બેઠા હોય, ઉભા હોય, સજદામાં હોય અને આ પુરા રમઝાન મહીના દરમિયાન પઢે, આખી ઝીંદગી પઢતો રહે, જેટલું બની શકે એટલું વધારે પઢે અને જયારે પણ દુઆ પઢવાનું યાદ આવે ત્યારે પઢે અને જયારે પઢે ત્યારે અલ્લાહના વખાણ અને હમ્દો સના કરે અને હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની ઔલાદ ઉપર સલવાત પઢે અને પછી કહે :

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ كُنْ لِوَلِيِّكَ

الْحُجَّةِ بْنِ الْحَسَنِ ، صَلَوَاتُكَ عَلَيْهِ وَعَلٰى اٰبَائِهِ ،

فِيْ هٰذِهِ السَّاعَةِ وَفِيْ كُلِّ سَاعَةٍ ، وَلِيًّا وَّ حَافِظًا وَّ

قَائِدًا وَّ نَاصِرًا وَ دَلِيْلًا وَّ عَيْنًا حَتّٰى تُسْكِنَهٗ اَرْضَكَ طَوْعًا وَّ تُمَتِّعَهٗ فِيْهَا طَوِيْلًا

(શરૂ કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ, તારા વલી હુજ્જત ઇબ્નીલ હસન ઈમામ મહદી (અ.)માટે - તારી રેહમત થાય તેમની ઉપર તેમજ તેમના બાપ દાદાઓ ઉપર - આ પળ (ક્ષણ)માં અને દરેક પળમાં, (તું તેના માટે) સરપરસ્ત અને હિફાઝત કરવાવાળો અને માર્ગદર્શક (કાએદ) અને મદદ કરવાવાળા અને રાહનુમા અને ધ્યાન રાખનાર બની રેહજે જ્યાં સુધી કે તું તેમને તારી જમીન ઉપર જિંદગી આપ અને તે મને ઝમાનાઓ સુધી (લાંબી મુદ્દત સુધી) ફાયદો પહોંચાડ.

## આ ઝિક્ર થકી અલ્લાહને યાદ કરો

**પુરા દિવસ દરમ્યાન ૧૦૦ વખત નીચે મુજબના ઝિક્ર થકી અલ્લાહને યાદ કરો :**

سُبْحَانَ الضَّارِّ النَّافِعِ ، سُبْحَانَ الْقَاضِيْ بِالْحَقِّ ، سُبْحَانَ الْعَلِيِّ الْاَعْلٰى ، سُبْحَانَهٗ وَ بِحَمْدِهٖ ، سُبْحَانَهٗ وَ تَعَالٰى

પાક છે જે નુકશાન અને નફ્ફો આપનાર છે, પાક છે જે હક્કની સાથે ફૈંસલો કરનાર છે, પાક છે તે સર્વોચ્ચ અને મહાન છે, પાકીઝ્ગી છે તેના જ વખાણની સાથે, પાકીઝ્ગી છે તેની અને તે ઘણોજ બુલન્દ છે.

## રસૂલે ખુદા (સ.અ.વ.) અને તેમની ઔલાદ ઉપર સલવાત

માહે રમઝાનના મુસ્તહબ આમાલોમાંથી છે કે દરરોજ દિવસ દરમ્યાન ૧૦૦ વખત સલવાત પઢે અને તેના કરતાં પણ વધારે પઢવું વધારે અફઝલ અને બેહતર છે.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِ مُحَمَّدٍ

અય અલ્લાહ, હઝરત મોહમ્મદ સ.અ.વ. અને તેમની ઔલાદ ઉપર રહમત નાઝિલ કર.

## દરરોજ દિવસે અને રાત્રે કરવાનો અમલ

રસૂલે ખુદા (સ.અ.વ.) તરફથી રિવાયત થયેલ, ગુનાહો માફ થવાનો અમલ જે પેજ નંબર 110 ઉપર છે

# વિભાગ ૨ – શબે કદ્ર તથા આખર દહાના આમાલ

## શબે કદ્રના આમાલ

આ રાત ખુબજ મહાન રાત છે અને શબે કદ્ર તે શબ છે કે પુરા વર્ષમાં તેની જેટલી ફઝીલતવાળી કોઈ પણ બીજી રાત નથી. આ રાત હજાર મહીનાઓ કરતા વધારે અફઝલ રાત છે, આ રાતમાં અમલ ૧૦૦૦ મહીનાના અમલ કરતાં વધારે બેહતર છે. અને આ રાત્રે પુરા વર્ષની તકદીર લખવામાં આવે છે, અને આજ રાત્રે ફરિશ્તાઓ અને ખુબજ મહાનતાવાળી રૂહ, અલ્લાહની ઈજાઝતથી ઝમીન ઉપર નાઝિલ થાય છે અને ઈમામે ઝમાના (અ.ત.ફ.શ)ની ખિદમતમાં હાજીર થાય છે અને દરેક લોકોની જે તકદીર નક્કી થઇ હોય છે તે ઈમામ (અ.)ની ખિદમતમાં રજુ કરે છે. તો શબે કદ્રને અલ્લાહની ઈબાદત, ઇતાઅત, દુઆઓ, ઇસ્તીગ્ફાર વિગરે માં પસાર કરવી જોઈએ.

શબે કદ્રના આમાલ બે પ્રકારના છે :

મુશતરિક (સંયુક્ત) આમાલ : જે દરેક શબે કદ્રમાં (૧૯મી, ૨૧મી તેમજ ૨૩મી રાત્રે) અંજામ આપવાના એક સરખા આમાલ છે

મખ્સુસ આમાલ : જે શબે કદ્રની અલગ અલગ

તારીખો (૧૯મી, ૨૧મી તેમજ ૨૩મી રાત્રે) માટે અલગ અલગ આમાલ છે

## શબે કદ્રના મુશ્તરિક (સંયુક્ત) આમાલ

### ગુસ્લ કરવું

અલ્લામા મજલિસી (અ.ર.) ફરમાવે છે બેહતર છે કે આ રાતનું ગુસ્લ સુરજ ડુબવાના સમયે કરે અને નમાઝે ઈશાને આ ગુસ્લથી પઢે.

### બે રકઆત નમાઝ

રસુલે ખુદા (સ.અ.વ)થી રિવાયત છે કે આ નમાઝ પઢનાર તેની જગ્યાએથી ઉભો થાય તે પહેલા જ અલ્લાહ તઆલા તેને અને તેના માં-બાપને માફ કરી દેશે.

બે રકઆત નમાઝ, દરેક રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી ૭ વખત સૂરએ તૌહીદ (સૂરએ કુલ હોવલ્લાહ) પઢે , નમાઝ પછી ૭૦ વખત કહે :

اَسْتَغْفِرُ اللّٰهَ وَ اَتُوْبُ اِلَيْهِ

હું અલ્લાહ પાસે માફી માંગું છું અને હું તૌબા કરૂં છું

### કુરઆને મજીદને ખોલીને કરવાનો અમલ

કુરઆન મજીદને ખોલે, પોતાની સામે રાખે અને કહે :

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ بِكِتَابِكَ الْمُنْزَلِ وَمَا فِيْهِ وَفِيْهِ اِسْمُكَ الْاَكْبَرُ وَ اَسْمَاؤُكَ الْحُسْنٰى وَمَا يُخَافُ وَيُرْجٰى اَنْ تَجْعَلَنِيْ مِنْ عُتَقَائِكَ مِنَ النَّارِ .

પછી જે પણ હાજત હોય તે માંગે

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે તારી નાઝિલ કરેલી કિતાબનો અને જે કાંઈ તેની અંદર છે તેનો વાસતો આપી સવાલ કરૂં છું, અને તેની અંદર તારૂં સૌથી મહાન નામ તેમજ તારા ખુબજ સરસ નામો (અસ્માઉલ હુસ્ના) છે, અને તે બધું જ છે કે જેનાથી ડરવું જોઈએ અને જેની ઉમ્મીદ રાખવી જોઈએ, કે તું મને જહન્નમની આગથી આઝાદ થયેલા તારા બંદાઓમાં શામિલ કર. (પછી જે પણ હાજત હોય તે માંગે)

## કુરઆને મજીદને માથા ઉપર રાખીને કરવાનો અમલ

કુરઆને શરીફ માથા ઉપર રાખે અને કહે :

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ بِحَقِّ هٰذَا

الْقُرْاٰنِ وَ بِحَقِّ مَنْ اَرْسَلْتَهٗ بِهٖ وَ بِحَقِّ كُلِّ مُؤْمِنٍ مَدَحْتَهٗ فِيْهِ وَ بِحَقِّكَ عَلَيْهِمْ فَلَا اَحَدَ اَعْرَفُ بِحَقِّكَ مِنْكَ

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ, તને આ કુરઆનના હક્કનો વાસ્તો છે, અને તને વાસ્તો છે તે (રસૂલ સ.અ.વ.)ના હક્કનો કે જેની ઉપર તે આ કુરઆનને નાઝિલ કર્યુ, અને તે દરેક મોઅમિનના હક્કનો વાસ્તો છે કે જેના વખાણ તે કુરઆનની અંદર કરેલ છે, અને તારા એ હક્કના વાસ્તાથી કે જે તે બધા ઉપર છે, તારા હક્કને તારીથી વધારે કોઈ નથી ઓળખતું

અને પછી ૧૦-૧૦ વખત કહે

بِكَ يَا اَللّٰهُ ، بِمُحَمَّدٍ ﷺ ، بِعَلِيٍّ ؑ ، بِفَاطِمَةَ ؑ ، بِالْحَسَنِ ؑ ، بِالْحُسَيْنِ ؑ ، بِعَلِيِّ بْنِ الْحُسَيْنِ ؑ ، بِمُحَمَّدِ بْنِ عَلِيٍّ ؑ ، بِجَعْفَرِ بْنِ مُحَمَّدٍ ؑ ، بِمُوْسَى بْنِ جَعْفَرٍ ؑ ، بِعَلِيِّ بْنِ مُوْسٰى ؑ ، بِمُحَمَّدِ بْنِ عَلِيٍّ ؑ ،

بِعَلِيِّ بْنِ مُحَمَّدٍ ، بِالْحَسَنِ بْنِ عَلِيٍّ ، بِالْحُجَّةِ الْقَائِمِ

**અને પછી જે પણ હાજત હોય તે અલ્લાહ પાસે ચાહે**

તરજુમો : અય અલ્લાહ તને તારી પાક ઝાતનો વાસ્તો છે, તને હઝરત મોહમ્મદ (સ.અ.વ.)નો વાસ્તો છે, તને હઝરત અલી (અ.)નો વાસ્તો છે, તને હઝરત હસન(અ.)નો વાસ્તો છે, તને હઝરત હુસૈન (અ.)નો વાસ્તો છે, તને હઝરત અલી ઇબ્નીલ હુસૈન (અ.)નો વાસ્તો છે, તને હઝરત મોહમ્મદ ઇબ્ને અલી (અ.)નો વાસ્તો છે, તને હઝરત જઅફર ઇબ્ને મોહમ્મદ (અ.)નો વાસ્તો છે, તને હઝરત મૂસા ઇબ્ને જઅફર (અ.)નો વાસ્તો છે, તને હઝરત અલી ઇબ્ને મૂસા (અ.)નો વાસ્તો છે, તને હઝરત મોહમ્મદ ઇબ્ને અલી (અ.)નો વાસ્તો છે, તને હઝરત અલી ઇબ્ને મોહમ્મદ (અ.)નો વાસ્તો છે, તને હઝરત હસન ઇબ્ને અલી (અ.)નો વાસ્તો છે, તને હઝરત હુજ્જત (અ.)નો વાસ્તો છે. (અને પછી જે પણ હાજત હોય તે અલ્લાહ પાસે ચાહે)

## શબે કદ્રમાં ઈમામ હુસૈન ( અ.) ની મખ્સૂસ ઝિયારત

**રિવાયતમાં છે કે જયારે શબે કદ્ર આવે છે, મુનાદી**

(નિદા આપનાર) સાતમાં આસમાનમાં અર્શની પાછળ અવાજ આપે છે કે જે કોઈ પણ ઈમામ હુસૈન (અ.)ની કબ્રની ઝિયારત કરે બેશક તેને અલ્લાહ માફ કરી દેશે. આ ઝિયારત ને ઈદે ફિત્ર અને ઈદે કુરબાનના દિવસે પણ પઢવામાં આવે છે.

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَلسَّلَامُ عَلَيْكَ يَا ابْنَ رَسُوْلِ اللهِ ، اَلسَّلَامُ عَلَيْكَ يَا ابْنَ اَمِيْرِ الْمُؤْمِنِيْنَ، اَلسَّلَامُ عَلَيْكَ يَا ابْنَ الصِّدِّيْقَةِ الطَّاهِرَةِ فَاطِمَةَ سَيِّدَةِ نِسَاءِ الْعَالَمِيْنَ ، اَلسَّلَامُ عَلَيْكَ يَا مَوْلَايَ يَا اَبَا عَبْدِ اللهِ وَ رَحْمَةُ اللهِ وَ بَرَكَاتُهٗ ، اَشْهَدُ اَنَّكَ قَدْ اَقَمْتَ الصَّلَاةَ وَ اٰتَيْتَ الزَّكَاةَ وَ اَمَرْتَ بِالْمَعْرُوْفِ وَ نَهَيْتَ عَنِ الْمُنْكَرِ وَ تَلَوْتَ الْكِتَابَ حَقَّ تِلَاوَتِهٖ وَ جَاهَدْتَ فِي اللهِ حَقَّ جِهَادِهٖ وَ صَبَرْتَ عَلَى الْاَذٰى فِيْ جَنْبِهٖ مُحْتَسِبًا حَتّٰى اَتَاكَ الْيَقِيْنُ ، اَشْهَدُ اَنَّ الَّذِيْنَ خَالَفُوْكَ وَ حَارَبُوْكَ

وَ الَّذِيْنَ خَذَلُوْكَ وَ الَّذِيْنَ قَتَلُوْكَ مَلْعُوْنُوْنَ عَلٰى لِسَانِ النَّبِيِّ الْاُمِّيِّ وَ قَدْ خَابَ مَنِ افْتَرٰى ، لَعَنَ اللّٰهُ الظَّالِمِيْنَ لَكُمْ مِنَ الْاَوَّلِيْنَ وَ الْاٰخِرِيْنَ وَ ضَاعَفَ عَلَيْهِمُ الْعَذَابَ الْاَلِيْمَ ؛ اَتَيْتُكَ يَا مَوْلَايَ يَا ابْنَ رَسُوْلِ اللّٰهِ زَائِرًا عَارِفًا بِحَقِّكَ مُوَالِيًا لِاَوْلِيَائِكَ مُعَادِيًا لِاَعْدَائِكَ مُسْتَبْصِرًا بِالْهُدَى الَّذِيْ اَنْتَ عَلَيْهِ عَارِفًا بِضَلَالَةِ مَنْ خَالَفَكَ فَاشْفَعْ لِيْ عِنْدَ رَبِّكَ .

## ઝિયારતે હઝરત અલી અકબર (અ.)

اَلسَّلَامُ عَلَيْكَ يَا مَوْلَايَ وَ ابْنَ مَوْلَايَ وَ رَحْمَةُ اللّٰهِ وَ بَرَكَاتُهُ ، لَعَنَ اللّٰهُ مَنْ ظَلَمَكَ وَ لَعَنَ اللّٰهُ مَنْ قَتَلَكَ وَ ضَاعَفَ عَلَيْهِمُ الْعَذَابَ الْاَلِيْمَ .

## ઝિયારતે શોહદાએ કરબલા (અ.મુ)

اَلسَّلَامُ عَلَيْكُمْ اَيُّهَا الصِّدِّيْقُوْنَ ، اَلسَّلَامُ

عَلَيْكُمْ اَيُّهَا الشُّهَدَاءُ الصَّابِرُوْنَ ، اَشْهَدُ اَنَّكُمْ
جَاهَدْتُمْ فِيْ سَبِيْلِ اللهِ وَصَبَرْتُمْ عَلَى الْاَذٰى فِيْ
جَنْبِ اللهِ وَنَصَحْتُمْ لِلّٰهِ وَلِرَسُوْلِهٖ حَتّٰى اَتَاكُمُ
الْيَقِيْنُ ، اَشْهَدُ اَنَّكُمْ اَحْيَاءٌ عِنْدَ رَبِّكُمْ تُرْزَقُوْنَ
فَجَزَاكُمُ اللهُ عَنِ الْاِسْلَامِ وَاَهْلِهٖ اَفْضَلَ جَزَاءِ
الْمُحْسِنِيْنَ وَجَمَعَ بَيْنَنَا وَ بَيْنَكُمْ فِيْ مَحَلِّ
النَّعِيْمِ .

## ઝિયારતે હઝરત અબ્બાસ (અ.)

اَلسَّلَامُ عَلَيْكَ يَا ابْنَ اَمِيْرِ الْمُؤْمِنِيْنَ ، اَلسَّلَامُ
عَلَيْكَ اَيُّهَا الْعَبْدُ الصَّالِحُ الْمُطِيْعُ لِلّٰهِ وَلِرَسُوْلِهٖ ،
اَشْهَدُ اَنَّكَ قَدْ جَاهَدْتَ وَنَصَحْتَ وَصَبَرْتَ حَتّٰى
اَتَاكَ الْيَقِيْنُ ، لَعَنَ اللهُ الظَّالِمِيْنَ لَكُمْ مِنَ
الْاَوَّلِيْنَ وَالْاٰخِرِيْنَ وَاَلْحَقَهُمْ بِدَرْكِ الْجَحِيْمِ .

## શબ-બેદારી (આખી રાત જાગવું) અને તેની માટે તૈયારી

હદીસમાં છે કે અગર કોઈ શખ્સ શબે કદ્રના આખી રાત (અલ્લાહની ઈબાદત અને ઇતાઅતમાં) જાગે તો તેના બધાજ ગુનાહો માફ કરી દેવામાં આવશે ભલે પછી તેના ગુનાહ આસમાનના તારાઓની સંખ્યા જેટલા વધારે, પહાડોની જેવા ભારે અને દરિયાઓની જેટલા ઊંડા કેમ ન હોય.

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) ૨૩મી રાતના પોતાના ઘરવાળાઓને જગાડતા અને જેને નિંદર આવતી તેના ચેહરા ઉપર પાણી છાંટતા. જનાબે ફાતેમા ઝહરા (સ.સ) આ રાત્રે ઘરમાં કોઈને ઊંઘવા દેતા નહિ અને તેઓને ખોરાક પણ ઓછો આપતા એટલે રાત્રે નિંદર ન આવે તથા આખી રાત જાગી શકાય; રાત્રે જાગવાની તૈયારી દિવસથી શરૂ કરી દેતા, દિવસના આરામ કરવાનુ અને ઊંઘવાનું કેહતા જેથી રાત્રે શબબેદારી થઈ શકે અને ફરમાવતા કે મહરૂમ (લાભ અને ફાયદાઓથી વંચિત) છે એ શખ્સ કે જે આજની રાત્રે (ઈબાદત અને ઇતાઅત, દુઆ અને ઇસ્તીગ્ફારથી) મેહરૂમ છે

રિવાયતમાં છે કે એક વખત ઈમામ સાદિક (અ.) ખુબજ બીમાર હતા (મગર જયારે માહે રમઝાનની ૨૩મી

રાત આવી) તો પોતાના સાથીઓને કહ્યું કે મને મસ્જીદ લઈ જાવ અને પછી તે રાત્રે મૌલા (અ.) આખી રાત મસ્જીદમાં રહ્યા હતા ત્યાં સુધી કે ૨૩મી માહે રમઝાનની ફજર થઇ ગઈ.

અલ્લામા મજલિસી (અ.ર.) ફરમાવે છે સર્વથી સારો અમલ આ રાતમાં ગુનાહોની માફી માંગવી અને દુનિયાની હાજતો માટે આખેરતની હાજતો માટે દુઆ કરવી પોતાના માં-બાપ માટે દુઆ કરવી અને મોઅમિન ભાઈ-બહેનો માટે દુઆ કરવી કે જે જીવતા છે અથવા જે દુનિયાથી ચાલ્યા ગયા છે અને અલ્લાહનો ઝીક્ર કરવો જોઈએ અને જેટલી બની શકે તેટલી હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને આલે મોહમ્મદ (સ.અ.વ.) ઉપર સલવાત પઢવી જોઈએ.

## ૧૦૦ રકઆત નમાઝ પઢવી(ખાસ રીત)

૧૦૦ રકઆત નમાઝ પઢવી કે તેની ખુબજ વધારે ફઝીલત અને સવાબ છે જેની રીત ઈમામ સાદિક (અ.)થી મનકૂલ છે કે જે શબમાં આશા હોય કે આ શબે કદ્ર છે તે દરેક રાત્રે (૧૯મી, ૨૧મી અને ૨૩મી રાત્રે) ૧૦૦ રકઆત નમાઝ પઢો અને દરેક રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી ૧૦ વખત સૂરએ તૌહીદ (કુલ હોવલ્લાહો અહદ) પઢે; અગર તમારામાં શક્તિ ન હોય કે તમે ઉભા-

ઉભા નમાઝ પઢી શકો તો આ નમાઝ બેઠા બેઠા પઢો, અને જો અગર તમારામાં બેઠા-બેઠા નમાઝ પઢવાની શક્તિ પણ ન હોય તો તમારા બિસ્તર ઉપર સુતા-સુતા આ નમાઝ પઢો.

## ઈમામ સજ્જાદ (અ.) ની દુઆ : અલ્લાહુમ્મ ઇન્ની અમ્સય્તો

આ દુઆ ઈમામ ઝય્નુલ આબેદીન (અ.)થી મન્કૂલ છે અને ઈમામ (અ.) આ શબે કદ્રની રાતોમાં ઉભા રહીને તેમજ બેસીને (દરેક હાલતમાં), રૂકુઅમાં અને સજદાઓમાં આ દુઆને પઢતા :

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ اِنِّيْ اَمْسَيْتُ
لَكَ عَبْدًا دَاخِرًا لَا اَمْلِكُ لِنَفْسِيْ نَفْعًا وَّ لَا ضَرًّا وَّ لَا
اَصْرِفُ عَنْهَا سُوْءً ، اَشْهَدُ بِذٰلِكَ عَلٰى نَفْسِيْ وَ
اَعْتَرِفُ لَكَ بِضَعْفِ قُوَّتِيْ وَ قِلَّةِ حِيْلَتِيْ ، فَصَلِّ عَلٰى
مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ وَّ اَنْجِزْ لِيْ مَا وَعَدْتَنِيْ وَ جَمِيْعَ
الْمُؤْمِنِيْنَ وَ الْمُؤْمِنَاتِ مِنَ الْمَغْفِرَةِ فِيْ هٰذِهِ اللَّيْلَةِ ،
وَ اَتْمِمْ عَلَيَّ مَا اٰتَيْتَنِيْ ، فَاِنِّيْ عَبْدُكَ الْمِسْكِيْنُ

الْمُسْتَكِيْنُ الضَّعِيْفُ الْفَقِيْرُ الْمَهِيْنُ ، اَللّٰهُمَّ لَا تَجْعَلْنِيْ نَاسِيًا لِذِكْرِكَ فِيْمَا اَوْلَيْتَنِيْ وَلَا غَافِلًا لِاِحْسَانِكَ فِيْمَا اَعْطَيْتَنِيْ وَلَا اٰيِسًا مِنْ اِجَابَتِكَ وَ اِنْ اَبْطَاَتْ عَنِّيْ فِيْ سَرَّاءَ اَوْ ضَرَّاءَ اَوْ شِدَّةٍ اَوْ رَخَاءٍ اَوْ عَافِيَةٍ اَوْ بَلَاءٍ اَوْ بُؤْسٍ اَوْ نَعْمَاءَ ، اِنَّكَ سَمِيْعُ الدُّعَاءِ

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ, મેં આજની સાંજ એ હાલતમાં કરી છે કે હું તારો તુચ્છ અને ફકીર બંદો છું, અને ન તો હું પોતાના નફસના ફાયદા અને નુકશાન પહોંચાડવાની માલિકી રાખું છું અને ન તો પોતાની બલાને દૂર કરી શકું છું, હું પોતે મારી નબળાઈની ગવાહી આપું છું અને તારી બારગાહમાં પોતાની તાકતની નબળાઈ અને લાચારી કબૂલ કરૂં છું, તો તું હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની ઔલાદ ઉપર રહમત નાઝિલ કર, અને મારી માટે, તેમજ દરેક મોઅમિનીન અને મોઅમિનાત માટે, જે મગફેરતનો વાયદો કર્યો હતો, આજની રાત્રે તેને પૂરો કર; અને જે નેઅમતો આપી છે તેને સંપૂર્ણ કરી દે. હું તારો

મિસ્કીન, હકીર, નબળો, ફકીર અને ઝલીલ બંદો છું. અય અલ્લાહ, જે નેઅમતો અતા કરી છે તેમાં મને તારી યાદથી ગાફિલ ન બનાવજે, અને તારા એહ્સાનોને ભુલાવી દેનાર ન બનાવજે, અને દુઆઓની કબૂલિયતથી મને નાઉમ્મીદ નહીં કરતો પછી દુઆ કબૂલ થવામાં ખુબજ મોડું કેમ ન થઇ જાય; મને આસાનીમાં અને તકલીફના સમયે, સખતીમાં અને સહેલાઇના સમયે, સલામતી અને બલાના સમયે, ફકીરીમાં અને નેઅમતોમાં અને કોઈ પણ હાલતમાં મને નાઉમ્મીદ નહીં કરતો. બેશક તું દરેકની દુઆઓને સાંભળનાર છે.

## દુઆએ જવશને કબીર

રિવાયતમાં છે કે દુઆએ જવશને કબીરને શબે કદ્રની રાતોમાં પઢવી જોઈએ. આ દુઆ પેજ નંબર 650 ઉપર ઝિક્ર થયેલ છે.

## આફિયત (સલામતી) માંગવી

રિવાયતમાં છે કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ)ને પુછવામાં આવ્યું કે જેને આ શબે કદ્ર નસીબ થાય તેણે અલ્લાહ પાસે શુ માંગવું જોઈએ ? હઝરત (સ.અ.વ) એ જવાબ આપ્યો : આફિયત (સલામતી).

આ દુઆ ઈમામ સજ્જાદ (અ.) ની આફિયત માટેની દુઆ છે જે સહીફએ સજ્જાદીય્યાહ ની દુઆ નંબર ૨૩ છે

જે નીચે મુજબ છે:

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِهٖ ، وَ اَلْبِسْنِيْ عَافِيَتَكَ ، وَ جَلِّلْنِيْ عَافِيَتَكَ ، وَ حَصِّنِّيْ بِعَافِيَتِكَ ، وَ اَكْرِمْنِيْ بِعَافِيَتِكَ ، وَ اَغْنِنِيْ بِعَافِيَتِكَ ، وَ تَصَدَّقْ عَلَيَّ بِعَافِيَتِكَ ، وَ هَبْ لِيْ عَافِيَتَكَ وَ اَفْرِشْنِيْ عَافِيَتَكَ ، وَ اَصْلِحْ لِيْ عَافِيَتَكَ ، وَ لَا تُفَرِّقْ بَيْنِيْ وَ بَيْنَ عَافِيَتِكَ فِي الدُّنْيَا وَ الْاٰخِرَةِ؛

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર રહમત નાઝિલ કર. મને તારી સુરક્ષાનો પોશાક અતા કર , મને તારી સુરક્ષા થકી સન્માનિત કર , તારી સુરક્ષા થકી મારી હિફાઝત કર , તારી સુરક્ષા થકી મને સ્વતંત્ર બનાવ , તારી સુરક્ષા મને સદકામાં અતા કર, મને તારી સુરક્ષા અતા કરી મારા ઉપર એહસાન કર , તારી સુરક્ષા મારા માટે વિસ્તૃત કર , તારી સુરક્ષા મારા માટે યોગ્ય બનાવ અને આ દુનિયામાં તથા આખેરતમાં તેની તથા મારી વચ્ચે

કોઈ અંતર ન રાખ.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِهٖ ، وَعَافِنِيْ عَافِيَةً كَافِيَةً شَافِيَةً عَالِيَةً نَامِيَةً ، عَافِيَةً تُوَلِّدُ فِيْ بَدَنِي الْعَافِيَةَ ، عَافِيَةَ الدُّنْيَا وَالْاٰخِرَةِ ؛ وَامْنُنْ عَلَيَّ بِالصِّحَّةِ وَالْاَمْنِ وَالسَّلَامَةِ فِيْ دِيْنِيْ وَبَدَنِيْ ، وَالْبَصِيْرَةِ فِيْ قَلْبِيْ ، وَالنَّفَاذِ فِيْ اُمُوْرِيْ ، وَالْخَشْيَةِ لَكَ ، وَالْخَوْفِ مِنْكَ ، وَالْقُوَّةِ عَلٰى مَا اَمَرْتَنِيْ بِهٖ مِنْ طَاعَتِكَ ، وَالِاجْتِنَابِ لِمَا نَهَيْتَنِيْ عَنْهُ مِنْ مَعْصِيَتِكَ ؛

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર રહમત નાઝિલ કર. મને એવી સુરક્ષા અતા કર જે પૂરતી હોય, શફાઅત આપનારી હોય, સર્વોચ્ચ હોય, વૃધ્ધિ પામનારી હોય અને એવી સુરક્ષા હોય જે મારા શરીરમાં પણ સુરક્ષા ઉત્પન્ન કરે, આ દુનિયાની સુરક્ષા અને આખેરતની પણ. મને તંદુરસ્તી , ઈમાન, શરીરની સલામતી અને શાંતિ અતા કર. મને દિલમાં સાચી રાહ (બસીરત) , મારી કારકિર્દીમાં સફળતા , તારો ખોફ તથા ડર ,

અને તેં હુકમ કરેલ કામો પર અમલ કરવાની તોફીક અતા કર , તેં મનાઈ ફરમાવેલી વસ્તુઓ તથા કામોથી પરહેઝ કરવાની તૌફીક અતા કર.

اَللّٰهُمَّ وَامْنُنْ عَلَيَّ بِالْحَجِّ وَالْعُمْرَةِ ، وَزِيَارَةِ قَبْرِ
رَسُوْلِكَ ، صَلَوَاتُكَ عَلَيْهِ وَرَحْمَتُكَ وَبَرَكَاتُكَ عَلَيْهِ
وَعَلٰى اٰلِهِ ، وَاٰلِ رَسُوْلِكَ عَلَيْهِمُ السَّلَامُ اَبَدًا مَا
اَبْقَيْتَنِيْ فِيْ عَامِيْ هٰذَا وَفِيْ كُلِّ عَامٍ ، وَاجْعَلْ ذٰلِكَ
مَقْبُوْلًا مَشْكُوْرًا ، مَذْكُوْرًا لَدَيْكَ ، مَذْخُوْرًا عِنْدَكَ

؛

મને હજ તથા ઉમરા બજાવી લાવવાની તૌફીક અતા કર , તારા રસુલ (સ.અ.વ.)ની કબરે મુબારકની ઝિયારત કરવાની તૌફીક અતા કર , તેમના ઉપર તથા તેમની આલ ઉપર તારી રહેમતો-બરકત નાઝિલ કર અને તેમની આલ (અ.)ની કબરે મુબારકની ઝિયારત કરવાની તૌફીક અતા કર, આ વર્ષે ભવિષ્યના દરેક વર્ષોમાં , જયાં સુધી હું જીવિત રહું. અને મારાથી આ ઈબાદતને તારી બારગાહમાં કબૂલ કર, મંજૂરીને લાયક બનાવ અને તેને મારા અમલનામાના હિસાબમાં તારી બારગાહમાં જમા કર તથા યાદીમાં સલામત રાખ.

وَ اَنْطِقْ بِحَمْدِكَ وَ شُكْرِكَ وَ ذِكْرِكَ وَ حُسْنِ الثَّنَاءِ عَلَيْكَ لِسَانِيْ ، وَ اشْرَحْ لِمَرَاشِدِ دِيْنِكَ قَلْبِيْ؛ وَ اَعِذْنِيْ وَ ذُرِّيَّتِيْ مِنَ الشَّيْطَانِ الرَّجِيْمِ ، وَ مِنْ شَرِّ السَّامَّةِ وَ الْهَامَّةِ و الْعَامَّةِ وَ اللَّامَّةِ ، وَ مِنْ شَرِّ كُلِّ شَيْطَانٍ مَرِيْدٍ ، وَ مِنْ شَرِّ كُلِّ سُلْطَانٍ عَنِيْدٍ ، وَ مِنْ شَرِّ كُلِّ مُتْرَفٍ حَفِيْدٍ ، وَ مِنْ شَرِّ كُلِّ ضَعِيْفٍ وَّ شَدِيْدٍ ، وَ مِنْ شَرِّ كُلِّ شَرِيْفٍ وَّ وَضِيْعٍ ، وَ مِنْ شَرِّ كُلِّ صَغِيْرٍ وَّ كَبِيْرٍ ، وَ مِنْ شَرِّ كُلِّ قَرِيْبٍ وَّ بَعِيْدٍ ، وَ مِنْ شَرِّ كُلِّ مَنْ نَصَبَ لِرَسُوْلِكَ وَ لِاَهْلِ بَيْتِهٖ حَرْبًا مِنَ الْجِنِّ وَ الْاِنْسِ ، وَ مِنْ شَرِّ كُلِّ دَابَّةٍ اَنْتَ اٰخِذٌ بِنَاصِيَتِهَا ، اِنَّكَ عَلٰى صِراطٍ مُّسْتَقِيْمٍ ؛

મારી જીભને તારા વખાણ કરવાની, તારો શુક્ર અદા કરવાની, તારો ઝિક્ર કરવાની અને તારી હમ્દો-સના કરવાની તૌફીક અતા કર. તારી અતા કરેલી ઈમાનની હિદાયત થકી મારા દિલને બહોળું કર અને મને તથા મારી ઓલાદને એ શૈતાનથી પનાહ

અતા કર જેને તારી બારગાહમાંથી પથ્થરો મારી હાંકી કાઢવામાં આવ્યો હતો. તારી ઝેરી તથા ડંખનારી, બીભત્સ તથા કપટી મખ્લૂકની ખરાબીથી મને પનાહ અતા કર , દરેક માથા ભારે શૈતાનની ખરાબીથી પનાહ અતા કર , દરેક જુલમી બાદશાહની ખરાબીથી મને પનાહ અતા કર અને દરેક ઈર્ષાળુ તથા ઘંમડી શ્રીમંતોની ખરાબીથી મને પનાહ અતા કર. દરેક નબળા તથા શક્તિશાળીની ખરાબીથી, દરેક ઉચ્ચ તથા નીચ લોકોની ખરાબીથી, દરેક નાના તથા મોટા લોકોની ખરાબીથી, દરેક નજીકના તથા દૂરના લોકોની ખરાબીથી અને દરેક મનુષ્ય તથા જિ જ્ઞોની ખરાબીથી મને પનાહ અતા કર જેઓ તારા રસૂલ (સ.અ.વ.) તથા તેમની આલના દુશ્મન અને તેમની સાથે જંગ કરનારા હતા. પૃથ્વી ઉપર ચાલનારી દરેક મખ્લૂકની ખરાબીથી તથા જેઓની પકડ તારા કબજામાં છે તેઓની ખરાબીથી મને પનાહ અતા કર. નિ:શંક, તારો રસ્તો સીધો રસ્તો છે.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّآلِهِ ، وَمَنْ اَرَادَنِيْ بِسُوْءٍ
فَاصْرِفْهُ عَنِّيْ ، وَادْحَرْ عَنِّيْ مَكْرَهٗ ، وَادْرَأْ عَنِّيْ شَرَّهٗ
، وَرُدَّ كَيْدَهٗ فِيْ نَحْرِهٖ ؛ وَاجْعَلْ بَيْنَ يَدَيْهِ سُدًّا

حَتّٰى تُعْمِيَ عَنِّيْ بَصَرَهٗ ، وَتُصِمَّ عَنْ ذِكْرِيْ سَمْعَهٗ ،

وَتُقْفِلَ دُوْنَ اِخْطَارِيْ قَلْبَهٗ ، وَتُخْرِسَ عَنِّيْ لِسَانَهٗ

، وَتَقْمَعَ رَأْسَهٗ ، وَتُذِلَّ عِزَّهٗ ، وَتَكْسُرَ جَبَرُوْتَهٗ ،

وَتُذِلَّ رَقَبَتَهٗ ، وَتَفْسَخَ كِبْرَهٗ ، وَتُؤْمِنَنِيْ مِنْ

جَمِيْعِ ضَرِّهٖ وَشَرِّهٖ وَغَمْزِهٖ وَهَمْزِهٖ وَلَمْزِهٖ وَحَسَدِهٖ وَ

عَدَاوَتِهٖ وَحَبَائِلِهٖ وَمَصَايِدِهٖ وَرَجِلِهٖ وَخَيْلِهٖ ، اِنَّكَ

عَزِيْزٌ قَدِيْرٌ.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર રહમત નાઝિલ કર. જે કોઈ પણ મારા સંબંધી મારી ખરાબી ઈચ્છે છે તેને મારાથી દૂર કર, મારા સંબંધી તેની લુચ્ચાઈને નાબૂદ કર , તેની ખરાબીને મારાથી દૂર કર , તેના ફરેબને તેના જ ગળા ફરતો નાખી દે , તેની સમક્ષ એક દીવાલ ઊભી કરી દે જેથી તે આંધળો બની જાય તથા મને જોઈ ન શકે, તેને બહેરો બનાવી દે જેથી મારા વિષે તે કંઈ સાંભળી ન શકે , તેના દિલ ઉપર મોહર લગાવી દે જેથી મારા સંબંધી તે કંઈપણ વિચાર ન કરી શકે, તેને મૂંગો બનાવી દે જેથી તેની જીભ મારા વિષે કંઈ પણ બોલી ન શકે , તેનું માથું પકડી તેને

બે ઇજજત કરી દે , તેના ઘમંડને તોડી નાખ તથા તેની ગરદન નમાવી દે , તેની બડાઈનો નાશ કર અને તેની દરેક ખરાબીઓથી , બદકારીઓથી, નિંદાઓથી, અફવાઓથી, મને બદનામ કરવાની કોશિશોથી, ફરેબોથી, હથિયારોથી, ફંદાઓથી અને તેના સિપાહીઓ તથા લશ્કરથી મને સુરક્ષા અતા કર. નિ:શંક, તું શક્તિશાળી અને (દરેક વસ્તુ ઉપર) કુદરત ધરાવનાર છે ! તારી રહમત થકી , અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

## શબે કદ્રનો દિવસ અને તેની ફઝીલત

**શબે કદ્રનો દિવસ (૧૯મી તારીખ, ૨૧મી તારીખ અને ૨૩મી તારીખનો દિવસ) શબે કદ્રની રાતની જેમ જ ખુબજ એહ્તેરામનો દિવસ છે. આ દિવસોની પવિત્રતા અને હુરમતનું પણ ધ્યાન રાખવું જોઈએ. આ દિવસે ઈબાદત, તિલાવતે કુરઆન અને દુઆમાં મશગૂલ રહે કારણ કે રિવાયતોમાં છે કે શબે કદ્રના દિવસો પણ શબે કદ્રની રાતોની જેમ જ (ફઝીલત અને હુરમતવાળા) છે**

.

| શબે કદ્રના મખ્સૂસ આમાલ - તારીખ | | | | |
|---|---|---|---|---|
| ૧૯ | | ૨૧ | | ૨૩ |

# શબે કદ્રના મખ્સૂસ આમાલ

## ૧૯ મી શબના મખ્સૂસ આમાલ

શબે કદ્રના મુશ્તરિક આમાલ અને તે સિવાય નીચે મુજબના આમાલ પણ બજાવી લાવવા જોઈએ :

## ઇસ્તીગ્ફાર

૧૦૦ વખત કહે

اَسْتَغْفِرُ اللّٰهَ رَبِّيْ وَ اَتُوْبُ اِلَيْهِ

હું મારા પાલનહાર અલ્લાહ પાસે માફી માંગું છું અને હું તૌબા કરું છું

## ઈમામ અલી (અ.)ના કાતિલો ઉપર લઅનત

૧૦૦ વખત કહે

اَللّٰهُمَّ الْعَنْ قَتَلَةَ اَمِيْرِ الْمُؤْمِنِيْنَ

અય અલ્લાહ , અમીરૂલ મોઅમેનીન હઝરત અલી (અ.)ના કાતિલો ઉપર લઅનત મોકલ.

## ઈમામ મોહમ્મદ તકી_ (અ.) ની દુઆ

આ દુઆ નો ઝિક્ર દરરોજ દિવસે તેમજ રાત્રે પઢવાની દુઆઓમાં પણ થઈ ચુક્યો છે. ઈમામ મોહમ્મદ તકી (અ.)થી રિવાયત છે કે મુસ્તહબ છે કે માહે રમઝાનમાં પેહલી તારીખથી છેલ્લી તારીખ સુધી , આ

દુઆને દિવસ-રાત વધારે પઢયા કરે, જે પેજ નંબર 108
ઉપર દર્શાવવામાં આવેલ છે

## દુઆ : અલ્લાહુમ્મ જ્અલ ફીમા તક્ઝી

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ ، اَللّٰهُمَّ اجۡعَلۡ فِيۡمَا تَقۡضِيۡ وَ تُقَدِّرُ مِنَ الۡاَمۡرِ الۡمَحۡتُوۡمِ وَ فِيۡمَا تَفۡرُقُ مِنَ الۡاَمۡرِ الۡحَكِيۡمِ فِيۡ لَيۡلَةِ الۡقَدۡرِ وَ فِي الۡقَضَاءِ الَّذِيۡ لَا يُرَدُّ وَ لَا يُبَدَّلُ اَنۡ تَكۡتُبَنِيۡ مِنۡ حُجَّاجِ بَيۡتِكَ الۡحَرَامِ ، اَلۡمَبۡرُوۡرِ حَجُّهُمۡ ، اَلۡمَشۡكُوۡرِ سَعۡيُهُمۡ ، اَلۡمَغۡفُوۡرِ ذُنُوۡبُهُمۡ ، اَلۡمُكَفَّرِ عَنۡهُمۡ سَيِّئَاتُهُمۡ وَ اجۡعَلۡ فِيۡمَا تَقۡضِيۡ وَ تُقَدِّرُ اَنۡ تُطِيۡلَ عُمۡرِيۡ وَ تُوَسِّعَ عَلَيَّ فِيۡ رِزۡقِيۡ وَ تَفۡعَلَ بِيۡ كَذَا وَ كَذَا .

(કઝા વ કઝાની જગ્યાએ પોતાની હાજત માંગે)

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ, આજની રાત્રે તેં યકીની વસ્તુઓ મુકદ્દર થવાનો હુકમ (ફેંસલો) આપ્યો છે, અને મક્કમ વસ્તુઓની વહેંચણી કરી છે, એવો હુકમ કે જે ન તો પાછો ખેંચવામાં આવશે અને

ન તો તેમાં કોઈ ફેરફાર થશે; તેમાં અમારી માટે આ વસ્તુને પણ નક્કી કર કે તારા મોહતરમ ઘરની હજ્જ કરનારાઓમાં મારું નામ લખી દે, તે લોકોમાં કે જેમની હજ્જ તને પસંદ પડે તેવી છે, અને જેમની સઈ (અને મહેનત) કબૂલ છે, અને જેમના ગુનાહો માફ થયેલા છે, અને જેમની બુરાઈઓ નાબૂદ થયેલી છે, અને મારી માટે યકીની હુક્મ મુકદ્દર કરજે કે મારી આયુષ્ય વધે, અને મારી રોઝી મારી માટે બહોળી કર, અને મારી હાજતોને પૂરી કર (પોતાની હાજત માંગે)

## ૨૧મી શબના મખ્સૂસ આમાલ

આ રાતે હિજરી સન ૪૦માં આપણા મોલા હઝરત અમીરૂલ મોઅમેનીન અલી (અ.)ની શહાદત થઈ હતી. આ રાત આલે મોહમ્મદ (અ.) અને શિયાઓ માટે ખુબજ ગમગીન રાત છે અને ગમ તાજું કરી નાખે છે અને રિવાયતમાં છે કે જેવી રીતે ઈમામ હુસૈન (અ.સ)ની શહાદતની રાત્રે કોઈ પણ પત્થર ઉપાડ્તા તો તાજું લોહી નીકળતું, એવીજ રીતે ૨૧મી રાતના પણ કોઈ પણ પત્થર ઉપાડ્તા તો તાજું લોહી નીકળતું.

શૈખ મુફીદ ફરમાવે છે કે આ રાતના સલવાત ખુબજ વધારે પઢો અને હઝરત અલી (અ.)ના કાતિલ ઉપર અને આલે મોહમ્મદ (અ.મુ)ના દુશ્મનો ઉપર લઅનત મોકલો

## દુઆ : અલ્લાહુમ્મ સલ્લે અલા...

માહે રમઝાનની ૨૧મી રાતે આ દુઆ પઢે :

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ صَلِّ عَلٰى

مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ وَّ اقْسِمْ لِيْ حِلْمًا يَسُدُّ عَنِّيْ بَابَ

الْجَهْلِ ، وَ هُدًى تَمُنُّ بِهٖ عَلَيَّ مِنْ كُلِّ ضَلَالَةٍ ، وَ

غِنًى تَسُدُّ بِهٖ عَنِّيْ بَابَ كُلِّ فَقْرٍ ، وَ قُوَّةً تَرُدُّ بِهَا عَنِّيْ

كُلَّ ضَعْفٍ ، وَ عِزًّا تُكْرِمُنِيْ بِهٖ عَنْ كُلِّ ذُلٍّ ، وَ رِفْعَةً

تَرْفَعُنِيْ بِهَا عَنْ كُلِّ ضَعَةٍ ، وَ اَمْنًا تَرُدُّ بِهٖ عَنِّيْ كُلَّ

خَوْفٍ ، وَ عَافِيَةً تَسْتُرُنِيْ بِهَا عَنْ كُلِّ بَلَاءٍ وَّ عِلْمًا

تَفْتَحُ لِيْ بِهٖ كُلَّ يَقِيْنٍ وَ يَقِيْنًا تُذْهِبُ بِهٖ عَنِّيْ كُلَّ

شَكٍّ وَّ دُعَاءً تَبْسُطُ لِيْ بِهِ الْاِجَابَةَ فِيْ هٰذِهِ اللَّيْلَةِ وَ

فِيْ هٰذِهِ السَّاعَةِ السَّاعَةِ السَّاعَةِ يَا كَرِيْمُ

، وَ خَوْفًا تَنْشُرُ لِيْ بِهٖ كُلَّ رَحْمَةٍ ، وَ عِصْمَةً تَحُوْلُ

بِهَا بَيْنِي وَ بَيْنَ الذُّنُوبِ حَتّٰى اُفْلِحَ بِهَا عِنْدَ

الْمَعْصُومِيْنَ عِنْدَكَ بِرَحْمَتِكَ يَا اَرْحَمَ الرَّاحِمِيْنَ

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને હઝરત મોહમ્મદ (સ.અ.વ.)ની ઔલાદ ઉપર રહમત નાઝિલ કર, અને મને એવી સહનશીલતા અતા કર કે જેના થકી તું મારી માટે જહાલતના દરવાજાને બંધ કર, અને એવી હિદાયત કરી તું મારી ઉપર એહસાન કર કે જેના થકી હું તમામ ગુમરાહીઓથી બચી જાઉં, અને મને એવી બેનીયાઝી અતા કર કે જેના થકી તું મારી મોહ્તાજીના દરેક દરવાજાને બંધ કર, અને તું મને એવી કુવ્વત અતા કર કે જેના વડે મારી દરેક નબળાઈને દૂર કરી દે, અને મને એવી ઇઝ્ઝત અતા કર કે જેના વડે તું મને દરેક બેઇઝ્ઝતીથી બચાવીને માનનીય બનાવ, અને મને એવી બુલંદી અતા કર કે જેના વડે દરેક પછડાટથી બચાવીને મને ઊંચો રાખ, અને એવી સુરક્ષા અતા કર કે જેના વડે તું મને દરેક પ્રકારના ભયથી બચાવ, એવી સલામતી અતા કર કે જેના થકી તું મને દરેક બલાઓથી મહફૂઝ રાખ, અને એવું ઇલ્મ અતા કર જે જેના વડે તું મારી માટે દરેક યકીનના દરવાજાને

ખોલી નાખ, અને એવું યકીન અતા કર કે જેના થકી તું મારા તમામ પ્રકારના બધા જ શકને દૂર કરી આપ, અને એવી દુઆ કરવાની તૌફીક આપ કે તું મારી બધી દુઆઓને આજે રાત્રે જ, અને અત્યારે જ, આ ઘડીએ જ, આ ઘડીએ જ, આ ઘડીએ જ કબૂલ કર, અય ખુબજ ઉદાર; અને મને તારો તેવો ખૌફ અતા કર કે જેના થકી તું તારી રહમતોના દરવાજા મારી માટે ખોલી દે, અને એવી હિફાઝત અતા કર કે જેના થકી તું મારી અને મારા ગુનાહોની વચ્ચે અવરોધ બની જા, જેથી હું તેના થકી તારા મઅસૂમ બંદાઓ સુધી પહોંચવામાં કામયાબ થઇ જાઉં, તારી રહમતનો વાસ્તો છે, અય રહેમ કરવાવાળાઓ માં સૌથી વધારે રહેમ કરનાર.

## આખર દહામાં પઢવાની ૨૧મી રાતની દુઆ

માહે રમઝાનના આખરી દસ દિવસો (આખર દહા) ની મખ્સૂસ દુઆઓમાં આ ૨૧મી રાત ની દુઆ છે :

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ ، يَا مُوْلِجَ اللَّيْلِ فِيْ النَّهَارِ وَمُوْلِجَ النَّهَارِ فِيْ اللَّيْلِ وَمُخْرِجَ الْحَيِّ مِنَ الْمَيِّتِ وَمُخْرِجَ الْمَيِّتِ مِنَ الْحَيِّ ، يَا رَازِقَ مَنْ يَّشَاءُ بِغَيْرِ حِسَابٍ ، يَا اَللّٰهُ يَا رَحْمٰنُ يَا اَللّٰهُ يَا

رَحِيْمُ يَا اَللّٰهُ يَا اَللّٰهُ يَا اَللّٰهُ ، لَكَ الْاَسْمَاءُ الْحُسْنٰى وَ

الْاَمْثَالُ الْعُلْيَا وَ الْكِبْرِيَاءُ وَ الْاٰلَاءُ اَسْاَلُكَ اَنْ

تُصَلِّيَ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ وَّ اَنْ تَجْعَلَ اسْمِيْ فِيْ

هٰذِهِ اللَّيْلَةِ فِي السُّعَدَاءِ وَ رُوْحِيْ مَعَ الشُّهَدَاءِ وَ

اِحْسَانِيْ فِيْ عِلِّيِّيْنَ وَ اِسَاءَتِيْ مَغْفُوْرَةً

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય રાત્રીને દિવસમાં દાખલ કરવાવાળા, અને દિવસને રાત્રીમાં દાખલ કરનાર, અને અય મુરદા માંથી જીવતાને કાઢનાર અને અય જીવતામાંથી મુર્દાને કાઢનાર, અય જેને ચાહે બેહિસાબ રોઝી આપનાર, અય અલ્લાહ, અય મહેરબાન, અય અલ્લાહ, અય દયાળુ, અય અલ્લાહ, અય અલ્લાહ, અય અલ્લાહ, ફક્ત તારી માટેજ ખુબજ સારા નામો (અસ્માઉલ હુસ્ના) છે, અને સર્વોચ્ચ સિફતો અને મહાનતા અને એહ્સાનોનો માલિક ફક્ત તું જ છે. હું તારી પાસે માંગું છું કે હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની ઔલાદ ઉપર રહમત નાઝિલ કર, અને મારા નામને આજની રાત્રે નેક લોકોની યાદીમાં દાખલ કર, અને મારી રૂહને શહીદોની સાથે શુમાર કર,

અને મારી નેકીઓને ઉચ્ચ દરજ્જાઓમાં પહોંચાડ,
અને મારી બુરાઈઓને માફ કરી દે,

وَاَنْ تَهَبَ لِيْ يَقِيْنًا تُبَاشِرُ بِهٖ قَلْبِيْ وَاِيْمَانًا يُذْهِبُ الشَّكَّ عَنِّيْ وَتُرْضِيَنِيْ بِمَا قَسَمْتَ لِيْ وَاٰتِنَا فِي الدُّنْيَا حَسَنَةً وَّفِي الْاٰخِرَةِ حَسَنَةً وَّقِنَا عَذَابَ النَّارِ الْحَرِيْقِ وَارْزُقْنِيْ فِيْهَا ذِكْرَكَ وَشُكْرَكَ وَالرَّغْبَةَ اِلَيْكَ وَالْاِنَابَةَ وَالتَّوْبَةَ وَالتَّوْفِيْقَ لِمَا وَفَّقْتَ لَهٗ مُحَمَّدًا وَّاٰلَ مُحَمَّدٍ عَلَيْهِمُ السَّلَامُ

અને મને એવું યકીન અતા કર કે જે મારા દિલમાં જોડાય જાય, અને મને એવું ઈમાન અતા કર કે જે શકને મારાથી દૂર કરે, અને મારા માટે તે જે રોઝી નક્કી કરી છે તેની ઉપર મને રાઝી રાખ, અને અમોને દુનિયાની નેકી તેમજ આખેરતની નેકી અતા કર, અને અમોને જહન્નમની આગથી આઝાદ કર, અને આ રાત્રે મારા રીઝ્કમાં તારી યાદ, તારો શુક્ર અને તારી તરફ લગાવ અને તૌબા અતા કર, અને તે તમામ કાર્યોની તૌફીક અતા કર કે જેની તૌફીક તેં હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની ઔલાદ (અ.મુ.)ને આપી હતી, તેઓ બધા ઉપર તમામ સલામ થાય.

## એકવીસમાં દિવસના આમાલ

હઝરત અમીરૂલ મોઅમેનીન (અ.)ની શહાદતના દિવસે આપ હઝરતની ઝિયારત પઢવી બહેતર છે. અહિયાં ઈમામ અલી (અ.) ની બે ઝિયારતોનો ઝિક્ર કરવામાં આવે છે જે નીચે મુજબ છે.

## ઝિયારતે અમીનુલ્લાહ

આપણા ચોથા ઈમામ હઝરત ઝૈનુલ આબેદીન (અ.)થી આ ઝિયારત મન્કૂલ છે. આ ઝિયારત હઝરત અલી (અ.)ની શાનમાં બેહતરીન ઝિયારત છે અને આ ઝિયારતને બધા ઈમામો (અ.મુ.)ના રોઝા મુબારક પર પણ પઢવી જોઈએ. આપણા ચોથા ઈમામ હઝરત ઝૈનુલ આબેદીન (અ.) ઈમામ અલી (અ.)ની કબરે મુબારક પાસે ઉભા રેહતા હતા અને રડતા અને કહેતા

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَلسَّلَامُ عَلَيْكَ يَا اَمِيْنَ اللّٰهِ فِيْ اَرْضِهٖ وَ حُجَّتَهٗ عَلٰى عِبَادِهٖ ، اَلسَّلَامُ عَلَيْكَ يَا اَمِيْرَ الْمُؤْمِنِيْنَ ، اَشْهَدُ اَنَّكَ جَاهَدْتَ فِي اللّٰهِ حَقَّ جِهَادِهٖ وَ عَمِلْتَ بِكِتَابِهٖ وَ اتَّبَعْتَ سُنَنَ نَبِيِّهٖ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَ اٰلِهٖ حَتّٰى دَعَاكَ اللّٰهُ اِلٰى جِوَارِهٖ

فَقَبَضَكَ اِلَيْهِ بِاِخْتِيَارِهٖ وَ اَلْزَمَ اَعْدَاءَكَ الْحُجَّةَ
હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)થી રિવાયત છે કે માહે રમઝાનના છેલ્લા જુમ્માના આ દુઆ પઢો અને વિદાઅ કરો, જે કોઈ પણ આ દુઆ પઢે તો આ બન્ને નેકીઓ માંથી કોઈ પણ એક માટે જરૂર કામયાબ થશે : આવતા માહે રમઝાન સુધી જીવતો રહેશે અથવા ખુદાની વિશાળ રહમત અને બખ્શીશ હાસિલ કરશે.

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ لَا تَجْعَلْهُ اٰخِرَ الْعَهْدِ مِنْ صِيَامِنَا اِيَّاهُ ، فَاِنْ جَعَلْتَهٗ فَاجْعَلْنِيْ مَرْحُوْمًا ، وَلَا تَجْعَلْنِيْ مَحْرُوْمًا

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ, આ માહે રમઝાનને અમારી માટે રોઝાઓ રાખવાનો છેલ્લો માહે રમઝાન ન બનાવજે, અને અગર તું આ ફેંસલો કરી ચુક્યો છે તો મને તે લોકોમાં શામિલ કર કે

જેની ઉપર તારી રહમત થયેલી છે અને મને તે લોકોમાં શામિલ નહિ કરજે જે લોકો વંચિત (મહરૂમ) થયેલા છે.

# વિભાગ 3 - દરરોજના મખ્સૂસ આમાલ

માહે રમઝાનમાં  દરરોજ દિવસે પઢવાની મુખ્તસર દુઆઓની ફઝીલત અને સવાબ હઝરત રસુલે ખુદા (સ.અ.વ)ની રીવાયત માંથી લીધેલ છે, જયારે રાત્રે પઢવાની મુખ્તસર દુઆઓમાં પણ વધારે દુઆઓ આપ હઝરત (સ.અ.વ.)થી મનસુબ છે. દરેક મુસ્તહબ નમાઝ બે બે રકઆત કરી પઢવાની છે.

## પહેલી માહે રમઝાન

આ રાતના હ. ઈબ્રાહીમ (અ.) ઉપર કિતાબ નાઝિલ થઈ જે સોહોફે ઈબ્રાહીમ (અ.) છે.

## પહેલી રાતના આમાલ

## ગુસ્લ કરવું

હદીસમાં છે કે જે કોઈ પણ માહે રમઝાનની પેહલી રાત્રે ગુસ્લ કરશે તો તેને આવતા માહે રમઝાન સુધી

ખંજવાળની બિમારી નહિ થાય. જો કોઈ નેહરે જારીમાં ગુસ્લ કરે અને ૩૦ ખોબા પાણી , માથા ઉપર નાખે તો આવતા માહે રમઝાન સુધી તે બાતેની તહારતમાં રેહશે.

## નમાઝે મગરીબ પછી પઢવાની ઈમામ જવાદ (અ.) ની દુઆ

નમાઝે મગરીબ પછી હાથોને ઊંચા કરી આ દુઆ પઢે કે જે ઈમામ જવાદ(અ.) એ ફરમાવેલ છે :

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ يَا مَنْ يَمْلِكُ التَّدْبِيْرَ وَ هُوَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ، يَا مَنْ يَعْلَمُ خَائِنَةَ الْاَعْيُنِ وَ مَا تُخْفِي الصُّدُوْرُ وَ تُجِنُّ الضَّمِيْرُ وَ هُوَ اللَّطِيْفُ الْخَبِيْرُ ، اَللّٰهُمَّ اجْعَلْنَا مِمَّنْ نَوٰى فَعَمِلَ وَ لَا تَجْعَلْنَا مِمَّنْ شَقِيَ فَكَسِلَ وَ لَا مِمَّنْ هُوَ عَلٰى غَيْرِ عَمَلٍ يَتَّكِلُ ، اَللّٰهُمَّ صَحِّحْ اَبْدَانَنَا مِنَ الْعِلَلِ وَ اَعِنَّا عَلٰى مَا افْتَرَضْتَ عَلَيْنَا مِنَ الْعَمَلِ حَتّٰى يَنْقَضِيَ عَنَّا شَهْرُكَ هٰذَا وَ قَدْ اَدَّيْنَا مَفْرُوْضَكَ فِيْهِ عَلَيْنَا ،

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ, અય તે કે જે કાએનાતના નિઝામના (વ્યવસ્થા)ના માલિક છે અને તે દરેક વસ્તુ ઉપર કુદરત ધરાવે છે, અય તે કે જે જાણે છે આંખોની ખયાનતોને, દિલમાં છુપાયેલી વસ્તુને, અને નફ્સની અંદર રોકાયેલી ઈચ્છાઓને; અને તે દરેક જીણી જીણી વસ્તુઓને પણ સંપૂર્ણ રીતે જાણે છે. અય અલ્લાહ અમોને તે લોકોમાં શામિલ કર કે જે લોકો પહેલા નિય્યત કરે છે અને પછી અમલ કરે છે; અને અમોને તેવા લોકોમાં શામિલ નહીં કરતો કે જેઓ બદબખ્ત અને આળસું છે, અને તેવા લોકોમાં શામિલ નહીં કરતો કે જેઓ અમલ કર્યા વગર ભરોસો કરીને બેઠા રહે છે. અય અલ્લાહ, અમારા શરીરને બિમારીઓથી બચાવીને રાખ, અને જે આમાલ તેં અમારી ઉપર વાજિબ કર્યા છે, તેને અદા કરવા માટે અમારી મદદ કર ત્યાં સુધી કે આ મહીનો પૂરો થઇ જાય અને અમે આ મહીનામાં તારી વાજીબાત અદા કરી દઈએ.

اَللّٰهُمَّ اَعِنَّا عَلٰى صِيَامِهٖ وَ وَفِّقْنَا لِقِيَامِهٖ وَ نَشِّطْنَا فِيْهِ لِلصَّلَاةِ وَلَا تَحْجُبْنَا مِنَ الْقِرَاءَةِ وَ سَهِّلْ لَنَا فِيْهِ اِيْتَاءَ الزَّكَاةِ ، اَللّٰهُمَّ لَا تُسَلِّطْ عَلَيْنَا وَصَبًا وَّ لَا

تَعَبًا وَّ لَا سَقَمًا وَّ لَا عَطَبًا . اَللّٰهُمَّ ارْزُقْنَا الْاِفْطَارَ مِنْ رِزْقِكَ الْحَلَالِ ، اَللّٰهُمَّ سَهِّلْ لَنَا فِيْهِ مَا قَسَمْتَهُ مِنْ رِزْقِكَ وَ يَسِّرْ مَا قَدَّرْتَهُ مِنْ اَمْرِكَ وَ اجْعَلْهُ حَلَالًا طَيِّبًا نَقِيًّا مِنَ الْاٰثَامِ خَالِصًا مِنَ الْاٰصَارِ وَ الْاَجْرَامِ ،

અય અલ્લાહ , આ મહીનાના રોઝા રાખવામાં અમારી મદદ કર , નમાઝ પઢવાની તૌફીક આપ , અને નમાઝમાં અમોને સ્ફૂર્તિ અને ઉત્સાહ અતા કર , અને અમોને કુરઆન પઢવાથી દૂર ન કરજે , અને આ મહીનામાં અમારી માટે ઝકાત દેવું આસાન કરી દે. અય અલ્લાહ આ મહીનામાં અમારી ઉપર થાક , તંગી, બીમારી અને નબળાઈને દૂર રાખ ; અય અલ્લાહ, અમોને આ મહીનામાં તારા હલાલ રીઝ્કથી ઇફતારી નસીબ કર ; અય અલ્લાહ આ મહીનામાં અમોને તે રીઝ્ક આસાનીથી આપ જેને તેં અમારી માટે નક્કી કરીને રાખ્યુ છે અને જે વસ્તુનો તેં ફેસલો કર્યો છે તેને અમારી માટે આસાન કરી આપ, અને આ મહીનાને અમારી માટે હલાલ , પાકીઝા, પાક રાખ કે અમે આ મહીનામાં ગુનાહો , સજાઓ અને અપરાધથી બચીને રહીએ.

اَللّٰهُمَّ لَا تُطْعِمْنَا اِلَّا طَيِّبًا غَيْرَ خَبِيْثٍ وَّلَا حَرَامٍ وَّ
اجْعَلْ رِزْقَكَ لَنَا حَلَالًا لَا يَشُوْبُهٗ دَنَسٌ وَّلَا اَسْقَامٌ
، يَا مَنْ عِلْمُهٗ بِالسِّرِّ كَعِلْمِهٖ بِالْاَعْلَانِ ، يَا مُتَفَضِّلًا
عَلٰى عِبَادِهٖ بِالْاِحْسَانِ ، يَا مَنْ هُوَ عَلٰى كُلِّ شَيْءٍ
قَدِيْرٌ وَّ بِكُلِّ شَيْءٍ عَلِيْمٌ خَبِيْرٌ، اَلٰهِنَا ذِكْرَكَ وَ
جَنِّبْنَا عُسْرَكَ وَ اَنِلْنَا يُسْرَكَ وَ اهْدِنَا لِلرَّشَادِ وَ
وَفِّقْنَا لِلسَّدَادِ وَ اعْصِمْنَا مِنَ الْبَلَايَا وَ صُنَّا مِنَ
الْاَوْزَارِ وَ الْخَطَايَا يَا مَنْ لَا يَغْفِرُ عَظِيْمَ الذُّنُوْبِ
غَيْرُهٗ وَلَا يَكْشِفُ السُّوْءَ اِلا هُوَ يَا اَرْحَمَ الرَّاحِمِيْنَ
، وَاَكْرَمَ الْاَكْرَمِيْنَ ،

અય અલ્લાહ અમોને આ મહીનામાં તે ખોરાક અતા કર કે જે પાક અને પાકીઝા હોય , અને જેમાં હરામ મળેલું ન હોય, અને અમારી માટે તારૂં હલાલ રીઝ્ક નક્કી કર કે જેમાં બિમારીઓ અને ગંદગીના કણો પણ ન હોય ; અય તે ઝાત કે જેનું ઇલ્મ છુપી વસ્તુઓના વિષે એવું જ છે કે જે જાહિર વસ્તુઓ વિષે છે , અને પોતાના બંદાઓ ઉપર એહ્સાનમાં

વધારો કરવાવાળો છે. અય તે કે જે દરેક વસ્તુ ઉપર કુદરત રાખે છે , અને દરેક વસ્તુ વિષે ઇલ્મ અને ખબર રાખે છે , તું પોતાના ઝિક્ર માટે અમોને માર્ગદર્શન આપ , અમોને સખ્તીથી બચાવ , અને અમોને આસાની અતા કર , અને અમોને હક્ક તરફ લઈ જા , અને સચ્ચાઈની તૌફીક અતા કર , મુસીબતોથી બચાવી રાખ , અને અમોને ભૂલોથી બચાવી રાખ , અય તે કે જેની સિવાય મોટા ગુનાહોને માફ કરનાર અને બુરાઈઓને દૂર કરનાર બીજું કોઈ નથી. અય સૌથી વધારે રહેમ કરનાર, અય સૌથી વધારે નેઅમતો અતા કરનાર અને બખ્શીશ કરનાર;

صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اَهْلِ بَيْتِهِ الطَّيِّبِيْنَ وَ اجْعَلْ

صِيَامَنَا مَقْبُوْلًا وَّ بِالْبِرِّ وَ التَّقْوٰى مَوْصُوْلًا وَّ كَذٰلِكَ

فَاجْعَلْ سَعْيَنَا مَشْكُوْرًا وَّ قِيَامَنَا مَبْرُوْرًا وَّ قُرْاٰنَنَا

مَرْفُوْعًا وَّ دُعَاءَنَا مَسْمُوْعًا وَّ اهْدِنَا لِلْحُسْنٰى وَ

جَنِّبْنَا الْعُسْرٰى وَ يَسِّرْنَا لِلْيُسْرٰى وَ اَعْلِ لَنَا

الدَّرَجَاتِ وَ ضَاعِفْ لَنَا الْحَسَنَاتِ وَ اقْبَلْ مِنَّا

الصَّوْمَ وَ الصَّلَاةَ وَ اسْمَعْ مِنَّا الدَّعَوَاتِ وَ اغْفِرْ لَنَا

الْخَطِيْئَاتِ وَ تَجَاوَزْ عَنَّا السَّيِّئَاتِ

તું રહમત નાઝિલ કર હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની પાક ઔલાદ ઉપર, અને અમારા રોઝાઓને કબૂલ કર, અને અમોને નેકી તેમજ પરહેઝ્ગારીની મંઝિલ સુધી પહોંચાડ, અને એવીજ રીતે અમારી કોશિશોને એવી બનાવ કે જેને તું પસંદ કર, અને અમારી નમાઝ અને કેયામને કબૂલ કર, અમારી કુરઆનની તિલાવતને બુલંદી અતા કર, અમારી દુઆઓને કબૂલ કર, અને અમોને નેકી તરફ લઇ જા, અમોને સખ્તીઓથી બચાવ, અને અમોને આસાનીમાં આસાની અતા કર, અમારા દરજ્જાઓને બુલન્દ કર, અને અમારી નેકીઓમાં વધારો કર, અમારા રોઝાઓ અને નામાઝોને કબૂલ કર, અને અમારી પુકારને સાંભળ, અમારી ભૂલોને માફ કરી દે, અને અમારા ગુનાહોને દરગુઝર કર,

وَ اجْعَلْنَا مِنَ الْعَامِلِيْنَ الْفَائِزِيْنَ وَ لَا تَجْعَلْنَا مِنَ الْمَغْضُوْبِ عَلَيْهِمْ وَ لَا الضَّآلِّيْنَ حَتّٰى يَنْقَضِيَ شَهْرُ رَمَضَانَ عَنَّا وَ قَدْ قَبِلْتَ فِيْهِ صِيَامَنَا وَ قِيَامَنَا وَ زَكَّيْتَ فِيْهِ اَعْمَالَنَا وَ غَفَرْتَ فِيْهِ ذُنُوْبَنَا وَ اَجْزَلْتَ فِيْهِ مِنْ كُلِّ خَيْرٍ نَصِيْبَنَا فَاِنَّكَ الْاِلٰهُ الْمُجِيْبُ وَ

الرَّبُّ الْقَرِيْبُ وَاَنْتَ بِكُلِّ شَيْءٍ مُّحِيْطٌ.

અને અમોને અમલ કરવાવાળા અને કામયાબ થવાવાળાઓ માં શામિલ કર, અને અમોને તે લોકોની સાથે શામિલ ન કરજે કે જેની ઉપર તેં ગઝબ કર્યો અને તે લોકોમાં પણ શામિલ નહીં કરતો જે ગુમરાહ થઇ ગયા, ત્યાં સુધી કે અમારી પાસેથી માહે રમઝાન પસાર થઇ જાય, અને તેમાં તેં અમારા રોઝાઓ અને અમારી નમાઝોને કબૂલ કરી લીધા હોય, અને અમારા અમલ ખાલિસ (ચોખ્ખા) હોય, અમારા ગુનાહો માફ થયેલા હોય, અને આ મહીનામાં અમોને નેકીઓનો મોટો ભાગ અતા કર્યો હોય; ખરેખર ફક્ત તું જ જવાબ દેવાવાળો મઅબૂદ છે અને ફક્ત તું જ મારો પાલનહાર છે જે ખુબજ નજિક છે, અને તે તારી કુદરતથી દરેક વસ્તુને ઘેરી લીધેલ છે.

## દુઆએ હજ્જ

**પેહલી રાતના મગરિબની નમાઝ પછી દુઆએ હજ પઢે જે દરેક નમાઝ પછી પઢવાની દુઆઓમાં પેજ નંબર 89 ઉપર ઝિક્ર કરવામાં આવેલ છે.**

## ઈમામ સજ્જાદ ( અ.)ની માહે રમઝાનની શરૂઆતની દુઆ (સહીફએ સજ્જાદીય્યાહ- નંબર ૪૪)

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَلْحَمْدُ لِلّٰهِ الَّذِيْ هَدَانَا لِحَمْدِهٖ، وَ جَعَلَنَا مِنْ اَهْلِهٖ لِنَكُوْنَ لِاِحْسَانِهٖ مِنَ الشَّاكِرِيْنَ، وَلِيَجْزِيَنَا عَلٰى ذٰلِكَ جَزَاءَ الْمُحْسِنِيْنَ ، وَالْحَمْدُ لِلّٰهِ الَّذِيْ حَبَانَا بِدِيْنِهٖ، وَ اخْتَصَّنَا بِمِلَّتِهٖ، وَ سَبَّلَنَا فِيْ سُبُلِ اِحْسَانِهٖ لِنَسْلُكَهَا بِمَنِّهٖ اِلٰى رِضْوَانِهٖ، حَمْدًا يَتَقَبَّلُهٗ مِنَّا، وَيَرْضٰى بِهٖ عَنَّا،

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. સર્વે વખાણ અલ્લાહના છે જેણે અમને તેના વખાણ કરવાની તૌફીક અતા કરી, અમને એ લાયક બનાવ્યા (કે અમે તેના વખાણ કરી શકીએ) જેથી અમે તેની આ ભલાઈ માટે તેના શુક્રગુજાર થઇએ અને જેથી અમને નેક લોકોના જેવો બદલો (ઇનામ) તે ઇનાયત ફરમાવે. સર્વે વખાણ અલ્લાહના છે જેણે અમને તેનો દીન અર્પણ

કર્યો, અમને તેની મીલ્લત (શરીઅત) થકી સર્વોપરીતાની ઓળખાણ અતા કરી અને અમને તેની ભલાઈની રાહ ઉપર ચલાવ્યા જેથી અમે તેના એહસાન થકી તેની ખુશીની રાહ તરફ ચાલી શકીએ, એવા વખાણ જે અમારા તરફથી તે કબૂલ કરે તથા તેના કારણે તે અમારાથી રાજી રહે.

وَ الْحَمْدُ لِلّٰهِ الَّذِيْ جَعَلَ مِنْ تِلْكَ السُّبُلِ شَهْرَهٗ

شَهْرَ رَمَضَانَ، شَهْرَ الصِّيَامِ، وَ شَهْرَ الْاِسْلَامِ، وَ

شَهْرَ الطَّهُوْرِ، وَ شَهْرَ التَّمْحِيْصِ، وَ شَهْرَ الْقِيَامِ

الَّذِيْ اُنْزِلَ فِيْهِ الْقُرْاٰنُ، هُدًى لِلنَّاسِ، وَ بَيِّنَاتٍ

مِنَ الْهُدٰى وَ الْفُرْقَانِ، فَاَبَانَ فَضِيْلَتَهٗ عَلٰى سَائِرِ

الشُّهُوْرِ بِمَا جَعَلَ لَهٗ مِنَ الْحُرُمَاتِ الْمَوْفُوْرَةِ، وَ

الْفَضَائِلِ الْمَشْهُوْرَةِ، فَحَرَّمَ فِيْهِ مَا اَحَلَّ فِيْ غَيْرِهٖ

اِعْظَامًا، وَ حَجَرَ فِيْهِ الْمَطَاعِمَ وَ الْمَشَارِبَ اِكْرَامًا،

وَ جَعَلَ لَهٗ وَقْتًا بَيِّنًا لَا يُجِيْزُ جَلَّ وَ عَزَّ اَنْ يُقَدَّمَ

قَبْلَهٗ، وَ لَا يَقْبَلُ اَنْ يُؤَخَّرَ عَنْهُ،

અને અલ્લાહના વખાણ છે જેણે તેના માહે

રમઝાનના મુબારક મહીનાને રોઝાનો મહિનો ,
ઇસ્લામનો મહિનો, પાકીઝગીનો મહિનો, શુધ્ધિકરણનો મહિનો અને ઈબાદતનો મહિનો કરાર આપ્યો જેમાં તેણે કુરઆને-મજીદ નાઝિલ કર્યુ જે મનુષ્યજાતિ માટે હિદાયત (દોરવણી) છે તથા જેમાં ખુલ્લી સૂચનાઓ (એહકામો) તથા (સારૂં અને ખરાબ વચ્ચે) તફાવત (સમ જાવવામાં આવ્યો) છે , અને ભરપૂર આદર (એહતેરામ) તથા પ્રખ્યાત ફઝીલતો (ખૂબીઓ) થકી બીજા મહીના ઉપર તેણે તેની શ્રેષ્ઠતા જાહેર કરી છે. આમ તેણે બીજા મહીનાઓમાં જે પરવાનગીઓ આપી હતી (હલાલ કર્યુ હતું) તેની માહે રમઝાન મુ બારકમાં મનાઈ ફરમાવી (હરામ કર્યુ) જેથી તેનો દરજ્જો વધે અને તેની ઈજ્જતમાં વધારો કરવા માટે તેના (દિવસો)માં ખાવા-પીવાની મનાઈ ફરમાવી. તેમાં તેણે ખાસ સમય નક્કી કર્યો જે સમય પહેલાં (અલ્લાહ) સર્વોચ્ચ અને જલીલ ન તો ઈચ્છા કરવાની પરવાનગી આપે છે અને ન તો તેના સમયથી મોડું કરવું તે કબૂલ કરે છે.

ثُمَّ فَضَّلَ لَيْلَةً وَّاحِدَةً مِّنْ لَيَالِيْهِ عَلٰى لَيَالِيْ اَلْفِ شَهْرٍ، وَسَمَّاهَا لَيْلَةَ الْقَدْرِ، تَنَزَّلُ الْمَلَائِكَةُ وَالرُّوْحُ فِيْهَا بِاِذْنِ رَبِّهِمْ مِنْ كُلِّ اَمْرٍ سَلَامٌ، دَائِمُ

الْبَرَكَةِ اِلٰى طُلُوْعِ الْفَجْرِ عَلٰى مَنْ يَّشَاءُ مِنْ عِبَادِهٖ

بِمَا اَحْكَمَ مِنْ قَضَائِهٖ ،

પછી, તેની એક રાત્રિને તેણે એક હજાર મહીના કરતાં બેહતર કરાર આપી અને તેણે શબે-કદ્રનું નામ આપ્યું, જેમાં ફરિશ્તા તથા રૂહ નાઝિલ થાય છે તેમના પરવરદીગારની આજ્ઞા સાથે , દરેક બાબતો માટે, અને પ્રભાવ (વહેલી સવાર) સુધી તેના એ બંદાઓ ઉપર અપાર રહમતભરી સલામતી નાઝિલ કરે છે જેના ઉપર તે (અલ્લાહ) ચાહે છે અને જેના માટે તેણે નિર્ણીત કર્યું છે.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِهٖ ، وَ اَلْهِمْنَا مَعْرِفَةَ فَضْلِهٖ

وَ اِجْلَالَ حُرْمَتِهٖ ، وَ التَّحَفُّظَ مِمَّا حَظَرْتَ فِيْهِ ، وَ

اَعِنَّا عَلٰى صِيَامِهٖ بِكَفِّ الْجَوَارِحِ عَنْ مَعَاصِيْكَ ، وَ

اسْتِعْمَالِهَا فِيْهِ بِمَا يُرْضِيْكَ حَتّٰى لَا نُصْغِيَ

بِاَسْمَاعِنَا اِلٰى لَغْوٍ ، وَ لَا نُسْرِعَ بِاَبْصَارِنَا اِلٰى لَهْوٍ ، وَ

حَتّٰى لَا نَبْسُطَ اَيْدِيَنَا اِلٰى مَحْظُوْرٍ ، وَ لَا نَخْطُوَ

بِاَقْدَامِنَا اِلٰى مَحْجُوْرٍ ، وَ حَتّٰى لَا تَعِيَ بُطُوْنُنَا اِلَّا مَا

اَحْلَلْتَ، وَ لَا تَنْطِقَ اَلْسِنَتُنَا اِلَّا بِمَا مَثَّلْتَ، وَ لَا نَتَكَلَّفَ اِلَّا مَا يُدْنِيْ مِنْ ثَوَابِكَ، وَ لَا نَتَعَاطٰى اِلَّا الَّذِيْ يَقِيْ مِنْ عِقَابِكَ،

અય અલ્લાહ ! હઝરત મોહંમદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર રહમત નાઝિલ કર. અમને તેની (માહે મુબારક રમઝાન તથા શબે-કદ્રની) ફઝીલત (મહત્તા) જાણવાની અને તેનો મોભો મેળવવાની પ્રેરણા અતા કર અને અમારા હાથ પગોને તારી નાફરમાની કરવાથી અંકુશમાં રાખી રોઝા રાખવામાં અમારી મદદ કર તથા તેને એવા કામોમાં ઉપયોગમાં લેવામાં આવે જેનાથી તું રાજી રહે, જેથી નકામી વાતો સાંભળવામાં માટે અમે કાન ન દઈએ તથા ખેલ-તમાશા જોવા માટે અમારી આંખોને ન દોરીએ, હરામ તરફ અમે અમારા હાથ ન લંબાવીએ તથા મનાઈ ફરમાવેલી કોઈ પણ વસ્તુ તરફ અમારા કદમોને આગળ ન વધારીએ ,અમે કોઈ વસ્તુથી અમારૂં પેટ ન ભરીએ સિવાય જે તેં હલાલ કર્યું છે તેનાથી તથા અમારી જીભ બીજું કશું ન ઉચ્ચારે સિવાય જેની તેં આજ્ઞા આપી છે અને અમે પોતાને શ્રમ કરવાથી રોકીએ સિવાય તે જે અમને તારી જઝા (ઇનામ) મેળવવા માટે કરવો પડે તથા બીજું બધું કરવાથી અમે પરહેઝ કરીએ સિવાય જે

અમને તારી સજાથી બચાવે.

ثُمَّ خَلِّصْ ذٰلِكَ كُلَّهٗ مِنْ رِئَاءِ الْمُرَاءِيْنَ، وَ سُمْعَةِ الْمُسْمِعِيْنَ، لَا نُشْرِكُ فِيْهِ اَحَدًا دُوْنَكَ، وَ لَا نَبْتَغِيْ فِيْهِ مُرَادًا سِوَاكَ . اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِهٖ، وَ قِفْنَا فِيْهِ عَلٰى مَوَاقِيْتِ الصَّلَوَاتِ الْخَمْسِ بِحُدُوْدِهَا الَّتِيْ حَدَّدْتَ، وَ فُرُوْضِهَا الَّتِيْ فَرَضْتَ، وَ وَظَائِفِهَا الَّتِيْ وَظَّفْتَ، وَ اَوْقَاتِهَا الَّتِيْ وَقَّتَّ ، وَ اَنْزِلْنَا فِيْهَا مَنْزِلَةَ الْمُصِيْبِيْنَ لِمَنَازِلِهَا، الْحَافِظِيْنَ لِاَرْكَانِهَا، الْمُؤَدِّيْنَ لَهَا فِيْ اَوْقَاتِهَا عَلٰى مَا سَنَّهٗ عَبْدُكَ وَ رَسُوْلُكَ صَلَوَاتُكَ عَلَيْهِ وَ اٰلِهٖ فِيْ رُكُوْعِهَا وَ سُجُوْدِهَا وَ جَمِيْعِ فَوَاضِلِهَا عَلٰى اَتَمِّ الطَّهُوْرِ وَ اَسْبَغِهٖ، وَ اَبْيَنِ الْخُشُوْعِ وَ اَبْلَغِهٖ ،

પછી, અમને આ બધું કરવાથી રિયાથી (લોકોને દેખાડવા માટેના ભપકાથી) પાક કર જેને દેખાવ (ભપકો) કરનારા પસંદ કરે છે અને જેની ઈચ્છા લોકોના વખાણ ઇચ્છનારા પ્રખ્યાતિની લાલચથી કરે

છે, જેથી અમે તારી ઈબાદતમાં તારા સિવાય બીજા કોઈને શરીક ન કરીએ અને તેમાં તારા સિવાય બીજું કંઈ પણ ન ઇચ્છીએ. અય અલ્લાહ ! હઝરત મોહંમદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર રહમત નાઝિલ કર, અમને તેમાં (માહે મુબરાકમાં) તૌફીક અતા કર કે અમે (દરરોજ) પાંચ વખતની નમાઝ કાયમ કરીએ, તેના નિયમોની હદ જાળવીએ જે તેં કરાર આપી છે, અમારી ફરજો બજાવી લાવીએ જે તેં ફરજિયાત કરી છે તથા જે રીતે તેં બજાવી લાવવાનું શીખવ્યું છે અને નિયમિત સમય પ્રમાણે અદા કરીએ જે તેં નક્કી કર્યો છે. આ બાબતમાં અમારો દરજ્જો એ લોકો જેટલો ઉચ્ચ ફરમાવ જેઓ તેને (નમાઝ તથા ફરજો) સફળતાથી બજાવી લાવ્યા, જેઓએ તેની દરેક મહત્વની બાબતો ઉપર અમલ કર્યો અને જેઓ તેને તેના નિયમિત સમય મુજબ, પાકીઝગીની સાથે તથા સંપૂર્ણ રીતે, સ્વેચ્છા અને નમ્રતાની સાથે , તારા બંદા તથા રસૂલ (સ.અ.વ.) થકી નક્કી કરેલા સમય અનુસાર, રૂકુઓ તથા સજદાઓની બાબતમાં, બીજા બધાં અમલોની બાબતમાં, સર્વોચ્ચ તથા સંપૂર્ણ પાકીઝગી સાથે અને ચોખ્ખી તથા શ્રેષ્ઠ મંજૂરી-પાત્ર નમ્રતા સાથે બજાવી લાવે છે.

وَ وَفِّقْنَا فِيْهِ لِاَنْ نَصِلَ اَرْحَامَنَا بِالْبِرِّ وَ الصِّلَةِ، وَ

اَنْ نَتَعَاهَدَ جِيْرَانَنَا بِالْاِفْضَالِ وَالْعَطِيَّةِ، وَاَنْ

نُخَلِّصَ اَمْوَالَنَا مِنَ التَّبِعَاتِ، وَاَنْ نُطَهِّرَهَا

بِاِخْرَاجِ الزَّكَوَاتِ، وَاَنْ نُرَاجِعَ مَنْ هَاجَرَنَا، وَاَنْ

نُنْصِفَ مَنْ ظَلَمَنَا، وَاَنْ نُسَالِمَ مَنْ عَادَانَا حَاشٰى

مَنْ عُوْدِيَ فِيْكَ وَلَكَ، فَاِنَّهُ الْعَدُوُّ الَّذِيْ لَا

نُوَالِيْهِ، وَالْحِزْبُ الَّذِيْ لَا نُصَافِيْهِ، وَاَنْ نَتَقَرَّبَ

اِلَيْكَ فِيْهِ مِنَ الْاَعْمَالِ الزَّاكِيَةِ بِمَا تُطَهِّرُنَا بِهِ مِنَ

الذُّنُوْبِ، وَتَعْصِمُنَا فِيْهِ مِمَّا نَسْتَأْنِفُ مِنَ الْعُيُوْبِ،

حَتّٰى لَا يُوْرِدَ عَلَيْكَ اَحَدٌ مِّنْ مَلَائِكَتِكَ اِلَّا دُوْنَ مَا

نُوْرِدُ مِنْ اَبْوَابِ الطَّاعَةِ لَكَ، وَاَنْوَاعِ الْقُرْبَةِ اِلَيْكَ،

અય અલ્લાહ ! આ મહીનામાં અમને તૌફીક અતા કરે કે અમે અમારા સગાસંબંધીઓ સાથે ભલાઈ કરીએ તથા તેમની સાથે સારી રીતે રહીએ , અમે ભલાઈ તથા ઉદારતાની સાથે અમારા પાડોશીની સંભાળ લીએ, અમે અમારા માલમાંથી વાજિબ હકો અદા કરીને તેને પાક કરીએ ,અને ફરજ જકાત અદા કરીને તેને શુદ્ધ બનાવીએ , જેણે અમને ત્યજી

દીધા છે તેને અમે પાછા બોલાવીએ , જેણે અમારા સાથે અન્યાય કર્યો છે તેની સાથે અમે ન્યાયનું વર્તન કરીએ અને જેણે અમારી સાથે ફસાદ (ઝઘડો) કર્યો છે તેની સાથે અમે સમાધાન (સુલેહ) કરીએ પણ તેની સાથે તો સંબંધ સુધારીએ જ નહિં જેની દુશ્મની તારા માટે અથવા તારા કારણે થઇ છે કારણ કે, નિ:શંક, તે (ખુલ્લો) દુશ્મન છે , તેને અમે કયારેય પણ દોસ્ત નહિં બનાવીએ અને તે એ લોકોમાંનો છે જેઓની સાથે અમે કયારેય પણ સારા સંબંધ નહિં રાખશું. આ મહીનામાં (અમારા) નેક અમલો થકી અમને તારી બારગાહમાં હાજર થવાની તૌફીક અતા કર તથા અમને ગુનાહોથી પાક કર અને આ મહીનામાં અમને ફરીથી ખરાબ વાતોમાં (ગુનાહોમાં) પડી જવાથી બચાવ , જેથી તારા કોઈ પણ ફરિશ્તાને તારી બારગાહમાં અમારો એવો કોઈ હિસાબ લઈને આવવાની તક ન મળે જે તારી ફરમાંબરદારી તરીકે ન લેખાય અને જે તારી નજીક (કુરબત) પામવા માટે ન હોય.

اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ بِحَقِّ هٰذَا الشَّهْرِ، وَ بِحَقِّ مَنْ

تَعَبَّدَ لَكَ فِيْهِ مِنِ ابْتِدَائِهٖ اِلٰى وَقْتِ فَنَائِهٖ مِنْ

مَلَكٍ قَرَّبْتَهٗ، اَوْ نَبِيٍّ اَرْسَلْتَهٗ، اَوْ عَبْدٍ صَالِحٍ

اخْتَصَصْتَهٗ، اَنْ تُصَلِّيَ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِهٖ، وَ اَهِّلْنَا فِيْهِ

لِمَا وَعَدْتَ اَوْلِيَاءَكَ مِنْ كَرَامَتِكَ، وَ اَوْجِبْ لَنَا فِيْهِ

مَا اَوْجَبْتَ لِاَهْلِ الْمُبَالَغَةِ فِيْ طَاعَتِكَ، وَ اجْعَلْنَا فِيْ

نَظْمِ مَنِ اسْتَحَقَّ الرَّفِيْعَ الْاَعْلٰى بِرَحْمَتِكَ،

અય અલ્લાહ ! હું તારી બારગાહમાં સવાલ કરૂં છું આ મહીનાનો વાસ્તો આપીને તથા તેનો વાસ્તો આપીને જેણે તેની શરૂઆતથી લઈને તેના અંત સુધી તારી ઇબાદતો કરી ભલે પછી તે ફરિશ્તાની શ્રેણીમાંથી હોય જેઓને તેં તારી નજીક (કુરબત) અતા કરી છે અથવા તારા રસૂલોમાંથી હોય જેઓને તેં મોકલ્યા છે અથવા તારા નેક બંદાઓમાંથી હોય જેઓને તેં ખાસ નીમ્યા છે , કે હઝરત મોહંમદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર રહમત નાઝિલ કર. આ મહીનામાં અમને એના (ઇનામના) લાયક બનાવ જેનો તેં તારા કરમ થકી તારા દોસ્તોને વાયદો કર્યો છે , અમને એના (ઇનામના) હકદાર કરાર આપ જેના હકદાર તેં એ લોકોને કરાર આપ્યા છે જેઓ તારી ઇતાઆતમાં (તથા ઇબાદતમાં) બહુ જ શ્રમ કરનારા છે અને અમને એ લોકોની શ્રેણીમાં શુમાર કર કે જે લોકો તારી રહમત થકી ઉચ્ચ તથા માનનીય દરજજાને પાત્ર (બન્યા) છે.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِهٖ، وَجَنِّبْنَا الْاِلْحَادَ فِيْ

تَوْحِيْدِكَ، وَالتَّقْصِيْرَ فِيْ تَمْجِيْدِكَ، وَالشَّكَّ فِيْ

دِيْنِكَ، وَالْعَمٰى عَنْ سَبِيْلِكَ، وَالْاِغْفَالَ لِحُرْمَتِكَ،

وَالْاِنْخِدَاعَ لِعَدُوِّكَ الشَّيْطَانِ الرَّجِيْمِ، اَللّٰهُمَّ

صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِهٖ، وَاِذَا كَانَ لَكَ فِيْ كُلِّ لَيْلَةٍ مِنْ

لَيَالِيْ شَهْرِنَا هٰذَا رِقَابٌ يُعْتِقُهَا عَفْوُكَ، اَوْ يَهَبُهَا

صَفْحُكَ فَاجْعَلْ رِقَابَنَا مِنْ تِلْكَ الرِّقَابِ، وَاجْعَلْنَا

لِشَهْرِنَا مِنْ خَيْرِ اَهْلٍ وَّاَصْحَابٍ،

અય અલ્લાહ ! હઝરત મોહંમદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર રહમત નાઝિલ કર. તારી વહદાનિય્યતમાં (તૌહીદમાં) ન માનવાથી , તારા વખાણ કરવામાં ઓછપથી, તારા દીનમાં શંકાઓને સ્થાન આપવાથી, તારી રાહ પ્રત્યે આંધળા બની જવાથી, તારા એહકામોમાં ગફલત કરવાથી અને જે તારો દુશ્મન તથા તારી બારગાહમાંથી હાંકી કાઢવામાં આવેલો છે તે શૈતાનના ફરેબમાં આવી જવાથી અમને બચાવ. અય અલ્લાહ ! હઝરત મોહંમદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર રહમત

નાઝિલ કર. જયારે તું આ મહીનાની દરેક રાત્રિઓમાં થોડા લોકો (ની ગરદન)ને તારી મગફેરત થકી આઝાદ કરે છે અને થોડા લોકોને તારી સહનશીલતા થકી તું માફ કરે છે , તો અમને પણ એ લોકોમાં શુમાર કર અને અમારા આ મહીના પ્રત્યે અમને સજજનતા તથા સાથ અતા કર.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِهٖ، وَ امْحَقْ ذُنُوْبَنَا مَعَ امِّحَاقِ هِلَالِهٖ، وَ اسْلَخْ عَنَّا تَبِعَاتِنَا مَعَ انْسِلَاخِ اَيَّامِهٖ حَتّٰى يَنْقَضِيَ عَنَّا وَ قَدْ صَفَّيْتَنَا فِيْهِ مِنَ الْخَطِيْئَاتِ، وَ اَخْلَصْتَنَا فِيْهِ مِنَ السَّيِّئَاتِ، اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِهٖ، وَ اِنْ مِلْنَا فِيْهِ فَعَدِّلْنَا، وَ اِنْ زُغْنَا فِيْهِ فَقَوِّمْنَا، وَ اِنِ اشْتَمَلَ عَلَيْنَا عَدُوُّكَ الشَّيْطَانُ فَاسْتَنْقِذْنَا مِنْهُ، اَللّٰهُمَّ اشْحَنْهُ بِعِبَادَتِنَا اِيَّاكَ، وَ زَيِّنْ اَوْقَاتَهٗ بِطَاعَتِنَا لَكَ، وَ اَعِنَّا فِيْ نَهَارِهٖ عَلٰى صِيَامِهٖ، وَ فِيْ لَيْلِهٖ عَلَى الصَّلَاةِ وَ التَّضَرُّعِ اِلَيْكَ، وَ الْخُشُوْعِ لَكَ، وَ الذِّلَّةِ بَيْنَ يَدَيْكَ

حَتّٰى لَا يَشْهَدَ نَهَارُهٗ عَلَيْنَا بِغَفْلَةٍ، وَلَا لَيْلُهٗ بِتَفْرِيطٍ،

અય અલ્લાહ ! હઝરત મોહંમદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર રહમત નાઝિલ કર. આ મહીનાની બીજ અસ્ત પામતાની સાથે અમારા ગુનાહોને છુપાવી (બુઝાવી) નાખ અને તેના દિવસો સમાપ્ત થતાની સાથે અમારા ઉપરથી અમારી સજા હટાવી લે જેથી આ મહિનો એવી રીતે પસાર થાય જેમાં તેં અમારી ભૂલો સુધારી હોય તથા અમને ગુનાહોથી પાક કર્યા હોય. અય અલ્લાહ ! હઝરત મોહંમદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર રહમત નાઝિલ કર. જો અમે આ મહીનામાં (રાહથી) ભટકી જઈએ તો અમને સીધી રાહ ઉપર લાવ , જો અમે મક્કમ ન રહી શકીએ તો તું અમને મક્કમ બનાવ અને જો તારો દુશ્મન શૈતાન અમને બેહકાવી (ફરેબમાં) નાખે તો તેનાથી નજાત અતા કર. અય અલ્લાહ ! આ મહીનાને અમારા થકી ફકત તારી ઇબાદતોથી ભરપૂર ફરમાવ ; તેની દરેક ક્ષણોને અમારા થકી તારી ઇતાઅતથી ભરી દે ; દિવસના સમયમાં રોઝો રાખવામાં ; રાતના સમયમાં તારી ઈબાદત કરવામાં તથા તારી બારગાહમાં દુઆ કરવામાં અને તારી બારગાહમાં નમ્ર થવામાં તથા તારી બારગાહમાં તુચ્છ બની હાજર થવામાં અમારી

મદદ કર, જેથી ન તો તેના દિવસો અમારી વિરૂધ્ધ ગવાહી આપે કે અમે તેમાં ગાફિલ હતાં અને ન તો રાત્રિઓ પણ કે અમે કંઈ ચૂકી ગયા.

اَللّٰهُمَّ وَاجْعَلْنَا فِيْ سَائِرِ الشُّهُوْرِ وَالْاَيَّامِ كَذٰلِكَ مَا عَمَّرْتَنَا، وَاجْعَلْنَا مِنْ عِبَادِكَ الصَّالِحِيْنَ الَّذِيْنَ يَرِثُوْنَ الْفِرْدَوْسَ هُمْ فِيْهَا خَالِدُوْنَ، وَالَّذِيْنَ يُؤْتُوْنَ مَا اٰتَوْا وَقُلُوْبُهُمْ وَجِلَةٌ، اَنَّهُمْ اِلٰى رَبِّهِمْ رَاجِعُوْنَ، وَمِنَ الَّذِيْنَ يُسَارِعُوْنَ فِي الْخَيْرَاتِ وَهُمْ لَهَا سَابِقُوْنَ. اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِهٖ، فِيْ كُلِّ وَقْتٍ وَّكُلِّ اَوَانٍ وَّعَلٰى كُلِّ حَالٍ عَدَدَ مَا صَلَّيْتَ عَلٰى مَنْ صَلَّيْتَ عَلَيْهِ، وَاَضْعَافَ ذٰلِكَ كُلِّهٖ بِالْاَضْعَافِ الَّتِيْ لَا يُحْصِيْهَا غَيْرُكَ، اِنَّكَ فَعَّالٌ لِمَا تُرِيْدُ.

અય અલ્લાહ ! જયાં સુધી તું અમને જીવિત રાખે ત્યાં સુધી બધાં જ મહીનામાં અને બધા જ દિવસોમાં આવી જ રીતે અમને તેવી તૌફીક અતા કર. અને અમને તારા એ બંદાઓમાંથી કરાર આપ જેઓ

તારી જન્નતના વારસદાર બનશે જયાં તેઓ હંમેશા માટે રહેશે. અમને તેઓમાંથી કરાર આપ જેઓ જયારે કંઈ આપે છે (દાનમાં) ત્યારે ભયભીત દિલથી આપે છે કારણ કે , નિઃ શંક, તેઓ પોતાના રબ્બની તરફ પાછા ફરવાના છે અને જેઓ નિયમિત ખૈરાત (દાન) કરે છે તથા તેમાં પ્રગતિ શોધે છે. અય અલ્લાહ ! દરેક સમયે , દરેક ઘડીએ અને દરેક હાલમાં હઝરત મોહંમદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર રહમત નાઝિલ કર , એટલી રહમત કે જેટલી રહમત અત્યાર સુધી તેં કોઈના ઉપર પણ (વધારેમાં વધારે) નાઝિલ કરી હોય અને તે સૌ કરતાં પણ ઘણી ઘણી જ વધારે, જેનો હિસાબ તારા સિવાય બીજું કોઇ પણ ન કરી શકે. નિ:શંક, તું જે ચાહે છે તે કરવામાં તું જ શ્રેષ્ઠ કર્તાહર્તા છે. તારી રહમતની સાથે , અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

## ઈમામ સાદિક (અ.)ની પહેલી રાતની દુઆ

**ઈમામ સાદિક (અ.)થી આ દુઆ રિવાયત કરવામાં આવેલ છે :**

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ رَبَّ شَهْرِ رَمَضَانَ ، مُنَزِّلَ الْقُرْاٰنِ ، هٰذَا شَهْرُ رَمَضَانَ الَّذِيْ

اَنْزَلْتَ فِيْهِ الْقُرْاٰنَ وَ اَنْزَلْتَ فِيْهِ اٰيَاتٍ بَيِّنَاتٍ مِنَ

الْهُدٰى وَ الْفُرْقَانِ ، اَللّٰهُمَّ ارْزُقْنَا صِيَامَهٗ وَ اَعِنَّا

عَلٰى قِيَامِهٖ ، اَللّٰهُمَّ سَلِّمْهُ لَنَا وَ سَلِّمْنَا فِيْهِ وَ تَسَلَّمْهُ

مِنَّا فِيْ يُسْرٍ مِنْكَ وَ مُعَافَاةٍ وَّ اجْعَلْ فِيْمَا تَقْضِيْ وَ

تُقَدِّرُ مِنَ الْاَمْرِ الْمَحْتُوْمِ وَ فِيْمَا تَفْرُقُ مِنَ الْاَمْرِ

الْحَكِيْمِ فِيْ لَيْلَةِ الْقَدْرِ مِنَ الْقَضَاءِ الَّذِيْ لَا يُرَدُّ وَ

لَا يُبَدَّلُ اَنْ تَكْتُبَنِيْ مِنْ حُجَّاجِ بَيْتِكَ الْحَرَامِ ،

اَلْمَبْرُوْرِ حَجُّهُمْ ، اَلْمَشْكُوْرِ سَعْيُهُمْ ، اَلْمَغْفُوْرِ

ذُنُوْبُهُمْ ، اَلْمُكَفَّرِ عَنْهُمْ سَيِّئَاتُهُمْ وَ اجْعَلْ فِيْمَا

تَقْضِيْ وَ تُقَدِّرُ اَنْ تُطِيْلَ لِيْ فِيْ عُمْرِيْ وَ تُوَسِّعَ عَلَيَّ

مِنَ الرِّزْقِ الْحَلَالِ .

(શરૂ કરૂ છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ, અય માહે રમઝાનના પરવરદિગાર, અય કુરઆનને નાઝિલ કરનાર, આ માહે રમઝાન છે, કે જેમાં તેં કુરઆને કરીમને નાઝિલ કર્યુ, અને તેમાં હિદાયતની ચોખ્ખી

નિશાનીઓ નાઝિલ કરી, અને હક્ક તથા બાતિલનો ફર્ક નાઝિલ કર્યો. અય અલ્લાહ, અમોને તેના રોઝા નસીબ કર, અને તેમાં ઈબાદત કરવામાં અમારી મદદ કર; અય અલ્લાહ, અમોને પૂરો મહીનો નસીબ કર, અને અમોને તેમાં સલામતી અતા કર, અને માહે રમઝાનને તે આપેલી આસાનીઓ અને તંદુરસ્તીને સાથે કબૂલ કર. શબે કદ્રમાં યકીની વસ્તુઓ મુકદ્દર થવાનો તેં હુક્મ (ફેંસલો) આપ્યો છે, અને તું જે મક્કમ વસ્તુઓની વહેંચણી કરે છે, એવો હુક્મ કે જે ન તો પાછો ખેંચવામાં આવશે અને ન તો તેમાં કોઈ ફેરફાર થશે, તેમાં અમારી માટે આ વસ્તુને પણ નક્કી કર કે તારા મોહતરમ ઘરની હજ્જ કરનારાઓમાં મારું નામ લખી દે, તે લોકોમાં કે જેમની હજ્જ પાક અને તને પસંદ પડે તેવી છે, અને જેમની સઈ (અને મહેનત) કબૂલ છે, અને જેમના ગુનાહો માફ થયેલા છે, અને જેમની બુરાઈઓ નાબૂદ થયેલી છે, અને મારી માટે યકીની હુક્મ મુકદ્દર કરજે કે મારી આયુષ્ય વધે, અને મારી હલાલ રોઝીને મારી માટે બહોળી કર.

## ઈમામ મૂસા કાઝિમ (અ.)ની દુઆ

ઈમામ મૂસા કાઝિમ (અ.)થી રિવાયત છે કે માહે મુબારકે રમઝાનમાં શરૂઆતમાં આ દુઆ પઢે; જે કોઈ પણ આ દુઆને, રીયાકારી વગર અને દિલમાં કોઈ પણ

જાતના ખરાબ મકસદ રાખ્યા વગર પઢે, તો આ વર્ષ દરમ્યાન ફીત્નાઓ, ગુમરાહીઓ અને મુસીબતો તેના દીન (ઈમાન)ને અને તેના બદનને નુકશાન નહિ પહોંચાડે અને અલ્લાહ તેને આ વર્ષની તમામ બુરાઈઓથી બચાવીને રાખશે, તે દુઆ આ છે:

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ بِاسْمِكَ الَّذِيْ دَانَ لَهٗ كُلُّ شَيْءٍ وَّ بِرَحْمَتِكَ الَّتِيْ وَسِعَتْ كُلَّ شَيْءٍ وَّ بِعَظَمَتِكَ الَّتِيْ تَوَاضَعَ لَهَا كُلُّ شَيْءٍ وَّ بِعِزَّتِكَ الَّتِيْ قَهَرَتْ كُلَّ شَيْءٍ وَّ بِقُوَّتِكَ الَّتِيْ خَضَعَ لَهَا كُلُّ شَيْءٍ وَّ بِجَبَرُوْتِكَ الَّتِيْ غَلَبَتْ كُلَّ شَيْءٍ وَّ بِعِلْمِكَ الَّذِيْ اَحَاطَ بِكُلِّ شَيْءٍ

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ, હું ખરેખર તારી પાસે તારા તે નામના વાસ્તાથી સવાલ કરૂં છું કે જેની દરેક વસ્તુ ઇતાઅત કરે છે, અને તે રહમતના વાસ્તાથી સવાલ કરૂં છું કે જે દરેક વસ્તુને ઘેરાયેલી છે, અને તારી બુઝુર્ગીના વાસ્તાથી સવાલ કરૂં છું કે જેની સામે દરેક વસ્તુઓ વિનમ્ર બની ગઈ છે, અને તારી કુદરતના વાસ્તાથી કે જે દરેક વસ્તુ

ઉપર શક્તિ ધરાવે છે, અને તારી તાકતના વાસ્તાથી કે જેની સામે દરેક વસ્તુઓએ નમી ગઈ છે, અને તારી કુદરતના વાસ્તાથી કે જે દરેક વસ્તુ ઉપર છવાયેલી  છે, અને તારા ઇલ્મના વાસ્તાથી કે જેણે દરેક વસ્તુને ઘેરી લીઘેલ છે;

يَا نُوْرُيَا قُدُّوْسُ  يَا اَوَّلًا قَبْلَ كُلِّ شَيْءٍ وَّيَا  بَاقِيًا بَعْدَ كُلِّ شَيْءٍ ، يَا اَللّٰهُ يَا رَحْمٰنُ ، صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ وَّ اغْفِرْ لِيَ الذُّنُوْبَ الَّتِيْ تُغَيِّرُ النِّعَمَ ، وَ اغْفِرْ لِيَ الذُّنُوْبَ الَّتِيْ تُنْزِلُ النِّقَمَ ، وَ اغْفِرْ لِيَ الذُّنُوْبَ الَّتِيْ تَقْطَعُ الرَّجَاءَ وَ اغْفِرْ لِيَ الذُّنُوْبَ الَّتِيْ تُدِيْلُ الْاَعْدَاءَ وَ اغْفِرْ لِيَ الذُّنُوْبَ الَّتِيْ تَرُدُّ الدُّعَاءَ وَ اغْفِرْ لِيَ الذُّنُوْبَ الَّتِيْ يُسْتَحَقُّ بِهَا نُزُوْلُ الْبَلَاءِ ، وَ اغْفِرْ لِيَ الذُّنُوْبَ الَّتِيْ تَحْبِسُ غَيْثَ السَّمَاءِ وَ اغْفِرْ لِيَ الذُّنُوْبَ الَّتِيْ تَكْشِفُ الْغِطَاءَ وَ اغْفِرْ لِيَ الذُّنُوْبَ الَّتِيْ تُعَجِّلُ الْفَنَاءَ وَ اغْفِرْ لِيَ الذُّنُوْبَ الَّتِيْ تُوْرِثُ النَّدَمَ وَ اغْفِرْ لِيَ الذُّنُوْبَ الَّتِيْ تَهْتِكُ الْعِصَمَ

، وَ اَلْبِسْنِي دِرْعَكَ الْحَصِيْنَةَ الَّتِيْ لَا تُرَامُ وَ عَافِنِيْ مِنْ شَرِّ مَا اُحَاذِرُ بِاللَّيْلِ وَ النَّهَارِ فِيْ مُسْتَقْبَلِ سَنَتِيْ هَذِهِ

અય નૂર, અય ખુબજ પાકીઝા, અય પહેલો કે જે દરેક વસ્તુની પેહલા હતો, અને અય હંમેશા બાકી રેહનાર કે જે દરેક વસ્તુની પછી પણ બાકી રેહનાર છે; અય અલ્લાહ, અય ખુબજ મહેરબાન, હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને હઝરત મોહમ્મદ (સ.અ.વ.)ની ઔલાદ ઉપર રહમત નાઝિલ કર, અને મારા તે ગુનાહોને માફ કર કે જે તારી નેઅમતોને ફેરવી નાખે છે, અને મારા તે ગુનાહોને માફ કર કે જે અઝાબ નાઝિલ થવાનું કારણ બને છે, અને મારા તે ગુનાહોને માફ કર કે જે ઉમ્મીદોને તોડી નાખે છે, અને મારા તે ગુનાહોને માફ કર કે જેના કારણે દુશ્મનો મારી ઉપર કાબુ મેળવે છે, અને મારા તે ગુનાહોને માફ કર કે જેના કારણે દુઆઓ કબૂલ નથી થતી, અને મારા તે ગુનાહોને માફ કર કે જેના કારણે હું બલા નાઝિલ થવાનો હક્કદાર બની જાવ છું; અને મારા તે ગુનાહોને માફ કર કે જે આસમાનના વરસાદને નાઝિલ થવાથી રોકે છે, અને મારા તે ગુનાહોને માફ કર કે જે પરદાઓને ખોલી નાખે છે, અને મારા તે ગુનાહોને માફ કર કે

જેના કારણે જલ્દીથી નાબૂદી આવે છે અને મારા તે ગુનાહોને માફ કર કે જે પસ્તાવાનું અને શરમીંદગીનું કારણ બને છે, અને મારા તે ગુનાહોને માફ કર કે જે અઝાબ નાઝિલ થવાનું કારણ બને છે, અને મારા તે ગુનાહોને માફ કર કે જેના કારણે પરદાઓ ફાટી જાય છે, અને મને એવું મઝ્બૂત બખ્તર પહેરાવ કે જેને કોઈ ઉતારી ન શકે, અને મને આ વર્ષના દિવસો અને રાત્રિઓમાં જે બાબતોનો ડર છે તેનાથી મને હિફાઝતમાં રાખ;

اَللّٰهُمَّ رَبَّ السَّمٰوَاتِ السَّبْعِ وَ رَبَّ الْاَرَضِيْنَ السَّبْعِ وَ مَا فِيْهِنَّ وَ مَا بَيْنَهُنَّ وَ رَبَّ الْعَرْشِ الْعَظِيْمِ وَ رَبَّ السَّبْعِ الْمَثَانِيْ وَ الْقُرْاٰنِ الْعَظِيْمِ وَ رَبَّ اِسْرَافِيْلَ وَ مِيْكَائِيْلَ وَ جَبْرَئِيْلَ وَ رَبَّ مُحَمَّدٍ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَ اٰلِهٖ سَيِّدِ الْمُرْسَلِيْنَ وَ خَاتَمِ النَّبِيِّيْنَ ، اَسْاَلُكَ بِكَ وَ بِمَا سَمَّيْتَ بِهٖ نَفْسَكَ يَا عَظِيْمُ اَنْتَ الَّذِيْ تَمُنُّ بِالْعَظِيْمِ ،

અય અલ્લાહ, અય સાત આસમાનો પાલનહાર, અને સાત ઝમીનોનો પાલનહાર, અને અય તે બધી વસ્તુઓના પાલનહાર કે જે કાંઈ પણ તે બન્નેની

અંદર છે, અને જે કાંઈ પણ તે બન્નેની વચ્ચે છે; અને અય અર્શે અઝીમના પાલનહાર, અને બે વખત નાઝિલ થયેલી સાત આયતો (વાળા સૂરએ અલ્હમ્દ) અને અઝીમ કુરઆનના પાલનહાર; અને હઝરતે ઇસરાફિલ (અ.) અને હઝરત મીકાઈલ (અ.) અને હઝરત જબ્રઈલ (અ.)ના પાલનહાર, અને હઝરત મોહમ્મદ (સ.અ.વ.)ના પાલનહાર - અલ્લાહની રહમત નાઝિલ થાય તેમની ઉપર તેમજ તેમની ઔલાદ ઉપર – કે જે તમામ રસૂલોના સરદાર છે અને નબીઓમાં છેલ્લા નબી છે, હું તારી પાસે તારા વાસ્તાથી સવાલ કરૂં છું અને તેના વાસ્તાથી કે જેનાથી તે પોતાનું નામ રાખ્યું છે, અય ખુબજ મહાન, તું એ ઝાત છે કે જે ખુબજ મોટા એહસાન કરે છે,

وَ تَدْفَعُ كُلَّ مَحْذُوْرٍ وَّ تُعْطِيْ كُلَّ جَزِيْلٍ وَّ تُضَاعِفُ الْحَسَنَاتِ بِالْقَلِيْلِ وَ بِالْكَثِيْرِ وَ تَفْعَلُ مَا تَشَاءُ ، يَا قَدِيْرُ يَا اَللهُ يَا رَحْمٰنُ ، صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اَهْلِ بَيْتِهٖ وَ اَلْبِسْنِيْ فِيْ مُسْتَقْبَلِ سَنَتِيْ هٰذِهٖ سِتْرَكَ وَ نَضِّرْ وَجْهِيْ بِنُوْرِكَ وَ اَحِبَّنِيْ بِمَحَبَّتِكَ وَ بَلِّغْنِيْ رِضْوَانَكَ وَ شَرِيْفَ كَرَامَتِكَ وَ جَسِيْمَ عَطِيَّتِكَ وَ

اَعْطِنِيْ مِنْ خَيْرِ مَا عِنْدَكَ وَ مِنْ خَيْرِ مَا اَنْتَ مُعْطِيْهِ اَحَدًا مِنْ خَلْقِكَ وَ اَلْبِسْنِيْ مَعَ ذٰلِكَ عَافِيَتَكَ ،

તું દરેક ડરને દૂર કરે છે, અને તું મોટી મોટી નેઅમતો અતા કરનાર છે, અને તું ઓછી અને વધારે નેઅમતોને બમણી કરનાર, અને તું જે ચાહે છે તે કરે છે, અય ખુબજ કુદરતવાળા, અય અલ્લાહ, અય ખુબજ મહેરબાન, હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેના ખાનદાન વાળાઓ ઉપર રહમત નાઝિલ કર, અને મને આ વર્ષે તારી હિફાઝતનો લિબાસ પહેરાવ, અને મારા ચેહરાના તારા નૂર થકી ખુશહાલ કર, અને મુહબ્બત થકી મારી સાથે મુહબ્બત કર, અને મને તારી ખુશનુદી, તારી માનનીય ઇઝ્ઝત, અને મોટી મોટી નેઅમતોને મારી સુધી પહોંચાડ; અને મને તારી પાસેની બેહતરીન વસ્તુ અતા કર અને મને તે બેહતરીન વસ્તુ અતા કર કે જેને તું તારી મખ્લૂકમાંથી કોઈ એકને પણ અતા કરવાનો છે, અને મને તેની સાથે તારી સલામતીનો લિબાસ પહેરાવ;

يَا مَوْضِعَ كُلِّ شَكْوٰى وَيَا شَاهِدَ كُلِّ نَجْوٰى وَيَا عَالِمَ

كُلِّ خَفِيَّةٍ وَّيَا دَافِعَ مَا تَشَاءُ مِنْ بَلِيَّةٍ ، يَا كَرِيْمَ الْعَفْوِ يَا حَسَنَ التَّجَاوُزِ ، تَوَفَّنِيْ عَلٰى مِلَّةِ اِبْرَاهِيْمَ وَ فِطْرَتِهٖ ، وَ عَلٰى دِيْنِ مُحَمَّدٍ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَ اٰلِهٖ وَ سُنَّتِهٖ وَ عَلٰى خَيْرِ الْوَفَاةِ فَتَوَفَّنِيْ مُوَالِيًا لِاَوْلِيَائِكَ وَ مُعَادِيًا لِاَعْدَائِكَ

અય બધીજ શિકાયતોને સાંભળનાર, અને દરેક છુપી વાતોનો ગવાહ, અય ખુબજ છુપાયેલી બાબતોને જાણનાર, અય જે ચાહે તે બલાઓને દૂર કરનાર, અય ઉદારતાની સાથે માફ કરનાર, અય બેહતરીન દરગુઝર કરવાવાળા, અને મને હઝરત ઈબ્રાહીમ (અ.)ની સુન્નત ઉપર અને તેમની ફિતરત ઉપર, અને હઝરત મોહમ્મદ (સ.અ.વ.)ના દીન ઉપર અને તેમની સુન્નત ઉપર મૌત આપ, અને મને બેહતરીન મૌત અતા કર; તો મને એવી હાલતમાં મૌત આપ કે હું તારા વલીઓની સાથે દોસ્તી રાખેલી હોય અને તારા દુશ્મનોની સાથે દુશ્મની રાખેલી હોય,

اَللّٰهُمَّ وَ جَنِّبْنِيْ فِيْ هٰذِهِ السَّنَةِ كُلَّ عَمَلٍ اَوْ قَوْلٍ اَوْ فِعْلٍ يُبَاعِدُنِيْ مِنْكَ وَ اجْلِبْنِيْ اِلٰى كُلِّ عَمَلٍ اَوْ قَوْلٍ اَوْ

فِعْلٍ يُقَرِّبُنِيْ مِنْكَ فِيْ هٰذِهِ السَّنَةِ يَا اَرْحَمَ

الرَّاحِمِيْنَ ، وَ امْنَعْنِيْ مِنْ كُلِّ عَمَلٍ اَوْ قَوْلٍ اَوْ فِعْلٍ

يَكُوْنُ مِنِّيْ اَخَافُ ضَرَرَ عَاقِبَتِهٖ وَ اَخَافُ مَقْتَكَ

اِيَّايَ عَلَيْهِ حِذَارَ اَنْ تَصْرِفَ وَجْهَكَ الْكَرِيْمَ عَنِّيْ

فَاَسْتَوْجِبَ بِهٖ نَقْصًا مِنْ حَظٍّ لِيْ عِنْدَكَ ، يَا رَءُوْفُ

يَا رَحِيْمُ .

અય અલ્લાહ, આ વર્ષે મને એવા દરેક અમલથી, કથન (વાતો)થી અને કાર્યોથી બચાવ જે મને તારાથી દૂર કરનાર છે, અને આ વર્ષે મને એવા દરેક અમલ, કથન (વાતો) અને કાર્યો તરફ લઈજા જે મને તારી નજિક પહોંચાડે છે, અય રહેમ કરવા વાળાઓમાં સૌથી વધારે રહેમ કરનાર, મને એવા દરેક અમલથી, કથન (વાતો)થી અને કાર્યોથી દૂર રાખ કે જેના નુકશાનકારક પરીણામથી હું ડરૂં છું અને એવા કાર્યોથી ડરૂં કે જેને તું પસંદ ન કર; મને તે વાતનો ડર છે કે તું તારી પાકીઝા ઉદાર નઝરને મારી તરફથી હટાવી લઈશ કે જેના કારણે તારી તરફથી મળતા મારા હિસ્સાનો ફાયદો ઓછો થઇ જાય, અય ખુબજ મુહબ્બત કરનાર, અય ખુબજ મહેરબાન;

اَللّٰهُمَّ اجْعَلْنِيْ فِيْ مُسْتَقْبَلِ سَنَتِيْ هٰذِهٖ فِيْ حِفْظِكَ وَ
فِيْ جِوَارِكَ وَ فِيْ كَنَفِكَ وَ جَلِّلْنِيْ سِتْرَ عَافِيَتِكَ وَ هَبْ
لِيْ كَرَامَتَكَ ، عَزَّ جَارُكَ وَ جَلَّ ثَنَاؤُكَ وَ لَا اِلٰهَ غَيْرُكَ
، اَللّٰهُمَّ اجْعَلْنِيْ تَابِعًا لِصَالِحِيْ مَنْ مَضٰى مِنْ
اَوْلِيَائِكَ وَ اَلْحِقْنِيْ بِهِمْ وَ اجْعَلْنِيْ مُسَلِّمًا لِمَنْ قَالَ
بِالصِّدْقِ عَلَيْكَ مِنْهُمْ وَ اَعُوْذُ بِكَ اللّٰهُمَّ اَنْ تُحِيْطَ
بِيْ خَطِيْئَتِيْ وَ ظُلْمِيْ وَ اِسْرَافِيْ عَلٰى نَفْسِيْ وَ اتِّبَاعِيْ
لِهَوَايَ وَ اشْتِغَالِيْ بِشَهَوَاتِيْ فَيَحُوْلُ ذٰلِكَ بَيْنِيْ وَ
بَيْنَ رَحْمَتِكَ وَ رِضْوَانِكَ فَاَكُوْنَ مَنْسِيًّا عِنْدَكَ
مُتَعَرِّضًا لِسَخَطِكَ وَ نِقْمَتِكَ ،

અય અલ્લાહ, મને આ વર્ષે તારી હિફાઝતમાં, તારી પનાહમાં અને તારા આશરામાં રાખજે, અને મને તારી હિફાઝતનો લિબાસ પહેરાવી મને ઇઝ્ઝત આપ, અને તારી તરફથી મને બુઝુર્ગી અતા કર; જે તારીથી નજિક છે તે ખુબજ ઇઝ્ઝતવાળો છે; અને તારા વખાણ સર્વોચ્ચ છે, અને તારા સિવાય બીજો કોઈ મઅબૂદ નથી; તારા દોસ્તોમાંથી જે નેક

બંદાઓ થઇ ગયા છે, તેમાં મને શામિલ કર અને મને તેઓની સાથે ભેળવી દે, અને તેઓમાંથી જેણે તારા તરફથી સાચી વાત કહી તે વાતને કબૂલ કરનાર બનાવ; અને અય અલ્લાહ , ખરેખર હું તારી પાસે પનાહ માંગું છું કે મને મારી ભૂલો, મારો અત્યાચાર, અને મારા નફ્સ ઉપરનો ઝુલ્મ, મારી ખરાબ ઈચ્છાઓની તાબેદારી, અને મારા ગુનાહોની ચાહતમાં મારી મગ્નતા, મને ઘેરી ન લે, કે જેના પરિણામે આ ઘેરાવ મારી અને તારી રહમત તથા તારી ખુશનુદીની વચ્ચે દીવાર બની જાય, કે જેના કારણે તું મને પડતો મૂકી દે, અને હું તારા ગઝબનો અને તારા અઝાબમાં ફસાય જાઉં;

اَللّٰهُمَّ وَفِّقْنِيْ لِكُلِّ عَمَلٍ صَالِحٍ تَرْضٰى بِهٖ عَنِّيْ وَ قَرِّبْنِيْ اِلَيْكَ زُلْفٰى ، اَللّٰهُمَّ كَمَا كَفَيْتَ نَبِيَّكَ مُحَمَّدًا صَلَّى اللّٰهُ عَلَيْهِ وَ اٰلِهٖ هَوْلَ عَدُوِّهٖ وَ فَرَّجْتَ هَمَّهٗ وَ كَشَفْتَ غَمَّهٗ وَ صَدَقْتَهٗ وَعْدَكَ وَ اَنْجَزْتَ لَهٗ عَهْدَكَ ، اَللّٰهُمَّ فَبِذٰلِكَ فَاكْفِنِيْ هَوْلَ هٰذِهِ السَّنَةِ وَ اٰفَاتِهَا وَ اَسْقَامَهَا وَ فِتْنَتَهَا وَ شُرُوْرَهَا وَ اَحْزَانَهَا وَ ضِيْقَ الْمَعَاشِ فِيْهَا وَ بَلِّغْنِيْ بِرَحْمَتِكَ كَمَالَ الْعَافِيَةِ

بِتَمَامِ دَوَامِ النِّعْمَةِ عِنْدِيْ اِلٰى مُنْتَهٰى اَجَلِيْ

અય અલ્લાહ, મને એવા દરેક નેક અમલ કરવાની તૌફીક અતા કર કે જેના થકી તું મારીથી રાજી થઇ જા, અને જે મને તારાથી વધારે નજિક કરે; અય અલ્લાહ, જેવી રીતે તેં તારા નબી હઝરત મોહમ્મદ (સ.અ.વ.) માટે તેમના દુશ્મનો સામે તે મદદ કરી હતી અને તેમની પરેશાની અને તેમના ગમને દૂર કર્યા હતા, અને તારા વચનને  સાચું કરી બતાવ્યું, અને તેઓની સાથે કરેલું પયમાનને તે પૂરૂં કર્યું, અય મારા અલ્લાહ, તો પછી આવીજ રીતે આ વર્ષના ભયને દૂર કરી મારી મદદ કર, અને આ વર્ષની મુસીબતો, બીમારીઓ, કસોટીઓ, તકલીફો, ગમ અને આ વર્ષની ઝીન્દગીની તંગીમાં મારી માટે પુરતો થઇ જા અને મને તારી રહમત થકી તારી તરફથી મળતી બધીજ નેઅમતો વડે મને સંપૂર્ણ સલામતી અતા કર કે જે મારી ઝીંદગીના અંત સુધી મને મળતી રહે.

اَسْاَلُكَ سُؤَالَ مَنْ اَسَاءَ وَ ظَلَمَ وَ اسْتَكَانَ وَ اعْتَرَفَ ،

وَ اَسْاَلُكَ اَنْ تَغْفِرَ لِيْ مَا مَضٰى مِنَ الذُّنُوْبِ الَّتِيْ

حَصَرَتْهَا حَفَظَتُكَ وَ اَحْصَتْهَا كِرَامُ مَلاَئِكَتِكَ عَلَيَّ

وَ اَنْ تَعْصِمَنِيْ اِلٰهِيْ مِنَ الذُّنُوْبِ فِيْمَا بَقِيَ مِنْ عُمْرِيْ اِلٰى مُنْتَهٰى اَجَلِيْ ، يَا اَللّٰهُ يَا رَحْمٰنُ يَا رَحِيْمُ ، صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اَهْلِ بَيْتِ مُحَمَّدٍ وَّ اٰتِنِيْ كُلَّ مَا سَاَلْتُكَ وَ رَغِبْتُ اِلَيْكَ فِيْهِ فَاِنَّكَ اَمَرْتَنِيْ بِالدُّعَاءِ وَ تَكَفَّلْتَ لِيْ بِالْاِجَابَةِ ، يَا اَرْحَمَ الرَّاحِمِيْنَ .

હું તારી પાસે સવાલ કરૂં છું તેની જેમ કે જેણે ઝુલ્મ કર્યા અને ગુનાહ કર્યા, અને તે મોહતાજ છે અને પોતાના ગુનાહોને સ્વીકારે છે અને હું સવાલ કરૂં છું કે તું મારા અત્યાર સુધીના બધા ગુનાહોને માફ કરી દે કે જેને તારી તરફથી હિફાઝત કરવા વાળાઓએ તે ગુનાહોને નોંધેલા છે, અને તારા માનનીય ફરિશ્તાઓએ તે ગુનાહોને મારી વિરુધ્ધ ગણેલા છે; અને અય મારા અલ્લાહ, મારી હવે પછીની ઝીંદગીમાં મારી મૌત આવે ત્યાં સુધી મને તું ગુનાહોથી બચાવ; અય અલ્લાહ, અય ખુબજ મહેરબાન, અય બહુજ દયાળુ, તું હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમના ખાનદાન ઉપર રહમત નાઝિલ કર, અને મને તે બધું જ અતા કર કે જેને મેં માંગ્યું છે અને જેની મેં તારી પાસે આશા રાખી છે, કારણ કે ખરેખર તેં દુઆ કરવાનો હુકમ આપ્યો

છે અને તેને કબૂલ કરવાની જવાબદારી લીધી છે, અય રહેમ કરવાવાળાઓ માં સૌથી વધારે રહેમ કરનાર.

## પહેલી રાતની મુખ્તસર દુઆ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ۔ اَلْحَمْدُ لِلّٰهِ الَّذِيْ اَكْرَمَنَا بِكَ اَيُّهَا الشَّهْرُ الْمُبَارَكُ، اَللّٰهُمَّ فَقَوِّنَا عَلٰى صِيَامِنَا وَقِيَامِنَا وَثَبِّتْ اَقْدَامَنَا وَانْصُرْنَا عَلَى الْقَوْمِ الْكَافِرِيْنَ. اَللّٰهُمَّ اَنْتَ الْوَاحِدُ فَلَا وَلَدَ لَكَ، وَاَنْتَ الصَّمَدُ فَلَا شِبْهَ لَكَ، وَانْتَ الْعَزِيْزُ فَلَا يُعِزُّكَ شَيْءٌ، وَاَنْتَ الْغَنِيُّ وَاَنَا الْفَقِيْرُ، وَاَنْتَ الْمَوْلٰى وَاَنَا الْعَبْدُ، وَاَنْتَ الْغَفُوْرُ وَاَنَا الْمُذْنِبُ، وَاَنْتَ الرَّحِيْمُ وَاَنَا الْمُخْطِئُ، وَاَنْتَ الْخَالِقُ وَاَنَا الْمَخْلُوْقُ، وَاَنْتَ الْحَيُّ وَاَنَا الْمَيِّتُ، اَسْاَلُكَ بِرَحْمَتِكَ اَنْ تَغْفِرَ لِيْ وَتَرْحَمَنِيْ وَتَتَجَاوَزَ عَنِّيْ، اِنَّكَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. તમામ વખાણ અલ્લાહ માટે છે કે અય માહે મુબારકે રમઝાન, તારા થકી અમોને ઇઝ્ઝત મળી; અય અલ્લાહ, અમોને રોઝા રાખવા માટે અને નમાઝ તથા કેયામ માટે તાકત આપ, અને અમારા કદમોને મક્કમ બનાવ, અને કાફીરોના સમૂહની વિરુધ્ધ અમારી મદદ કર; અય અલ્લાહ, તું એકમાત્ર છે તો તારી કોઈ પણ ઔલાદ નથી, અને તું બેનિયાઝ છે કે તારી જેવું બીજું કોઈ નથી, તું કુદરતનો માલિક છે તો તને બીજું કોઈ કુદરત નથી આપતું, તું બનીયાઝ છે અને હું મોહતાજ છું, તું મારો મૌલા છે અને હું તારો બંદો છું, તું ખુબજ માફ કરનાર છે અને હું ગુનેહગાર છું, તું દયાળુ છે અને હું ભૂલો કરવાવાળો છું, તું પૈદા કરનાર છે અને હું મખ્લૂક છું, તું જીવંત છે અને હું મય્યત છું; તારી રહમતના વાસ્તાથી સવાલ કરૂં છું કે મને માફ કરી દે, અને મારી ઉપર રહેમ કર, અને મને દરગુઝર કર, ખરેખર તું દરેક વસ્તુ ઉપર કુદરત રાખે છે.

## ઈમામ હુસૈન (અ.)ની ઝિયારત

જે કોઈ ઈમામ હુસૈન (અ .)ની કબરે મુબારકની ઝિયારત કરે તો તેના ગુનાહ માફ કરી દેવામાં આવે અને તે વર્ષના હજ કરવાવાળા અને ઉમરાહ કરવાવાળા જેટલો સવાબ મળે. ઈમામ હુસૈન (અ.) ની ઝિયારત પેજ

નંબર 939 ઉપર છે

## દુઆ : અલ્લાહુમ્મ ઈન્ન હાઝાશ્શહરૂલ મુબારક

આ નીચેની દુઆ પઢે જે શાબાન મહીનાની છેલ્લી તારીખે પણ પઢવાની હોય છે :

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ اِنَّ هٰذَا الشَّهْرَ الْمُبَارَكَ الَّذِي اُنْزِلَ فِيْهِ الْقُرْاٰنُ وَجُعِلَ هُدًى لِلنَّاسِ وَبَيِّنَاتٍ مِنَ الْهُدٰى وَالْفُرْقَانِ ، قَدْ حَضَرَ فَسَلِّمْنَا فِيْهِ وَسَلِّمْهُ لَنَا وَتَسَلَّمْهُ مِنَّا فِي يُسْرٍ مِنْكَ وَعَافِيَةٍ، يَا مَنْ اَخَذَ الْقَلِيْلَ، وَشَكَرَ الْكَثِيْرَ، اِقْبَلْ مِنِّى الْيَسِيْرَ،

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ, બેશક બરકતવાળો મહીનો હાજર થઇ ગયો છે કે જેમાં કુરઆને કરીમ નાઝિલ કરવામાં આવ્યું છે અને તેને તમામ ઇન્સાનો માટે હિદાયત બનાવવામાં આવ્યું છે, કે તેની અંદર હિદાયતની સ્પષ્ટ દલીલો અને હક્ક તેમજ બાતિલની ઓળખાણ છે. અને તારી તરફથી મળતી આસાની અને હિફાઝત વડે અમોને માહે રમઝાનમાં સલામતી અતા કર અને માહે

રમઝાનના તરફથી અમોને સલામતી આપ અને માહે રમઝાનને અમારાથી સહી-સલામત પરત લેજે. અય તે કે જે થોડું લે છે અને તેના બદલામાં ખુબજ વધારે અતા કરે, મારા આ થોડા અમલને કબૂલ કર.

اَللّٰهُمَّ اِنِّي اَسْاَلُكَ اَنْ تَجْعَلَ لِيْ اِلٰى كُلِّ خَيْرٍ سَبِيْلًا ، وَمِنْ كُلِّ مَا لَا تُحِبُّ مَانِعًا ، يَا اَرْحَمَ الرَّاحِمِيْنَ ، يَا مَنْ عَفَا عَنِّي وَعَمَّا خَلَوْتُ بِهٖ مِنَ السَّيِّئَاتِ ، يَا مَنْ لَمْ يُؤَاخِذْنِيْ بِارْتِكَابِ الْمَعَاصِيْ ، عَفْوَكَ عَفْوَكَ عَفْوَكَ يَا كَرِيْمُ ، اِلٰهِيْ وَعَظْتَنِيْ فَلَمْ اَتَّعِظْ ، وَزَجَرْتَنِيْ عَنْ مَحَارِمِكَ فَلَمْ اَنْزَجِرْ ، فَمَا عُذْرِيْ ، فَاعْفُ عَنِّيْ يَا كَرِيْمُ ، عَفْوَكَ عَفْوَكَ ، اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ الرَّاحَةَ عِنْدَ الْمَوْتِ ، وَالْعَفْوَ عِنْدَ الْحِسَابِ ، عَظُمَ الذَّنْبُ مِنْ عَبْدِكَ فَلْيَحْسُنِ التَّجَاوُزُ مِنْ عِنْدِكَ ، يَا اَهْلَ التَّقْوٰى وَيَا اَهْلَ الْمَغْفِرَةِ ، عَفْوَكَ عَفْوَكَ ،

અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે સવાલ કરૂં છું કે

મારી માટે દરેક નેકીઓ કરવાના રસ્તા બનાવ, અને જે વસ્તુ તને પસંદ નથી તેનાથી દૂર રાખ, અય સૌથી વધારે રહેમ કરનાર; અય તે કે જેણે મને માફ કર્યો અને મારા તે ગુનાહોને પણ માફ કર્યા કે જેને એકાંતમાં કર્યા હતા, અને અય કે જેણે નાફરમાનીઓના કારણે પકડ્યો નથી, તો મને માફ કર, મને માફ કર, મને માફ કર, અય સૌથી વધારે મહેરબાન. અય અલ્લાહ, તેં મને નસીહત કરી પણ મેં તેની કાળજી ન લીધી, તેં મને હરામ કાર્યોથી રોક્યો તો પણ હું તે કાર્યો કરવાથી ન રોકાણો, બસ તો હવે મારી પાસે કોઈ બહાનું નથી તો પણ તું મને માફ કરી દે, અય મહેરબાન, મને માફ કર, મને માફ કર. અય અલ્લાહ , ખરેખર હું તારી પાસે સવાલ કરું છું કે મને મૌતના સમયે આસાની અતા કર, અને હિસાબ-કિતાબના સમયે મને દરગુઝર કર. તારા બંદાનો ગુનાહ ખુબજ મોટો છે, પણ કેવું સારું છે કે તું કેટલું બધું વધારે દરગુઝર કરે છે. અય બચાવવાવાળા, અને અય માફ કરવાવાળા, મને માફ કર, મને માફ કર.

اَللّٰهُمَّ اِنِّي عَبْدُكَ ابْنُ عَبْدِكَ وَابْنُ اَمَتِكَ ، ضَعِيْفٌ

فَقِيْرٌ اِلٰى رَحْمَتِكَ وَاَنْتَ مُنْزِلُ الْغِنٰى وَالْبَرَكَةِ عَلَى

الْعِبَادِ قَاهِرٌ مُقْتَدِرٌ اَحْصَيْتَ اَعْمَالَهُمْ ، وَقَسَمْتَ

اَرْزَاقَهُمْ، وَجَعَلْتَهُمْ مُخْتَلِفَةً اَلْسِنَتُهُمْ وَاَلْوَانُهُمْ

خَلْقًا مِنْ بَعْدِ خَلْقٍ، وَلَا يَعْلَمُ الْعِبَادُ عِلْمَكَ، وَلَا

يَقْدِرُ الْعِبَادُ قَدْرَكَ، وَكُلُّنَا فَقِيْرٌ اِلٰى رَحْمَتِكَ، فَلَا

تَصْرِفْ عَنِّيْ وَجْهَكَ، وَاجْعَلْنِيْ مِنْ صَالِحِيْ خَلْقِكَ

الْعَمَلِ وَالْاَمَلِ وَالْقَضَاءِ وَالْقَدَرِ،

અય અલ્લાહ, હું તારો બંદો છું, તારા બંદા અને તારી કનીઝની ઔલાદ છું, હું નબળો અને ફકીર છું અને તારી રહમત નો મોહતાજ છું, અને તું પોતાના બંદાઓ ઉપર બરકત અને બેનીયાઝી નાઝિલ કરવાવાળો છે, તું જબરદસ્ત અને કુદરતવાળો છે કે તારા બંદાઓના આમાલની ખબર રાખે છે અને તેઓની રોઝીની વહેંચણી કરે છે; તે તેઓને અલગ અલગ ભાષાવાળા અને  અલગ અલગ રંગવાળા બનાવ્યા અને દરેક મખ્લૂક પછી બીજી મખ્લૂક બનાવી, બંદાઓ તારા ઇલ્મને નથી જાણતા અને બંદાઓ તારી કુદરતનો અંદાજ પણ નથી લગાવી શકતા. અમે બધા તારી રહમતના મોહતાજ છીએ તો પછી ક્યારેય પણ અમારાથી પોતાનું ધ્યાન હટાવતો નહીં; મને અમલ, આરઝુ, કિસ્મત, મુકદ્દર પ્રમાણે તારા નેક બંદાઓમાં શામિલ કર.

اَللّٰهُمَّ اَبْقِنِيْ خَيْرَ الْبَقَاءِ ، وَاَفْنِنِيْ خَيْرَ الْفَنَاءِ عَلٰى
مُوَالَاةِ اَوْلِيَائِكَ وَمُعَادَةِ اَعْدَائِكَ، وَالرَّغْبَةِ اِلَيْكَ،
وَالرَّهْبَةِ مِنْكَ وَالْخُشُوْعِ وَالْوَفَاءِ وَالتَّسْلِيْمِ لَكَ
وَالتَّصْدِيْقِ بِكِتَابِكَ وَاتِّبَاعِ سُنَّةِ رَسُوْلِكَ ، اَللّٰهُمَّ
مَا كَانَ فِيْ قَلْبِيْ مِنْ شَكٍّ اَوْ رَيْبَةٍ اَوْ جُحُوْدٍ اَوْ قُنُوْطٍ اَوْ
فَرَحٍ اَوْ بَذَخٍ اَوْ بَطَرٍ اَوْ خُيَلَاءِ اَوْ رِيَاءٍ اَوْ سُمْعَةٍ اَوْ
شِقَاقٍ اَوْ نِفَاقٍ اَوْ كُفْرٍ اَوْ فُسُوْقٍ اَوْ عِصْيَانٍ اَوْ
عَظَمَةٍ اَوْ شَيْءٍ لَا تُحِبُّ ، فَاَسْاَلُكَ يَا رَبِّ اَنْ تُبَدِّلَنِيْ
مَكَانَهٗ اِيْمَانًا بِوَعْدِكَ، وَوَفَاءً بِعَهْدِكَ، وَرِضًا
بِقَضَائِكَ، وَزُهْدًا فِي الدُّنْيَا، وَرَغْبَةً فِيْمَا عِنْدَكَ،
وَاَثَرَةً وَّطُمَأْنِيْنَةً وَّتَوْبَةً نَصُوْحًا ، اَسْاَلُكَ ذٰلِكَ يَا
رَبَّ الْعَالَمِيْنَ،

અય અલ્લાહ, મને બેહતરીન ઝીંદગી અને મને બેહતરીન મૌત અતા કર કે જેમાં તારા દોસ્તો સાથે મુહબ્બત અને તારા દુશ્મનો સાથે દુશ્મની રાખું,

તારી તરફ મારી તિવ્ર ઈચ્છા ધરાવું, તારાથી ખૌફ રાખું, તારી સામે આજીજી કરૂં, વફાદારી કરૂં, તારા હુકમને માનું, તારી કિતાબને સચ્ચાઈથી સ્વીકાર કરૂં, અને તારા રસૂલ (સ.અ.વ.)ની સુન્નત પ્રમાણે અમલ કરૂં. અય અલ્લાહ, મારા દિલમાં જે કાંઈ પણ શક હોય અથવા વહેમ હોય, અથવા ખોટી જીદ અથવા નાઉમ્મીદી, અથવા ખુશીઓમાં મસ્ત, અથવા અભિમાન અથવા ચિંતારહિત, અથવા અહંકાર, અથવા રીયાકારી, અથવા મશહૂર થવાની ઈચ્છા, અથવા પત્થરદિલ, અથવા નિફાક, અથવા કુફ્ર, અથવા ખરાબ કાર્યો, અથવા નાફરમાની અથવા ઘમંડ, અથવા કોઈ પણ એવી વાત કે જે તને પસંદ નથી, આ બધી બુરાઈઓને મિટાવીને તેના બદલે તારીથી સવાલ કરૂં છું અય મારા પાલનહાર, આ બધું અતા કર કે મારા દિલમાં તારા વાયદાઓ ઉપર યકીન રાખું અને તને આપેલા વચનોનું હું પાલન કરૂં, તારા ફેસલાઓ ઉપર રાજી રહું, દુનિયાના લગાવથી દૂરી રાખું, અને જે કાંઈ તારી પાસે છે તેની ઈચ્છા રાખું, અને તારી બારગાહમાં હાજરી આપું, તારી ઉપર ઇત્મીનાન રાખું  અને સાચી તૌબા કરૂં. હું તારી પાસે આ બધું માંગુ છું અય કાએનાતના પાલનહાર.

اِلٰهِيْ اَنْتَ مِنْ حِلْمِكَ تُعْصٰى، وَمِنْ كَرَمِكَ وَجُوْدِكَ

تُطَاعُ، فَكَاَنَّكَ لَمْ تُعْصَ وَاَنَا وَمَنْ لَمْ يَعْصِكَ

سُكَّانُ اَرْضِكَ، فَكُنْ عَلَيْنَا بِالْفَضْلِ جَوَادًا،

وَبِالْخَيْرِ عَوَّادًا، يَا اَرْحَمَ الرَّاحِمِيْنَ، وَصَلَّى اللّٰهُ

عَلٰى مُحَمَّدٍ وَاٰلِهٖ صَلَاةً دَائِمَةً لَا تُحْصٰى وَلَا تُعَدُّ وَلَا

يَقْدِرُ قَدْرَهَا غَيْرُكَ، يَا اَرْحَمَ الرَّاحِمِيْنَ

અય અલ્લાહ, તારી સહનશીલતાના કારણે તારી નાફરમાની થાય છે, અને તારી અતા અને બખ્શીશના કારણે તારી ઇતાઅત થાય છે, તો જાણે કે તારી નાફરમાની થતી જ નથી એમ મારી જેવો નાફરમાન બંદો કે જે નાફરમાની કરે છે અને જે લોકો તારી નાફરમાની નથી કરતા, તે બધા સાથે તારી જ ઝમીન ઉપર રહે છે. બસ તો અમારી માટે તારા ફઝ્લથી ખુબજ અતા કરનાર, અને ભલાઈ ઉપર ભલાઈ કરનાર થઇ જા, અય રહેમ કરવાવાળાઓ માં સૌથી વધારે રહેમ કરનાર; અને અલ્લાહની રહમત નાઝિલ થાય હઝરત મોહમ્મદ સ.અ.વ. અને તેની ઔલાદ ઉપર, કે જે હંમેશા હંમેશા માટે હોય, કે તારા સિવાય બીજું કોઈ તે રહમતની ગણત્રી, હિસાબ, અને અંદાજ ન લગાવી શકે, અય રહેમ કરવાવાળાઓ માં સૌથી વધારે

રહેમ કરનાર.

## રસૂલે ખુદા (સ.અ.વ.) ની દુઆ : અલ્લાહુમ્મ ઇન્નહુ કદ દખલ

રિવાયતમાં છે કે જયારે માહે રમઝાન આવતો ત્યારે રસુલે ખુદા (સ.અ.વ.) આ દુઆ પઢતા :

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ اِنَّهٗ قَدْ دَخَلَ شَهْرُ رَمَضَانَ ، اَللّٰهُمَّ رَبَّ شَهْرِ رَمَضَانَ الَّذِيْ اَنْزَلْتَ فِيْهِ الْقُرْاٰنَ وَ جَعَلْتَهٗ بَيِّنَاتٍ مِنَ الْهُدٰى وَ الْفُرْقَانِ ، اَللّٰهُمَّ فَبَارِكْ لَنَا فِيْ شَهْرِ رَمَضَانَ وَ اَعِنَّا عَلٰى صِيَامِهٖ وَ صَلَوَاتِهٖ وَ تَقَبَّلْهُ مِنَّا

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ, ખરેખર માહે રમઝાન શરૂ થઇ ચુક્યો છે; અય અલ્લાહ, અય તે માહે રમઝાનના પાલનહાર કે જેમાં તેં કુરઆને કરીમને નાઝિલ કર્યુ, અને તેને હિદાયત માટે ચોખ્ખી નિશાનીઓ વાળું બનાવ્યું, અને હક્ક તથા બાતિલનો ફર્ક ઓળખવાનું માધ્યમ બનાવ્યું. તો અય અલ્લાહ, અમોને આ માહે રમઝાનમાં બરકત અતા કર, અને અમોને તેના રોઝાઓ અને નમાઝો

અદા કરવા માટે અમારી મદદ કર, અને અમારાથી તેને કબૂલ કર.

## દુઆએ જવશને કબીર

પેહલી રાત્રે દુઆએ જવશને કબીર પઢવી મુસ્તહબ છે જેની ફઝીલત તેમજ દુઆ –પેજ નંબર 650 ઉપર આપેલ છે

## કુરઆનની તિલાવત

જયારે માહે રમઝાન શરૂ થઈ જાય એટલે કુરઆનની તિલાવત ખુબજ વધારે કરવી જોઈએ .હઝરત રસૂલે ખુદા (સ.વ.અ.) ફરમાવે છે કે અગર કોઈ આ (માહે રમઝાન)માં એક આયાતની તિલાવત કરે તો તેના બદલામાં તેને બીજા મહીનાઓમાં એક કુરઆન ખત્મ કરવાનો અજર અને સવાબ મળે છે.

શેખ અબ્બાસે કુમ્મી (ર.હ.) ફરમાવે છે કે માહે રમઝાનના દિવસો અને રાત્રીઓના આમાલોમાં સૌથી શ્રેષ્ઠ અમલ કુરઆનની તિલાવત છે , તો આ મહીનામાં જેટલું બને તેટલું વધારે કુરઆનની તિલાવત કરવી જોઈએ કારણ કે કુરઆન આ મહીનામાં નાઝિલ થયું છે , અને હદીસમાં છે કે "દરેક વસ્તુની બહાર (વસંત/મૌસમ) હોય છે, અને કુરઆનની બહાર માહે રમઝાન છે ". બીજા મહીનાઓમાં દર મહીને એક કુરઆન ખત્મ કરવું

મુસ્તહબ છે , અને ઓછામાં ઓછા દરેક ૬ દિવસે એક કુરઆન ખત્મ કરવાનું રિવાયતમાં છે ; જયારે માહે રમઝાનમાં દરેક ૩ દિવસે એક કુરઆન ખત્મ કરવું મુસ્તહબ છે, અને બની શકે તો દરરોજનું એક કુરઆન ખત્મ કરવું ખુબજ સારું છે.

અલ્લામા મજ્લીસી (ર.હ.) ફરમાવે છે કે : ઇમામો (અ.) આ એક મહીનામાં ૪૦ (ચાલીસ) કુરઆન ખત્મ કરતા હતા , બલકે તેનાથી પણ વધારે. અને આપણે તિલાવત કરેલા દરેક ખત્મને એક એક કરી દરેક મઅસૂમીન (અ.સ.) હદીયો કરવો , આ બધા ખત્મને ચૌદ મઅસૂમીન (અ.સ.)ને હદીયો પેશ કરીએ તો તેનો સવાબ બમણો થઇ જાય છે. અને અમુક રિવાયતોથી જાહેર થાય છે કે આ હદીયો મોકલનાર , કયામતના દિવસે તેઓ (અ.સ.)ની સાથે હશે. આ મહીનામાં ખુબજ દુઆઓ માંગે , નમાઝો પઢે, ઇસ્તીગ્ફાર કરે, અને “લા ઇલાહ ઈલ્લલ્લાહ” વધારે પઢયા કરે. રીવાયતમાં છે કે આપણા ચોથા ઈમામ હઝરત ઝૈનુલ આબેદીન (અ.) જયારે માહે રમઝાન શરૂ થતો ત્યારથી પોતાની ઝબાન ઉપર ફક્ત દુઆ, તસ્બીહ, ઇસ્તીગ્ફાર અને તકબીર જારી કરતા તેમજ બીજી ઈબાદતો અને રાત-દિવસની નાફેલા નમાઝો માટે વ્યવસ્થા કરતા.

## ઈમામ સાદિક (અ.) ની તિલાવત પહેલાની દુઆ

રિવાયતમાં છે કે ઈમામ સાદિક (અ .) કુરઆનની તિલાવત શરૂ કરવા પહેલા આ દુઆ પઢતા:

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ اِنِّيْ اَشْهَدُ اَنَّ هٰذَا كِتَابُكَ الْمُنْزَلُ مِنْ عِنْدِكَ عَلٰى رَسُوْلِكَ مُحَمَّدِ بْنِ عَبْدِ اللهِ صَلَّى اللهُ عَلَيْهِ وَ اٰلِهٖ وَ كَلَامُكَ النَّاطِقُ عَلٰى لِسَانِ نَبِيِّكَ جَعَلْتَهٗ هَادِيًا مِنْكَ اِلٰى خَلْقِكَ وَ حَبْلًا مُتَّصِلًا فِيْمَا بَيْنَكَ وَ بَيْنَ عِبَادِكَ ،

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ, હું ગવાહી આપું છું કે આ તારી કિતાબ છે કે જે તારી તરફથી તારા રસૂલ હઝરત મોહમ્મદ બિન અબ્દુલ્લાહ (સ.અ.વ.) ઉપર નાઝિલ થઇ છે – તારી રહમત થાય તેમની ઉપર તથા તેમની ઔલાદ ઉપર. અને આ તારા કલામ જે તારા નબી (સ.અ.વ.)ની ઝબાનથી જારી થયા છે, અને તેને તારી તરફથી તારી મખ્લૂક માટે હિદાયતનું માધ્યમ બનાવ્યું, અને તે આ દોરડું છે જે તારી અને તારા બંદાઓની વચ્ચે જોડાયેલું છે.

اَللّٰهُمَّ اِنِّيْ نَشَرْتُ عَهْدَكَ وَكِتَابَكَ ، اَللّٰهُمَّ فَاجْعَلْ
نَظَرِيْ فِيْهِ عِبَادَةً وَّ قِرَاءَتِيْ فِيْهِ فِكْرًا وَّ فِكْرِيْ فِيْهِ
اعْتِبَارًا وَّ اجْعَلْنِيْ مِمَّنِ اتَّعَظَ بِبَيَانِ مَوَاعِظِكَ فِيْهِ
وَ اجْتَنَبَ مَعَاصِيَكَ وَلَا تَطْبَعْ عِنْدَ قِرَاءَتِيْ عَلٰى
سَمْعِيْ ، وَلَا تَجْعَلْ عَلٰى بَصَرِيْ غِشَاوَةً وَّلَا تَجْعَلْ
قِرَاءَتِيْ قِرَاءَةً لَا تَدَبُّرَ فِيْهَا ، بَلِ اجْعَلْنِيْ اَتَدَبَّرُ
اٰيَاتِهٖ وَ اَحْكَامَهٗ ، اٰخِذًا بِشَرَائِعِ دِيْنِكَ وَلَا تَجْعَلْ
نَظَرِيْ فِيْهِ غَفْلَةً وَّلَا قِرَاءَتِيْ هَذْرًا اِنَّكَ اَنْتَ
الرَّءُوْفُ الرَّحِيْمُ

અય અલ્લાહ, ખરેખર મેં તારી કિતાબ ખોલી છે કે જેમાં તારા હુકમો અને વચનો છે; તો તારી કિતાબમાં મારી નઝર કરવાને ઈબાદત, અને મારી તિલાવતને ચિંતન-મનન, અને મારા ચિંતન-મનનને બોધ-પાઠ બનાવ; અને મને તે લોકોમાં શામિલ કર કે જેઓ તારા કુરઆનમાં બયાન થયેલી નસીહતો કબૂલ કરે છે, અને તારી નાફરમાનીઓથી દૂર રહે છે; અને જયારે હું તેને પઢું તો તે સમયે

મારા કાનો બંધ કરી તેના ઉપર મોહર ન લાગાવજે, અને મારી આંખો ઉપર પરદો નહિ નાખતો, અને મારી તિલાવતને એવી તિલાવત નહીં બનાવતો કે જેમાં ચિંતન-મનન ન હોય, પણ મને એવો બનાવ કે હું તેની આયતો અને તેના હુકમો ઉપર ચિંતન-મનન કરૂં, અને તારા દીનના હુકમો અને ઉસૂલોની જાણકારી મેળવું; અને તારી કિતાબમાં મારી નઝરને બેદરકારીવાળી અને ફાયદા વગરની ન બનાવજે, ખરેખર તું ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે.

## કુરઆનની તિલાવત પછી પઢવાની દુઆ

ઈમામ સાદિક (અ.) કુરઆનની તિલાવત પછી નિચેની દુઆ પઢતા :

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ اِنِّيْ قَدْ قَرَأْتُ مَا قَضَيْتَ مِنْ كِتَابِكَ الَّذِيْ اَنْزَلْتَهٗ عَلٰى نَبِيِّكَ الصَّادِقِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَ اٰلِهٖ ، فَلَكَ الْحَمْدُ رَبَّنَا ، اَللّٰهُمَّ اجْعَلْنِيْ مِمَّنْ يُحِلُّ حَلَالَهٗ وَ يُحَرِّمُ حَرَامَهٗ وَ يُؤْمِنُ بِمُحْكَمِهٖ وَ مُتَشَابِهِهٖ وَ اجْعَلْهُ لِيْ اُنْسًا فِيْ

قَبْرِيْ وَ اُنْسًا فِيْ حَشْرِيْ وَ اجْعَلْنِيْ مِمَّنْ تُرْقِيْهِ

بِكُلِّ اٰيَةٍ قَرَاَهَا دَرَجَةً فِيْ اَعْلٰى عِلِّيِّيْنَ ، اٰمِيْنَ رَبَّ

الْعَالَمِيْنَ.

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ, જેટલું તે ચાહ્યું તેટલું મેં તારી કિતાબમાં પઢયું, કે જેને તે તારા સાચા નબી (સ.અ.વ.) ઉપર નાઝિલ કરી છે – અલ્લાહની રહમત નાઝિલ થાય તેમની ઉપર તેમજ તેમની ઔલાદ ઉપર; અય અમારા પાલનહાર, તમામ વખાણ ફક્ત તારી માટે જ છે; અય અલ્લાહ, મને તે લોકોમાં શામિલ કર કે જે લોકો કુરઆનના હલાલને હલાલ સમજે છે, અને તેના હરામને હરામ સમજે છે, અને તેની મોહ્કમ અને મુતશાબેહ આયતો ઉપર રાખે છે; અને કુરઆનને મારી કબરમાં મારો સાથી બનાવ, અને કયામતના દિવસે પણ મારો સાથી બનાવ, અને મને તે લોકોમાં શામિલ કર કે જે લોકો એક-એક આયત પઢીને

ઉચ્ચ જન્નતમાં તેઓના દરજ્જાઓ બુલન્દ થાય છે, અય કાએનાતના પાલનહાર, આમ જ થાય – આમીન

## ઈમામ સજ્જાદ (અ.) ની દુઆએ ખત્મે કુરઆન

**જયારે કુરઆને મજીદ ને ખત્મ કરતા તે સમયની ઈમામ સજ્જાદ (અ.)ની દુઆ (સહીફએ સજ્જાદીય્યાહ-નંબર ૪૨)**

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ اِنَّكَ اَعَنْتَنِيْ عَلٰى خَتْمِ كِتَابِكَ الَّذِيْ اَنْزَلْتَهٗ نُوْرًا ، وَ جَعَلْتَهٗ مُهَيْمِنًا عَلٰى كُلِّ كِتَابٍ اَنْزَلْتَهٗ ، وَ فَضَّلْتَهٗ عَلٰى كُلِّ حَدِيْثٍ قَصَصْتَهٗ ؛ وَ فُرْقَانًا فَرَقْتَ بِهٖ بَيْنَ حَلَالِكَ وَ حَرَامِكَ ، وَ قُرْاٰنًا اَعْرَبْتَ بِهٖ عَنْ شَرَائِعِ اَحْكَامِكَ وَ كِتَابًا فَصَّلْتَهٗ لِعِبَادِكَ تَفْصِيْلًا ، وَ وَحْيًا اَنْزَلْتَهٗ عَلٰى نَبِيِّكَ مُحَمَّدٍ صَلَوَاتُكَ عَلَيْهِ وَ اٰلِهٖ تَنْزِيْلًا ؛

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન

અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ ! નિ:શંક , તેં તારી કિતાબ (કુરઆને મજીદની તિલાવત) પૂરી કરવામાં અમારી મદદ ફરમાવી જેને તેં એક નૂર તરીકે નાઝિલ કરી છે , જેને તેં બીજી કિતાબો માટે , જે તેં (તે પહેલા) નાઝિલ કરી હતી , એક સાક્ષી તરીકે નીમેલી છે ; જેને તેં તારી વર્ણન કરેલી સર્વે હદીસોમાં સર્વોપરીતા અર્પણ કરી છે તથા (અમારા માટે) એક નિયમપોથી અને જેના થકી તેં હલાલ તથા હરામ વચ્ચે ફરક બતાવ્યો છે. (આ) એક કુરઆન (છે) જેના થકી તારી શરીઅતના એહકામો (ની રીતની) તેં જાહેરાત કરી, જેમાં તેં તારા બંદાઓ માટે બધું વર્ણન ઊંડાણથી કર્યુ અને (આ) એક વહી (છે) જે તેં તારા નબી હઝરત મોહમ્મદ (સ.અ.વ.) ઉપર રહમત નાઝિલ કરી જે રીતે નાઝિલ થવાનો હક હતો.

وَ جَعَلْتَهٗ نُوْرًا نَهْتَدِيْ مِنْ ظُلَمِ الضَّلَالَةِ وَ الْجَهَالَةِ

بِاتِّبَاعِهٖ ، وَ شِفَاءً لِمَنْ اَنْصَتَ بِفَهَمِ التَّصْدِيْقِ اِلَى

اسْتِمَاعِهٖ ، وَ مِيْزَانَ قِسْطٍ لَا يَحِيْفُ عَنِ الْحَقِّ

لِسَانُهٗ ، وَ نُوْرَ هُدًى لَا يَطْفَا عَنِ الشَّاهِدِيْنَ

بُرْهَانُهٗ ، وَ عَلَمَ نَجَاةٍ لَا يَضِلُّ مَنْ اَمَّ قَصْدَ سُنَّتِهٖ ،

وَلَا تَنَالُ اَيْدِي الْهَلَكَاتِ مَنْ تَعَلَّقَ بِعُرْوَةِ عِصْمَتِهٖ

؛

તેને તેં એક નૂર (પ્રકાશ) તરીકે નીમી છે જેને અનુસરવાથી અમે ખરાબી અને અજ્ઞાનતાના અંધકારમાં હિદાયત પામી શકીએ છીએ ; જે કોઈ તેને પ્રમાણિક સમજ સાથે સાંભળે તેના માટે ખરો ઉપાય છે, એક સાચું ત્રાજવું છે જેની ભાષાનું પલ્લું સચ્ચાઈ (ના પલ્લા) સામે નમતું નથી , એક હિદાયતનું નૂર છે જે શોધ કરનારાઓથી છુપું નથી , એક નજાતનું અલમ (ઝંડો) છે જે સીધી રાહના તલબગારોની ગેરદોરવણી કરતું નથી અને જે કોઈ તેના હાથોને મજબૂતીથી પકડી રાખે છે તેને હલાકતના હાથો પહોંચી શકતા નથી.

اَللّٰهُمَّ فَاِذْ اَفَدْتَنَا الْمَعُوْنَةَ عَلٰى تِلَاوَتِهٖ ، وَ سَهَّلْتَ

جَوَاسِيَ اَلْسِنَتِنَا بِحُسْنِ عِبَارَتِهٖ ، فَاجْعَلْنَا مِمَّنْ

يَرْعَاهُ حَقَّ رِعَايَتِهٖ ، وَيَدِيْنُ لَكَ بِاعْتِقَادِ

التَّسْلِيْمِ لِمُحْكَمِ اٰيَاتِهٖ ، وَيَفْزَعُ اِلَى الْاِقْرَارِ

بِمُتَشَابِهِهٖ ، وَمُوْضَحَاتِ بَيِّنَاتِهٖ ؛ اَللّٰهُمَّ اِنَّكَ

اَنْزَلْتَهٗ عَلٰى نَبِيِّكَ مُحَمَّدٍ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَ اٰلِهِ

مُجْمَلًا ، وَ اَلْهَمْتَهٗ عِلْمَ عَجَائِبِهٖ مُكَمَّلًا ، وَ وَرَّثْتَنَا

عِلْمَهٗ مُفَسَّرًا ، وَ فَضَّلْتَنَا عَلٰى مَنْ جَهِلَ عِلْمَهٗ ، وَ

قَوَّيْتَنَا عَلَيْهِ لِتَرْفَعَنَا فَوْقَ مَنْ لَمْ يُطِقْ حَمْلَهٗ ؛

અય અલ્લાહ ! જયારે તારા એહસાન થકી તેની તિલાવત કરવામાં તેં અમારી મદદ ફરમાવી છે અને અમારી જીભના ઉચ્ચારોમાં અભાવ છતાં તેની તિલાવતની ખુબસૂરતી અમારા માટે સહેલી કરી દીધી છે, તો અમને એવી તૌફીક અતા કર કે અમે તેના નિયમોનું સંપૂર્ણ રીતે પાલન કરીએ , તેની આયતોને ઈમાનની સાથે તસલીમ કરી તારા દીન ઉપર કાયમ (સાબિત કદમ) રહીએ અને તેની મોતશાબેહ (ઊંડા અર્થવાળી) આયતોની માન્યતા તથા મોહકામ (ખુલ્લા-સ્પષ્ટ અર્થ વાળી) આયતોના અર્થ થકી તારી પનાહ તલબ કરીએ. અય અલ્લાહ ! તેં તારા નબી હઝરત મોહમ્મદ (સ.અ.વ.) ઉપર તેં નાઝિલ કરી, તેં તેમને તેની સંપૂર્ણ અજાયબીના જ્ઞાનની પ્રેરણા અર્પણ કરી અને જેઓ તેના ઈલ્મથી અજ્ઞાન છે તેઓ ઉપર અમને (એહલેબૈત અલય્હિસ્સલામને) સર્વોપરી અર્પણ કરી તેમના વારસદાર બનાવ્યા ; તેં તેના થકી અમને શક્તિ

અર્પણ કરી કારણ કે તેથી અમારો એ લોકો ઉપર દરજજો વધે જે લોકો તેને સમજવા માટે શક્તિમાન નથી.

اَللّٰهُمَّ فَكَمَا جَعَلْتَ قُلُوْبَنَا لَهٗ حَمَلَةً ، وَعَرَّفْتَنَا بِرَحْمَتِكَ شَرَفَهٗ وَفَضْلَهٗ ، فَصَلِّ عَلٰى مُحَمَّدٍ الْخَطِيْبِ بِهٖ ، وَعَلٰى اٰلِهِ الْخُزَّانِ لَهٗ ، وَاجْعَلْنَا مِمَّنْ يَعْتَرِفُ بِاَنَّهٗ مِنْ عِنْدِكَ حَتّٰى لَا يُعَارِضَنَا الشَّكُّ فِيْ تَصْدِيْقِهٖ ، وَلَا يَخْتَلِجَنَا الزَّيْغُ عَنْ قَصْدِ طَرِيْقِهٖ ؛ اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِهٖ ، وَاجْعَلْنَا مِمَّنْ يَعْتَصِمُ بِحَبْلِهٖ ، وَيَأْوِيْ مِنَ الْمُتَشَابِهَاتِ اِلٰى حِرْزِ مَعْقِلِهٖ ، وَيَسْكُنُ فِيْ ظِلِّ جَنَاحِهٖ ، وَيَهْتَدِيْ بِضَوْءِ صَبَاحِهٖ ، وَيَقْتَدِيْ بِتَبَلُّجِ اَسْفَارِهٖ ، وَيَسْتَصْبِحُ بِمِصْبَاحِهٖ ، وَلَا يَلْتَمِسُ الْهُدٰى فِيْ غَيْرِهٖ ؛

તેથી, અય અલ્લાહ ! જયારે તેં અમારા દિલોને તે સમજવાની શક્તિ અતા કરી તારા એહસાન થકી અમને તેની મહત્તાનું જ્ઞાન અતા કર્યું , તો તેના પ્રચારક હઝરત મોહમ્મદ (સ.અ.વ.) ઉપર રહમત

નાઝિલ કરવાની મહેરબાની કર  તથા તેમની આલ ઉપર પણ ,  જેઓ તેની હિફાઝત કરનારા હતા. અમને એવી તૌફીક અતા કર જેના થકી અમે એ લોકોમાંથી થઈએ જેઓ ઈમાન રાખતા હોય કે તે તારા તરફથીજ છે, ત્યાં સુધી કે તેની સચ્ચાઈ કબૂલ કરવામાં અમારા વિચારોમાં જરાપણ શંકા ન રહે અને કોઇપણ આશંકા અમને તેની સીધી રાહ ઉપરથી ગુમરાહ ન કરી શકે.      અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર રહમત નાઝિલ કર. અમને તૌફીક અતા કર કે અમે એ લોકોમાંથી થઈએ જેઓ તે રસ્સીને મજબૂતીથી પકડી રાખે છે  ,  તેની મોતશાબેહાતથી (ઊંડા અર્થવાળી આયતોની મૂંઝવણથી) બચીને તેની ખુલ્લી બાબતોમાં (મોહકમ આયતોમાં) પનાહ લે છે ,  તેની પાંખોની છત્રછાયામાં શાંતિ શોધે છે   , તેના નૂરથી હિદાયતની રોશની મેળવે છે    ,  તેના પ્રકાશની ચમકને (રોશનીને) અનુસરે છે    ,  તેના પ્રકાશિત દીવા થકી પ્રકાશ મેળવે છે અને તેના સિવાય બીજી વસ્તુનું અનુસરણ કરતા નથી.

اَللّٰهُمَّ وَكَمَا نَصَبْتَ بِهٖ مُحَمَّدًا عَلَمًا لِلدَّلَالَةِ عَلَيْكَ

، وَاَنْهَجْتَ بِاٰلِهٖ سُبُلَ الرِّضَا اِلَيْكَ ، فَصَلِّ عَلٰى

مُحَمَّدٍ وَّاٰلِهٖ ، وَاجْعَلِ الْقُرْاٰنَ وَسِيْلَةً لَنَا اِلٰى اَشْرَفِ

مَنَازِلِ الْكَرَامَةِ ، وَ سُلَّمًا نَعْرُجُ فِيْهِ اِلٰى مَحَلِّ السَّلَامَةِ ، وَ سَبَبًا نُجْزٰى بِهِ النَّجَاةَ فِيْ عَرْصَةِ الْقِيَامَةِ ، وَ ذَرِيْعَةً نَقْدَمُ بِهَا عَلٰى نَعِيْمِ دَارِ الْمُقَامَةِ ؛

અય અલ્લાહ ! જયારે તેં હઝરત મોહમ્મદ (સ.અ.વ.)ને તેના થકી હિદાયતનો ઝંડો (અલમ) બનાવ્યા છે જે તારી દિશામાં હિદાયત કરે છે અને તેમની (પાક) આલ થકી તારી ખુશીની દિશાના રસ્તા ખુલ્લા કર્યા , તો હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર રહમત નાઝિલ કર. કુરઆને મજીદને અમારા માટે ઇજજતના સર્વોતમ દરજજા ઉપર પહોચવાનો વસીલો કરાર આપ , એક નિસરણી જેના થકી અમે શાંતિના રહેઠાણ તરફ ચઢી શકીએ , એક કારણ જેના થકી અમને કયામતના મેદાનમાં મગફેરત સાથે નજાત પ્રાપ્ત થઈ શકે અને એક સાધન જેના થકી અમે હંમેશાના ખુશહાલીવાળા મુકામ તરફ આગળ વધી શકીએ.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِهٖ ، وَ احْطُطْ بِالْقُرْاٰنِ عَنَّا ثِقْلَ الْاَوْزَارِ ، وَ هَبْ لَنَا حُسْنَ شَمَائِلِ الْاَبْرَارِ ، وَ

اقْفُ بِنَا اٰثَارَ الَّذِيْنَ قَامُوْا لَكَ بِهٖ اٰنَاۤءَ اللَّيْلِ وَ
اَطْرَافَ النَّهَارِ حَتّٰى تُطَهِّرَنَا مِنْ كُلِّ دَنَسٍ بِتَطْهِيْرِهٖ
، وَتَقْفُوَ بِنَا اٰثَارَ الَّذِيْنَ اسْتَضَاۤءُوْا بِنُوْرِهٖ ، وَلَمْ
يُلْهِهِمُ الْاَمَلُ عَنِ الْعَمَلِ فَيَقْطَعَهُمْ بِخُدَعِ غُرُوْرِهٖ
؛

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર રહમત નાઝિલ કર. કુરઆન-મજીદ થકી અમારા ગુનાહોના બોજને અમારા ઉપરથી ઉતારી નાખ , અમને નેક લોકોની સારી આદતો અતા કર અને અમને એ લોકોનો માર્ગ અનુસરવાની તૌફીક અતા કર જેઓ રાતના વખતમાં તારી ખુશી માટે તેની તિલાવત કરે છે તથા દિવસના ભાગોમાં પણ, ત્યાં સુધી કે તું અમને તેની તહારત થકી દરેક ધબ્બાથી પાક કર. અમને એવી તૌફીક અતા થાય કે અમે એ લોકોના માર્ગને અનુસરીએ જેઓએ તેના નુરથી પ્રકાશ પ્રાપ્ત કર્યો અને જેઓ (પોતાની) ઈચ્છાઓ વિરૂધ્ધ સારા કામો કરવાથી રોકાયા નહિં , નહિં તો તેઓ ભ્રમમાં ફસાઈને સારા કામો કરવાથી વંચિત જ રહેતે.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِهٖ ، وَاجْعَلِ الْقُرْاٰنَ لَنَا فِيْ

ظُلَمِ اللَّيَالِي مُؤْنِسًا ، وَمِنْ نَزَغَاتِ الشَّيْطَانِ وَ
خَطَرَاتِ الْوَسَاوِسِ حَارِسًا ، وَلِاَقْدَامِنَا عَنْ نَقْلِهَا
اِلَى الْمَعَاصِيْ حَابِسًا ، وَلِاَلْسِنَتِنَا عَنِ الْخَوْضِ فِي
الْبَاطِلِ مِنْ غَيْرِ مَا اٰفَةٍ مُّخْرِسًا ، وَلِجَوَارِحِنَا عَنِ
اقْتِرَافِ الْاٰثَامِ زَاجِرًا ، وَلِمَا طَوَتِ الْغَفْلَةُ عَنَّا مِنْ
تَصَفُّحِ الْاِعْتِبَارِ نَاشِرًا ، حَتّٰى تُوْصِلَ اِلٰى قُلُوْبِنَا
فَهْمَ عَجَائِبِهٖ ، وَزَوَاجِرَ اَمْثَالِهِ الَّتِيْ ضَعُفَتِ
الْجِبَالُ الرَّوَاسِيْ عَلٰى صَلَابَتِهَا عَنِ احْتِمَالِهٖ ؛

અય અલ્લાહ, હઝરત મુહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર રહમત નાઝિલ કર, અને અમારી માટે આ કુરઆનને રાત્રીઓના અંધકારમાં અમારો બેહતરીન સાથી બનાવી દે, અને શૈતાનના વહેમો અને વસ્વસાઓથી હિફાઝત કરવવાળું બનાવી દે, અને અમારા કદમોને ગુનાહોથી રોકનાર બનાવી દે, અને અમારી ઝબાનોને બતીલમાં મુબ્તેલા થવાથી મૂંગી કરી દે; અને અમોને ગુનાહ કરવાથી રોકી દે, અને અમારી ગફલત તથા બેદરકારીએ જે ઇબરત અને બોધપાઠ હાસિલ કરવાની ચોપડી બંધ કરી

દીધી છે, તેને ખોલી આપે જેથી અમારા દિલો તેના અજબ પમાડે તેવી બાબતોને સમજી શકે કે જેને સમજવા માટે અત્યારે આજીઝ અને નાતવાન છે

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِهٖ ، وَ اَدِمْ بِالْقُرْاٰنِ صَلَاحَ ظَاهِرِنَا ، وَ احْجُبْ بِهٖ خَطَرَاتِ الْوَسَاوِسِ عَنْ صِحَّةِ ضَمَائِرِنَا ، وَ اغْسِلْ بِهٖ دَرَنَ قُلُوْبِنَا وَ عَلَائِقَ اَوْزَارِنَا ، وَ اجْمَعْ بِهٖ مُنْتَشَرَ اُمُوْرِنَا ، وَ اَرْوِ بِهٖ فِيْ مَوْقِفِ الْعَرْضِ عَلَيْكَ ظَمَاَ هَوَاجِرِنَا ، وَ اكْسُنَا بِهٖ حُلَلَ الْاَمَانِ يَوْمَ الْفَزَعِ الْاَكْبَرِ فِيْ نُشُوْرِنَا ؛

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર રહમત નાઝિલ કર. કુરઆન-મજીદ થકી અમારા જાહેરી વર્તાવમાં (ચાલચલણમાં) હંમેશા માટે સુધારો અતા કર , તેના થકી અમને અમારા અંત:કરણની તંદુરસ્તીમાં ખરાબ વિચારો ઉત્પન્ન થવાથી દૂર રાખ , તેના થકી અમારા દિલોની ગંદકી તથા ગુનાહોના ડાઘ ધોઈ નાખ અને તેના થકી અમારા અવ્યવસ્થિત કારોબરને વ્યવસ્થિત કર. જયારે અમને તારી

બારગાહમાં હાજર કરવામાં આવે ત્યારે તેના થકી અમારી કડક ધૂપની તરસને તૃપ્તિ અતા કર અને અમને કયામતના ભયાનક દિવસે તેના થકી સલામતીનો (અમનનો) પોશાક અતા કર.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِهٖ ، وَاجْبُرْ بِالْقُرْاٰنِ خَلَّتَنَا مِنْ عَدَمِ الْاِمْلَاقِ ، وَسُقْ اِلَيْنَا بِهٖ رَغَدَ الْعَيْشِ وَخِصْبَ سَعَةِ الْاَرْزَاقِ ، وَجَنِّبْنَا بِهِ الضَّرَائِبَ الْمَذْمُوْمَةَ وَمَدَانِيَ الْاَخْلَاقِ ، وَاعْصِمْنَا بِهٖ مِنْ هُوَّةِ الْكُفْرِ وَدَوَاعِي النِّفَاقِ حَتّٰى يَكُوْنَ لَنَا فِي الْقِيَامَةِ اِلٰى رِضْوَانِكَ وَجِنَانِكَ قَائِدًا ، وَلَنَا فِي الدُّنْيَا عَنْ سُخْطِكَ وَتَعَدِّيْ حُدُوْدِكَ ذَائِدًا ، وَلِمَا عِنْدَكَ بِتَحْلِيْلِ حَلَالِهٖ وَتَحْرِيْمِ حَرَامِهٖ شَاهِدًا ؛

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર રહમત નાઝિલ કર. કુરઆન-મજીદ થકી અમારી મોહતાજીને નાબૂદ ફરમાવી ગરીબી દૂર કર , તેના થકી અમને ખુશહાલીની સુંદરતા તથા ભરપૂર ગુણવત્તા અતા કર, તેના થકી અમને દોષપાત્ર આદતો તથા બદઅખલાકીને

(ખરાબ ચાલચલણને) દાબમાં રાખવાની તૌફીક
અતા કર અને તેના થકી અમને કુફ્રની ખાઈ તથા
નિફાકના પ્રસંગોથી બચાવ, ત્યાં સુધી કે કયામતના
દિવસે તે તારી ખુશી તથા તારી જન્નત તરફ દોરવા
માટે અમારૂં હાદી (રેહબર) બની જાય , દુનિયામાં
તારા ક્રોધને પાત્ર ન બનીએ તથા તારી હદો
ઓળંગી જઈએ તે માટે ચેતવણી આપનાર બની
જાય અને તારી બારગાહમાં અમે હલાલ કામોની
(તારા હુકમોની) ફર માંબરદારી કર્યા હોવાનું તથા
હરામથી બચ્યા હોવા માટેનું સાક્ષી બની જાય.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِهٖ ، وَ هَوِّنْ بِالْقُرْاٰنِ عِنْدَ
الْمَوْتِ عَلٰى اَنْفُسِنَا كَرْبَ السِّيَاقِ ، وَ جَهْدَ الْاَنِيْنِ ،
وَ تَرَادُفَ الْحَشَارِجِ اِذَا بَلَغَتِ النُّفُوْسُ التَّرَاقِيَ ، وَ
قِيْلَ مَنْ رَاقٍ وَّ تَجَلّٰى مَلَكُ الْمَوْتِ لِقَبْضِهَا مِنْ
حُجُبِ الْغُيُوْبِ ، وَ رَمَاهَا عَنْ قَوْسِ الْمَنَايَا بِاَسْهُمِ
وَحْشَةِ الْفِرَاقِ ، وَ دَافَ لَهَا مِنْ ذُعَافِ الْمَوْتِ كَاْسًا
مَسْمُوْمَةَ الْمَذَاقِ ، وَ دَنَا مِنَّا اِلَى الْاٰخِرَةِ رَحِيْلٌ وَّ
انْطِلَاقٌ ، وَ صَارَتِ الْاَعْمَالُ قَلَائِدَ فِي الْاَعْنَاقِ ، وَ

كَانَتِ الْقُبُوْرُ هِيَ الْمَاْوٰى اِلٰى مِيْقَاتِ يَوْمِ التَّلَاقِ ،

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર રહમત નાઝિલ કર. કુરઆન-મજીદ થકી અમારા મૃત્યુ સમયે શરીરથી રૂહ જુદા થવાની મુશ્કેલી જયારે શ્વાસ ગળા સુધી પહોચીને અટકે છે, હાંફની મુશ્કેલી અને હીચકીઓની મુશ્કેલી સહેલ કર , જયારે એક અવાજ ગુંજશે , કોણ છે શક્તિમાન જે તેને (આ મુસીબતથી) બચાવી શકે ? અને મોતનો ફરિશ્તો ભેદી પરદાની પાછળથી દેખાશે, તેને (રૂહને) કબ્ઝ કરશે , મોતના બાણમાંથી ભયાનક (રૂહને) જુદા કરનારા તીરો વિઝશે અને તેના માટે જીવતરના વિષમાંની એક ઝેરીલા સ્વાદનો ભરપૂર પ્યાલો તૈયાર કરશે ; તૈયાર થઈને બીજી દુનિયા માટે વિદાય થવાનો અમારો સમય આવી પ હોંચશે, અમારા અમલો અમારા ગળાની તોક બનેલા હશે અને હિસાબ કિતાબના દિવસ સુધી આરામ કરવાની અમારી જગા કબર હશે.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِهٖ ، وَ بَارِكْ لَنَا فِيْ حُلُوْلِ دَارِ الْبِلٰى ، وَ طُوْلِ الْمُقَامَةِ بَيْنَ اَطْبَاقِ الثَّرٰى ، وَ اجْعَلِ الْقُبُوْرَ بَعْدَ فِرَاقِ الدُّنْيَا خَيْرَ مَنَازِلِنَا ، وَ

افْسَحْ لَنَا بِرَحْمَتِكَ فِيْ ضِيْقِ مَلَاحِدِنَا ، وَلَا
تَفْضَحْنَا فِيْ حَاضِرِيْ الْقِيَامَةِ بِمُوْبِقَاتِ اٰثَامِنَا ؛ وَ
ارْحَمْ بِالْقُرْاٰنِ فِيْ مَوْقِفِ الْعَرْضِ عَلَيْكَ ذُلَّ
مَقَامِنَا ، وَثَبِّتْ بِهٖ عِنْدَ اضْطِرَابِ جِسْرِ جَهَنَّمَ
يَوْمَ الْمَجَازِ عَلَيْهَا زَلَلَ اَقْدَامِنَا ، وَنَوِّرْ بِهٖ قَبْلَ
الْبَعْثِ سُدَفَ قُبُوْرِنَا ، وَنَجِّنَا بِهٖ مِنْ كُلِّ كَرْبٍ يَوْمَ
الْقِيَامَةِ وَشَدَائِدِ اَهْوَالِ يَوْمِ الطَّامَّةِ ، وَبَيِّضْ
وُجُوْهَنَا يَوْمَ تَسْوَدُّ وُجُوْهُ الظَّلَمَةِ فِيْ يَوْمِ الْحَسْرَةِ وَ
النَّدَامَةِ ، وَاجْعَلْ لَنَا فِيْ صُدُوْرِ الْمُؤْمِنِيْنَ وُدًّا ، وَلَا
تَجْعَلِ الْحَيَاةَ عَلَيْنَا نَكَدًا ؛

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર રહમત નાઝિલ કર. એવા રહેઠાણમાં જયાં અમારૂં શરીર સડી જવાનું છે તથા લાંબો સમય માટીની થરમાં વસવાનું છે ત્યાં અમારા (હાલ) ઉપર રહમત નાઝિલ કર ; દુનિયાને છોડી દીધા પછી કબરને અમારૂં સર્વોત્તમ રહેઠાણ કરાર આપ , તારી રહમત થકી અમારી કબરની

સંકડાશને પહોળી કર અને કયામતના દિવસે જે લોકો હાજર હશે તેઓ વચ્ચે અમારા ભયંકર ગુનાહોના કારણે અમને બેઈઝ્ઝત ન કર. જયારે અમને તારી બારગાહમાં હાજર કરવામાં આવે ત્યારે કુરઆન-મજીદના વસીલા થકી અમારી નામોશી ભરેલી હાલત ઉપર રહેમ કર, જહન્નમ ઉપરના પુલ ઉપર ચાલતા સમયે અમારા ધ્રુજતા પગલાઓને સ્થિરતા અતા કર અને અમને કયામતના દિવસની દરેક મુસીબત તથા હશરના (ફરી સજીવન થવાના) દિવસની ભયાનક સખતીથી નજાત અતા કર. જે દિવસે પસ્તાવા તથા શરમના કારણે ગુનેહગારના ચહેરા કાળા પડેલા હશે એ દિવસે અમારા ચહેરા રોશન કર. સાચા મોઅમિનોના દિલોમાં અમારા માટે મોહબ્બત અતા કર. અમારી જિંદગી અમારા માટે દુ:ખદાયી ન બને એવી અમને તૌફીક અતા કર.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ عَبْدِكَ وَ رَسُوْلِكَ كَمَا بَلَّغَ رِسَالَتَكَ ، وَ صَدَعَ بِاَمْرِكَ ، وَ نَصَحَ لِعِبَادِكَ؛

اَللّٰهُمَّ اجْعَلْ نَبِيَّنَا صَلَوَاتُكَ عَلَيْهِ وَ عَلٰى اٰلِهِ يَوْمَ الْقِيَامَةِ اَقْرَبَ النَّبِيِّيْنَ مِنْكَ مَجْلِسًا ، وَ اَمْكَنَهُمْ مِنْكَ شَفَاعَةً ، وَ اَجَلَّهُمْ عِنْدَكَ قَدْرًا ، وَ اَوْجَهَهُمْ

عِنْدَكَ جَاهًا ؛

અય અલ્લાહ ! તારા બંદા તથા તારા રસૂલ હઝરત મોહમ્મદ (સ.અ.વ.) ઉપર રહમત નાઝિલ કર જેમણે તારો પૈગામ પહોંચાડયો , તારા એહકામો જાહેર કર્યા અને તારા બંદાઓને નસીહત ફરમાવી. અય અલ્લાહ ! અમારા નબી (સ.અ.વ.)ને શફાઅતની બાબતમાં તારી બારગાહમાં સૌથી વધારે અસરકારક બનાવ જેમનો દરજજો તારી નજીક કયામતના દિવસે તારા બીજા નબીઓ કરતા સૌથી વધારે (નજીક) છે. જેઓ તારી નજીક છે તેઓમાં ઈજ્જતની દ્રષ્ટિએ તેમને સર્વોચ્ચ કરાર આપ અને જેઓ તારી નજરમાં ઈજ્જતદાર છે તેઓમાં મોભાની દ્રષ્ટિએ તેમને સૌથી વધારે ઈજ્જતદાર કરાર આપ.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِ مُحَمَّدٍ ، وَشَرِّفْ بُنْيَانَهٗ ، وَعَظِّمْ بُرْهَانَهٗ ، وَثَقِّلْ مِيْزَانَهٗ ، وَ تَقَبَّلْ شَفَاعَتَهٗ ، وَقَرِّبْ وَسِيْلَتَهٗ ، وَبَيِّضْ وَجْهَهٗ ، وَاَتِمَّ نُوْرَهٗ ، وَارْفَعْ دَرَجَتَهٗ ، وَاَحْيِنَا عَلٰى سُنَّتِهٖ ، وَتَوَفَّنَا عَلٰى مِلَّتِهٖ وَخُذْ بِنَا مِنْهَاجَهٗ ، وَاسْلُكْ بِنَا

سَبِيْلَهٗ ، وَاجْعَلْنَا مِنْ اَهْلِ طَاعَتِهٖ ، وَاحْشُرْنَا فِيْ

زُمْرَتِهٖ ، وَاَوْرِدْنَا حَوْضَهٗ ، وَاسْقِنَا بِكَأْسِهٖ ،

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર રહમત નાઝિલ કર. તેમના (ઇસ્લામના) પાયાનો દરજજો ઊંચો કર , તેમની સાબિતીને (કુરઆન-મજીદનો) સૂક્ષ્મદર્શક બનાવ , તેમના મીઝાનના (અમલે ખૈરના) પલ્લાને વજનદાર કર , તેમની શફાઅત (મધ્યસ્થા) કબૂલ કર, અને તારી નજીકના તેમના સંબંધમાં વધારો કર. તેમના ચહેરાને નૂરાની બનાવ , તેમના નૂરને સંપૂર્ણ ફરમાવ , તેમના દરજજામાં વધારો કર , તેમની સુન્નત મુજબ જીવવાની અમને તૌફીક અતા કર, તેમની ઉમ્મત (ના ટોળા)માં અમારો અંત આવે તથા અમને તેમની બતાવેલી સીરત ઉપર (સાબિત કદમ) રાખ , તેમની બતાવેલી રાહ ઉપર અમને ચલાવ , તેમની ઈતાઅત કરવાની અમને તૌફીક અતા કર, તેમની ઉમ્મત સાથે અમારો હશર (ફરી સજીવન થવું) કરાર આપ અને તેમના હોજ (હોઝે-કૌસર) તરફ અમને લઈ ચાલ તથા તેમના પ્યાલામાંથી અમને પીણું અતા કર.

وَصَلِّ اللّٰهُمَّ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِهٖ ، صَلَاةً تُبَلِّغُهٗ بِهَا

اَفْضَلَ مَا يَأْمُلُ مِنْ خَيْرِكَ وَ فَضْلِكَ وَ كَرَامَتِكَ ،

اِنَّكَ ذُوْ رَحْمَةٍ وَاسِعَةٍ ، وَ فَضْلٍ كَرِيْمٍ ؛ اَللّٰهُمَّ

اجْزِهِ بِمَا بَلَّغَ مِنْ رِسَالاتِكَ ، وَاَدّٰى مِنْ اٰيَاتِكَ ،

وَ نَصَحَ لِعِبَادِكَ ، وَ جَاهَدَ فِيْ سَبِيْلِكَ ، اَفْضَلَ مَا

جَزَيْتَ اَحَدًا مِنْ مَلَائِكَتِكَ الْمُقَرَّبِيْنَ ، وَ

اَنْبِيَائِكَ الْمُرْسَلِيْنَ الْمُصْطَفَيْنَ ، وَالسَّلَامُ عَلَيْهِ وَ

عَلٰىٓ اٰلِهِ الطَّيِّبِيْنَ الطَّاهِرِيْنَ وَرَحْمَةُ اللّٰهِ وَ بَرَكَاتُهُ.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર રહમત નાઝિલ કર. અને તેમના ઉપર એવો એહસાન કર જે તારી ભલાઈ, રહેમ અને કરમ થકી શ્રેષ્ઠ હોય તથા જેની તેઓએ આશા કરી હોય. નિ:શંક , તું અપાર રહમત અને ઉદાર ફઝલોકરમનો માલિક છે. અય અલ્લાહ ! તારા પૈગામો પહોંચાડવા બદલ, તારી આયતો દોહરાવવા (વાંચી સંભળાવવા) બદલ , તારા બંદાઓને નસીહતો કરવા બદલ અને તારી રાહમાં જેહાદ (મહેનત-મશકકત) કરવા બદલ તેમને એવું શ્રેષ્ઠ ઇનામ અતા કર જેવું ઇનામ તેં તારા કોઈ માનનીય ફરિશ્તાને અથવા તારા ચૂંટેલા નબીઓ કે

રસૂલોમાંથી કોઈને પણ કયારે અતા ન કર્યું હોય. તેમના ઉપર અને તેમની પાક તથા તાહીર આલ ઉપર સલામ થાય અને અલ્લાહ તઆલાની રહેમતો બરકતો નાઝિલ થાય. તારી રહમતની સાથે , અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

## પહેલી રાતની નમાઝ

પહેલી રાત્રે ચાર રકઆત નમાઝ છે, દરેક રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી પંદર વખત સૂરએ તૌહીદ પઢે તો તેનો સવાબ એટલો બધો છે કે જેને અલ્લાહ સિવાય બીજું કોઈ હિસાબ નહિ કરી શકે.

## બે રકઆત નમાઝ

પેહલી રાત્રે બે રકઆત નમાઝ પઢે કે જેમાં દરેક રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી સૂરએ અન્આમ પઢે અને અલ્લાહ પાસે માંગણી કરે કે અલ્લાહ તેની કિફાયત કરે તથા બેનિયાઝ બનાવે અને તેને ખૌફ તેમજ બિમારીઓથી બચાવે

## ૧૦૦૦ રકઆત નમાઝ પઢવાની શરૂઆત કરે

માહે રમઝાનમાં ૧૦૦૦ રકઆત પઢવી મુસ્તહબ છે કે જેની વિગત પેજ નંબર 114 ઉપર છે .

## પોતાની ઘરવાળી સાથે નઝ્દીકી કરે

પહેલી તારીખે પોતાની ઘરવાળી સાથે નઝ્દીકી કરવી માહે રમઝાન માટે મખ્સૂસ છે, જયારે કે બીજા મહીનાઓની પેહલી તારીખે નઝ્દીકી કરવી મકરૂહ છે.

## પહેલા દિવસના આમાલ

આ દિવસે અમુક અમલ કરવા મુસ્તહબ છે

## તુલુએ ફજર (ફજરના અવ્વલ) સમયે પઢવાની દુઆ

તુલુએ ફજરના સમયે આ દુઆ પઢે :

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ قَدْ حَضَرَ شَهْرُ رَمَضَانَ وَ قَدِ افْتَرَضْتَ عَلَيْنَا صِيَامَهٗ وَ اَنْزَلْتَ فِيْهِ الْقُرْاٰنَ ، هُدًى لِلنَّاسِ وَ بَيِّنَاتٍ مِنَ الْهُدٰى وَ الْفُرْقَانِ ، اَللّٰهُمَّ اَعِنَّا عَلٰى صِيَامِهٖ وَ تَقَبَّلْهُ مِنَّا وَ تَسَلَّمْهُ مِنَّا وَ سَلِّمْهُ لَنَا فِيْ يُسْرٍ مِنْكَ وَ عَافِيَةٍ ، اِنَّكَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ .

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ, માહે રમઝાન

શરૂ થઇ ચુક્યો છે, અને તેમાં અમારી ઉપર તેં રોઝાઓ વાજિબ કર્યા છે અને તેમાં તેં કુરઆને કરીમને નાઝિલ કર્યું કે જે તમામ લોકો માટે હિદાયત છે અને તેને હિદાયત માટે ચોખ્ખી નિશાનીઓવાળું બનાવ્યું છે, અને હક્ક તથા બાતિલનો ફર્ક બતાવનાર છે. અય અલ્લાહ, તેના રોઝાઓ અદા કરવા માટે અમારી મદદ કર અને તેને અમારાથી કબૂલ કર; અને તારી તરફથી મળતી આસાની અને હિફાઝત વડે માહે રમઝાનને અમારાથી સહી-સલામત પરત લે, અને માહે રમઝાનને તારા તરફથી અમારા માટે સહી-સલામત બનાવ, બેશક તું દરેક વસ્તુ ઉપર કુદરત ધરાવે છે.

## ગુસ્લ કરવું

પેહલી તારીખે જારી પાણીમાં ગુસ્લ કરવું અને 30 વખત હથેળીમાં પાણી લઈને માથા ઉપર નાખવાથી પુરા વર્ષ દરમ્યાન તે તમામ દર્દ અને બિમારીઓથી બચીને રહેશે.

## ગુલાબ જળથી મોઢું ધોવું

ગુલાબ જળને હથેળીમાં લઈ પોતાના ચેહરાને ધોવે તો તેને ઝીલ્લત ( બેઇઝ્ઝતી) અને ફકીરીથી નજાત મળશે; અને થોડુ ગુલાબનું પાણી માથા ઉપર નાખે તો સિરસામ ( અથવા બિર્સામ કે જે એક જાતની છાતીની

બિમારી છે તેના)થી બચીને રેહશે

## ઈમામ મૂસા કાઝિમ (અ.)ની દુઆ

પેહલી તારીખે દિવસે આ દુઆ પઢવી કે જે દુઆને પેહલી રાતના પણ પઢવામાં આવે છે, જે પેજ નંબર 305 ઉપર છે

## માહે રમઝાનની શરૂઆતના સમયે ઈમામ સજ્જાદ (અ.)ની દુઆ

માહે રમઝાનની શરૂઆતના સમયે ઈમામ સજ્જાદ (અ.)ની દુઆ જે સહીફએ સજ્જાદીય્યાહની દુઆ નંબર ૪૪ છે .અગર ચાંદ રાતના ન પઢી હોય તો આજે પેહલી તારીખે - દિવસે આ દુઆ પઢે, જે પેજ નંબર 289 ઉપર ઝિક્ર થયેલ છે

## પહેલા દિવસની મુખ્તસર દુઆ

પહેલી તારીખે નીચેની દુઆ પઢે તો કરીમ અલ્લાહ તેને હજાર હજાર નેકી અતા કરશે, અને હજાર હજાર દરજ્જા બુલંદ કરશે, અને હજાર હજાર ગુનાહ માફ કરશે.

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ اجْعَلْ صِيَامِيْ فِيْهِ صِيَامَ الصَّائِمِيْنَ وَ قِيَامِيْ فِيْهِ قِيَامَ الْقَائِمِيْنَ

وَ نَبِّهْنِي فِيْهِ عَنْ نَوْمَةِ الْغَافِلِيْنَ وَ هَبْ لِي جُرْمِي فِيْهِ يَا اِلٰهَ الْعَالَمِيْنَ وَ اعْفُ عَنِّي يَا عَافِيًا عَنِ الْمُجْرِمِيْنَ

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ, આ મહીનામાં મારા રોઝાઓને રોઝેદારોના રોઝાઓ જેવા અને આ મહીનામાં મારી નમાઝોને નમાઝીઓની નમાઝોની જેવી બનાવ, અને આ મહીનામાં મને ગફલતની ઊંઘમાંથી jજાગૃત કર, અને આ મહીનામાં મારા ગુનાહોને માફ કરી દે, અય બધી કાએનાતના માલિક; અને મને માફ કરી દે અય તમામ ગુનેહગારોને માફ કરનાર.

## માહે રમઝાનની શરુઆતમાં બે રકઆત નમાઝ

બે રકઆત નમાઝ પઢે પહેલી રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી સૂરએ ફતહ (ઇન્ના ફતહના) અને બીજી રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી કોઈ પણ સુરો પઢે તો અલ્લાહ તઆલા તેનાથી તમામ બુરાઈઓને દુર રાખે અને આવતા વર્ષ સુધી અલ્લાહ તેને પોતાની હિફાઝતમાં રાખશે.

## મહીનાની શરૂઆતની બે રકઆત નમાઝ પઢી સદકો આપવો

દરેક મહીનાની શરૂઆતમાં દિવસે પઢવાની બે રકઆત નમાઝ પઢે, જેમાં પેહલી રકઆત માં સૂરએ અલ્હમ્દ પછી ત્રીસ વખત સૂરએ તૌહીદ પઢે અને બીજી રકઆતમાં સૂરએ હમ્દ પછી ત્રીસ વખત સૂરએ કદ્ર (ઇન્ના અન્ઝલ્ના) અને પછી અનુકુળતા પ્રમાણે સદકો કાઢે. જે કોઈ આ અમલ કરશે તો તેણે પૂરા મહીનાની સલામતી ખરીદી લીધી

## બીજી રાતની મુખ્તસર દુઆ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، يَا اِلٰهَ الْاَوَّلِيْنَ وَ الْاٰخِرِيْنَ، وَاِلٰهَ مَنْ بَقِيَ، وَاِلٰهَ مَنْ مَضٰى، رَبَّ السَّمٰوَاتِ السَّبْعِ وَ مَنْ فِيْهِنَّ، فَالِقَ الْاِصْبَاحِ، وَ جَاعِلِ اللَّيْلِ سَكَنًا وَّ الشَّمْسِ وَ الْقَمَرِ حُسْبَانًا، لَكَ الْحَمْدُ وَ لَكَ الشُّكْرُ، وَ لَكَ الْمَنُّ وَ لَكَ الطَّوْلُ، وَ اَنْتَ الْوَاحِدُ الصَّمَدُ، اَسْاَلُكَ بِجَلَالِكَ سَيِّدِيْ وَ جَمَالِكَ مَوْلَايَ، اَنْ تُصَلِّيَ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ وَّ

اَنْ تَغْفِرَ لِيْ وَتَرْحَمَنِيْ وَتَتَجَاوَزَ عَنِّيْ، اِنَّكَ اَنْتَ الْغَفُوْرُ الرَّحِيْمُ.

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય પહેલાઓ અને છેલ્લાઓના અલ્લાહ, અય જે મૌજૂદ છે તેનો અલ્લાહ, અય જે ગુઝરી ગયા છે તેનો અલ્લાહ, અય સાત આસમાનો તથા તેમાં જે કોઈ પણ છે તેના પાલનહાર, અય સવાર પાડનાર, અને રાતને સુકૂન બનાવનાર, અને સુરજ તથા ચાંદને હિસાબ કરવાનો વસીલો બનાવનાર, ફક્ત તારી જ માટે વખાણ છે અને ફક્ત તારી જ માટે શુક્ર છે. ફક્ત તું જ એહસાનનો માલિક છે, અને ફક્ત તું જ કુદરતનો માલિક છે, અને તું જ એકમાત્ર અને બેનિયાઝ છે; અય મારા સરદાર, તને વાસ્તો છે તારી બુઝુર્ગીનો તથા અય મારા મૌલા તને વાસ્તો છે તારી ખુબસુરત સિફાતોનો, કે હું સવાલ કરૂં છું કે હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને હઝરત મોહમ્મદ (સ.અ.વ.)ની ઔલાદ ઉપર રહમત નાઝિલ કર, અને મને માફ કરી દે, અને મારી ઉપર રહેમ કર, અને મને દરગુઝર કર, કારણ કે ફક્ત તું જ ખુબજ માફ કરનાર અને ખુબજ દયાળુ છે.

## બીજી રાતની નમાઝ

બીજી રાત્રે ચાર રકઆત નમાઝ છે, દરેક રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી વીસ વખત સૂરએ કદ્ર પઢે તો અલ્લાહ તેને બક્ષિ આપે, રોજીમાં બરકત આપે, તે વર્ષમાં તેના કામો આસાનીથી પુરા થાય.

## બીજા દિવસની મુખ્તસર દુઆ

બીજી તારીખે નીચેની દુઆ પઢે તો તેને પોતાની ઉમરમાં જેટલા કદમ ઉપડ્યા છે તેટલા વર્ષની ઈબાદતનો એવો સવાબ અતા કરે કે દિવસના રોઝા રાખ્યા હોય અને રાતના નમાઝ પડ્યો હોય.

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ قَرِّبْنِيْ فِيْهِ اِلٰى مَرْضَاتِكَ وَ جَنِّبْنِيْ فِيْهِ مِنْ سَخَطِكَ وَ نَقِمَاتِكَ وَ وَفِّقْنِيْ فِيْهِ لِقِرَاءَةِ اٰيَاتِكَ بِرَحْمَتِكَ يَا اَرْحَمَ الرَّاحِمِيْنَ

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ, મને આ મહીનામાં તારી ખુશનુદી તરફ વધારે નજિક કરી દે, અને મને આ મહીનામાં તારી નારાઝગી અને ગઝબથી દૂર રાખ, અને મને આ મહીનામાં કુરઆને

કરીમની તિલાવત કરવાની તૌફિક આપ, તારી રહમતનો વાસ્તો છે અય રહેમ કરવાવાળાઓ માં સૌથી વધારે રહેમ કરનાર.

## ત્રીજી માહે રમઝાન

આ દિવસે હિજરી સન ૯માં તબુકમાં મુસલમાનો અને રૂમીઓની વચ્ચેની થનાર જંગ સુલેહમાં પરીણમી, અને હિજરી સન ૪૧૩માં શૈખ મુફીદ (ર.અ.) વફાત પામ્યા.

## ત્રીજી રાતની મુખ્તસર દુઆ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، يَا اِلٰهَ اِبْرَاهِيْمَ وَاِلٰهَ اِسْحَاقَ وَاِلٰهَ يَعْقُوْبَ وَالْاَسْبَاطِ ، رَبَّ الْمَلَائِكَةِ وَ الرُّوْحِ ، اَلسَّمِيْعُ الْعَلِيْمُ ، اَلْحَلِيْمُ الْكَرِيْمُ ، اَلْعَلِيُّ الْعَظِيْمُ ، لَكَ صُمْتُ وَعَلٰى رِزْقِكَ اَفْطَرْتُ ، وَاِلٰى كَنَفِكَ اٰوَيْتُ ، وَاِلَيْكَ اَنَبْتُ وَاِلَيْكَ الْمَصِيْرُ ، وَاَنْتَ الرَّءُوْفُ الرَّحِيْمُ ، قَوِّنِيْ عَلَى الصَّلَاةِ وَالصِّيَامِ ، وَلَا تُخْزِنِيْ يَوْمَ الْقِيَامَةِ ، اِنَّكَ لَا تُخْلِفُ الْمِيْعَادَ.

(શરૂ કરું છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન

અને બહુજ દયાળુ છે. અય હઝરત ઈબ્રાહીમ (અ.)ના અલ્લાહ, અય હઝરત ઇસ્હાક (અ.)ના અલ્લાહ, અય હઝરત યઅકૂબ (અ.) અને તેના કબીલાવાળાઓના અલ્લાહ, અય ફરિશ્તાઓ અને રૂહુલ કુદુસના પાલનહાર જે બધુજ સાંભળનાર અને જાણનાર, સહનશીલ અને ખુબજ ઉદાર, સર્વોચ્ચ અને ખુબજ માનનીય છે. મેં ફક્ત તારી માટે રોઝો રાખ્યો, અને ફક્ત તારી આપેલી રોઝીથી ઇફતારી કરી, અને તારી હિફાઝતમાં આશરો લીધો અને હું તારી બારગાહમાં તૌબા કરૂં છું અને ફક્ત તારી તરફ બધાને પાછું ફરવાનું છે, અને તું ખુબજ મહેરબાન અને દયાળુ છે; મને નમાઝ પઢવાની અને રોઝા રાખવાની તાકત આપ, અને મને કયામતના દિવસે બદનામ નહીં કરતો, કે તું તારા વાયદાઓને તોડતો નથી.

## ત્રીજી રાતની નમાઝ

ત્રીજી રાત્રે દસ રકઆત નમાઝ છે, દરેક રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી પચાસ વખત સૂરએ તૌહીદ પઢે તો અલ્લાહ તરફથી જહન્નમની આગથી આઝાદી મળે છે.

## ત્રીજા દિવસની મુખ્તસર દુઆ

ત્રીજી તારીખે નીચેની દુઆ પઢે તો અલ્લાહ તઆલા તેના માટે જન્નતે ફિરદોસમાં સફેદ મો  તીનું એક  મકાન

બનાવે કે તેના ઉપર સિત્તેર હજાર ચમકતા નુરવાળા ગુરફા (રૂમ) હોય, દરેક ગુરફામાં સિત્તેર સિત્તેર હજાર તખ્ત હોય, અને દરક તખ્ત ઉપર એક એક હુર હોય અને તેના માટે હમેશાં હજાર મલાએકા અલ્લાહ તરફથી હદીયો લાવે.

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ ارْزُقْنِيْ فِيْهِ الذِّهْنَ وَ التَّنْبِيْهَ وَ بَاعِدْنِيْ فِيْهِ مِنَ السَّفَاهَةِ وَ التَّمْوِيْهِ وَ اجْعَلْ لِيْ نَصِيْبًا مِنْ كُلِّ خَيْرٍ تُنْزِلُ فِيْهِ بِجُوْدِكَ يَا اَجْوَدَ الْاَجْوَدِيْنَ

(શરૂ કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ, મને આ મહીનામાં હોશિયારી અને જાગૃતિ અતા કર, અને મને આ મહીનામાં મૂર્ખતા અને દગાબાજીથી દૂર રાખ, અને મને તે દરેક નેકી નસીબ કર કે જે આ મહીનામાં નાઝિલ થાય છે, તારી અતાના વાસ્તાથી, અય નેઅમતો અતા કરવાવાળાઓ માં સૌથી વધારે અતા કરનાર.

## ચોથી રાતની મુખ્તસર દુઆ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، يَا رَحْمٰنَ الدُّنْيَا وَ

الْاٰخِرَةِ وَ رَحِيْمَهُمَا، وَ يَا جَبَّارَ الدُّنْيَا وَ يَا مَالِكَ الْمُلُوْكِ، وَ يَا رَازِقَ الْعِبَادِ. هٰذَا شَهْرُ التَّوْبَةِ، وَ هٰذَا شَهْرُ الثَّوَابِ، وَ هٰذَا شَهْرُ الرَّجَاءِ، وَ اَنْتَ السَّمِيْعُ الْعَلِيْمُ. اَسْاَلُكَ اَنْ تَجْعَلَنِيْ فِيْ عِبَادِكَ الصَّالِحِيْنَ، الَّذِيْنَ لَا خَوْفٌ عَلَيْهِمْ وَ لَا هُمْ يَحْزَنُوْنَ، وَ اَنْ تَسْتُرَنِيْ بِالسِّتْرِ الَّذِيْ لَا يُهْتَكُ، وَ تُجَلِّلَنِيْ بِعَافِيَتِكَ الَّتِيْ لَا تُرَامُ، وَ تُعْطِيَنِيْ سُؤْلِيْ، وَ تُدْخِلَنِيْ الْجَنَّةَ بِرَحْمَتِكَ، وَ اَنْ لَا تَدَعْ لِيْ ذَنْبًا اِلَّا غَفَرْتَهٗ، وَ لَا هَمًّا اِلَّا فَرَّجْتَهٗ، وَ لَا كُرْبَةً اِلَّا كَشَفْتَهَا، وَ لَا حَاجَةً اِلَّا قَضَيْتَهَا، بِحَقِّ مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ، اِنَّكَ اَنْتَ الْاَجَلُّ الْاَعْظَمُ.

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય દુનિયા અને આખેરતમાં ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ, અય દુનિયામાં સૌથી વધારે કુદરતવાળા, અય તમામ બાદશાહોના બાદશાહ, અય તમામ બંદાઓને રોઝી દેવાવાળા,

આ તૌબાનો મહીનો છે, અને આ સવાબનો મહીનો છે, અને આ ઉમ્મીદોનો મહીનો છે, અને તું ખુબજ સાંભળવાવાળો અને બધું જ જાણનાર છે; હું તારી પાસે સવાલ કરૂં છું કે મને તારા તે બંદાઓમાં શામિલ કર કે જેઓને કોઈ વસ્તુનો ખૌફ નથી અને જેઓ કોઈ વસ્તુથી ગમગીન નથી, મારી ખામીઓને એવી રીતે છૂપાવ કે ક્યારેય પણ જાહેર ન થાય, અને તારી આફીયત થકી મને એવી બુઝુર્ગી અતા કર કે જેનો ખયાલ પણ ન કરી શકું, અને મારી બધી હાજતોને પૂરી કર, અને તારી રહમત થકી મને જન્નતમાં દાખલ કર, અને મારા બધા ગુનાહોને માફ કરી આપ, અને દરેક પરેશાનીઓને દૂર કર, દરેક બેચૈનીને દૂર કર, અને મારી દરેક હાજતોને પૂરી કર,તને હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને હઝરત મોહમ્મદ (સ.અ.વ.)ની ઔલાદનો વાસ્તો છે; ફક્ત તું જ સૌથી વધારે બુઝુર્ગીવાળો અને સૌથી વધારે માનનીય છે.

## ચોથી રાતની નમાઝ

**ચોથી રાત્રે આઠ રકઆત નમાઝ છે, દરેક રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી વીસ વખત સૂરએ કદ્ર પઢે તો અલ્લાહ તઆલા તેના આમાલને તે રાતે પયગમ્બરોના આમાલની માફક બુલંદ કરે.**

## ચોથા દિવસની મુખ્તસર દુઆ

ચોથી તારીખે નીચેની દુઆ પઢે તો અલ્લાહ તઆલા જન્નતમાં સિત્તેર હજાર કુર્સી અતા ફરમાવશે કે દરેક કુર્સી ઉપર એક હુર હશે.

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ قَوِّنِيْ فِيْهِ عَلٰى اِقَامَةِ اَمْرِكَ وَاَذِقْنِيْ فِيْهِ حَلَاوَةَ ذِكْرِكَ وَاَوْزِعْنِيْ فِيْهِ لِاَدَاءِ شُكْرِكَ بِكَرَمِكَ وَاحْفَظْنِيْ فِيْهِ بِحِفْظِكَ وَسِتْرِكَ يَا اَبْصَرَ النَّاظِرِيْنَ

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ, મને આ મહીનામાં તારા હુકમોને જારી કરવાની તાકત અતા કર, અને મને આ મહીનામાં તારા ઝિક્રની મિઠાશ ચખાડજે, અને મને આ મહીનામાં વધારે તૌફીક અતા કર કે તારા કરમથી હું તારો શુક્ર અદા કરૂં, આ મહીનામાં તારી હિફાઝતથી અને પરદાપોશીથી મારી હિફાઝત કર, અય ધ્યાન રાખનારાઓમાં સૌથી વધારે ધ્યાન રાખનાર.

## પાંચમી રાતની મુખ્તસર દુઆ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ

بِاَسْمَائِكَ خَيْرِ الْاَسْمَاءِ، اَلَّتِيْ تُنْزِلُ بِهَا الشِّفَاءَ وَ

تَكْشِفُ بِهَا الْاَدْوَاءَ، اَنْ تُصَلِّيَ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِ

مُحَمَّدٍ، وَ اَنْ تُنْزِلَ عَلَيَّ مِنْكَ عَافِيَةً وَّ شِفَاءً، وَ

تَدْفَعَ عَنِّيْ بِاسْمِكَ كُلَّ سُقْمٍ وَّ بَلَاءٍ، وَ تَقَبَّلُ

صَوْمِيْ، وَ تَجْعَلَنِيْ فِيْمَنْ صَامَ وَ قَامَ وَ رَضِيْتَ

عَمَلَهٗ، وَ تَجْعَلَنِيْ مِمَّنْ صَامَتْ جَوَارِحُهٗ، وَ حَفِظَ

لِسَانَهٗ وَ فَرْجَهٗ، وَ تَرْزُقَنِيْ عَمَلًا تَرْضَاهُ، وَ تَمُنَّ عَلَيَّ

بِالصَّمْتِ وَ السَّكِيْنَةِ، وَ وَرَعًا يَحْجُزُنِيْ عَنْ

مَعْصِيَتِكَ، يَا اَرْحَمَ الرَّاحِمِيْنَ.

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ હું તારી પાસે તારા સૌથી સારા નામો થકી સવાલ કરૂં છું કે જે નામો થકી શિફા નાઝિલ થાય છે અને બિમારીઓને દૂર કરે છે, કે તું હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને હઝરત મોહમ્મદ (સ.અ.વ.)ની ઔલાદ ઉપર રહમત નાઝિલ કર, અને મારી ઉપર તારી તરફથી સલામતી અને શિફા અતા કર, અને તારા નામ

થકી, મારીથી તમામ બિમારીઓ અને બલાઓને દૂર કર, અને મારા રોઝાને કબૂલ કર, અને મને તે લોકોમાં શામિલ કર કે જેઓએ રોઝા રાખ્યા, કેયામ કર્યો અને નમાઝો પઢી તેમજ તેઓના અમલથી તું રાજી થયો, અને તે લોકોની સાથે શામિલ કર કે જેના શરીરના તમામ અવ્યવોએ રોઝા રાખ્યા હોય, અને પોતાની ઝબાન અને શર્મગાહોને ગુનાહથી બચાવ્યા હોય, અને મને એવો અમલ કરવાની તૌફીક આપ કે જે તને રાજી કરે, અને મારી ઉપર એહસાન કર કે હું  વધારાની વાતો કરવાથી બચું અને હું સુકૂન હાસિલ કરું, અને મને તેવી પરહેઝ્ગારી અતા કર કે જે મને તારા ગુનાહ કરવાથી રોકે, અય રહેમ કરવાવાળાઓ માં સૌથી વધારે રહેમ કરનાર

## પાંચમી રાતની નમાઝ

**પાંચમી રાત્રે બે રકઆત નમાઝ છે, દરેક રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી પચાસ વખત સૂરએ તૌહીદ પઢે અને નમાઝ ખત્મ થયા પછી સો વખત  હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને આલે મોહમ્મદ  (સ.અ.વ.) ઉપર સલવાત પઢે તો હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)  ફરમાવે છે કે  તેનો સવાબ એ છે કે જન્નતમાં હું જ્યાં રહું ત્યાં તે રહે.**

## પાંચમાં દિવસની મુખ્તસર દુઆ

પાંચમી તારીખે નીચેની દુઆ પઢે તો અલ્લાહ તઆલા જન્નતના હજાર મોટા પ્યાલા અતા ફરમાવે અને દરેક પ્યાલામાં હજાર જાતનું ખાણું હશે.

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ اجْعَلْنِيْ فِيْهِ مِنَ الْمُسْتَغْفِرِيْنَ وَ اجْعَلْنِيْ فِيْهِ مِنْ عِبَادِكَ الصَّالِحِيْنَ الْقَانِتِيْنَ وَ اجْعَلْنِيْ فِيْهِ مِنْ اَوْلِيَائِكَ الْمُقَرَّبِيْنَ بِرَأْفَتِكَ يَا اَرْحَمَ الرَّاحِمِيْنَ

(શરૂ કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ મને આ મહીનામાં ઇસ્તીગ્ફાર કરવાવાળાઓ માં શામિલ કર, મને આ મહીનામાં તારા ઈબાદત કરવાવાળા નેક બંદાઓમાં શામિલ કર, અને મને આ મહીનામાં તારા ખુબજ નજિકના ચાહવાવાળાઓ માં શામિલ કર, તારી મહેરબાની થકી અય રહેમ કરવાવાળાઓ માં સૌથી વધારે રહેમ કરનાર.

## છઠ્ઠી માહે રમઝાન

આ રાતના હઝરત મૂસા (અ.) ઉપર તૌરાત નાઝિલ થઈ, તેમજ હિજરી સન ૨૦૧માં આ દિવસે ખુરાસાનમાં

લોકોએ ઈમામ રઝા (અ.)ની બયઅત કરી હતી.

## છઠ્ઠી રાતની મુખ્તસર દુઆ

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ اَنْتَ السَّمِيْعُ
الْعَلِيْمُ، وَاَنْتَ الْوَاحِدُ الْكَرِيْمُ، وَاَنْتَ الْاِلٰهُ
الصَّمَدُ، رَفَعْتَ السَّمٰوَاتِ بِقُدْرَتِكَ، وَدَحَوْتَ
الْاَرْضَ بِعِزَّتِكَ، وَاَنْشَأْتَ السَّحَابَ بِوَحْدَانِيَّتِكَ،
وَاَجْرَيْتَ الْبِحَارَ بِسُلْطَانِكَ. يَامَنْ سَبَّحَتْ لَهُ
الْحِيْتَانُ فِي الْبُحُوْرِ، وَالسِّبَاعُ فِي الْفَلَوَاتِ، يَامَنْ لَا
يَخْفٰى عَلَيْهِ خَافِيَةٌ فِي السَّمٰوَاتِ السَّبْعِ وَالْاَرَضِيْنَ
السَّبْعِ. يَامَنْ يُسَبِّحُ لَهُ السَّمٰوَاتُ السَّبْعُ وَ
الْاَرَضُوْنَ السَّبْعُ وَمَا فِيْهِنَّ. يَامَنْ لَا يَمُوْتُ وَلَا
يَبْقٰى اِلَّا وَجْهُهُ الْجَلِيْلُ الْجَبَّارُ، صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ
اٰلِهٖ وَاغْفِرْ لِيْ، وَارْحَمْنِيْ، وَاعْفُ عَنِّيْ، اِنَّكَ اَنْتَ
الْغَفُوْرُ الرَّحِيْمُ.

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ, તું જ બધું સાંભળનાર અને બધું જાણનાર છે, અને તું જ એકમાત્ર અને ઉદાર છે, અને તું જ બેનિયાઝ અલ્લાહ છે; તારી કુદરતથી તેં આસમાનોને બુલન્દ કર્યા, અને તારી ઇઝ્ઝતથી ઝમીનને પાથરી, અને તારી એક્યતાથી વાદળોને પૈદા કર્યા, અને તારી કુવ્વત થકી દરિયાઓને વહેતા કર્યા; અય તે કે જેની માટે દરિયાઓમાં માછલીઓ અને જંગલોમાં જાનવરો તસ્બીહ કરે છે, અય તે કે જેનાથી સાત આસમાનો અને સાત ઝમીનોમાં કોઈ છુપી વસ્તુ પણ છુપાયેલી નથી, અય તે કે સાત આસમાનો અને સાત ઝમીનો અને જે કાંઈ પણ તેમાં છે, તેની તસ્બીહ કરે છે, અય તે કે જેની માટે મૌત નથી, અને મહાન કુદરતવાળી તેની ઝાત સિવાય બીજું કોઈ બાકી રેહનાર નથી, તું હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની ઔલાદ ઉપર રેહમત નાઝિલ કર અને મને માફ કર, અને મારી ઉપર રહેમ કર, અને મને દરગુઝર કર, કે ખરેખર ફક્ત તું જ બહુજ માફ કરનાર અને ખુબજ દયાળુ છે.

## છઠ્ઠી રાતની નમાઝ

**છઠ્ઠી રાત્રે ચાર રકઆત નમાઝ છે, દરેક રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી સૂરએ તબારક પઢે તો તેનો સવાબ**

એ છે કે ગોયા તેણે શબેકદ્રની ફઝીલત અને ઈબાદત મેળવી હોય.

## છઠ્ઠા દિવસની મુખ્તસર દુઆ

છઠી તારીખે નીચેની દુઆ પઢે તો અલ્લાહ તઆલા તેને ચાલીસ હજાર શહેર અતા કરશે, તે દરેક શહેરમાં ચાલીસ હજાર કુર્સી એટલે તખ્ત હોય અને તે કુર્સીની લંબાઈ હજાર ગજની હોય, દરેક કુર્સી ઉપર એક એક હુર હોય, તે દરેક હુરને હજાર વાળ હોય, અને દરેક વાળ માટે એક એક ખિદમત કરનારી હોય.

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ ، اَللّٰهُمَّ لَا تَخۡذُلۡنِيۡ فِيۡهِ لِتَعَرُّضِ مَعۡصِيَتِكَ وَلَا تَضۡرِبۡنِيۡ بِسِيَاطِ نَقِمَتِكَ وَزَحۡزِحۡنِيۡ فِيۡهِ مِنۡ مُوۡجِبَاتِ سَخَطِكَ بِمَنِّكَ وَاَيَادِيۡكَ يَا مُنۡتَهٰى رَغۡبَةِ الرَّاغِبِيۡنَ

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ, આ મહીનામાં મને તારી નાફરમાની કરવા માટે આઝાદ ન છોડજે, અને મને તારા અઝાબના કોરડાની સજા ન આપજે, અને આ મહીનામાં મને તારી નારાઝગીના કારણોથી દૂર રાખ, તારા એહસાન અને તારી

નેઅમતો થકી, અય તારાથી મુહબ્બત રાખવાળાઓની મુહબ્બતની આખરી મંઝિલ.

## છઠ્ઠા દિવસે નેઅમતના શુક્રની બે રકઆત નમાઝ

આ દિવસે ૨૦૧ હિજરી સનમાં લોકોએ ઈમામ રઝા (અ.)ની બયઅત કરી હતી. રિવાયતમાં છે કે આ નેઅમતના શુક્રની બે રકઆત નમાઝ પઢવી જોઈએ અને નમાઝમાં બન્ને રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી ૨૫ વખત સૂરએ તૌહીદ (કુલ હોવલ્લાહો અહદ) પઢે.

## સાતમી માહે રમઝાન

એક રિવાયત મુજબ બેઅસતના દસમાં વર્ષે હઝરત અબુ તાલિબ (અ.)ની વફાતનો દિવસ છે.

## ઝિયારતે હઝરત અબુ તાલિબ (અ.)

કાશેફુલ ગેતા - અહમદ ઇબ્ને અલી નજફી (અ.ર.) પોતાની કિતાબ કલાએદુદ્દોરરમાં વર્ણાવેલ મુજબ નીચેની ઝિયારત છે

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَلسَّلَامُ عَلَيْكَ يَا

سَيِّدَ الْبَطْحَاءِ وَابْنَ رَئِيْسِهَا، اَلسَّلَامُ عَلَيْكَ يَا

وَارِثَ الْكَعْبَةِ بَعْدَ تَأْسِيْسِهَا، اَلسَّلَامُ عَلَيْكَ يَا

كَافِلَ رَسُوْلِ اللهِ صَلَّى اللهُ عَلَيْهِ وَاٰلِهٖ. اَلسَّلَامُ

عَلَيْكَ يَا عَمَّ الْمُصْطَفٰى. اَلسَّلَامُ عَلَيْكَ يَا حَافِظَ

دِيْنِ اللهِ. اَلسَّلَامُ عَلَيْكَ يَا اَبَا الْمُرْتَضٰى. اَلسَّلَامُ

عَلَيْكَ يَا وَالِدَ اَئِمَّةَ الْهُدٰى. كَفَاكَ بِمَا اَوْلَاكَ اللهُ

شَرَفًا وَّ نَسَبًا وَ حَسْبُكَ بِمَا اَعْطَاكَ اللهُ عِزًّا وَّ

حَسَبًا. اَلسَّلَامُ عَلَيْكَ يَا شَرَفَ الْوُجُوْدِ. اَلسَّلَامُ

عَلَيْكَ يَا وَلِيَّ الْمَعْبُوْدِ. اَلسَّلَامُ عَلَيْكَ يَا حَارِسَ

النَّبِيِّ الْمَوْعُوْدِ. اَلسَّلَامُ عَلَيْكَ يَا مَنْ رُزِقَ وَلَدًا وَّ

هُوَ خَيْرُ مَوْلُوْدٍ. اَلسَّلَامُ عَلَيْكَ يَا مَنْ خُصِّصَ

بِالْوَلَدِ الزَّكِيِّ الطَّاهِرِ الْمُطَهَّرِ الْعَلِيِّ عَلِيٍّ الَّذِيْ

اشْتُقَّ اسْمُهٗ مِنَ الْعَلِيِّ. هَنِيْئًا لَكَ ثُمَّ هَنِيْئًا مِنْ

وَلَدٍ هُوَ الْمُرْتَضٰى مِنْ رَسُوْلٍ وَّ اَخِ الرَّسُوْلِ وَ زَوْجِ

الْبَتُوْلِ وَ سَيْفِ اللّٰهِ الْمَسْلُوْلِ، هَنِيْئًا لَكَ ثُمَّ هَنِيْئًا

مِنْ وَلَدٍ هُوَ مِنْ مُحَمَّدٍ ِ الْمُصْطَفٰى بِمَنْزِلَةِ هَارُوْنَ

مِنْ مُوْسٰى، هَنِيْئًا لَكَ مِنْ وَلَدٍ هُوَ شَرِيْكُ النُّبُوَّةِ وَ

الْمَخْصُوْصُ بِالْاُخُوَّةِ، وَكَاشِفُ الْغُمَّةِ وَ اِمَامُ الْاُمَّةِ وَ

اَبُوْ الْاَئِمَّةِ، هَنِيْئًا لَكَ مِنْ وَلَدٍ هُوَ قَسِيْمُ الْجَنَّةِ وَ

النَّارِ وَ نِعمَةُ اللّٰهِ عَلَى الْاَبْرَارِ، وَ نِقْمَةُ اللّٰهِ عَلَى

الْفُجَّارِ، اَلسَّلَامُ عَلَيْكَ وَ عَلَيْهِ وَ رَحمَةُ اللّٰهِ وَ

بَرَكَاتُهٗ

ત્યાર બાદ હદીયાની બે રકઆત નમાઝ પઢી તેનો સવાબ તેમને હદીયો કરે અને તેમના વસીલાથી પોતાના માટે, પોતાના માં-બાપ અને પોતાના ભાઈઓ માટે માફી, રહમત, મગફેરત, છેલ્લા સમયે ઈમાનની સલામતી તેમજ દુનિયા અને આખેરતની સઆદત તથા નેઅમતો માંગે, ઇન્શાલ્લાહ બધી હાજતો પૂરી થશે.

## સાતમી રાતની મુખ્તસર દુઆ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، يَا صَرِيْخَ الْمُسْتَصْرِخِيْنَ، وَيَا مُفَرِّجَ كَرْبِ الْمَكْرُوْبِيْنَ، وَيَا مُجِيْبَ دَعْوَةِ الْمُضْطَرِّيْنَ، وَيَا كَاشِفَ الْكَرْبِ الْعَظِيْمِ، يَا اَرْحَمَ الرَّاحِمِيْنَ، صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِ مُحَمَّدٍ، وَاكْشِفْ كَرْبِيْ وَهَمِّيْ وَغَمِّيْ، فَاِنَّهٗ لَا يَكْشِفُ ذٰلِكَ غَيْرُكَ. وَتَقَبَّلْ صَوْمِيْ وَاقْضِ لِيْ حَوَائِجِيْ، وَابْعَثْنِيْ عَلَى الْاِيْمَانِ بِكَ، وَالتَّصْدِيْقِ بِكِتَابِكَ وَرَسُوْلِكَ، وَحُبِّ الْاَئِمَّةِ الْمَهْدِيِّيْنَ، اُولِي الْاَمْرِ الَّذِيْنَ اَمَرْتَ بِطَاعَتِهِمْ، فَاِنِّيْ قَدْ رَضِيْتُ بِهِمْ اَئِمَّةً ،

(શરૂ કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય ફરિયાદ કરવાવાળાઓની ફરિયાદે પહોંચનાર, અય દુ:ખીઓના દુ:ખને દૂર કરનાર, અને અય પરેશાન લોકોની દુઆઓને સાંભળનાર, અને અય મોટી મોટી

તકલીફોને દૂર કરનાર, અય રહેમ કરવાવાળાઓ માં સૌથી વધારે રહેમ કરનાર, હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને હઝરત મોહમ્મદ (સ.અ.વ.)ની ઔલાદ ઉપર રહમત નાઝિલ કર, અને મારી પરેશાની, મારા ગમ અને મારા દુઃખને દૂર કરી દે કારણ કે બીજું કોઈ નથી જે આ બધી વસ્તુને મારીથી દૂર કરે, અને મારા રોઝાને કબૂલ કર, અને મારી હાજતોને પૂરી કર, અને મને કબરમાંથી ઉઠાડજે તારી ઉપર ઈમાનની સાથે, અને તારા રસૂલ (સ.અ.વ.) અને તારી કિતાબની સચ્ચાઈના સ્વીકારની સાથે, અને હિદાયત પામેલા ઈમામોની મુહબ્બતની સાથે કે જેઓ ઉલિલ અમ્ર છે કે જેની ઇતાઅત અને તાબેદારીનો તેં હુકમ આપેલો છે; ખરેખર અમે અમારા ઈમામોની ઇમામતથી રાજી છીએ;

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ، وَ اَدْخِلْنِيْ فِيْ كُلِّ خَيْرٍ اَدْخَلْتَ فِيْهِ مُحَمَّدًا وَّ اٰلَ مُحَمَّدٍ، وَ اجْعَلْنِيْ مَعَهُمْ فِي الدُّنْيَا وَ الْاٰخِرَةِ وَ مِنَ الْمُقَرَّبِيْنَ. اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ وَّ تَقَبَّلْ صَلَاتِيْ وَ صَوْمِيْ وَ نُسُكِيْ، فِيْ هٰذَا الشَّهْرِ الْمُفْتَرَضِ عَلَيْنَا صِيَامُهٗ، وَ

ارْزُقْنِيْ فِيْهِ مَغْفِرَتَكَ وَرَحْمَتَكَ، يَا اَرْحَمَ الرَّاحِمِيْنَ

અય અલ્લાહ, તું હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને હઝરત મોહમ્મદ (સ.અ.વ.)ની ઔલાદ ઉપર રહમત નાઝિલ કર, અને મને પણ તે દરેક નેકીઓ અતા કર કે જે બધી નેકીઓને તેં હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની ઔલાદને અતા કરી, અને મને તેઓની સાથે દુનિયા અને આખેરતમાં શામિલ કર તથા મને તારા નજીકના બંદાઓમાં શામિલ કર; અને અય અલ્લાહ, તું હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને હઝરત મોહમ્મદ (સ.અ.વ.)ની ઔલાદ ઉપર રહમત નાઝિલ કર, અને આ મહીનામાં - કે જેના રોઝાઓને તેં અમારી ઉપર વાજિબ કર્યા છે - મારી નમાઝને, મારા રોઝાને અને મારા તમામ આમાલને કબૂલ કર, અને મને આ મહીનામાં તારી મગફેરત અને તારી રહમત અતા કર, અય રહેમ કરવાવાળાઓ માં સૌથી વધારે રહેમ કરનાર.

## સાતમી રાતની નમાઝ

**સાતમી રાત્રે ચાર રકઆત નમાઝ છે, દરેક રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી તેર વખત સૂરએ કદ્ર પઢે તો તેના બદલામાં અલ્લાહ જન્નત અદનમાં સોનાનું એક**

મકાન તૈયાર કરે અને આવતા વર્ષ સુધી અલ્લાહ તેને અમાનમાં રાખે.

## સાતમાં દિવસની મુખ્તસર દુઆ

સાતમી તારીખે નીચેની દુઆ પઢે તો અલ્લાહ તઆલા જન્નતમાં તેને એ નેઆમતો અતા કરશે જે શહીદો, સઈદો અને અવ્લીયાને આપી છે.

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ اَعِنِّيْ فِيْهِ عَلٰى صِيَامِهٖ وَ قِيَامِهٖ وَ جَنِّبْنِيْ فِيْهِ مِنْ هَفَوَاتِهٖ وَاٰثَامِهٖ وَارْزُقْنِيْ فِيْهِ ذِكْرَكَ بِدَوَامِهٖ بِتَوْفِيْقِكَ يَا هَادِيَ الْمُضِلِّيْنَ

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ આ મહીનામાં રોઝાઓ રાખવામાં અને નમાઝો પઢવામાં તેમજ કેયામ કરવામાં અમારી મદદ કર, અને અમોને આ મહીનામાં નકામી વાતો અને ગુનાહોથી બચાવ, હું આ મહીનામાં હંમેશા તારો ઝિક્ર કરતો રહું, તારી તૌફીક થકી, અય ગુમરાહોની હિદાયત કરનાર.

## આઠમી રાતની મુખ્તસર દુઆ

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ هٰذَا شَهْرُكَ
الَّذِيْ اَمَرْتَ فِيْهِ عِبَادَكَ بِالدُّعَاءِ، وَ ضَمِنْتَ لَهُمُ
الْاِجَابَةَ، وَ قُلْتَ وَاِذَا سَاَلَكَ عِبَادِيْ عَنِّيْ فَاِنِّيْ
قَرِيْبٌ، اُجِيْبُ دَعْوَةَ الدَّاعِ اِذَا دَعَانِ . فَاَدْعُوْكَ يَا
مُجِيْبَ دَعْوَةِ الْمُضْطَرِّ ، وَيَا كَاشِفَ السُّوْءِ عَنِ
الْمَكْرُوْبِ، وَيَا جَاعِلَ اللَّيْلِ سَكَنًا، وَيَا مَنْ لَا
يَمُوْتُ، اِغْفِرْ لِمَنْ يَمُوْتُ، قَدَّرْتَ وَ خَلَقْتَ وَ سَوَّيْتَ،
فَلَكَ الْحَمْدُ، اَطْعَمْتَ وَ سَقَيْتَ وَ اٰوَيْتَ وَ رَزَقْتَ
فَلَكَ الْحَمْدُ ، اَسْاَلُكَ اَنْ تُصَلِّيَ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِ
مُحَمَّدٍ فِي اللَّيْلِ اِذَا يَغْشٰى، وَ فِي النَّهَارِ اِذَا تَجَلّٰى، وَ فِي
الْاٰخِرَةِ وَ الْاُوْلٰى، وَ اَنْ تَكْفِيَنِيْ مَا اَهَمَّنِيْ، وَ تَغْفِرَ
لِيْ. اِنَّكَ اَنْتَ الْغَفُوْرُ الرَّحِيْمُ .

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ, આ તારો એ

મહીનો છે કે જેમાં તેં તારા બંદાઓને દુઆ કરવાનો હુક્મ આપ્યો છે, અને તેઓની દુઆઓને ચોક્કસ કબૂલ કરવાની ખાતરી આપી છે, અને તે ફરમાવ્યું છે કે "(અય રસૂલ સ.અ.વ.) જયારે મારા બંદાઓ તને મારા વિશે પૂછે તો (કહી દો કે) હું તેનાથી ખુબજ નજિક છું, જયારે તેઓમાંથી કોઈ દુઆ માંગે છે, તો હું તેઓની દુઆઓને કબૂલ કરું છું ", તો હું તારી પાસે દુઆ માંગુ છું અય બેચૈન લોકોની દુઆઓને કબૂલ કરનાર, અને પરેશાન લોકોની પરેશાનીઓને દૂર કરનાર, અને રાતને સુકૂન દેનાર બનાવવાવાળા; અય તે ઝાત કે જેની માટે મૌત નથી, તુ તેને માફ કર કે જેને મૌત આવવાની છે; તેં જ કુદરત આપી, તેં જ પૈદા કર્યા, અને તેં જ પરિપૂર્ણ કર્યા તો ફક્ત તારી માટે જ બધા વખાણ છે; તેં જ ખવરાવ્યું, તેં જ પિવરાવ્યું, તેં જ આશરો આપ્યો, અને તેં જ મને રોઝી આપી તો ફક્ત તારી માટે જ બધા વખાણ છે; હું તારી પાસે સવાલ કરું છું કે હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને હઝરત મોહમ્મદ (સ.અ.વ.)ની ઔલાદ ઉપર રહમત નાઝિલ કર રાત્રિમાં કે જયારે (તે દરેક વસ્તુ ને) ઢાંકી દે છે, અને દિવસમાં કે જયારે તે પ્રકાશિત થાય છે, અને દુનિયામાં અને આખેરતમાં, અને મારા બધા જ જરૂરી કાર્યોમાં મારી માટે પૂરતો થઇ જા, અને મને માફ કરી દે, કારણ કે ખરેખર ફક્ત તું

જ સૌથી મહાન માફ કરવાવાળો અને ખુબજ દયાળુ છે.

## આઠમી રાતની નમાઝ

આઠમી રાત્રે બે રકઆત નમાઝ છે, દરેક રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી દસ વખત સૂરએ તૌહીદ પઢે અને તશહુદ અને સલામ પઢયા પછી ૧૦૦૦ વખત સુબ્હાનલ્લાહ કહે તો જન્નતમાં આઠે દરવાજા ખુલ્લા થ ઈ જાય જે દરવાજાથી ચાહે જન્નતમાં દાખલ થાય.

## આઠમાં દિવસની મુખ્તસર દુઆ

આઠમી તારીખે નીચેની દુઆ પઢે તો અલ્લાહ તઆલા તેના અમલને હજાર સિદ્દીકીનના અમલની બરાબર બુલંદ કરશે.

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ ارْزُقْنِيْ فِيْهِ رَحْمَةَ الْاَيْتَامِ وَاِطْعَامَ الطَّعَامِ وَاِفْشَاءَ السَّلَامِ وَ صُحْبَةَ الْكِرَامِ بِطَوْلِكَ يَا مَلْجَاَ الْاٰمِلِيْنَ

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ, આ મહીનામાં મને તૌફીક આપ કે યતીમો ઉપર મહેરબાની કરૂં, હું લોકોને ખાવાનું ખવડાવું, અને મારા તરફથી

સલામતીને  જાહેર કરૂં, હું શરીફ લોકોની સાથે રહું, તારી બખ્શીશ થકી, અય ઉમ્મીદ રાખવાવાળાઓની ઉમ્મીદોના આશરા.

## નવમી માહે રમઝાન

કુફા વાસીઓ તરફથી પત્રો થકી ઈમામ હુસૈન (અ.)ને કુફા આવવાનું આમંત્રણ આપવામાં આવ્યું.

## નવમી રાતની મુખ્તસર દુઆ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، يَا سَيِّدَاهُ وَ يَا رَبَّاهُ، وَ يَا ذَا الْجَلَالِ وَ الْاِكْرَامِ، يَا ذَا الْعَرْشِ الَّذِيْ لَا يَنَامُ، وَ يَا ذَا الْعِزِّ الَّذِيْ لَا يُرَامُ، يَا قَاضِيَ الْاُمُوْرِ، يَا شَافِيَ الصُّدُوْرِ، اِجْعَلْ لِيْ مِنْ اَمْرِيْ فَرَجًا وَّ مَخْرَجًا، وَ اقْذِفْ رَجَاءَكَ فِيْ قَلْبِيْ، حَتّٰى لَا اَرْجُوْ اَحَدًا سِوَاكَ، عَلَيْكَ سَيِّدِيْ تَوَكَّلْتُ، وَ اِلَيْكَ مَوْلَايَ اَنَبْتُ، وَ اِلَيْكَ الْمَصِيْرُ. اَسْاَلُكَ يَا اِلٰهَ الْاٰلِهَةِ، وَ يَا جَبَّارَ الْجَبَابِرَةِ، وَ يَا كَبِيْرَ الْاَكَابِرِ، اَلَّذِيْ مَنْ تَوَكَّلَ عَلَيْهِ كَفَاهُ، وَ كَانَ حَسْبُهٗ وَ بَالِغُ اَمْرِهٖ، عَلَيْكَ

تَوَكَّلْتُ فَاكْفِنِيْ، وَاِلَيْكَ اَنَبْتُ فَارْحَمْنِيْ، وَاِلَيْكَ الْمَصِيْرُ فَاغْفِرْ لِيْ، وَلَا تُسَوِّدْ وَجْهِيْ يَوْمَ تَسْوَدُّ وُجُوْهٌ وَّ تَبْيَضُّ وُجُوْهٌ، اِنَّكَ اَنْتَ الْعَزِيْزُ الْحَكِيْمُ، وَصَلِّ اللّٰهُمَّ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِ مُحَمَّدٍ، وَارْحَمْنِيْ وَ تَجَاوَزْ عَنِّيْ، اِنَّكَ اَنْتَ الْغَفُوْرُ الرَّحِيْمُ.

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય મારા સરદાર, અય મારા પાલનહાર, અય મહાનતા અને બુઝુર્ગીના માલિક, અય અર્શના માલિક કે જેને કયારેય પણ નિંદર નથી આવતી, અય તેવી ઇઝ્ઝતના માલિક કે જેની સુધી કોઈ પહોંચી નથી શકતું, અય કાર્યોને પુરા કરનાર, અય દિલોને શિફા આપનાર, મારી માટે મારા કાર્યોમાં આસાની અને સફળતા અતા કર, અને મારા દિલમાં તારી ઉમ્મીદોને ભરી દે જેથી તારા સિવાય બીજા કોઈ પાસે ઉમ્મીદ ન રાખું; ફક્ત તારી ઉપર ભરોસો રાખું છું અય મારા સરદાર, અને ફક્ત તારી તરફ હાજર થાવ છું અય મારા મૌલા, અને ફક્ત તારી જ તરફ પાછું ફરવાનું છે; તો હું તારી પાસે સવાલ કરૂં છું અય તમામ મઅબૂદોના મઅબૂદ, અય બાદશાહોના બાદશાહ, અય મહાનોમાં સૌથી વધારે મહાન, અય તે કે જે તેની ઉપર

ભરોસો કરે તો તેની માટે પૂરતો થઇ જાય છે, અને તેની માટે તે કાફી છે, અને તેના કાર્યોને પુરા કરે છે. મેં ફક્ત તારી ઉપર ભરોસો કર્યો છે તો તું મારી માટે કાફી થઇ જા, અને હું ફક્ત તારી તરફ હાજર થયો છું તો તું મારી ઉપર રહેમ કર, અને ફક્ત તારી તરફ જ પાછું ફરવાનું છે તો તું મને માફ કરી દે; અને જે દિવસે અમુક ચેહરાઓ કાળા હશે અને અમુક ચેહરાઓ સફેદ હશે તે દિવસે મારા ચેહરાને કાળો નહીં કરતો; ખરેખર તું ઇઝ્ઝત અને હિકમતનો માલિક છે; અય અલ્લાહ, રહમત નાઝિલ કર હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને હઝરત મોહમ્મદ (સ.અ.વ.)ની ઔલાદ ઉપર, અને મારી ઉપર રહેમ કર અને મને દરગુઝર કર, કારણ કે ખરેખર તું જ બહુજ માફ કરવાવાળો અને ખુબજ દયાળુ છે.

## નવમી રાતની નમાઝ

નવમી રાત્રે છ રકઆત નમાઝ છે, મગરીબ ઈશાની નમાઝની વચમા દરેક રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી સાત વખત આયતલ કુર્સી પઢે અને નમાઝ પ ઢયા પછી પચાસ વખત સલવાત પઢે તેનો સવાબ એ છે કે સિદ્દીકો, શહીદો અને સાલેહીનના આમાલની જેમ તેના આમાલ ને મલાએકા બુલંદ કરે.

## નવમાં દિવસની મુખ્તસર દુઆ

નવમી તારીખે નીચેની દુઆ પઢે તો અલ્લાહ તઆલા તેને એ સવાબ આપશે જે સવાબ બની ઇસરાઈલના પયગમ્બરને આપ્યો છે.

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ اجْعَلْ لِيْ فِيْهِ نَصِيْبًا مِنْ رَحْمَتِكَ الْوَاسِعَةِ ، وَاهْدِنِيْ فِيْهِ لِبَرَاهِيْنِكَ السَّاطِعَةِ ، وَخُذْ بِنَاصِيَتِيْ اِلٰى مَرْضَاتِكَ الْجَامِعَةِ بِمَحَبَّتِكَ يَا اَمَلَ الْمُشْتَاقِيْنَ

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ, આ મહીનામાં મારા નસીબમાં તારી વિશાળ રહમત નક્કી કર, અને આ મહીનામાં તારી ચોખ્ખી સાબિતીઓ થકી મારી હિદાયત કર, મારા ચેહરાને તારી સંપૂર્ણ મરજીની તરફ ફેરવી દે, તારી મુહબ્બતના વાસ્તાથી, અય તમામ ચાહવાવાળાઓ ની ઉમ્મીદ.

## દસમી માહે રમઝાન

બેઅસતના દસમાં વર્ષે ઉમ્મુલ મોઅમેનીન જનાબે ખદીજતુલ કુબ્રા (સ.અ.)ની વફાતનો દિવસ છે.

# ઝિયારતે જનાબે ખદીજતુલ કુબ્રા (સ.અ.)

કાશેફુલ ગેતા - અહમદ ઇબ્ને અલી નજફી (અ.ર.) પોતાની કિતાબ કલાએદુદ્દોરરમાં વર્ણવેલ મુજબ નીચેની ઝિયારત છે :

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَلسَّلَامُ عَلَيْكِ يَا

زَوْجَةَ رَسُوْلِ اللهِ سَيِّدِ الْمُرْسَلِيْنَ ، اَلسَّلَامُ عَلَيْكِ

يَا زَوْجَةَ نَبِيِّ اللهِ خَاتَمَ النَّبِيِّيْنَ، اَلسَّلَامُ عَلَيْكِ يَا

اُمَّ فَاطِمَةَ الزَّهْرَاءِ سَيِّدَةَ نِسَاءِ الْعَالَمِيْنَ، اَلسَّلَامُ

عَلَيْكِ يَا اُمَّ الْحَسَنِ و الْحُسَيْنِ سَيِّدَيْ شَبَابِ اَهْلِ

الْجَنَّةِ اَجْمَعِيْنَ، اَلسَّلَامُ عَلَيْكِ يَا اُمَّ الْاَئِمَّةِ

الطَّاهِرِيْنَ، اَلسَّلَامُ عَلَيْكِ يَا اُمَّ الْمُؤْمِنِيْنَ،

اَلسَّلَامُ عَلَيْكِ يَا اَوَّلَ الْمُؤْمِنَاتِ، اَلسَّلَامُ عَلَيْكِ يَا

خَالِصَةَ الْمُخْلِصَاتِ، اَلسَّلَامُ عَلَيْكِ يَا سَيِّدَةَ

الْحَرَمِ و الْبَطْحَاءِ، اَلسَّلَامُ عَلَيْكِ يَا اَوَّلَ مَنْ

صَدَّقَ بِرَسُوْلِ اللهِ مِنَ النِّسَاءِ، اَلسَّلَامُ عَلَيْكِ يَا

مَنْ وَفَتْ بِالْعُبُوْدِيَّةِ حَقَّ الوَفَاءِ، وَ اَسْلَمَتْ نَفْسَهَا، وَ اَنْفَقَتْ اَمْوَالَهَا لِسَيِّدِ الْاَنْبِيَاءِ، اَلسَّلَامُ عَلَيْكِ يَا قَرِيْنَةَ حَبِيْبِ اِلٰهِ السَّمَاءِ، اَلْمُزْوَجَةِ بِخُلَاصَةِ الْاَصْفِيَاءِ، اَلسَّلَامُ عَلَيْكِ يَا ابْنَةَ اِبْرَاهِيْمَ الْخَلِيْلِ، اَلسَّلَامُ عَلَيْكِ يَا مَنْ سَلَّمَ عَلَيْهَا جَبْرَئِيْلُ، وَ بَلَّغَ اِلَيْهَا السَّلَامُ مِنَ اللهِ الجَلِيْلِ، اَلسَّلَامُ عَلَيْكِ يَا حَافِظَةَ دِيْنِ اللهِ، اَلسَّلَامُ عَلَيْكِ يَا نَاصِرَةَ رَسُوْلِ اللهِ، اَلسَّلَامُ عَلَيْكِ يَا مَنْ تَوَلّٰى دَفْنَهَا رَسُوْلُ اللهِ وَ اسْتَوْدَعَهَا اِلٰى رَحْمَةِ اللهِ، اَشْهَدُ اَنَّكِ حَبِيْبَةُ اللهِ، و خِيَرَةَ اَمَتِهِ، وَ اِنَّ اللهَ جَعَلَكِ فِيْ مُسْتَقَرِّ رَحْمَتِهِ فِيْ قَصْرٍ مِنَ الْيَاقُوْتِ وَ الْعِقْيَانِ فِيْ اَعْلٰى مَنَازِلِ الْجِنَانِ، صَلَّى اللهُ عَلَيْكِ وَ رَحْمَةُ اللهِ و بَرَكَاتُهٗ

ત્યાર બાદ હદીયાની બે રકઆત નમાઝ પઢી તેનો

સવાબ તેમને હદીયો કરે અને તેમના વસીલાથી પોતાના માટે, પોતાના માં-બાપ અને પોતાના ભાઈઓ માટે માફી, રહમત, મગફેરત, છેલ્લા સમયે ઈમાનની સલામતી તેમજ દુનિયા અને આખેરતની સઆદત તથા નેઅમતો માંગે, ઇન્શાલ્લાહ બધી હાજતો પૂરી થશે.

## દસમી રાતની મુખ્તસર દુઆ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ يَا سَلَامُ يَا مُؤْمِنُ يَا مُهَيْمِنُ، يَا جَبَّارُ يَا مُتَكَبِّرُ، يَا اَحَدُ يَا صَمَدُ، يَا وَاحِدُ يَا فَرْدُ، يَا غَفُوْرُ يَا رَحِيْمُ، يَا وَدُوْدُ يَا حَلِيْمُ، مَضٰى مِنَ الشَّهْرِ الْمُبَارَكِ الثُّلُثُ، وَلَسْتُ اَدْرِيْ سَيِّدِيْ مَا صَنَعْتَ فِيْ حَاجَتِيْ، هَلْ غَفَرْتَ لِيْ؟ اِنْ اَنْتَ غَفَرْتَ لِيْ فَطُوْبٰى لِيْ، وَاِنْ لَمْ تَكُنْ غَفَرْتَ لِيْ فَوَا سَوْاَتَاهُ. فَمِنَ الْاٰنِ سَيِّدِيْ فَاغْفِرْ لِيْ وَ ارْحَمْنِيْ، وَتُبْ عَلَيَّ وَلَا تَخْذُلْنِيْ، وَاَقِلْنِيْ عَثْرَتِيْ، وَ اسْتُرْنِيْ بِسِتْرِكَ، وَاعْفُ عَنِّيْ بِعَفْوِكَ، وَارْحَمْنِيْ

بِرَحْمَتِكَ، وَتَجَاوَزْ عَنِّيْ بِقُدْرَتِكَ، اِنَّكَ تَقْضِيْ وَلَا يُقْضٰى عَلَيْكَ، وَاَنْتَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ.

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ, અય સલામતી આપનાર, અય સુખ-શાંતી આપનાર, અય હિફાઝત કરનાર, અય કુદરતવાળા, અય ખુબજ મહાન, અય એકમાત્ર, અય બેનિયાઝ, અય એક, અય એકલા, અય ખુબજ માફ કરનાર, અય બહુજ દયાળુ, અય મુહબ્બત કરનાર, અય સહનશીલ, આ મહીનાનો ત્રીજો ભાગ પસાર થઇ ચુક્યો છે, પણ મને નથી ખબર, અય મારા સરદાર, કે મારી હાજતોનું તેં શું કર્યું ? શું મને તેં માફ કરી દીધો ? જો તેં મને માફ કરી દીધો હોય તો મારી માટે ખુબજ ખુશહાલી છે, પણ જો તેં મને માફ નથી કર્યો તો હાય ! હું કેટલો બદબખ્ત છું, તો પછી અત્યારથી જ મને માફ કરી દે અને મારી ઉપર રહેમ કર, અને મારી તૌબાને કબૂલ કર, મને પડતો મૂકજે નહીં, અને મને મારી ભૂલોથી બચાવી લે, અને તારી પર્દાપોશી થકી મારી ખામીઓને છુપાવી દે, અને તારી માફી થકી મને માફ કરી દે, અને તારી રહમત થકી મારી ઉપર રહેમ કર, અને તારી કુદરત થકી મને માફ કર; બેશક તું હુકમ આપે છે અને બીજું કોઈ તારી ઉપર હુકમ ચલાવી શકતું નથી, ખરેખર તું દરેક વસ્તુ

ઉપર કુદરત ધરાવે છે.

## દસમી રાતની નમાઝ

દસમી રાત્રે વીસ રકઆત નમાઝ છે, દરેક રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી ત્રીસ વખત સૂરએ તૌહીદ પઢે તો અલ્લાહ તેની રોઝીમાં બરકત આપે અને ફાએઝીન તથા સાલેહીનમાંથી ગણે.

## દસમાં દિવસની મુખ્તસર દુઆ

દસમી તારીખે નીચેની દુઆ પઢે તો તમામ મખ્લુકાત અને દરેક ચીઝ તેના માટે દુઆ કરશે.

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ ، اَللّٰهُمَّ اجۡعَلۡنِيۡ فِيۡهِ مِنَ الۡمُتَوَكِّلِيۡنَ عَلَيۡكَ وَ اجۡعَلۡنِيۡ فِيۡهِ مِنَ الۡفَائِزِيۡنَ لَدَيۡكَ وَ اجۡعَلۡنِيۡ فِيۡهِ مِنَ الۡمُقَرَّبِيۡنَ اِلَيۡكَ بِاِحۡسَانِكَ ، يَا غَايَةَ الطَّالِبِيۡنَ

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ, મને આ મહીનામાં તારી ઉપર ભરોસો કરવાવાળાઓ માં શામિલ કર, અને મને આ મહીનામાં તારી બારગાહમાં કામયાબ થવાવાળા લોકોમાં શામિલ કર, અને આ મહીનામાં તારી બારગાહમાં કુરબત

હાસિલ કરવાવાળા લોકોમાં મને શામિલ કર, તારા એહસાનો થકી, અય તમામ તલબ કરવાવાળા ઓની આખરી મંઝિલ.

## અગ્યારમી રાતની મુખ્તસર દુઆ

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ اِنِّيْ اَسْتَأْنِفُ الْعَمَلَ، وَ اَرْجُوْ الْعَفْوَ، وَ هٰذِهٖ اَوَّلُ لَيْلَةٍ مِنْ لَيَالِيْ الثُّلُثَيْنِ، اَدْعُوْكَ بِاَسْمَائِكَ الْحُسْنٰى، وَ اَسْتَجِيْرُ بِكَ مِن نَّارِكَ الَّتِيْ لَا تُطْفَاُ، وَ اَسْاَلُكَ اَنْ تُقَوِّيَنِيْ عَلٰى قِيَامِهٖ وَ صِيَامِهٖ، وَ اَنْ تَغْفِرَ لِيْ وَ تَرْحَمَنِيْ، اِنَّكَ لَا تُخْلِفُ الْمِيْعَادَ. اَللّٰهُمَّ بِرَحْمَتِكَ الَّتِيْ وَسِعَتْ كُلَّ شَيْءٍ تَتِمُّ الصَّالِحَاتُ، وَ عَلَيْهَا اتَّكَلْتُ، وَ اَنْتَ الصَّمَدُ الَّذِيْ لَمْ يَلِدْ وَ لَمْ يُوْلَدْ، وَ لَمْ يَكُنْ لَهٗ كُفُوًا اَحَدٌ، صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ، وَ اغْفِرْ لِيْ وَ ارْحَمْنِيْ وَ تَجَاوَزْ عَنِّيْ، اِنَّكَ اَنْتَ التَّوَّابُ الرَّحِيْمُ.

(શરૂ કરૂ છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ, હું ફરી વખત

સારા અમલ કરવા માંગું છું, અને હું તારી માફીની ઉમ્મીદ રાખું છું, અને આ રાત, માહે રમઝાનના બાકી રહી ગયેલા વીસ દિવસ માંની પહેલી રાત છે, હું તારી પાસે તારા અસ્માએ હુસ્નાનો વાસ્તો આપી દુઆ કરું છું અને તારી જહન્નમની આગથી પનાહ માંગું છું કે જે ક્યારેય પણ બુજાવાની નથી; અને હું સવાલ કરું છું કે મને માહે રમઝાનના રોઝાઓ અને કેયામ તથા નમાઝ પઢવાની તાકત અતા કર, અને મને માફ કરી દે અને મારી ઉપર રહેમ કર, ખરેખર તું તારા વચનોને નથી તોડતો; અય અલ્લાહ તારી તે રહમતના વાસ્તાથી કે જે તમામ વસ્તુઓને ઘેરી લીધેલ છે, નેક કાર્યોને સંપૂર્ણ કર, અને આવી જ રીતે ફક્ત તારી ઉપર ભરોસો રાખું છું; અને તું એવો બેનિયાઝ છે કે જેની કોઈ ઔલાદ નથી અને ન તો તે કોઈની ઔલાદ છે, અને તેની જેવું બીજું કોઈ નથી; તું રહમત નાઝિલ કર હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને હઝરત મોહમ્મદ (સ.અ.વ)ની ઔલાદ ઉપર, અને મને માફ કરી દે, અને મારી ઉપર રહેમ કર, અને મને દરગુઝર કર કારણ કે ફક્ત તું જ બધી તૌબાને કબૂલ કરનાર અને બહુજ દયાળુ છે.

## અગ્યારમી રાતની નમાઝ

**અગ્યારમી રાત્રે બે રકઆત નમાઝ છે, દરેક**

રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી વીસ વખત સૂરએ કૌસર પઢે તો તેનો સવાબ એ છે કે તે દિવસ તેના પર કોઈ ગુનાહ લખાય નહિ.

## અગ્યારમાં દિવસની મુખ્તસર દુઆ

અગ્યારમી તારીખે નીચેની દુઆ પઢે તો એ હજ્જનો સવાબ છે જે હજ્જને રસૂલે ખુદા (સ.અ.વ.)ની સાથે કરેલ હોય અને તે હજ્જ ૭૦ હજ્જની બરાબર છે અને તેના માટે એ ઉમરાહ નો સવાબ લખવામાં આવે છે કે જે એહલેબૈત (અ. મુ.)ની સાથે કર્યો હોય કે તે પણ ૭૦ ઉમરાહની બરાબર છે.

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ ، اَللّٰهُمَّ حَبِّبۡ اِلَيَّ فِيۡهِ الۡاِحۡسَانَ وَ كَرِّهۡ اِلَيَّ فِيۡهِ الۡفُسُوۡقَ وَ الۡعِصۡيَانَ وَ حَرِّمۡ عَلَيَّ فِيۡهِ السَّخَطَ وَ النِّيۡرَانَ بِعَوۡنِكَ يَا غِيَاثَ الۡمُسۡتَغِيۡثِيۡنَ

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ, આ મહીનામાં તારી નેકીને મારી માટે પ્રિય બનાવ, અને આ મહીનામાં ખોટી વસ્તુઓ અને ગુનાહોને મારી માટે નાપસંદ બનાવ, અને આ મહીનામાં તારી નારાઝગી

અને તારી જહન્નમને મારી ઉપર હરામ કર, તારી ખાસ મદદ થકી, અય ફરિયાદ કરવાવાળાઓની ફરિયાદે પહોંચનાર.

## બારમી માહે રમઝાન

આ દિવસે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ની સાથે મક્કાથી મદીના હિજરત કરેલા સાથીઓ (મુહાજિર) અને મદીનાના મદદ કરનાર (અન્સાર) મોઅમિનો વચ્ચે અકદે બરાદરી પઢાવી એક-બીજાને ભાઈ-ભાઈ બનાવ્યા હતા; આપ હઝરત (સ.અ.વ.) તથા હઝરત અલી (અ.)ની વચ્ચે ભાઈ-ભાઈનો અકદ પઢવામાં આવ્યો હતો.

## બારમી રાતની મુખ્તસર દુઆ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ۔ اَللّٰهُمَّ اَنْتَ الْعَزِيْزُ
الْحَكِيْمُ وَ اَنْتَ الْغَفُوْرُ الرَّحِيْمُ وَ اَنْتَ الْعَلِيُّ
الْعَظِيْمُ ، لَكَ الْحَمْدُ حَمْدًا يَبْقٰى وَ لَا يَفْنٰى وَ لَكَ
الشُّكْرُ شُكْرًا يَبْقٰى وَ لَا يَفْنٰى وَ اَنْتَ الْحَيُّ الْحَلِيْمُ
الْعَلِيْمُ ، اَسْاَلُكَ بِنُوْرِ وَجْهِكَ الْكَرِيْمِ وَ بِجَلَالِكَ
الَّذِيْ لَا يُرَامُ وَ بِعِزَّتِكَ الَّتِيْ لَا تُقْهَرُ ، اَنْ تُصَلِّيَ

عَلٰى مُحَمَّدٍ وَّاٰلِ مُحَمَّدٍ وَّاَنْ تَغْفِرَ لِيْ وَتَرْحَمَنِيْ اِنَّكَ اَنْتَ اَرْحَمُ الرَّاحِمِيْنَ

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ, તું ખુબજ કુદરતવાળો અને હિકમતવાળો છે, અને તું ખુબજ માફ કરનાર અને દયાળુ છે, અને તું સર્વોચ્ચ અને માનનીય છે, વખાણ ફક્ત તારી માટે છે, એવા વખાણ કે જે હંમેશા બાકી રહેશે અને ક્યારેય પણ ખત્મ નથી થતા, શુક્ર ફક્ત તારી માટે છે, એવા શુક્ર કે જે હંમેશા બાકી રહેશે અને ક્યારેય પણ ખત્મ નથી થતા, અને તું જીવંત અને સહનશીલ અને દરેક વસ્તુનો જાણનાર છે; હું તને સવાલ કરૂં છું તારી ઇઝ્ઝતવાળી પાક ઝાતના નૂરના વાસ્તાથી, અને તારી બુઝુર્ગીના વાસ્તાથી કે જેની સુધી કોઈ પહોંચી નથી શકતું, અને તારી કુદરતના વાસ્તાથી કે જેની ઉપર કોઈ ગાલિબ નથી થતું, કે તું હઝરત મોહમ્મદ (સ.અ.વ) અને હઝરત મોહમ્મદ (સ.અ.વ.)ની ઔલાદ ઉપર રહમત નાઝિલ કર, અને તું મને માફ કર, અને મારી ઉપર રહેમ કર, કારણ કે ફકત તું જ રહેમ કરવાવાળાઓ માં સૌથી વધારે રહેમ કરનાર છે.

## બારમી રાતની નમાઝ

બારમી રાત્રે આઠ રકઆત નમાઝ છે, દરેક રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી ત્રીસ વખત સૂરએ કદ્ર પઢે તો શાકેરીનનો સવાબ તેને મળે અને કયામતના દિવસે સાલેહીનના દરજ્જામાં ગણાય.

## બારમા દિવસની મુખ્તસર દુઆ

બારમી તારીખે નીચેની દુઆ પઢે તો અલ્લાહ તઆલા તેના ગુજરેલા તથા પછી થનાર ગુનાહ માફ કરી ગુનાહોની બદલે નેકીઓ લખશે.

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ زَيِّنِّيْ فِيْهِ بِالسِّتْرِ وَ الْعَفَافِ وَ اسْتُرْنِيْ فِيْهِ بِلِبَاسِ الْقُنُوْعِ وَ الْكَفَافِ وَ احْمِلْنِيْ فِيْهِ عَلَى الْعَدْلِ وَ الْاِنْصَافِ وَ اٰمِنِّيْ فِيْهِ مِنْ كُلِّ مَا اَخَافُ بِعِصْمَتِكَ يَا عِصْمَةَ الْخَائِفِيْنَ

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ, મને આ મહીનામાં તારી હિફાઝત અને પાક-દામની, અને આ મહીનામાં મને સંતોષ અને મારી હાજત પ્રમાણે

કિફાયતનો લિબાસ પહેરાવી મેહ્ફૂઝ રાખ, અને મને આ મહીનામાં અદલ તથા ઇન્સાફ માટે તય્યાર કરી આપ, અને આ મહીનામાં મને દરેક જાતના ડરથી સલામત રાખ, તારી ખાસ હિફાઝત થકી, અય ડરેલા લોકોની હિફાઝત કરવાવાળા.

## તેરમી માહે રમઝાન

તેરમી રાતના હઝરત ઈસા (અ.) ઉપર ઇન્જિલ નાઝિલ થઈ.

## તેરમી રાતના આમાલ

આ રાત શબે બીઝની પહેલી રાત છે (શબે બીઝ એટલે ઝગમગતી અને રોશનીવાળી દરેક મહીનાની ૧૩મી, ૧૪મી અને ૧૫મી રાત).

## ગુસ્લ કરવું

આ રાત્રે ગુસ્લ કરવું જોઈએ

## દુઆએ મુજીર પઢે

જે કોઈ આ દુઆને માહે રમઝાનની ૧૩મી , ૧૪મી તથા ૧૫મી રાત્રે પઢે તો તેના તમામ ગુનાહો માફ થઈ જાય છે - ભલે પછી તેના ગુનાહ વરસાદના ટીપા જેટલા હોય, કે વૃક્ષોના પાન જેટલા હોય કે પછી ઝમીન ઉપરની માટીની કણો જેટલા હોય – તેમજ બિમારોને શિફા મળે

છે, કર્ઝ અદા થાય છે , ફકીરી અને મોહતાજીથી દૂર રહી બેનિયાઝ થઇ જાય છે , ગમ અને પરેશાની દુર થાય છે , અને બીજા ઘણા બધા ફાયદાઓ છે. દુઆએ મુજીરનો ઝિક્ર પેજ નંબર 771 ઉપર છે

## તેરમી રાતની મુખ્તસર દુઆ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، يَا جَبَّارَ السَّمٰوَاتِ وَ جَبَّارَ الْاَرَضِيْنَ، وَ يَا مَنْ لَهٗ مَلَكُوْتُ السَّمٰوَاتِ وَ مَلَكُوْتُ الْاَرَضِيْنَ، وَ غَفَّارَ الذُّنُوْبِ وَ السَّمِيْعُ الْعَلِيْمُ، اَلْغَفُوْرُ الْعَزِيْزُ، اَلْحَلِيْمُ الرَّحِيْمُ، اَلصَّمَدُ الْفَرْدُ، اَلَّذِيْ لَا شَبِيْهَ لَكَ وَ لَا وَلِيَّ لَكَ، اَنْتَ الْعَلِيُّ الْاَعْلٰى، وَ الْقَدِيْرُ الْقَادِرُ، وَ اَنْتَ التَّوَّابُ الرَّحِيْمُ، اَسْاَلُكَ اَنْ تُصَلِّيَ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِهٖ، وَ اَنْ تَغْفِرَ لِيْ وَ تَرْحَمَنِيْ، اِنَّكَ اَنْتَ اَرْحَمَ الرَّاحِمِيْنَ

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય આસમાનો ઉપર કુદરત રાખનાર, અય ઝમીનો ઉપર કુદરત રાખનાર, અય તે ઝાત કે જે આસમાનો અને ઝમીનોની

બાદશાહતનો માલિક છે, અને જે તમામ ગુનાહોને માફ કરનાર, અને જે દરેક વસ્તુને સાંભળનાર અને જાણનાર, અને જે ખુબજ માફ કરનાર અને ખુબજ કુદરત ધરાવનાર, અન જે સહનશીલ અને ખુબજ દયાળુ, જે બેનિયાઝ અને એકમાત્ર છે, તું એવો છે કે તારી જેવુ બીજું કોઈ નથી, અને તારી ઉપર કોઈની હુકુમત અને વિલાયત નથી, તું સર્વોચ્ચ અને બુલન્દ છે, અને તું ખુબજ કુદરતવાળો અને દરેક વસ્તુ ઉપર કુદરત ધરાવનાર છે, અને તું તમામ તૌબા કબૂલ કરનાર અને બહુજ દયાળુ છે; હું તારી પાસે સવાલ કરું છું કે હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની ઔલાદ ઉપર રહમત નાઝિલ કર, અને તું મને માફ કર, અને મારી ઉપર રહેમ કર, કારણ કે ફકત તું જ રહેમ કરવાવાળાઓ માં સૌથી વધારે રહેમ કરનાર છે.

## તેરમી રાતની નમાઝ

તેરમી રાત્રે ચાર રકઆત નમાઝ છે, દરેક રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી પચીસ વખત સૂરએ તૌહીદ પઢે તો કયામતના દી  વસે વીજળીની જેમ પુલે સિરાત પરથી પસાર થઈ જશે.

## ચાર રકઆત નમાઝ

બે-બે રકઆત કરીને ચાર રકઆત નમાઝ પઢવી

અને દરેક રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી ૨૫ વખત સૂરએ તૌહીદ (કુલ હોવલ્લાહો અહદ) પઢવામાં આવે.

## બે રકઆત નમાઝ (માહે રજબ , માહે શાબાન તથા માહે રમઝાનમાં પઢવાની)

બે રકઆત નમાઝ પઢવી કે જેની રીત માહે રજબ અને માહે શાબાનની ૧૩મી તારીખે જે નમાઝ પઢવામાં આવે છે તેની જેમ છે કે દરેક રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી એક વખત સૂરએ યાસીન , એક વખત સૂરએ મુલ્ક (તબારકલ્લઝી બેયદેહીલ મુલ્ક) અને એક વખત સૂરએ તૌહીદ (કુલ હોવલ્લાહો અહદ) પઢવામાં આવે.

## તેરમાં દિવસની મુખ્તસર દુઆ

તેરમી તારીખે નીચેની દુઆ પઢે તો દરેક પથ્થર અને ઢેફાની ગણતરી જેટલી નૈકીઓ ખુદા અતા ફરમાવશે અને જન્નતમાં દરજો બુલંદ કરશે.

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ طَهِّرْنِيْ فِيْهِ مِنَ الدَّنَسِ وَ الْاَقْذَارِ وَ صَبِّرْنِيْ فِيْهِ عَلٰى كَائِنَاتِ الْاَقْدَارِ وَ وَفِّقْنِيْ فِيْهِ لِلتُّقٰى وَ صُحْبَةِ الْاَبْرَارِ بِعَوْنِكَ ، يَا قُرَّةَ عَيْنِ الْمَسَاكِيْنِ

(શરૂ કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ, આ મહીનામાં મને દરેક ગંદકી અને નાપાકીથી પાક રાખ, અને આ મહીનામાં કાએનાતની લખાયેલી તમામ તકદીર ઉપર મને સબ્ર કરવાની તૌફીક અતા કર, અને આ મહીનામાં મને મુત્તકી થવાની  અને નેક લોકો સાથે રેહવાની તૌફીક અતા કર, તારી ખાસ મદદ થકી, અય તમામ મોહતાજોની આંખોની ઠંડક.

## ચૌદમી માહે રમઝાન

હિજરી સન ૬૭માં જનાબે મુખ્તાર (અ.) ની શહાદત થઈ.

## ચૌદમી રાતના આમાલ

## દુઆએ મુજીર પઢે

જે કોઈ આ દુઆને માહે રમઝાનની ૧૩મી , ૧૪મી તથા ૧૫મી રાત્રે પઢે તો તેના તમામ ગુનાહો માફ થઈ જાય છે. દુઆએ મુજીરનો ઝિક્ર પેજ નંબર 771 ઉપર છે

## ચૌદમી રાતની મુખ્તસર દુઆ

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ ، يَا اَوَّلَ الۡاَوَّلِيۡنَ، وَ يَا
اٰخِرَ الۡاٰخِرِيۡنَ، يَا وَلِيَّ الۡاَوۡلِيَاءِ ، وَ جَبَّارَ الۡجَبَابِرَةِ،

اَنْتَ خَلَقْتَنِيْ وَلَمْ اَكُ شَيْئًا، وَاَنْتَ اَمَرْتَنِيْ بِالطَّاعَةِ فَاَطَعْتُ سَيِّدِيْ جُهْدِيْ، فَاِنْ كُنْتُ تَوَانَيْتُ اَوْ اَخْطَأْتُ اَوْ نَسِيْتُ فَتَفَضَّلْ عَلَيَّ سَيِّدِيْ، وَلَا تَقْطَعْ رَجَائِيْ، فَامْنُنْ عَلَيَّ بِالْجَنَّةِ، وَاجْمَعْ بَيْنِيْ وَ بَيْنَ نَبِيِّ الرَّحْمَةِ، مُحَمَّدِ بْنِ عَبْدِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَاٰلِهٖ، وَاغْفِرْ لِيْ اِنَّكَ اَنْتَ التَّوَّابُ الرَّحِيْمُ.

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય પહેલાઓમાં સૌથી પેહલો, અને અય છેલ્લાઓમાં સૌથી છેલ્લો, અય તમામ વલીઓના સરપરસ્ત, અને અય તમામ બાદશાહોના બાદશાહ, હું કઈ પણ ન હતો અને તેં મને પૈદા કર્યો; તેં મને તારી ઇતાઅત કરવાનો હુક્મ આપ્યો હતો, તો અય મારા સરદાર, મેં પણ મારીથી થઇ શકી એટલી ઈતાઅત કરી, તો જો તારી ઇતાઅત કરવામાં મારી તરફથી કોઈ આળસ, અથવા ભૂલ થઇ ગઈ હોય, અથવા કઈ ભુલાઈ ગયું હોય, તો અય મારા સરદાર, મારી ઉપર તારો એહસાન કર અને મને નાઉમ્મીદ ન કરજે, અને મને

જન્નત અતા કરી મારી ઉપર એહસાન કર, અને મને તારા રહમતવાળા નબી હઝરત મોહમ્મદ ઇબ્ને અબ્દુલ્લાહની સાથે રાખ – અલ્લાહની રહમત નાઝિલ થાય તેમની ઉપર તેમજ તેમની ઔલાદ ઉપર, અને તું મને માફ કર, કારણ કે ફકત તું જ તમામ તૌબાને કબૂલ કરનાર અને ખુબજ દયાળુ છે.

## ચૌદમી રાતની નમાઝ

ચૌદમી રાત્રે છ રકઆત નમાઝ છે, દરેક રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી ત્રીસ વખત સૂરએ ઝીલ્ઝાલ (એઝાઝુલઝેલતિલ અર્ઝે) પઢે તો અલ્લાહ તઆલા તેને સ્કરાતે મોત અને મુન્કીરો નકીરની બીકથી બચાવે..

## ચાર રકઆત નમાઝ (માહે રજબ , માહે શાબાન તથા માહે રમઝાનમાં પઢવાની)

બે-બે રકઆત કરીને ચાર રકઆત નમાઝ પઢવામાં આવે, દરેક રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી એક વખત સૂરએ યાસીન , એક વખત સૂરએ મુલ્ક (તબારકલ્લઝી બેયદેહીલ મુલ્ક) અને એક વખત સૂરએ તૌહીદ (કુલ હોવલ્લાહો અહદ) પઢવામાં આવે.

## ચૌદમાં દિવસની મુખ્તસર દુઆ

ચૌદમી તારીખે નીચેની દુઆ પઢે તો એવું છે કે જાણે

તેણે પયગમ્બરો અને સાલેહીનની સાથે રોઝા રાખ્યા હોય.

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ لَا تُؤَاخِذْنِيْ فِيْهِ بِالْعَثَرَاتِ ، وَ اَقِلْنِيْ فِيْهِ مِنَ الْخَطَايَا وَ الْهَفَوَاتِ ، وَلَا تَجْعَلْنِيْ فِيْهِ غَرَضًا لِّلْبَلَايَا وَ الْاٰفَاتِ بِعِزَّتِكَ ، يَا عِزَّ الْمُسْلِمِيْنَ

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ, આ મહીનામાં ગુનાહોના કારણે મને સજા નહીં આપતો, અને મને આ મહીનામાં ભૂલોથી અને ગુનાહોમાં ફસાઈ જવાથી દૂર રાખ, અને આ મહીનામાં મને બલા અને આફતનું નિશાન ન બનાવજે, તારી ઇઝ્ઝત થકી, અય તમામ મુસલમાનોની ઇઝ્ઝત.

## પંદરમી માહે રમઝાન

હિજરી સન ૨માં ઈમામ હસન (અ.)ની વિલાદત થઈ, હિજરી સન ૯૬૬માં શહીદ સાની – ઝૈનુદ્દીન ઇબ્ને અલી આમેલીની શહાદતનો દિવસ છે; અને હિજરી સન ૬૦માં મક્કામાંથી જનાબે મુસ્લિમ (અ.)ને ઈમામ હુસૈન (અ.) કૂફા તરફ મોકલે છે.

## પંદર_મી_રાતના આમાલ

આ રાત ખુબજ બરકતવાળી રાત છે અને આ રાતમાં અમુક અમલ છે

## ગુસ્લ_કરવું_

આ રાત્રે ગુસ્લ કરવું જોઈએ

## દુઆએ_મુજીર_પઢે

જે કોઈ આ દુઆને માહે રમઝાનની ૧૩મી , ૧૪મી તથા ૧૫મી રાત્રે પઢે તો તેના તમામ ગુનાહો માફ થઈ જાય છે. દુઆએ મુજીરનો ઝિક્ર પેજ નંબર 771 ઉપર છે

## પંદરમી રાતની મુખ્તસર દુઆ

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَلْحَنَّانُ اَنْتَ سَيِّدِي الْمَنَّانُ اَنْتَ مَوْلَايَ الْكَرِيْمُ، اَنْتَ سَيِّدِي الْغَفُوْرُ الرَّحِيْمُ ، اَنْتَ مَوْلَايَ الْحَلِيْمُ ، اَنْتَ سَيِّدِيْ الْوَهَّابُ، اَنْتَ مَوْلَايَ الْعَزِيْزُ ، اَنْتَ سَيِّدِيْ الْقَرِيْبُ ، اَنْتَ مَوْلَايَ الْوَاحِدُ ، اَنْتَ سَيِّدِيْ الْقَاهِرُ ، اَنْتَ مَوْلَايَ الصَّمَدُ ، اَنْتَ سَيِّدِيْ الْعَزِيْزُ

، اَنْتَ مَوْلَايَ الْبَارِيْ ، صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِهٖ ، وَ اغْفِرْ لِيْ وَ ارْحَمْنِيْ وَ تَجَاوَزْ عَنِّيْ ، اِنَّكَ اَنْتَ الْاَجَلُّ الْاَعْظَمُ

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય મારા સરદાર ફક્ત તું ખુબજ મહેરબાન છે, અય મારા મૌલા તું જ એહસાન કરવાવાળો છે, અય મારા સરદાર ફક્ત તું ખુબજ ઉદાર છે, અય મારા સરદાર ફક્ત તું ખુબજ વધારે માફ કરનાર અને દયાળુ છે. અય મારા મૌલા ફક્ત તું જ સહનશીલ છે, અય મારા સરદાર ફક્ત તું જ વધારે અતા કરનાર છે, અય મારા મૌલા તું ખુબજ કુદરતવાળો છે, અય મારા સરદાર તું ખુબજ નજિક છે, અય મારા મૌલા તું એકમાત્ર છે, અય મારા સરદાર તું જ કુદરત રાખનાર છે, અય મારા મૌલા ફક્ત તું જ બેનિયાઝ છે, અય મારા સરદાર તું જ ઇઝ્ઝતવાળો છે, અય મારા મૌલા તું જ પૈદા કરનાર છે; હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની ઔલાદ ઉપર રહમત નાઝિલ કર, અને તું મને માફ કર, અને મારી ઉપર રહેમ કર, અને મને દરગુઝર કર, ખરેખર તું જ સૌથી વધારે બુઝુર્ગ અને સૌથી વધારે મહાન છે.

## ઈમામ હસન (અ.)ની ઝિયારત

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَلسَّلَامُ عَلَيْكَ يَا بَقِيَّةَ الْمُؤْمِنِيْنَ وَ ابْنَ اَوَّلِ الْمُسْلِمِيْنَ وَ كَيْفَ لَا تَكُوْنُ كَذٰلِكَ وَ اَنْتَ سَبِيْلُ الْهُدٰى وَ حَلِيْفُ التُّقٰى وَ اَصْحَابِ الْكِسَاءِ ، غَذَّتْكَ يَدُ الرَّحْمَةِ وَ رُبِّيْتَ فِيْ حَجْرِ الْاِسْلَامِ وَ رَضَعْتَ مِنْ ثَدْيِ الْاِيْمَانِ ، فَطِبْتَ حَيًّا وَّ طِبْتَ مَيِّتًا غَيْرَ اَنَّ الْاَنْفُسَ غَيْرُ طَيِّبَةٍ بِفِرَاقِكَ وَ لَا شَاكَّةٍ فِي الْحَيَاةِ لَكَ ، يَرْحَمُكَ اللّٰهُ

## ઈમામ હુસૈન (અ.)ની ઝિયારત

આ રાત્રે ઈમામ હુસૈન (અ.) ની ઝિયારત કરવી, આપ (અ.) ની ઝિયારતનો ઝિક્ર પેજ નંબર 939 ઉપર થયેલ છે

## ઈમામ હુસૈન (અ.)ની કબરે મુબારક પાસે દસ રકઆત નમાઝ

ઈમામ સાદિક (અ.)થી પૂછવામાં આવ્યુ કે અગર કોઈ માહે રમઝાનની પંદરમી રાતના ઈમામ હુસૈન

(અ.)ના હરમમાં હાજર થાય તો તેનો સવાબ શું છે ? હઝરત (અ.) જવાબ આપે છે કે : વાહ ! વાહ ! જે કોઈ પંદરમી માહે રમઝાનના ઈમામ હુસૈન (અ.)ની કબ્રની બાજુમાં ઈશાની નમાઝ પછી દસ રકઆત નમાઝ પ ઢે અને દરેક રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી દસ વખત સૂરએ તૌહીદ પઢે અને પછી જહન્નમની આગથી અલ્લાહ પાસે પનાહ માંગે તો અલ્લાહ તઆલા તેને જહન્નમની આગથી આઝાદી આપશે અને ત્યાં સુધી મૌત નહી આવે જ્યાં સુધી સપનામાં આવીને ફરિશ્તાઓ તેને જન્નતની બશારત ન આપે અને જહન્નમની આગથી અમાન ન આપે.

## છ રકઆત નમાઝ (માહે રજબ , માહે શાબાન તથા માહે રમઝાનમાં પડવાની)

બે-બે રકઆત કરીને છ રકઆત નમાઝ પઢવામાં આવે, દરેક રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી એક વખત સૂરએ યાસીન , એક વખત સૂરએ મુલ્ક (તબારકલ્લઝી બેયદેહીલ મુલ્ક) અને એક વખત સૂરએ તૌહીદ (કુલ હોવલ્લાહો અહદ) પઢવામાં આવે.

## ૧૦૦ રકઆત નમાઝ

બે-બે રકઆત કરીને એક સો રકઆત નમાઝ

પઢવામાં આવે, દરેક રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી દસ વખત સૂરએ તૌહીદ પઢે. હઝરત અલી (અ.સ) ફરમાવે છે જે કોઈ આ નમાઝ પઢશે તો અલ્લાહ તેમની હિફાઝત માટે દસ ફરિશ્તાઓ મોકલશે કે જે તેના દુશ્મનોને દુર કરશે ભલે પછી તે દુશ્મનો ઇન્સાનો માંથી હોય કે જિન્નાત માંથી હોય, તેમજ મૌતના સમયે ૩૦ ફરિશ્તાઓ મોકલશે કે જે જહન્નમની આગથી તેને બચાવશે

## પંદરમી રાતની નમાઝ

પંદરમી રાત્રે ચાર રકઆત નમાઝ છે, પહેલી બે રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી સો વખત સૂરએ તૌહીદ અને બીજી બે રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી ૫૦ વખત સૂરએ તૌહીદ પઢે.

## સદકો આપવો અને નેક કાર્યો કરવા

આ દિવસ ખુબજ અઝમતવાળો દિવસ છે અને આ દિવસે સદકો આપવો અને નેક કામ કરવાની ખુબજ ફઝીલત અને સવાબ છે

## પંદરમાં દિવસની મુખ્તસર દુઆ

પંદરમાં દિવસે જે કોઈ આ દુઆ પઢે તો અલ્લાહ તઆલા આ દુનિયામાં તેની ૮૦ હાજતો અને આખેરતમાં તેની ૨૦ હાજ તો પૂરી કરશે , અને જન્નતે ફીરદોસમાં

નબીઓના પાડોશમાં હજાર શહેરો ચમકતા નૂરથી બનાવશે, અને દરેક શહેરોમાં હજાર હજાર મહેલો હશે, અને દરેક મહેલોમાં હજાર હજાર ઓરડાઓ હશે, અને દરેક ઓરડાઓમાં તેના દિલને રાઝી કરનાર દરેક વસ્તુઓ હશે.

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ ارْزُقْنِيْ فِيْهِ طَاعَةَ الْخَاشِعِيْنَ وَاشْرَحْ فِيْهِ صَدْرِيْ بِاِنَابَةِ الْمُخْبِتِيْنَ بِاَمَانِكَ ، يَا اَمَانَ الْخَائِفِيْنَ

(શરૂ કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ, મને આ મહીનામાં વિનમ્ર લોકોની ઇતાઅત નસીબ કર, અને આ મહીનામાં તૌબા કરવાવાળા અલ્લાહના ડરેલા બંદાઓના દિલની જેમ મારા દિલને વિશાળ કરી દે, તારી હિફાઝત થકી, અય ડરવાવાળા લોકોની હિફાઝત કરનાર

## સોળમી રાતની મુખ્તસર દુઆ

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، يَا اَللّٰهُ يَا اَللّٰهُ ، يَا اَللّٰهُ يَا اَللّٰهُ ، يَا اَللّٰهُ يَا اَللّٰهُ ، يَا اَللّٰهُ يَا اَللّٰهُ ، يَا رَحْمٰنُ يَا

رَحْمٰنُ، يَا رَحْمٰنُ يَا رَحْمٰنُ، يَا رَحْمٰنُ يَا رَحْمٰنُ، يَا

رَحْمٰنُ يَا رَحْمٰنُ، يَا رَحِيْمُ يَا رَحِيْمُ، يَا رَحِيْمُ يَا

رَحِيْمُ، يَا رَحِيْمُ يَا رَحِيْمُ، يَا رَحِيْمُ يَا رَحِيْمُ، يَا

غَفُوْرُ يَا غَفُوْرُ، يَا غَفُوْرُ يَا غَفُوْرُ، يَا غَفُوْرُ يَا غَفُوْرُ،

يَا غَفُوْرُ يَا غَفُوْرُ، يَا رَؤُوْفُ يَا رَؤُوْفُ، يَا رَؤُوْفُ يَا

رَؤُوْفُ، يَا رَؤُوْفُ يَا رَؤُوْفُ، يَا رَؤُوْفُ يَا رَؤُوْفُ،

يَا حَنَّانُ يَا حَنَّانُ، يَا حَنَّانُ يَا حَنَّانُ، يَا حَنَّانُ يَا

حَنَّانُ، يَا حَنَّانُ يَا حَنَّانُ، يَا عَلِيُّ يَا عَلِيُّ، يَا عَلِيُّ يَا

عَلِيُّ، يَا عَلِيُّ يَا عَلِيُّ، يَا عَلِيُّ يَا عَلِيُّ، صَلِّ عَلٰى

مُحَمَّدٍ وَّاٰلِهٖ، اِنَّكَ اَنْتَ الْغَفُوْرُ الرَّحِيْمُ.

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ, અય અલ્લાહ, અય અલ્લાહ, અય અલ્લાહ, અય અલ્લાહ, અય અલ્લાહ, અય અલ્લાહ, અય અલ્લાહ, અય ખુબજ મહેરબાન, અય ખુબજ મહેરબાન, અય ખુબજ મહેરબાન, અય ખુબજ મહેરબાન, અય ખુબજ મહેરબાન, અય ખુબજ મહેરબાન, અય ખુબજ

મહેરબાન, અય ખુબજ મહેરબાન, અય બહુજ દયાળુ, અય બહુજ દયાળુ, અય બહુજ દયાળુ, અય બહુજ દયાળુ, અય બહુજ દયાળુ, અય બહુજ દયાળુ, અય બહુજ દયાળુ, અય બહુજ દયાળુ, અય ખુબજ માફ કરનાર, અય ખુબજ માફ કરનાર, અય ખુબજ માફ કરનાર, અય ખુબજ માફ કરનાર, અય ખુબજ માફ કરનાર, અય ખુબજ માફ કરનાર, અય ખુબજ માફ કરનાર, અય ખુબજ માફ કરનાર, અય ખુબજ વધારે મહેરબાન, અય ખુબજ વધારે મહેરબાન, અય ખુબજ વધારે મહેરબાન, અય ખુબજ વધારે મહેરબાન, અય ખુબજ વધારે મહેરબાન, અય ખુબજ વધારે મહેરબાન, અય ખુબજ વધારે મહેરબાન, અય ખુબજ વધારે મહેરબાન, અય વધારે દયાળુ, અય વધારે દયાળુ, અય વધારે દયાળુ, અય વધારે દયાળુ, અય વધારે દયાળુ, અય વધારે દયાળુ, અય વધારે દયાળુ, અય વધારે દયાળુ, અય સર્વોચ્ચ, અય સર્વોચ્ચ, અય સર્વોચ્ચ, અય સર્વોચ્ચ, અય સર્વોચ્ચ, અય સર્વોચ્ચ, અય સર્વોચ્ચ, અય સર્વોચ્ચ, હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની ઔલાદ ઉપર રહમત નાઝિલ કર, ખરેખર તું ખુબજ માફ કરનાર અને બહુજ દયાળુ છે.

## સોળમી રાતની નમાઝ

સોળમી રાત્રે બાર રકઆત નમાઝ છે, દરેક રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી બાર વખત સૂરએ તકાસુર (અલ્હાકોમુત્તકાસોરો) પઢે તો તેનો સવાબ એ છે કે કયામતના દીવસે ક્બ્રમાંથી બહાર નીકળે તે વખતે સયરાબ હોય અને કયામતની પ્યાસનો અસર તેને નહી થાય અને બુલંદ અવાઝથી કલમે શહા દતૈન પઢતો-પઢતો હિસાબ-કિતાબ વગર જન્નતમાં પ્રવેશ કરશે.

## સોળમાં દિવસની મુખ્તસર દુઆ

સોળમી તારીખે નીચેની દુઆ પઢે તો અલ્લાહ તઆલા તેને એક ચમકતું નૂર અતા કરશે કે તે નૂરના સબબથી રસ્તો ચાલશે, અને બે હુલ્લા પેહરાવા માટે કરામત ફરમાવે, જન્નતની એક સાંઢણી ઉપર બેસાડે અને જન્નતની શરાબે તહૂરા પીવરાવે.

بِسۡمِ اللهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ ، اَللّٰهُمَّ وَفِّقۡنِيۡ فِيۡهِ لِمُوَافَقَةِ الۡاَبۡرَارِ وَ جَنِّبۡنِيۡ فِيۡهِ مُرَافَقَةَ الۡاَشۡرَارِ وَ اٰوِنِيۡ فِيۡهِ بِرَحۡمَتِكَ اِلٰى دَارِ الۡقَرَارِ بِاِلٰهِيَّتِكَ ، يَا اِلٰهَ الۡعَالَمِيۡنَ

(શરૂ કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન

અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ, મને આ મહીનામાં તારા નેક બંદાઓની દોસ્તી અતા કર, અને આ મહીનામાં મને ખરાબ લોકોથી દૂર રાખ, અને મને આ મહીનામાં તારી રહમતના વાસ્તાથી જન્નતમાં જગ્યા આપ, તારી ઈલાહીય્યતના વાસ્તાથી, અય કાએનાતના મઅબૂદ.

## સત્તરમી માહે રમઝાન

આ સત્તરમી રાત ખુબજ મુબારક રાત છે. હિજરી સન બે માં આ રાતના રસુલે ખુદા (સ.અ.વ.)નું લશ્કર અને કુરૈશના કાફિરોનું લશ્કર બદ્ર નામની જગ્યામાં સામ-સામે થયું હતુ અને સત્તરમી તારીખે દિવસે જંગ થઈ હતી. અલ્લાહ તઆલાએ રસુલે ખુદા (સ.અ.વ)ના લશ્કરને મદદ કરી હતી અને કુરૈશના કાફિરોના લશ્કર ઉપર જીત અપાવી હતી કે જે ઇસ્લામની જંગોની જીતોમાંથી ખુબજ મોટી જીત છે એટલે જ આપણા આલિમોએ કહ્યું છે કે આ દિવસે સદકો આપો અને અલ્લાહનો શુક્ર કરવો મુસ્તહબ છે.

## સત્તરમી રાતના આમાલ

## ગુસ્લ કરવું

આ રાતના ગુસ્લ કરવું અને ઈબાદત કરવી ખુબજ

સવાબ અને ફઝીલત ધરાવે છે

## સત્તરમી રાતની મુખ્તસર દુઆ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ هٰذَا شَهْرُ رَمَضَانَ، اَلَّذِيْ اَنْزَلْتَ فِيْهِ الْقُرْاٰنَ، وَ اَمَرْتَ بِعِمَارَةِ الْمَسَاجِدِ وَ الدُّعَاءِ وَ الصِّيَامِ وَ الْقِيَامِ ، وَ ضَمِنْتَ لَنَا فِيْهِ الْاِسْتِجَابَةَ، فَقَدْ اجْتَهَدْنَا وَ اَنْتَ اَعَنْتَنَا فَاغْفِرْ لَنَا فِيْهِ، وَ لَا تَجْعَلْهُ اٰخِرَ الْعَهْدِ مِنَّا، وَ اعْفُ عَنَّا، فَاِنَّكَ رَبُّنَا، وَ ارْحَمْنَا فَاِنَّكَ سَيِّدُنَا، وَ اجْعَلْنَا مِمَّنْ يَنْقَلِبُ اِلٰى مَغْفِرَتِكَ وَ رِضْوَانِكَ، اِنَّكَ اَنْتَ الْاَجَلُّ الْاَعْظَمُ .

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ, આ માહે રમઝાન છે કે જેમાં તેં કુરઆને કરીમને નાઝિલ કર્યું; તેં આ મહીનામાં મસ્જીદો આબાદ કરવાનો, તેમજ દુઆઓ, અને રોઝાઓ, અને કેયામ તથા નમાઝોનો હુકમ આપ્યો છે, અને તેં આ મહીનામાં દુઆ કબૂલ કરવાની ખાત્રી આપી છે, તો અમે પણ જેટલી બની

શકી તેટલી મેહનત કરી અને તેં પણ તેમાં મદદ કરી, તો તું આ મહીનામાં અમારા ગુનાહોને માફ કરી દે, અને આ માહે રમઝાનને અમારી ઝીંદગીનો છેલ્લો માહે રમઝાન ન બનાવજે, અને અમોને દરગુઝર કર કારણ કે તું અમારો પાલનહાર છે; અને અમારી ઉપર રહેમ કર કારણ કે ખરેખર તું જ અમારો સરદાર છે; અને અમોને તેં લોકોમાં શામિલ કર કે જેઓ તારી ખુશનુદી અને તારી માફી તરફ ફર્યા છે, બેશક ફક્ત તું જ સૌથી વધારે બુઝુર્ગી અને મહાનતા ધરાવે છે.

## સત્તરમી રાતની નમાઝ

**સત્તરમી રાત્રે બે રકઆત નમાઝ છે, પહેલી રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી કોઈ પણ સુરો પઢે અને બીજી રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી સો વખત સૂરએ તૌહીદ પઢે અને નમાઝ પછી સો વખત "લાએલાહ ઈલ્લલ્લાહ" કહે તો અલ્લાહ તઆલા હજાર હજાર હજ, હજાર હજાર ઉમરાહ, હજાર હજાર જેહાદનો સવાબ અતા કરશે.**

## સત્તરમી તારીખના આમાલ

## સદકો આપવો

આ દિવસે સદકો આપો અને અલ્લાહનો શુક્ર કરવો

મુસ્તહબ છે.

## સત્તરમાં દિવસની મુખ્તસર દુઆ

સત્તરમી તારીખે નીચેની દુઆ પઢે તો તે નુકસાન પામનારાઓમાંથી હોય તો પણ અલ્લાહ તઆલા તેને બક્ષી આપે.

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ اهْدِنِيْ فِيْهِ لِصَالِحِ الْاَعْمَالِ ، وَاقْضِ لِيْ فِيْهِ الْحَوَائِجَ وَالْاٰمَالَ ، يَا مَنْ لَا يَحْتَاجُ اِلَى التَّفْسِيْرِ وَالسُّؤَالِ ، يَا عَالِمًا بِمَا فِيْ صُدُوْرِ الْعَالَمِيْنَ ، صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِهِ الطَّاهِرِيْنَ

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ, મને આ મહીનામાં સારા આમાલ કરવાની હિદાયત કર, મારી તમામ હાજતો અને ઈચ્છાઓને પૂરી કર; અય જે કે કોઈ પણ જાતની સમજુતી અને સવાલનો મોહતાજ નથી, અય જે કાએનાતના લોકોના દિલોની વાતોને જાણનાર, હઝરત મોહમ્મદ (સ.અ.વ) અને તેમની પાક આલ ઉપર રહમત નાઝિલ કર.

# અઢારમી રાતની મુખ્તસર દુઆ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَلْحَمْدُ لِلّٰهِ الَّذِيْ
اَكْرَمَنَا بِشَهْرِنَا هٰذَا، وَاَنْزَلَ عَلَيْنَا فِيْهِ الْقُرْاٰنَ،
وَعَرَّفَنَا حَقَّهٗ، وَالْحَمْدُ لِلّٰهِ عَلَى الْبَصِيْرَةِ، فَبِنُوْرِ
وَجْهِكَ يَا اِلٰهَنَا وَاِلٰهَ اٰبَائِنَا الْاَوَّلِيْنَ، اُرْزُقْنَا فِيْهِ
التَّوْبَةَ، وَلَا تَخْذُلْنَا، وَلَا تُخْلِفْ ظَنَّنَا، اِنَّكَ اَنْتَ
الْجَلِيْلُ الْجَبَّارُ

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ, તમામ વખાણ તે અલ્લાહ માટે છે જેણે અમોને આ મહીનો નસીબ કર્યો અને તેના થકી અમોને ઇઝ્ઝત આપી, અને આ મહીનામાં અમારા માટે કુરઆન નાઝિલ કર્યુ, અને અમોને તેના હક્કની ઓળખાણ આપી; અને અલ્લાહના વખાણ છે કે તેણે અમોને સમજ-શક્તિ અતા કરી; તો તને તારી નૂરાની ઝાતનો વાસ્તો છે અય અમારા અલ્લાહ તથા અમારી પહેલાના અમારા બાપ-દાદાઓના અલ્લાહ, આ મહીનામાં અમોને તૌબા કરવાની તૌફીક અતા કર, અને અમોને અમારી હાલત ઉપર છોડજે નહીં અને

અમારા નેક ગુમાનની વિરુધ્ધ કરજે નહીં, ખરેખર ફક્ત તું જ બુઝુર્ગ અને ખુબજ કુદરતવાળો છે.

## અઢારમી રાતની નમાઝ

અઢારમી રાત્રે ચાર રકઆત નમાઝ છે, દરેક રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી પચીસ વખત સૂરએ કૌસર પઢે તો તેનો સવાબ એ છે કે મલેકુલ મોત તેની રૂહ કબ્ઝ કરવા આવે ત્યારે તેને ખુશ ખબરી આપે કે અલ્લાહ તઆલા તારાથી રાઝી છે.

## અઢારમાં દિવસની મુખ્તસર દુઆ

અઢારમી તારીખે નીચેની દુઆ પઢે તો અલ્લાહ તઆલા તેને હજાર પયગમ્બરોનો સવાબ આપે.

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ نَبِّهْنِيْ فِيْهِ لِبَرَكَاتِ اَسْحَارِهٖ ، وَنَوِّرْ فِيْهِ قَلْبِيْ بِضِيَاءِ اَنْوَارِهٖ ، وَ خُذْ بِكُلِّ اَعْضَائِىْ اِلَى اتِّبَاعِ اٰثَارِهٖ ، بِنُوْرِكَ يَا مُنَوِّرَ قُلُوْبِ الْعَارِفِيْنَ

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ, મને આ મહીનામાં સેહરીઓની બરકતોથી જાગ્રુત કર, અને આ મહીનામાં મારા દિલને તેના તમામ નૂરની

રોશનીથી નુરાની કરી દે, અને આ મહીનામાં મારા બદનના તમામ અંગોને તેના હુકમો ઉપર તાબેદારી કરવા માટે તય્યાર કર, તારા નૂર થકી, અય આરીફોના દિલોને નુરાની બનાવનાર.

## ઓગણીસમી માહે રમઝાન

શબે કદ્ર - જે રાત હજાર મહીનાઓ કરતાં વધારે અફઝલ છે અને શબે કદ્રમાં કુરઆને કરીમ નાઝિલ થયું છે. હિજરી સન ૪૦માં મસ્જીદે કુફામાં અમીરૂલ મોઅમેનીન હઝરત અલી (અ.)ને ઇબ્ને મુલ્જિમ મુરાદી (લ.અ.) એ ઝખ્મી કર્યા.

| શબે કદ્રના આમાલ |
| --- |
| શબે કદ્રના મુશ્તરિક (સંયુક્ત) આમાલ |
| ૧૯મી (શબે કદ્ર)ના મખ્સૂસ આમાલ |

## ઓગણીસમી રાતની મુખ્તસર દુઆ

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ ، يَا ذَا الَّذِيۡ كَانَ قَبۡلَ كُلِّ شَيۡءٍ، ثُمَّ خَلَقَ كُلَّ شَيۡءٍ، ثُمَّ يَبۡقىٰ وَيَفۡنىٰ كُلُّ شَيۡءٍ، يَا ذَا الَّذِيۡ لَيۡسَ فِيۡ السَّمٰوَاتِ الۡعُلىٰ وَلَا فِيۡ

الْاَرَضِيْنَ السُّفْلٰى، وَلَا فَوْقَهُنَّ وَلَا بَيْنَهُنَّ وَلَا تَحْتَهُنَّ اِلٰهٌ يُعْبَدُ غَيْرُهٗ. لَكَ الْحَمْدُ حَمْدًا لَا يَقْدِرُ عَلٰى اِحْصَائِهٖ اِلَّا اَنْتَ، فَصَلِّ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِ مُحَمَّدٍ، صَلَاةً لَا يَقْدِرُ عَلٰى اِحْصَائِهَا اِلَّا اَنْتَ

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય તે ઝાત કે જે દરેક વસ્તુની પહેલા પણ મૌજૂદ હતો, પછી તેને દરેક વસ્તુઓને પૈદા કરી છે, પછી પણ ફક્ત તે જ બાકી રેહનાર છે અને દરેક વસ્તુ ફના થઇ જવાવાળી છે; અય તે ઝાત કે જેની સિવાય - ઊંચા આસમાનોમાં, તથા ઝમીનોની પાતાળમાં, અને જે કાંઈ તે બન્નેની ઉપર છે, અને જે કાંઈ તે બન્નેની દરમિયાન છે, અને જે કાંઈ તે બન્નેની નીચે છે - બીજું કોઈ મઅબૂદ નથી કે જેની ઈબાદત થતી હોય; ફક્ત તારી માટે જ બધા વખાણ છે કે જેની ગણત્રી તારા સિવાય બીજું કોઈ નથી કરી શકતું, તો તું હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને હઝરત મોહમ્મદ (સ.અ.વ.)ની ઔલાદ ઉપર રહમત નાઝિલ કર, કે જેની ગણત્રી પણ તારા સિવાય બીજું કોઈ નથી કરી શકતું.

## ઓગણીસમી રાતની નમાઝ

ઓગણીસમી રાત્રે ૫૦ રકઆત નમાઝ છે, દરેક રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી ૧ વખત સૂરએ ઝિલ્ઝાલ (એઝાઝુલ્ઝેલતિલ અરઝો) પઢે.

## ઓગણીસમાં દિવસની મુખ્તસર દુઆ

ઓગણીસમી તારીખે નીચેની દુઆ પઢે તો આસમાન અને જમીનના મલાએકા તેના માટે ઇસ્તિગ્ફાર અને દુઆએ ખૈર કરે.

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ وَفِّرْ فِيْهِ حَظِّيْ مِنْ بَرَكَاتِهٖ وَ سَهِّلْ سَبِيْلِيْ اِلٰى خَيْرَاتِهٖ وَ لَا تَحْرِمْنِيْ قَبُوْلَ حَسَنَاتِهٖ ، يَا هَادِيًا اِلَى الْحَقِّ الْمُبِيْنِ

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ, આ મહીનાની તારી બરકતોમાં મારા હિસ્સામાં ભરપૂર બરકત અતા કર, અને તેની નેકીઓ માટે મારા રસ્તાને આસાન બનાવ, અને તે નેકીઓને કબૂલ કરવાથી મને વંચિત ન રાખ, અય ચોખ્ખા હક્કની તરફ હિદાયત કરવાવાળા.

## વીસમી માહે રમઝાન

ફત્હે મક્કા - હિજરી સન ૮માં મુસલમાનોના લશ્કરે જંગ કર્યા વગર મક્કા ઉપર વિજય મેળવ્યો.

## વીસમી રાતની મુખ્તસર દુઆ

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَسْتَغْفِرُ اللهَ مِمَّا مَضٰى مِنْ ذُنُوْبِيْ فَاَنْسَيْتُهَا، وَهِيَ مُثْبَتَةٌ عَلَيَّ يُحْصِيْهَا عَلَيَّ الْكِرَامُ الْكَاتِبُوْنَ، يَعْلَمُوْنَ مَا اَفْعَلُ، وَاَسْتَغْفِرُ اللهَ مِنْ مُوْبِقَاتِ الذُّنُوْبِ، وَ اَسْتَغْفِرُهٗ مِنْ مُفْظِعَاتِ الذُّنُوْبِ، وَاَسْتَغْفِرُهٗ مِمَّا فَرَضَ عَلَيَّ فَتَوَانَيْتُ، وَاَسْتَغْفِرُهٗ مِنْ نِسْيَانِ الشَّيْءِ الَّذِيْ بَاعَدَنِيْ مِنْ رَبِّيْ. وَاَسْتَغْفِرُهٗ مِنَ الزَّلَّاتِ وَالضَّلَالَاتِ، وَمِمَّا كَسَبَتْ يَدَايَ، وَاُوْمِنُ بِهٖ، وَاَتَوَكَّلُ عَلَيْهِ كَثِيْرًا، وَاَسْتَغْفِرُهٗ وَ اَسْتَغْفِرُهٗ وَ اَسْتَغْفِرُهٗ وَ اَسْتَغْفِرُهٗ وَ اَسْتَغْفِرُهٗ وَ اَسْتَغْفِرُهٗ

(શરૂ કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. હું અલ્લાહ પાસે માફી માંગું છું તે ગુનાહોની કે જે ગુનાહો કરીને હું ભૂલી ગયો છું, અને મારી વિરુધ્ધ તે ગુનાહો નોંધાયેલ છે અને તેને લખવાવાળા મોહતરમ ફરિશ્તાઓએ મારી વિરુધ્ધ લખેલ છે, અને તેઓ મારા દરેક કાર્યોને જાણે છે. હું અલ્લાહ પાસે હલાક કરવાવાળા ગુનાહોની માફી માંગું છું, હું અલ્લાહ પાસે તેની રહમતથી દૂર કરવાવાળા ગુનાહોની માફી માંગું છું, હું તેની પાસે માફી માંગું છું કે મારા વાજિબ આમાલમાં મેં આળસ કરી, હું તેની પાસે તે ભૂલી ગયેલી વસ્તુઓની માફી માંગુ છું કે જેના કારણે હું મારા પાલનહારથી દૂર થયો છું, અને હું તેની પાસે મારા ઈમાનમાં લથડી જવાની અને ગુમરાહીઓની માફી માંગું છું અને તે બધી વસ્તુની માફી માંગુ છું કે જે ગુનાહોને મેં કર્યા છે, અને હું અલ્લાહ ઉપર ઈમાન રાખું છું અને હું તેની ઉપર ખુબજ વધારે ભરોસો કરૂં છું, અને હું તેની પાસે માફી માંગું છું, અને હું તેની પાસે માફી માંગું છું, અને હું તેની પાસે માફી માંગું છું, અને હું તેની પાસે માફી માંગું છું, અને હું તેની પાસે માફી માંગું છું, અને હું તેની પાસે માફી માંગું છું, અને હું તેની પાસે માફી માંગું છું.

## વીસમી રાતની નમાઝ

વીસમી રાત્રે આઠ રકઆત નમાઝ છે, દરેક રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી જે ચાહે તે સૂરો પઢે તો અલ્લાહ તઆલા તેના ગુજરેલા તથા થવાવાળા ગુનાહ માફ કરી આપશે.

## વીસમાં દિવસની મુખ્તસર દુઆ

વીસમી તારીખે નીચેની દુઆ પઢે તો માહે રમઝાનમાં જેટલા લોકોએ રોઝા રાખ્યા હોય તેઓની ગણત્રી પ્રમાણે ૬૦ વર્ષની મકબુલ ઈબાદતોનો સવાબ મળે અને તેની તરફ હજાર ફરિશ્તાઓ મોકલે કે તેઓને દરેક જબ્બાર ઝાલિમ અને શૈતાનની ઈજાથી બચાવે અને તેની તથા જહન્નમની વચ્ચે એવી સિત્તેર ખંદકનો ફાસલો કરે કે દરેક ખંદકો આસમાન તથા જમીનના ફાસલા જેટલી મોટી હોય.

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ افْتَحْ لِيْ فِيْهِ اَبْوَابَ الْجِنَانِ ، وَاَغْلِقْ عَنِّيْ فِيْهِ اَبْوَابَ النِّيْرَانِ ، وَوَفِّقْنِيْ فِيْهِ لِتِلَاوَةِ الْقُرْاٰنِ ، يَا مُنْزِلَ السَّكِيْنَةِ فِيْ قُلُوْبِ الْمُؤْمِنِيْنَ

(શરૂ કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન

અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ, આ મહીનામાં મારી માટે જન્નતોના દરવાજાઓને ખોલી દે, અને આ મહીનામાં જહન્નમની આગના દરવાજાઓ મારી માટે બંધ કરી દે, અને આ મહીનામાં મને કુરઆનની તિલાવત કરવાની તૌફીક અતા કર, અય મોઅમિનોના દિલોમાં સુકૂન નાઝિલ કરનાર.

## એકવીસમી માહે રમઝાન

**શબે કદ્ર - જે રાત હજાર મહીનાઓ કરતાં વધારે અફઝલ છે અને શબે કદ્રમાં કુરઆને કરીમ નાઝિલ થયું છે. હિજરી સન ૪૦માં અમીરૂલ મોઅમેનીન હઝરત અલી (અ.) શહીદ થયા; અને હઝરતે મુસા ઇબ્ને ઇમરાન (અ.સ.) અને હઝરત યૂશઅ ઇબ્ને નૂન (અ.સ.)ના વફાતનો દિવસ છે, અને હઝરતે ઈસા ઇબ્ને મરયમ (અ.સ.)ને આસમાન તરફ લઈ જવામાં આવ્યા હતા.**

| શબે કદ્રના આમાલ |
| --- |
| શબે કદ્રના મુશ્તરિક (સંયુક્ત) આમાલ |
| ૨૧મી (શબે કદ્ર)ના મખ્સૂસ આમાલ |
| આખર દહાના સંયુક્ત આમાલ |

# એકવીસમી રાતની મુખ્તસર દુઆ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَشْهَدُ اَنْ لَا اِلٰهَ اِلَّا
اللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ، وَاَشْهَدُ اَنَّ مُحَمَّدًا عَبْدُهٗ
وَرَسُوْلُهٗ، وَاَشْهَدُ اَنَّ الْجَنَّةَ حَقٌّ، وَالنَّارَ حَقٌّ، وَاَنَّ
السَّاعَةَ اٰتِيَةٌ لَا رَيْبَ فِيْهَا، وَاَنَّ اللّٰهَ يَبْعَثُ مَنْ فِي
الْقُبُوْرِ. وَاَشْهَدُ اَنَّ الرَّبَّ رَبِّي ، لَا شَرِيْكَ لَهٗ، وَلَا
وَلَدَ لَهٗ وَلَا وَالِدَ لَهٗ، وَاَشْهَدُ اَنَّهُ الْفَعَّالُ لِمَا يُرِيْدُ،
وَالْقَادِرُ عَلٰى كُلِّ شَيْءٍ، وَالصَّانِعُ لِمَا يُرِيْدُ، وَ
الْقَاهِرُ مَنْ يَّشَاءُ، وَالرَّافِعُ مَنْ يَّشَاءُ، مَالِكُ
الْمُلْكِ، وَرَازِقُ الْعِبَادِ، اَلْغَفُوْرُ الرَّحِيْمُ، اَلْعَلِيْمُ
الْحَلِيْمُ. اَشْهَدُ اَشْهَدُ، اَشْهَدُ اَشْهَدُ، اَشْهَدُ اَشْهَدُ،
اَشْهَدُ اَنَّكَ سَيِّدِي كَذٰلِكَ، وَفَوْقَ ذٰلِكَ، لَا يَبْلُغُ
الْوَاصِفُوْنَ كُنْهَ عَظَمَتِكَ . اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ
اٰلِهٖ، وَاهْدِنِيْ وَلَا تُضِلَّنِيْ بَعْدَ اِذْ هَدَيْتَنِيْ، اِنَّكَ

اَنْتَ الْهَادِيُ الْمَهْدِيُّ

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. હું ગવાહી આપું છું કે ખરેખર અલ્લાહ સિવાય બીજો કોઈ ખુદા નથી, તે એકમાત્ર છે અને તેનો કોઈ ભાગીદાર નથી; અને હું ગવાહી આપું છું કે ખરેખર હઝરત મોહમ્મદ (સ.અ.વ.) તેના બંદા અને તેના રસૂલ છે; અને હું ગવાહી આપું છું કે ખરેખર જન્નત ઉપર મને યકીન છે અને જહન્નમ ઉપર મને યકીન છે, અને કયામત જરૂર આવનાર છે જેમાં કાંઈ પણ શક નથી, અને અલ્લાહ કબરવાળાઓને ફરીથી જરૂર ઉઠાડશે; અને હું ગવાહી આપું છું કે તમામ કાએનાતનો પાલનહાર મારો પાલનહાર છે કે જેનો કોઈ ભાગીદાર નથી, અને તેની કોઈ ઔલાદ નથી અને તે કોઈની ઔલાદ નથી; અને હું ગવાહી આપું છું કે ખરેખર તે જે કાર્ય ચાહે તે કરી શકે છે, તે દરેક વસ્તુ ઉપર કુદરત રાખે છે, અને તે જે ચાહે બનાવી શકે છે, તે દરેક ઉપર ગાલિબ છે, અને જેને ચાહે તેના દરજ્જાઓ બુલન્દ કરે છે, અને તે કાએનાતનો માલિક છે, અને તે બંદાઓને રોઝી આપનાર છે, તે માફ કરનાર છે, તે ખુબજ દયાળુ છે, તે બધુજ જાણનાર છે, તે ખુબજ સહનશીલ છે. હું ગવાહી આપું છું, હું ગવાહી આપું છું, હું ગવાહી આપું છું, હું

ગવાહી આપું છું, હું ગવાહી આપું છું, હું ગવાહી આપું છું, હું ગવાહી આપું છું કે ખરેખર અય મારા સરદાર તું એવો જ છે, અને તેના કરતાં પણ કેટલો ઉચ્ચ છે, તારી સિફ્રાતો બયાન કરનાર તારી મહાન હકીકત સુધી નથી પહોંચી શકતો; અય અલ્લાહ, હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની ઔલાદ ઉપર રહમત નાઝિલ કર, અને મારી હિદાયત કર, અને મારી હિદાયત કર્યા પછી મને ગુમરાહ ન કરજે, ખરેખર તું જ હિદાયત પામેલાઓનો હિદાયત કરનાર છે.

## એકવીસમી રાતના પઢવાની આખર દહાની મખ્સૂસ દુઆ

શબે કદ્રના એકવીસમી રાતના મખ્સૂસ આમાલમાં ઝીક્ર થયેલ છે જે પેજ નંબર 221 ઉપર ઝિક્ર થયેલ છે

## એકવીસમી રાતની નમાઝ

એકવીસમી રાત્રે આઠ રકઆત નમાઝ છે, દરેક રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી કોઈ પણ સૂરો પઢે.

## એકવીસમાં દિવસની મુખ્તસર દુઆ

એકવીસમી તારીખે નીચેની દુઆ પઢે તો અલ્લાહ તઆલા તેની કબર નુરાની કરે, તેના મોઢાને રોશન કરે, અને પુલે સેરાત પરથી વીજળીની જેમ પસાર થઈ જાય.

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ اجْعَلْ لِيْ فِيْهِ اِلٰى مَرْضَاتِكَ دَلِيْلًا وَّ لَا تَجْعَلْ لِلشَّيْطَانِ فِيْهِ عَلَيَّ سَبِيْلًا وَّ اجْعَلِ الْجَنَّةَ لِيْ مَنْزِلًا وَّ مَقِيْلًا ، يَا قَاضِيَ حَوَائِجِ الطَّالِبِيْنَ

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ, આ મહીનામાં મને તારી ખુશનુદી માટે માર્ગદર્શન અતા કર, અને આ મહીનામાં શૈતાનને મારી ઉપર બિલ્કુલ રસ્તો નહીં આપતો, અને મારી માટે જન્નતને મંઝિલ અને મારી રેહવાની જગ્યા બનાવ, અય હાજત માંગનાર લોકોની હાજતોને પૂરી કરવાવાળા.

## બાવીસમી રાતની મુખ્તસર દુઆ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، يَا ظَهْرَ اللَّاجِيْنَ ، صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ وَّ كُنْ لِيْ حِصْنًا وَّ حِرْزًا ، يَا كَهْفَ الْمُسْتَجِيْرِيْنَ ، صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ وَّ كُنْ لِيْ كَهْفًا وَّ عَضُدًا وَّ نَاصِرًا ، يَا غِيَاثَ الْمُسْتَغِيْثِيْنَ ، صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ وَّ كُنْ لِيْ

غِيَاثًا وَّ مُجِيْرًا. يَا وَلِيَّ الْمُؤْمِنِيْنَ ، صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ، وَ كُنْ لِيْ وَلِيًّا، يَا مُجْرِيْ غُصَصِ الْمُؤْمِنِيْنَ ، صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ وَّ اَجِرْ غُصَّتِيْ وَ نَفِّسْ هَمِّيْ، وَ اَسْعِدْنِيْ فِيْ هٰذَا الشَّهْرِ الْعَظِيْمِ سَعَادَةً لَا اَشْقٰى بَعْدَهَا اَبَدًا، يَا اَرْحَمَ الرَّاحِمِيْنَ

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય આશરો માંગવાવાળા લોકોનો મદદગાર, તું રહમત નાઝિલ કર હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની ઔલાદ ઉપર, અને તું મારી માટે કિલ્લો અને હિફાઝત બની જા; અય પનાહ માંગનારના આશરા, તું રહમત નાઝિલ કર હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની ઔલાદ ઉપર, અને મારી માટે આશરો, તાકત અને મદદગાર બની જા; અય ફરિયાદ કરવાવાળાઓની ફરિયાદે પહોંચનાર, તું રહમત નાઝિલ કર હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની ઔલાદ ઉપર, અને મારી માટે ફરિયાદે પહોંચનાર અને મને પનાહ આપનાર બની જા; અય મોઅમિનોના સરપરસ્ત, તું રહમત નાઝિલ કર હઝરત મોહમ્મદ (સ.અ.વ.)

અને તેમની ઔલાદ ઉપર, અને મારી માટે સરપરસ્ત બની જા; અય મોઅમિનોની તંગી દૂર કરનાર, તું રહમત નાઝિલ કર હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની ઔલાદ ઉપર, અને મારી તંગીને દૂર કર અને મારા ગમને દૂર કરી મને સુકૂન આપ; અને આ બુઝુર્ગ મહીનામાં મને ખુશબખ્ત બનાવ, એવી ખુશબખ્તી કે તેની પછી ક્યારેય પણ બદબખ્ત ન બનું, અય રહેમ કરવાવાળાઓ માં સૌથી વધારે રહેમ કરનાર.

## બાવીસમી રાતના પઢવાની આખર દહાની મખ્સૂસ દુઆ

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، يَا سَالِخَ النَّهَارِ مِنَ اللَّيْلِ فَاِذَا نَحْنُ مُظْلِمُوْنَ وَ مُجْرِيَ الشَّمْسِ لِمُسْتَقَرِّهَا بِتَقْدِيْرِكَ ، يَا عَزِيْزُ يَا عَلِيْمُ وَ مُقَدِّرَ الْقَمَرِ مَنَازِلَ حَتّٰى عَادَ كَالْعُرْجُوْنِ الْقَدِيْمِ ، يَا نُوْرَ كُلِّ نُوْرٍ وَّ مُنْتَهٰى كُلِّ رَغْبَةٍ وَّ وَلِيَّ كُلِّ نِعْمَةٍ ، يَا اَللّٰهُ يَا رَحْمٰنُ يَا اَللّٰهُ يَا قُدُّوْسُ يَا اَحَدُ يَا وَاحِدُ يَا فَرْدُ يَا اَللّٰهُ يَا اَللّٰهُ يَا اَللّٰهُ ، لَكَ الْاَسْمَاءُ الْحُسْنٰى وَ الْاَمْثَالُ

الْعُلْيَا وَالْكِبْرِيَاءُ وَالْآلَاءُ ،

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય દિવસને રાતથી અલગ કરનાર કે જેના પછી અમે અંધકારમાં ડૂબી જઈએ છીએ, અને તારા હિસાબ થકી સુરજને તેના નક્કી કરેલી જગ્યા ઉપર ફેરવનાર; અય કુદરત ધરાવનાર, અય દરેક વસ્તુના જાણકાર; અય ચંદ્રની મંઝિલો નક્કી કરનાર ત્યાં સુધી કે તે ખજૂરની જૂની ડાળીની જેમ પાતળો થઇ જાય છે; અય દરેક નૂરના નૂર, અને તમામ ઇચ્છાઓની આખરી મંઝિલ, અને દરેક નેઅમતના માલિક, અય અલ્લાહ, અય ખુબજ મહેરબાન, અય અલ્લાહ, અય પાકીઝા સિફતોવાળા, અય એકમાત્ર, અય એકલા, અય બેમિસાલ, અય અલ્લાહ, અય અલ્લાહ, અય અલ્લાહ, ફક્ત તારી માટેજ ખુબજ સારા નામો (અસ્માઉલ હુસ્ના) છે, અને સર્વોચ્ચ સિફતો અને મહાનતા અને એહ્સાનોનો માલિક ફક્ત તું જ છે.

اَسْاَلُكَ اَنْ تُصَلِّيَ عَلىٰ مُحَمَّدٍ وَّ اَهْلِ بَيْتِهٖ وَ اَنْ

تَجْعَلَ اسْمِيْ فِيْ هٰذِهِ اللَّيْلَةِ فِي السُّعَدَاءِ وَ رُوْحِيْ

مَعَ الشُّهَدَاءِ وَاِحْسَانِيْ فِيْ عِلِّيِّيْنَ وَ اِسَاءَتِيْ مَغْفُوْرَةً

وَّاَنۡ تَهَبَ لِيۡ يَقِيۡنًا    تُبَاشِرُ بِهٖ قَلۡبِيۡ    وَاِيۡمَانًا

يُذۡهِبُ الشَّكَّ عَنِّيۡ    وَتُرۡضِيَنِيۡ بِمَا قَسَمۡتَ لِيۡ ، وَ

اٰتِنَا فِي الدُّنۡيَا حَسَنَةً وَّ فِي الۡاٰخِرَةِ حَسَنَةً وَّ قِنَا

عَذَابَ النَّارِ الۡحَرِيۡقِ    وَارۡزُقۡنِيۡ فِيۡهَا ذِكۡرَكَ وَ

شُكۡرَكَ وَالرَّغۡبَةَ اِلَيۡكَ وَالۡاِنَابَةَ وَالتَّوۡفِيۡقَ    لِمَا

وَفَّقۡتَ لَهٗ مُحَمَّدًا وَّاٰلَ مُحَمَّدٍ عَلَيۡهِمُ السَّلَامُ

હું તારી પાસે માંગું છું કે હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની અહલે-બય્ત (અ.મુ.) ઉપર રહમત નાઝિલ કર, અને મારા નામને આજની રાત્રે નેક લોકોની યાદીમાં દાખલ કર, અને મારી રૂહને શહીદોની સાથે શુમાર કર, અને મારી નેકીઓને ઉચ્ચ દરજ્જાઓમાં પહોંચાડ, અને મારી બુરાઈઓને માફ કરી દે, અને મને એવું યકીન અતા કર કે જે મારા દિલમાં જોડાય જાય, અને મને એવું ઈમાન અતા કર કે જે શકને મારાથી દૂર કરે, અને મારા માટે તેં જે રોઝી નક્કી કરી છે તેની ઉપર મને રાઝી રાખ, અને અમોને દુનિયાની નેકી તેમજ આખેરતની નેકી અતા કર, અને અમોને જહન્નમની આગથી આઝાદ કર, અને આ રાત્રે મારા રીઝ્કમાં તારી યાદ, તારો શુક્ર અને તારી તરફ લગાવ અને તૌબા

અતા કર, અને તે તમામ કાર્યોની તૌફીક અતા કર કે જેની તૌફીક તેં હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની ઔલાદ (અ.મુ.)ને આપી હતી, તેઓ બધા ઉપર તમામ સલામ થાય.

## બાવીસમી રાતની નમાઝ

બાવીસમી રાત્રે આઠ રકઆત નમાઝ છે, દરેક રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી જે પણ ચાહે સૂરો પઢે તો તેનો સવાબ એ છે કે જન્નતમાં જે દરવાજાથી ચાહે પ્રવેશ કરે.

## બાવીસમાં દિવસની મુખ્તસર દુઆ

બાવીસમી તારીખે નીચેની દુઆ પઢે તો અંતકાળમના વખતે આસાની થાય મુન્કીર નકીરના સવાલ આસન થાય નેક તરીકા પર સાબિત કદમ રાખે.

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ افْتَحْ لِيْ فِيْهِ اَبْوَابَ فَضْلِكَ ، وَ اَنْزِلْ عَلَيَّ فِيْهِ بَرَكَاتِكَ وَ وَفِّقْنِيْ فِيْهِ لِمُوْجِبَاتِ مَرْضَاتِكَ وَ اَسْكِنِّيْ فِيْهِ بُحْبُوْحَاتِ جَنَّاتِكَ ، يَا مُجِيْبَ دَعْوَةِ الْمُضْطَرِّيْنَ

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ, મારી માટે આ

મહીનામાં તારા એહસાનના દરવાજાઓને ખોલી નાખ, અને આ મહીનામાં મારી ઉપર તારી બરકતો નાઝિલ કર, અને મને તારી ખુશનુદી હાસિલ કરવાના કારણોની તૌફીક અતા કર, અને મને આ મહીનામાં તારી જન્નતની વિશાળતામાં રહેઠાણ અતા કર, અય પરેશાન લોકોની દુઆઓને કબૂલ કરનાર.

## ત્રેવીસમી માહે રમઝાન

**શબે કદ્ર - જે રાત હજાર મહીનાઓ કરતાં વધારે અફઝલ છે અને શબે કદ્રમાં કુરઆને કરીમ નાઝિલ થયું છે**

| શબે કદ્રના આમાલ |
|---|
| શબે કદ્રના મુશ્તરિક (સંયુક્ત) આમાલ |
| ૨૩મી (શબે કદ્ર)ના મખ્સૂસ આમાલ |
| આખર દહાના સંયુક્ત આમાલ |

## ત્રેવીસમી રાતની મુખ્તસર દુઆ

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ اجْعَلْنِيْ مِنْ
اَوْفَرِ عِبَادِكَ نَصِيْبًا مِنْ كُلِّ خَيْرٍ اَنْزَلْتَهُ فِيْ هٰذِهِ
اللَّيْلَةِ، اَوْ اَنْتَ مُنْزِلُهُ، مِنْ نُوْرٍ تَهْدِيْ بِهِ، اَوْ رَحْمَةٍ

تَنْشُرُهَا، اَوْ رِزْقٍ تَقْسِمُهٗ، اَوْ بَلَاءٍ تَدْفَعُهٗ، اَوْ ضُرٍّ

تَكْشِفُهٗ، وَ اكْتُبْ لِيْ مَا كَتَبْتَ لِاَوْلِيَائِكَ

الصَّالِحِيْنَ، اَلَّذِيْنَ اسْتَوْجَبُوْا مِنْكَ الثَّوَابَ، وَ

اٰمِنُوْا بِرِضَاكَ عَنْهُمْ مِنْكَ الْعِقَابَ. يَا كَرِيْمُ يَا

كَرِيْمُ، صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ، وَ افْعَلْ بِيْ

ذٰلِكَ، بِرَحْمَتِكَ يَا اَرْحَمَ الرَّاحِمِيْنَ.

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ મને તારા એવા બંદાઓમાં શુમાર કર કે જેઓને આ રાત્રીમાં નાઝિલ થયેલ અથવા આ રાત્રીમાં નાઝિલ થનાર તમામ નેકીઓ અતા કરીને તેઓએ ફાયદો મેળવેલ છે, અને મને નૂર અતા કર કે જેનાથી તું હિદાયત કરે છે, અને રહમત અતા કર કે જેને તેં ફેલાવેલી છે, રોઝી અતા કર કે જેની તું વહેંચણી કરે છે, અને બલાઓથી દૂર કર કે જેને તું દફે કરે છે, મુસીબતોથી દૂર રાખ કે જેને તું દૂર કરે છે, અને મારી માટે તે વસ્તુઓ લખી દે કે જે વસ્તુઓને તેં તારા એવા નેક વલીઓ માટે લખેલ છે કે જેઓ તારા તરફથી સવાબ મેળવનાર છે અને જેઓ તારી ખુશનુદીના કારણે તારી સજાથી મહફૂઝ છે; અય

ખુબજ ઉદાર, અય ખુબજ ઉદાર, હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને હઝરત મોહમ્મદ (સ.અ.વ.)ની ઔલાદ ઉપર રહમત નાઝિલ કર, અને તારી રહમતના વાસ્તાથી મને આ બધું જ અતા કર, અય રહેમ કરવાવાળાઓ માં સૌથી વધારે રહેમ કરનાર.

## ત્રેવીસમી રાતના પઢવાની આખર દહાની મખ્સૂસ દુઆ

શબે કદ્રના ત્રેવીસમી રાતના મખ્સૂસ આમાલમાં ઝીક્ર થયેલ છે જે પેજ નંબર **268** ઉપર છે.

## ત્રેવીસમી રાતની નમાઝ

ત્રેવીસમી રાત્રે આઠ રકઆત નમાઝ છે, દરેક રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી જે પણ ચાહે સૂરો પઢે.

## ત્રેવીસમાં દિવસની મુખ્તસર દુઆ

ત્રેવીસમી તારીખે નીચેની દુઆ પઢે તો અલ્લાહ તઆલા વીજળીની જેમ પયગમ્બરો અને સાલેહીન સાથે પુલે સેરાત ઉપરથી પાર કરાવે.

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ اغْسِلْنِيْ فِيْهِ مِنَ الذُّنُوْبِ وَطَهِّرْنِيْ فِيْهِ مِنَ الْعُيُوْبِ وَامْتَحِنْ قَلْبِيْ فِيْهِ بِتَقْوَى الْقُلُوْبِ ، يَا مُقِيْلَ عَثَرَاتِ

الْمُذْنِبِيْنَ

(શરૂ કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ, આ મહીનામાં મારા ગુનાહોને ધોઈ નાખ અને આ મહીનામાં મારી તમામ ખામીઓને બિલ્કુલ પાક કર, અને આ મહીનામાં  મારા દિલને તકવાના ઇમ્તેહાન માટે તય્યાર કરી દે, અય ગુનેહગારોની ભૂલોને માફ કરવાવાળા.

## ચોવીસમી રાતની મુખ્તસર દુઆ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ اَنْتَ اَمَرْتَ بِالدُّعَاءِ وَ ضَمِنْتَ الْاِجَابَةَ، فَدَعَوْنَاكَ، وَ نَحْنُ عِبَادُكَ وَ بَنُوْ اِمَائِكَ، نَوَاصِيْنَا بِيَدِكَ، وَ اَنْتَ رَبُّنَا وَ نَحْنُ عِبَادُكَ، وَ لَمْ يَسْاَلِ الْعِبَادُ مِثْلَكَ، وَ نَرْغَبُ اِلَيْكَ وَ لَمْ يَرْغَبِ الْخَلَائِقُ اِلٰى مِثْلِكَ، يَا مَوْضِعَ شَكْوَى السَّائِلِيْنَ، وَ مُنْتَهٰى حَاجَةِ الرَّاغِبِيْنَ ، وَ يَا ذَا الْجَبَرُوْتِ وَ الْمَلَكُوْتِ، وَ يَا ذَا السُّلْطَانِ وَ الْعِزِّ. يَا حَيُّ يَا قَيُّومُ، يَا بَآرُّ يَا رَحِيْمُ، يَا حَنَّانُ يَا

مَنَّانُ، يَا بَدِيْعَ السَّمٰوَاتِ وَ الْاَرْضِ، يَا ذَا الْجَلَالِ وَ الْاِكْرَامِ، يَا ذَا النِّعَمِ الْجِسَامِ، وَ الطَّوْلِ الَّذِيْ لَا يُرَامُ، صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِهٖ، وَ اغْفِرْ لِيْ اِنَّكَ اَنْتَ الْغَفُوْرُ الرَّحِيْمُ.

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ, તેં દુઆ કરવાનો હુકમ આપ્યો છે અને તેને કબૂલ કરવાની ઝમાનત લીધી છે, તો અમે તારી પાસે દુઆ કરી, અને અમે તારા બંદાઓ અને તારા બંદાઓના જ ફરઝંદ છીએ, અમે તારી કુદરતના કબજામાં છીએ, અને તું અમારો પાલનહાર છે અને અમે બધા તારા બંદાઓ છીએ; અને તારા બંદાઓ માંથી કોઈ એ પણ એવા કોઈથી સવાલ નથી કર્યો કે જે તારી જેવો હોય (કારણ કે તારી જેવું બીજું કોઈ નથી); અને અમે તારી તરફ આશા રાખી છે અને તારી મખ્લૂક ક્યારેય પણ એવા કોઈ તરફ આશા નથી રાખતી કે જે તારી જેવો હોય, (કારણ કે તારી જેવું બીજું કોઈ નથી); અય હાજતમંદોની શિકાયત કરવાની જગ્યા, અને તારી તરફ આશા રાખવા વાળાઓની આખરી મંઝિલ, અય બુઝુર્ગી અને કુદરતના માલિક, અય તાકત અને ઇઝ્ઝતના માલિક, અય હંમેશાથી

જીવતા, અય હંમેશા બાકી રેહનાર, અય ખુબજ નેકી કરનાર, અય ખુબજ દયાળુ, અય બહુજ મહેરબાન, અય એહસાન કરનાર, અય આસમાનો અને ઝમીનને પૈદા કરનાર, અય બુઝુર્ગી અને ઇઝ્ઝાતના માલિક, અય મોટી મોટી નેઅમતોના અને ન વિચારી શકાય તેવી બેનિયાઝીના માલિક, હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની ઔલાદ ઉપર રહમત નાઝિલ કર, અને મને માફ કર કારણ કે ખરેખર ફક્ત તું જ ખુબજ માફ કરનાર અને બહુજ દયાળુ છે.

## ચોવીસમી રાતના પઢવાની આખર દહાની મખ્સૂસ દુઆ

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، يَا فَالِقَ الْاِصْبَاحِ وَ جَاعِلَ اللَّيْلِ سَكَنًا وَّ الشَّمْسِ وَ الْقَمَرِ حُسْبَانًا ، يَا عَزِيْزُ يَا عَلِيْمُ ، يَا ذَا الْمَنِّ وَ الطَّوْلِ وَ الْقُوَّةِ وَ الْحَوْلِ وَ الْفَضْلِ وَ الْاِنْعَامِ وَ الْجَلَالِ وَ الْاِكْرَامِ ، يَا اَللّٰهُ يَا رَحْمٰنُ ، يَا اَللّٰهُ يَا فَرْدُ يَا وِتْرُ ، يَا اَللّٰهُ يَا ظَاهِرُ يَا بَاطِنُ ، يَا حَيُّ لَا اِلٰهَ اِلَّا اَنْتَ ، لَكَ الْاَسْمَاءُ

الْحُسْنٰى وَ الْاَمْثَالُ الْعُلْيَا وَ الْكِبْرِيَاءُ وَ الْاٰلَاءُ ،

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય રાત્રીના અંધકારમાંથી સવારની રોશનીને બહાર કાઢનાર, અને રાત્રીને આરામ માટે બનાવનાર, અને સુરજ તેમજ ચંદ્રને સમયનો હિસાબ નક્કી કરવાવાળા બનાવનાર; અય કુદરતવાળા, અય દરેક વસ્તુના જાણનાર, અય એહસાન, બેનીયાઝી, તાકત, કુદરત, બખ્શીશ, નેઅમતો, બુઝુર્ગી અને ઇઝ્ઝતના માલિક; અય અલ્લાહ, અય ખુબજ મહેરબાન, અય અલ્લાહ, અય બેમિસાલ, અય એકમાત્ર, અય અલ્લાહ, અય જાહેર, અય છુપાયેલા, અય હંમેશાથી જીવંત, તારા સિવાય બીજો કોઈ મઅબૂદ નથી, ફક્ત તારી માટેજ ખુબજ સારા નામો (અસ્માઉલ હુસ્ના) છે, અને સર્વોચ્ચ સિફતો અને મહાનતા અને એહ્સાનોનો માલિક ફક્ત તું જ છે.

اَسْاَلُكَ اَنْ تُصَلِّيَ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ وَّ اَنْ

تَجْعَلَ اسْمِيْ فِيْ هٰذِهِ اللَّيْلَةِ فِي السُّعَدَاءِ وَ رُوْحِيْ

مَعَ الشُّهَدَاءِ وَ اِحْسَانِيْ فِيْ عِلِّيِّيْنَ وَ اِسَاءَتِيْ مَغْفُوْرَةً

وَ اَنْ تَهَبَ لِيْ يَقِيْنًا تُبَاشِرُ بِهٖ قَلْبِيْ ، وَ اِيْمَانًا

يَذْهَبُ بِالشَّكِّ عَنِّيْ ، وَرِضًى بِمَا قَسَمْتَ لِيْ ، وَاٰتِنَا فِي الدُّنْيَا حَسَنَةً وَّفِي الْاٰخِرَةِ حَسَنَةً وَّقِنَا عَذَابَ النَّارِ الْحَرِيْقِ ، وَارْزُقْنِيْ فِيْهَا ذِكْرَكَ وَشُكْرَكَ وَ الرَّغْبَةَ اِلَيْكَ وَالْاِنَابَةَ وَالتَّوْبَةَ وَالتَّوْفِيْقَ لِمَا وَفَّقْتَ لَهٗ مُحَمَّدًا وَّاٰلَ مُحَمَّدٍ صَلَوَاتُكَ عَلَيْهِ وَ عَلَيْهِمْ

હું તારી પાસે માંગું છું કે હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની ઔલાદ ઉપર રહમત નાઝિલ કર, અને મારા નામને આજની રાત્રે નેક લોકોની યાદીમાં દાખલ કર, અને મારી રૂહને શહીદોની સાથે શુમાર કર, અને મારી નેકીઓને ઉચ્ચ દરજ્જાઓમાં પહોંચાડ, અને મારી બુરાઈઓને માફ કરી દે, અને મને એવું યકીન અતા કર કે જે મારા દિલમાં જોડાય જાય, અને મને એવું ઈમાન અતા કર કે જે શકને મારાથી દૂર કરે, અને મારા માટે તેં જે રોઝી નક્કી કરી છે તેની ઉપર મને રાઝી રાખ, અને અમોને દુનિયાની નેકી તેમજ આખેરતની નેકી અતા કર, અને અમોને જહન્નમની આગથી આઝાદ કર, અને આ રાત્રે મારા રીઝ્કમાં તારી યાદ, તારો શુક્ર અને તારી તરફ લગાવ અને તૌબા

અતા કર, અને તેં તમામ કાર્યોની તૌફીક અતા કર કે જેની તૌફીક તેં હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની ઔલાદ (અ.મુ.)ને આપી હતી, તેઓ બધા ઉપર તારી રહમત નાઝિલ થાય.

## ચોવીસમી રાતની નમાઝ

ચોવીસમી રાત્રે આઠ રકઆત નમાઝ છે, દરેક રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી જે પણ સૂરો પઢે તો હજ અને ઉમરાહનો સવાબ મળે.

## ચોવીસમાં દિવસની મુખ્તસર દુઆ

ચોવીસમી તારીખે નીચેની દુઆ પઢે તો અલ્લાહ તઆલા તેના અંગ અને માથાના વાળની ગણતરી મુજબ દરેક વાળે હજાર હજાર ખાદીમ અને ગુલામ, યાકૂત અને મરજાન જેવા અતા ફરમાવે.

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ فِيْهِ مَا يُرْضِيْكَ وَ اَعُوْذُ بِكَ مِمَّا يُؤْذِيْكَ وَ اَسْاَلُكَ التَّوْفِيْقَ فِيْهِ لِاَنْ اُطِيْعَكَ وَ لَا اَعْصِيَكَ ، يَا جَوَادَ السَّائِلِيْنَ

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ, આ મહીનામાં

હું તારી પાસે તારી ખુશનુદીના બધા રસ્તાઓ માંગું છું અને તને નારાઝ કરવાવાળા બધા રસ્તાઓથી તારી પાસે પનાહ માંગું છું, અને આ મહીનામાં તારી પાસે તારી ઇતાઅત કરવાની અને તારા ગુનાહ ન કરવાની તૌફીક માંગું છું, અય માંગવાવાળાઓને પુષ્કળ અતા કરનાર.

## પચ્ચીસમી રાતની મુખ્તસર દુઆ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، تَبَارَكَ اللّٰهُ اَحْسَنُ
الْخَالِقِيْنَ، خَالِقُ الْخَلْقِ، وَ مُنْشِئُ السَّحَابِ، وَ اٰمِرُ
الرَّعْدِ اَنْ يُسَبِّحَ لَهٗ. تَبَارَكَ الَّذِي بِيَدِهِ الْمُلْكُ وَ هُوَ
عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ، اَلَّذِيْ خَلَقَ الْمَوْتَ وَ الْحَيَاةَ
لِيَبْلُوَكُمْ اَيُّكُمْ اَحْسَنُ عَمَلًا. تَبَارَكَ الَّذِيْ نَزَّلَ
الْفُرْقَانَ عَلٰى عَبْدِهٖ لِيَكُوْنَ لِلْعَالَمِيْنَ نَذِيْرًا.
تَبَارَكَ الَّذِيْ اِنْ شَاءَ جَعَلَ لَكَ خَيْرًا مِنْ ذٰلِكَ
جَنَّاتٍ تَجْرِيْ مِنْ تَحْتِهَا الْاَنْهَارُ وَ يَجْعَلْ لَكَ

قُصُوْرًا، تَبَارَكَ اللّٰهُ اَحْسَنُ الْخَالِقِيْنَ

(શરૂ કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. બરકતવાળો છે તે અલ્લાહ કે જે સૌથી વધારે સારો ખાલિક છે, કે જે તમામ મખ્લૂકને પૈદા કરનાર છે, અને વાદળોને બનાવવા વાળો, અને ગર્જનાને હુક્મ આપનાર છે કે તે પણ અલ્લાહની તસ્બીહ કરતા રહે; તે ઝાત બરકતવાળી છે કે જેના હાથમાં તમામ જગતની બાદશાહત છે, અને તે દરેક વસ્તુ ઉપર સંપૂર્ણ કુદરત ધરાવે છે, જેણે મૌત અને જીવન પૈદા કર્યુ જેથી તમારી કસોટી લે કે તમારામાંથી અમલમાં સર્વશ્રેષ્ઠ કોણ છે; તે ઝાત બરકતવાળી છે કે જેણે પોતાના બંદા ઉપર હક્ક અને બાતિલને અલગ કરનાર કુરઆનને નાઝિલ કર્યુ જેથી તે તમામ કાએનાતને ડરાવે; તે ઝાત બરકતવાળી છે કે અગર તે ચાહે તો તારી માટે આ નેઅમતોથી વધારે સારી એવી જન્નતો તને અતા કરે કે જેની અંદર નદીઓ વહેતી હોય અને તને મહેલો અતા કરે; બરકતવાળો છે તે અલ્લાહ કે જે સૌથી વધારે સારો ખાલિક છે.

## પચ્ચીસમી રાતના પઢવાની આખર દહાની મખ્સૂસ દુઆ

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ ، یَا جَاعِلَ اللَّیۡلِ لِبَاسًاوَّ النَّھَارِ مَعَاشًا وَّ الۡاَرۡضِ مِھَادًا وَّ الۡجِبَالِ اَوۡتَادًا ، یَا اَللّٰہُ یَا قَاھِرُ ، یَا اَللّٰہُ یَا جَبَّارُ ، یَا اَللّٰہُ یَا سَمِیۡعُ ، یَا اَللّٰہُ یَا قَرِیۡبُ ، یَا اَللّٰہُ یَا مُجِیۡبُ ، یَا اَللّٰہُ یَا اَللّٰہُ یَا اَللّٰہُ ، لَكَ الۡاَسۡمَاءُ الۡحُسۡنٰی وَ الۡاَمۡثَالُ الۡعُلۡیَا وَ الۡكِبۡرِیَاءُ وَ الۡاٰلَاءُ ،

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય રાત્રીને દિવસનો લિબાસ બનાવનાર, અને દિવસને રોઝી હાસિલ કરવા માટે બનાવનાર, અને ઝમીનને આરામનું બિસ્તર બનાવનાર, અને પહાડોને ઝમીનના ખીલ્લાઓ બનાવનાર; અય અલ્લાહ, અય કુદરતના માલિક, અય અલ્લાહ, અય ખુબજ શક્તિશાળી, અય અલ્લાહ, અય બધું સાંભળનાર, અય અલ્લાહ, અય ખુબજ નજિક, અય અલ્લાહ, અય કબૂલ કરનાર, અય અલ્લાહ, અય અલ્લાહ, અય અલ્લાહ, ફક્ત તારી માટેજ ખુબજ સારા નામો (અસ્માઉલ હુસ્ના)

છે, અને સર્વોચ્ચ સિફતો અને મહાનતા અને એહ્સાનોનો માલિક ફક્ત તું જ છે.

اَسْاَلُكَ اَنْ تُصَلِّيَ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ وَّ اَنْ تَجْعَلَ اسْمِيْ فِيْ هٰذِهِ اللَّيْلَةِ فِي السُّعَدَاءِ وَ رُوْحِيْ مَعَ الشُّهَدَاءِ وَ اِحْسَانِيْ فِيْ عِلِّيِّيْنَ وَ اِسَاءَتِيْ مَغْفُوْرَةً وَّ اَنْ تَهَبَ لِيْ يَقِيْنًا تُبَاشِرُ بِهٖ قَلْبِيْ وَ اِيْمَانًا يُذْهِبُ الشَّكَّ عَنِّيْ وَ رِضًى بِمَا قَسَمْتَ لِيْ وَ اٰتِنَا فِي الدُّنْيَا حَسَنَةً وَّ فِي الْاٰخِرَةِ حَسَنَةً وَّ قِنَا عَذَابَ النَّارِ الْحَرِيْقِ وَ ارْزُقْنِيْ فِيْهَا ذِكْرَكَ وَ شُكْرَكَ وَ الرَّغْبَةَ اِلَيْكَ وَ الْاِنَابَةَ وَ التَّوْبَةَ وَ التَّوْفِيْقَ لِمَا وَفَّقْتَ لَهٗ مُحَمَّدًا وَّ اٰلَ مُحَمَّدٍ عَلَيْهِمُ السَّلَامُ

હું તારી પાસે માંગું છું કે હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની ઔલાદ ઉપર રહમત નાઝિલ કર, અને મારા નામને આજની રાત્રે નેક લોકોની યાદીમાં દાખલ કર, અને મારી રૂહને શહીદોની સાથે શુમાર કર, અને મારી નેકીઓને ઉચ્ચ દરજ્જાઓમાં પહોંચાડ, અને મારી બુરાઈઓને

માફ કરી દે, અને મને એવું યકીન અતા કર કે જે મારા દિલમાં જોડાય જાય, અને મને એવું ઈમાન અતા કર કે જે શકને મારાથી દૂર કરે, અને મારા માટે તેં જે રોઝી નક્કી કરી છે તેની ઉપર મને રાઝી રાખ, અને અમોને દુનિયાની નેકી તેમજ આખેરતની નેકી અતા કર, અને અમોને જહન્નમની આગથી આઝાદ કર, અને આ રાત્રે મારા રીઝ્કમાં તારી યાદ, તારો શુક્ર અને તારી તરફ લગાવ અને તૌબા અતા કર, અને તે તમામ કાર્યોની તૌફીક અતા કર કે જેની તૌફીક તેં હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની ઔલાદ (અ.મુ.)ને આપી હતી, તેઓ બધા ઉપર સલામ થાય.

## પચ્ચીસમી રાતની નમાઝ

પચ્ચીસમી રાત્રે આઠ રકઆત નમાઝ છે, દરેક રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી દસ વખત સૂરએ તૌહીદ પઢે.

## પચ્ચીસમાં દિવસની મુખ્તસર દુઆ

પચ્ચીસમી તારીખે નીચેની દુઆ પઢે તો તેને અલ્લાહ જન્નતમાં  એકસો મકાન અતા કરે કે તે દરેક મકાનમાં ખયમો હોય.

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ اجْعَلْنِيْ فِيْهِ

مُحِبًّا لِاَوْلِيَائِكَ ، وَمُعَادِيًا لِاَعْدَائِكَ ، مُسْتَنًّا
بِسُنَّةِ خَاتَمِ اَنْبِيَائِكَ ، يَا عَاصِمَ قُلُوبِ النَّبِيِّيْنَ

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ, મને આ મહીનામાં તારા વલીઓ સાથે મુહબ્બત કરવાવાળો બનાવ, અને તારા દુશ્મનો સાથે દુશ્મની કરવાવાળો બનાવ, અને મને તારા છેલ્લા નબી (સ.અ.વ.)ની સીરત પ્રમાણે અમલ કરવાની તૌફીક અતા કર, અય નબીઓના દિલોની હિફાઝત કરવાવાળા.

## છવ્વીસમી રાતની મુખ્તસર દુઆ

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ اِنَّكَ عَيَّرْتَ
اَقْوَامًا عَلٰى لِسَانِ نَبِيِّكَ صَلَّى اللهُ عَلَيْهِ وَاٰلِهٖ ، فَقُلْتَ
قُلِ ادْعُوا الَّذِيْنَ زَعَمْتُمْ مِنْ دُوْنِهٖ فَلَا يَمْلِكُوْنَ
كَشْفَ الضُّرِّ عَنْكُمْ وَلَا تَحْوِيْلًا ، فَيَا مَنْ لَا يَمْلِكُ
كَشْفَ الضُّرِّ عَنَّا وَلَا تَحْوِيْلَهٗ غَيْرُهٗ ، صَلِّ عَلٰى
مُحَمَّدٍ وَّاٰلِ مُحَمَّدٍ وَّاكْشِفْ مَا بِيْ مِنْ ضُرٍّ وَّحَوِّلْهُ
عَنِّيْ وَانْقُلْنِيْ فِيْ هٰذَا الشَّهْرِ الْعَظِيْمِ مِنْ ذُلِّ

الْمَعَاصِيْ إِلَىٰ عِزِّ طَاعَتِكَ ، يَا أَرْحَمَ الرَّاحِمِيْنَ

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ ખરેખર તેં તારા નબી (સ.અ.વ.)ની ઝબાન થકી ઘણા બધા લોકોના સમૂહને મૂંગા કરી દીધા, જેવી રીતે તારો ઈરશાદ છે કે અય નબી તમે કહી દો કે એક અલ્લાહ સિવાય તમે લોકો જેઓને પણ મઅબૂદ માનો છો તેને પુકારો, તેઓ તમારી મુસીબતોને દૂર નથી કરી શકતા, અને તમારી હાલતને બદલી પણ નથી શકતા; તો અય તે ઝાત કે જેની સિવાય બીજું કોઈ અમારી મુસીબતોને દૂર નથી કરી શકતું અને અમારી હાલતને નથી બદલી શકતું, હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને હઝરત મોહમ્મદ (સ.અ.વ.)ની ઔલાદ ઉપર રહમત નાઝિલ કર, અને મારી મુસીબતોને દૂર કર અને મારી આ હાલતને બદલી દે, અને મને આ મહાન મહીનામાં ગુનાહોની ઝિલ્લતમાંથી બહાર કાઢીને ઇતાઅતની ઇઝ્ઝત અતા કર, અય રહેમ કરવાવાળાઓ માં સૌથી વધારે રહેમ કરનાર.

## છવ્વીસમી રાતના પઢવાની આખર દહાની મખ્સૂસ દુઆ

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، يَا جَاعِلَ اللَّيْلِ وَ

النَّهَارِ اٰيَتَيْنِ يَا مَنْ مَحَا اٰيَةَ اللَّيْلِ وَ جَعَلَ اٰيَةَ

النَّهَارِ مُبْصِرَةً لِتَبْتَغُوْا فَضْلًا مِنْهُ وَ رِضْوَانًا ، يَا

مُفَصِّلَ كُلِّ شَيْءٍ تَفْصِيْلًا ، يَا مَاجِدُ يَا وَهَّابُ ، يَا

اَللّٰهُ يَا جَوَادُ ، يَا اَللّٰهُ يَا اَللّٰهُ يَا اَللّٰهُ ، لَكَ الْاَسْمَاءُ

الْحُسْنٰى وَ الْاَمْثَالُ الْعُلْيَا وَ الْكِبْرِيَاءُ وَ الْاٰلَاءُ ،

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય દિવસ અને રાત્રીને પોતાની નિશાની બનાવનાર, અય રાત્રીની નિશાનીને મિટાવીને દિવસની નિશાનીને રોશન બનાવનાર જેથી લોકો તેના એહ્‌સાનને અને તેની ખુશનુદીને ચાહે, અય દરેક વસ્તુને ખુબજ સરસ રીતે અલગ અલગ રાખનાર, અય ખુબજ બુઝુર્ગીવાળા, અય ખુબજ અતા કરનાર, અય અલ્લાહ, અય સખી, અય અલ્લાહ, અય અલ્લાહ, અય અલ્લાહ, ફક્ત તારી માટેજ ખુબજ સારા નામો (અસ્માઉલ હુસ્ના) છે, અને સર્વોચ્ચ સિફતો અને મહાનતા અને એહ્‌સાનોનો માલિક ફક્ત તું જ છે.

اَسْأَلُكَ اَنْ تُصَلِّيَ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ وَّ اَنْ

تَجْعَلَ اسْمِيْ فِيْ هٰذِهِ اللَّيْلَةِ فِي السُّعَدَاءِ وَ رُوْحِيْ

مَعَ الشُّهَدَاءِ وَاِحسَانِيْ فِيْ عِلِّيِّيْنَ وَاِسَاءَتِيْ مَغْفُوْرَةً

وَاَنْ تَهَبَ لِيْ يَقِيْنًا تُبَاشِرُ بِهٖ قَلْبِيْ وَاِيْمَانًا يُذْهِبُ

الشَّكَّ عَنِّيْ وَتُرْضِيَنِيْ بِمَا قَسَمْتَ لِيْ وَاٰتِنَا فِيْ

الدُّنْيَا حَسَنَةً وَّفِي الْاٰخِرَةِ حَسَنَةً وَّقِنَا عَذَابَ النَّارِ

الْحَرِيْقِ وَارْزُقْنِيْ فِيْهَا ذِكْرَكَ وَشُكْرَكَ وَالرَّغْبَةَ

اِلَيْكَ وَالْاِنَابَةَ وَالتَّوْبَةَ وَالتَّوْفِيْقَ لِمَا وَفَّقْتَ لَهٗ

مُحَمَّدًا وَّاٰلَ مُحَمَّدٍ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَعَلَيْهِمْ

હું તારી પાસે માંગું છું કે હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની ઔલાદ ઉપર રહમત નાઝિલ કર, અને મારા નામને આજની રાત્રે નેક લોકોની યાદીમાં દાખલ કર, અને મારી રૂહને શહીદોની સાથે શુમાર કર, અને મારી નેકીઓને ઉચ્ચ દરજ્જાઓમાં પહોંચાડ, અને મારી બુરાઈઓને માફ કરી દે, અને મને એવું યકીન અતા કર કે જે મારા દિલમાં જોડાય જાય, અને મને એવું ઈમાન અતા કર કે જે શકને મારાથી દૂર કરે, અને મારા માટે તેં જે રોઝી નક્કી કરી છે તેની ઉપર મને રાઝી રાખ, અને અમોને દુનિયાની નેકી તેમજ આખેરતની નેકી અતા કર, અને અમોને જહન્નમની આગથી

આઝાદ કર, અને આ રાત્રે મારા રીઝ્કમાં તારી યાદ, તારો શુક્ર અને તારી તરફ લગાવ અને તૌબા અતા કર, અને તે તમામ કાર્યોની તૌફીક અતા કર કે જેની તૌફીક તેં હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની ઔલાદ (અ.મુ.)ને આપી હતી, તેઓ બધા ઉપર તારી રહમત નાઝિલ થાય.

## છવ્વીસમી રાતની નમાઝ

છવ્વીસમી રાત્રે આઠ રકઆત નમાઝ છે, દરેક રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી સો વખત સૂરએ તૌહીદ પઢે.

## છવ્વીસમાં દિવસની મુખ્તસર દુઆ

છવીસમી તારીખે નીચેની દુઆ પઢે તો અલ્લાહ તઆલા ફરમાવે છે કે બંદા ! તું ડર નહિ અને ગમગીન થા નહિ કેમ કે મેં તને આજે બક્ષી આપ્યો.

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ اجْعَلْ سَعْيِيْ فِيْهِ مَشْكُوْرًا وَّ ذَنْبِيْ فِيْهِ مَغْفُوْرًا وَّ عَمَلِيْ فِيْهِ مَقْبُوْلًا وَّ عَيْبِيْ فِيْهِ مَسْتُوْرًا ، يَا اَسْمَعَ السَّامِعِيْنَ

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ, આ મહીનામાં મારી કોશિશને કબૂલ થવાવાળી, અને આ મહીનામાં

મારા ગુનાહો માફ થનાર, અને આ મહીનામાં મારા અમલને કબૂલ થનાર, અને આ મહીનામાં મારી ખામીઓને છુપાવનાર બનાવ, અય સૌથી વધારે સાંભળનાર.

## સત્યાવીસમી માહે રમઝાન

હિજરી સન ૧૧૧૦માં અલ્લામા મોહમ્મદ બાકિર મજલિસી (ર.અ.)ની વફાતનો દિવસ છે.

## સત્યાવીસમી રાતની મુખ્તસર દુઆ

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ اِنِّيْٓ اَسْاَلُكَ وَ

اُقْسِمُ عَلَيْكَ بِكُلِّ اسْمٍ هُوَ لَكَ سَمَّاكَ بِهٖٓ اَحَدٌ مِّنْ

خَلْقِكَ اَوِ اسْتَاْثَرْتَ بِهٖ فِيْ عِلْمِ الْغَيْبِ عِنْدَكَ، وَ

اَسْاَلُكَ بِاسْمِكَ الْاَعْظَمِ الَّذِيْ حَقٌّ عَلَيْكَ اَنْ

تُجِيْبَ مَنْ دَعَاكَ بِهٖ، اَنْ تُصَلِّيَ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِ

مُحَمَّدٍ، وَتُسْعِدَنِيْ فِيْ هٰذِهِ اللَّيْلَةِ، سَعَادَةً لَا اَشْقٰى

بَعْدَهَا اَبَدًا، يَا اَرْحَمَ الرَّاحِمِيْنَ

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ , ખરેખર હું

તારી પાસે સવાલ કરૂં છું, અને તને તારા તે દરેક નામોની કસમ આપું છું કે જે ફક્ત તારા જ છે, ભલે પછી આ નામો થકી કોઈએ તને પુકાર્યો હોય અથવા તેં પોતાના ઈલ્મે ગય્બમાં મખ્સૂસ બનાવીને રાખ્યા હોય, અને તને તારા આ મહાન નામ (ઇસ્મે આઝમ) થકી સવાલ કરૂં છું કે જેનું મહત્વ તારી પાસે ખુબજ વધારે છે કે અગર તે નામ થકી દુઆ કરવામાં આવે તો તું તે દુઆઓને કબૂલ કરે છે; તું હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને હઝરત મોહમ્મદ (સ.અ.વ.)ની ઔલાદ ઉપર રહમત નાઝિલ કર, અને મને આ રાત્રીમાં ખુશબખ્ત બનાવ, એવો ખુશબખ્ત બનાવ કે તેની પછી ક્યારેય પણ બદબખ્ત ન બનું, અય રહેમ કરવાવાળાઓ માં સૌથી વધારે રહેમ કરનાર.

## સત્યાવીસમી રાતના પઢવાની આખર દહાની મખ્સૂસ દુઆ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، يَا مَادَّ الظِّلِّ وَلَوْ شِئْتَ لَجَعَلْتَهٗ سَاكِنًا ، وَجَعَلْتَ الشَّمْسَ عَلَيْهِ دَلِيْلًا ثُمَّ قَبَضْتَهٗ قَبْضًا يَسِيْرًا ، يَا ذَا الْجُوْدِ وَالطَّوْلِ وَالْكِبْرِيَاءِ وَالْاٰلَاءِ ، لَا اِلٰهَ اِلَّا اَنْتَ عَالِمُ

الْغَيْبِ وَالشَّهَادَةِ الرَّحْمٰنُ الرَّحِيْمُ ، لَا اِلٰهَ اِلَّا اَنْتَ

، يَا قُدُّوْسُ يَا سَلامُ ، يَا مُؤْمِنُ يَا مُهَيْمِنُ ، يَا

عَزِيْزُ يَا جَبَّارُ ، يَا مُتَكَبِّرُ يَا اَللّٰهُ ، يَا خَالِقُ يَا بَارِئُ

يَا مُصَوِّرُ ، يَا اَللّٰهُ يَا اَللّٰهُ يَا اَللّٰهُ ، لَكَ الْاَسْمَاءُ

الْحُسْنٰى وَالْاَمْثَالُ الْعُلْيَا وَالْكِبْرِيَاءُ وَالْاٰلَاءُ ،

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય પરછાયાને ફેલાવનાર, અને અગર તું ચાહતે તો તેને સ્થિર બનાવી દેતે, અને અય સુરજને તેની દલીલ બનાવનાર, અને પછી આસાનીથી તેને ભેગો કરનાર; અય સખાવત, બેનીયાઝી, બુઝુર્ગી અને નેઅમતોના માલિક, તારા સિવાય બીજો કોઈ મઅબૂદ નથી, તું ગાયેબ અને હાજર વસ્તુઓને જાણનાર છે, ખૂબજ મહેરબાન અને બહુજ દયાળુ છે; તારા સિવાય બીજો કોઈ મઅબૂદ નથી, અય પાકીઝા સિફતોવાળા, અય સલામતી આપનાર, અય અમાન અતા કરનાર, અય હિફાઝત કરનાર, અય કુદરતવાળા, અય શક્તિશાળી, અય બુઝુર્ગીવાળા, અય અલ્લાહ, અય પૈદા કરનાર, અય વજૂદમાં લાવનાર, અય ખુબજ સરસ ઘડનાર, અય અલ્લાહ, અય અલ્લાહ, અય અલ્લાહ, ફક્ત તારી

માટેજ ખુબજ સારા નામો (અસ્માઉલ હુસ્ના) છે, અને સર્વોચ્ચ સિફતો અને મહાનતા અને એહ્‌સાનોનો માલિક ફક્ત તું જ છે.

اَسْاَلُكَ اَنْ تُصَلِّيَ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ وَّ اَنْ تَجْعَلَ اسْمِيْ فِيْ هٰذِهِ اللَّيْلَةِ فِي السُّعَدَاءِ وَ رُوْحِيْ مَعَ الشُّهَدَاءِ وَ اِحْسَانِيْ فِيْ عِلِّيِّيْنَ وَ اِسَاءَتِيْ مَغْفُوْرَةً وَ اَنْ تَهَبَ لِيْ يَقِيْنًا تُبَاشِرُ بِهٖ قَلْبِيْ وَ اِيْمَانًا يُذْهِبُ الشَّكَّ عَنِّيْ وَ تُرْضِيَنِيْ بِمَا قَسَمْتَ لِيْ وَ اٰتِنَا فِي الدُّنْيَا حَسَنَةً وَّ فِي الْاٰخِرَةِ حَسَنَةً وَّ قِنَا عَذَابَ النَّارِ الْحَرِيْقِ ، وَ ارْزُقْنِيْ فِيْهَا ذِكْرَكَ وَ شُكْرَكَ وَ الرَّغْبَةَ اِلَيْكَ وَ الْاِنَابَةَ وَ التَّوْبَةَ وَ التَّوْفِيْقَ لِمَا وَفَّقْتَ لَهٗ مُحَمَّدًا وَّ اٰلَ مُحَمَّدٍ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَ عَلَيْهِمْ

હું તારી પાસે માંગું છું કે હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની ઔલાદ ઉપર રહમત નાઝિલ કર, અને મારા નામને આજની રાત્રે નેક લોકોની યાદીમાં દાખલ કર, અને મારી રૂહને શહીદોની સાથે શુમાર કર, અને મારી નેકીઓને

ઉચ્ચ દરજ્જાઓમાં પહોંચાડ, અને મારી બુરાઈઓને માફ કરી દે, અને મને એવું યકીન અતા કર કે જે મારા દિલમાં જોડાય જાય, અને મને એવું ઈમાન અતા કર કે જે શકને મારાથી દૂર કરે, અને મારા માટે તેં જે રોઝી નક્કી કરી છે તેની ઉપર મને રાઝી રાખ, અને અમોને દુનિયાની નેકી તેમજ આખેરતની નેકી અતા કર, અને અમોને જહન્નમની આગથી આઝાદ કર, અને આ રાત્રે મારા રીઝ્કમાં તારી યાદ, તારો શુક્ર અને તારી તરફ લગાવ અને તૌબા અતા કર, અને તે તમામ કાર્યોની તૌફીક અતા કર કે જેની તૌફીક તેં હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની ઔલાદ (અ.મુ.)ને આપી હતી, તેઓ બધા ઉપર તારી રહમત નાઝિલ થાય.

## સત્યાવીસમી રાતની નમાઝ

સત્યાવીસમી રાત્રે ચાર રકઆત નમાઝ છે, દરેક રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી એક વખત સૂરએ મુલ્ક (તબારકલ્લઝી બેયદેહીલ મુલ્ક) પઢે અગર ન પઢી શકે તો ૨૫ વખત સૂરએ તૌહીદ પઢે તો તેનો સવાબ એ છે કે તેના માં-બાપને અલ્લાહ બક્ષિ આપે.

## સત્યાવીસમાં દિવસની મુખ્તસર દુઆ

સત્યાવીસમી તારીખે નીચેની દુઆ પઢે તો એવું છે કે જાણે તેને દરેક ભૂખ્યાને ખાણું ખવરાવ્યું દરેક પ્યાસાને

પાણી પીવરાવ્યું અને દરેક મોઅમિન અને મોઅમેનાતની તઅઝીમ કરી.

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ ارْزُقْنِيْ فِيْهِ
فَضْلَ لَيْلَةِ الْقَدْرِ وَ صَيِّرْ اُمُوْرِيْ فِيْهِ مِنَ الْعُسْرِ اِلَى
الْيُسْرِ وَ اقْبَلْ مَعَاذِيْرِيْ ، وَ حُطَّ عَنِّيَ الذَّنْبَ وَ
الْوِزْرَ ، يَا رَءُوْفًا بِعِبَادِهِ الصَّالِحِيْنَ

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ, આ મહીનામાં મને શબે કદ્રની ફઝીલત અતા કર, અને આ મહીનામાં મારા અઘરા કાર્યોને આસાન કરી દે, અને મારી માફીને કબૂલ કર અને મારા ગુનાહો અને મારા ભારે વજનને મારી ઉપરથી ઉતારી દે, અય પોતાના નેક બંદાઓ ઉપર ખુબજ મહેરબાની કરનાર.

## અઠ્યાવીસમી રાતની મુખ્તસર દુઆ

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ اَنْ
تُصَلِّيَ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ وَّ اَنْ تَهَبَ لِيْ قَلْبًا
خَاشِعًا ، وَلِسَانًا صَادِقًا ، وَ جَسَدًا صَابِرًا ، وَ تَجْعَلَ

ثَوابَ ذٰلِكَ الْجَنَّةَ، يَا اَرْحَمَ الرَّاحِمِيْن

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. હું તારી પાસે સવાલ કરૂં છું કે તું હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને હઝરત મોહમ્મદ (સ.અ.વ.)ની ઔલાદ ઉપર રહમત નાઝિલ કર, અને મને નરમ દિલ અતા કર, અને સાચી ઝબાન અને સબ્ર કરવાવાળું શરીર અતા કર, અને મને તેના સવાબમાં જન્નત અતા કર, અય રહેમ કરવા વાળાઓમાં સૌથી વધારે રહેમ કરનાર.

## અઠ્યાવીસમી રાતના પઢવાની આખર દહાની મખ્સૂસ દુઆ

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، يَا خَازِنَ اللَّيْلِ فِي الْهَوَاءِ وَ خَازِنَ النُّوْرِ فِي السَّمَاءِ وَ مَانِعَ السَّمَاءِ اَنْ تَقَعَ عَلَى الْاَرْضِ اِلَّا بِاِذْنِهٖ وَ حَابِسَهُمَا اَنْ تَزُوْلَا ، يَا عَلِيْمُ يَا عَظِيْمُ ، يَا غَفُوْرُ يَا دَائِمُ ، يَا اَللّٰهُ يَا وَارِثُ ، يَا بَاعِثَ مَنْ فِي الْقُبُوْرِ ، يَا اَللّٰهُ يَا اَللّٰهُ يَا اَللّٰهُ ، لَكَ الْاَسْمَاءُ الْحُسْنٰى وَ الْاَمْثَالُ الْعُلْيَا وَ الْكِبْرِيَاءُ وَ

الْاٰلَاءُ ،

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય રાત્રીને હવામાં સંગ્રહ કરનાર, અને નૂરને આસમાનમાં સંગ્રહ કરનાર, અય આસમાનને ઝમીન ઉપર પોતાની રજા વગર નીચે પડવાથી રોકી રાખનાર, અને તે બન્નેને પોતાની કુદરતથી મહફૂઝ રાખનાર; અય દરેક વસ્તુના જાણનાર, અય ખુબજ મહાન, અય ખુબજ માફ કરનાર, અય હંમેશાવાળા, અય અલ્લાહ, અય કાએનાતના વારિસ, અય મુર્દાઓને કબરોમાંથી બહાર કાઢનાર; અય અલ્લાહ, અય અલ્લાહ, અય અલ્લાહ, ફક્ત તારી માટેજ ખુબજ સારા નામો (અસ્માઉલ હુસ્ના) છે, અને સર્વોચ્ચ સિફતો અને મહાનતા અને એહ્સાનોનો માલિક ફક્ત તું જ છે.

اَسْاَلُكَ اَنْ تُصَلِّيَ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ وَّ اَنْ

تَجْعَلَ اسْمِيْ فِيْ هٰذِهِ اللَّيْلَةِ فِي السُّعَدَاءِ وَ رُوْحِيْ

مَعَ الشُّهَدَاءِ وَ اِحْسَانِيْ فِيْ عِلِّيِّيْنَ وَ اِسَاءَتِيْ مَغْفُوْرَةً

وَ اَنْ تَهَبَ لِيْ يَقِيْنًا تُبَاشِرُ بِهٖ قَلْبِيْ وَ اِيْمَانًا يُذْهِبُ

الشَّكَّ عَنِّيْ وَ تُرْضِيَنِيْ بِمَا قَسَمْتَ لِيْ وَ اٰتِنَا فِيْ

الدُّنْيَا حَسَنَةً وَّ فِي الْاٰخِرَةِ حَسَنَةً وَّ قِنَا عَذَابَ النَّارِ
الْحَرِيْقِ وَ ارْزُقْنِي فِيْهَا ذِكْرَكَ وَ شُكْرَكَ وَ الرَّغْبَةَ
اِلَيْكَ وَ الْاِنَابَةَ وَ التَّوْبَةَ وَ التَّوْفِيْقَ لِمَا وَفَّقْتَ لَهٗ
مُحَمَّدًا وَّ اٰلَ مُحَمَّدٍ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَ عَلَيْهِمْ

હું તારી પાસે માંગું છું કે હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની ઔલાદ ઉપર રહમત નાઝિલ કર, અને મારા નામને આજની રાત્રે નેક લોકોની યાદીમાં દાખલ કર, અને મારી રૂહને શહીદોની સાથે શુમાર કર, અને મારી નેકીઓને ઉચ્ચ દરજ્જાઓમાં પહોંચાડ, અને મારી બુરાઈઓને માફ કરી દે, અને મને એવું યકીન અતા કર કે જે મારા દિલમાં જોડાય જાય, અને મને એવું ઈમાન અતા કર કે જે શકને મારાથી દૂર કરે, અને મારા માટે તેં જે રોઝી નક્કી કરી છે તેની ઉપર મને રાઝી રાખ, અને અમોને દુનિયાની નેકી તેમજ આખેરતની નેકી અતા કર, અને અમોને જહન્નમની આગથી આઝાદ કર, અને આ રાત્રે મારા રીઝ્કમાં તારી યાદ, તારો શુક્ર અને તારી તરફ લગાવ અને તૌબા અતા કર, અને તે તમામ કાર્યોની તૌફીક અતા કર કે જેની તૌફીક તેં હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની ઔલાદ (અ.મુ.)ને આપી હતી, તેઓ બધા

ઉપર અલ્લાહની રહમત નાઝિલ થાય.

## અઠયાવીસમી રાતની નમાઝ

અઠયાવીસમી રાત્રે છ રકઆત નમાઝ છે, અને દરેક રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી દસ વખત આ યતલ કુર્સી, દસ વખત સૂરએ કૌસર , દસ વખત સૂરએ તૌહીદ અને નમાઝ પછી સો વખત સલવાત પઢે તો તેના બદલામાં અલ્લાહ તઆલા તેને બક્ષી આપે.

## અઠ્યાવીસમાં દિવસની મુખ્તસર દુઆ

અઠ્યાવીસમી તારીખે નીચેની દુઆ પઢે તો અલ્લાહ તઆલા જન્નતમાં પુષ્કળ ભાગ અને હિસ્સો અતા ફરમાવે કે અગર તેનો દાખલો આપે તો ચાલીસ હજાર દુનિયાની બરાબર થાય.

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ وَفِّرْ حَظِّيْ فِيْهِ مِنَ النَّوَافِلِ ، وَاَكْرِمْنِيْ فِيْهِ بِاِحْضَارِ الْمَسَائِلِ ، وَ قَرِّبْ فِيْهِ وَسِيْلَتِيْ اِلَيْكَ مِنْ بَيْنِ الْوَسَائِلِ ، يَا مَنْ لَا يَشْغَلُهٗ اِلْحَاحُ الْمُلِحِّيْنَ

(શરૂ કરું છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ, આ મહીનાના મુસ્તહબ કાર્યોને હું વધારે બજાવી લાવું, અને આ

મહીનામાં મારી હાજતોને પૂરી કરી મને ઇઝ્ઝત અતા કર; અને આ મહીનામાં તમામ રસ્તાઓમાંથી, તારી તરફ પહોચવાના મારા રસ્તાને મારીથી વધારે નજિક કર; અય ખુબજ આગ્રહ કરનાર લોકોનો આગ્રહ જેને મશગૂલ નથી કરતો.

## ઓગણત્રીસમી રાતની મુખ્તસર દુઆ

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، تَوَكَّلْتُ عَلَى السَّيِّدِ الَّذِيْ لَا يَغْلِبُهٗ اَحَدٌ، تَوَكَّلْتُ عَلَى الْجَبَّارِ الَّذِيْ لَا يَقْهَرُهٗ اَحَدٌ، تَوَكَّلْتُ عَلَى الْعَزِيْزِ الرَّحِيْمِ الَّذِيْ يَرَانِيْ حِيْنَ اَقُوْمُ وَتَقَلُّبِيْ فِي السَّاجِدِيْنَ، تَوَكَّلْتُ عَلَى الْحَيِّ الَّذِيْ لَا يَمُوْتُ، تَوَكَّلْتُ عَلٰى مَنْ بِيَدِهٖ نَوَاصِي الْعِبَادِ. تَوَكَّلْتُ عَلَى الْحَلِيْمِ الَّذِيْ لَا يَعْجَلُ، تَوَكَّلْتُ عَلَى الْعَدْلِ الّذِيْ لَا يَجُوْرُ، تَوَكَّلْتُ عَلَى الصَّمَدِ الَّذِيْ لَمْ يَلِدْ وَلَمْ يُوْلَدْ وَلَمْ يَكُنْ لَهٗ كُفُوًا اَحَدٌ، تَوَكَّلْتُ عَلَى الْقَادِرِ الْقَاهِرِ الْعَلِيِّ الصَّمَدِ،

تَوَكَّلْتُ تَوَكَّلْتُ، تَوَكَّلْتُ تَوَكَّلْتُ، تَوَكَّلْتُ تَوَكَّلْتُ

تَوَكَّلْتُ.

(શરૂં કરું છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. મેં એવા સરદાર ઉપર ભરોસો કર્યો કે જેની ઉપર કોઈ કુદરત નથી રાખતું; મેં એવા શક્તિશાળી ઉપર ભરોસો કર્યો છે કે જેની ઉપર બીજો કોઈ શક્તિશાળી નથી; મેં એવા કુદરતવાળા અને ખુબજ દયાળુ ઉપર ભરોસો કર્યો છે કે જયારે હું કેયામ કરું છું અને સજદાઓ કરું છું તો તે મારી ઇબાદતોને જુવે છે; મેં એવા હંમેશા જીવતા રહેવાવાળા ઉપર ભરોસો કર્યો છે કે જેને કદી મૌત નથી; મેં તેની ઉપર ભરોસો કર્યો છે કે જેના અંકુશમાં તમામ બંદાઓ છે; મેં એવા સહનશીલ ઉપર ભરોસો કર્યો છે કે જે ઉતાવળ કરતો નથી; મેં એવા ન્યાયી ઉપર ભરોસો કર્યો છે કે જે કદી પણ ઝુલ્મ નથી કરતો; મેં એવા બેનિયાઝ ઉપર ભરોસો કર્યો છે કે જેને કોઈ ઔલાદ નથી અને તે કોઈની ઔલાદ નથી અને તેની જેવુ બીજું કોઈ નથી, મેં કુદરતવાળા, શક્તિશાળી, સર્વોચ્ચ બેનીયાઝ ઉપર ભરોસો કર્યો છે; મેં ભરોસો કર્યો, મેં ભરોસો કર્યો, મેં ભરોસો કર્યો, મેં ભરોસો કર્યો, મેં ભરોસો કર્યો, મેં ભરોસો કર્યો, મેં ભરોસો કર્યો.

## ઓગણત્રીસમી રાતની નમાઝ

ઓગણત્રીસમી રાત્રે બે રકઆત નમાઝ છે, દરેક રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી વીસ વખત સૂરએ તૌહીદ પઢે તો તેની ગણતરી રેહમત થયેલા લોકોમાં થશે અને ઈલ્લીયીનમાં તેના આમાલ બુલંદ થાય.

## ઓગણત્રીસમી રાતના પઢવાની આખર દહાની મખ્સૂસ દુઆ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، يَا مُكَوِّرَ اللَّيْلِ عَلَى النَّهَارِ وَ مُكَوِّرَ النَّهَارِ عَلَى اللَّيْلِ ، يَا عَلِيْمُ يَا حَكِيْمُ ، يَا رَبَّ الْاَرْبَابِ وَ سَيِّدَ السَّادَاتِ ، لَا اِلٰهَ اِلَّا اَنْتَ ، يَا اَقْرَبَ اِلَيَّ مِنْ حَبْلِ الْوَرِيْدِ ، يَا اَللّٰهُ يَا اَللّٰهُ يَا اَللّٰهُ ، لَكَ الْاَسْمَاءُ الْحُسْنٰى وَ الْاَمْثَالُ الْعُلْيَا وَ الْكِبْرِيَاءُ وَ الْاٰلَاءُ ،

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય રાત્રીને દિવસમાં દાખલ કરનાર અને દિવસને રાત્રિમાં દાખલ કરનાર, અય દરેક વસ્તુના જાણનાર, અય હિકમત વાળા, અય તમામ પાળવા વાળાઓના પાલનહાર અને તમામ

સરદારોના સરદાર, તારા સિવાય બીજો કોઈ મઅબૂદ નથી, અય મારી  ધોરી નસથી પણ વધારે નજિક, અય અલ્લાહ, અય અલ્લાહ, અય અલ્લાહ, ફક્ત તારી માટેજ ખુબજ સારા નામો (અસ્માઉલ હુસ્ના) છે, અને સર્વોચ્ચ સિફતો અને મહાનતા અને એહ્સાનોનો માલિક ફક્ત તું જ છે.

اَسْاَلُكَ اَنْ تُصَلِّيَ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ وَّ اَنْ
تَجْعَلَ اسْمِيْ فِيْ هٰذِهِ اللَّيْلَةِ فِي السُّعَدَاءِ وَ رُوْحِيْ
مَعَ الشُّهَدَاءِ وَ اِحْسَانِيْ فِيْ عِلِّيِّيْنَ وَ اِسَاءَتِيْ مَغْفُوْرَةً
وَ اَنْ تَهَبَ لِيْ يَقِيْنًا تُبَاشِرُ بِهٖ قَلْبِيْ وَ اِيْمَانًا يُذْهِبُ
الشَّكَّ عَنِّيْ وَ تُرْضِيَنِيْ بِمَا قَسَمْتَ لِيْ وَ اٰتِنَا فِي
الدُّنْيَا حَسَنَةً وَّ فِي الْاٰخِرَةِ حَسَنَةً وَّ قِنَا عَذَابَ النَّارِ
الْحَرِيْقِ وَ ارْزُقْنِيْ فِيْهَا ذِكْرَكَ وَ شُكْرَكَ وَ الرَّغْبَةَ
اِلَيْكَ  وَ الْاِنَابَةَ وَ التَّوْبَةَ وَ التَّوْفِيْقَ لِمَا وَفَّقْتَ لَهٗ
مُحَمَّدًا وَّ اٰلَ مُحَمَّدٍ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَ عَلَيْهِمْ

હું તારી પાસે માંગું છું કે હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની ઔલાદ ઉપર રહમત

નાઝિલ કર, અને મારા નામને આજની રાત્રે નેક લોકોની યાદીમાં દાખલ કર, અને મારી રૂહને શહીદોની સાથે શુમાર કર, અને મારી નેકીઓને ઉચ્ચ દરજ્જાઓમાં પહોંચાડ, અને મારી બુરાઈઓને માફ કરી દે, અને મને એવું યકીન અતા કર કે જે મારા દિલમાં જોડાય જાય, અને મને એવું ઈમાન અતા કર કે જે શકને મારાથી દૂર કરે, અને મારા માટે તેં જે રોઝી નક્કી કરી છે તેની ઉપર મને રાઝી રાખ, અને અમોને દુનિયાની નેકી તેમજ આખેરતની નેકી અતા કર, અને અમોને જહન્નમની આગથી આઝાદ કર, અને આ રાત્રે મારા રીઝ્કમાં તારી યાદ, તારો શુક્ર અને તારી તરફ લગાવ અને તૌબા અતા કર, અને તે તમામ કાર્યોની તૌફીક અતા કર કે જેની તૌફીક તેં હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની ઔલાદ (અ.મુ.)ને આપી હતી, તેઓ બધા ઉપર અલ્લાહની રહમત નાઝિલ થાય.

## છેલ્લી રાતના આમાલ

### ગુસ્લ કરવું :

માહે રમઝાનની છેલ્લી રાત્રે ગુસ્લ કરવું જોઈએ.

## ઈમામ હુસૈન (અ.)ની ઝિયારત

છેલ્લી રાત્રે ઈમામ હુસૈન (અ.) ની ઝિયારત કરવી, આપ (અ.) ની ઝિયારતનો ઝિક્ર પેજ નંબર 939 ઉપર

થયેલ છે

## છેલ્લી શબની દુઆ : યા મોદબ્બેરલ ઓમૂર

છેલ્લી રાત્રે આ દુઆ પઢે, દરેક હાલતમાં પઢે; સજદામાં હોય કે રૂકૂઅમાં, બેઠા હોય કે ઉભા હોય, આ દુઆને વારંવાર પઢે. આ દુઆને પઢતી વખતે શરૂઆતથી અંત સુધી, પોતાના હાથોને આસમાન તરફ ઊંચા કરે.

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، يَا مُدَبِّرَ الْاُمُوْرِ ، يَا بَاعِثَ مَنْ فِي الْقُبُوْرِ ، يَا مُجْرِيَ الْبُحُوْرِ ، يَا مُلَيِّنَ الْحَدِيْدِ لِدَاوُدَ عَلَيْهِ السَّلَامُ ، صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ وَّ افْعَلْ بِيْ ، اَللَّيْلَةَ اَللَّيْلَةَ

અહી પોતાની હાજતો માંગે

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય દરેક કાર્યોની ગોઠવણ અને વ્યવસ્થા કરનાર, અય કબરવાળાઓને ફરી વખત જીવતો કરનાર, અય દરિયાઓને જારી કરનાર, અય હઝરતે દાઊદ (અ.) માટે લોઢાને નરમ કરનાર, તું હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને

હઝરત મોહમ્મદ (સ.અ.વ.)ની ઓલાદ ઉપર રહમત નાઝિલ કર અને આજે રાત્રે જ, આજે રાત્રે જ, મારી આ બધી હાજતોને પૂરી કર (અહીપોતાની હાજતો માંગે)

## કુરઆનની તિલાવત :

છેલ્લી રાત્રે સૂરએ અન્આમ, સૂરએ કહફ અને સૂરએ યાસીનની તિલાવત કરે અને ૧૦૦ વખત કહે :

اَسْتَغْفِرُ اللّٰهَ وَ اَتُوْبُ اِلَيْهِ

હું અલ્લાહ પાસે માફી માંગું છું અને હું તૌબા કરૂં છું

## ઈમામ સાદિક (અ.) ની દુઆ :

માહે રમઝાનની છેલ્લી રાત્રે નીચેની દુઆ પઢે જેને ઈમામ સાદિક (અ.) થી રિવાયત કરવામાં આવેલ છે :

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ هٰذَا شَهْرُ رَمَضَانَ الَّذِيْ أَنْزَلْتَ فِيْهِ الْقُرْاٰنَ وَ قَدْ تَصَرَّمَ وَ أَعُوْذُ بِوَجْهِكَ الْكَرِيْمِ يَا رَبِّ أَنْ يَطْلُعَ الْفَجْرُ مِنْ لَيْلَتِيْ هٰذِهٖ أَوْ يَتَصَرَّمَ شَهْرُ رَمَضَانَ وَ لَكَ قِبَلِيْ تَبِعَةٌ أَوْ ذَنْبٌ تُرِيْدُ أَنْ تُعَذِّبَنِيْ بِهٖ يَوْمَ أَلْقَاكَ

શરૂ કરૂં છું અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન

અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ, આ માહે રમઝાન છે કે જેમાં તે કુરઆનને નાઝિલ કર્યુ છે અને હવે તે મહિનો ખત્મ થઇ રહ્યો છે; અને હું તારી પાક ઝાત પાસે પનાહ માંગું છું, અય મારા પરવરદિગાર, ક્યાંક એવું ન બને કે આ રાત પસાર થઇ સવાર પડી જાય અને અથવા માહે રમઝાન ખત્મ થઇ જાય અને મારી ભુલો અથવા મારા ગુનાહો તારી પાસે બાકી રહી ગયા હોય કે જેના કારણે તું મને અઝાબ કરે !!

## ઈમામ સાદિક (અ.) ની બીજી દુઆ :

જે કોઈ માહે રમઝાનને વિદાય કરે અને છેલ્લી રાત્રે આ દુઆ પઢે તો દિવસ ઉગે તે પહેલા અલ્લાહ તઆલા તેને માફ કરી દેશે અને તેને તૌબા નસીબ કરશે :

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ لَا تَجْعَلْهُ اٰخِرَ الْعَهْدِ مِنْ صِيَامِيْ لِشَهْرِ رَمَضَانَ وَ أَعُوْذُ بِكَ أَنْ يَطْلُعَ فَجْرُ هٰذِهِ اللَّيْلَةِ اِلَّا وَ قَدْ غَفَرْتَ لِيْ

અય અલ્લાહ, આ મહિનાને મારી માટે રોઝા રાખવાનો છેલ્લો માહે રમઝાન નક્કી ન કરજે, અને હું તારી પાસે એ વાતની પનાહ માંગુ છું કે એવું ન બને કે આ રાત પસાર થઇ સવાર પડી જાય સિવાય તેની કે તે મને માફ કરી દીધો હોય !

## દસ રકઆત નમાઝ

માહે રમઝાનની છેલ્લી રાત્રે પઢવાની આ દસ રકઆત નમાઝ છે કે જેની વિશે રસૂલે ખુદા (સ.અ.વ.) થી રિવાયત છે કે છેલ્લી માહે રમઝાનની રાત્રે બે-બે રકઆત કરીને આ દસ રકઆત નમાઝ પઢે કે જેમાં દરેક રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી દસ વખત સૂરએ તૌહીદ (કુલ હોવલ્લાહો અહદ) પઢે, અને રુકૂઅ તેમજ બન્ને સજદાઓમાં તેના ઝિક્રની સાથે દસ-દસ વખત તસ્બીહાતે અરબા (સુબ્હાનલ્લાહે વલ્હમ્દોલિલ્લાહે વ લા એલાહ ઈલ્લલ્લાહો વલ્લાહો અક્બર) પઢે. દસ રકઆત નમાઝ પૂરી થયા પછી :

૧000 વખત ઇસ્તિગફાર પઢે :

اَسْتَغْفِرُ اللّٰهَ رَبِّيْ وَ اَتُوْبُ اِلَيْهِ

હું મારા પાલનહાર અલ્લાહ પાસે માફી માંગું છું અને હું તૌબા કરું છું

પછી સજદો કરે અને સજદામાં આ મુજબ પઢે :

يَا حَيُّ يَا قَيُّوْمُ يَا ذَا الْجَلَالِ وَالْاِكْرَامِ ، يَا رَحْمَانَ الدُّنْيَا وَالْاٰخِرَةِ وَرَحِيْمَهُمَا ، يَا أَرْحَمَ الرَّاحِمِيْنَ ،

يَا إِلٰهَ الْأَوَّلِيْنَ وَ الْاٰخِرِيْنَ ، اِغْفِرْ لَنَا ذُنُوْبَنَا وَ تَقَبَّلْ مِنَّا صَلَاتَنَا وَ صِيَامَنَا وَ قِيَامَنَا

અય હંમેશાથી જીવંત અને અય હંમેશા બાકી રેહનાર, અય બુઝુર્ગી અને ઇઝ્ઝતના માલિક, અય દુનિયા અને આખેરતમાં ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ, અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર, અય પહેલા ગુઝરી ચુકેલા તેમજ પછી આવનાર બધાના મઅબૂદ, અમારા ગુનાહોને માફ કરી દે, અને અમારી નમાઝો, અમારા રોઝાઓ તેમજ અમારી ઇબાદતોને કબૂલ કરી લે.

રસૂલે ખુદા (સ.અ.વ.) અલ્લાહની કસમ ખાઈને ફરમાવે છે કે ઉપરોક્ત મુજબ અમલ કરનાર સજદામાંથી માથું ઉંચું કરે તે પહેલા અલ્લાહ તેને માફ કરી દેશે, અને તેની માહે રમઝાનની ઇબાદતોને કબૂલ કરશે અને તેના ગુનાહોને દરગુઝર કરશે.

## દુઆ એ વિદાએ માહે રમઝાન

ઈમામ સજ્જાદ (અ.) જયારે માહે મુબારક રમઝાનને વિદાય કરતા તે સમયે ની દુઆ (સહીફએ સજ્જાદીય્યાહ-દુઆ નંબર ૪૫)

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ يَا مَنْ لَا

يَرْغَبُ فِي الْجَزَاءِ ، وَيَا مَنْ لَا يَنْدَمُ عَلَى الْعَطَاءِ ،

وَيَا مَنْ لَا يُكَافِئُ عَبْدَهُ عَلَى السَّوَاءِ ؛ مِنَّتُكَ ابْتِدَاءٌ

، وَعَفْوُكَ تَفَضُّلٌ ، وَعُقُوبَتُكَ عَدْلٌ ، وَقَضَاؤُكَ

خِيَرَةٌ ، اِنْ اَعْطَيْتَ لَمْ تَشُبْ عَطَاءَكَ بِمَنٍّ ، وَاِنْ

مَنَعْتَ لَمْ يَكُنْ مَنْعُكَ تَعَدِّيًا ؛ تَشْكُرُ مَنْ شَكَرَكَ

وَاَنْتَ اَلْهَمْتَهُ شُكْرَكَ ؛ وَتُكَافِئُ مَنْ حَمِدَكَ وَاَنْتَ

عَلَّمْتَهُ حَمْدَكَ ؛

અય અલ્લાહ ! અય તું , જે નેઅમતો અતા કરવા બદલ બદલો નથી ઈચ્છતો અને અતા કરીને પછી તું પસ્તાવો નથી કરતો. અય તું , જે તારા બંદાઓ પ્રત્યે ન્યાય બાબતમાં સખતી નથી કરતો તથા તારી ઉદારતા શરૂઆતથી જ છે , તારી મગફેરત ફઝલ (ઉદારતા) છે, તારી સજા ન્યાયપૂર્ણ છે અને તારો હુકમ સરળ (સહેલો અને ઉદાર) છે. જયારે તું અતા કરે છે તો તે નેઅમતોમાં ખામી નથી હોતી અને જયારે (કોઈ નેઅમતથી) તેં વંચિત રાખ્યા તો તે અન્યાયના કારણે નહિં. જે તારો શુક્ર અદા કરે છે તેને તું જઝા (ઇનામ) અતા કરે છે જો કે તેને શુક્ર અદા કરવાની પ્રેરણા તેં જ અર્પણ કરી છે અને જે

તારા વખાણ કરે છે તેને તું બદલો અતા કરે છે જયારે કે તેં જ તેને તારા વખાણ કરવાનું શીખવ્યું છે.

تَسْتُرُ عَلٰى مَنْ لَوْ شِئْتَ فَضَحْتَهٗ ، وَ تَجُوْدُ عَلٰى مَنْ لَوْ شِئْتَ مَنَعْتَهٗ ، وَ كِلَاهُمَا اَهْلٌ مِّنْكَ لِلْفَضِيْحَةِ وَ الْمَنْعِ غَيْرَ اَنَّكَ بَنَيْتَ اَفْعَالَكَ عَلَى التَّفَضُّلِ ، وَ اَجْرَيْتَ قُدْرَتَكَ عَلَى التَّجَاوُزِ ، وَ تَلَقَّيْتَ مَنْ عَصَاكَ بِالْحِلْمِ ، وَ اَمْهَلْتَ مَنْ قَصَدَ لِنَفْسِهٖ بِالظُّلْمِ ، تَسْتَنْظِرُهُمْ بِاَنَاتِكَ اِلَى الْاِنَابَةِ ، وَ تَتْرُكُ مُعَاجَلَتَهُمْ اِلَى التَّوْبَةِ لِكَيْلَا يَهْلِكَ عَلَيْكَ هَالِكُهُمْ ، وَ لَا يَشْقٰى بِنِعْمَتِكَ شَقِيُّهُمْ اِلَّا عَنْ طُوْلِ الْاِعْذَارِ اِلَيْهِ ، وَ بَعْدَ تَرَادُفِ الْحُجَّةِ عَلَيْهِ ، كَرَمًا مِنْ عَفْوِكَ يَا كَرِيْمُ ، وَ عَائِدَةً مِّنْ عَطْفِكَ يَا حَلِيْمُ ؛

તેના ઉપર પરદો ઢાંકે છે, જેને તું ઈચ્છે તો બદનામ કરી શકે; અને તેના ઉપર તું એહસાન કરે છે , જેને

તું ધારે તો મનાઈ ફરમાવી શકે છે ; જો કે આ બેઉ તારી બારગાહમાં તો બદનામી અને મનાઈને લાયક જ છે. પણ તારા નિર્ણય હંમેશા ભલાઈ (ફઝલ)ની જ દ્રષ્ટિએ હોય છે , તારી સત્તાનો ઉપયોગ મગફેરતની દિશામાં જ હોય છે અને તારી નાફરમાની કરનારા સાથે તું નરમીથી જ વર્તે છે. જે પોતાના નફસ ઉપર જુલમ આદરે છે તેને તું (સુધરવાની) મોહલત આપે છે , તારી સહનશીલતા થકી તું રાહ જુએ છે કે તેઓ રાહ ઉપર પાછા ફરે અને સજા આપવામાં જલદી કરવું તું ત્યજી દે છે કે તેઓ પસ્તાવો (તોબા) કરે કારણ કે જેઓ બરબાદ થવાને લાયક છે તેઓ તારી ઈચ્છા વિરૂધ્ધ બરબાદ ન થઇ જાય , તેઓમાંથી કોઈ કમનસીબ (એહ્સાનની) નેઅમત થકી લાંબી મોહલતથી વંચિત ન રહી જાય અને જેથી તેના માટે કોઈ હુજ્જત (દલીલ) બાકી ન રહે. વારંવાર ચેતવણી પછી પણ અય મહેરબાન અને કરીમ માલિક !

اَنْتَ الَّذِيْ فَتَحْتَ لِعِبَادِكَ بَابًا اِلٰى عَفْوِكَ ، وَ سَمَّيْتَهُ التَّوْبَةَ ، وَ جَعَلْتَ عَلٰى ذٰلِكَ الْبَابِ دَلِيْلًا مِنْ وَحْيِكَ لِئَلَّا يَضِلُّوْا عَنْهُ ، فَقُلْتَ تَبَارَكَ اسْمُكَ تُوْبُوْا اِلَى اللهِ تَوْبَةً نَصُوْحًا عَسٰى رَبُّكُمْ اَنْ يُكَفِّرَ

عَنۡكُمۡ سَيِّئَاتِكُمۡ وَ يُدۡخِلَكُمۡ جَنَّاتٍ تَجۡرِيۡ مِنۡ
تَحۡتِهَا الۡاَنۡهارُ ؛ يَوۡمَ لَا يُخۡزِيۡ اللّٰهُ النَّبِيَّ وَ الَّذِيۡنَ
اٰمَنُوۡا مَعَهٗ ، نُوۡرُهُمۡ يَسۡعٰى بَيۡنَ اَيۡدِيۡهِمۡ وَ
بِاَيۡمَانِهِمۡ ، يَقُوۡلُوۡنَ : رَبَّنَا اَتۡمِمۡ لَنَا نُوۡرَنَا ، وَاغۡفِرۡ
لَنَا ، اِنَّكَ عَلٰى كُلِّ شَيۡءٍ قَدِيۡرٌ ، فَمَا عُذۡرُ مَنۡ اَغۡفَلَ
دُخُوۡلَ ذٰلِكَ الۡمَنۡزِلِ بَعۡدَ فَتۡحِ الۡبَابِ وَاِقَامَةِ
الدَّلِيۡلِ!

તું જ છે જેણે તારી મગફેરતના એહસાન થકી અને તારી રહમતની ઉદારતા થકી તારા બંદાઓ માટે તારી મગફેરતના દ્વાર ઉઘાડા મૂકયા છે અને તેને તૌબાનું નામ આપ્યું છે. તારી વહીઓમાંથી એક વહી (આયત) તેં આ દ્વારની દિશામાં હિદાયત તરીકે નાઝિલ કરી છે જેથી તેઓ તેની રાહથી ભટકી ન જાય, અને તેં ઇરશાદ ફરમાવ્યો છે-તારૂં નામ બરકતો વાળું છે-: “અલ્લાહની બારગાહમાં તૌબા કરો જે અંત:કરણથી હોય ; થઇ શકે છે તમારો રબ તમારા કુકર્મો (બદઅમલોને) માફ કરે અને તમને જન્નતમાં દાખલ કરે જેના નીચે નદીઓ વહે છે ; એ દિવસે અલ્લાહ નબીને હઝરત મોહમ્મદ

(સ.અ.વ.)ને શરમિંદા નહિં કરે અને એ લોકોને પણ નહિં જેઓએ તેમની સાથે ઈમાન કબૂલ કર્યું હતું ; તેઓનું નૂર તેમની સામે અને જમણા હાથ તરફથી ચમકતું હશે; તેઓ કહેશે, અય અમારા રબ ! અમારા નૂરને સંપૂર્ણ ફરમાવ અને અમને મગફેરત અતા ફરમાવ; નિ:શંક, તું દરેક વસ્તુ ઉપર કુદરત ધરાવે છે." તેથી, તેના માટે શું દલીલ હોઈ શકે જે આ રહેઠાણમાં દાખલ થવાથી ગાફિલ રહ્યો જો કે તેના માટે દ્વાર ખુલ્લાં મૂકાયા હતાં અને ચોખ્ખી હિદાયત (દોરવણી) અપાઈ હતી ?

وَاَنْتَ الَّذِيْ زِدْتَ فِي السَّوْمِ عَلٰى نَفْسِكَ لِعِبَادِكَ ، تُرِيْدُ رِبْحَهُمْ فِيْ مُتَاجَرَتِهِمْ لَكَ ، وَفَوْزَهُمْ بِالْوِفَادَةِ عَلَيْكَ ، وَالزِّيَادَةِ مِنْكَ ، فَقُلْتَ تَبَارَكَ اسْمُكَ وَتَعَالَيْتَ : مَنْ جَاءَ بِالْحَسَنَةِ فَلَهٗ عَشْرُ اَمْثَالِهَا ، وَمَنْ جَاءَ بِالسَّيِّئَةِ فَلَا يُجْزٰى اِلَّا مِثْلَهَا ؛ وَقُلْتَ: مَثَلُ الَّذِيْنَ يُنْفِقُوْنَ اَمْوَالَهُمْ فِيْ سَبِيْلِ اللهِ كَمَثَلِ حَبَّةٍ اَنْبَتَتْ سَبْعَ سَنَابِلَ فِيْ كُلِّ سُنْبُلَةٍ مِائَةُ حَبَّةٍ ، وَاللهُ يُضَاعِفُ لِمَنْ يَشَاءُ ، وَقُلْتَ: مَنْ

ذَا الَّذِي يُقْرِضُ اللهَ قَرْضًا حَسَنًا فَيُضَاعِفَهُ لَهُ أَضْعَافًا كَثِيْرَةً. وَمَا اَنْزَلْتَ مِنْ نَظَائِرِهِنَّ فِي الْقُرْآنِ مِنْ تَضَاعِيفِ الْحَسَنَاتِ؛

અને તું જ છે જેણે તારી પોતાની વિરૂધ્ધ તારા બંદાઓનો લાભ વધારી દીધો છે અને ઈચ્છે છે કે તેઓ તારા સાથેની તેજારતમાં (બહોળો) નફો કરે , તારી બારગાહમાં સફળતા પામે અને તારી બારાગાહમાં પુષ્કળ (નફો) મેળવે , કારણ કે તેં ઈરશાદ ફરમાવ્યો છે-તારૂં નામ પાક , બરકતોવાળું અને સર્વોચ્ચ (આઅલા) છે- ”જે કોઈ સારા અમલો લઈ (તારી બારગાહમાં) હાજર થશે તેનો દસો ગણો વધારે બદલો મળશે અને જે કોઈ પણ ખરાબ કામો લઈ (તારી બારગાહમાં) હાજર થશે તેને એટલી જ સજા મળશે, તેના સિવાય (ઓછું-વધારે) બીજું કંઈ જ નહિં.” અને તેં ઈરશાદ ફરમાવ્યો છે , “જે લોકો પોતાનો માલ અલ્લાહની રાહમાં ખર્ચ કરે છે તેનું ઉદાહરણ એવું છે કે જાણે એક દાણો હોય જેમાંથી સાત ડાળખીઓ ઊગી નીકળે છે અને દરેક ડાળખીમાં સો દાણા હોય છે અને અલ્લાહ જેને ઈચ્છે છે વધારે અતા ફરમાવે છે. “ અને તેં ઇરશાદ ફરમાવ્યો છે , :કોણ છે જે અલ્લાહને કરજે હસના આપે જેથી (અલ્લાહ) તેને બમણું કરીને વારંવાર

પાછું વાળે." અને સારા (નેક) અમલોના પુષ્કળ બદલા (ઇનામ) સંબંધી આવી બીજી આયતો તેં કુરઆન-મજીદમાં નાઝિલ કરી છે.

وَ اَنْتَ الَّذِيْ دَلَلْتَهُمْ بِقَوْلِكَ مِنْ غَيْبِكَ وَ تَرْغِيْبِكَ
الَّذِيْ فِيْهِ حَظُّهُمْ عَلٰى مَا لَوْ سَتَرْتَهٗ عَنْهُمْ لَمْ
تُدْرِكْهُ اَبْصَارُهُمْ ، وَلَمْ تَعِهِ اَسْمَاعُهُمْ ، وَلَمْ
تَلْحَقْهُ اَوْهَامُهُمْ ، فَقُلْتَ: فَاذْكُرُوْنِيْٓ اَذْكُرْكُمْ ، وَ
اشْكُرُوْا لِيْ وَلَا تَكْفُرُوْنِ ، وَ قُلْتَ: لَئِنْ شَكَرْتُمْ
لَاَزِيْدَنَّكُمْ ، وَلَئِنْ كَفَرْتُمْ اِنَّ عَذَابِيْ لَشَدِيْدٌ ؛ وَ
قُلْتَ: ادْعُوْنِيْٓ اَسْتَجِبْ لَكُمْ ، اِنَّ الَّذِيْنَ
يَسْتَكْبِرُوْنَ عَنْ عِبَادَتِيْ سَيَدْخُلُوْنَ جَهَنَّمَ
دَاخِرِيْنَ ،

અને તું જ છે જેણે તારા ગેબી ઈલ્મના કહેણ થકી અને તારી અતા કરેલી પ્રેરણા થકી , જેમાં તારા બંદાઓની ભલાઈ સમાયેલી છે , તેઓની એ તરફ હિદાયત કરી જેને જો તેં એમનાથી છુપાવી હોત તો તેઓની આંખો તેમે શોધી ન શકતે, તેઓના કાનોએ

તે કયારે સાંભળી ન હોત અને તેમના વિચારો તેના સુધી પહોચી ન શકયા હોત. તેથી , તેં ઈરશાદ ફરમાવ્યો છે, “મને યાદ કરો, હુ તમને યાદ કરીશ અને મારો શુક્ર અદા કરો તથા કુફ્ર (નાશુકી) ન કરો, અને તેં ઉમેર્યું છે, “જો તમે શુક્ર કરશો તો હું તમને વધારેને વધારે અતા ફરમાવીશ , પણ જો તમે કુફ્ર (નાશુકી) કરશો તો , નિ:શંક, મારી સજા બહુ જ સખત છે.” અને વધુમાં તેં ઉમેર્યું છે , “મને પોકારો (મારી બારગાહમાં દુઆ કરો) હું તમારી દુઆઓનો જવાબ આપીશ, પણ જેઓ મારી ઈબાદત વિરૂધ્ધ અભિમાની બને છે તેઓ અપમાનિત થઇ જહન્નમમાં દાખલ થશે.”

فَسَمَّيْتَ دُعَاءَكَ عِبَادَةً ، وَ تَرْكَهُ اسْتِكْبَارًا ، وَ

تَوَعَّدْتَ عَلىٰ تَرْكِهِ دُخُوْلَ جَهَنَّمَ دَاخِرِيْنَ ؛

فَذَكَرُوْكَ بِمَنِّكَ ، وَ شَكَرُوْكَ بِفَضْلِكَ ، وَ دَعَوْكَ

بِاَمْرِكَ ، وَ تَصَدَّقُوْا لَكَ طَلَبًا لِمَزِيْدِكَ ، وَ فِيْهَا

كَانَتْ نَجَاتُهُمْ مِنْ غَضَبِكَ ، وَ فَوْزُهُمْ بِرِضَاكَ ؛ وَ

لَوْ دَلَّ مَخْلُوْقٌ مَخْلُوْقًا مِنْ نَفْسِهِ عَلىٰ مِثْلِ الَّذِيْ

دَلَلْتَ عَلَيْهِ عِبَادَكَ مِنْكَ كَانَ مَوْصُوْفًا بِالْاِحْسَانِ ،

وَ مَنْعُوْتًا بِالْاِمْتِنَانِ ، وَ مَحْمُوْدًا بِكُلِّ لِسَانٍ ،

આમ તારી બારગાહમાં દુઆ કરવાનું નામ તેં ઈબાદત રાખ્યું છે, તેને ત્યજી દેવું ઘમંડ (તકબ્બુર) છે અને તેને ત્યજી દેવા બદલ તેં અપમાનિત કરી જહન્નમમાં દાખલ કરવાનો વાયદો કર્યો છે (ચેતવણી આપી છે).તેથી , તારી ઉદારતા માટે તેઓએ તને યાદ કર્યો, તારા એહસાનો બદલ તારો શુક્ર અદા કર્યો , તારા હુકમની તાબેદારી કરીને તે મુજબ તારા હુકમનું પાલન કર્યું (તારી બારગાહમાં દુઆ કરી) અને તારી રાહમાં ખૈરાત કરી દાન આપ્યું (સદકા આપ્યા) જેથી તારી બારગાહમાંથી તેઓ વધારે મેળવી શકે અને તેમા જ તારા ગઝબથી (ક્રોધથી) તેઓની નજાત હતી તથા તારી ખુશી પ્રાપ્ત કરવાની સફળતા. જો કોઈ મખ્લૂક પોતાની મેળે બીજી કોઈ મખ્લૂકની એવી હિદાયત કરી હોત જેવી તેં તા રી બાબતમાં તારા બંદાઓની હિદાયત કરી છે તો જરૂર દરેક જબાનથી તેના વખાણ થયા હોત (તથા ગુણ ગવાયા હોત).

فَلَكَ الْحَمْدُ مَا وُجِدَ فِيْ حَمْدِكَ مَذْهَبٌ ، وَ مَا بَقِيَ لِلْحَمْدِ لَفْظٌ تُحْمَدُ بِهٖ ، وَ مَعْنًى يَنْصَرِفُ اِلَيْهِ ؛ يَا مَنْ تَحَمَّدَ اِلٰى عِبَادِهٖ بِالْاِحْسَانِ وَ الْفَضْلِ ، وَ

غَمَرَهُمْ بِالْمَنِّ وَ الطَّوْلِ ، مَا اَفْشَى فِيْنَا نِعْمَتَكَ ، وَ اَسْبَغَ عَلَيْنَا مِنَّتَكَ ، وَ اَخَصَّنَا بِبِرِّكَ! ، هَدَيْتَنَا لِدِيْنِكَ الَّذِيْ اصْطَفَيْتَ ، وَ مِلَّتِكَ الَّتِيْ ارْتَضَيْتَ ، وَ سَبِيْلِكَ الَّذِيْ سَهَّلْتَ ، وَ بَصَّرْتَنَا الزُّلْفَةَ لَدَيْكَ ، وَ الْوُصُوْلَ اِلٰى كَرَامَتِكَ ،

તેથી, દરેક વખાણ તારા માટે છે જયાં સુધી વખાણ કરવાની કોઈ રીત બાકી છે , જયાં સુધી વખાણ કરવાના વેણ બાકી રહે છે જેના થકી તારા વખાણ થઇ શકે અથવા એવું કંઈ જાહેર કરવું (બાકી રહે) જેનો અર્થ તારા વખાણ સંબંધી કરી શકાય. અય તું ! જેણે પોતાની મહેરબાની અને ઉદારતા થકી પોતાના બંદાઓ ઉપર એહસાન કર્યો અને તેમના ઉપર ભલાઈ તથા રહમત ફેલાવી દીધી. તારી નેઅમતો અમારા વચ્ચે કેટલી સ્પષ્ટ છે ! અમારા ઉપર તારા એહસાનો કેટલા પૂર્ણ છે ! અને કેટલી હદ સુધી તેં અમારા ઉપર તારા ફઝલ (ઉદારતા) થકી એહસાન કર્યુ છે ! જે દીનને તેં અમારા માટે ચૂંટેલા છે તારા એ દીન તરફ તેં અમારી હિદાયત કરી તથા તારી મીલ્લતની તરફ જેને તેં તારી ખુશી અતા કરી છે અને તારી રાહની તરફ જેણે તેં સરળ

બનાવી છે. તારા સુધી પહોચવાની રાહ અને તારો કરમ પ્રાપ્ત કરવાના વસીલા તેં અમને બતાવ્યો છે.

اَللّٰهُمَّ وَ اَنْتَ جَعَلْتَ مِنْ صَفَايَا تِلْكَ الْوَظَائِفِ ، وَ خَصَائِصِ تِلْكَ الْفُرُوْضِ شَهْرَ رَمَضَانَ الَّذِيْ اخْتَصَصْتَهٗ مِنْ سَائِرِ الشُّهُوْرِ ، وَ تَخَيَّرْتَهٗ مِنْ جَمِيْعِ الْاَزْمِنَةِ وَ الدُّهُوْرِ ، وَ اٰثَرْتَهٗ عَلٰى كُلِّ اَوْقَاتِ السَّنَةِ بِمَا اَنْزَلْتَ فِيْهِ مِنَ الْقُرْاٰنِ وَ النُّوْرِ ، وَ ضَاعَفْتَ فِيْهِ مِنَ الْاِيْمَانِ ، وَ فَرَضْتَ فِيْهِ مِنَ الصِّيَامِ ، وَ رَغَّبْتَ فِيْهِ مِنَ الْقِيَامِ ، وَ اَجْلَلْتَ فِيْهِ مِنْ لَيْلَةِ الْقَدْرِ الَّتِيْ هِيَ خَيْرٌ مِّنْ اَلْفِ شَهْرٍ ؛

અય અલ્લાહ ! આ બધી ફરજો માહે રમઝાન મુબારકને (તેની ફરજને) તેં ખાસ ચૂંટેલા તરીકે કરાર આપ્યો છે અને બધી ઇબાદતોમાંથી તેની ઈબાદતને એક બહુજ મહત્વની ઈબાદત કરાર આપી છે. બીજા બધા મહીનાઓ કરતા તેને તેં જુદી પ્રતિષ્ઠા અર્પણ કરી છે , બીજી બધી મોસમોમાંથી તથા (બીજા બધા) સમયમાંથી તેને તેં ખાસ ચૂંટેલ છે અને વર્ષના બધા સમય કરતા વધારે તેં તેને

અગાત્યતા અર્પણ કરી છે , કારણ કે તેમાં તેં કુરઆન-મજીદ તથા નૂર (હિદાયત) નાઝિલ કર્યા છે, તેમાં ઈમાનનો વધારો (અતા) કર્યા છે , તેમાં રોઝા રાખવાનું ફરજિયાત કર્યું છે , રાતના સમયોમાં અમને ઇબાદતો માટે ઊભા રહેવાની પ્રેરણા અતા કરી છે અને તેમાં જ (બરકતવાળી) શબે કદ્ર પણ કરાર આપી છે જે એક હજાર મહીના કરતા બહેતર છે.

ثُمَّ اٰثَرْتَنَا بِهٖ عَلٰى سَائِرِ الْاُمَمِ ، وَ اصْطَفَيْتَنَا

بِفَضْلِهٖ دُوْنَ اَهْلِ الْمِلَلِ ، فَصُمْنَا بِاَمْرِكَ نَهَارَهٗ ، وَ

قُمْنَا بِعَوْنِكَ لَيْلَهٗ ، مُتَعَرِّضِيْنَ بِصِيَامِهٖ وَ قِيَامِهٖ لِمَا

عَرَّضْتَنَا لَهٗ مِنْ رَحْمَتِكَ ، وَ تَسَبَّبْنَا اِلَيْهِ مِنْ

مَثُوْبَتِكَ ، وَ اَنْتَ الْمَلِيْءُ بِمَا رُغِبَ فِيْهِ اِلَيْكَ ،

اَلْجَوَادُ بِمَا سُئِلْتَ مِنْ فَضْلِكَ ، اَلْقَرِيْبُ اِلٰى مَنْ

حَاوَلَ قُرْبَكَ ؛ وَ قَدْ اَقَامَ فِيْنَا هٰذَا الشَّهْرُ مُقَامَ

حَمْدٍ ، وَ صَحِبَنَا صُحْبَةَ مَبْرُوْرٍ ، وَ اَرْبَحَنَا اَفْضَلَ

اَرْبَاحِ الْعَالَمِيْنَ ،

બીજું, આ મહીના થકી અમને તેં બીજી ઉમ્મતો ઉપર સર્વોપરીતા અતા કરી છે અને તેના ફઝલ થકી અમને તેં બીજી મિલ્લતો ઉપર (બીજી કોમોમાંથી) ખાસ ચૂંટેલા છે. તેથી , તારા હુકમની ફરમાબરદારી રૂપે તેના દિવસોમાં અમે રોઝા રાખ્યા અને તારી મદદ થકી તેની રાતોમાં અમે તારી ઈબાદત માટે ઊભા રહ્યા , તેમાં રાખેલા રોઝા તથા તેમાં કરેલી ઇબાદતો થકી અમે તારી બારાગાહમા એ મેળવવા માટે હાજર થયા જે તેં તારી રહમત થકી અતા કરવાનું કબૂલ ફરમાવ્યું હતું અને એ જઝા (ઇનામ) માટે જે અમે આ વસીલા થકી પ્રાપ્ત કરી શકીએ. તારી બારગાહમાં જેની ઈચ્છા જાહેર કરવામાં આવે તે છે તે અતા કરવા માટે તું શક્તિશાળી છે , તારા ફઝલ થકી જે કાંઈ પણ માંગવામાં આવે તે અતા કરવા માટે તું ઉદારતાથી અતા કરનાર છે અને જે તારી નજીક થવા ઈચ્છે તેના માટે તું નજીક છે. નિ:શંક , આ મહિનો અમારી વચ્ચે એવો રહ્યો જે વખાણને પાત્ર છે. તેણે અમને સારો સાથ આપ્યો અને કાએનાતના સર્વોતમ લાભ પહોંચાડયા.

ثُمَّ قَدْ فَارَقَنَا عِنْدَ تَمَامِ وَقْتِهِ ، وَ انْقِطَاعِ مُدَّتِهِ ،

وَوَفَاءِ عَدَدِهِ ؛ فَنَحْنُ مُوَدِّعُوْهُ وِدَاعَ مَنْ عَزَّ فِرَاقُهٗ

عَلَيْنَا ، وَ غَمَّنَا وَ اَوْحَشَنَا انْصِرَافُهٗ عَنَّا ، وَلَزِمَنَا

لَهُ الذِّمَامُ الْمَحْفُوْظُ ، وَالْحُرْمَةُ الْمَرْعِيَّةُ ، وَ

الْحَقُّ الْمَقْضِيُّ ،

ત્યાર પછી નિ:શંક , તેનો સમય પૂરો થતાં , તેની મુદ્દત સમાપ્ત થતાં અને તેના દિવસો પૂરા કર્યા પછી તે અમારાથી વિદાય થયો. તેથી , અમે તેને એવી રીતે વિદાય કરીએ છીએ જેને વિદાય કરવું અમને બહુ જ અઘરૂં લાગે છે તથા (તેની જુદાઈ) અમને ઉદાસ કરી મૂકે છે , જેના અમારી વચ્ચેથી ચાલ્યા જવાથી અમને એકલતાની લાગણીનો અનુભવ થાય છે અને જેની પ્રત્યે અમારી કંઈક જવાબદારી છે જે અમને પૂરી કરવી જાઈએ તથા તેનો હક છે જે અમને અદા કરવો જોઈએ.

فَنَحْنُ قَائِلُوْنَ : اَلسَّلَامُ عَلَيْكَ يَا شَهْرَ اللّٰهِ الْاَكْبَرَ

وَيَا عِيْدَ اَوْلِيَائِهٖ ؛ اَلسَّلَامُ عَلَيْكَ يَا اَكْرَمَ

مَصْحُوْبٍ مِنَ الْاَوْقَاتِ ، وَيَا خَيْرَ شَهْرٍ فِي الْاَيَّامِ وَ

السَّاعَاتِ ؛ اَلسَّلَامُ عَلَيْكَ مِنْ شَهْرٍ قَرُبَتْ فِيْهِ

الْاٰمَالُ ، وَ نُشِرَتْ فِيْهِ الْاَعْمَالُ ، اَلسَّلَامُ عَلَيْكَ

مِنْ قَرِيْنٍ جَلَّ قَدْرُهٗ مَوْجُوْدًا ، وَ اَفْجَعَ فَقْدُهٗ

مَفْقُوْدًا ، وَ مَرْجُوٍّ اٰلَمَ فِرَاقُهٗ ،

તેથી, અમે કહીએ છીએ , અય અલ્લાહના મહાન મહીના ! અય તેના (અલ્લાહ ના) દોસ્તોના મહાન તહેવાર (ઈદ)! તારા ઉપર સલામ ! તારા ઉપર સલામ ! અય (મુબારક) મહીના. જેમાં આશાઓ પૂરી થવાની શકયતા વધી અને નેક અમલોમાં વધારો થયો. તારા ઉપર સલામ ! જેની હાજરી એક બહુજ આદરણીય સંગાથ હતો અને જેની વિદાય થયા પછી તેની ગેરહાજરી ઉપર શોક વ્યકત થયો. તારા ઉપર સલામ ! અય ઉમેદ (પૂરા થવા)ના સાધન, જેની જુદાઈથી રંજ થયો.

اَلسَّلَامُ عَلَيْكَ مِنْ اَلِيْفٍ اٰنَسَ مُقْبِلًا فَسَرَّ ، وَ

اَوْحَشَ مُنْقَضِيًا فَمَضَّ ، اَلسَّلَامُ عَلَيْكَ مِنْ مُجَاوِرٍ

رَقَّتْ فِيْهِ الْقُلُوْبُ ، وَ قَلَّتْ فِيْهِ الذُّنُوْبُ ، اَلسَّلَامُ

عَلَيْكَ مِنْ نَاصِرٍ اَعَانَ عَلَى الشَّيْطَانِ ، وَ صَاحِبٍ

سَهَّلَ سُبُلَ الْاِحْسَانِ ، اَلسَّلَامُ عَلَيْكَ مَا اَكْثَرَ

عُتَقَاءَ اللهِ فِيْكَ ، وَمَا اَسْعَدَ مَنْ رَعٰى حُرْمَتَكَ بِكَ!

તારા ઉપર સલામ ! અય દોસ્ત જે આગમન થતાં જ દોસ્ત બની ગયો તથા અમને ખુશી ઉપજાવી અને જેની વિદાય નો વખત અમને એકલતાની લાગણીનો અનુભવ થતો તથા અમે દિલગીરી થયાં. તારા ઉપર સલામ ! અય પાડોશ, જેની નજીક દિલો નમ્ર બન્યા અને જેની નજીક ગુનાહો ઓછા થયા. તારા ઉપર સલામ ! અય મદદગાર , જેણે શૈતાન વિરૂધ્ધ (અમારી) મદદ કરી અને અય સાથી , જેણે નેકીની રાહો સરળ બનાવી. તારા ઉપર સલામ ! તારા સમય દરમિયાન અલ્લાહ તઆલા એ આઝાદ કરેલા બંદાઓ કેટલા બધા હતા ! તે કેટલો નસીબદાર છે જેણે તારૂં માન જાળવ્યું !

اَلسَّلَامُ عَلَيْكَ مَا كَانَ اَمْحَاكَ لِلذُّنُوْبِ ، وَاَسْتَرَكَ لِاَنْوَاعِ الْعُيُوْبِ! اَلسَّلَامُ عَلَيْكَ مَا كَانَ اَطْوَلَكَ عَلَى الْمُجْرِمِيْنَ ، وَاَهْيَبَكَ فِيْ صُدُوْرِ الْمُؤْمِنِيْنَ!

اَلسَّلَامُ عَلَيْكَ مِنْ شَهْرٍ لَا تُنَافِسُهُ الْاَيَّامُ ؛

اَلسَّلَامُ عَلَيْكَ مِنْ شَهْرٍ هُوَ مِنْ كُلِّ اَمْرٍ سَلَامٌ ،

اَلسَّلَامُ عَلَيْكَ غَيْرَ كَرِيْهِ الْمُصَاحَبَةِ ، وَلَا ذَمِيْمِ

اَلْمُلَابَسَةِ ، اَلسَّلَامُ عَلَيْكَ كَمَا وَفَدْتَ عَلَيْنَا بِالْبَرَكَاتِ ، وَ غَسَلْتَ عَنَّا دَنَسَ الْخَطِيْئَاتِ ، اَلسَّلَامُ عَلَيْكَ غَيْرَ مُوَدَّعٍ بَرَمًا وَّلَا مَتْرُوْكٍ صِيَامُهٗ سَامًا ، اَلسَّلَامُ عَلَيْكَ مِنْ مَطْلُوْبٍ قَبْلَ وَقْتِهٖ ، وَ مَحْزُوْنٍ عَلَيْهِ قَبْلَ فَوْتِهٖ ،

તારા ઉપર સલામ ! ગુનાહોને મિટાવનાર તું મહાન હતો અને કેટલીયે ખામીઓને તું છુપાવનાર હતો ! તારા ઉપર સલામ ! ગુનેહગારો માટે તો તું બહુ જ અનઇચ્છનીય (બોજરૂપ) હતો, પણ મોમિનોના દિલો માટે તું આશામય હતો ! તારા ઉપર સલામ ! અય (મુબારક) મહીના, જેની સરખામણીમાં બીજા દિવસો નથી આવી શકતા ! તારા ઉપર સલામ ! અય (મુબારક) મહીના , જેમાં દરેક બાબતમાં શાંતિ (સલામતી) હતી ! તારા ઉપર સલામ ! જેનો સાથ સંતોષજનક હતો અને સહવાસ વખાણપાત્ર હતો ! તારા ઉપર સલામ ! તું અમારી પાસે બરકતો (રહમત) લઈને આવ્યો અને અમારી ભૂલોની ગંદકીને ધોઈ નાખી ! તારા ઉપર સલામ ! જેને અમે એ માટે વિદાય નથી કરતા કે તેનાથી અમે ધરાઈ ગયા છીએ અને એ માટે રોઝા રાખવાનું

નથી છોડી દેતા કે તે બોજરૂપ (અનઈછનીય) ઈચ્છા છે ! તારા ઉપર સલામ ! તારા આગમનના સમય પહેલા (તારા આવવાની) ઈચ્છા કરાય છે અને તારી વિદાયના સમય પહેલા (તારી વિદાયનો) રંજ થાય છે !

اَلسَّلَامُ عَلَيْكَ كَمْ مِنْ سُوْءٍ صُرِفَ بِكَ عَنَّا ، وَكَمْ مِنْ خَيْرٍ اُفِيْضَ بِكَ عَلَيْنَا ، اَلسَّلَامُ عَلَيْكَ وَعَلٰى لَيْلَةِ الْقَدْرِ الَّتِيْ هِيَ خَيْرٌ مِّنْ اَلْفِ شَهْرٍ ، اَلسَّلَامُ عَلَيْكَ مَا كَانَ اَحْرَصَنَا بِالْاَمْسِ عَلَيْكَ ، وَاَشَدَّ شَوْقَنَا غَدًا اِلَيْكَ ، اَلسَّلَامُ عَلَيْكَ وَعَلٰى فَضْلِكَ الَّذِيْ حُرِمْنَاهُ ، وَعَلٰى مَاضٍ مِنْ بَرَكَاتِكَ سُلِبْنَاهُ ،

તારા ઉપર સલામ ! તારા કારણે કેટલી ખરાબીઓ અમારાથી દૂર કરવામાં આવી છે અને અમારા ઉપર કેટલી બરકતો (રહમત) નાઝિલ કરવામાં આવી છે ! તારા ઉપર સલામ ! અને શબે-કદ્ર ઉપર પણ જે એક હજાર મહીના કરતા બેહતર છે ! તારા ઉપર સલામ ! ગઈ કાલે અમે તારા (આગમન) માટે કેટલા ઉત્સુક હતા અને આવતી કાલ તારા (આવતા વર્ષના આગમન) માટે અમારી આતુરતા કેટલી તીવ્ર હશે ! તારા ઉપર સલામ ! અને તારા ફઝલ

ઉપર જેનાથી અમે વંચિત થઇ રહ્યા છીએ અને તારી ભૂતકાળની રહેમતો ઉપર જે અમે ખોઈ બેઠા છીએ !

اَللّٰهُمَّ اِنَّا اَهْلُ هٰذَا الشَّهْرِ الَّذِي شَرَّفْتَنَا بِهٖ ، وَ وَفَّقْتَنَا بِمَنِّكَ لَهٗ حِيْنَ جَهِلَ الْاَشْقِيَاءُ وَقْتَهٗ ، وَ حُرِمُوْا لِشَقَائِهِمْ فَضْلَهٗ ، اَنْتَ وَلِيُّ مَا اٰثَرْتَنَا بِهٖ مِنْ مَعْرِفَتِهٖ ، وَ هَدَيْتَنَا لَهٗ مِنْ سُنَّتِهٖ ، وَ قَدْ تَوَلَّيْنَا بِتَوْفِيْقِكَ صِيَامَهٗ وَ قِيَامَهٗ عَلٰى تَقْصِيْرٍ ، وَ اَدَّيْنَا فِيْهِ قَلِيْلًا مِنْ كَثِيْرٍ ،

અય અલ્લાહ ! અમે આ મહીનાના લોકો છીએ જેના થકી તેં અમારૂં સન્માન કર્યુ છે અને જેના માટે તેં તારી ભલાઈ થકી અમને તૌફીક અતા કરી જયારે કમનસીબ લોકોએ તેના સમયની ગણના ન કરી અને તેમની કમનસીબીના કારણે તેઓ તેના ફઝલથી વંચિત રહ્યા. તું જ શક્તિશાળી છે કે તેં અમને તેનું (માહે મુબારક રમઝાનનું) ઇલ્મ અતા કર્યુ, તેની સુન્નત (ઉપર આમળ કરવા) માટે અમારી હિદાયત કરી અને , નિ:શંક, તારી અતા કરેલી તૌફીક થકી અમે તેના રોઝા રાખી શક્યા તથા (તેની રાત્રિઓમાં) ઈબાદત કરી શકયા જો કે સંપૂર્ણ

રીતે તો નહિં જ (નથી કરી શક્યા) અને તેમાં ઘણું બધું બજાવી લાવવા જેવું હતું જેમાંથી અમે થોડું જ બજાવી શક્યા.

اَللّٰهُمَّ فَلَكَ الْحَمْدُ اِقْرَارًا بِالْاِسَاءَةِ ، وَاعْتِرَافًا بِالْاِضَاعَةِ ، وَلَكَ مِنْ قُلُوْبِنَا عَقْدُ النَّدَمِ ، وَمِنْ اَلْسِنَتِنَا صِدْقُ الِاعْتِذَارِ ، فَأْجُرْنَا عَلٰى مَا اَصَابَنَا فِيْهِ مِنَ التَّفْرِيْطِ اَجْرًا نَسْتَدْرِكُ بِهِ الْفَضْلَ الْمَرْغُوْبَ فِيْهِ ، وَنَعْتَاضُ بِهٖ مِنْ اَنْوَاعِ الذُّخْرِ الْمَحْرُوْصِ عَلَيْهِ ، وَاَوْجِبْ لَنَا عُذْرَكَ عَلٰى مَا قَصَّرْنَا فِيْهِ مِنْ حَقِّكَ ، وَابْلُغْ بِاَعْمَارِنَا مَا بَيْنَ اَيْدِيْنَا مِنْ شَهْرِ رَمَضَانَ الْمُقْبِلِ ، فَاِذَا بَلَّغْتَنَاهُ فَاَعِنَّا عَلٰى تَنَاوُلِ مَا اَنْتَ اَهْلُهٗ مِنَ الْعِبَادَةِ ، وَاَدِّنَا اِلَى الْقِيَامِ بِمَا يَسْتَحِقُّهٗ مِنَ الطَّاعَةِ ، وَاَجْرِ لَنَا مِنْ صَالِحِ الْعَمَلِ مَا يَكُوْنُ دَرَكًا لِحَقِّكَ فِي الشَّهْرَيْنِ مِنْ شُهُوْرِ الدَّهْرِ

તેથી, તારી હમ્દો-સના અમે કરીએ છીએ , અય અલ્લાહ ! અમારા ખરાબ અમલોનો ઈકરાર કરીને અને એ કબૂલાત કરીને કે અમે તક વેડફી નાખી , તારી બારગાહમાં અમારો દિલથી સખત પસ્તાવો છે અને અમારી જબાનથી પ્રમાણિક દિલગીરી છે. તેથી, તેમાં રહી ગયેલી અમારા અમલોની ખામીઓ માટે અમને અજ્ર અતા કર જે અજ્ર થકી અમે તારી બારગાહમાં ઈચ્છા કરેલા ફઝલ મેળવી શકીએ અને તારી અનેક જાતની રહમતના ખજાનામાંથી બદલો (ઇનામ) પ્રાપ્ત કરી શકીએ. તારા હકોની બજાવણીમાં અમારી નિષ્ફળતા માટે અમને તારી મગફેરત (ક્ષમા)ને લાયક કરાર આપ. અમારી બાકી જિંદગી જે અમારી સમક્ષ છે તેને આવતા (ભવિષ્યના) માહે મુબારક રમઝાન કરતા વધારે (લાંબી) કરાર આપ અને જયારે તું અમને તે (સમય) સુધી પહોંચાડે તો અમારી મદદ કર જેથી અમે તારી ઈબાદત એવી રીતે કરીએ જે રીતે થવી જોઈએ તથા તારી ઇતાઅત એવી રીતે કરવાની તૌફીક અતા કર જેવી રીતે (ઇતાઅત) કરવાનો તારો હક છે. અમારા થકી એવા અમલે-સાલેહ પરિણામ આપ જેના થકી આ સમયના બધા મહીનામાંથી આ બે મહીનાનો (આ વિદાય થયેલો અને આવતો માહે રમઝાન મુબારક) તારો હક પૂર્ણ રીતે અદા થઇ જાય.

اَللّٰهُمَّ وَمَا اَلْمَمْنَا بِهٖ فِيْ شَهْرِنَا هٰذَا مِنْ لَمَمٍ اَوْ اِثْمٍ ، اَوْ وَاقَعْنَا فِيْهِ مِنْ ذَنْبٍ ، وَاكْتَسَبْنَا فِيْهِ مِنْ خَطِيْئَةٍ عَلٰى تَعَمُّدٍ مِنَّا ، اَوْ عَلٰى نِسْيَانٍ ظَلَمْنَا فِيْهِ اَنْفُسَنَا ، اَوِ انْتَهَكْنَا بِهٖ حُرْمَةً مِّنْ غَيْرِنَا ، فَصَلِّ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِهٖ ، وَاسْتُرْنَا بِسِتْرِكَ ، وَاعْفُ عَنَّا بِعَفْوِكَ ، وَلَا تَنْصِبْنَا فِيْهِ لِاَعْيُنِ الشَّامِتِيْنَ ، وَلَا تَبْسُطْ عَلَيْنَا فِيْهِ اَلْسُنَ الطَّاعِنِيْنَ ، وَاسْتَعْمِلْنَا بِمَا يَكُوْنُ حِطَّةً وَّكَفَّارَةً لِمَا اَنْكَرْتَ مِنَّا فِيْهِ بِرَأْفَتِكَ الَّتِيْ لَا تَنْفَدُ ، وَفَضْلِكَ الَّذِيْ لَا يَنْقُصُ ،

અય અલ્લાહ ! જે કોઈ પણ નાના અથવા મોટા ગુનાહ અમે કર્યા હોય અથવા જે કાંઈ પણ બદકાર્યો અમારાથી થઈ ગયું હોય અથવા આ મહીનામાં અમારી પોતાની સ્વેચ્છાએ અથવા અજાણતામાં અમારાથી એવી કોઈ ભૂલ થઇ ગઈ હોય જેના થકી અમે અમારા નફસને ઈજા પહોંચાડી હોય અથવા અમારામાંના લોકો સિવાય બીજા અપમાન કર્યુ હોય તો હઝરત મોહંમદ (સ.અ.વ.) અને તેમની આલ

ઉપર રહમત નાઝિલ કર. તારા પરદા થકી અમને ઢાંકી દે અને તારી મગફેરત થકી અમારી મગફેરત કર. તેના કારણે ઠપકો આપનારાઓની આંખો સમક્ષ અમને ઉઘાડા ન પાડ, કઠોર બદનામ કરનારાઓની જીભને અમારી વિરૂધ્ધ કશું પણ ઉચ્ચારવા ન આપ અને અમને એવા અમલો અંજામ આપવાની તૌફીક અતા કર જેના કારણે અમારી એ બાબતો (ખામીઓ) તારી અપાર મહેરબાની તથા અખૂટ ઉદારતા થકી દૂર થઈ જાય અને એ બાબતો માટે કફ્ફારો બને જેને તેં તેમાં (આ મહીનામાં) નામંજૂર કરી હતી.

اَللّٰهُمَّ صَلِّ عَلىٰ مُحَمَّدٍ وَّ اٰلِهٖ ، وَ اجْبُرْ مُصِيْبَتَنَا بِشَهْرِنَا ، وَ بَارِكْ لَنَا فِيْ يَوْمِ عِيْدِنَا وَ فِطْرِنَا ، وَ اجْعَلْهُ مِنْ خَيْرِ يَوْمٍ مَرَّ عَلَيْنَا اَجْلَبِهٖ لِعَفْوٍ ، وَ اَمْحَاهُ لِذَنْبٍ ، وَ اغْفِرْ لَنَا مَا خَفِيَ مِنْ ذُنُوْبِنَا وَ مَا عَلَنَ ، اَللّٰهُمَّ اسْلَخْنَا بِانْسِلَاخِ هٰذَا الشَّهْرِ مِنْ خَطَايَانَا ، وَ اَخْرِجْنَا بِخُرُوْجِهٖ مِنْ سَيِّئَاتِنَا ، وَ اجْعَلْنَا مِنْ اَسْعَدِ اَهْلِهٖ بِهٖ ، وَ اَجْزَلِهِمْ قِسْمًا فِيْهِ ، وَ اَوْفَرِهِمْ حَظًّا مِنْهُ ،

અય અલ્લાહ ! હઝરત મોહંમદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર રહમત નાઝિલ કર. આ મહીના થકી અમારા રંજ(ની મુસીબત)ને દૂર કર અને અમારા આ (ઇદના) તહેવારના અમારા આ ઇદુલ ફિત્રના દિવસે અમારા ઉપર બરકતો નાઝિલ કર. આ દિવસને અમારા માટે સર્વોતમ પસાર થયેલો દિવસ, મગફેરતનો મહાન આકર્ષનાર (દિવસ) અને ગુનાહોના નાબૂદ કરનાર (દિવસ) કરાર આપ. અમારા ખુલ્લા અને છુપાયેલા (જાણી જોઈને કરેલા અને અજાણતાથી થયેલા) ગુનાહોની મગફેરત અતા કર. અય અલ્લાહ ! આ મહીનાની સમાપ્તિ સુધીમાં અમને અમારી ભૂલોનું શુદ્ધિકરણ અતા કર અને તેના અંત થવા સુધીમાં અમને અમારા કુકર્મોમાંથી બહાર કાઢી નજાત અતા કર. તેના (ઉપર ઈમાન રાખનારા) લોકોમાં અમને તેના થકી સૌથી વધારે નસીબદાર, તેમાં (રૂહાની) લાભની દ્રષ્ટિએ એ લોકોમાંથી સૌથી વધારે સુખી અને તેની બરકતોના હિસ્સાની દ્રષ્ટિએ એ લોકોમાં સૌથી વધારે શ્રીમંત કરાર આપ.

اَللّٰهُمَّ وَمَنْ رَعٰى هٰذَا الشَّهْرَ حَقَّ رِعَايَتِهٖ ، وَحَفِظَ

حُرْمَتَهٗ حَقَّ حِفْظِهَا ، وَقَامَ بِحُدُوْدِهٖ حَقَّ قِيَامِهَا ،

وَاتَّقٰى ذُنُوْبَهٗ حَقَّ تُقَاتِهَا ، اَوْ تَقَرَّبَ اِلَيْكَ بِقُرْبَةٍ

اَوْجَبْتَ رِضَاكَ لَهٗ ، وَعَطَفْتَ رَحْمَتَكَ عَلَيْهِ ، فَهَبْ لَنَا مِثْلَهٗ مِنْ وُجْدِكَ ، وَاَعْطِنَا اَضْعَافَهٗ مِنْ فَضْلِكَ ، فَاِنَّ فَضْلَكَ لَا يَغِيْضُ ، وَاِنَّ خَزَائِنَكَ لَا تَنْقُصُ بَلْ تَفِيْضُ ، وَاِنَّ مَعَادِنَ اِحْسَانِكَ لَا تَفْنٰى ، وَاِنَّ عَطَاءَكَ لَلْعَطَاءُ الْمُهَنَّا ،

અય અલ્લાહ ! જે કોઈએ પણ આ મહિનો એવી રીતે (અલ્લાહની ઇબાદતો-ઇતાઆતમાં) પસાર કર્યો જેવી રીતે પસાર કરવો જોઈએ , તેનું માન જાળવ્યું જેવી રીતે જાળવવું જોઈએ , તેના નિયમો મુજબ ચાલ્યા જે પ્રમાણે ચાલવું જોઈએ , ગુનાહોથી બચ્યા જેવી રીતે બચવું જોઈએ અને યોગ્ય રીતે (વસીલા થકી) તારી બારગાહમાં હાજર થયાં તો તેં તેને તારી ખુશીનો (મંજૂરીનો) હકદાર બનાવ્યો અને તેના ઉપર તેં તારી રહમત નાઝિલ કરી ; તેથી, અમને તારા ખજાનામાંથી એવી જ જઝા અતા કરે અને તારા ફઝલ થકી તેને બહોળી કરીને અતા કર , કારણ કે, નિ:શંક, તારો ફઝલ કયારેય પણ ઘટતો નથી અને તારા ખજાનામાંથી કયારેય પણ ઓછું થતું નથી, તેમાંથી અતા થતુ જ રહે છે. નિ:શંક , તારા એહસાનનોની ખાણો કયારેય પણ ખૂટતી નથી

અને, નિ:સંદેહ, તારી અતા કરેલી (નેઅમતો) સૌથી સારી (મનને) ગમે એવી નેઅમતો છે.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِهٖ ، وَ اكْتُبْ لَنَا مِثْلَ اُجُوْرِ مَنْ صَامَهٗ ، اَوْ تَعَبَّدَ لَكَ فِيْهِ اِلٰى يَوْمِ الْقِيَامَةِ ، اَللّٰهُمَّ اِنَّا نَتُوْبُ اِلَيْكَ فِيْ يَوْمِ فِطْرِنَا الَّذِيْ جَعَلْتَهٗ لِلْمُؤْمِنِيْنَ عِيْدًا وَّ سُرُوْرًا ، وَ لِاَهْلِ مِلَّتِكَ مَجْمَعًا وَّ مُحْتَشَدًا مِنْ كُلِّ ذَنْبٍ اَذْنَبْنَاهُ ، اَوْ سُوْءٍ اَسْلَفْنَاهُ ، اَوْ خَاطِرِ شَرٍّ اَضْمَرْنَاهُ ، تَوْبَةَ مَنْ لَا يَنْطَوِيْ عَلٰى رُجُوْعٍ اِلٰى ذَنْبٍ ، وَ لَا يَعُوْدُ بَعْدَهَا فِيْ خَطِيْئَةٍ ، تَوْبَةً نَصُوْحًا خَلَصَتْ مِنَ الشَّكِّ وَ الِارْتِيَابِ ، فَتَقَبَّلْهَا مِنَّا ، وَ ارْضَ عَنَّا ، وَ ثَبِّتْنَا عَلَيْهَا ،

અય અલ્લાહ ! હઝરત મોહંમદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર રહમત નાઝિલ કર. અમારા માટે તું એવો જ અજ્ર નોંધી લે જેવો અજ્ર કયામતના દિવસ સુધી એ લોકને મળશે જેઓએ માહે મુબારક રમઝાનમાં રોઝા રાખ્યા અને તેમાં તારી ઈબાદત

પરિણામ આપી. અય અલ્લાહ ! નિ:શંક , તારી બારગાહમાં અમે તૌબા કરીએ છીએ , અમારા એ (ઇદુલ) ફિત્રના દિવસે જેને તેં મોઅમિન માટે ઈદ (તહેવાર) અને ખુશી (નો દિવસ) કરાર આપ્યો છે , તારી મિલ્લતના લોકો માટે ભેગા મળી એક જમાત થવાના (ઈબાદત કરવાના) દિવસે , અમારા દરેક ગુનાહોની (તોબા) કે જે અમે કર્યા છે અને કુકર્મોની (તોબા) કે જે અમે ભૂતકાળમાં પરિણામ આપ્યા છે અને અમારા ખરાબ વિચારોની (તોબા) કે જેને અમે સંતોષ્યા છે; અને એવા (મનુષ્ય)ની તૌબા જે ગુનાહ કરવાની ખાનગી ઇચ્છા ધરાવતો નથી અને જે આજ પછી કોઇપણ ગુનાહ તરફ કયારેય પણ પાછો નહિં ફરે-સાચી તૌબા જે મક્કમ છે અને શંકારહિત છે. તેથી, અમારી આ તૌબા કબૂલ કર , અમારાથી રાજી રહે અને આ (તોબા) ઉપર અમને મક્કમ રાખ

اَللّٰهُمَّ ارْزُقْنَا خَوْفَ عِقَابِ الْوَعِيْدِ ، وَ شَوْقَ ثَوَابِ
الْمَوْعُوْدِ حَتّٰى نَجِدَ لَذَّةَ مَا نَدْعُوْكَ بِهٖ ، وَ كَاٰبَةَ مَا
نَسْتَجِيْرُكَ مِنْهُ ، وَ اجْعَلْنَا عِنْدَكَ مِنَ التَّوَّابِيْنَ
الَّذِيْنَ اَوْجَبْتَ لَهُمْ مَحَبَّتَكَ ، وَ قَبِلْتَ مِنْهُمْ
مُرَاجَعَةَ طَاعَتِكَ ، يَا اَعْدَلَ الْعَادِلِيْنَ ، اَللّٰهُمَّ

تَجَاوَزْ عَنْ اٰبَائِنَا وَ اُمَّهَاتِنَا وَ اَهْلِ دِيْنِنَا جَمِيْعًا

مَنْ سَلَفَ مِنْهُمْ وَ مَنْ غَبَرَ اِلٰى يَوْمِ الْقِيَامَةِ.

અય અલ્લાહ ! જે સજાની અમને ચેતવણી અપાઈ છે તેનો અમને ખોફ અતા કર અને તેં જે જઝા નો (સવાબનો) વાયદા કર્યો છે તેની ઈચ્છા કરવાની તૌફીક અતા કર, ત્યાં સુધી કે અમને તેનો પહેલેથી સ્વાદ ચાખવા મળે જેની અમે તારી બારગાહમાં દુઆ કરીએ છીએ અને તે સજાનો પણ જેનાથી અમે તારી પનાહ માંગીએ છીએ. અમે તારી નજરમાં એ લોકો જેવા થઈ જઈએ જેઓ (તારી બારગાહમાં) તૌબા કરનારા છે અને જેઓને તેં તારી મોહબ્બત અતા કરી તથા તારી ઇતાઅતમાં તેઓનું પાછું ફરવું તેં કબૂલ કર્યું , અય શ્રેષ્ઠ ન્યાય કરનાર ! અય અલ્લાહ ! અમારા વાલેદૈન , અમારા દીનના સર્વે લોકો જેઓ ગુજરી ગયા છે અને કયામત સુધી જેટલા લોકો (દીની બિરાદરો) પણ આવનાર છે તે બધાને તું મગફેરત અતા કર.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ نَبِيِّنَا وَ اٰلِهٖ كَمَا صَلَّيْتَ عَلٰى

مَلَائِكَتِكَ الْمُقَرَّبِيْنَ ، وَ صَلِّ عَلَيْهِ وَ اٰلِهٖ كَمَا صَلَّيْتَ

عَلٰى اَنْبِيَائِكَ الْمُرْسَلِيْنَ ، وَ صَلِّ عَلَيْهِ وَ اٰلِهٖ كَمَا

صَلَّيْتَ عَلٰى عِبَادِكَ الصَّالِحِيْنَ ، وَاَفْضَلَ مِنْ ذٰلِكَ

يَا رَبَّ الْعَالَمِيْنَ ، صَلَاةً تَبْلُغُنَا بَرَكَتُهَا ، وَيَنَالُنَا

نَفْعُهَا ، وَيُسْتَجَابُ لَهَا دُعَاؤُنَا ، اِنَّكَ اَكْرَمُ مَنْ

رُغِبَ اِلَيْهِ ، وَاَكْفٰى مَنْ تُوُكِّلَ عَلَيْهِ ، وَاَعْطٰى مَنْ

سُئِلَ مِنْ فَضْلِهٖ ، وَاَنْتَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સ.અ.વ.), અમારા નબી, અને તેમની આલ ઉપર રહમત નાઝિલ કર , જેવી રીતે તેં માનનીય (નજીકના) ફરિશ્તાઓ ઉપર રહમત નાઝિલ કરી હતી. તેના ઉપર અને તેમની આલ ઉપર રહમત નાઝિલ કર જેવી રીતે તેં તારા નબીઓ ઉપર રહમત નાઝિલ કરી હતી જેઓને તેં દુનિયામાં મોકલ્યા હતા. તેમના ઉપર અને તેમની આલ ઉપર રહમત નાઝિલ કર જેવી રીતે તેં તારા નેક (અને ખાસ) બંદાઓ ઉપર રહમત નાઝિલ કરી હતી. (તેમના ઉપર અને તેમની આલ ઉપર) આથી પણ વધારે રહમત નાઝિલ કર , અય આલમીનના પાલનહાર! અમે પણ જેના કારણે તેની બરકતો મેળવી શકીએ અને જેના કારણે અમારી દોઆઓ કબૂલ થાય. નિઃશંક, તું એવો કરીમ છે જેનાથી દુઆ કરી શકાય છે અને એવો અતા કરનાર છે જેના

ફઝલોકરમ થકી માંગી શકાય છે તથા તું દરેક વસ્તુ ઉપર કુદરત ધરાવે છે. તારી રહમતની સાથે, અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

## ઓગણત્રીસમાં દિવસની મુખ્તસર દુઆ

**ઓગણત્રીસ તારીખે નીચેની દુઆ પઢે તો અલ્લાહ તઆલા તેને જન્નતમાં સોના, ચાંદી, ઝમર્રુદ અને મોતીના હજાર શહેરો અતા કરે.**

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ غَشِّنِيْ فِيْهِ بِالرَّحْمَةِ ، وَارْزُقْنِيْ فِيْهِ التَّوْفِيْقَ وَالْعِصْمَةَ وَطَهِّرْ قَلْبِيْ مِنْ غَيَاهِبِ التُّهَمَةِ ، يَا رَحِيْمًا بِعِبَادِهِ الْمُؤْمِنِيْنَ

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ, મને આ મહીનામાં તારી રહમતથી ઢાંકી દે, અને મને આ મહીનામાં તૌફીક અને હિફાઝતની દૌલત અતા કર, અને મારા દિલને તોહમત અંધકારથી પાક કર, અય પોતાના મોઅમિન બંદાઓ ઉપર ખુબજ મહેરબાની કરનાર.

# ત્રીસમી રાતની મુખ્તસર દુઆ

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ رَبَّ شَهْرِ
رَمَضَانَ وَ مُنْزِلَ الْقُرْاٰنِ وَ هٰذَا شَهْرُ رَمَضَانَ قَدْ
تَصَرَّمَ اَيْ رَبِّ اِنِّيْ اَعُوْذُ بِوَجْهِكَ الْكَرِيْمِ اَنْ يَطْلُعَ
الْفَجْرُ مِنْ لَيْلَتِيْ هٰذِهٖ اَوْ يَخْرُجَ شَهْرُ رَمَضَانَ وَ لَكَ
عِنْدِيْ تَبِعَةٌ اَوْ ذَنْبٌ تُرِيْدُ اَنْ تُعَذِّبَنِيْ عَلَيْهِ يَوْمَ
اَلْقَاكَ اِلَّا غَفَرْتَهٗ لِيْ بِكَرَمِكَ وَ جُوْدِكَ يَا اَرْحَمَ
الرَّاحِمِيْنَ اَللّٰهُمَّ وَ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ
اِنَّكَ حَمِيْدٌ مَجِيْدٌ

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ, અય માહે રમઝાનના પાલનહાર અને કુરઆનને નાઝિલ કરનાર, માહે રમઝાન તો પસાર થઇ ગયો, અય મારા પાલનહાર, હું તારી કરીમ ઝાત પાસે એ વાતની પનાહ માંગું છું કે ક્યાંક આ રાત પસાર થઈને સવાર ન પડી જાય, અથવા માહે રમઝાન પસાર થઇ જાય અને તારી પાસે મારા ગુનાહો અથવા સજા બાકી હોય, કે જેના કારણે તે દિવસે કે

જયારે હું તારી બારગાહમાં હાજર થાઉં ત્યારે તું મારી ઉપર અઝાબ કરવાનો ઈરાદો કરે, પરંતુ એ કે તું તારી ઉદારતાથી અને તારા પુષ્કળ એહસાન થકી મારા ગુનાહોને માફ કરી દે, અય રહેમ કરવાવાળાઓ માં સૌથી વધારે રહેમ કરનાર, ખરેખર તું જ વખાણને લાયક છે અને બખ્શીશોનો માલિક છે.

## ત્રીસમી રાતના પઢવાની આખર દહાની મખ્સૂસ દુઆ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَلْحَمْدُ لِلّٰهِ لَا شَرِيْكَ لَهٗ ، اَلْحَمْدُ لِلّٰهِ كَمَا يَنْبَغِيْ لِكَرَمِ وَجْهِهٖ وَ عِزِّ جَلَالِهٖ وَ كَمَا هُوَ اَهْلُهٗ ، يَا قُدُّوْسُ يَا نُوْرُ ، يَا نُوْرَ الْقُدُسِ ، يَا سُبُّوْحُ يَا مُنْتَهَى التَّسْبِيْحِ ، يَا رَحْمٰنُ يَا فَاعِلَ الرَّحْمَةِ ، يَا اَللّٰهُ يَا عَلِيْمُ يَا كَبِيْرُ ، يَا اَللّٰهُ يَا لَطِيْفُ يَا جَلِيْلُ ، يَا اَللّٰهُ يَا سَمِيْعُ يَا بَصِيْرُ ، يَا اَللّٰهُ يَا اَللّٰهُ يَا اَللّٰهُ ، لَكَ الْاَسْمَاءُ الْحُسْنٰى وَ الْاَمْثَالُ الْعُلْيَا وَ الْكِبْرِيَاءُ وَ الْاٰلَاءُ ،

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે, તમામ વખાણ તે અલ્લાહ માટે જ છે કે જેનો કોઈ ભાગીદાર નથી; તમામ વખાણ ફક્ત તે અલ્લાહ માટે છે કે જે તેની ઇઝ્ઝતવાળી ઝાત અને તેની બુઝુર્ગીવાળી કુદરતની શાન માટે યોગ્ય છે, અને તે જેવા વખાણનો હક્કદાર છે; અય પાકીઝા સિફતવાળા, અય નૂર, અય કુદ્સના નૂર, અય બેનિયાઝ, અય પાકીઝગીની આખરી મંઝિલ, અય ખુબજ મહેરબાન, અય મહેરબાની કરનાર, અય અલ્લાહ, અય દરેક વસ્તુ જાણનાર, અય ખુબજ મહાન, અય અલ્લાહ, અય ખુબજ ઉદાર, અય ખુબજ બુઝુર્ગીવાળા, અય અલ્લાહ, અય બધું સાંભળનાર, અય બધું જોનાર, અય અલ્લાહ, અય અલ્લાહ, અય અલ્લાહ, ફક્ત તારી માટેજ ખુબજ સારા નામો (અસ્માઉલ હુસ્ના) છે, અને સર્વોચ્ચ સિફતો અને મહાનતા અને એહ્સાનોનો માલિક ફક્ત તું જ છે.

اَسْاَلُكَ اَنْ تُصَلِّيَ عَلٰى مُحَمَّدٍ وَّ اَهْلِ بَيْتِهٖ وَ اَنْ

تَجْعَلَ اسْمِيْ فِيْ هٰذِهِ اللَّيْلَةِ فِي السُّعَدَاءِ وَ رُوْحِيْ

مَعَ الشُّهَدَاءِ وَ اِحْسَانِيْ فِيْ عِلِّيِّيْنَ وَ اِسَاءَتِيْ مَغْفُوْرَةً

وَّ اَنْ تَهَبَ لِيْ يَقِيْنًا تُبَاشِرُ بِهٖ قَلْبِيْ وَ اِيْمَانًا يُذْهِبُ

الشَّكَّ عَنِّيْ وَتُرْضِيَنِيْ بِمَا قَسَمْتَ لِيْ وَاٰتِنَا فِيْ

الدُّنْيَا حَسَنَةً وَّفِي الْاٰخِرَةِ حَسَنَةً وَّقِنَا عَذَابَ النَّارِ

الْحَرِيْقِ وَارْزُقْنِيْ فِيْهَا ذِكْرَكَ وَشُكْرَكَ وَالرَّغْبَةَ

اِلَيْكَ وَالْاِنَابَةَ وَالتَّوْبَةَ وَالتَّوْفِيْقَ لِمَا وَفَّقْتَ لَهٗ

مُحَمَّدًا وَّاٰلَ مُحَمَّدٍ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَعَلَيْهِمْ

હું તારી પાસે માંગું છું કે હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની ઔલાદ ઉપર રહમત નાઝિલ કર, અને મારા નામને આજની રાત્રે નેક લોકોની યાદીમાં દાખલ કર, અને મારી રૂહને શહીદોની સાથે શુમાર કર, અને મારી નેકીઓને ઉચ્ચ દરજ્જાઓમાં પહોંચાડ, અને મારી બુરાઈઓને માફ કરી દે, અને મને એવું યકીન અતા કર કે જે મારા દિલમાં જોડાય જાય, અને મને એવું ઈમાન અતા કર કે જે શકને મારાથી દૂર કરે, અને મારા માટે તેં જે રોઝી નક્કી કરી છે તેની ઉપર મને રાઝી રાખ, અને અમોને દુનિયાની નેકી તેમજ આખેરતની નેકી અતા કર, અને અમોને જહન્નમની આગથી આઝાદ કર, અને આ રાત્રે મારા રીઝ્કમાં તારી યાદ, તારો શુક્ર અને તારી તરફ લગાવ અને તૌબા અતા કર, અને તે તમામ કાર્યોની તૌફીક અતા કર

કે જેની તૌફીક તેં હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની ઔલાદ (અ.મુ.)ને આપી હતી, તેઓ બધા ઉપર અલ્લાહની રહમત નાઝિલ થાય.

## ત્રીસમી રાતની નમાઝ

ત્રીસમી રાત્રે ૧૨ રકઆત નમાઝ છે, દરેક રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી ૨૦ વખત સૂરએ તૌહીદ અને નમાઝ પછી ૧૦૦ વખત સલવાત પઢે તો અલ્લાહ તઆલા રેહમતની સાથે તેનો ખાતેમો કરે.

## ત્રીસમાં દિવસની મુખ્તસર દુઆ

ત્રીસમી તારીખે નીચેની દુઆ પઢે તો અલ્લાહ તઆલા પયગમ્બરો તથા વસીઓ જેવી તેની ઇઝ્ઝત કરે.

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ۔ اَللّٰهُمَّ اجْعَلْ صِيَامِي

فِيْهِ بِالشُّكْرِ وَالْقَبُوْلِ عَلٰى مَا تَرْضَاهُ وَيَرْضَاهُ

الرَّسُوْلُ مُحْكَمَةً فُرُوْعُهٗ بِالْاُصُوْلِ بِحَقِّ سَيِّدِنَا

مُحَمَّدٍ وَّاٰلِهِ الطَّاهِرِيْنَ وَالْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعَالَمِيْنَ

(શરૂ કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ, આ મહીનામાં, મારા રોઝાઓને તેવા રોઝા બનાવીને કબૂલીય્યતની

મંઝિલ સુધી પહોંચાડ, કે જેવા રોઝાઓ તને પસંદ છે અને જેવા રોઝાઓ તારા રસૂલ (સ.અ.વ.)ને પસંદ છે, અને જેની શાખાઓ તેના મૂળ થકી મજબૂત થાય છે, તને અમારા સરદાર હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની પાક ઔલાદનો વાસ્તો; તમામ વખાણ ફક્ત અલ્લાહ માટે જ છે જે બધી કાએનાતનો પાલનહાર છે.

## દુઆએ વિદાએ માહે રમઝાન

**ઈમામ સજ્જાદ (અ.) જયારે માહે મુબારક રમઝાનને વિદાય કરતા તે સમય ની દુઆ (સહીફએ સજ્જાદીય્યાહ-દુઆ નંબર ૪૫) જે પેજ નંબર 474 ઉપર ઝિક્ર થયેલ છે**

# વિભાગ ૪ – મશહુર દુઆઓ

## દુઆએ ઇફ્તેતાહ

**ઈમામે ઝમાના (અ.ત.ફ.શ) એ ફરમાવેલ માહે રમઝાનમાં દરરોજ રાત્રે પઢવાની આ દુઆ છે :**

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِ مُحَمَّدٍ ، اَللّٰهُمَّ اِنِّيْ اَفْتَتِحُ الثَّنَاءَ بِحَمْدِكَ وَاَنْتَ مُسَدِّدٌ لِّلصَّوَابِ بِمَنِّكَ وَاَيْقَنْتُ

اَنَّكَ اَنْتَ اَرْحَمُ الرَّاحِمِيْنَ فِيْ مَوْضِعِ الْعَفْوِ وَ الرَّحْمَةِ وَاَشَدُّ الْمُعَاقِبِيْنَ فِيْ مَوْضِعِ النَّكَالِ وَ النَّقِمَةِ وَاَعْظَمُ الْمُتَجَبِّرِيْنَ فِيْ مَوْضِعِ الْكِبْرِيَاءِ وَ الْعَظَمَةِ

(શરૂ કરૂ છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ ! મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર સલવાત મોકલ. અય અલ્લાહ ! બેશક હું તારી પ્રશંસા વડે વખાણની શરૂઆત કરૂ છું. અને તું તારા એહસાન અને ઉદારતા વડે સીધા રસ્તા તરફ માર્ગદર્શન આપનાર છે. અને હું યકીન રાખુ છું કે બેશક તું માફી અને રહમતના પ્રસંગોએ રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર છે. અને અઝાબ તથા શિક્ષાના સમયે સૌથી સખ્ત સજા કરનાર છે. અને મોટાઈ અને મહાનતાના પ્રસંગોએ સૌથી વધારે અઝમતવાળો (બળવાન) છે

اَللّٰهُمَّ اَذِنْتَ لِيْ فِيْ دُعَائِكَ وَمَسْاَلَتِكَ ، فَاسْمَعْ يَا سَمِيْعُ مِدْحَتِيْ ، وَاَجِبْ يَا رَحِيْمُ دَعْوَتِيْ ، وَاَقِلْ يَا غَفُوْرُ عَثْرَتِيْ ، فَكَمْ يَا اِلٰهِيْ مِنْ كُرْبَةٍ قَدْ فَرَّجْتَهَا

وَهُمُوْمٍ قَدْ كَشَفْتَهَا وَعَثْرَةٍ قَدْ اَقَلْتَهَا وَرَحْمَةٍ قَدْ نَشَرْتَهَا وَحَلْقَةِ بَلَاءٍ قَدْ فَكَكْتَهَا

અય અલ્લાહ ! તેં મને તારી પાસે આજીજી કરવાની અને તારી પાસે માંગવાની પરવાનગી આપી છે. તો પછી મારી પ્રસંશાને સાંભળી લે , અય બધુ જ સાંભળનાર ! અને મારી માંગણીઓને પૂરી કર, અય ખૂબ જ દયાળુ! અને મારી ખતાઓને દરગુઝર કરી દે, અય ખૂબ જ માફ કરનાર ! બસ , અય મારા અલ્લાહ ! કેટલીય એવી ગૂંચવાયેલી મુસીબતો અને તકલીફો છે જેને તેં ઉકેલી દીધી. અને કેટલાય એવા ગમ છે જેને તેં હટાવી દીધા. અને કેટલીય એવી ભૂલો છે જેને તેં દરગુઝર કરી દીધી. અને કેટલીય એવી રહમત છે જેને તેં ફેલાવી દીધી. અને કેટલીય એવી બલાઓ (મુસીબતો)ની સાંકળો છે જેને તેં ખોલી નાખી.

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِيْ لَمْ يَتَّخِذْ صَاحِبَةً وَّلَا وَلَدًا وَّلَمْ يَكُنْ لَهٗ شَرِيْكٌ فِي الْمُلْكِ وَلَمْ يَكُنْ لَهٗ وَلِيٌّ مِّنَ الذُّلِّ وَكَبِّرْهُ تَكْبِيْرًا ، اَلْحَمْدُ لِلّٰهِ بِجَمِيْعِ مَحَامِدِهٖ كُلِّهَا عَلٰى جَمِيْعِ نِعَمِهٖ كُلِّهَا ، اَلْحَمْدُ لِلّٰهِ الَّذِيْ لَا

مُضَادَّ لَهٗ فِيْ مُلْكِهٖ وَ لَا مُنَازِعَ لَهٗ فِيْ اَمْرِهٖ ، اَلْحَمْدُ لِلّٰهِ

الَّذِيْ لَا شَرِيْكَ لَهٗ فِيْ خَلْقِهٖ وَ لَا شَبِيْهَ لَهٗ فِيْ عَظَمَتِهٖ

(તમામ) વખાણ અલ્લાહ માટે છે , જેને પત્નિ કે સંતાન નથી. અને (તેની) સત્તામાં તેનો કોઈ ભાગીદાર નથી. અને ન તો એવું છે કે નબળાઈના લીધે તેના માટે કોઈ સાથી હોય. તો પછી તેની મોટાઈ વર્ણવો , ઉચ્ચ પ્રશંસા (તકબીર થકી) , (તમામ) વખાણ અલ્લાહ માટે છે તેની દરેક પ્રશંસા વડે તેની તમામ નેઅમતો ઉપર , (તમામ) વખાણ અલ્લાહ માટે છે કે તેના રાજયમાં તેનો કોઈ વિરોધી નથી અને તેના હુકમમાં કોઈ તેની સામે દલીલ કરનાર નથી, (તમામ) વખાણ અલ્લાહ માટે છે કે તેના સર્જનમાં તેનો કોઈ ભાગીદાર નથી. અને તેની ઉચ્ચતામાં તેની સમાન કોઈ નથી.

اَلْحَمْدُ لِلّٰهِ الْفَاشِيْ فِي الْخَلْقِ اَمْرُهٗ وَ حَمْدُهُ الظَّاهِرِ

بِالْكَرَمِ مَجْدُهٗ ، اَلْبَاسِطِ بِالْجُوْدِ يَدَهٗ ، اَلَّذِيْ لَا

تَنْقُصُ خَزَائِنُهٗ وَ لَا تَزِيْدُهٗ كَثْرَةُ الْعَطَاءِ اِلَّا جُوْدًا

وَّ كَرَمًا ، اِنَّهٗ هُوَ الْعَزِيْزُ الْوَهَّابُ

(તમામ) વખાણ અલ્લાહ માટે છે , જેનો હુકમ તેની (તમામ) મખ્લૂક ઉપર ચાલે છે અને તેની પ્રશંસા

તેના કરમથી દરેક ઉપર જાહેર થાય છે. તેનો હાથ સખાવતની સાથે વિશાળ (ખુલ્લો ) છે. તે કે જેના ખજાના કયારેય ઓછાં થતા નથી. (બલ્કે) તેનું વિપુલતાથી અતા કરવું તેની ઉદારતા અને સખાવતમાં વધારો કરે છે. બેશક તે ખૂબ જ માનવંત અને ખૂબ જ આપનાર છે.

اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ قَلِيْلًا مِنْ كَثِيْرٍ مَعَ حَاجَةٍ بِيْ اِلَيْهِ عَظِيْمَةٍ وَّ غِنَاكَ عَنْهُ قَدِيْمٌ ، وَ هُوَ عِنْدِيْ كَثِيْرٌ وَّ هُوَ عَلَيْكَ سَهْلٌ يَسِيْرٌ .

અય અલ્લાહ ! બેશક હું તારી પાસે ખૂબ વધારેમાંથી માત્ર થોડાની માંગણી કરૂં છું. મને તે વસ્તુઓની ખૂબ જ વધારે જરૂર છે. જયારે કે તું તો તેનાથી હંમેશ માટે બેનિયાઝ (ગની) છે. અને તે મારા માટે ઘણું જ વધારે છે , અલબત્ત તે (અતા કરવું) તારા માટે ખુબ જ સહેલુ અને આસાન છે.

اَللّٰهُمَّ اِنَّ عَفْوَكَ عَنْ ذَنْبِيْ وَ تَجَاوُزَكَ عَنْ خَطِيْئَتِيْ وَ صَفْحَكَ عَنْ ظُلْمِيْ وَ سِتْرَكَ عَلٰى قَبِيْحِ عَمَلِيْ وَ حِلْمَكَ عَنْ كَثِيْرِ جُرْمِيْ عِنْدَ مَا كَانَ مِنْ خَطَايَ وَ عَمْدِيْ اَطْمَعَنِيْ فِيْ اَ نْ اَسْاَلَكَ مَا لَا اَسْتَوْجِبُهٗ مِنْكَ

الَّذِي رَزَقْتَنِي مِنْ رَحْمَتِكَ وَ اَرَيْتَنِي مِنْ قُدْرَتِكَ وَ

عَرَّفْتَنِي مِنْ اِجَابَتِكَ فَصِرْتُ اَدْعُوكَ اٰمِنًا وَّ اَسْاَلُكَ

مُسْتَأْنِسًا لَا خَائِفًا وَّ لَا وَجِلًا ، مُدِلًّا عَلَيْكَ فِيْمَا

قَصَدْتُ فِيْهِ اِلَيْكَ ، فَاِنْ اَبْطَاَ عَنِّيْ عَتَبْتُ بِجَهْلِيْ

عَلَيْكَ وَ لَعَلَّ الَّذِيْ اَبْطَاَ عَنِّيْ هُوَ خَيْرٌ لِيْ لِعِلْمِكَ

بِعَاقِبَةِ الْاُمُوْرِ

અય અલ્લાહ ! ખરેખર મારા ગુનાહો પ્રત્યે તારી માફી, અને મારી ભૂલો તરફ તારૂ નજરઅંદાજ કરી દેવું અને મારા ઝુલ્મની સામે તારૂ ભૂલાવી દેવું ,અને મારા ધૃણાસ્પદ કાર્યની સામે તારૂં છુપાવી દેવું અને મારા અઢળક ગુનાહોની સામે તારી ધીરજ એ સમયે કે જયારે જાણતા કે અજાણતા (ગુનાહો) કર્યા હોય મને એ લાલચ અપાવે છે કે હું તારા એ કરમનો સવાલ કરૂં, જેનો હું લાયક નથી, તે કે જેણે પોતાની રહમત વડે મને રિઝ્ક અતા કર્યુ અને તેં તારી (સંપૂર્ણ) કુદરતમાંથી મને દેખાડી દીધુ અને તારી સ્વીકૃતિથી મને ઓળખ કરાવી તેથી મેં ખૂબ જ નિર્ભયતાની સાથે દુઆ (અને) આજીજી શરૂ કરી દીધી છે અને અત્યંત લાગણીપૂર્વક માંગણી કરવા લાગ્યો છું કોઈ પણ ભય કે ખતરા વગર બલ્કે

ભરોસાની સાથે મારા હેતુને તારી સમક્ષ રજૂ કર્યો છે પછી જો મારી દુઆ કબૂલ થવામાં થોડી વાર લાગે છે, તો હું મારી અજ્ઞાનતાના કારણે તારી ઉપર આરોપ કરવા લાગુ છું અને કદાચ તેમાંજ મારા માટે ભલાઈ હોય છે , કારણ કે તમામ કાર્યોના અંજામથી તું સારી રીતે માહિતગાર છે

فَلَمْ اَرَ مَوْلًى كَرِيمًا اَصْبَرَ عَلٰى عَبْدٍ لَئِيمٍ مِنْكَ عَلَيَّ

يَا رَبِّ اِنَّكَ تَدْعُونِيْ فَاُوَلِّيْ عَنْكَ وَ تَتَحَبَّبُ اِلَيَّ

فَاَتَبَغَّضُ اِلَيْكَ وَ تَتَوَدَّدُ اِلَيَّ فَلا اَقْبَلُ مِنْكَ كَاَنَّ لِيَ

التَّطَوُّلَ عَلَيْكَ، فَلَمْ يَمْنَعْكَ ذٰلِكَ مِنَ الرَّحْمَةِ لِيْ وَ

الْاِحْسَانِ اِلَيَّ وَ التَّفَضُّلِ عَلَيَّ بِجُوْدِكَ وَ كَرَمِكَ ،

فَارْحَمْ عَبْدَكَ الْجَاهِلَ وَ جُدْ عَلَيْهِ بِفَضْلِ

اِحْسَانِكَ، اِنَّكَ جَوَادٌ كَرِيْمٌ

બસ ! મે તારી જેવો કરીમ (ઉદાર) મૌલા નથી જોયો જે (મારી જેવા) તુચ્છ્ બંદા (ગુલામ)ને તારી જેમ સહન કરતો હોય અય મારા રબ ! ખરેખર તું મને બોલાવે છે, તો હું તારાથી મોઢું ફેરવી લઉ છું અને તું મને મોહબ્બમતનો ઈઝહાર કરે છે, પરંતુ હું તારી પ્રત્યે નફરતનો વર્તાવ જાહેર કરૂ છું અને તું

મારી સમક્ષ તારી મવદ્દતને દેખાડે છે , તો હું તેનો અસ્વીકાર કરૂ છું ,જાણે કે તારી ઉપર મારો કોઈ ઉપકાર હોય તેમ છતાં આ તમામ બાબતો રહમત અને એહસાન અને બક્ષિસને તારી સખાવત અને તારી ઉદારતાના કારણે મારા સુધી પહોંચતા અટકાવતી નથી તો પછી તારા જાહીલ બંદા ઉપર રહેમ કર અને તારા વધારે એહસાન વડે તેના પર કરમ કર ! ખરેખર તું સખી (અને) કરીમ છે

اَلْحَمْدُ لِلّٰهِ مَالِكِ الْمُلْكِ ، مُجْرِي الْفُلْكِ ، مُسَخِّرِ الرِّيَاحِ ، فَالِقِ الْاِصْبَاحِ ، دَيَّانِ الدِّيْنِ ، رَبِّ الْعَالَمِيْنَ، اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى حِلْمِهٖ بَعْدَ عِلْمِهٖ وَالْحَمْدُ لِلّٰهِ عَلٰى عَفْوِهٖ بَعْدَ قُدْرَتِهٖ وَالْحَمْدُ لِلّٰهِ عَلٰى طُوْلِ اَنَاتِهٖ فِيْ غَضَبِهٖ وَهُوَ قَادِرٌ عَلٰى مَا يُرِيْدُ

(તમામ) વખાણ અલ્લાહ માટે છે, જે મુલ્કનો માલિક છે કશ્તીઓને ચલાવનાર છે હવા ઉપર કાબૂ ધરાવનાર છે (અંધારી રાતના પર્દાને ફાડીને) સુબ્હને રૌશન કરનાર છે કયામતના દિવસનો બાદશાહ છે (તમામ) દુનિયાઓનો પાલનહાર છે. (તમામ) વખાણ અલ્લાહ માટે છે તેની સહનશીલતા પર, બધુ જ જાણતો હોવા પછી પણ અને (તમામ)

વખાણ એ અલ્લાહના તેની સંપૂર્ણ કુદરત હોવા પછી પણ તેના માફ કરવા ઉપર અને (તમામ) વખાણ અલ્લાહ માટે છે તેના ગુસ્સામાં લાંબી ઢીલ મૂકવા બદલ (જેથી બંદો તૌબા કરી લે) જયારે કે તે જે કાંઈ ઈરાદો કરે છે, તે કરવા ઉપર સંપૂર્ણ કુદરત ધરાવે છે

اَلْحَمْدُ لِلّٰهِ خَالِقِ الْخَلْقِ ، بَاسِطِ الرِّزْقِ ، فَالِقِ الْاِصْبَاحِ ، ذِي الْجَلَالِ وَ الْاِكْرَامِ وَ الْفَضْلِ وَ الْاِنْعَامِ ، اَلَّذِيْ بَعُدَ فَلَا يُرٰى وَ قَرُبَ فَشَهِدَ النَّجْوٰى ، تَبَارَكَ وَ تَعَالٰى ، اَلْحَمْدُ لِلّٰهِ الَّذِيْ لَيْسَ لَهٗ مُنَازِعٌ يُعَادِلُهٗ وَ لَا شَبِيْهٌ يُشَاكِلُهٗ وَ لَا ظَهِيْرٌ يُعَاضِدُهٗ ، قَهَرَ بِعِزَّتِهِ الْاَعِزَّاۤءَ وَ تَوَاضَعَ لِعَظَمَتِهِ الْعُظَمَاۤءُ ، فَبَلَغَ بِقُدْرَتِهٖ مَا يَشَاۤءُ .

(તમામ) વખાણ અલ્લાહ માટે , (જે તમામ) મખ્લૂકનો સર્જનહાર (છે) રોઝીની વહેંચણી કરનાર (છે) સુબ્હને રૌશન કરનાર (છે) પ્રભાવશાળી (અને) માનવંત (છે) તેમજ ફઝલવાળો અને નેઅમત આપનાર (છે) તે કે જે એટલો દૂર છે કે જોઈ શકાતો નથી અને એટલો નજદીક છે કે દરેક ભેદનો પણ

ગવાહ છે તે ખૂબ જ બરકતવાળો અને સૌથી ઉચ્ચ છે (તમામ) વખાણ અલ્લાહ માટે છે જેનો કોઈ હરીફ નથી કે તેનો મુકાબલો કરે અને તેની સમાન કોઈ નથી કે તેની જેવા કાર્યો કરે અને ન તેની મદદ કરનાર પણ કોઈ છે કે જે તેનો સાથ આપે તે પોતાની શકિત વડે તમામ શક્તિશાળીઓ ઉપર પ્રભુત્વન ધરાવે છે અને તેની ઉચ્ચતાની સામે દરેક મોટાઓએ પોતાનું માથું નમાવી દીધું છે તે પોતાની કુદરત વડે ઈચ્છે ત્યાં સુધી પહોંચ કરી શકે છે.

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِي يُجِيْبُنِيْ حِيْنَ اُنَادِيْهِ وَ يَسْتُرُ عَلَيَّ كُلَّ عَوْرَةٍ وَ اَنَا اَعْصِيْهِ ، وَ يُعَظِّمُ النِّعْمَةَ عَلَيَّ فَلَا اُجَازِيْهِ ، فَكَمْ مِنْ مَوْهِبَةٍ هَنِيْئَةٍ قَدْ اَعْطَانِيْ وَ عَظِيْمَةٍ مَخُوْفَةٍ قَدْ كَفَانِيْ وَ بَهْجَةٍ مُّوْنِقَةٍ قَدْ اَرَانِيْ ، فَاُثْنِيْ عَلَيْهِ حَامِدًا وَّ اَذْكُرُهٗ مُسَبِّحًا

(તમામ) વખાણ અલ્લાહ માટે છે કે જેને હું જયારે પણ બોલાવું છું તો (તુરંત) જવાબ આપે છે. અને તે મારા દરેક ઐબને ઢાંકી દે છે , જયારે કે હું તેની નાફરમાની કરૂ છું અને તેં મને કીંમતી નેઅમતો અતા કરે છે, (છતાં) હું તેનો કોઈ બદલો પણ નથી આપતો કેટલીય એવી મનગમતી નેઅમતો છે જે

તેણે મને અતા કરી છે અને કેટલાય ચિંતાજનક કાર્યોમાં તે મારા માટે પૂરતો થઈ ગયો અને કેટલીય દિલકશ ખુશીઓ મને દેખાડી તો હું તેની જ હમ્દ કરતાં કરતાં વખાણ કરૂં છું અને હું તેને તસ્બીહ કરતાં કરતાં યાદ કરૂં છું

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِيْ لَا يُهْتَكُ حِجَابُهٗ وَ لَا يُغْلَقُ بَابُهٗ وَ لَا يُرَدُّ سَائِلُهٗ وَ لَا يُخَيَّبُ اٰمِلُهٗ ، اَلْحَمْدُ لِلّٰهِ الَّذِيْ يُؤْمِنُ الْخَائِفِيْنَ وَ يُنَجِّي الصَّالِحِيْنَ وَ يَرْفَعُ الْمُسْتَضْعَفِيْنَ وَ يَضَعُ الْمُسْتَكْبِرِيْنَ وَ يُهْلِكُ مُلُوْكًا وَّ يَسْتَخْلِفُ اٰخَرِيْنَ

(તમામ) વખાણ અલ્લાહ માટે છે જેની હુરમતના પર્દા તોડી શકાતા નથી અને જેના દરવાજાને બંધ કરવામાં નથી આવતો જેની પાસે માંગનારને વંચિત (મહેરૂમ) રાખવામાં નથી આવતો અને જેની આશા રાખનારને નિરાશ કરવામાં નથી આવતો (તમામ) વખાણ અલ્લાહ માટે છે , જે ખૌફઝદાને અમ્ન (સલામતી) અતા કરે છે. અને નેક લોકોને નજાતના રસ્તાઆ ખોલી આપે છે અને લાચારોને બુલંદી અતા કરે છે. અને અભિમાનીઓને પછાડી દે છે અને તે માલિકો (બાદશાહો)ને હલાક કરી અને તેની

જગ્યાએ બીજાને લઈ આવે છે

وَ الْحَمْدُ لِلّٰهِ قَاصِمِ الْجَبَّارِيْنَ ، مُبِيْرِ الظَّالِمِيْنَ ، مُدْرِكِ الْهَارِبِيْنَ ، نَكَالِ الظَّالِمِيْنَ ، صَرِيْخِ الْمُسْتَصْرِخِيْنَ ، مَوْضِعِ حَاجَاتِ الطَّالِبِيْنَ ، مُعْتَمَدِ الْمُؤْمِنِيْنَ، اَلْحَمْدُ لِلّٰهِ الَّذِيْ مِنْ خَشْيَتِهٖ تَرْعَدُ السَّمَاءُ وَ سُكَّانُهَا وَ تَرْجُفُ الْاَرْضُ وَ عُمَّارُهَا وَ تَمُوْجُ الْبِحَارُ وَ مَنْ يَسْبَحُ فِيْ غَمَرَاتِهَا ، اَلْحَمْدُ لِلّٰهِ الَّذِيْ هَدَانَا لِهٰذَا وَ مَا كُنَّا لِنَهْتَدِيَ لَوْ لَا اَنْ هَدَانَا اللّٰهُ

અને (સઘળા) વખાણ અલ્લાહ માટે છે , જે બળજબરી કરનારાઓને તોડી નાખનાર છે ઝાલિમોને પસ્ત કરનાર છે ભાગનારને પકડમાં લઈ લેનાર છે ઝાલિમોને ઈબ્રતનાક સજા આપનાર છે ફરિયાદીઓની ફરિયાદને સંતોષનાર છે માંગણી કરનારની હાજતો પૂરી થવાનું સ્થાન છે મોઅમીનો માટે ભરોસાપાત્ર મંઝિલ છે (સઘળા) વખાણ અલ્લાહ માટે છે કે જેના ડરથી આસ્માન અને આસ્માનના રહેવાસીઓ કાંપે છે અને જમીન તથા

તેના રહેવાસીઓ ધ્રુજી રહ્યા છે. અને દરિયા તથા તેની ઘનઘોર ઊંડાઈમાં વસનારા ધ્રુજી રહયા છે (તમામ) વખાણ અલ્લાહ માટે છે જેણે આપણને આ હિદાયત આપી છે અને જો અલ્લાહે આપણને હિદાયત ન આપી હોત, તો કદાપિ આપણે હિદાયત ન પામત

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِيْ يَخْلُقُ وَلَمْ يُخْلَقْ وَيَرْزُقُ وَلَا يُرْزَقُ وَيُطْعِمُ وَلَا يُطْعَمُ وَيُمِيْتُ الْاَحْيَاءَ وَيُحْيِيْ الْمَوْتٰى وَهُوَ حَيٌّ لَا يَمُوْتُ ، بِيَدِهِ الْخَيْرُ وَهُوَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ

(સઘળા) વખાણ છે એ અલ્લાહના જેણે (સર્વેને) પેદા કર્યા અને તેને કોઈએ પેદા કરેલ નથી અને તે (સર્વેને) રોઝી આપે છે અને તેને રોઝી આપવામાં આવતી નથી અને તે (બધાને) ખવડાવે છે અને તેને ખવડાવવામાં આવતુ નથી અને તે જીવંતને મૌત આપે છે અને તે મુર્દાઓને જીવંત કરે છે અને તે એવો જીવંત છે જેને કદી મૌત નથી અને ભલાઈ ફકત તેના હાથમાં છે અને તે દરેક ચીજ ઉપર સંપૂર્ણ કુદરત ધરાવે છે

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ عَبْدِكَ وَرَسُوْلِكَ وَاَمِيْنِكَ وَ

صَفِيِّكَ وَ حَبِيْبِكَ وَ خِيَرَتِكَ مِنْ خَلْقِكَ وَ حَافِظِ
سِرِّكَ وَ مُبَلِّغِ رِسَالَاتِكَ ، اَفْضَلَ وَ اَحْسَنَ وَ اَجْمَلَ وَ
اَكْمَلَ وَ اَزْكٰى وَ اَنْمٰى وَ اَطْيَبَ وَ اَطْهَرَ وَ اَسْنٰى وَ
اَكْثَرَ مَا صَلَّيْتَ وَ بَارَكْتَ وَ تَرَحَّمْتَ وَ تَحَنَّنْتَ وَ
سَلَّمْتَ عَلٰى اَحَدٍ مِنْ عِبَادِكَ وَ اَنْبِيَائِكَ وَ رُسُلِكَ وَ
صِفْوَتِكَ وَ اَهْلِ الْكَرَامَةِ عَلَيْكَ مِنْ خَلْقِكَ

અય અલ્લાહ! સલવાત મોકલ તારા બંદા , અને તારા રસૂલ , અને તારા અમીન , અને તારા ચૂંટાયેલા, અને તારા વહાલા હઝરત મોહમ્મદ (સ.અ.વ.) ઉપર અને (જે) તારી મખ્લુકમાં સૌથી શ્રેષ્ઠ છે અને તારા રહસ્યોનું રક્ષણ કરનાર છે અને તારા સંદેશાને પહોંચાડનાર છે એવી સલવાત જે બહેતરીન, શ્રેષ્ઠ, ખૂબસૂરત, સંપૂર્ણ, સૌથી પવિત્ર , પાકીઝા, બુલંદ (અને) ઘણી વધારે હોય , એવી સલવાત કે તેં મોકલી હોય અને બરકત અતા કરી હોય અને રહમત નાઝીલ કરી હોય અને સલામ કરી હોય કોઈ પણ નબીઓમાંથી , રસૂલોમાંથી, પસંદ કરેલા બંદાઓમાંથી કે જે તારી મખ્લૂકમાંથી માનનીય હોય જેની ઉપર નાઝીલ કરી હોય

اَللّٰهُمَّ وَ صَلِّ عَلٰى عَلِيٍّ اَمِيْرِ الْمُؤْمِنِيْنَ وَ وَصِيِّ

رَسُوْلِ رَبِّ الْعَالَمِيْنَ ، عَبْدِكَ وَ وَلِيِّكَ وَ اَخِيْ

رَسُوْلِكَ وَ حُجَّتِكَ عَلٰى خَلْقِكَ وَ اٰيَتِكَ الْكُبْرٰى وَ

النَّبَاِ الْعَظِيْمِ ، وَصَلِّ عَلَى الصِّدِّيْقَةِ الطَّاهِرَةِ

فَاطِمَةَ سَيِّدَةِ نِسَاءِ الْعَالَمِيْنَ ، وَصَلِّ عَلٰى سِبْطَيِ

الرَّحْمَةِ وَاِمَامَيِ الْهُدٰى الْحَسَنِ وَ الْحُسَيْنِ

سَيِّدَيْ شَبَابِ اَهْلِ الْجَنَّةِ ، وَصَلِّ عَلٰى اَئِمَّةِ

الْمُسْلِمِيْنَ عَلِيِّ بْنِ الْحُسَيْنِ وَ مُحَمَّدِ بْنِ عَلِيٍّ وَ

جَعْفَرِ بْنِ مُحَمَّدٍ وَّ مُوْسَى بْنِ جَعْفَرٍ وَّ عَلِيِّ بْنِ

مُوْسٰى وَ مُحَمَّدِ بْنِ عَلِيٍّ وَّ عَلِيِّ بْنِ مُحَمَّدٍ وَّ الْحَسَنِ

بْنِ عَلِيٍّ وَّ الْخَلَفِ الْهَادِي الْمَهْدِيِّ حُجَجِكَ عَلٰى

عِبَادِكَ وَ اُمَنَائِكَ فِيْ بِلَادِكَ صَلَاةً كَثِيْرَةً دَائِمَةً

અય અલ્લાહ! સલવાત મોકલ અલી (અ.) ઉપર જેઓ મોઅમીનોના અમીર છે અને દુનિયાઓના પાલનહારના રસૂલના વારસદાર છે (જે) તારા બંદા, તારા વલી , તારા રસૂલ(સ.અ.વ.)ના ભાઈ અને તારી મખ્લૂક ઉપર તારી હુજ્જત છે અને તારી મહાન નિશાની છે અને માનવંત ખબર છે અને સલવાત મોકલ સૌથી સાચા પવિત્ર જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની ઉપર જેઓ દુનિયાઓની (તમામ) સ્ત્રીઓના સરદાર છે અને સલવાત મોકલ રસૂલ (સ.અ.વ.)ના બંને નવાસા હસન (અ.) અને હુસૈન (અ.) ઉપર જેઓ હિદાયતના ઈમામ છે (જેઓ) જન્નતના જવાનોના સરદાર છે અને સલવાત મોકલ મુસલમાનોના ઈમામો (અલય્હેમુસ્સલામ) ઉપર , અલી ઈબ્ને હુસૈન (અ.) ઉપર અને મોહમ્મદ ઈબ્ને અલી (અ.) ઉપર અને જઅફર ઈબ્ને મોહમ્મદ (અ.મુ.) ઉપર અને મૂસા ઈબ્ને જઅફર (અ.) ઉપર અને અલી ઈબ્ને મૂસા (અ.) ઉપર અને મોહમ્મદ ઈબ્ને અલી (અ.) ઉપર અને અલી ઈબ્ને મોહમ્મદ (અ.) ઉપર અને હસન ઈબ્ને અલી (અ.) ઉપર અને ઈમામોના વારસદાર, હાદી, મહદી (અ.) ઉપર જેઓ (બધા) તારા બંદાઓ ઉપર તારી હુજ્જત છે અને તારા શહેરોમાં તારા અમીન છે. (તેઓ દરેક ઉપર) અનંત અને નિરંતર સલવાત મોકલ

اَللّٰهُمَّ وَ صَلِّ عَلىٰ وَلِيِّ اَمْرِكَ ، اَلْقَائِمِ الْمُؤَمَّلِ وَ

الْعَدْلِ الْمُنْتَظَرِ وَ حُفَّهُ بِمَلَائِكَتِكَ الْمُقَرَّبِيْنَ وَ

اَيِّدْهُ بِرُوْحِ الْقُدُسِ ، يَا رَبَّ الْعَالَمِيْنَ ، اَللّٰهُمَّ

اجْعَلْهُ الدَّاعِيَ اِلىٰ كِتَابِكَ وَ الْقَائِمَ بِدِيْنِكَ

اسْتَخْلِفْهُ فِي الْاَرْضِ كَمَا اسْتَخْلَفْتَ الَّذِيْنَ مِنْ

قَبْلِهِ ، مَكِّنْ لَهُ دِيْنَهُ الَّذِي ارْتَضَيْتَهُ لَهُ ، اَبْدِلْهُ

مِنْ بَعْدِ خَوْفِهِ اَمْنًا ، يَعْبُدُكَ لَا يُشْرِكُ بِكَ شَيْئًا .

અય અલ્લાહ ! અને સલવાત મોકલ તારા ‘વલીએ અમ્ર’પર જે કયામ કરનારા છે અને જેમની સાથે ઉમ્મીદ જોડાયેલી છે. અને તે ન્યાયી (ઈમામ) જેમની રાહ જોવામાં આવી રહી છે અને તેમને તારા મુકર્રબ (માનવંત) ફરિશ્તાઓના ઘેરાવમાં લઈ લે અને ‘રૂહુલ કુદુસ’ મારફત તેમની સહાય કર અય (તમામ) દુનિયાઓના પાલનહાર ! અય અલ્લાહ ! તેમને તારી કિતાબ તરફ બોલાવનાર અને તારા દીનની સાથે કયામ કરનાર બનાવ તેમને પૃથ્વી ઉપર એવી રીતે ખલીફા બનાવી દે , જેવી રીતે તેં

અગાઉના લોકો (પયગમ્બનરો અને ઈમામો)ને બનાવ્યા હતા. તેમના માટે આ દીન (ઈસ્લામ)ને પ્રભુત્વતશાળી બનાવી દે, જે દીનને તેં તેમના માટે પસંદ કર્યો છે તેમના ખૌફને અમન (શાંતિ)માં ફેરવી દે, જેથી ફકત તારી જ ઈબાદત થાય અને કોઈ ચીજને તારો શરીક બનાવવામાં ન આવે

اَللّٰهُمَّ اَعِزَّهٗ وَ اَعْزِزْ بِهٖ وَ انْصُرْهُ وَ انْتَصِرْ بِهٖ وَ

انْصُرْهُ نَصْرًا عَزِيْزًا ، وَ افْتَحْ لَهٗ فَتْحًا يَسِيْرًا ، وَ

اجْعَلْ لَهٗ مِنْ لَدُنْكَ سُلْطَانًا نَصِيْرًا ، اَللّٰهُمَّ اَظْهِرْ

بِهٖ دِيْنَكَ وَ سُنَّةَ نَبِيِّكَ حَتّٰى لَا يَسْتَخْفِيَ بِشَيْءٍ

مِنَ الْحَقِّ مَخَافَةَ اَحَدٍ مِنَ الْخَلْقِ

અય અલ્લાહ ! તેમને શકિત અતા કર અને તેમના થકી બીજાઓને પણ શકિત અતા કર અને તેમની મદદ કર અને તેમના થકી બીજાઓથી ઇન્તેકામ લે અને તેમને અપરાજિત મદદ અતા કર અને તેમને આસાન અને સરળ વિજય અતા કર અને તેમને તારા તરફથી મદદરૂપ સત્તા અતા કર અય અલ્લાહ! તેમના વડે તારા દીનને અને તારા નબી (સ.અ.વ.)ની સુન્નતને જાહેર કર ત્યાં સુધી કે હક કોઈ પણ મખ્લૂકથી છુપાએલુ ન રહે

اَللّٰهُمَّ اِنَّا نَرْغَبُ اِلَيْكَ فِيْ دَوْلَةٍ كَرِيْمَةٍ تُعِزُّ بِهَا
الْاِسْلَامَ وَ اَهْلَهٗ وَ تُذِلُّ بِهَا النِّفَاقَ وَ اَهْلَهٗ وَ تَجْعَلُنَا
فِيْهَا مِنَ الدُّعَاةِ اِلٰى طَاعَتِكَ وَ الْقَادَةِ اِلٰى سَبِيْلِكَ وَ
تَرْزُقُنَا بِهَا كَرَامَةَ الدُّنْيَا وَ الْاٰخِرَةِ ،
اَللّٰهُمَّ مَا عَرَّفْتَنَا مِنَ الْحَقِّ فَحَمِّلْنَاهُ وَ مَا قَصُرْنَا
عَنْهُ فَبَلِّغْنَاهُ

અય અલ્લાહ! ખરેખર અમો તારી પાસે ઈઝ્ઝતવાળા એ રાજયની ઈચ્છા ધરાવીએ છીએ જેના વડે ઈસ્લામ અને ઈસ્લાંમવાળાને ઈઝઝત પ્રાપ્ત થાય અને નિફાક (દંભ) અને નિફાક રાખનારાઓ અપમાનિત થાય અને અમને તેમાં તારી ઈતાઅત તરફ બોલાવનારા અને તારા માર્ગના રહેબર બનાવી દે અને તેમના વડે અમને દુનિયા અને આખેરતની કરામત (ઈઝઝત) અતા કર અય અલ્લાહ! જે કાંઈ સત્ય (હક) બાબતોની ઓળખ તેં કરાવી આપી છે તેને સ્વીકારી લેવાની શકિત અતા કર ! અને જેના સુધી અમે નથી પહોંચી શકયા, ત્યાં સુધી અમને પહોંચાડી દે

اَللّٰهُمَّ الْمُمْ بِهٖ شَعَثَنَا ، وَ اشْعَبْ بِهٖ صَدْعَنَا ، وَ

ارْتُقْ بِهٖ فَتْقَنَا ، وَكَثِّرْ بِهٖ قِلَّتَنَا ، وَاَعْزِزْ بِهٖ ذِلَّتَنَا ، وَاَغْنِ بِهٖ عَائِلَنَا ، وَاقْضِ بِهٖ عَنْ مَغْرَمِنَا وَاجْبُرْ بِهٖ فَقْرَنَا ، وَسُدَّ بِهٖ خَلَّتَنَا ، وَيَسِّرْ بِهٖ عُسْرَنَا ، وَ بَيِّضْ بِهٖ وُجُوْهَنَا ، وَفُكَّ بِهٖ اَسْرَنَا ، وَ اَنْجِحْ بِهٖ طَلِبَتَنَا ، وَ اَنْجِزْ بِهٖ مَوَاعِيْدَنَا ، وَاسْتَجِبْ بِهٖ دَعْوَتَنَا ، وَ اَعْطِنَا بِهٖ سُؤْلَنَا ، وَبَلِّغْنَا بِهٖ مِنَ الدُّنْيَا وَالْاٰخِرَةِ اٰمَالَنَا ، وَاَعْطِنَا بِهٖ فَوْقَ رَغْبَتِنَا

અય અલ્લાહ! તેમના (ઈમામ અ. ના) વડે અમારા વિખેરાયેલા કાર્યોને સુવ્યવસ્થિત બનાવી દે અને તેમના વડે અમારી તિરાડોને ભરી દે અને તેમના વડે અમારા વિખેરાયેલા કાર્યોને ગોઠવી દે અને તેમના ઝરીએ અમારી ઓછી સંખ્યાને વધારેમાં ફેરવી નાખ અને તેમના મારફત અમારી ઝિલ્લોતને ઈઝઝતમાં ફેરવી દે અને તેમના વડે અમારી ગરીબીને અમીરીમાં ફેરવી દે અને તેમના ઝરીએ અમારા કર્ઝને અદા કરી દે અને તેમના મારફત અમારી ફકીરીને દૂર કરી દે અને તેમના ઝરીએ અમારી હાજતોને પૂરી કરી દે અને તેમના વડે અમારી તંગીને દૂર કરી દે અને તેમના ઝરીએ

અમારા ચહેરા નૂરાની બનાવી દે અને તેમના વડે અમારા કૈદીઓને મુક્તિ આપ અને તેમના વડે અમારી માંગણીઓને સફળતા આપ અને તેમના મારફત અમારા વાયદાઓને પરીપૂર્ણ બનાવી દે અને તેમના ઝરીએ અમારી દુઆઓને કબૂલ કર અને તેમના વડે અમારી માંગણીઓને પૂરી કર અને તેમના ઝરીએ અમને અમારી દુનિયા અને આખેરતની ઉમ્મીદો સુધી પહોંચાડી દે અને તેમના મારફત અમને અમારી અપેક્ષા કરતાં ઘણુ વધારે અતા કર

يَا خَيْرَ الْمَسْئُوْلِيْنَ وَ اَوْسَعَ الْمُعْطِيْنَ ، اِشْفِ بِهٖ صُدُوْرَنَا ، وَ اَذْهِبْ بِهٖ غَيْظَ قُلُوْبِنَا ، وَ اهْدِنَا بِهٖ لِمَا اخْتُلِفَ فِيْهِ مِنَ الْحَقِّ بِاِذْنِكَ ، اِنَّكَ تَهْدِيْ مَنْ تَشَاءُ اِلٰى صِرَاطٍ مُّسْتَقِيْمٍ ، وَ انْصُرْنَا بِهٖ عَلٰى عَدُوِّكَ وَ عَدُوِّنَا ، اِلٰهَ الْحَقِّ اٰمِيْنَ

અય તે કે જેની પાસે માંગણી કરવામાં આવે છે , તેઓમાં સૌથી શ્રેષ્ઠ અને એના કરતાં વધારે અતા કરનાર, તેમના (ઈમામ અ. ના) વડે અમારા દિલોને શિફા અતા કર અને તેમના વડે અમારા દિલોના ગઝબને દૂર કરી દે જે હક (સત્ય)

બાબતોમાં વિરોધાભાસ (ઈખ્તેલાફ) કરવામાં આવ્યો છે તેમાં તેમના વડે તારી પરવાનગીથી અમને હિદાયત આપ બેશક તું જેને ચાહો તેને સીધા રસ્તાનું માર્ગદર્શન આપે છે અને તેમના વડે અમને તારા અને અમારા દુશ્મેનો સામે મદદ અતા કર અય સાચા મઅબૂદ આમીન

اَللّٰهُمَّ اِنَّا نَشْكُوْ اِلَيْكَ فَقْدَ نَبِيِّنَا صَلَوَاتُكَ عَلَيْهِ وَ اٰلِهٖ ، وَ غَيْبَةَ وَلِيِّنَا وَ كَثْرَةَ عَدُوِّنَا وَ قِلَّةَ عَدَدِنَا وَ شِدَّةَ الْفِتَنِ بِنَا وَ تَظَاهُرَ الزَّمَانِ عَلَيْنَا ، فَصَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِهٖ وَ اَعِنَّا عَلٰى ذٰلِكَ بِفَتْحٍ مِنْكَ تُعَجِّلُهٗ ، وَ بِضُرٍّ تَكْشِفُهٗ ، وَ نَصْرٍ تُعِزُّهٗ ، وَ سُلْطَانِ حَقٍّ تُظْهِرُهٗ ، وَ رَحْمَةٍ مِنْكَ تُجَلِّلُنَاهَا ، وَ عَافِيَةٍ مِنْكَ تُلْبِسُنَاهَا ، بِرَحْمَتِكَ يَا اَرْحَمَ الرَّاحِمِيْنَ

અય અલ્લાહ ખરેખર અમો તારી પાસે ફરીયાદ કરીએ છીએ અમારા નબી (સ.અ.વ.)ના ન હોવાની , - તેમની ઉપર અને તેમની આલ ઉપર તારી સલવાત થાય- અને ફરીયાદ કરીએ છીએ અમારા વલીની ગયબતની અને અમારા દુશ્મનો વધારે હોવાની અને અમારી સંખ્યા ઓછી હોવાની અને

ફિત્નાઇઓ અત્યંત સખ્ત હોવાની અને ઝમાના અમારી વિરૂધ્ધા એક થઈ જવાની બસ સલવાત મોકલ મોહમ્મદ (સ.અ.વ.) અને તેમના વંશજો ઉપર અને અમારી મદદ કર એવી કામિયાબી વડે જે તું અમને જલ્દી અતા કર અને અમારા નુકસાનોને દૂર કરીને , એવી મદદ થકી જે પ્રભુત્વશાળી હોય અને હક (સત્ય )ના સામ્રાજય થકી જેને તું જાહેર કર અને તારી રહમતના વસીલાથી તું અમને તેમાં ઢાંકી દે અને તારી આફેયત (સલામતી) વડે , જેનો પોશાક તું અમને પહેરાવી દે તારી રહમત વડે , અય સૌથી વધારે રહેમ કરનાર

## દુઆએ અબુ હમઝા સુમાલી

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اِلٰهِيْ لَا تُؤَدِّبْنِيْ

بِعُقُوْبَتِكَ وَ لَا تَمْكُرْ بِيْ فِيْ حِيْلَتِكَ ، مِنْ اَيْنَ لِيَ

الْخَيْرُ يَا رَبِّ وَ لَا يُوْجَدُ اِلَّا مِنْ عِنْدِكَ ، وَ مِنْ اَيْنَ

لِيَ النَّجَاةُ وَ لَا تُسْتَطَاعُ اِلَّا بِكَ ، لَا الَّذِيْ اَحْسَنَ

اسْتَغْنٰى عَنْ عَوْنِكَ وَ رَحْمَتِكَ ، وَ لَا الَّذِيْ اَسَاءَ وَ

اجْتَرَاَ عَلَيْكَ وَ لَمْ يُرْضِكَ خَرَجَ عَنْ قُدْرَتِكَ ، يَا

رَبِّ يَا رَبِّ يَا رَبِّ...

(શ્વાસ ન તૂટે ત્યાં સુધી પુકારતું રહેવું...યા રબ્બે, યા રબ્બે....)

તરજુમો : (શરૂ કરૂ છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય મારા અલ્લાહ ! તારા અઝાબથી અદબ ન શીખવ , અને એટલી છૂટ ન આપ કે જેથી હું ગફલતમાં રહી જાવ. અય મારા અલ્લાહ ! જો ભલાઇ તારા પાસેથી નહી મળે તો પછી ક્યાંથી મળશે ? જો તારા દરવાજાથી દોઝખથી નજાત નહી મળે તો પછી ક્યાંથી મળશે ? તે તારા સિવાય બીજા કોઇ પાસે નથી , અય અલ્લાહ ! તારા નેક બંદાઓને પણ તારી મદદ અને રહમતની જરૂરત પડે છે , અને લોકો ખરાબ કામ અને તારી નાફરમાનીની હિમ્મત કરે છે , અને તારાથી રાજી નથી તે તમામ લોકો તારી કુદરતની બાહર નથી, અય મારા પાલનહાર... (શ્વાસ ન તૂટે ત્યાં સુધી પુકારતું રહેવું... અય મારા પાલનહાર..)

بِكَ عَرَفْتُكَ وَ اَنْتَ دَلَلْتَنِيْ عَلَيْكَ وَ دَعَوْتَنِيْ اِلَيْكَ وَ

لَوْ لَا اَنْتَ لَمْ اَدْرِ مَا اَنْتَ ، اَلْحَمْدُ لِلّٰهِ الَّذِيْ اَدْعُوْهُ

فَيُجِيْبُنِيْ وَاِنْ كُنْتُ بَطِيْئًا حِيْنَ يَدْعُوْنِيْ ، وَالْحَمْدُ

لِلّٰهِ الَّذِيْ اَسْاَلُهٗ فَيُعْطِيْنِيْ وَاِنْ كُنْتُ بَخِيْلًا حِيْنَ

يَسْتَقْرِضُنِيْ ، وَالْحَمْدُ لِلّٰهِ الَّذِيْ اُنَادِيْهِ كُلَّمَا شِئْتُ

لِحَاجَتِيْ وَاَخْلُوْ بِهٖ حَيْثُ شِئْتُ لِسِرِّيْ بِغَيْرِ شَفِيْعٍ

فَيَقْضِيْ لِيْ حَاجَتِيْ ، وَالْحَمْدُ لِلّٰهِ الَّذِيْ لَا اَدْعُوْ غَيْرَهٗ

وَلَوْ دَعَوْتُ غَيْرَهٗ لَمْ يَسْتَجِبْ لِيْ دُعَائِیْ ،

તને હું એ તારાથી જ ઓળખયો , અને તેજ મારી રહનુમાઇ કરીને તારી તરફ બોલાવ્યો છે , જો તું મારી હિદાયત ન કરત તો મને ખબર પણ ન પડત કે તું કોણ છે ? વખાણ છે તે ખુદાના કે જ્યારે તેને પુકારૂ છું તો મને જવાબ આપે છે, અને જયારે તેની બારગાહમાં મને બોલાવે છે તો હું આળસ કરૂં છું, વખાણ છે તે ખુદાના કે જ્યારે તેના પાસે માંગું છું તો મને અતા કરે છે, અને જ્યારે તે મારા પાસે કર્ઝ માંગે છે તો હું કંજૂસી કરૂં છું, વખાણ છે તે ખુદાના કે જ્યારે ચાહું જે જગ્યાએ ચાહું તેને પુકારી શકું , મને બીજા કોઇની જરૂરત નથી , અને તું મારી હાજતને પૂરી કરે છે , (જ્યારે કે હું તેના લાયક જ નથી) , વખાણ છે તે ખુદાના કે હું ફકત તેને જ પુકારૂં છું , જો તેના સિવાય બીજા કોઇને પુકારૂં તો પણ તેં

મારી દુઆ કબૂલ નહી કરે,

وَ الْحَمْدُ لِلّٰهِ الَّذِيْ لَا اَرْجُوْ غَيْرَهٗ وَ لَوْ رَجَوْتُ غَيْرَهٗ لَاَخْلَفَ رَجَائِیْ ، وَ الْحَمْدُ لِلّٰهِ الَّذِيْ وَكَلَنِيْ اِلَيْهِ فَاَكْرَمَنِيْ وَ لَمْ يَكِلْنِيْ اِلَى النَّاسِ فَيُهِيْنُوْنِيْ ، وَ الْحَمْدُ لِلّٰهِ الَّذِيْ تَحَبَّبَ اِلَيَّ وَ هُوَ غَنِيٌّ عَنِّيْ ، وَ الْحَمْدُ لِلّٰهِ الَّذِيْ يَحْلُمُ عَنِّيْ حَتّٰى كَاَنِّيْ لَا ذَنْبَ لِيْ فَرَبِّيْ اَحْمَدُ شَيْءٍ عِنْدِيْ وَ اَحَقُّ بِحَمْدِيْ .

વખાણ છે તે ખુદાના કે હુંએ તારા સિવાય બીજા કોઇથી ઉમ્મીદ નથી રાખી , કેમ કે જો બીજાથી ઉમ્મીદ રાખું તો તેઓ નાઉમ્મીદ કરી દે છે વખાણ છે તે ખુદાના કે પોતાના પાસે બોલાવીને ઇઝ્ઝત અતા કરી, અને જો મને લોકોના હવાલે કર્યો હોત તો લોકો મને ઝલીલ કરી દેત , વખાણ છે તે અલ્લાહના કે જે મારાથી મોહબ્બત કરે છે જ્યારે કે તેને મારી કોઇ જરૂરત નથી , વખાણ છે તે અલ્લાહના કે મુજ (ગુનેહગાર)થી એવો નરમ વર્તાવ કરે છે જાણે મે કોઇ ગુનાહ કર્યો જ નથી , બસ મારો પરવરદિગાર મારા માટે દરેક કરતાં વધારે વખાણ અને શુક્રના લાયક છે,

اَللّٰهُمَّ اِنِّيْ اَجِدُ سُبُلَ الْمَطَالِبِ اِلَيْكَ مُشْرَعَةً ، وَ مَنَاهِلَ الرَّجَاءِ اِلَيْكَ مُتْرَعَةً ، وَالْاِسْتِعَانَةَ بِفَضْلِكَ لِمَنْ اَمَّلَكَ مُبَاحَةً ، وَاَبْوَابَ الدُّعَاءِ اِلَيْكَ لِلصَّارِخِيْنَ مَفْتُوْحَةً ، وَاَعْلَمُ اَنَّكَ لِلرَّاجِيْ بِمَوْضِعِ اِجَابَةٍ ، وَلِلْمَلْهُوْفِيْنَ بِمَرْصَدِ اِغَاثَةٍ ، وَاَنَّ فِيْ اللَّهْفِ اِلٰى جُوْدِكَ وَالرِّضَا بِقَضَائِكَ عِوَضًا مِنْ مَنْعِ الْبَاخِلِيْنَ ، وَمَنْدُوْحَةً عَمَّا فِيْ اَيْدِي الْمُسْتَأْثِرِيْنَ ، وَاَنَّ الرَّاحِلَ اِلَيْكَ قَرِيْبُ الْمَسَافَةِ وَاَنَّكَ لَا تَحْتَجِبُ عَنْ خَلْقِكَ اِلَّا اَنْ تَحْجُبَهُمُ الْاَعْمَالُ دُوْنَكَ ،

અય મઅબૂદ ! તારી તરફ જે આવવા ચાહે તેના માટે બધા રસ્તા ખુલ્લા છે. અને તારી સખાવતથી ઘણી ઉમ્મીદો છે, તારા ફઝલો કરમથી દરેક ઉમ્મીદ રાખનારની મદદ બેહિસાબ કરવામાં આવે છે , અને ફરિયાદ કરનારાઓની દુઆઓ માટે તારા દરવાજા ખુલ્લા છે, અને હું જાણું છું કે તું ફરિયાદ કરનારની હાજતને પૂરી કરનાર છે , મુસીબતોમાં

ફસાએલાઓની ફરિયાદને સાંભળનાર છે , તારી સખાવતની ઇલ્તેમાસ કરવી અને તારા ફેંસલા પર રાઝી રહેવું કંજૂસોથી બચવાનું કારણ , અને તમામ માલદારોની ખુશામદથી બચવાનો રસ્તો છે, જે તારા તરફ આવવા ચાહે તેના માટે રસ્તો બહુજ ટૂંકો છે અને તું તારા બંદાઓથી છુપો નથી પરંતુ તેમના ખરાબ આમાલે તેમને તારાથી દૂર રાખ્યો છે,

وَ قَدْ قَصَدْتُ اِلَيْكَ بِطَلِبَتِيْ وَ تَوَجَّهْتُ اِلَيْكَ

بِحَاجَتِيْ وَ جَعَلْتُ بِكَ اسْتِغَاثَتِيْ وَ بِدُعَائِكَ تَوَسُّلِيْ

مِنْ غَيْرِ اسْتِحْقَاقٍ لِاِسْتِمَاعِكَ مِنِّيْ وَ لَا اسْتِيْجَابٍ

لِعَفْوِكَ عَنِّيْ بَلْ لِثِقَتِيْ بِكَرَمِكَ وَ سُكُوْنِيْ اِلٰى صِدْقِ

وَعْدِكَ وَ لَجَئِيْ اِلَى الْاِيْمَانِ بِتَوْحِيْدِكَ وَ يَقِيْنِيْ

بِمَعْرِفَتِكَ مِنِّيْ اَنْ لَا رَبَّ لِيْ غَيْرُكَ وَ لَا اِلٰهَ لِيْ اِلَّا

اَنْتَ وَحْدَكَ لَا شَرِيْكَ لَكَ ، اَللّٰهُمَّ اَنْتَ الْقَائِلُ وَ

قَوْلُكَ حَقٌّ وَّ وَعْدُكَ صِدْقٌ وَ اَسْأَلُوا اللهَ مِنْ فَضْلِهٖ

اِنَّ اللّٰهَ كَانَ بِكُمْ رَحِيْمًا ، وَلَيْسَ مِنْ صِفَاتِكَ يَا

سَيِّدِيْ اَنْ تَأْمُرَ بِالسُّؤَالِ وَتَمْنَعَ الْعَطِيَّةَ وَاَنْتَ

الْمَنَّانُ بِالْعَطِيَّاتِ عَلٰى اَهْلِ مَمْلَكَتِكَ

હું મારા મતલબો લઇને તારી પાસે હાજર થયો છું , અને મારી હાજતો પૂરી થવાની આશા ફકત તારાથી જ છે , અને મારી ફરિયાદ તારી બારગાહમાં છે , મારી દુઆનો વસીલો ફકત તારી કરીમ ઝાત છે , જ્યારે કે ન તો હું એ કાબિલ છું કે મારી હાજતને સાંભળવામાં આવે, અને ન એ લાયક છું કે મને માફ કરવામાં આવે, પરંતું મને તારા રહમો કરમ ઉપર , અને તારા સાચા વાયદા ઉપર પૂરો ભરોસો છે , તારી તવહીદ ઉપર ઇમાન મારા માટે પનાહની જગ્યા છે, અને તને ઓળખીને યકીન સાથે કહું છું કે તારા સિવાય બીજો કોઇ પરવરદિગાર નથી , અને ન તો તારા સિવાય બીજો કોઇ મઅબૂદ છે , તું તો ફકત એકલો જ છે અને તારો કોઇ ભાગીદાર નથી , પરવરદિગાર ! તારૂં જ ફરમાન છે અને તારૂં કહેવું સહી અને તારો વાયદો સાચો છે કે ‘અલ્લાહથી તેના ફઝલનો સવાલ કરો , બેશક ખુદા તમારા ઉપર ઘણોજ મહેરબાન છે ,’ અને અય મારા સરદાર ! તારી શાનના વિરૂધ્ધ છે કે માંગવાનું તો કહે અને

પછી તેને અતા ન કર  , જ્યારે કે તારી હુકૂમતમાં રહેનારને વારંવાર આપે છે,

وَ الْعَائِدُ عَلَيْهِمْ بِتَحَنُّنِ رَأْفَتِكَ ، اِلٰهِي رَبَّيْتَنِيْ فِيْ نِعَمِكَ وَ اِحْسَانِكَ صَغِيْرًا وَّ نَوَّهْتَ بِاسْمِيْ كَبِيْرًا ، فَيَا مَنْ رَبَّانِيْ فِي الدُّنْيَا بِاِحْسَانِهٖ وَ تَفَضُّلِهٖ وَ نِعَمِهٖ وَ اَشَارَ لِيْ فِي الْاٰخِرَةِ اِلٰى عَفْوِهٖ وَ كَرَمِهٖ مَعْرِفَتِيْ ، يَا مَوْلَايَ دَلِيْلِيْ عَلَيْكَ وَ حُبِّيْ لَكَ شَفِيْعِيْ اِلَيْكَ وَ اَنَا وَاثِقٌ مِنْ دَلِيْلِيْ بِدَلَالَتِكَ وَ سَاكِنٌ مِنْ شَفِيْعِيْ اِلٰى شَفَاعَتِكَ ، اَدْعُوْكَ يَا سَيِّدِيْ بِلِسَانٍ قَدْ اَخْرَسَهٗ ذَنْبُهٗ ، رَبِّ اُنَاجِيْكَ بِقَلْبٍ قَدْ اَوْبَقَهٗ جُرْمُهٗ ، اَدْعُوْكَ يَا رَبِّ رَاهِبًا رَاغِبًا رَاجِيًا خَائِفًا ، اِذَا رَاَيْتُ مَوْلَايَ ذُنُوْبِيْ فَزِعْتُ ، وَ اِذَا رَاَيْتُ كَرَمَكَ طَمِعْتُ

અને તારી મહેરબાનીઓથી તેઓનું પૂરતું ધ્યાન પણ રાખે છે , તો અય મારા અલ્લાહ ! બચપનમાં ખુબજ નેઅમતો આપીને મારા ઉપર મોટો એહસાન

કર્યો અને મારી પરવરીશ કરી , અને જ્યારે હું મોટો થયો તો મને શોહરત અતા કરી , અય તે ઝાત કે દુનિયામાં એહસાન કરીને, ફઝલો કરમથી પરવરીશ કરી, અને આખેરતમાં માફી અને મહેરબાની આપવાનો ઇશારો કર્યો છે, અય મારા મૌલા ! તારી ઓળખાણ મારા માટે રહનુમા છે , અને મારી મોહબ્બત તારાથી શફાઅત કરનાર છે , અને તારા સુધી લઇ જનાર આ રહેબર ઉપર અને શફાઅત કરનાર શફીઅ ઉપર મને પૂરતો ભરોસો છે , અય મારા સરદાર ! તને એ જબાનથી પુકારૂં છું કે જે ગુનાહોના કારણે અટકે છે , પરવરદિગાર તારી બારગાહમાં એ દિલથી મુનાજાત કરૂં છું કે જેને ગુનાહોએ બરબાદ કર્યુ છે , અય પાલનહાર ! મારી આ દુઆમાં ખૌફ પણ છે અને ઉમ્મીદ પણ છે , અય મારા મૌલા જ્યારે મારા ગુનાહો તરફ જોવું છું તો ગભરાઇ જાઉં અને જયારે તારા રહમો કરમ તરફ નજર કરૂં છું તો ઉમ્મીદ બંધાઈ જાય છે,

فَاِنْ عَفَوْتَ فَخَيْرُ رَاحِمٍ وَّاِنْ عَذَّبْتَ فَغَيْرُ ظَالِمٍ ،

حُجَّتِيْ يَا اَللّٰهُ فِيْ جُرْاَتِيْ عَلٰى مَسْاَلَتِكَ مَعَ اِتْيَانِيْ مَا

تَكْرَهُ جُوْدُكَ وَكَرَمُكَ وَعُدَّتِيْ فِيْ شِدَّتِيْ مَعَ قِلَّةِ

حَيَائِیْ رَأْفَتُكَ وَ رَحْمَتُكَ وَ قَدْ رَجَوْتُ اَنْ لَا تَخِيْبَ

بَيْنَ ذَيْنِ وَ ذَيْنِ مُنْيَتِيْ فَحَقِّقْ رَجَائِیْ وَ اسْمَعْ

دُعَائِیْ ، يَا خَيْرَ مَنْ دَعَاهُ دَاعٍ ، وَ اَفْضَلَ مَنْ رَجَاهُ

رَاجٍ ، عَظُمَ يَا سَيِّدِيْ اَمَلِيْ وَ سَاءَ عَمَلِيْ فَاَعْطِنِيْ

مِنْ عَفْوِكَ بِمِقْدَارِ اَمَلِيْ ، وَلَا تُؤَاخِذْنِيْ بِاَسْوَاِ

عَمَلِيْ ، فَاِنَّ كَرَمَكَ يَجِلُّ عَنْ مُجَازَاةِ الْمُذْنِبِيْنَ وَ

حِلْمَكَ يَكْبُرُ عَنْ مُكَافَاةِ الْمُقَصِّرِيْنَ

જો તું મને માફ કરી દે તો તું બહેતરીન રહેમ કરનાર છે , અને જો તું અઝાબ કર તો તે ઝુલ્મ નથી, બલકે તારો ઈન્સાફ છે , અય અલ્લાહ ! મારા આમાલ ખરાબ હોવા છતાં પણ તારી સખાવત અને કરમને જોઇને તારી પાસે સવાલ કરવાની હિંમત કરૂં છું, અને મારી બેશરમી (વારંવાર ગુનાહ) હોવા છતાં મારી મુશ્કેલીમાં સહારો તો ફકત તારી નરમાશ અને મહેરબાની છે અને હું ઉમ્મીદ રાખું છું કે આવી હાલત હોવા છતા પણ તું મને માયુસ નહી કર, તો હવે મારી ઉમ્મીદને પૂરી કર અને મારી

દુઆને સાંભળી લે ,ને પુકારવામાં આવે છે તેમાંથી સૌથી બહેતરીન અને જેનાથી ઉમ્મીદો રાખવામાં આવે છે તેમાં તું સૌથી બુલંદ છે, અય મારા આકા ! તમન્નાઓ ઘણી મોટી મોટી છે પરંતુ આમાલ ઘણા ખરાબ છે, બસ માફી આપીને મારી તમન્નાને પૂરી કર, અને મારા ખરાબ આમાલના લીધે સજા ન કર, કેમ કે તારો કરમ (મહેરબાની) ગુનેહગારોની સજા કરતાં ઘણો વધારે છે, અને તારી સહનશીલતા સજા દેવા કરતાં બહુજ વધારે છે;

وَ اَنَا يَا سَيِّدِيْ عَائِذٌ بِفَضْلِكَ ، هَارِبٌ مِنْكَ اِلَيْكَ ، مُتَنَجِّزٌ مَا وَعَدْتَ مِنَ الصَّفْحِ عَمَّنْ اَحْسَنَ بِكَ ظَنًّا وَّ مَا اَنَا يَا رَبِّ وَ مَا خَطَرِيْ هَبْنِيْ بِفَضْلِكَ وَ تَصَدَّقْ عَلَيَّ بِعَفْوِكَ ، اَيْ رَبِّ جَلِّلْنِيْ بِسَتْرِكَ وَ اعْفُ عَنْ تَوْبِيْخِيْ بِكَرَمِ وَجْهِكَ ، فَلَوِ اطَّلَعَ الْيَوْمَ عَلٰى ذَنْبِيْ غَيْرُكَ مَا فَعَلْتُهُ وَ لَوْ خِفْتُ تَعْجِيْلَ الْعُقُوْبَةِ لَاجْتَنَبْتُهُ ، لَا لِاَنَّكَ اَهْوَنُ النَّاظِرِيْنَ وَ اَخَفُّ الْمُطَّلِعِيْنَ بَلْ لِاَنَّكَ يَا رَبِّ خَيْرُ السَّاتِرِيْنَ وَ

اَحْكَمُ الْحَاكِمِيْنَ وَاَكْرَمُ الْاَكْرَمِيْنَ، سَتَّارُ الْعُيُوْبِ، غَفَّارُ الذُّنُوْبِ، عَلَّامُ الْغُيُوْبِ

અય મારા સરદાર ! હું તારા ડરથી ભાગીને તારા ફઝ્લો કરમમાં પનાહ ચાહું છું , અને તારાથી નેક ઉમ્મીદ રાખુ છું; તેના માટે તારી માફીનો વાયદો પૂરો કર, અને અય મારા પરવરદિગાર ! હું કોણ ? અને મારી વિસાત શું ? તું જ મને તારા ફઝ્લો કરમથી માફ કર, અને મને બક્ષી આપ, અય મારા પરવરદિગાર ! મને તારા ખાસ (રહમતના) પડદાથી છુપાવી દે, અને તારી ખાસ મહેરબાનીના લીધે મારી ભૂલોને માફ કર, જો તારા સિવાય બીજા કોઇને મારા ગુનાહોની જાણ થઇ જાત તો હું કોઈ દિવસ ગુનાહ ન કરત , અને જો મને જલ્દી સજા મળવાનો ડર હોત તો જરૂર ગુનાહોથી દૂર થઇ જાત, પરંતું એનું કારણ એ નથી કે તું જોતો નથી , યા તને કોઇ જાતની ખબર નથી , બલ્કે તેનું કારણ એ છે કે અય પરવરદિગાર તું બહેતરીન ગુનાહોને છુપાવનાર, સૌથી મોટો હાકીમ, કરીમ, મહેરબાન, ખતાઓને છુપાવનાર , ગુનાહોને માફ કરનાર , ગૈબની વાતોનો જાણનાર છે,

تَسْتُرُ الذَّنْبَ بِكَرَمِكَ وَتُؤَخِّرُ الْعُقُوْبَةَ بِحِلْمِكَ ،

فَلَكَ الْحَمْدُ عَلٰى حِلْمِكَ بَعْدَ عِلْمِكَ وَ عَلٰى عَفْوِكَ بَعْدَ قُدْرَتِكَ وَ يَحْمِلُنِيْ وَ يُجَرِّئُنِيْ عَلٰى مَعْصِيَتِكَ حِلْمُكَ عَنِّيْ وَ يَدْعُوْنِيْ اِلٰى قِلَّةِ الْحَيَاءِ سَتْرُكَ عَلَيَّ وَ يُسْرِعُنِيْ اِلَى التَّوَثُّبِ عَلٰى مَحَارِمِكَ مَعْرِفَتِيْ بِسَعَةِ رَحْمَتِكَ وَ عَظِيْمِ عَفْوِكَ ، يَا حَلِيْمُ يَا كَرِيْمُ يَا حَيُّ يَا قَيُّوْمُ ، يَا غَافِرَ الذَّنْبِ يَا قَابِلَ التَّوْبِ ،

તું પોતાના કરમથી ગુનાહોને છુપાવે છે અને તારી નરમાશના લીધે સજા દેવામાં જલ્દી નથી કરતો , તારા વખાણ છે કે (ગુનાહોને) જાણવા છતાં નરમાશથી કામ લે છે , તાકત હોવા છતાં માફ કરે છે, અને તારૂં મારા ગુનાહો ઉપર સખ્તી ન કરવી , મને નાફરમાની કરવાની હિંમત આ પે છે, અને તારૂં મારા ગુનાહોને છુપાવવું મારી બેહયાઇનું કારણ બન્યું છે, અને તારી બહોળી રહમત અને તું મોટો માફ કરનાર છે તે જાણીને તારા મનાઇ કરેલા કામો તરફ જલ્દી કરૂં છુ, અય માયાળું ! અય મહેરબાન ! અય જીવંત ! અય નીગેહબાન ! અય ગુનાહોને માફ કરનાર ! અય તૌબાને કબૂલ કરનાર !

يَا عَظِيْمَ الْمَنِّ يَا قَدِيْمَ الْاِحْسَانِ ، اَيْنَ سَتْرُكَ

الْجَمِيْلُ ، اَيْنَ عَفْوُكَ الْجَلِيْلُ ، اَيْنَ فَرَجُكَ
الْقَرِيْبُ ، اَيْنَ غِيَاثُكَ السَّرِيْعُ ، اَيْنَ رَحْمَتُكَ
الْوَاسِعَةُ ، اَيْنَ عَطَايَاكَ الْفَاضِلَةُ ، اَيْنَ مَوَاهِبُكَ
الْهَنِيْئَةُ ، اَيْنَ صَنَائِعُكَ السَّنِيَّةُ ، اَيْنَ فَضْلُكَ
الْعَظِيْمُ ، اَيْنَ مَنُّكَ الْجَسِيْمُ ، اَيْنَ اِحْسَانُكَ
الْقَدِيْمُ ، اَيْنَ كَرَمُكَ يَا كَرِيْمُ بِهٖ فَاسْتَنْقِذْنِيْ وَ
بِرَحْمَتِكَ فَخَلِّصْنِيْ يَا مُحْسِنُ يَا مُجْمِلُ ،

અય મોટા મોટા એહસાન કરનાર અને જેનો કરમ હંમેશાથી દરેક માટે છે , તો હવે ક્યાં છે એ તારી પડદાપોશી ? ક્યાં છે તારી મોટી માફી ? ક્યાં છે તારી વિશાળ રહમત અને મોટી મોટી બક્ષિશો ? ક્યાં છે તારા મુબારક ઇનામો ? ક્યાં છે તારો સારો વર્તાવ અને તારો મહાન ફઝ્લ ? ક્યાં છે તારી અઝીમ બક્ષિશ અને તારા એહસાનો ? ક્યાં છે તારી ખાસ મહેરબાની ? અય મહેરબાન ખુદા ! મને (હઝરત મોહમ્મદ અને આલે મોહમ્મદ અલય્હેમુસ્સલામના સદકામાં) અઝાબથી દૂર કર , અને તારી રહમતના વાસ્તાથી અઝાબથી નજાત અતા કર , અય એહસાન કરનાર અને અય નેક

સિફત,

يَا مُنْعِمُ يَا مُفْضِلُ ، لَسْتُ اَتَّكِلُ فِيْ النَّجَاةِ مِنْ عِقَابِكَ عَلٰى اَعْمَالِنَا بَلْ بِفَضْلِكَ عَلَيْنَا لِاَنَّكَ اَهْلُ التَّقْوٰى وَ اَهْلُ الْمَغْفِرَةِ ، تُبْدِئُ بِالْاِحْسَانِ نِعَمًا وَ تَعْفُوْ عَنِ الذَّنْبِ كَرَمًا ، فَمَا نَدْرِيْ مَا نَشْكُرُ اَ جَمِيْلَ مَا تَنْشُرُ اَمْ قَبِيْحَ مَا تَسْتُرُ اَمْ عَظِيْمَ مَا اَبْلَيْتَ وَ اَوْلَيْتَ اَمْ كَثِيْرَ مَا مِنْهُ نَجَّيْتَ وَ عَافَيْتَ ، يَا حَبِيْبَ مَنْ تَحَبَّبَ اِلَيْكَ وَ يَا قُرَّةَ عَيْنِ مَنْ لَاذَ بِكَ وَ انْقَطَعَ اِلَيْكَ اَنْتَ الْمُحْسِنُ،

અય નેઅમત દેનાર , અય બુલંદી આપનાર , તારી સજાથી બચવા માટે મને મારા આમાલ ઉપર બિલ્કુલ ભરોસો નથી બલ્કે તારા ફઝ્લો કરમ ઉપર ભરોસો છે, કેમ કે તું ગુનાહોથી બચાવનાર , અને ગુનાહોને માફ કરનાર છે , તારા એહસાનથી નેઅમતો આપે છે, અને તારી મહેરબાનીથી ગુનાહો માફ કરે છે, તો હવે એ સમજમાં નથી આવતું કે કઇ કઇ વસ્તુઓ ઉપર તારો શુક્ર અદા કરૂં ? મારી નેકીઓને જાહેર કરવા બદલ કે બૂરાઇઓને

છુપાવવા બદલ તારો શુક્ર અદા કરૂં ? યા બહેતરીન નેઅમતો અતા કરી તેના બદલ યા મોટી મોટી મુસીબતોને દૂર કરી તેનો શુક્ર અદા કરૂં ? યા તારી ઘણી નેઅમતોના બદલ , કે ઘણી પરેશાનીઓથી નજાત આપી તેના બદલ કે અમન અને શાંતિ અતા કરી તેના બદલ શુક્ર અદા કરૂં ? અય એના દોસ્ત કે તને દોસ્ત રાખે , અને તેની આંખોના નૂર કે તારી પનાહ હાંસિલ કરે અને બધાથી દૂર થઇને ફકત તારો જ થઇ જાય તું તેનો જ દોસ્ત છે , તું ભલાઇ કરનાર

وَ نَحۡنُ الۡمُسِيۡئُوۡنَ فَتَجَاوَزۡ يَا رَبِّ عَنۡ قَبِيۡحِ مَا

عِنۡدَنَا بِجَمِيۡلِ مَا عِنۡدَكَ ، وَ اَيُّ جَهۡلٍ يَا رَبِّ لَا

يَسَعُهٗ جُوۡدُكَ اَوۡ اَيُّ زَمَانٍ اَطۡوَلُ مِنۡ اَنَاتِكَ وَ مَا

قَدۡرُ اَعۡمَالِنَا فِيۡ جَنۡبِ نِعَمِكَ وَ كَيۡفَ نَسۡتَكۡثِرُ

اَعۡمَالًا نُقَابِلُ بِهَا كَرَمَكَ بَلۡ كَيۡفَ يَضِيۡقُ عَلَى

الۡمُذۡنِبِيۡنَ مَا وَسِعَهُمۡ مِنۡ رَحۡمَتِكَ يَا وَاسِعَ

الۡمَغۡفِرَةِ يَا بَاسِطَ الۡيَدَيۡنِ بِالرَّحۡمَةِ ،

અને અમે બૂરાઇ કરનાર છીએ , તો અય પરવરદિગાર અમારી બૂરાઇઓને તારા રહેમો

કરમથી માફ કર, અય પાલનહાર ! અમારી તે કઇ નાદાની છે કે જેના ઉપર તારી રહેમો કરમ ન હોય ? અને તે કયો જમાનો છે કે તારી મોહલતથી વધારે લાંબો હોય ? અને તારી નેઅમતો સામે અમારા આમાલની તો શું હેસીયત ? કેવી રીતે અમે અમારા આમાલમાં વધારો કરીને તારી સામે પેશ કરીએ ? બલ્કે તારી રહમત ગુનેહગારો પર કેવી રીતે તંગ થઇ શકે તેમના ઉપર હંમેશા છાયો કરે છે, અય મહાન માફ કરનાર , અય મહેરબાનીથી બહુજ વધારે અતા કરનાર,

فَوَ عِزَّتِكَ يَا سَيِّدِيْ ، لَوْ نَهَرْتَنِيْ مَا بَرِحْتُ مِنْ بَابِكَ وَ لَا كَفَفْتُ عَنْ تَمَلُّقِكَ لِمَا اُنْتَهِىَ اِلَيَّ مِنَ الْمَعْرِفَةِ بِجُوْدِكَ وَ كَرَمِكَ وَ اَنْتَ الْفَاعِلُ لِمَا تَشَاءُ تُعَذِّبُ مَنْ تَشَاءُ بِمَا تَشَاءُ كَيْفَ تَشَاءُ وَ تَرْحَمُ مَنْ تَشَاءُ بِمَا تَشَاءُ كَيْفَ تَشَاءُ ، لَا تُسْاَلُ عَنْ فِعْلِكَ وَ لَا تُنَازَعُ فِيْ مُلْكِكَ وَ لَا تُشَارَكُ فِيْ اَمْرِكَ ،

તો અય મારા આકા ! તારી ઇઝઝતની કસમ ખાઇને કહું કે જો તું તારી બારગાહથી કાઢી મૂકીશ તો પણ તારા દરવાજાથી હટવાનો નથી, અને ફકત તારાથી ઉમ્મીદ લગાવીશ, કેમ કે હું તારી સખાવત અને

તારા કરમને ઓળખું છું અને મારી જબાનથી ફકત તારા વખાણ કરતો રહીશ , તું ચાહે તે કરે છે , જેના પર ચાહે , જે વસ્તુ ચાહે , અને જેવી રીતે ચાહે અઝાબ આપે છે , અને જેના પર , જેવી રીતે અને જેમ ચાહે રહેમ કરે છે , તારા કામમાં કોઇને પૂછવાનો હક નથી , તારી હુકૂમત વિશે કોઇ ઝઘડનાર નથી, અને ન તો તારા કામમાં કોઇ શરીક છે,

وَلَا تُضَادُّ فِيْ حُكْمِكَ وَلَا يَعْتَرِضُ عَلَيْكَ اَحَدٌ فِيْ تَدْبِيْرِكَ ، لَكَ الْخَلْقُ وَالْاَمْرُ ، تَبَارَكَ اللّٰهُ رَبُّ الْعَالَمِيْنَ يَا رَبِّ، هٰذَا مَقَامُ مَنْ لَاذَ بِكَ وَاسْتَجَارَ بِكَرَمِكَ وَاَلِفَ اِحْسَانَكَ وَنِعَمَكَ وَاَنْتَ الْجَوَادُ الَّذِيْ لَا يَضِيْقُ عَفْوُكَ وَلَا يَنْقُصُ فَضْلُكَ وَلَا تَقِلُّ رَحْمَتُكَ وَقَدْ تَوَثَّقْنَا مِنْكَ بِالصَّفْحِ الْقَدِيْمِ وَالْفَضْلِ الْعَظِيْمِ، وَالرَّحْمَةِ الْوَاسِعَةِ

અને ન તો તારા હુકમનો કોઇ વિરોધ કરી શકે છે , અને ન તો તારી તદબીર ઉપર કોઇ વાંધો ઉઠાવી શકે છે , પૈદા કરવું અને હુકમ કરવો એ તો ફકત તારા હાથમાં જ છે , અને બાબરકત છે તે અલ્લાહ

આલમીનનો પરવરદિગાર છે, અય પરવરદિગાર ! આ તેનો મરતબો છે તારી પનાહ લઇને તારા કરમના છાયા હેઠળ આવ્યો હોય , અને તારાથી એહસાન અને નેઅમતોને ચાહતો હોય , અને તું એવો સખી છે કે જેને ત્યાં માફીની કમી નથી , અને તારો ફઝ્લ ઓછો થતો નથી, અને તારી રહમતમાં કમી આવતી નથી, અમે તારી માફી, ફઝ્લો કરમ અને બહોળી રહમત ઉપર યકીન રાખીએ છીએ,

اَفَتَرَاكَ يَا رَبِّ تُخْلِفُ ظُنُوْنَنَا اَوْ تُخَيِّبُ اٰمَالَنَا ، كَلَّا

، يَا كَرِيْمُ فَلَيْسَ هٰذَا ظَنَّنَا بِكَ وَ لَا هٰذَا فِيْكَ

طَمَعَنَا ، يَا رَبِّ اِنَّ لَنَا فِيْكَ اَمَلًا طَوِيْلًا كَثِيْرًا ، اِنَّ

لَنَا فِيْكَ رَجَاءً عَظِيْمًا عَصَيْنَاكَ وَ نَحْنُ نَرْجُوْ اَنْ

تَسْتُرَ عَلَيْنَا وَ دَعَوْنَاكَ وَ نَحْنُ نَرْجُوْ اَنْ تَسْتَجِيْبَ

لَنَا، فَحَقِّقْ رَجَاءَنَا مَوْلَيْنَا ، فَقَدْ عَلِمْنَا مَا

نَسْتَوْجِبُ بِاَعْمَالِنَا وَ لٰكِنْ عِلْمُكَ فِيْنَا وَ عِلْمُنَا

بِاَنَّكَ لَا تَصْرِفُنَا عَنْكَ وَ اِنْ كُنَّا غَيْرَ مُسْتَوْجِبِيْنَ

لِرَحْمَتِكَ فَاَنْتَ اَهْلٌ اَنْ تَجُوْدَ عَلَيْنَا وَ عَلَى

الْمُذْنِبِيْنَ بِفَضْلِ سَعَتِكَ ،

તો અય મારા પરવરદિગાર ! શું તું અમારા આ સારા વિચારને ખોટા સાબિત કરીશ ? યા અમારી ઉમ્મીદોને તોડી દઇશ ? નહી, અય મહેરબાન ખુદા તારા વિશે અમારા આવા વિચારો નથી , અને ન તો અમે આવી ઉમ્મીદ રાખીએ છીએ, અય પાલનહાર ! તારી બારગાહથી અમને ઘણી બધી ઉમ્મીદો અને મોટી મોટી આશાઓ છે , અમે તારો ગુનાહ કરીએ છીએ છતા તારાથી આસ લગાવીએ છીએ કે તું તેને છુપાવીશ, અને તારી પાસે અમે દુઆ માંગીએ છીએ એ ઉમ્મીદ સાથે કે તું અમારી દુઆ કબૂલ કરીશ, તો અય મારા મૌલા અમારી ઉમ્મીદોને પૂરી કર , જ્યારે કે અમોને ખબર છે કે અમારા ગુનાહોની સજા શું છે ? પરંતું આ પણ અમને યકીન છે કે રહમતના હકદાર હોય કે ન હોય તું જરૂર રહેમ કરીશ , અને ખાલી હાથ પાછા નહી મોકલીશ , બસ તું અમારા ઉપર અને બીજા તમામ ગુનેહગારો ઉપર તારા ફઝ્લો કરમથી મદદ કર,

فَامْنُنْ عَلَيْنَا بِمَا اَنْتَ اَهْلُهٗ ، وَ جُدْ عَلَيْنَا فَاِنَّا

مُحْتَاجُوْنَ اِلٰى نَيْلِكَ ، يَا غَفَّارُ بِنُوْرِكَ اهْتَدَيْنَا وَ

بِفَضْلِكَ اسْتَغْنَيْنَا وَ بِنِعْمَتِكَ اَصْبَحْنَا وَ اَمْسَيْنَا

ذُنُوْبُنَا بَيْنَ يَدَيْكَ ، نَسْتَغْفِرُكَ اللّٰهُمَّ مِنْهَا وَ

نَتُوْبُ اِلَيْكَ تَتَحَبَّبُ اِلَيْنَا بِالنِّعَمِ وَ نُعَارِضُكَ

بِالذُّنُوْبِ ، خَيْرُكَ اِلَيْنَا نَازِلٌ وَّ شَرُّنَا اِلَيْكَ صَاعِدٌ وَّ

لَمْ يَزَلْ وَلَا يَزَالُ مَلَكٌ كَرِيْمٌ يَأْتِيْكَ بِعَمَلٍ قَبِيْحٍ

فَلَا يَمْنَعُكَ ذٰلِكَ مِنْ اَنْ تَحُوْطَنَا بِنِعَمِكَ وَ تَتَفَضَّلَ

عَلَيْنَا بِاٰلَائِكَ فَسُبْحَانَكَ مَا اَحْلَمَكَ وَ اَعْظَمَكَ وَ

اَكْرَمَكَ ،

તો હવે અમારા ઉપર એવો એહસાન કર કે જેનો તું લાયક છે, અને અમારા ઉપર સખાવત કર કે અમે તારી સખાવતના મોહતાજ છીએ, અય માફ કરનાર ! તારા નૂરથી અમને હિદાયત મળી , અને તારા ફઝ્લો કરમથી અમે માલામાલ થયા , અને તારી નેઅમતોમાં સવાર સાંજ કરીએ છીએ , અમારા ગુનાહ તારી સામે છે , અય અલ્લાહ ! અમે તેની માફી ચાહીએ છીએ અને તારા પાસે ગુનાહોની તૌબા માંગીએ છીએ , તું નેઅમતો આપીને અમારાથી મોહબ્બત કરે છે, અને (તેના બદલામાં) અમે તારી નાફરમાની અને ગુનાહ કરીએ છીએ , તારી પાસેથી ભલાઇ આવે છે અને અમારી પાસેથી તારા તરફ

બૂરાઇ જાય છે, તું હંમેશાથી ઇઝ્ઝતવાળો બાદશાહ છે, તારી પાસે અમારા ખરાબ કામ જાય છે, તે છતાં બૂરા કામ, તારી નેઅમતોને નથી અટકાવતા , અને અમારા પર તારી બક્ષિસો વધારતો રહે છે. બસ , તારી પાકો પાકિઝા જાતનો વાસ્તો છે , તારા જેવો બીજો કોઇ સહનશીલ , મહાન, અને ઇઝ્ઝતવાળો નથી,

مُبْدِئًا وَّ مُعِيْدًا تَقَدَّسَتْ اَسْمَاؤُكَ وَ جَلَّ ثَنَاؤُكَ وَ كَرُمَ صَنَائِعُكَ وَ فِعَالُكَ ، اَنْتَ اِلٰهِيْ اَوْسَعُ فَضْلًا وَّ اَعْظَمُ حِلْمًا مِنْ اَنْ تُقَايِسَنِيْ بِفِعْلِيْ وَ خَطِيْئَتِيْ فَالْعَفْوَ الْعَفْوَ الْعَفْوَ سَيِّدِيْ سَيِّدِيْ سَيِّدِيْ .

શરૂથી લઇને છેલ્લે સુધી તારા બધાજ નામો પાક પાકિઝા છે , તારા વખાણ ઘણાજ છે અને તારી નેઅમતો બેહિસાબ છે અય મઅબૂદ ! તારો ફઝ્લ બેશુમાર છે, અને તારી સહનશીલતા એનાથી વધારે છે કે મારા કામ અને ભૂલોનો મુકાબલો (હિસાબ) કરે, બસ અમને માફ કર, માફ કર, માફ કર, અમને બક્ષી આપ, અમારી મગફેરત ફરમાવ , અય મારા સરદાર, મારા આકા, મારા મૌલા,

اَللّٰهُمَّ اشْغَلْنَا بِذِكْرِكَ وَ اَعِذْنَا مِنْ سَخَطِكَ وَ

اَجِرْنَا مِنْ عَذَابِكَ ، وَارْزُقْنَا مِنْ مَوَاهِبِكَ وَاَنْعِمْ
عَلَيْنَا مِنْ فَضْلِكَ وَارْزُقْنَا حَجَّ بَيْتِكَ وَزِيَارَةَ قَبْرِ
نَبِيِّكَ صَلَوَاتُكَ وَرَحْمَتُكَ وَمَغْفِرَتُكَ وَرِضْوَانُكَ
عَلَيْهِ وَعَلٰى اَهْلِ بَيْتِهِ ، اِنَّكَ قَرِيْبٌ مُجِيْبٌ ، وَ
ارْزُقْنَا عَمَلًا بِطَاعَتِكَ وَتَوَفَّنَا عَلٰى مِلَّتِكَ وَسُنَّةِ
نَبِيِّكَ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَاٰلِهِ ، اَللّٰهُمَّ اغْفِرْ لِيْ وَ
لِوَالِدَيَّ وَارْحَمْهُمَا كَمَا رَبَّيَانِيْ صَغِيْرًا ، اِجْزِهِمَا
بِالْاِحْسَانِ اِحْسَانًا وَّ بِالسَّيِّئَاتِ غُفْرَانًا ،

અય અલ્લાહ ! અમને તારા ઝિક્રમાં મશગૂલ રાખ , અમને તારા ગુસ્સાથી પનાહ આપ , અમને તારા અઝાબથી બચાવી લે, અમને તારી બક્ષિસથી રોઝી અતા કર, અમને તારા ફઝ્લથી ઇનામ અતા કર , અમને તારા ઘર ખાનએ કાબાની હજ નસીબ કર , અને અમને તારા નબી (સ.અ.વ.) તથા આલે મોહમ્મદ (અલય્હેમુસ્સલામ)ના રોઝા મુબારકની ઝિયારત નસીબ કર , તારી દુરૂદ, રહમત, બક્ષિસ અને તારી ખુશી તારા નબી ઉપર અને તેમના અહલેબૈત ઉપર નાઝિલ ફરમાવ , બેશક તું જલ્દી

કબૂલ કરનાર છે , અને અમને તારી ઇબાદત કરવાની તૌફીક આપ , અમને તારી શરીઅત અને નબી (સ.અ.વ.) ની સુન્નત ઉપર આ દુનિયાથી ઉઠાવ, અમને અને અમારા મા-બાપને બક્ષી દે , અને તેમના ઉપર એવી રહમત નાઝિલ કર કે જે રીતે બચપણમાં મારી પરવરીશ કરી , તેમને અહેસાનના બદલામાં અહેસાન અને ગુનાહોના બદલામાં માફી અતા કર,

اَللّٰهُمَّ اغْفِرْ لِلْمُؤْمِنِيْنَ وَ الْمُؤْمِنَاتِ الْاَحْيَاءِ مِنْهُمْ وَ الْاَمْوَاتِ وَ تَابِعْ بَيْنَنَا وَ بَيْنَهُمْ بِالْخَيْرَاتِ ، اَللّٰهُمَّ اغْفِرْ لِحَيِّنَا وَ مَيِّتِنَا وَ شَاهِدِنَا وَ غَائِبِنَا ، ذَكَرِنَا وَ اُنْثَانَا ، صَغِيْرِنَا وَ كَبِيْرِنَا ، حُرِّنَا وَ مَمْلُوْكِنَا، كَذَبَ الْعَادِلُوْنَ بِاللّٰهِ وَ ضَلُّوْا ضَلَالًا بَعِيْدًا وَّ خَسِرُوْا خُسْرَانًا مُبِيْنًا ، اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ وَّ اخْتِمْ لِيْ بِخَيْرٍ وَّ اكْفِنِيْ مَا اَهَمَّنِيْ مِنْ اَمْرِ دُنْيَايَ وَ اٰخِرَتِيْ وَ لَا تُسَلِّطْ عَلَيَّ مَنْ لَا يَرْحَمُنِيْ وَ اجْعَلْ عَلَيَّ مِنْكَ وَاقِيَةً بَاقِيَةً،

અય અલ્લાહ ! જીવતા તથા મુર્દા મોઅમેનીન અને મોઅમેનાતને માફ કર , અમારા અને તેમના વચ્ચે નેકીઓનો સંબંધ કાએમ કર , અય ખુદા ! અમારા જીવતા તથા મુર્દા, હાજર તથા ગાયબ, પુરૂષ તથા સ્ત્રી, નાના તથા મોટા, ગુલામ તથા આઝાદ, બધાને માફ કર, તારાથી કોઇની સરખામણી કરે તે જૂઠા , ગુમરાહ અને મોટી ખોટમાં છે , અય અલ્લાહ ! મોહમ્મદ અને આલે મોહમ્મદ અલય્હેમુસ્સલામ પર રહમત નાઝિલ કર, (સલવાત) અને મારો અંત ખૈર ઉપર કર, દુનિયા અને આખેરતના અહેમ કામોમાં મારી મદદ કર, કોઇ બેરહમને મારા ઉપર હાવી ન કર, મને તારી તરફથી હિફાઝત અને અમાન નસીબ કર,

وَلَا تَسْلُبْنِيْ صَالِحَ مَا اَنْعَمْتَ بِهٖ عَلَيَّ وَارْزُقْنِيْ مِنْ فَضْلِكَ رِزْقًا وَّاسِعًا حَلَالًا طَيِّبًا ، اَللّٰهُمَّ احْرُسْنِيْ بِحَرَاسَتِكَ وَاحْفَظْنِيْ بِحِفْظِكَ وَاكْلَأْنِيْ بِكِلَاءَتِكَ وَارْزُقْنِيْ حَجَّ بَيْتِكَ الْحَرَامِ فِيْ عَامِنَا هٰذَا وَفِيْ كُلِّ عَامٍ ، وَزِيَارَةَ قَبْرِ نَبِيِّكَ وَالْاَئِمَّةِ عَلَيْهِمُ السَّلَامُ ، وَلَا تُخْلِنِيْ يَا رَبِّ مِنْ تِلْكَ الْمَشَاهِدِ الشَّرِيْفَةِ وَ

الْمَوَاقِفِ الْكَرِيْمَةِ .

તારી આપેલી સારી નેઅમતોને મારાથી છીનવી ન લે, અને તેમાં તારા ફઝ્લથી વધારે હલાલ અને પાક રોઝી અતા કર , અય અલ્લાહ ! મને તારી દેખરેખમાં રાખ, અને તારી હિફાઝતમાં રક્ષણ અતા કર, તારી હિમાયતમાં અમાન આપ , અને આ વર્ષ અને દર વર્ષે હજમાં જવાની તૌફીક નસીબ કર , અને તારા નબી સલ્લલ્લાહો અલય્હે વ આલેહીની કબ્ર મુબારકની અને ઇમામોના મઝારોની ઝિયારતની તૌફીક અતા કર , અને તેમના ઉપર સલામ મોકલ , અય પરવરદિગાર ! આ બુલંદ બારગાહો અને બાબરકત જગ્યાઓથી દૂર ન કર,

اَللّٰهُمَّ تُبْ عَلَيَّ حَتّٰى لَا اَعْصِيَكَ وَ اَلْهِمْنِيْ الْخَيْرَ وَ الْعَمَلَ بِهٖ وَ خَشْيَتَكَ بِاللَّيْلِ وَ النَّهَارِ مَا اَبْقَيْتَنِيْ ، يَا رَبَّ الْعَالَمِيْنَ ، اَللّٰهُمَّ اِنِّيْ كُلَّمَا قُلْتُ قَدْ تَهَيَّأْتُ وَ تَعَبَّأْتُ وَ قُمْتُ لِلصَّلَاةِ بَيْنَ يَدَيْكَ وَ نَاجَيْتُكَ اَلْقَيْتَ عَلَيَّ نُعَاسًا اِذَا اَنَا صَلَّيْتُ وَ سَلَبْتَنِيْ مُنَاجَاتَكَ اِذَا اَنَا نَاجَيْتُ مَا لِيْ كُلَّمَا قُلْتُ قَدْ صَلَحَتْ

سَرِيْرَتِيْ وَقَرُبَ مِنْ مَجَالِسِ التَّوَّابِيْنَ مَجْلِسِيْ

عَرَضَتْ لِيْ بَلِيَّةٌ اَزَالَتْ قَدَمِيْ

મઅબૂદ ! એવી તૌબાની તૌફીક આપ કે ફરીથી ગુનાહો ન કરૂં , મારા દિલમાં નેકી અને અમલનો જોશ પૈદા કર, અને જ્યાં સુધી તું મને જીવતો રાખે, દિવસ અને રાત તારો ડર મારા દિલમાં નાખી દે , અને પૂરી જિંદગી નેકીઓ કરતો રહું , અય તમામ દુનિયાના પાલનહાર , અય મઅબૂદ ! જ્યારે મને એમ લાગે છે કે હવે હું તારી નજીક આવવા તૈયાર થઇ ગયો છું, અને નમાઝ માટે ઉભો થઇને જેવી જ તારી મુનાજાતની શરૂઆત કરૂ છું તો મને ઊંઘ આવવા લાગે છે , અને મુનાજાતમાં મજા નથી આવતી, (ખબર નથી) મને આ શું થઇ ગયું છે ? જ્યારે વિચારૂં છું કે હવે મારૂ દિલ સાફ થઇ ગયું છે , અને મને એમ લાગે છે કે હવે હું તૌબા કરવાવાળાઓનો સાથી બની જઇશ તો ત્યારે જ કોઇ ન કોઇ મુસીબત આવી જાય છે , જેથી મારા કદમ ડગમગી જાય છે,

وَحَالَتْ بَيْنِيْ وَبَيْنَ خِدْمَتِكَ ، سَيِّدِيْ ، لَعَلَّكَ عَنْ

بَابِكَ طَرَدْتَنِيْ وَعَنْ خِدْمَتِكَ نَحَّيْتَنِيْ اَوْ لَعَلَّكَ

رَاَيْتَنِيْ مُسْتَخِفًّا بِحقّك فَاَقْصَيْتَنِيْ اَوْ لَعَلَّكَ

رَاَيْتَنِيْ مُعْرِضًا عَنْكَ فقَلَيْتَنِيْ اَوْ لَعَلَّكَ وَجَدْتَنِيْ فِيْ

مَقَامِ الْكَاذِبِيْنَ فَرَفَضْتَنِيْ اَوْ لَعَلَّكَ رَاَيْتَنِيْ غَيْرَ

شَاكِرٍ لِنَعْمَائِكَ فَحَرَمْتَنِيْ اَوْ لَعَلَّكَ فَقَدْتَنِيْ مِنْ

مَجَالِسِ الْعُلَمَاءِ فَخَذَلْتَنِيْ اَوْ لَعَلَّكَ رَاَيْتَنِيْ فِي

الْغَافِلِيْنَ فَمِنْ رَحْمَتِكَ اٰيَسْتَنِيْ اَوْ لَعَلَّكَ رَاَيْتَنِيْ

اٰلِفَ مَجَالِسِ الْبَطَّالِيْنَ فَبَيْنِيْ وَ بَيْنَهُمْ خَلَّيْتَنِيْ اَوْ

لَعَلَّكَ لَمْ تُحِبَّ اَنْ تَسْمَعَ دُعَائِیْ فَبَاعَدْتَنِيْ اَوْ

لَعَلَّكَ بِجُرْمِيْ وَ جَرِيْرَتِيْ كَافَيْتَنِيْ، اَوْ لَعَلَّكَ بِقِلَّةِ

حَيَائِیْ مِنْكَ جَازَيْتَنِيْ

અને તારા સુધી પહોંચવામાં રૂકાવટ આવે છે (અને તારા સુધી નથી પહોંચી શકતો) , એમ લાગે છે કે તારી બારગાહથી મને કાઢી નાખવામાં આવ્યો છે , અને તારી પાસે હાજર થવાથી રોકવામાં આવ્યો છે , અથવા તારા હકને મામુલી (હલકો) સમજવાના કારણે તારા દરવાજાથી મને દૂર કરવામાં આવ્યો છે (કે હું તો લાયક જ નથી) , યા જ્યારે તેં જોયું કે હું

તારી બારગાહથી દૂર થઇ ગયો છું તો તું પણ મને મૂકી દીધો , યા તેં જોયું કે હું જુઠ્ઠો છું તો મને નજરઅંદાજ કરી દીધો , અથવા તું જુએ છે કે હું તારી નેઅમતોનો શુક્ર અદા નથી કરતો તેથી મને તારાથી દૂર કરી દીધો , યા મને આલિમો પાસે (ઉઠતા-બેસતા) ન જોયો તેથી મને ઝલીલ કરી દીધો, યા મને ગાફિલોમાં જોઇને મને તારી રહમતથી માયુસ કરી દીધો , યા તો તેં મને બેકાર અને નકામી વાતો કરનાર લોકોમાં જોયો તો મને તેમાં જ રહેવા દીધો , યા તો તું મારી અવાજ અને દુઆને સાંભળવું પસંદ નથી કરતો તેથી મને દૂર જ કરી દીધો , યા તો તેં મારા ગુનાહો અને ખરાબ કામોની સજા આપી છે , યા મારી બેશરમીની સજા આપી છે , (તે માટે તારી બારગાહ સુધી નથી પહોંચી શકતો અને આળસ થાય છે,)

فَاِنْ عَفَوْتَ يَا رَبِّ فَطَالَمَا عَفَوْتَ عَنِ الْمُذْنِبِيْنَ

قَبْلِيْ ، لِاَنَّ كَرَمَكَ اَيْ رَبِّ يَجِلُّ عَنْ مُكَافَاةِ

الْمُقَصِّرِيْنَ ، وَاَنَا عَائِذٌ بِفَضْلِكَ ، هَارِبٌ مِنْكَ

اِلَيْكَ ، مُتَنَجِّزٌ مَا وَعَدْتَ مِنَ الصَّفْحِ عَمَّنْ اَحْسَنَ

بِكَ ظَنًّا ، اِلٰهِيْ اَنْتَ اَوْسَعُ فَضْلاً وَ اَعْظَمُ حِلْماً مِنْ

اَنْ تُقَايِسَنِيْ بِعَمَلِيْ اَوْ اَنْ تَسْتَزِلَّنِيْ بِخَطِيْئَتِيْ

અય પરવરદિગાર ! બસ હજું પણ જો તું મને માફ કર તો અજબ થવા જેવું નથી , કેમ કે મારી પહેલા પણ ઘણા ગુનેહગારોને માફ કર્યા છે , કેમ કે તારી માફી ગુનેહગારોને સજા દેવા કરતાં બહુજ વધારે છે, અને હું તારા ફઝ્લો કરમથી પનાહ ચાહું છું , અને તારા ગઝબથી ભાગીને તારી રહમત તરફ આવ્યો છું, અને આશા રાખુ છું કે તારા વાયદાને પૂરો કરીશ, કે લોકો તારાથી સારી ઉમ્મીદ રાખે તેને તું માફ કરે છે , અય મારા મઅબૂદ ! તારો ફઝ્લ બેહિસાબ અને તારી સહનશીલતા મહાન છે એનાથી કે તું મને મારા અમલ સાથે સરખાવે , યા મારા ગુનાહના લીધે તું મને ઝલીલ કરે,

وَ مَا اَنَا يَا سَيِّدِيْ وَ مَا خَطَرِيْ ، هَبْنِيْ بِفَضْلِكَ سَيِّدِيْ ،وَ تَصَدَّقْ عَلَيَّ بِعَفْوِكَ وَ جَلِّلْنِيْ بِسَتْرِكَ وَ اعْفُ عَنْ تَوْبِيْخِيْ بِكَرَمِ وَجْهِكَ ، سَيِّدِيْ ، اَنَا الصَّغِيْرُ الَّذِيْ رَبَّيْتَهٗ وَ اَنَا الْجَاهِلُ الَّذِيْ عَلَّمْتَهٗ وَ اَنَا الضَّآلُّ الَّذِيْ هَدَيْتَهٗ وَ اَنَا الْوَضِيْعُ الَّذِيْ رَفَعْتَهٗ وَ اَنَا الْخَائِفُ الَّذِيْ اٰمَنْتَهٗ وَ الْجَائِعُ الَّذِيْ

اَشْبَعْتَهُ وَ الْعَطْشَانُ الَّذِيْ اَرْوَيْتَهُ وَ الْعَارِيْ الَّذِيْ كَسَوْتَهُ وَ الْفَقِيْرُ الَّذِيْ اَغْنَيْتَهُ وَ الضَّعِيْفُ الَّذِيْ قَوَّيْتَهُ وَ الذَّلِيْلُ الَّذِيْ اَعْزَزْتَهُ،

અય મારા આકા ! હું કોણ અને મારી હેસીયત શું છે ? મને તારા ફઝ્લો કરમથી માફ કર અય મારા સરદાર, અને તારી માફીના સદકામાં મારી બૂરાઇઓને ઢાંકી લે, અને તારા ખાસ કરમથી મારા ઉપર ગુસ્સો ન કર, અય મારા આકા ! હું તે બાળક છું કે જેની તેં પરવરીશ કરીને મોટો કર્યો , હું તે જાહીલ છું જેને તેં તાલીમ આપી , હું તે જ ગુમરાહ છું જેને તેં હિદાયત આપી , હું તે નાચીજ છું કે જેને તેં બુલંદી અતા કરી , હું તે ડરનાર છું કે જેને તેં શાંતિ આપી, હું તે ભૂખ્યો છું જેનું તેં પેટ ભર્યુ અને હું તે તરસ્યો છું કે જેની પ્યાસને તેં બુજાવી, અને હું તે લિબાસ વગરનો છું કે જેને તેં કપડા પહેરાવ્યા, હું તે મોહતાજ છું કે જેને તેં માલદાર બનાવ્યો , હું તે કમજોર છું કે જેને તેં શક્તિ આપી , હું તે ઝલીલ છું કે જેને તેં ઇઝ્ઝત આપી,

وَ السَّقِيْمُ الَّذِيْ شَفَيْتَهُ وَ السَّائِلُ الَّذِيْ اَعْطَيْتَهُ وَ الْمُذْنِبُ الَّذِيْ سَتَرْتَهُ وَ الْخَاطِئُ الَّذِيْ اَقَلْتَهُ وَ اَنَا

الْقَلِيْلُ الَّذِيْ كَثَّرْتَهٗ وَ الْمُسْتَضْعَفُ الَّذِيْ نَصَرْتَهٗ

وَ اَنَا الطَّرِيْدُ الَّذِيْ اٰوَيْتَهٗ ، اَنَا يَا رَبِّ الَّذِيْ لَمْ

اَسْتَحْيِكَ فِي الْخَلَاءِ وَ لَمْ اُرَاقِبْكَ فِي الْمَلَاِ ، اَنَا

صَاحِبُ الدَّوَاهِيْ الْعُظْمٰى ، اَنَا الَّذِيْ عَلٰى سَيِّدِهٖ

اجْتَرٰى ، اَنَا الَّذِيْ عَصَيْتُ جَبَّارَ السَّمَاءِ ، اَنَا

الَّذِيْ اَعْطَيْتُ عَلٰى مَعَاصِيْ الْجَلِيْلِ الرُّشَا ، اَنَا

الَّذِيْ حِيْنَ بُشِّرْتُ بِهَا خَرَجْتُ اِلَيْهَا اَسْعٰى ، اَنَا

الَّذِيْ اَمْهَلْتَنِيْ فَمَا ارْعَوَيْتُ وَ سَتَرْتَ عَلَيَّ فَمَا

اسْتَحْيَيْتُ وَ عَمِلْتُ بِالْمَعَاصِيْ فَتَعَدَّيْتُ

હું તે બીમાર છું જેને તેં તંદુરસ્તી આપી , હું તે સવાલી છું કે જેને તેં બધુજ આપ્યું , હું તે ગુનેહગાર છું કે જેની ભૂલોને તેં છુપાવી લીધી , હું તે ખતાકાર છું કે જેને તેં માફી આપી, હું તે કિંમત વગરનો છું કે જેને તેં બુલંદી અતા કરી , હું તે કમજોર છું કે જેની તેં મદદ કરી , હું તે ધુતકારલો છું જેને તેં પનાહ આપી, અય પરવરદિગાર ! હું તે (બંદો) છું કે જેણે એકાંતમાં પણ તારા ગુનાહ કરવાથી શરમ ન કરી ,

અને બધાના સામે પણ તારો કોઇ ખયાલ ન કર્યો, હું મોટી મુસીબતોવાળો છું , મે મારા આકાના સામે હિમ્મત કરીને ગુનાહ કર્યા, મે તેની નાફરમાની કરી કે જેનો કબ્ઝો જમીન અને આસમાનો ઉપર છે, અરે મે તો ખુદાની નાફરમાની કરવા માટે રિશવત સુધી આપી, મે ગુનાહના નામ ઉપર જલ્દીથી દોડીને તેના તરફ ગયો, મને તો મોહલત દેવામાં આવી તો પણ હોશમાં ન આવ્યો, અને તું મારી ભૂલોને ઢાંકતો ગયો તે છતાં મે હયા ન કરી , અને ગુનાહોમાં વધારો કરતો ગયો,

وَ اَسْقَطْتَنِيْ مِنْ عَيْنِكَ فَمَا بَالَيْتُ ، فَبِحِلْمِكَ اَمْهَلْتَنِيْ وَ بِسِتْرِكَ سَتَرْتَنِيْ حَتّٰى كَاَنَّكَ اَغْفَلْتَنِيْ وَ مِنْ عُقُوْبَاتِ الْمَعَاصِيْ جَنَّبْتَنِيْ حَتّٰى كَاَنَّكَ اسْتَحْيَيْتَنِيْ ، اِلٰهِيْ لَمْ اَعْصِكَ حِيْنَ عَصَيْتُكَ وَ اَنَا بِرُبُوْبِيَّتِكَ جَاحِدٌ وَّ لَا بِاَمْرِكَ مُسْتَخِفٌّ وَّ لَا لِعُقُوْبَتِكَ مُتَعَرِّضٌ وَّ لَا لِوَعِيْدِكَ مُتَهَاوِنٌ ، لٰكِنْ خَطِيْئَةٌ عَرَضَتْ وَ سَوَّلَتْ لِيْ نَفْسِيْ وَ غَلَبَنِيْ هَوَايَ وَ اَعَانَنِيْ عَلَيْهَا شِقْوَتِيْ وَ غَرَّنِيْ سِتْرُكَ الْمُرْخٰى عَلَيَّ ،

فَقَدْ عَصَيْتُكَ وَ خَالَفْتُكَ بِجُهْدِيْ فَالْاٰنَ مِنْ عَذَابِكَ مَنْ يَسْتَنْقِذُنِيْ وَ مِنْ اَيْدِيْ الْخُصَمَاءِ غَدًا مَنْ يُخَلِّصُنِيْ، وَ بِحَبْلِ مَنْ اَتَّصِلُ اِنْ اَنْتَ قَطَعْتَ حَبْلَكَ عَنِّيْ

અને તેં મને તારી નજરોમાં હલકો કર્યો તેની પણ મે કોઇ જાતની પરવાહ ન કરી , તે છતાં તું મને ઢીલ આપતો રહ્યો અને તારા પડદાથી મારી બૂરાઇઓને એવી રીતે છુપાવી કે જાણે મારા વિશે તને કંઇ ખબર જ નથી, અને મને ગુનાહોના અઝાબથી એવી રીતે બચાવ્યો કે જાણે તને અઝાબ કરવામાં શરમ આવતી હોય, અય મારા અલ્લાહ ! જ્યારે પણ મેં તારી નાફરમાની કરી તો તે એ માટે નહિ કે તારી ખુદાઇનો મુનકીર હતો યા તારા હુકમને હલકો અને મામુલી સમજતો હતો , યા પોતાને તારા અઝાબ માટે તૈયાર કર્યો હતો , યા તારા અઝાબના વાયદાની તૌહીન કરતો હતો, બલકે વાત એમ છે કે ગુનાહ સામે આવ્યો અને મારા નફસે તેને શોભીતો બનાવી દીધો, મારી ઈચ્છા મારા ઉપર ફાવી ગઇ અને મારી બદનસીબીએ પણ સાથ આપ્યો , અય પરવરદિગાર તારૂં મારી ભૂલોને વારંવાર છુપાવવાએ મને ઘમંડી બનાવી દીધો , તો આ રીતે

હું ગુનાહ કરી બેઠો , અને તારા હુકમની નાફરમાની કરી લીધી, હવે તુજ મને બતાવ કે તારા અઝાબથી કોણ બચાવશે ? અને મને કાલે કોણ અઝાબથી છોડાવશે ? અને જો તું મને નાઉમ્મીદ કરી દઈશ તો પછી હું કોનાથી આશા રાખીશ ?

فَوَا سَوْاَتَا عَلٰى مَا اَحْصٰى كِتَابُكَ مِنْ عَمَلِيَ الَّذِي لَوْ لَا مَا اَرْجُوْ مِنْ كَرَمِكَ وَ سَعَةِ رَحْمَتِكَ وَ نَهْيِكَ اِيَّايَ عَنِ الْقُنُوْطِ لَقَنَطْتُ عِنْدَ مَا اَتَذَكَّرُهَا ، يَا خَيْرَ مَنْ دَعَاهُ دَاعٍ وَّ اَفْضَلَ مَنْ رَجَاهُ رَاجٍ ، اَللّٰهُمَّ بِذِمَّةِ الْاِسْلَامِ اَتَوَسَّلُ اِلَيْكَ وَ بِحُرْمَةِ الْقُرْاٰنِ اَعْتَمِدُ اِلَيْكَ وَ بِحُبِّي النَّبِيَّ الْاُمِّيَّ الْقُرَشِيَّ الْهَاشِمِيَّ الْعَرَبِيَّ التِّهَامِيَّ الْمَكِّيَّ الْمَدَنِيَّ اَرْجُوْ الزُّلْفَةَ لَدَيْكَ ، فَلَا تُوْحِشْ اسْتِيْنَاسَ اِيْمَانِيْ ،

હાય અફસોસ કે તારી પાસે મારા એવા આમાલ લખેલા છે કે જો હું તારી બહોળી રહમત અને તારા ફઝ્લની આશા ન રાખતો હોત તો હું તેને યાદ કરીને ક્યારનો માયુસ થઇ ગયો હોત , અય કે જેને પુકારવામાં આવે છે તેમાં સૌથી બહેતર , અને

જેનાથી ઉમ્મીદો રાખવામાં આવે છે તેમાં સૌથી બુલંદ, અય મઅબૂદ ! હું ઇસ્લામની પનાહ મેળવવા તને જ તારો વસીલો બનાવું છું , કુરઆનના એહતેરામની કસમ મને તારા ઉપર ભરોસો છે, અને હું તારા નબી (સ.અ.વ.) ઉમ્મી, કુરૈશી, હાશમી, અરબી, મક્કી, મદનીની મારી મોહબ્બતના વસીલાથી તારી નજીક આવવા ચાહું છું , તો બસ મારી આ ઇમાની ચાહતને ખૌફમાં તબદિલ ન કર,

وَ لَا تَجْعَلْ ثَوَابِيْ ثَوَابَ مَنْ عَبَدَ سِوَاكَ ، فَاِنَّ قَوْمًا
اٰمَنُوْا بِاَلْسِنَتِهِمْ لِيَحْقِنُوْا بِهٖ دِمَائَهُمْ فَاَدْرَكُوْا مَا
اَمَّلُوْا وَ اِنَّا اٰمَنَّا بِكَ بِاَلْسِنَتِنَا وَ قُلُوْبِنَا لِتَعْفُوَ عَنَّا ،
فَاَدْرِكْنَا مَا اَمَّلْنَا وَ ثَبِّتْ رَجَاءَكَ فِيْ صُدُوْرِنَا وَ لَا
تُزِغْ قُلُوْبَنَا بَعْدَ اِذْ هَدَيْتَنَا وَ هَبْ لَنَا مِنْ لَدُنْكَ
رَحْمَةً ، اِنَّكَ اَنْتَ الْوَهَّابُ ، فَوَ عِزَّتِكَ لَوِ انْتَهَرْتَنِيْ
مَا بَرِحْتُ مِنْ بَابِكَ وَ لَا كَفَفْتُ عَنْ تَمَلُّقِكَ لِمَا
اُلْهِمَ قَلْبِيْ مِنَ الْمَعْرِفَةِ بِكَرَمِكَ وَ سَعَةِ رَحْمَتِكَ ،
اِلٰى مَنْ يَذْهَبُ الْعَبْدُ اِلَّا اِلٰى مَوْلَاهُ ، وَ اِلٰى مَنْ

يَلْتَجِئُ الْمَخْلُوقُ اِلَّا اِلٰى خَالِقِهِ.

અને મારા સવાબને એ લોકોના સવાબ જેવો ન લખ કે જે લોકો તારા સિવાય બીજા કોઇની ઇબાદત કરે છે, કેમ કે એક કૌમે ફકત જાન બચાવવા ખાતર ઇમાન લાવ્યા હતા , તો તું તે લોકોની મુરાદ પૂરી કરી, પરંતું અમે તો દિલો-જાનથી ઇમાન લાવ્યા છીએ, જેથી તું અમને બક્ષી આપે , બસ અમારી ઉમ્મીદોને પૂરી કરી દે, અને તારી મોહબ્બત અમારા દિલોમાં નાખી દે , અને તારી હિદાયત મળ્યા પછી અમારા દિલોને ગુમરાહ ન થવા દે , અમારા ઉપર તારી રહેમતો નાઝિલ કર કે બેશક તું બહુજ અતા કરનાર છે, પરવરદિગાર ! તારી ઇઝ્ઝતની કસમ ખાઇને કહું છું કે જો તું મને કાઢી મુકીશ તો પણ હું તારી બારગાહથી હટવાનો નથી અને તારા વખાણથી જબાનને રોકવાનો નથી , અને તારાથી ઉમ્મીદને છોડવાનો નથી , કેમ કે મારૂં દિલ તારા ફઝ્લો કરમ અને તારી હંમેશાની રહમતને જાણે છે , તો અય મારા માલિક ! બંદો પોતાના માલિકને મૂકીને ક્યાં જાય ? અને મખ્લૂકને તેના ખાલિક સિવાય બીજા કોની પાસે પનાહ મળી શકે ?

اِلٰهِي لَوْ قَرَنْتَنِي بِالْاَصْفَادِ وَ مَنَعْتَنِي سَيْبَكَ مِنْ

بَيْنِ الْاَشْهَادِ وَ دَلَلْتَ عَلٰى فَضَائِحِي عُيُونَ الْعِبَادِ وَ

اَمَرْتَ بِيْ اِلَى النَّارِ وَ حُلْتَ بَيْنِيْ وَ بَيْنَ الْاَبْرَارِ ، مَا قَطَعْتُ رَجَائِىْ مِنْكَ وَ مَا صَرَفْتُ تَأْمِيْلِيْ لِلْعَفْوِ عَنْكَ وَ لَا خَرَجَ حُبُّكَ مِنْ قَلْبِيْ ، اَنَا لَا اَنْسٰى اَيَادِيَكَ عِنْدِيْ وَ سَتْرَكَ عَلَيَّ فِيْ دَارِ الدُّنْيَا ، سَيِّدِيْ ، اَخْرِجْ حُبَّ الدُّنْيَا مِنْ قَلْبِيْ وَ اجْمَعْ بَيْنِيْ وَ بَيْنَ الْمُصْطَفٰى وَ اٰلِهٖ خِيَرَتِكَ مِنْ خَلْقِكَ وَ خَاتَمِ النَّبِيِّيْنَ مُحَمَّدٍ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَ اٰلِهٖ.

મારા અલ્લાહ ! જો તું મને સાંકળોથી બાંધી દઇશ , અને તમામ લોકોના સામે તારી અતાને મારા માટે રોકી દઇશ, અને લોકોના સામે મારી ભૂલોને બયાન કરી દીધી હશે , અને મારા માટે જહન્નમનો હુકમ આપી દીધો હશે, અને તારા નેક બંદાઓથી અલગ કરી દીધો હશે તો પણ હું તારાથી નાઉમ્મીદ થવાનો નથી, અને તારી માફીની આશા નથી છોડવાનો , અને મારા દિલથી તારી મોહબ્બત ખત્મ થવાની નથી, દુનિયામાં તારી આપેલી નેઅમતોને અને મારા ગુનાહો તથા ભૂલોને તું ઢાંકે છે તેને હું ભૂલવાનો નથી , પરવરદિગાર ! મારા દિલથી દુનિયાની મોહબ્બત કાઢી નાખ , અને મને તારી

મખ્લૂકમાં સૌથી બહેતર , તમામ નબીઓમાં છેલ્લા નબી, હઝરત મોહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી અને તેમની ઔલાદ ની બાજુમાં જગ્યા નસીબ કર,

وَ انْقُلْنِيْ اِلٰى دَرَجَةِ التَّوْبَةِ اِلَيْكَ وَ اَعِنِّيْ بِالْبُكَاءِ عَلٰى نَفْسِيْ ، فَقَدْ اَفْنَيْتُ بِالتَّسْوِيْفِ وَ الْاٰمَالِ عُمْرِيْ وَ قَدْ نَزَلْتُ مَنْزِلَةَ الْاٰيِسِيْنَ مِنْ خَيْرِيْ فَمَنْ يَكُوْنُ اَسْوَاَ حَالًا مِنِّيْ اِنْ اَنَا نُقِلْتُ عَلٰى مِثْلِ حَالِيْ اِلٰى قَبْرِيْ لَمْ اُمَهِّدْهُ لِرَقْدَتِيْ وَ لَمْ اَفْرُشْهُ بِالْعَمَلِ الصَّالِحِ لِضَجْعَتِيْ ، وَ مَا لِيْ لَا اَبْكِيْ وَ لَا اَدْرِيْ اِلٰى مَا يَكُوْنُ مَصِيْرِيْ وَ اَرٰى نَفْسِيْ تُخَادِعُنِيْ وَ اَيَّامِيْ تُخَاتِلُنِيْ وَ قَدْ خَفَقَتْ عِنْدَ رَأْسِيْ اَجْنِحَةُ الْمَوْتِ ، فَمَا لِيْ لَا اَبْكِيْ ، اَبْكِيْ لِخُرُوْجِ نَفْسِيْ ، اَبْكِيْ لِظُلْمَةِ قَبْرِيْ ، اَبْكِيْ لِضِيْقِ لَحْدِيْ ، اَبْكِيْ لِسُؤَالِ مُنْكَرٍ وَّ نَكِيْرٍ اِيَّايَ،

અને મને તૌબાની મંઝિલ સુધી પહોંચાડી દે , અને

મને મારી હાલત ઉપર રોવાની તૌફીક આપ, કેમ કે મેં મારી જિંદગીને નકામી ઈચ્છાઓ અને ખોટી તમન્નાઓમાં બરબાદ કરી દીધી , અને હવે મારી હાલત એવી છે કે લોકો કામીયાબીથી માયુસ થઇ ગયા હોય, જો આવી હાલતમાં દુનિયાથી ચાલ્યો જાઉ અને મારી કબ્રમાં પહોંચી જાઉ, જ્યારે કે મારી કબ્ર માટે કોઇ સામાન તૈયાર નથી કર્યો , અને નેક આમાલનું બિસ્તર પણ નથી લગાવ્યું કે તેમાં આરામ કરૂં, તો મારા જેવો કોણ બદનસીબ હશે ? જો આવા સમયે હું ન રોવું તો શું કરૂં ? જ્યારે કે મને ખબર પણ નથી કે મારો અંજામ કેવો થશે ? હું જોવું છું કે મારો નફ્સ મને દગો આપી રહ્યો છે, અને જમાનો પણ મને ફરેબ આપી રહ્યો છે, અને હવે તો મૌત પણ મારા માથા ઉપર આવી ગઇ છે, તો હું શા માટે ન રોવું ? અરે ! જીવ નીકળવાના સમયનો વિચાર કરીને રોવું છું , કબ્રનું અંધારૂ અને કબ્રની તંગીને યાદ કરીને રોવું છું , મુનકીર નકીરના સવાલના ડરથી રોવું છું,

اَبْكِيْ لِخُرُوْجِيْ مِنْ قَبْرِيْ عُرْيَانًا ذَلِيْلًا حَامِلًا ثِقْلِيْ عَلٰى ظَهْرِيْ ، اَنْظُرُ مَرَّةً عَنْ يَمِيْنِيْ وَاُخْرٰى عَنْ شِمَالِيْ ، اِذِ الْخَلَائِقُ فِيْ شَأْنٍ غَيْرِ شَأْنِيْ ، لِكُلِّ

امْرِئٍ مِنْهُمْ يَوْمَئِذٍ شَأْنٌ ، يُغْنِيهِ وُجُوهٌ يَوْمَئِذٍ مُّسْفِرَةٌ ضَاحِكَةٌ مُسْتَبْشِرَةٌ وَّ وُجُوهٌ يَوْمَئِذٍ عَلَيْهَا غَبَرَةٌ تَرْهَقُهَا قَتَرَةٌ وَّ ذِلَّةٌ ، سَيِّدِي ، عَلَيْكَ مُعَوَّلِي وَ مُعْتَمَدِي وَ رَجَائِي وَ تَوَكُّلِي وَ بِرَحْمَتِكَ تَعَلُّقِي تُصِيبُ بِرَحْمَتِكَ مَنْ تَشَاءُ وَ تَهْدِي بِكَرَامَتِكَ مَنْ تُحِبُّ ، فَلَكَ الْحَمْدُ عَلٰى مَا نَقَّيْتَ مِنَ الشِّرْكِ قَلْبِي وَ لَكَ الْحَمْدُ عَلٰى بَسْطِ لِسَانِي اَفَبِلِسَانِي هٰذَا الْكَالِّ اَشْكُرُكَ،

અને ખાસ કરીને એ માટે રોવું છું કે કબ્રમાંથી વગર કપડાં એ રીતે બહાર કાંઢવામાં આવશે કે ઝિલ્લત સાથે ગુનાહોના બોજને ઉપાડીને જમણી અને ડાબી તરફ નજર કરીશ ત્યારે બીજા લોકો પણ જુદી જુદી હાલતમાં હશે, કોઇ પૂછનાર પણ નહી હોય, બધા જ પોત પોતામાં હેરાન પરેશાન હશે , અને તેમાથી અમુક નેક બંદા જેમના ચહેરા નૂરાની અને ખુશખુશાલ હશે, તો તેમને મારી શું પરવાહ હોય , અને અમુક ચહેરા એવા હશે જેમના ચહેરા ઉપરથી ઝિલ્લત અને પરેશાની દેખાતો હશે , તો તે પણ

મારા વિશે શું કરી શકશે ? મારા સરદાર ! તું જ મારો સહારો, મારો ભરોસો, મારી ઉમ્મીદ છે , અને મારો તવક્કુલ છે , તારી રહમતની આસ લગાવીને બેઠો છું, કે તું જેના ઉપર ચાહે તેના ઉપર રહેમ કરે છે, અને જેને ચાહે છે તેને પોતાની મહેરબાનીનો રસ્તો દેખાડે છે, અય ખુદા ફકત તારા જ વખાણ છે કે મારા દિલને શિર્કથી પાક કર્યું અને જબાનને બોલનાર બનાવી , શું આ આડું-અવળું બોલનાર જબાનથી તારો શુક્ર અદા કરી શકું ?

اَمْ بِغَايَةِ جُهْدِيْ فِيْ عَمَلِيْ اُرْضِيْكَ وَ مَا قَدْرُ لِسَانِيْ
يَا رَبِّ فِيْ جَنْبِ شُكْرِكَ وَ مَا قَدْرُ عَمَلِيْ فِيْ جَنْبِ
نِعَمِكَ وَ اِحْسَانِكَ ، اِلٰهِيْ اِنَّ جُوْدَكَ بَسَطَ اَمَلِيْ وَ
شُكْرَكَ قَبِلَ عَمَلِيْ ، سَيِّدِيْ اِلَيْكَ رَغْبَتِيْ وَ اِلَيْكَ
رَهْبَتِيْ وَ اِلَيْكَ تَأْمِيْلِيْ وَ قَدْ سَاقَنِيْ اِلَيْكَ اَمَلِيْ وَ
عَلَيْكَ يَا وَاحِدِيْ عَكَفَتْ هِمَّتِيْ وَ فِيْمَا عِنْدَكَ
انْبَسَطَتْ رَغْبَتِيْ وَ لَكَ خَالِصُ رَجَائِيْ وَ خَوْفِيْ وَ بِكَ
اَنِسَتْ مَحَبَّتِيْ وَ اِلَيْكَ اَلْقَيْتُ بِيَدِيْ وَ بِحَبْلِ

طَاعَتِكَ مَدَدْتُ رَهْبَتِيْ مَوْلَايَ بِذِكْرِكَ عَاشَ قَلْبِيْ وَ

بِمُنَاجَاتِكَ بَرَّدْتُ اَلَمَ الْخَوْفِ عَنِّيْ ،

અને શું આ નાચીજ આમાલ તને રાઝી કરી શકે છે ? અય પરવરદિગાર તારા શુક્રના મુકાબલામાં મારી આ જબાનની શું હેસીયત ? અને તારી નેઅમતો અને તારા એહસાનોના સામે મારા અમલની શું કિંમત ? અય મારા મઅબૂદ ! તારી સખાવતે મારી આશાને બાકી રાખી છે અને તારો શુક્ર કે મારા અમલને કબૂલ કર્યો છે , મારા સરદાર મારૂં મન તારા તરફ છે અને તારાથી ડરૂં છું , મારી ઉમ્મીદ તારાથી છે અને આ ઉમ્મીદ તારા સુધી ખેંચીને લાવી છે, અય એક જ ખુદા મારી હિમ્મત તારા સુધી પહોંચીને રોકાઇ ગઇ, અને મારૂં મન તારી રહમતના ખજાના તરફ છે , મારી ઉમ્મીદ અને ખૌફ ફકત તારાથી છે, મારી મોહબ્બત ફકત તારી જાતથી છે , અને મારા હાથોને તારા તરફ આગળ કર્યા છે , અને મારા દિલમાં તારો ખૌફ મને તારી ઇતાઅતની તરફ આગળ વધાર્યો છે , મારા મૌલા ! મારૂં દિલ તારી યાદથી જીવતું છે , અને તારી સાથે મુનાજાતથી મારા ખૌફને દૂર કરૂં છું,

فَيَا مَوْلَايَ وَيَا مُؤَمَّلِيْ وَيَا مُنْتَهٰى سُؤْلِيْ فَرِّقْ بَيْنِيْ

وَ بَيْنَ ذَنْبِيَ الْمَانِعِ لِيْ مِنْ لُزُوْمِ طَاعَتِكَ ، فَاِنَّمَا
اَسْاَلُكَ لِقَدِيْمِ الرَّجَاءِ فِيْكَ وَ عَظِيْمِ الطَّمَعِ مِنْكَ
الَّذِيْ اَوْجَبْتَهٗ عَلٰى نَفْسِكَ مِنَ الرَّأْفَةِ وَ الرَّحْمَةِ
فَالْاَمْرُ لَكَ وَحْدَكَ لَا شَرِيْكَ لَكَ وَ الْخَلْقُ كُلُّهُمْ
عِيَالُكَ وَ فِيْ قَبْضَتِكَ وَ كُلُّ شَيْءٍ خَاضِعٌ لَكَ تَبَارَكْتَ
يَا رَبَّ الْعَالَمِيْنَ ، اِلٰهِيْ ارْحَمْنِيْ اِذَا انْقَطَعَتْ حُجَّتِيْ
وَ كَلَّ عَنْ جَوَابِكَ لِسَانِيْ وَ طَاشَ عِنْدَ سُؤَالِكَ اِيَّايَ
لُبِّيْ فَيَا عَظِيْمَ رَجَائِيْ لَا تُخَيِّبْنِيْ اِذَا اشْتَدَّتْ فَاقَتِيْ
وَ لَا تَرُدَّنِيْ لِجَهْلِيْ وَ لَا تَمْنَعْنِيْ لِقِلَّةِ صَبْرِيْ اَعْطِنِيْ
لِفَقْرِيْ وَ ارْحَمْنِيْ لِضَعْفِيْ

અય મારા માલિક, અય મારી ઉમ્મીદ પૂરી થવાની જગ્યા, અય મારા સવાલને પૂરો કરનાર, મને તારી ઇતાઅતમાં મશગૂલ કરીને ગુનાહોથી દૂર કર, મારી અને મારા ગુનાહોની વચ્ચે જુદાઇ નાખ, હું તારાથી હંમેશની ઉમ્મીદ અને મોટી ઈચ્છા સાથે સવાલ કરૂં છું, કે તેં પોતાની માટે તારા બંદા ઉપર મહેરબાની અને બક્ષિશને વાજિબ કરી છે. બસ, તારો જ હુકમ

ચાલે છે, તું એકલો છે અને તારો કોઇ ભાગીદાર નથી, અને તમામ મખ્લૂક તારૂં કુટુંબ છે , તારા કાબૂમાં છે, દરેક વસ્તુએ તારી સામે માથું જૂકાવી દીધું છે, અને તું તો તમામ દુનિયાનો પાલનહાર અને બાબરકત છે, મારા અલ્લાહ ! તે સમયે મારા ઉપર રહેમ કર જ્યારે તારી સામે મારૂં કોઇપણ બહાનું કામ નહી આવે, તે સમયે મારા ઉપર રહેમ કર જ્યારે તારી સામે જવાબ દેવામાં મારી જબાન બંધ થઇ જાય , અને તારા સવાલથી મારા હોશોહવાસ ઉડી જાય, અય મારી નાની મોટી બધી ઉમ્મીદો પૂરી થવાની જગ્યા, મને ત્યારે નાઉમ્મીદ ન કર જ્યારે મારી હાજત સખત મોટી હોય , મારી નાદાનીના લીધે તારાથી દૂર ન કર, મારી બેસબ્રીના લીધે મહેરૂમ ન કર , મારી હાજત અને જરૂરત પ્રમાણે અતા કર , અને મારી કમજોરી ઉપર રહેમ કર,

سَيِّدِي عَلَيْكَ مُعْتَمَدِي وَ مُعَوَّلِي وَ رَجَائِي وَ تَوَكُّلِي

وَ بِرَحْمَتِكَ تَعَلُّقِي وَ بِفِنَائِكَ اَحُطُّ رَحْلِي وَ بِجُودِكَ

اَقْصِدُ طَلِبَتِي وَ بِكَرَمِكَ اَيْ رَبِّ اَسْتَفْتِحُ دُعَائِي وَ

لَدَيْكَ اَرْجُو فَاقَتِي وَ بِغِنَاكَ اَجْبُرُ عَيْلَتِي وَ تَحْتَ

ظِلِّ عَفْوِكَ قِيَامِيْ وَ اِلٰى جُو دِكَ وَ كَرَمِكَ اَرْفَعُ

بَصَرِيْ وَ اِلٰى مَعْرُوْفِكَ اُدِيْمُ نَظَرِيْ،

મારા સરદાર ! તું તો મારો સહારો છે , તારા ઉપર પૂરો ભરોસો છે અને તારાથી ઉમ્મીદ રાખું છું , અને તારા ઉપર તવક્કુલ અને તારી રહમતની આશા રાખીને તારી બારગાહમાં હાજર થયો છું , તારી સખાવતથી હાજત પૂરી થાય તેમ ઈચ્છા રાખું છું. તારા રહેમો-કરમથી દુઆ શરૂ કરૂં છું અને મારાથી તંગી દૂર થાય તેવી ઉમ્મીદ રાખું છું , તારા ખજાનાઓથી મારી તંગી દૂર કરવા ચાહું છું , તારી માફીના છાયા હેઠળ ઉભો છું , અને તારી સખાવત અને તારા એહસાન તરફ મારી નજર છે,

فَلَا تُحْرِقْنِيْ بِالنَّارِ وَ اَنْتَ مَوْضِعُ اَمَلِيْ وَ لَا تُسْكِنِّيْ

الْهَاوِيَةَ فَاِنَّكَ قُرَّةُ عَيْنِيْ ، يَا سَيِّدِيْ ، لَا تُكَذِّبْ

ظَنِّيْ بِاِحْسَانِكَ وَ مَعْرُوْفِكَ فَاِنَّكَ ثِقَتِيْ وَ لَا

تَحْرِمْنِيْ ثَوَابَكَ فَاِنَّكَ الْعَارِفُ بِفَقْرِيْ ، اِلٰهِيْ اِنْ

كَانَ قَدْ دَنَا اَجَلِيْ وَ لَمْ يُقَرِّبْنِيْ مِنْكَ عَمَلِيْ فَقَدْ

جَعَلْتُ الْاِعْتِرَافَ اِلَيْكَ بِذَنْبِيْ وَسَائِلَ عِلَلِيْ ،

તો મને જહન્નમમાં ન સળગાવ ફક્ત તારાથી જ મારી આશા છે, અને મને ભડકતી આગમાં ન નાખ કે તું મારી આંખોની ઠંડક છે , અય મારા આકા ! તારા એહસાન અને ભલાઇથી આશા છે તેને ખોટી સાબિત ન કર , કેમ કે તું જ ભરોસાના લાયક છે , અને મને તારા સવાબથી મહેરૂમ ન કર કે તું મારી મોહતાજીને બહેતર જાણે છે મારા અલ્લાહ ! જો મારી મૌતનો સમય નજીક આવી ગયો હોય અને મારા આમાલથી તારી નજીક સુધી ન પહોંચી શક્યો હોઉ તો હું મારા ગુનાહો નો સ્વીકાર કરીને તારી બારગાહ સુધી પહોંચવાનો વસીલો બનાવું છું,

اِلٰهِيْ اِنْ عَفَوْتَ فَمَنْ اَوْلٰى مِنْكَ بِالْعَفْوِ وَاِنْ عَذَّبْتَ فَمَنْ اَعْدَلُ مِنْكَ فِي الْحُكْمِ، اِرْحَمْ فِيْ هٰذِهِ الدُّنْيَا غُرْبَتِيْ وَعِنْدَ الْمَوْتِ كُرْبَتِيْ وَفِي الْقَبْرِ وَحْدَتِيْ وَفِيْ اللَّحْدِ وَحْشَتِيْ وَاِذَا نُشِرْتُ لِلْحِسَابِ بَيْنَ يَدَيْكَ ذُلَّ مَوْقِفِيْ وَاغْفِرْ لِيْ مَا خَفِيَ عَلَى الْاٰدَمِيِّيْنَ مِنْ عَمَلِيْ، وَاَدِمْ لِيْ مَا بِهٖ سَتَرْتَنِيْ

અય પરવરદિગાર ! જો તું મને માફ કરી દઇશ તો તારાથી વધારે કોણ માફ કરનાર છે , જો તું અઝાબ આપીશ તો તારાથી વધારે કોણ ન્યાય કરનાર છે ,

માટે રહેમ કર આ દુનિયામાં મારી લાચારી ઉપર ,
મૌતના સમયે મારી તકલીફ ઉપર , કબ્રમાં મારી
તન્હાઈ ઉપર, અને કબ્રના ખૌફમાં મારા ઉપર રહેમ
કર, અને જ્યારે મારા આમાલનો હિસાબ કરવામાં
આવે ત્યારે મારી ઝિલ્લત ઉપર રહેમ કર , અને તે
બધા ગુનાહોને માફ કર જેને લોકો તો જાણતા નથી
ફકત તું જ જાણે છે , અને હંમેશા માટે છુપાવીને
રાખ,

وَارْحَمْنِيْ صَرِيْعًا عَلَى الْفِرَاشِ تُقَلِّبُنِيْ اَيْدِيْ
اَحِبَّتِيْ وَتَفَضَّلْ عَلَيَّ مَمْدُوْدًا عَلَى الْمُغْتَسَلِ يُقَلِّبُنِيْ
صَالِحُ جِيْرَتِيْ وَتَحَنَّنْ عَلَيَّ مَحْمُوْلًا قَدْ تَنَاوَلَ
الْاَقْرِبَاءُ اَطْرَافَ جِنَازَتِيْ وَجُدْ عَلَيَّ مَنْقُوْلًا قَدْ
نَزَلْتُ بِكَ وَحِيْدًا فِيْ حُفْرَتِيْ وَارْحَمْ فِيْ ذٰلِكَ الْبَيْتِ
الْجَدِيْدِ غُرْبَتِيْ حَتّٰى لَا اَسْتَأْنِسَ بِغَيْرِكَ ، يَا
سَيِّدِيْ ، اِنْ وَكَلْتَنِيْ اِلٰى نَفْسِيْ هَلَكْتُ ،

અય મારા અલ્લાહ ! તે સમયે મારા ઉપર રહેમ
કર, જ્યારે મારા દોસ્ત , સગાવ્હાલા બિસ્તર ઉપર
મારા પડખા બદલાવતા હોય , તે વખતે રહેમ
ફરમાવ જ્યારે મારા પાડોશીઓ ગુસ્લ માટે મારા

શરીરને આમથી તેમ ફેરવતા હોય, તે વખતે રહેમ કર જ્યારે મારા સ ગાવ્હાલા (ભાઇ, ઔલાદ વગેરે) મારા જનાઝાને ચારે તરફથી ઉપાડીને લઇ જઇ રહ્યા હોય, અને મારા ઉપર તે વખતે રહેમ કર કે જ્યારે તારી બારગાહમાં હાજર થાવ , અને કબ્રમાં એકલો રહી જાવ , અને આ નવા ઘરમાં મારી લાચારી ઉપર રહેમ કર , જેથી મારો લગાવ તારા સિવાય બીજા કોઇથી ન રહે, અય મારા આકા ! જો આવા સમયે મને એકલો મૂકી દઇશ તો હું હલાક થઇ જઇશ,

سَيِّدِيْ فَبِمَنْ اَسْتَغِيْثُ اِنْ لَمْ تُقِلْنِيْ عَثْرَتِيْ ، فَاِلٰى مَنْ اَفْزَعُ اِنْ فَقَدْتُ عِنَايَتَكَ فِيْ ضَجْعَتِيْ ، وَاِلٰى مَنْ اَلْتَجِئُ اِنْ لَمْ تُنَفِّسْ كُرْبَتِيْ ، سَيِّدِيْ ، مَنْ لِيْ وَمَنْ يَرْحَمُنِيْ اِنْ لَمْ تَرْحَمْنِيْ وَفَضْلَ مَنْ اُؤَمِّلُ اِنْ عَدِمْتُ فَضْلَكَ يَوْمَ فَاقَتِيْ ، وَاِلٰى مَنِ الْفِرَارُ مِنَ الذُّنُوْبِ اِذَا انْقَضٰى اَجَلِيْ ، سَيِّدِيْ ، لَا تُعَذِّبْنِيْ وَ اَنَا اَرْجُوْكَ ، اِلٰهِيْ حَقِّقْ رَجَائِىْ ، وَاٰمِنْ خَوْفِيْ ، فَاِنَّ كَثْرَةَ ذُنُوْبِيْ لَا اَرْجُوْ فِيْهَا اِلَّا عَفْوَكَ ، سَيِّدِيْ ، اَنَا

اَسْاَلُكَ مَا لَا اَ سْتَحِقُّ وَ اَنْتَ اَهْلُ التَّقْوٰى وَ اَهْلُ
الْمَغْفِرَةِ، فَاغْفِرْ لِيْ وَ اَلْبِسْنِيْ مِنْ نَظَرِكَ ثَوْ بًا
يُغَطِّيْ عَلَيَّ التَّبِعَاتِ وَ تَغْفِرُهَا لِيْ وَ لَا اُطَالَبُ بِهَا ،
اِنَّكَ ذُوْ مَنٍّ قَدِيْمٍ وَّ صَفْحٍ عَظِيْمٍ وَّ تَجَاوُزٍ كَرِيْمٍ .

મારા સરદાર ! જો મારી ખતાને માફ નહી કરે તો હું કોની પાસે મદદ માંગીશ ? જો આ મુસીબતના સમયે તારી ખાસ રહેમો કરમ મારી સાથે નહી હોય તો હું કોને ફરિયાદ કરીશ ? જો તું મારી આ મુશ્કીલોને આસાન નહી કરે તો કોની પાસે પનાહ મેળવીશ મારા મૌલા અને આકા ! જો તું મારા ઉપર રહેમ નહી કરે તો મારૂં બીજું કોણ છે કે મારા ઉપર રહેમ કરે ? જો આ જરૂરતના સમયે મારા ઉપર તારી રહેમો કરમ નહી હોય તો કોનાથી ઉમ્મીદ લગાવીશ ? અને જ્યારે મારી મૌતનો સમય આવી જાય તો ગુનાહોથી ફરાર કરીને કોની પાસે આશરો મેળવીશ ? મારા સરદાર ! હું મોટી ઉમ્મીદ સાથે આવ્યો છું કે મારા ઉપર અઝાબ ન કર , મારા અલ્લાહ મારી ઉમ્મીદ પૂરી કર, અને ખૌફથી અમાન અતા કર, કે આટલા બધા ગુનાહોની માફીની આશા તારા સિવાય બીજા કોઇથી નથી, અય મારા આકા ! હું તારાથી એ વસ્તુનો સવાલ કરૂં છું જેનો હું હકદાર

નથી, પરંતું તું છુપાવનાર અને માફ કરનાર છે ,
બસ મારા ગુનાહોને માફ કર , અને તારી નજરો-
કરમથી એવો લિબાસ અતા કર કે જેમા મારી બધી
ભૂલો છુંપાઇ જાય, અને ત્યાર પછી તે ગુનાહોને માફ
કર અને તેના વિશે સવાલ ન કર , બેશક તું હંમેશા
એહસાન કરનાર અને નેઅમતો આપનાર છે, મહાન
દરગુજર કરનાર અને ઉદાર માફ કરનાર છે,

اِلٰهِي اَنْتَ الَّذِيْ تُفِيْضُ سَيْبَكَ عَلٰى مَنْ لَا يَسْأَلُكَ
وَعَلَى الْجَاحِدِيْنَ بِرُبُوْبِيَّتِكَ فَكَيْفَ سَيِّدِيْ بِمَنْ
سَأَلَكَ وَاَيْقَنَ اَنَّ الْخَلْقَ لَكَ وَالْاَمْرَ اِلَيْكَ تَبَارَكْتَ
وَتَعَالَيْتَ ، يَا رَبَّ الْعَالَمِيْنَ ، سَيِّدِيْ عَبْدُكَ بِبَابِكَ
اَقَامَتْهُ الْخَصَاصَةُ بَيْنَ يَدَيْكَ ، يَقْرَعُ بَابَ
اِحْسَانِكَ بِدُعَائِهٖ وَيَسْتَعْطِفُ جَمِيْلَ نَظَرِكَ
بِمَكْنُوْنِ رَجَائِكَ فَلَا تُعْرِضْ بِوَجْهِكَ الْكَرِيْمِ عَنِّيْ
وَاقْبَلْ مِنِّيْ مَا اَقُوْلُ فَقَدْ دَعَوْتُ بِهٰذَا الدُّعَاءِ وَاَنَا
اَرْجُوْ اَنْ لَا تَرُدَّنِيْ مَعْرِفَةً مِّنِّيْ بِرَأْفَتِكَ وَرَحْمَتِكَ ،
اِلٰهِي اَنْتَ الَّذِيْ لَا يُحْفِيْكَ سَائِلٌ وَّلَا يَنْقُصُكَ

نَائِلٌ اَنْتَ كَمَا تَقُوْلُ وَفَوْقَ مَا نَقُوْلُ .

મારા અલ્લાહ ! તું તેને પણ આપે છે જે તારી પાસે માંગતો નથી અને તારો ઇન્કાર કરે છે , મારા સરદાર તો કેમ કરી મહરૂમ રહી શકે જે તારી પાસે માંગતો હોય અને યકીન રાખતો હોય કે પૈદા કરવું અને હુકમ કરવો તે ખાસ તારા માટે જ છે , ખરેખર બાબરકત અને બુલંદ છે તારી જાત , અય તમામ દુનિયાઓના પાલનહાર , અય અલ્લાહ ! તારો નાચીઝ બંદો તારી સામે હાજર થયો છે , તેને તંગી અને ફકીરી એ તારા સુધી પહોંચાડ્યો , અને તે પોતાની દુઆથી તારા એહસાનના દરવાજાને ખટખટાવે છે, તો હવે તારી જાતના વાસ્તાથી મને તારી તવજ્જોહથી મહેરૂમ ન કર , અને મારી અરજને કબૂલ કર કે હું તને આ દુઆથી પુકારૂ છું અને આશા છે કે તેને તું રદ નહી કરીશ , કેમ કે હું તારી મહેરબાની અને રહમત ને ઓળખું છું , મારા પરવરદિગાર ! તું એ છે કે જેને કોઇ સવાલી મજબૂર નથી કરી શકતો , અને તારી અતાથી તારા ખજાનામાં કઇ ઓછું થતું નથી , ખરેખર તું એવો જ છે જેવું તે બતાવ્યું અને અમે કહીએ તેનાથી તો તું ઘણો બુલંદ છે.

اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ صَبْرًا جَمِيْلًا وَّ فَرَجًا قَرِيْبًا وَّ قَوْلًا

صَادِقًا وَّ اَجْرًا عَظِيْمًا ، اَسْاَلُكَ يَا رَبِّ مِنَ الْخَيْرِ كُلِّهِ

مَا عَلِمْتُ مِنْهُ وَ مَا لَمْ اَعْلَمْ ، اَسْاَلُكَ اللّٰهُمَّ مِنْ خَيْرِ

مَا سَاَلَكَ مِنْهُ عِبَادُكَ الصَّالِحُوْنَ ، يَا خَيْرَ مَنْ سُئِلَ

وَ اَجْوَدَ مَنْ اَعْطٰى ، اَعْطِنِيْ سُؤْلِيْ فِيْ نَفْسِيْ وَ اَهْلِيْ وَ

وَالِدَيَّ وَ وُلْدِيْ وَ اَهْلِ حُزَانَتِيْ وَ اِخْوَانِيْ فِيْكَ وَ

اَرْغِدْ عَيْشِيْ وَ اَظْهِرْ مُرُوَّتِيْ وَ اَصْلِحْ جَمِيْعَ اَحْوَالِيْ وَ

اجْعَلْنِيْ مِمَّنْ اَطَلْتَ عُمُرَهٗ وَ حَسَّنْتَ عَمَلَهٗ وَ اَتْمَمْتَ

عَلَيْهِ نِعْمَتَكَ وَ رَضِيْتَ عَنْهُ وَ اَحْيَيْتَهٗ حَيَاةً طَيِّبَةً

فِيْ اَدْوَمِ السُّرُوْرِ وَ اَسْبَغِ الْكَرَامَةِ وَ اَتَمِّ الْعَيْشِ ،

اِنَّكَ تَفْعَلُ مَا تَشَاءُ وَ لَا تَفْعَلُ مَا يَشَاءُ غَيْرُكَ

અય મઅબૂદ ! તારી પાસે બહેતરીન સબ્ર , મુસીબતોથી છુટકારો, સાચું બોલવાની તૌફીક, અને વધારે સવાબનો સવાલ કરૂં છું. અય પરવરદિગાર ! તારાથી એ દરેક ભલાઇ માંગુ છું જેને તું જાણે છે , અને હું નથી જાણતો , અય અલ્લાહ ! તારાથી એ વસ્તું માંગુ છું જેનો તારા નેક બંદા તારાથી સવાલ કરે છે, અય તે કે જેનાથી સવાલ કરવામાં આવે છે

તેમાં સૌથી બહેતર, અને જે અતા કરે છે તેમાં સૌથી બહેતર અતા કરનાર, મારા માટે, મારા કુટુંબ, મારા મા-બાપ, ઔલાદ, સગાવ્હાલા અને દીની ભાઇઓ માટે માંગુ છું તે અતા કર , મારી જિંદગીને સારી બનાવ, મારી નેકીઓને જાહેર કરીને મારી તમામ હાલતને સુધારી દે , મારી ગણતરી તે લોકોમાં કર જેમને તેં લાંબી જિંદગી આપી અને તેમના અમલને નેક ગણ્યા, તેમને પાક પવિત્ર જીવન અતા કર્યુ કે જેમા તે સદા ખુશ રહે , અને ઇઝ્ઝતદાર બનાવ્યો , અને રોઝીને અતા કર કે બેશક તું ચાહે તે કરે છે અને તારા સિવાય બીજો કોઇ ચાહે તો પણ નથી કરી શકતો,

اَللّٰهُمَّ خُصَّنِيْ مِنْكَ بِخَاصَّةِ ذِكْرِكَ وَلَا تَجْعَلْ
شَيْئًا مِمَّا اَتَقَرَّبُ بِهٖ فِيْ اٰنَاءِ اللَّيْلِ وَاَطْرَافِ النَّهَارِ
رِيَاءً وَلَا سُمْعَةً وَّلَا اَشَرًا وَّلَا بَطَرًا وَّاجْعَلْنِيْ لَكَ
مِنَ الْخَاشِعِيْنَ ، اَللّٰهُمَّ اَعْطِنِيْ السَّعَةَ فِيْ الرِّزْقِ وَ
الْاَمْنَ فِي الْوَطَنِ وَقُرَّةَ الْعَيْنِ فِي الْاَهْلِ وَالْمَالِ وَ
الْوَلَدِ وَالْمُقَامَ فِيْ نِعَمِكَ عِنْدِيْ ، وَالصِّحَّةَ فِيْ
الْجِسْمِ وَالْقُوَّةَ فِي الْبَدَنِ وَالسَّلَامَةَ فِيْ الدِّيْنِ وَ

اسْتَعْمِلْنِيْ بِطَاعَتِكَ وَ طَاعَةِ رَسُوْلِكَ مُحَمَّدٍ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَ اٰلِهٖ اَبَدًا مَا اسْتَعْمَرْتَنِيْ وَ اجْعَلْنِيْ مِنْ اَوْفَرِ عِبَادِكَ عِنْدَكَ نَصِيبًا فِيْ كُلِّ خَيْرٍ اَنْزَلْتَهٗ وَ تُنْزِلُهٗ فِيْ شَهْرِ رَمَضَانَ فِيْ لَيْلَةِ الْقَدْرِ،

અય મઅબૂદ ! મને તારો ખાસ ઝિક્ર કરવો નસીબ કર, અને રાત દિવસના અમલથી હું તારી નજીક આવવા ચાહું છું તેમા મારા તરફથી રિયાકારી (દેખાવ) વખાણની આશા , પોતાના વખાણ અને ઘમંડનો એહસાસ ન થવા દે, અને જે લોકો તારાથી ડરે છે તે લોકોમાં મારી ગણતરી કર , અય અલ્લાહ ! મારી રોઝીમાં બરકત, વતનમાં શાંતિ, અને મારા માલ અને ઔલાદના લીધે દિલનું સુકૂન અતા કર , અને તારી નેઅમતોમાંથી મારો ખાસ હિસ્સો નસીબ કર, શરીરમાં તંદુરસ્તી , તાકત, અને દીનમાં સલામતી અતા ફરમાવ , અને હંમેશા જ્યાં સુધી જીવતો રહું ત્યાર સુધી તારી અને તારા રસૂલ મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વ આલેહીની ઇતાઅત કરવાની હિમ્મત અતા કર, મને તારા તે બંદાઓમાં ગણતરી કર જેમનો હિસ્સો તે નેકીઓમા બહુજ વધારે છે જેને તેં નાઝિલ કરી છે અને નાઝિલ કરતો રહીશ, માહે રમઝાન અને શબે કદ્રમાં

وَ مَا اَنْتَ مُنْزِلُهٗ فِيْ كُلِّ سَنَةٍ مِنْ رَحْمَةٍ تَنْشُرُهَا وَ

عَافِيَةٍ تُلْبِسُهَا وَ بَلِيَّةٍ تَدْفَعُهَا وَ حَسَنَاتٍ تَتَقَبَّلُهَا وَ

سَيِّئَاتٍ تَتَجَاوَزُ عَنْهَا وَ ارْزُقْنِيْ حَجَّ بَيْتِكَ الْحَرَامِ

فِيْ عَامِنَا هٰذَا وَ فِيْ كُلِّ عَامٍ ، وَ ارْزُقْنِيْ رِزْقًا وَّ اسِعًا

مِنْ فَضْلِكَ الْوَاسِعِ وَ اصْرِفْ عَنِّيْ يَا سَيِّدِيْ الْاَسْوَاءَ

، وَ اقْضِ عَنِّيْ الدَّيْنَ وَ الظُّلامَاتِ حَتّٰى لَا اَتَاَذّٰى

بِشَيْءٍ مِنْهُ وَ خُذْ عَنِّيْ بِاَسْمَاعِ وَ اَبْصَارِ اَعْدَائِىْ وَ

حُسَّادِيْ وَ الْبَاغِيْنَ عَلَيَّ وَ انْصُرْنِيْ عَلَيْهِمْ وَ اَقِرَّ

عَيْنِيْ وَ فَرِّحْ قَلْبِيْ ،

અને આખા વર્ષ દરમિયાન જે કાંઈ ભલાઇઓ નાઝિલ કરે છે, તેમા મારો મોટો ભાગ રાખ , એટલે જે રહમતને તું ફેલાવે છે, જે સલામતીને તું આપે છે, જે સખ્તીને તું દૂર કરે છે, જે નેકીઓને તું કબૂલ કરે છે, જે ગુનાહને તું માફ કરે છે તે દરેકમાં મારો મોટો હિસ્સો કરાર દે, અને મને ખાનએ કાબા તારા ઘરની હજ આ વર્ષે અને દર વર્ષે નસીબ કર, અને તારા ફઝ્લો કરમથી રોઝીમાં વધારો કર , અય મારા

સરદાર ! બૂરાઇઓને મારાથી દૂર કર , મારા કરઝ અને બધા હક્કોને અદા કર જેથી કોઇનો હક મારી ગરદન ઉપર બાકી ન રહે, અને મારા દુશ્મનો, હસદ કરનારાઓ, અને વિરોધીઓના કાન અને આંખોને મારાથી હટાવી દે , અને તેમના સામે મારી મદદ કર, મને આંખોની ઠંડક અને દિલી ખુશી નસીબ કર,

وَاجْعَلْ لِيْ مِنْ هَمِّيْ وَكَرْبِيْ فَرَجًا وَّ مَخْرَجًا وَّ اجْعَلْ

مَنْ اَرَادَنِيْ بِسُوْءٍ مِنْ جَمِيْعِ خَلْقِكَ تَحْتَ قَدَمَيَّ

وَاكْفِنِيْ شَرَّ الشَّيْطَانِ وَشَرَّ السُّلْطَانِ وَسَيِّئَاتِ

عَمَلِيْ وَطَهِّرْنِيْ مِنَ الذُّنُوْبِ كُلِّهَا وَاَجِرْنِيْ مِنَ النَّارِ

بِعَفْوِكَ وَاَدْخِلْنِيْ الْجَنَّةَ بِرَحْمَتِكَ وَزَوِّجْنِيْ مِنَ

الْحُوْرِ الْعِيْنِ بِفَضْلِكَ وَاَلْحِقْنِيْ بِاَوْلِيَائِكَ

الصَّالِحِيْنَ مُحَمَّدٍ وَّ اٰلِهِ الْاَبْرَارِ الطَّيِّبِيْنَ

الطَّاهِرِيْنَ الْاَخْيَارِ ، صَلَوَاتُكَ عَلَيْهِمْ وَعَلٰى

اَجْسَادِهِمْ وَاَرْوَاحِهِمْ وَرَحْمَةُ اللّٰهِ وَبَرَكَاتُهٗ ، اِلٰهِيْ

وَسَيِّدِيْ وَعِزَّتِكَ وَجَلَالِكَ لَئِنْ طَالَبْتَنِيْ بِذُنُوْبِيْ

لَاُطَالِبَنَّكَ بِعَفْوِكَ وَلَئِنْ طَالَبْتَنِيْ بِلُؤْمِيْ
لَاُطَالِبَنَّكَ بِكَرَمِكَ،

મને દરેક તકલીફ અને પરેશાનીમાં નીકળવાનો રસ્તો દેખાડ. તારી તમામ મખ્લૂકાતમાંથી જે મારા માટે ખરાબ ઇરાદો કરે તેને મારા પગ નીચે કચડી નાખ, અને દરેક શયતાન અને દરેક સુલતાનની ખરાબીઓ અને બધા ખરાબ કામોથી બચવામાં મારી મદદ કર , અને તમામ ગુનાહોથી પાક કર , અને મને માફ કરીને દોઝખની આગથી નજાત અતા કર, અને તારી રહમતથી જન્નતમાં દાખલ કર અને તારા ફઝ્લો કરમથી હૂર સાથે શાદી કરાવ , અને મને તારા નેક અવલીયા સાથે જગ્યા નસીબ કર જે હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની પાક ઔલાદ છે, તારી રહમત નાઝિલ થાય તેમની પાક રૂહો ઉપર અને પાક શરીરો ઉપર , ખુદા તરફથી તેમના ઉપર હંમેશા રહેમતો અને બરકતો છે. અય મારા અલ્લાહ ! મારા આકા ! તારી ઇઝ્ઝતો જલાલની કસમ ખાઇને કહું છું કે જો મારા ગુનાહો વિષે સવાલ કરીશ તો હું તારી પાસે તારી માફીનો સવાલ કરીશ, જો તું મારી ઝિલ્લત અને હલકાઈ વિશે પૂછપરછ કરીશ તો હું તારાથી તારી મહેરબાનીની આશા રાખીશ,

وَلَئِنْ اَدْخَلْتَنِيْ النَّارَ لَاُخْبِرَنَّ اَهْلَ النَّارِ بِحُبِّيْ لَكَ ،

اِلٰهِيْ وَ سَيِّدِيْ اِنْ كُنْتَ لَا تَغْفِرُ اِلَّا لِاَوْلِيَائِكَ وَ

اَهْلِ طَاعَتِكَ فَاِلٰى مَنْ يَفْزَعُ الْمُذْنِبُوْنَ وَ اِنْ كُنْتَ

لَا تُكْرِمُ اِلَّا اَهْلَ الْوَفَاءِ بِكَ فَبِمَنْ يَسْتَغِيْثُ

الْمُسِيْئُوْنَ ، اِلٰهِيْ اِنْ اَدْخَلْتَنِيْ النَّارَ فَفِيْ ذٰلِكَ

سُرُوْرُ عَدُوِّكَ وَ اِنْ اَدْخَلْتَنِيْ الْجَنَّةَ فَفِيْ ذٰلِكَ سُرُوْرُ

نَبِيِّكَ وَ اَنَا وَ اللّٰهِ اَعْلَمُ اَنَّ سُرُوْرَ نَبِيِّكَ اَحَبُّ اِلَيْكَ

مِنْ سُرُوْرِ عَدُوِّكَ ،

જો તું મને દોઝખમાં નાખીશ તો ત્યાંના લોકોને બતાવીશ કે હું તારાથી મોહબ્બત કરનાર અને તારો ચાહવાવાળો હતો , અય મારા મઅબૂદ ! મારા સરદાર ! જો તું ફકત તારા અવલીયા અને ફરમાંબરદારોને માફ કરીશ તો તારા ગુનેહગાર બંદા ક્યા જશે ? અને કોની પાસે ફરિયાદ કરશે ? અને જો તારા વફાદારોને ફકત ઇઝ્ઝત અતા કરીશ તો ખતાકાર બંદા કોની પાસે મદદ માંગશે ? મારા સરદાર જો તું મને દોઝખમાં નાખીશ તો તેમાં તારા દુશ્મનો ખુશ થશે, અને જો તું મને જન્નતમાં દાખલ

કરીશ તો તેમા તારા નબી સલ્લલ્લાહો અલય્હે વ આલેહી ખુશ થશે, અને ખુદાની કસમ હું જાણું છું કે તારા નબી સલ્લલ્લાહો અલય્હે વ આલેહીની ખુશી તારા દુશ્મનની ખુશી કરતાં તને વધારે પસંદ છે,

اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ اَنْ تَمْلَاَ قَلْبِيْ حُبًّا لَكَ وَ خَشْيَةً مِّنْكَ وَ تَصْدِيْقًا بِكِتَابِكَ وَ اِيْمَانًا بِكَ وَ فَرَقًا مِنْكَ وَ شَوْقًا اِلَيْكَ ، يَا ذَا الْجَلَالِ وَ الْاِكْرَامِ ، حَبِّبْ اِلَيَّ لِقَاءَكَ وَ اَحْبِبْ لِقَائِىْ وَ اجْعَلْ لِيْ فِيْ لِقَائِكَ الرَّاحَةَ وَ الْفَرَجَ وَ الْكَرَامَةَ ، اَللّٰهُمَّ اَلْحِقْنِيْ بِصَالِحِ مَنْ مَضٰى وَ اجْعَلْنِيْ مِنْ صَالِحِ مَنْ بَقِيَ وَ خُذْ بِيْ سَبِيْلَ الصَّالِحِيْنَ وَ اَعِنِّيْ عَلٰى نَفْسِيْ بِمَا تُعِيْنُ بِهِ الصَّالِحِيْنَ عَلٰى اَنْفُسِهِمْ وَ اخْتِمْ عَمَلِيْ بِاَحْسَنِهٖ وَ اجْعَلْ ثَوَابِيْ مِنْهُ الْجَنَّةَ بِرَحْمَتِكَ وَ اَعِنِّيْ عَلٰى صَالِحِ مَا اَعْطَيْتَنِيْ وَ ثَبِّتْنِيْ يَا رَبِّ وَ لَا تَرُدَّنِيْ فِيْ سُوْءٍ اسْتَنْقَذْتَنِيْ مِنْهُ يَا رَبَّ الْعَالَمِيْنَ .

અય અલ્લાહ ! હું સવાલ કરૂં છું કે મારા દિલને

તારી મોહબ્બત અને તારા ખૌફથી ભરી દે , મને તારી કિતાબની તસ્દીક , તારા ઉપર ઇમાન , તારો ખૌફ અને તારા તરફ આવવાનો શૌક અતા કર , અય બુઝુર્ગી અને ઇઝ્ઝતના માલિક ! તારી બારગાહમાં હાજરી આપવી મારા માટે પસંદીદાહ બનાવ, અને મારૂં તારી પાસે આવવું પસંદ કર , અને તારી બારગાહમાં હાજર થવાથી ખુશી , મુસીબતોથી નજાત, અને ઇઝ્ઝત મળે છે તેં મને નસીબ કર , અય મારા અલ્લાહ ! મને ગુજરી ગએલા નેક લોકો સાથે મેળવી દે , અને મૌજૂદ નેક લોકોમાં શામીલ કર , મને નેક લોકોના રસ્તા ઉપર ચલાવ, અને મારા ખરાબ નફ્સને સુધારવામાં મારી મદદ કર જેવી રીતે તું નેક બંદાઓની તેમના નફ્સોને સુધારવા માટે મદદ કરે છે , અને મારા અમલનો અંત સારી રીતે કરે , અને તારી મહેરબાનીથી સવાબનાં બદલામાં જન્નત અતા કર , અને નેક અમલ કરૂં છું તેમા સાબિત કદમ રાખ , અય પરવરદિગાર જે બૂરાઇને મારાથી દૂર કરી છે તેમા પાછી ન ફેરવ , અય તમામ દુનિયાઓના પાલનહાર,

اَللّٰهُمَّ اِنِّي اَسْاَلُكَ اِيْمَانًا لَا اَجَلَ لَهُ دُوْنَ لِقَائِكَ

اَحْيِنِي مَا اَحْيَيْتَنِي عَلَيْهِ وَ تَوَفَّنِي اِذَا تَوَفَّيْتَنِي عَلَيْهِ

وَ ابْعَثْنِيْ اِذَا بَعَثْتَنِيْ عَلَيْهِ وَ اَبْرِءْ قَلْبِيْ مِنَ الرِّيَاءِ
وَ الشَّكِّ وَ السُّمْعَةِ فِيْ دِيْنِكَ حَتّٰى يَكُوْنَ عَمَلِيْ
خَالِصًا لَكَ ، اَللّٰهُمَّ اَعْطِنِيْ بَصِيْرَةً فِيْ دِيْنِكَ وَ فَهْمًا
فِيْ حُكْمِكَ وَ فِقْهًا فِيْ عِلْمِكَ وَ كِفْلَيْنِ مِنْ رَحْمَتِكَ وَ
وَرَعًا يَحْجُزُنِيْ عَنْ مَعَاصِيْكَ وَ بَيِّضْ وَجْهِيْ بِنُوْرِكَ
وَ اجْعَلْ رَغْبَتِيْ فِيْمَا عِنْدَكَ وَ تَوَفَّنِيْ فِيْ سَبِيْلِكَ وَ
عَلٰى مِلَّةِ رَسُوْلِكَ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَ اٰلِهٖ .

અય અલ્લાહ ! તારાથી એવું ઇમાન માંગુ છું તારી બારગાહમાં હાજર થવા પહેલા ખત્મ ન થાય , અને તેના ઉપર જ જીવતો રહું અને તેના ઉપર જ મૌત આવે, અને જ્યારે મને કબરથી ઉઠાડવામાં આવે તો ઇમાન સાથે ઉભો કર , અને મને દીનમાં રિયાકારી (દેખાવ), શક અને લોકો પાસે મારા વખાણની ઉમ્મીદ રાખવાથી બચાવી લે , જેથી મારો અમલ ફકત તારા માટે જ રહે. અય મઅબૂદ ! મને તારા દીનની સાચી ઓળખ , તારા એહકામની સાચી સમજ, અને તારા ઇલ્મમાં ફીક્ર કરવી નસીબ કર , અને તારી રહમતના બંને હિસ્સા અતા કર , અને તારી નાફરમાનીથી રોકે તેવી પરહેઝગારી નસીબ

કર, અને મારા ચહેરાને તારા નૂરથી નૂરાની કર ,
અને જે કંઇ તારી પાસે છે તેની તમન્ના મારા દિલમાં
નાખી દે, મને તારા રસ્તા ઉપર અને તારા રસૂલ
સલ્લલ્લાહો અલય્હે વ આલેહીની સીરત ઉપર મૌત
નસીબ કર,

اَللّٰهُمَّ اِنِّيْ اَعُوْذُ بِكَ مِنَ الْكَسَلِ وَ الْفَشَلِ وَ الْهَمِّ وَ
الْجُبْنِ وَ الْبُخْلِ وَ الْغَفْلَةِ وَ الْقَسْوَةِ وَ الْمَسْكَنَةِ وَ
الْفَقْرِ وَ الْفَاقَةِ وَ كُلِّ بَلِيَّةٍ وَّ الْفَوَاحِشِ مَا ظَهَرَ مِنْهَا
وَ مَا بَطَنَ ، وَ اَعُوْذُ بِكَ مِنْ نَفْسٍ لَا تَقْنَعُ وَ بَطْنٍ لَا
يَشْبَعُ وَ قَلْبٍ لَا يَخْشَعُ وَ دُعَاءٍ لَا يُسْمَعُ وَ عَمَلٍ لَا
يَنْفَعُ وَ اَعُوْذُ بِكَ يَا رَبِّ عَلٰى نَفْسِيْ وَ دِيْنِيْ وَ مَالِيْ وَ
عَلٰى جَمِيْعِ مَا رَزَقْتَنِيْ مِنَ الشَّيْطَانِ الرَّجِيْمِ ، اِنَّكَ
اَنْتَ السَّمِيْعُ الْعَلِيْمُ .

અય પરવરદિગાર ! હું તારી પનાહ ચાહું છું ,
આળસ, બદદિલી, પરેશાની, ડરપોકી, કંજૂસી,
ફરામોશી (ગફલત) , કઠણદિલ, ગરીબી અને
ફકીરીથી પનાહ ચાહું છું , અને એવા નફ્સથી અને
પેટથી પણ પનાહ ચાહું છું કે કોઇ દિવસ ભરાતું ન

હોય, અને તે દિલથી કે જેમાં નરમાશ ન હોય , તે દુઆ કે જેને કબૂલ કરવામાં ન આવે , અને તેવા કામોથી કે જેમાં ફાયદો ન હોય , તે બધાથી પનાહ ચાહું છું, પરવરદિગાર ! હું મારા નફ્સ , દીન, માલ અને તમામ નેઅમતો વિષે શયતાન રજીમના વસવસાથી બચવા માટે તારી બારગાહમાં પનાહ ચાહું છું બેશક તું બહેતરીન સાંભળનાર અને જાણકાર છે,

اَللّٰهُمَّ اِنَّهٗ لَا يُجِيْرُنِيْ مِنْكَ اَحَدٌ وَّ لَا اَجِدُ مِنْ دُوْنِكَ مُلْتَحَدًا ، فَلَا تَجْعَلْ نَفْسِيْ فِيْ شَيْءٍ مِنْ عَذَابِكَ وَ لَا تَرُدَّنِيْ بِهَلَكَةٍ وَّ لَا تَرُدَّنِيْ بِعَذَابٍ اَلِيْمٍ ، اَللّٰهُمَّ تَقَبَّلْ مِنِّيْ وَ اَعْلِ ذِكْرِيْ وَ ارْفَعْ دَرَجَتِيْ وَ حُطَّ وِزْرِيْ وَ لَا تَذْكُرْنِيْ بِخَطِيْئَتِيْ وَ اجْعَلْ ثَوَابَ مَجْلِسِيْ وَ ثَوَابَ مَنْطِقِيْ وَ ثَوَابَ دُعَائِىْ رِضَاكَ وَ الْجَنَّةَ وَ اَعْطِنِيْ يَا رَبِّ جَمِيْعَ مَا سَاَلْتُكَ وَ زِدْنِيْ مِنْ فَضْلِكَ اِنِّيْ اِلَيْكَ رَاغِبٌ يَا رَبَّ الْعَالَمِيْنَ،

અય મારા અલ્લાહ ! સાચું તો એ છે કે તારા સિવાય મને બીજું કોઇ પનાહ નથી આપી શકતું અને તારી

પનાહની સિવાય બીજી કોઇ પનાહની જગ્યા પણ
નથી કે જ્યાં પનાહ હાંસિલ કરૂં , તો મને તારા
અઝાબમાં મુબ્તેલા ન કર, અને મને હલાકી તરફ ન
ધકેલ, અને મને સખત અઝાબમાં દાખલ ન કર
અય પરવરદિગાર ! મારા અમલને કબૂલ કર, મારા
ઝિક્રને બુલંદ કર , મારા દરજાને ઊંચો કર , અને
મારા ગુનાહોને દૂર કર , અને મને મારા ગુનાહોથી
યાદ ન કર , અને મારા બેસવાનો સવાબ , મારી
વાતચીત, અને દુઆના સવાબને તારી ખુશી અને
જન્નતના રૂપે અતા કર, અય પાલનહાર ! તે બધુજ
અતા કર જે તારી પાસે માંગ્યું છે , અને તેમા તારા
ફઝ્લો કરમથી વધારો કર , કે ફકત તારાથી જ
આશા છે, અય તમામ દુનિયાઓના પરવરદિગાર,

اَللّٰهُمَّ اِنَّكَ اَنْزَلْتَ فِيْ كِتَابِكَ اَنْ نَعْفُوَ عَمَّنْ ظَلَمَنَا
وَ قَدْ ظَلَمْنَا اَنْفُسَنَا فَاعْفُ عَنَّا ، فَاِنَّكَ اَوْلٰى بِذٰلِكَ
مِنَّا ، وَ اَمَرْتَنَا اَنْ لَا نَرُدَّ سَائِلًا عَنْ اَبْوَابِنَا وَ قَدْ
جِئْتُكَ سَائِلًا فَلَا تَرُدَّنِيْ اِلَّا بِقَضَاءِ حَاجَتِيْ ، وَ
اَمَرْتَنَا بِالْاِحْسَانِ اِلٰى مَا مَلَكَتْ اَيْمَانُنَا وَ نَحْنُ
اَرِقَّاؤُكَ فَاَعْتِقْ رِقَابَنَا مِنَ النَّارِ ،

અય મઅબૂદ ! બેશક તું તારી પવિત્ર કિતાબમાં આ

હુકમને નાઝિલ કર્યો છે કે તમારા ઉપર ઝુલ્મ કરે તેને માફ કરી દો , અમે અમારા નફ્સો ઉપર ઝુલ્મ કર્યા છે તો તું અમોને માફ કર કેમ કે તું માફ કરવા માટે વધારે હકદાર છે , તારો હુકમ છે કે કોઇ માંગનારને દરવાજાથી ખાલી હાથ પાછા ન મોકલો, તો અમે પણ તારા દરવાજા ઉપર સવાલી બનીને આવ્યા છીએ, તો અમારી હાજતો પૂરી કર્યા વગર પાછો ન મોકલ, અને તારો હુકમ છે કે અમે અમારા ગુલામો (નોકરો) સાથે એહસાન કરીએ , અમે પણ તારા ગુલામ છીએ , તો હવે તું પણ અમોને જહન્નમની આગથી નજાત અતા કર,

يَا مَفْزَعِي عِنْدَ كُرْبَتِي وَ يَا غَوْثِي عِنْدَ شِدَّتِي ،
اِلَيْكَ فَزِعْتُ وَ بِكَ اسْتَغَثْتُ وَ لُذْتُ لَا اَلُوْذُ بِسِوَاكَ
وَ لَا اَطْلُبُ الْفَرَجَ اِلَّا مِنْكَ فَاَغِثْنِي وَ فَرِّجْ عَنِّي ، يَا
مَنْ يَفُكُّ الْاَسِيْرَ وَ يَعْفُوْ عَنِ الْكَثِيْرِ ، اِقْبَلْ مِنِّي
الْيَسِيْرَ وَ اعْفُ عَنِّي الْكَثِيْرَ ، اِنَّكَ اَنْتَ الرَّحِيْمُ
الْغَفُوْرُ ، اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ اِيْمَانًا تُبَاشِرُ بِهِ قَلْبِيْ وَ
يَقِيْنًا حَتّٰى اَعْلَمَ اَنَّهُ لَنْ يُصِيبَنِي اِلَّا مَا كَتَبْتَ لِيْ وَ

رَضِّنِيْ مِنَ الْعَيْشِ بِمَا قَسَمْتَ لِي          يَا اَرْحَمَ

الرَّاحِمِيْنَ.

અય મુસીબતના સમયે પનાહ આપનાર , અય સખ્તીઓમાં ફરિયા દે પહોંચનાર તારાથી ફરિયાદ કરૂં છું , અને તારાથી મદદ માંગું છું , હું તારી બારગાહમાં ફકત તારી પનાહ લેવા હાજર થયો છું , મને તારા સિવાય બીજા કોઇની પણ જરૂરત નથી , અને તારા સિવાય બીજા કોઇ પાસે મુસીબતથી છુટકારો નથી ચાહતો, તો બસ હવે તું મારી ફરિયાદે પહોંચ, અને મને નજાત અતા કર , અય તે કે થોડા અમલને કબૂલ કરે છે , અને વધારે ગુનાહોને માફ કરે છે , તો મારા થોડા અમલને કબૂલ કર , અને વધારે ગુનાહોને માફ કર , બેશક તું મોટો મહેરબાન અને મોટો માફ કરનાર છે , અય અલ્લાહ ! હું તારાથી એવું ઇમાન ચાહું છું જે દિલની ગેહરાઇ સુધી પહોચી જાય, અને તારાથી તે સાચા યકીનનો સવાલ કરૂં છું કે જેના પછી મને યકીન થઇ જાય કે જે મારા હકમાં છે તે જરૂરથી મને મળીને રહેશે , અને મારી બાકીની જિંદગીને ખુશહાલી સાથે પૂરી કર, અય સૌથી વધારે રહેમ કરનાર .

## દુઆ એ આલીશાન - અલ્લાહુમ્મ ઇન્ની અદઊક કમા અમરતની

આ દુઆને પણ દરરોજ દિવસે પઢે:

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ اِنِّيْ اَدْعُوْكَ كَمَا اَمَرْتَنِيْ فَاسْتَجِبْ لِيْ كَمَا وَعَدْتَنِيْ ، اَللّٰهُمَّ اِنِّيْ اَدْعُوْكَ كَمَا اَمَرْتَنِيْ فَاسْتَجِبْ لِيْ كَمَا وَعَدْتَنِيْ ، اَللّٰهُمَّ اِنِّيْ اَدْعُوْكَ كَمَا اَمَرْتَنِيْ فَاسْتَجِبْ لِيْ كَمَا وَعَدْتَنِيْ

(શરૂ કરું છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુ જ દયાળુ છે. અય અલ્લાહ , ખરેખર હું તારી પાસે દુઆ કરું છું જેવી રીતે તેં મને હુકમ આપ્યો છે, તો તું મારી દુઆ કબુલ કર જેવી રીતે તેં મને વાયદો કર્યો છે; અય અલ્લાહ , ખરેખર હું તારી પાસે દુઆ કરું છું જેવી રીતે તેં મને હુકમ આપ્યો છે, તો તું મારી દુઆ કબુલ કર જેવી રીતે તેં મને વાયદો કર્યો છે; અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે દુઆ કરું છું જેવી રીતે તેં મને હુકમ આપ્યો છે, તો તું મારી દુઆ કબુલ કર જેવી રીતે તેં મને વાયદો કર્યો છે;

اَللّٰھُمَّ اِنِّيْٓ اَسْاَلُكَ مِنْ بَهَائِكَ بِاَبْهَاهُ وَكُلُّ بَهَائِكَ بَهِيٌّ ، اَللّٰھُمَّ اِنِّيْٓ اَسْاَلُكَ بِبَهَائِكَ كُلِّهٖ ، اَللّٰھُمَّ اِنِّيْٓ اَسْاَلُكَ مِنْ جَلَالِكَ بِاَجَلِّهٖ وَكُلُّ جَلَالِكَ جَلِيْلٌ ، اَللّٰھُمَّ اِنِّيْٓ اَسْاَلُكَ بِجَلَالِكَ كُلِّهٖ ، اَللّٰھُمَّ اِنِّيْٓ اَسْاَلُكَ مِنْ جَمَالِكَ بِاَجْمَلِهٖ وَكُلُّ جَمَالِكَ جَمِيْلٌ ، اَللّٰھُمَّ اِنِّيْٓ اَسْاَلُكَ بِجَمَالِكَ كُلِّهٖ

અય અલ્લાહ , ખરેખર હું તારી પાસે તારી સુંદરતામાંથી માંગુ છું તારી બેહતરીન સુંદરતાના વાસ્તાથી, અને તારી દરેક સુંદરતા ખુબજ સુંદર છે , અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે સવાલ કરૂં છું તારી તમામ સુંદરતાના વાસ્તાથી ; અય અલ્લાહ , ખરેખર હું તારી પાસે તારી મહાનતામાંથી માંગુ છું તારી બેહતરીન મહાનતાના વાસ્તાથી , અને તારી દરેક મહાનતા ખુબજ મહાન છે , અય અલ્લાહ , ખરેખર હું તારી પાસે સવાલ કરૂં છું તારી તમામ મહાનતાના વાસ્તાથી ; અય અલ્લાહ , ખરેખર હું તારી પાસે તારી બેહતરીન ખુબસુરતીના વાસ્તાથી સવાલ કરૂં છું , અને તારી દરેક ખુબસુરતી ખુબજ ખુબસૂરત છે , અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે સવાલ કરૂં છું તારી તમામ ખુબસુરતીના વાસ્તાથી;

اَللّٰهُمَّ اِنِّيۡ اَدۡعُوۡكَ كَمَا اَمَرۡتَنِيۡ فَاسۡتَجِبۡ لِيۡ كَمَا وَعَدۡتَنِيۡ ، اَللّٰهُمَّ اِنِّيۡ اَدۡعُوۡكَ كَمَا اَمَرۡتَنِيۡ فَاسۡتَجِبۡ لِيۡ كَمَا وَعَدۡتَنِيۡ ، اَللّٰهُمَّ اِنِّيۡ اَدۡعُوۡكَ كَمَا اَمَرۡتَنِيۡ فَاسۡتَجِبۡ لِيۡ كَمَا وَعَدۡتَنِيۡ

અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે દુઆ કરૂં છું જેવી રીતે તેં મને હુકમ આપ્યો છે, તો તું મારી દુઆ કબુલ કર જેવી રીતે તેં મને વાયદો કર્યો છે; અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે દુઆ કરૂં છું જેવી રીતે તેં મને હુકમ આપ્યો છે, તો તું મારી દુઆ કબુલ કર જેવી રીતે તેં મને વાયદો કર્યો છે; અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે દુઆ કરૂં છું જેવી રીતે તેં મને હુકમ આપ્યો છે, તો તું મારી દુઆ કબુલ કર જેવી રીતે તેં મને વાયદો કર્યો છે;

اَللّٰهُمَّ اِنِّيۡ اَسۡاَلُكَ مِنۡ عَظَمَتِكَ بِاَعۡظَمِهَا وَكُلُّ عَظَمَتِكَ عَظِيۡمَةٌ ، اَللّٰهُمَّ اِنِّيۡ اَسۡاَلُكَ بِعَظَمَتِكَ كُلِّهَا ، اَللّٰهُمَّ اِنِّيۡ اَسۡاَلُكَ مِنۡ نُوۡرِكَ بِاَنۡوَرِهٖ وَكُلُّ نُوۡرِكَ نَيِّرٌ ، اَللّٰهُمَّ اِنِّيۡ اَسۡاَلُكَ بِنُوۡرِكَ كُلِّهٖ ، اَللّٰهُمَّ اِنِّيۡ اَسۡاَلُكَ مِنۡ

رَحْمَتِكَ بِاَوْسَعِهَا وَكُلُّ رَحْمَتِكَ وَاسِعَةٌ ، اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ بِرَحْمَتِكَ كُلِّهَا

અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે તારી મહાન બુઝુર્ગીના વાસ્તાથી સવાલ કરૂં છું, અને તારી દરેક બુઝુર્ગી ખુબજ મહાન છે , અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે સવાલ કરૂં છું તારી તમામ બુઝુર્ગીના વાસ્તાથી; અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે તારા બેહતરીન નૂરના વાસ્તાથી સવાલ કરૂં છું, અને તારા દરેક નૂર નુરાની છે , અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે સવાલ કરૂં છું તારા તમામ નૂરના વાસ્તાથી; અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે તારી ખુબજ ફેલાયેલી રહમતના વાસ્તાથી સવાલ કરૂં છું, અને તારી બધીજ રહમત ખુબજ ફેલાયેલી છે , અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે સવાલ કરૂં છું તારી તમામ રહમતના વાસ્તાથી;

اَللّٰهُمَّ اِنِّيْ اَدْعُوكَ كَمَا اَمَرْتَنِيْ فَاسْتَجِبْ لِيْ كَمَا وَعَدْتَنِيْ ، اَللّٰهُمَّ اِنِّيْ اَدْعُوكَ كَمَا اَمَرْتَنِيْ فَاسْتَجِبْ لِيْ كَمَا وَعَدْتَنِيْ ، اَللّٰهُمَّ اِنِّيْ اَدْعُوكَ كَمَا اَمَرْتَنِيْ فَاسْتَجِبْ لِيْ كَمَا وَعَدْتَنِيْ

અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે દુઆ કરૂં છું

જેવી રીતે તેં મને હુકમ આપ્યો છે, તો તું મારી દુઆ કબુલ કર જેવી રીતે તેં મને વાયદો કર્યો છે; અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે દુઆ કરૂં છું જેવી રીતે તેં મને હુકમ આપ્યો છે, તો તું મારી દુઆ કબુલ કર જેવી રીતે તેં મને વાયદો કર્યો છે; અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે દુઆ કરૂં છું જેવી રીતે તેં મને હુકમ આપ્યો છે, તો તું મારી દુઆ કબુલ કર જેવી રીતે તેં મને વાયદો કર્યો છે;

اَللّٰهُمَّ اِنِّيۡ اَسۡاَلُكَ مِنۡ كَمَالِكَ بِاَكۡمَلِهٖ وَكُلُّ كَمَالِكَ كَامِلٌ ، اَللّٰهُمَّ اِنِّيۡ اَسۡاَلُكَ بِكَمَالِكَ كُلِّهٖ ، اَللّٰهُمَّ اِنِّيۡ اَسۡاَلُكَ مِنۡ كَلِمَاتِكَ بِاَتَمِّهَا وَكُلُّ كَلِمَاتِكَ تَامَّةٌ ، اَللّٰهُمَّ اِنِّيۡ اَسۡاَلُكَ بِكَلِمَاتِكَ كُلِّهَا ، اَللّٰهُمَّ اِنِّيۡ اَسۡاَلُكَ مِنۡ اَسۡمَائِكَ بِاَكۡبَرِهَا وَكُلُّ اَسۡمَائِكَ كَبِيۡرَةٌ ، اَللّٰهُمَّ اِنِّيۡ اَسۡاَلُكَ بِاَسۡمَائِكَ كُلِّهَا

અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે તારી તમામ સંપૂર્ણતાના વાસ્તાથી સંપૂર્ણતા (કમાલ) માંથી માંગુ છું, અને તારા દરેક કમાલ સંપૂર્ણ છે, અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે સવાલ કરૂં છું તારા તમામ કમાલના વાસ્તાથી; અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે તારા સંપૂર્ણ કલામના વાસ્તાથી સવાલ કરૂં છુ,

અને તારા દરેક કલામ સંપૂર્ણ છે , અય અલ્લાહ ,
ખરેખર હું તારી પાસે સવાલ કરું છું તારા બધાજ
કલેમાતના વાસ્તાથી; અય અલ્લાહ, ખરેખર હું તારી
પાસે તારા મહાન નામોના વાસ્તાથી સવાલ કરું છુ,
અને તારા દરેક નામો મહાન છે , અય અલ્લાહ ,
ખરેખર હું તારી પાસે સવાલ કરું છું તારા બધાજ
નામોના વાસ્તાથી;

اَللّٰهُمَّ اِنِّيْ اَدْعُوْكَ كَمَا اَمَرْتَنِيْ فَاسْتَجِبْ لِيْ كَمَا
وَعَدْتَنِيْ ، اَللّٰهُمَّ اِنِّيْ اَدْعُوْكَ كَمَا اَمَرْتَنِيْ فَاسْتَجِبْ
لِيْ كَمَا وَعَدْتَنِيْ ، اَللّٰهُمَّ اِنِّيْ اَدْعُوْكَ كَمَا اَمَرْتَنِيْ
فَاسْتَجِبْ لِيْ كَمَا وَعَدْتَنِيْ

અય અલ્લાહ , ખરેખર હું તારી પાસે દુઆ કરું છું
જેવી રીતે તેં મને હુકમ આપ્યો છે, તો તું મારી દુઆ
કબુલ કર જેવી રીતે તેં મને વાયદો કર્યો છે; અય
અલ્લાહ, ખરેખર હું તારી પાસે દુઆ કરું છું જેવી
રીતે તેં મને હુકમ આપ્યો છે, તો તું મારી દુઆ
કબુલ કર જેવી રીતે તેં મને વાયદો કર્યો છે; અય
અલ્લાહ, ખરેખર હું તારી પાસે દુઆ કરું છું જેવી
રીતે તેં મને હુકમ આપ્યો છે, તો તું મારી દુઆ
કબુલ કર જેવી રીતે તેં મને વાયદો કર્યો છે;

اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ مِنْ عِزَّتِكَ بِاَعَزِّهَا وَكُلُّ عِزَّتِكَ عَزِيْزَةٌ ، اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ بِعِزَّتِكَ كُلِّهَا ، اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ مِنْ مَشِيَّتِكَ بِاَمْضَاهَا وَكُلُّ مَشِيَّتِكَ مَاضِيَةٌ ، اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ بِمَشِيَّتِكَ كُلِّهَا ، اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ بِقُدْرَتِكَ الَّتِيْ اسْتَطَلْتَ بِهَا عَلٰى كُلِّ شَيْءٍ وَّكُلُّ قُدْرَتِكَ مُسْتَطِيْلَةٌ ، اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ بِقُدْرَتِكَ كُلِّهَا

અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે સવાલ કરૂં છું તારી મહાન કુદરતના વાસ્તાથી , અને તારી દરેક કુદરત ખુબજ મજબૂત છે, અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે સવાલ કરૂં છું તારી તમામ કુદરતના વાસ્તાથી; અય અલ્લાહ , ખરેખર હું તારી પાસે સવાલ કરૂં છું તારા અમલમાં આવેલા દરેક ઈરાદાના વાસ્તાથી , અને તારા દરેક ઈરાદા અમલમાં આવે છે , અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે સવાલ કરૂં છું તારા બધાજ ઈરાદાના વાસ્તાથી; અય અલ્લાહ , ખરેખર હું તારી પાસે સવાલ કરૂં છું તારી કુદરત થકી કે જે બધીજ વસ્તુઓ ઉપર પ્રબળ છે , અને તારી દરેક કુદરત

પ્રબળ છે , અય અલ્લાહ , ખરેખર હું તારી પાસે સવાલ કરૂં છું તારી તમામ કુદરતના વાસ્તાથી;

اَللّٰهُمَّ اِنِّيْ اَدْعُوْكَ كَمَا اَمَرْتَنِيْ فَاسْتَجِبْ لِيْ كَمَا وَعَدْتَنِيْ ، اَللّٰهُمَّ اِنِّيْ اَدْعُوْكَ كَمَا اَمَرْتَنِيْ فَاسْتَجِبْ لِيْ كَمَا وَعَدْتَنِيْ ، اَللّٰهُمَّ اِنِّيْ اَدْعُوْكَ كَمَا اَمَرْتَنِيْ فَاسْتَجِبْ لِيْ كَمَا وَعَدْتَنِيْ

અય અલ્લાહ , ખરેખર હું તારી પાસે દુઆ કરૂં છું જેવી રીતે તેં મને હુકમ આપ્યો છે, તો તું મારી દુઆ કબુલ કર જેવી રીતે તેં મને વાયદો કર્યો છે; અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે દુઆ કરૂં છું જેવી રીતે તેં મને હુકમ આપ્યો છે, તો તું મારી દુઆ કબુલ કર જેવી રીતે તેં મને વાયદો કર્યો છે; અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે દુઆ કરૂં છું જેવી રીતે તેં મને હુકમ આપ્યો છે, તો તું મારી દુઆ કબુલ કર જેવી રીતે તેં મને વાયદો કર્યો છે;

اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ مِنْ عِلْمِكَ بِاَنْفَذِهٖ وَكُلُّ عِلْمِكَ نَافِذٌ اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ بِعِلْمِكَ كُلِّهٖ ، اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ مِنْ قَوْلِكَ بِاَرْضَاهُ وَكُلُّ قَوْلِكَ رَضِيٌّ ، اَللّٰهُمَّ

اِنِّيْ اَسْاَلُكَ بِقَوْلِكَ كُلِّهٖ اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ مِنْ مَسَائِلِكَ بِاَحَبِّهَا اِلَيْكَ وَكُلُّ مَسَائِلِكَ حَبِيْبَةٌ اِلَيْكَ اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ بِمَسَائِلِكَ كُلِّهَا

અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે તારા ઇલ્મમાંથી માંગુ છું , દરેક વસ્તુ ઉપર કુદરત ધરાવનાર ઇલ્મના વાસ્તાથી , અને તારા તમામ ઇલ્મે દરેક વસ્તુને ઘેરી લીધી છે , અય અલ્લાહ , ખરેખર હું તારી પાસે સવાલ કરૂં છું તારા તમામ ઇલ્મના વાસ્તાથી; અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે તારા ખુબજ પસંદ કરેલા કથન (કવ્લ)ના વાસ્તાથી સવાલ કરૂં છું , અને તારા દરેક કથન પસંદ કરેલા છે, અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે સવાલ કરૂં છું તારા તમામ કથનના વાસ્તાથી ; અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે તારા દરેક પસંદ કરેલ હુકમોના વાસ્તાથી સવાલ કરૂં છું , અને તારા દરેક હુકમોને તું પસંદ કરે છે , અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે સવાલ કરૂં છું તારા દરેક હુકમોના વાસ્તાથી;

اَللّٰهُمَّ اِنِّيْ اَدْعُوكَ كَمَا اَمَرْتَنِيْ فَاسْتَجِبْ لِيْ كَمَا وَعَدْتَنِيْ ، اَللّٰهُمَّ اِنِّيْ اَدْعُوكَ كَمَا اَمَرْتَنِيْ فَاسْتَجِبْ

لِيْ كَمَا وَعَدْتَنِيْ ، اَللّٰهُمَّ اِنِّيْ اَدْعُوكَ كَمَا اَمَرْتَنِيْ

فَاسْتَجِبْ لِيْ كَمَا وَعَدْتَنِيْ

અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે દુઆ કરૂં છું જેવી રીતે તેં મને હુક્મ આપ્યો છે, તો તું મારી દુઆ કબુલ કર જેવી રીતે તેં મને વાયદો કર્યો છે; અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે દુઆ કરૂં છું જેવી રીતે તેં મને હુક્મ આપ્યો છે, તો તું મારી દુઆ કબુલ કર જેવી રીતે તેં મને વાયદો કર્યો છે; અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે દુઆ કરૂં છું જેવી રીતે તેં મને હુક્મ આપ્યો છે, તો તું મારી દુઆ કબુલ કર જેવી રીતે તેં મને વાયદો કર્યો છે;

اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ مِنْ شَرَفِكَ بِاَشْرَفِهٖ وَكُلُّ شَرَفِكَ

شَرِيْفٌ ، اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ بِشَرَفِكَ كُلِّهٖ ، اَللّٰهُمَّ اِنِّيْ

اَسْاَلُكَ مِنْ سُلْطَانِكَ بِاَدْوَمِهٖ وَكُلُّ سُلْطَانِكَ دَائِمٌ ،

اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ بِسُلْطَانِكَ كُلِّهٖ ، اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ

مِنْ مُلْكِكَ بِاَفْخَرِهٖ وَكُلُّ مُلْكِكَ فَاخِرٌ ، اَللّٰهُمَّ اِنِّيْ

اَسْاَلُكَ بِمُلْكِكَ كُلِّهٖ

અય અલ્લાહ, તારી પાસે તારી મહાન ઇઝ્ઝતના

વાસ્તાથી સવાલ કરૂં છું, અને તારી દરેક ઇઝ્ઝત ખુબજ મહાન છે , અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે સવાલ કરૂં છું તારી દરેક ઇઝ્ઝતના વાસ્તાથી; અય અલ્લાહ , ખરેખર હું તારી પાસે હંમેશા રહેવાવાળી સત્તા (કુદરત)ના વાસ્તાથી સવાલ કરૂં છું, અને તારી સત્તા હંમેશા બાકી રહેવાવાળી છે , અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે સવાલ કરૂં છું તારી દરેક સત્તાના વાસ્તાથી; અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે તારા ગર્વ ભર્યા રાજ થકી સવાલ કરૂં છું, અને તારા દરેક રાજ ખુબજ ગર્વને લાયક છે , અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે સવાલ કરૂં છું તારા દરેક રાજના વાસ્તાથી;

اَللّٰهُمَّ اِنِّيْ اَدْعُوْكَ كَمَا اَمَرْتَنِيْ فَاسْتَجِبْ لِيْ كَمَا وَعَدْتَنِيْ ، اَللّٰهُمَّ اِنِّيْ اَدْعُوْكَ كَمَا اَمَرْتَنِيْ فَاسْتَجِبْ لِيْ كَمَا وَعَدْتَنِيْ ، اَللّٰهُمَّ اِنِّيْ اَدْعُوْكَ كَمَا اَمَرْتَنِيْ فَاسْتَجِبْ لِيْ كَمَا وَعَدْتَنِيْ

અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે દુઆ કરૂં છું જેવી રીતે તેં મને હુકમ આપ્યો છે, તો તું મારી દુઆ કબુલ કર જેવી રીતે તેં મને વાયદો કર્યો છે; અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે દુઆ કરૂં છું જેવી રીતે તેં મને હુકમ આપ્યો છે, તો તું મારી દુઆ

કબુલ કર જેવી રીતે તેં મને વાયદો કર્યો છે; અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે દુઆ કરું છું જેવી રીતે તેં મને હુકમ   આપ્યો છે, તો તું મારી દુઆ કબુલ કર જેવી રીતે તેં મને વાયદો કર્યો છે;

اَللّٰهُمَّ اِنِّيْٓ اَسْاَلُكَ مِنْ عَلَائِكَ بِاَعْلَاهُ وَكُلُّ عَلَائِكَ عَالٍ اَللّٰهُمَّ اِنِّيْٓ اَسْاَلُكَ بِعَلَائِكَ كُلِّهٖ ، اَللّٰهُمَّ اِنِّيْٓ اَسْاَلُكَ مِنْ مَنِّكَ بِاَقْدَمِهٖ وَكُلُّ مَنِّكَ قَدِيْمٌ ، اَللّٰهُمَّ اِنِّيْٓ اَسْاَلُكَ بِمَنِّكَ كُلِّهٖ ، اَللّٰهُمَّ اِنِّيْٓ اَسْاَلُكَ مِنْ اٰيَاتِكَ بِاَعْجَبِهَا وَكُلُّ اٰيَاتِكَ عَجِيْبَةٌ ، اَللّٰهُمَّ اِنِّيْٓ اَسْاَلُكَ بِاٰيَاتِكَ كُلِّهَا

અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે તારી સર્વોચ્ચ બુલંદીના વાસ્તાથી સવાલ  કરું છું, અને તારી દરેક બુલંદી સર્વોચ્ચ છે , અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે સવાલ કરું છું તારી દરેક બુલંદીના વાસ્તાથી ; અય અલ્લાહ , હું સવાલ કરું છું તારા એહસાનના વાસ્તાથી, જે હંમેશાથી છે, અને તારા દરેક એહસાન હંમેશાથી છે , અય અલ્લાહ , હું તારા તમામ એહસાનના વસીલાથી સવાલ કરું છું; અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે આશ્ચર્યજનક આયતોના વસીલાથી સવાલ કરું  છું, અને તારી દરેક આયતો

આશ્ચર્યજનક છે , અય અલ્લાહ , ખરેખર હું તારી તમામ આયતોના વસીલાથી સવાલ કરૂં છું;

اَللّٰهُمَّ اِنِّيْ اَدْعُوْكَ كَمَا اَمَرْتَنِيْ فَاسْتَجِبْ لِيْ كَمَا وَعَدْتَنِيْ ، اَللّٰهُمَّ اِنِّيْ اَدْعُوْكَ كَمَا اَمَرْتَنِيْ فَاسْتَجِبْ لِيْ كَمَا وَعَدْتَنِيْ ، اَللّٰهُمَّ اِنِّيْ اَدْعُوْكَ كَمَا اَمَرْتَنِيْ فَاسْتَجِبْ لِيْ كَمَا وَعَدْتَنِيْ

અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે દુઆ કરૂં છું જેવી રીતે તેં મને હુકમ આપ્યો છે, તો તું મારી દુઆ કબુલ કર જેવી રીતે તેં મને વાયદો કર્યો છે; અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે દુઆ કરૂં છું જેવી રીતે તેં મને હુકમ આપ્યો છે, તો તું મારી દુઆ કબુલ કર જેવી રીતે તેં મને વાયદો કર્યો છે; અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે દુઆ કરૂં છું જેવી રીતે તેં મને હુકમ આપ્યો છે, તો તું મારી દુઆ કબુલ કર જેવી રીતે તેં મને વાયદો કર્યો છે;

اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ مِنْ فَضْلِكَ بِاَفْضَلِهٖ وَكُلُّ فَضْلِكَ فَاضِلٌ ، اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ بِفَضْلِكَ كُلِّهٖ ، اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ مِنْ رِزْقِكَ بِاَعَمِّهٖ وَكُلُّ رِزْقِكَ عَامٌّ ، اَللّٰهُمَّ

اِنِّيْ اَسْاَلُكَ بِرِزْقِكَ كُلِّهٖ ، اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ مِنْ عَطَائِكَ بِاَهْنَئِهٖ وَكُلُّ عَطَائِكَ هَنِيْءٌ ، اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ بِعَطَائِكَ كُلِّهٖ

અય અલ્લાહ , ખરેખર હું તારી પાસે તારા એહસાનમાંથી માંગુ છું કે જે બેહતરીન એહસાન છે, અને તારા બધાજ એહસાનો બેહતરીન છે , અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે સવાલ કરૂં દરેક એહસાનના વસીલાથી ; અય અલ્લાહ , ખરેખર હું તારી પાસે તારી રોઝીમાંથી માંગુ છું કે જે તું બધાને આપે છે, અને તારી તમામ રોઝી બધા માટે છે , અય અલ્લાહ, હું સવાલ કરૂં છું તારી તમામ રોઝીના વાસ્તાથી; અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે તારી બખ્શીશમાંથી માંગુ છું કે જે ભરપૂર છે, અને તારી બધીજ બખ્શીશ ભરપૂર છે, અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે સવાલ કરૂં દરેક બખ્શીશના વાસ્તાથી;

اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ مِنْ خَيْرِكَ بِاَعْجَلِهٖ وَكُلُّ خَيْرِكَ عَاجِلٌ ، اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ بِخَيْرِكَ كُلِّهٖ ، اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ مِنْ اِحْسَانِكَ بِاَحْسَنِهٖ وَكُلُّ اِحْسَانِكَ حَسَنٌ ، اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ بِاِحْسَانِكَ كُلِّهٖ ، اَللّٰهُمَّ

اِنِّيْٓ اَسْاَلُكَ بِمَا تُجِيْبُنِيْ بِهٖ حِيْنَ اَدْعُوْكَ فَاَجِبْنِيْ يَا اَللّٰهُ نَعَمْ دَعَوْتُكَ يَا اَللّٰهُ

અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે તારી બેહતરીન વસ્તુઓ (અને નેકીઓ) માંથી માંગુ છું જેને તું એકદમ જલ્દી અતા કરે છે , અને તારી બધીજ બેહતરીન વસ્તુઓ જલ્દી અતા થાય છે , અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે સવાલ કરૂં તારી દરેક બેહતરીન વસ્તુઓના વસીલાથી ; અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે તારી બેહતરીન નેકીઓ માંગુ છું , અને તારી બધીજ નેકીઓ બેહતરીન છે, અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે સવાલ કરૂં તારી દરેક બેહતરીન નેકીઓના વસીલાથી; અય અલ્લાહ હું તારી પાસે તેના થકી દુઆ કરૂં છું કે જેના વડે જયારે હું તારી પાસે દુઆ માંગું તો તું મારી દુઆને કબૂલ કરે છે. અય અલ્લાહ, હા, મેં તારી પાસે દુઆ માંગી છે, અય અલ્લાહ.

اَللّٰهُمَّ اِنِّيْٓ اَسْاَلُكَ بِمَا اَنْتَ فِيْهِ مِنَ الشُّئُوْنِ وَ الْجَبَرُوْتِ اَللّٰهُمَّ اِنِّيْٓ اَسْاَلُكَ بِكُلِّ شَاْنٍ وَّ جَبَرُوْتٍ اَللّٰهُمَّ اِنِّيْٓ اَسْاَلُكَ بِشَاْنِكَ وَ جَبَرُوْتِكَ كُلِّهَا اَللّٰهُمَّ

اِنِّيْ اَسْاَلُكَ بِمَا تُجِيْبُنِيْ بِهٖ حِيْنَ اَسْاَلُكَ بِهٖ فَاَجِبْنِيْ

يَا اَللّٰهُ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ

અય અલ્લાહ , મારો સવાલ તારા દબદબાઓ (શાન) અને તારી કુદરતોના વસીલાથી છે કે જે ફક્ત તારા માટેજ છે, અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે તારા બધાજ દબદબા અને બધીજ કુદરતના વસીલાથી સવાલ કરું છું , અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે તે દરેક વસીલાથી સવાલ કરું છું કે જેના થકી તું મારી દુઆઓને કબૂલ કરે છે, તો મારી દુઆઓને કબૂલ કર, અય અલ્લાહ, હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને હઝરત મોહમ્મદ (સ.અ.વ.)ની ઔલાદ ઉપર રહમત નાઝિલ કર; (પોતાની હાજત માંગે)

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ وَّ ابْعَثْنِيْ عَلَى

الْاِيْمَانِ بِكَ وَ التَّصْدِيْقِ بِرَسُوْلِكَ وَ الْوَلَايَةِ لِعَلِيِّ

بْنِ اَبِيْ طَالِبٍ عَلَيْهِ السَّلَامُ وَ الْاِيْتِمَامِ بِالْاَئِمَّةِ مِنْ

اٰلِ مُحَمَّدٍ وَّ الْبَرَاءَةِ مِنْ اَعْدَائِهِمْ ، فَاِنِّيْ قَدْ رَضِيْتُ

بِذٰلِكَ يَا رَبِّ

અય અલ્લાહ, હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને હઝરત મોહમ્મદ (સ.અ.વ.)ની ઔલાદ ઉપર રહમત નાઝિલ કર, મને કબરમાંથી એવી હાલતમાં ઉઠાડજે કે તારી ઉપર મારું ઈમાન હોય, અને તારા રસૂલ (સ.અ.વ.)ની સચ્ચાઈ અને હઝરત અલી ઇબ્ને અબી તાલિબ (અ.)ની વિલાયત ઉપર ઈમાન હોય, અને હઝરત મોહમ્મદ (સ.અ.વ.)ની ઔલાદમાંથી ઇમામોની ઇમામત ઉપર ઈમાન હોય, અને તેઓના દુશ્મનોથી દુશ્મની અને દૂરીની હાલતમાં મને કબરમાંથી ઉઠાડજે. અય મારા પાલનહાર, આ બધી સચ્ચાઈને હું કબૂલ કરું છું.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ وَّ اَسْاَلُكَ خَيْرَ الْخَيْرِ رِضْوَانَكَ وَ الْجَنَّةَ ، وَ اَعُوْذُ بِكَ مِنْ شَرِّ الشَّرِّ سَخَطِكَ وَ النَّارِ ، اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ وَّ احْفَظْنِيْ مِنْ كُلِّ مُصِيْبَةٍ وَّ كُلِّ بَلِيَّةٍ وَّ كُلِّ عُقُوْبَةٍ وَّ مِنْ كُلِّ فِتْنَةٍ وَّ مِنْ كُلِّ بَلَاءٍ وَّ مِنْ كُلِّ شَرٍّ وَّ مِنْ كُلِّ مَكْرُوْهٍ وَ مِنْ كُلِّ اٰفَةٍ نَزَلَتْ اَوْ تَنْزِلُ مِنَ السَّمَاءِ اِلَى الْاَرْضِ فِيْ هٰذِهِ السَّاعَةِ وَ فِيْ هٰذِهِ اللَّيْلَةِ وَ فِيْ هٰذَا

الْيَوْمِ وَفِيْ هٰذَا الشَّهْرِ وَفِيْ هٰذِهِ السَّنَةِ

અય અલ્લાહ, હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને હઝરત મોહમ્મદ (સ.અ.વ.)ની ઔલાદ ઉપર રહમત નાઝિલ કર, અને હું તારી પાસે સારામાં સારી વસ્તુ ચાહું છું કે જે તારી ખુશનુદી અને જન્નત છે, અને હું તારી પાસે ખરાબમાં ખરાબ વસ્તુથી પનાહ ચાહું છું કે જે તારો ગઝબ (નારાઝગી) અને જહન્નમની આગ છે, અય અલ્લાહ, હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર રહમત નાઝિલ કર, અને મને તારી હિફાઝતમાં રાખ દરેક મુસીબતથી, અને દરેક બલાથી , અને દરેક ખરાબ પરિણામથી, અને દરેક ફિતનાથી, અને દરેક પરીક્ષા (ઇમ્તેહાન)થી, અને દરેક બુરાઈથી , અને દરેક નાપસંદ વસ્તુથી, અને દરેક મુસીબતથી, અને દરેક આફતથી કે જે નાઝિલ થઈ ચુકી છે અથવા આસમાનથી જમીન ઉપર નાઝિલ થવાની છે, આ સમયમાં, અને આ રાત્રીમાં , અને આ દિવસે, અને આ મહીનામાં, અને આ વર્ષે (મને તારી હિફાઝતમાં રાખ)

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِ مُحَمَّدٍ وَاقْسِمْ لِيْ مِنْ

كُلِّ سُرُوْرٍ وَّمِنْ كُلِّ بَهْجَةٍ وَّمِنْ كُلِّ اسْتِقَامَةٍ وَّمِنْ

كُلِّ فَرَجٍ وَّ مِنْ كُلِّ عَافِيَةٍ وَّ مِنْ كُلِّ سَلَامَةٍ وَّ مِنْ كُلِّ

كَرَامَةٍ وَّ مِنْ كُلِّ رِزْقٍ وَاسِعٍ حَلَالٍ طَيِّبٍ وَّ مِنْ كُلِّ

نِعْمَةٍ وَّ مِنْ كُلِّ حَسَنَةٍ نَزَلَتْ اَوْ تَنْزِلُ مِنَ السَّمَاءِ

اِلَى الْاَرْضِ فِيْ هٰذِهِ السَّاعَةِ وَ فِيْ هٰذِهِ اللَّيْلَةِ وَ فِيْ هٰذَا

الْيَوْمِ وَ فِيْ هٰذَا الشَّهْرِ وَ فِيْ هٰذِهِ السَّنَةِ

અય અલ્લાહ, હઝરત મોહમ્મદ (સ.) અને તેમની આલ ઉપર રહમત નાઝિલ કર, અને મને અતા કર દરેક ખુશીઓમાંથી અને દરેક ખુશહાલીમાંથી, અને દરેક મક્કમતામાંથી, અને દરેક આસાનીમાંથી, અને દરેક તંદુરસ્તીમાંથી, અને દરેક સલામતીમાંથી, અને દરેક ઉદારતામાંથી (અતા કર). અને દરેક રોઝીમાંથી જે વિશાળ, હલાલ અને પાક છે, અને દરેક નેઅમતોમાંથી, અને દરેક વિશાળતામાંથી કે જે નાઝિલ થઇ ચુકી છે, અથવા આસમાનથી જમીન ઉપર નાઝિલ થવાની છે, આ સમયમાં, અને આ રાત્રીમાં, અને આ દિવસે, અને આ મહીનામાં, અને આ વર્ષે (મને આ બધું અતા કર).

اَللّٰهُمَّ اِنْ كَانَتْ ذُنُوْبِيْ قَدْ اَخْلَقَتْ وَجْهِيْ عِنْدَكَ وَ

حَالَتْ بَيْنِيْ وَ بَيْنَكَ اَوْ غَيَّرَتْ حَالِيْ عِنْدَكَ ، فَاِنِّيْ

اَسْاَلُكَ بِنُوْرِ وَجْهِكَ الْكَرِيْمِ الَّذِيْ لَمْ يُطْفَأْ وَ

بِوَجْهِ حَبِيْبِكَ مُحَمَّدٍ الْمُصْطَفٰى وَ بِوَجْهِ وَلِيِّكَ

عَلِيٍّ الْمُرْتَضٰى وَ بِحَقِّ اَوْلِيَائِكَ الَّذِيْنَ انْتَجَبْتَهُمْ

اَنْ تُصَلِّيَ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ وَّ اَنْ تَغْفِرَ لِيْ وَ ،

لِوَالِدَيَّ وَ مَا وَلَدَا وَ لِلْمُؤْمِنِيْنَ وَ الْمُؤْمِنَاتِ وَ مَا

تَوَالَدُوْا ذُنُوْبَنَا كُلَّهَا صَغِيْرَهَا وَ كَبِيْرَهَا ،

અય અલ્લાહ , અગર મારા ગુનાહોએ તારી બારગાહમાં મને ઝલીલ કરી દીધો છે, અને મારી અને તારી વચ્ચે (મારા ગુનાહોનો) પડદો બની ગયો છે, અને તારી બારગાહમાં મારી હાલત બદલાય ગઈ છે, તો હું તારી પાસે તારા બેહતરીન નૂરના વાસ્તાથી સવાલ કરૂં છું જે ક્યારેય પણ ઓલવાશે (ખામોશ થશે) નહિ; અને તારા હબીબ હઝરત મોહમ્મદ મુસ્તફા (સ.અ.વ)ની ઇઝ્ઝતના વાસ્તાથી, અને તારા વલી હઝરત અલી મુર્તઝા (અ.)ની ઇઝ્ઝતના વાસ્તાથી, અને તારા વલીઓનો

વાસ્તો કે  જેઓને તેં પસંદ કરેલા છે, કે તું રહમત નાઝિલ કર હઝરત મોહમ્મદ (સ) અને હઝરત મોહમ્મદ (સ.અ.વ.) ની ઔલાદ    ઉપર, અને મને તથા મારા માં-બાપ, અને તેઓ બન્નેની ઔલાદ, અને તમામ મોઅમિન મરદો અને તમામ મોઅમિન ઔરતો, અને તેઓની ઔલાદના તમામ નાના ગુનાહો અને મોટા ગુનાહોને માફ કરી આપ,

وَ اَنْ تَخْتِمَ لَنَا بِالصَّالِحَاتِ وَ اَنْ تَقْضِيَ لَنَا

الْحَاجَاتِ وَ الْمُهِمَّاتِ وَ صَالِحَ الدُّعَاءِ وَ الْمَسْاَلَةِ

فَاسْتَجِبْ لَنَا بِحَقِّ مُحَمَّدٍ وَّ اٰلِهٖ ، اَللّٰهُمَّ صَلِّ عَلٰى

مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ اٰمِيْنَ اٰمِيْنَ اٰمِيْنَ ، مَا شَاءَ اللّٰهُ

كَانَ ، لَا حَوْلَ وَ لَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ ، سُبْحَانَ رَبِّكَ رَبِّ

الْعِزَّةِ عَمَّا يَصِفُوْنَ وَ سَلَامٌ عَلَى الْمُرْسَلِيْنَ وَ الْحَمْدُ

لِلّٰهِ رَبِّ الْعَالَمِيْنَ

અને અમારો અંત નેક લોકોની સાથ કરજે, અને અમારી હાજતો પૂરી કર અને અમારી પરેશાનીઓને દૂર કર, અને અમારી નેક દુઆઓ અને

માંગણીઓને પૂરી કર, તને વાસ્તો છે હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની ઔલાદનો; હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને હઝરત મોહમ્મદ (સ.અ.વ.)ની ઔલાદ ઉપર રહમત નાઝિલ કર, આમીન, આમીન, આમીન, જે કાંઈ પણ અલ્લાહ ચાહે છે તે થઇ જાય છે, અલ્લાહ સિવાય બીજા કોઈની પણ કુદરત નથી અને તાકત નથી; તે સિફાતોથી તારો પાલનહાર પાક છે કે જેનું વર્ણન તેઓ કરે છે, જે ઇઝ્ઝતવાળો પાલનહાર છે, અને બધા રસૂલો ઉપર સલામ થાય, અને તમામ વખાણ ફક્ત કાએનાતના પાલનહાર માટે જ છે.

(અને પછી પોતાના હાથને ફેલાવે અને પોતાની ગરદનને પોતાની ડાબી તરફ જુકાવે, અને રોવે અથવા રોવા જેવી સૂરત બનાવે અને કહે)

يَا لَا اِلٰهَ اِلَّا اَنْتَ اَسْاَلُكَ بِحَقِّ مَنْ حَقُّهٗ عَلَيْكَ عَظِيْمٌ ، بِلَا اِلٰهَ اِلَّا اَنْتَ اَسْاَلُكَ بِبَهَاءِ لَا اِلٰهَ اِلَّا اَنْتَ ، يَا لَا اِلٰهَ اِلَّا اَنْتَ اَسْاَلُكَ بِجَلَالِ لَا اِلٰهَ اِلَّا اَنْتَ ، يَا لَا اِلٰهَ اِلَّا اَنْتَ اَسْاَلُكَ بِجَمَالِ لَا اِلٰهَ اِلَّا اَنْتَ ، يَا لَا اِلٰهَ اِلَّا اَنْتَ اَسْاَلُكَ بِنُوْرِ لَا اِلٰهَ اِلَّا اَنْتَ ،

يَا لَا اِلٰهَ اِلَّا اَنْتَ اَسْاَلُكَ بِكَمَالِ لَا اِلٰهَ اِلَّا اَنْتَ ، يَا لَا
اِلٰهَ اِلَّا اَنْتَ اَسْاَلُكَ بِعِزَّةِ لَا اِلٰهَ اِلَّا اَنْتَ ، يَا لَا اِلٰهَ
اِلَّا اَنْتَ اَسْاَلُكَ بِعَظِيْمِ لَا اِلٰهَ اِلَّا اَنْتَ ، يَا لَا اِلٰهَ اِلَّا
اَنْتَ اَسْاَلُكَ بِقَوْلِ لَا اِلٰهَ اِلَّا اَنْتَ ، يَا لَا اِلٰهَ اِلَّا اَنْتَ
اَسْاَلُكَ بِشَرَفِ لَا اِلٰهَ اِلَّا اَنْتَ ، يَا لَا اِلٰهَ اِلَّا اَنْتَ
اَسْاَلُكَ بِعَلَاءِ لَا اِلٰهَ اِلَّا اَنْتَ ، يَا لَا اِلٰهَ اِلَّا اَنْتَ
اَسْاَلُكَ بِلَا اِلٰهَ اِلَّا اَنْتَ يَا لَا اِلٰهَ اِلَّا اَنْتَ   يَا رَبَّاهُ يَا
رَبَّاهُ

(શ્વાસ તૂટે ત્યાં સુધી કહેતા રહેવું... યા રબ્બાહ, યા રબ્બાહ....)

(અને પછી પોતાના હાથને ફેલાવે અને પોતાની ગરદનને પોતાની ડાબી તરફ જુકાવે, અને રોવે અથવા રોવા જેવી સૂરત બનાવે અને કહે : અય તે ઝાત કે તારા સિવાય બીજો કોઈ મઅબૂદ નથી, તારી પાસે સવાલ કરૂં છું તેના હક્કના વાસ્તાથી કે જેનો હક્ક તારી માટે ઘણો ઇઝ્ઝતવાળો છે, તને વાસ્તો છે "લા ઇલાહ ઇલ્લા અન્ત " નો, હું સવાલ કરૂં છું "લા ઇલાહ ઇલ્લા અન્ત "ની ખૂબસૂરતીના

વાસ્તાથી; અય તે ઝાત કે તારા સિવાય બીજો કોઈ મઅબૂદ નથી, હું સવાલ કરૂં છું "લા ઇલાહ ઇલ્લા અન્ત"ની બુઝુર્ગીના વાસ્તાથી; અય તે ઝાત કે તારા સિવાય બીજો કોઈ મઅબૂદ નથી, હું સવાલ કરૂં છું "લા ઇલાહ ઇલ્લા અન્ત "ની સુંદરતાના વાસ્તાથી; અય તે ઝાત કે તારા સિવાય બીજો કોઈ મઅબૂદ નથી, હું સવાલ કરૂં છું "લા ઇલાહ ઇલ્લા અન્ત"ના નૂરના વાસ્તાથી; અય તે ઝાત કે તારા સિવાય બીજો કોઈ મઅબૂદ નથી, હું સવાલ કરૂં છું "લા ઇલાહ ઇલ્લા અન્ત"ની સંપૂર્ણતાના વાસ્તાથી; અય તે ઝાત કે તારા સિવાય બીજો કોઈ મઅબૂદ નથી, હું સવાલ કરૂં છું "લા ઇલાહ ઇલ્લા અન્ત "ની કુદરતના વાસ્તાથી; અય તે ઝાત કે તારા સિવાય બીજો કોઈ મઅબૂદ નથી, હું સવાલ કરૂં છું "લા ઇલાહ ઇલ્લા અન્ત"ની મહાનતાના વાસ્તાથી; અય તે ઝાત કે તારા સિવાય બીજો કોઈ મઅબૂદ નથી, હું સવાલ કરૂં છું "લા ઇલાહ ઇલ્લા અન્ત "ના કથનના વાસ્તાથી; અય તે ઝાત કે તારા સિવાય બીજો કોઈ મઅબૂદ નથી, હું સવાલ કરૂં છું "લા ઇલાહ ઇલ્લા અન્ત "ની ઇઝ્ઝતના વાસ્તાથી; અય તે ઝાત કે તારા સિવાય બીજો કોઈ મઅબૂદ નથી, હું સવાલ કરૂં છું "લા ઇલાહ ઇલ્લા અન્ત "ની સર્વોચ્ચતાના વાસ્તાથી; અય તે ઝાત કે તારા સિવાય બીજો કોઈ મઅબૂદ નથી, હું સવાલ કરૂં છું

“લા ઇલાહ ઇલ્લા અન્ત”ના વાસ્તાથી, અય તે ઝાત કે તારા સિવાય બીજો કોઈ મઅબૂદ નથી, અય મારા પાલનહાર, અય મારા પાલનહાર... (શ્વાસ તૂટે ત્યાં સુધી કહેતા રહેવું)

اَسْاَلُكَ يَا سَيِّدِيْ

હું તારી પાસે માંગું છું અય મારા સરદાર

અને પછી પોતાના બન્ને હાથોને ફેલાવે અને પોતાની ગરદનને પોતાની ડાબી તરફ જુકાવે, અને કહે

يَا اَللّٰهُ يَا رَبَّاهُ

(શ્વાસ તૂટે ત્યાં સુધી કહેતા રહેવું) – અય અલ્લાહ, અય મારા પાલનહાર.......

يَا سَيِّدَاهُ يَا مَوْلَايَ ، يَا غِيَاثَاهُ يَا مَلْجَئَاهُ ، يَا مُنْتَهٰى غَايَةِ رَغْبَتَاهُ ، يَا اَرْحَمَ الرَّاحِمِيْنَ ، اَسْاَلُكَ فَلَيْسَ كَمِثْلِكَ شَيْءٌ وَّ اَسْاَلُكَ بِكُلِّ دَعْوَةٍ مُّسْتَجَابَةٍ دَعَاكَ بِهَا نَبِيٌّ مُرْسَلٌ اَوْ مَلَكٌ مُقَرَّبٌ اَوْ عَبْدٌ مُؤْمِنٌ امْتَحَنْتَ قَلْبَهٗ لِلْاِيْمَانِ وَ اسْتَجَبْتَ دَعْوَتَهٗ مِنْهُ ، وَ اَتَوَجَّهُ اِلَيْكَ بِمُحَمَّدٍ نَبِيِّكَ نَبِيِّ

الرَّحْمَةِ وَ اُقَدِّمُهُ بَيْنَ يَدَيْ حَوَائِجِيْ ، يَا مُحَمَّدُ يَا رَسُوْلَ اللّٰهِ ، بِأَبِيْ اَنْتَ وَ اُمِّيْ ، اَتَوَجَّهُ بِكَ اِلٰى رَبِّكَ وَ رَبِّيْ وَ اُقَدِّمُكَ بَيْنَ يَدَيْ حَوَائِجِيْ

અય મારા સરદાર, અય મારા મૌલા, અય મારી ફરિયાદે પહોંચનાર, અય મારા આશરાની જગ્યા, અય મારી આરઝુઓની છેલ્લી મંઝીલ, અય રહેમ કરવાવાળાઓ માં સૌથી વધારે રહેમ કરનાર, હું તારી પાસે સવાલ કરૂં છું, તારી જેવું બીજું કઈ નથી, અને હું તારી પાસે તે બધી કબૂલ થયેલી દુઆઓ માંગું છું કે જે દુઆઓને તારી પાસે માંગી હતી તારા મોકલાવેલ નબીએ, અથવા તારાથી ખુબજ નજીકના ફરિશ્તાએ, અથવા તારા એવા મોઅમિન બંદાએ કે તેં જેના ઈમાન માટે તેના દિલની પરીક્ષા લઇ લીધી હોય અને તેની દુઆઓને કબૂલ કરી હોય; અને હું તારી બારગાહમાં તારા રહમતવાળા નબી (સ.અ.વ.)નો વાસ્તો આપું છું અને મારી હાજતોને તેમની સામે રાખું છું, અય હઝરત મોહમ્મદ (સ.અ.વ.), અય અલ્લાહના રસૂલ - મારા માં-બાપ તમારી ઉપર કુરબાન થાય-, તમારા થકી તમારા પાલનહારની અને મારા પાલનહારની બારગાહમાં હાજર થયો છું અને હું મારી હાજતોને તમારી સામે પેશ કરૂં છું;

يَا رَبَّاهُ يَا رَبَّاهُ يَا رَبَّاهُ ، اَسْاَلُكَ بِكَ فَلَيْسَ كَمِثْلِكَ شَيْءٌ وَّ اَتَوَجَّهُ اِلَيْكَ بِمُحَمَّدٍ حَبِيْبِكَ وَ بِعِتْرَتِهِ الْهَادِيَةِ وَ اُقَدِّمُهُمْ بَيْنَ يَدَيْ حَوَائِجِيْ وَ اَسْاَلُكَ اللّٰهُمَّ بِحَيَاتِكَ الَّتِيْ لَا تَمُوْتُ وَ بِنُوْرِ وَجْهِكَ الَّذِيْ لَا يُطْفَاُ وَ بِعَيْنِكَ الَّتِيْ لَا تَنَامُ وَ اَسْاَلُكَ بِحَقِّ مَنْ حَقُّهٗ عَلَيْكَ عَظِيْمٌ اَنْ تُصَلِّيَ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ قَبْلَ كُلِّ شَيْءٍ وَّ بَعْدَ كُلِّ شَيْءٍ وَّ عَدَدَ كُلِّ شَيْءٍ وَّ زِنَةَ كُلِّ شَيْءٍ وَّ مِلْاَ كُلِّ شَيْءٍ

અય મારા પાલનહાર, અય મારા પાલનહાર, અય મારા પાલનહાર, હું તારી પાસે સવાલ કરૂં છું, તારી જેવું બીજું કંઈ નથી, અને હું તારી બારગાહમાં, તું જેની સાથે ખુબજ મુહબ્બત કરે છે તેં હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને હિદાયત કરનાર તેમની પાક ઔલાદનો વાસ્તો આપું છું, અને મારી હાજતોને તેમની સામે રાખું છું, અને હું સવાલ કરૂં છું, અય અલ્લાહ, તારી તે હયાતના વાસ્તાથી કે જેને ક્યારેય પણ મૌત નથી, અને તારી પાક ઝાતના નૂરના વાસ્તાથી કે જે ક્યારેય પણ ઓછું થનાર નથી, અને

તારી આંખના વાસ્તાથી કે જે ક્યારેય પણ સુતી નથી, અને હું સવાલ કરૂં છું તેના હક્કના વાસ્તાથી કે જેનો હક્ક તારી માટે ઘણો ઇઝ્ઝતવાળો છે, તું રહમત નાઝિલ કર હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને હઝરત મોહમ્મદ (સ.અ.વ.)ની ઔલાદ ઉપર, દરેક વસ્તુઓની પહેલા અને દરેક વસ્તુઓની પછી, દરેક વસ્તુઓની ગણતરી મુજબ, અને દરેક વસ્તુઓના વજન મુજબ, અને દરેક વસ્તુઓની સંપૂર્ણતા મુજબ

اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ اَنْ تُصَلِّيَ عَلٰى مُحَمَّدٍ عَبْدِكَ
الْمُصْطَفٰى وَ رَسُوْلِكَ الْمُرْتَضٰى وَ اَمِيْنِكَ الْمُصَفّٰى وَ
نَجِيْبِكَ دُوْنَ خَلْقِكَ وَ حَبِيْبِكَ وَ خِيَرَتِكَ مِنْ
خَلْقِكَ اَجْمَعِيْنَ ، اَلنَّذِيْرِ الْبَشِيْرِ السِّرَاجِ الْمُنِيْرِ وَ
عَلٰى اَهْلِ بَيْتِهِ الطَّيِّبِيْنَ الطَّاهِرِيْنَ الْمُطَهَّرِيْنَ
الْاَخْيَارِ الْاَبْرَارِ ، وَ عَلَى الْمَلَائِكَةِ الَّذِيْنَ
اسْتَخْلَصْتَهُمْ لِنَفْسِكَ وَ حَجَبْتَهُمْ عَنْ خَلْقِكَ ، وَ
عَلٰى اَنْبِيَائِكَ الَّذِيْنَ يُنْبِئُوْنَ بِالصِّدْقِ عَنْكَ

અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે સવાલ કરૂં છું કે

તું રહમત નાઝિલ કર હઝરત મોહમ્મદ (સ.અ.વ.) ઉપર કે જે તારા પસંદ થયેલા બંદા છે, જે તારી ખુશનુદીવાળા તારા રસૂલ છે, અને તારા ખુલૂસવાળા અમાનતદાર છે, અને બધી મખ્લૂકમાં સૌથી વધારે માનનીય છે, અને જેની સાથે તું ખુબજ મુહબ્બત કરે છે, અને તારી તમામ મખ્લૂકમાં સૌથી વધારે સારા, જે ડરાવનાર, ખુશખબરી આપનાર, હિદાયત કરનાર અને નૂર ફેલાવનાર છે; અને તું તારી રહમત નાઝિલ કર તેમની ઔલાદ ઉપર કે જે પાક અને પાકીઝા છે, ખુબજ પાક છે, પાક કરનાર છે, સર્વશ્રેષ્ઠ છે અને ખુબજ નેક છે; અને તું તારી રહમત નાઝિલ કર તારા ફરિશ્તાઓ ઉપર કે જેઓને તેં પોતાની પાક ઝાત માટે પસંદ કરી દીધા છે, અને તેઓને તારી મખ્લૂકથી પરદામાં રાખ્યા છે; અને તું તારી રહમત નાઝિલ કર તારા નબીઓ ઉપર કે જેઓ તારા સંદેશાઓ અને તારા પયગામોની સાચી ખબર આપે છે;

وَ عَلٰى عِبَادِكَ الصَّالِحِيْنَ الَّذِيْنَ اَدْخَلْتَهُمْ فِيْ

رَحْمَتِكَ الْاَئِمَّةِ الْمُهْتَدِيْنَ الرَّاشِدِيْنَ الْمُطَهَّرِيْنَ وَ

عَلٰى جَبْرَئِيْلَ وَ مِيْكَائِيْلَ وَ اِسْرَافِيْلَ وَ عِزْرَائِيْلَ وَ

رِضْوَانَ خَازِنِ الْجِنَانِ وَ مَالِكٍ خَازِنِ النَّارِ وَ

الرُّوْحِ الْقُدُسِ وَ حَمَلَةِ الْعَرْشِ وَ مُنْكَرٍ وَّ نَكِيْرٍ وَّ

عَلَى الْمَلَكَيْنِ الْحَافِظَيْنِ عَلَيَّ ، بِالصَّلَاةِ الَّتِيْ تُحِبُّ

اَنْ تُصَلِّيَ بِهَا عَلَيْهِمْ ، صَلَاةً كَثِيْرَةً طَيِّبَةً مُبَارَكَةً

زَاكِيَةً نَامِيَةً طَاهِرَةً شَرِيْفَةً فَاضِلَةً تُبَيِّنُ بِهَا

فَضْلَهُمْ عَلَى الْاَوَّلِيْنَ وَ الْاٰخِرِيْنَ

અને તું તારી રહમત નાઝિલ કર તારા નેક અને ભલા બંદાઓ ઉપર કે જેઓને તેં એવા ઇમામોની રહમતમાં દાખલ કરી દીધા છે કે જેઓ હિદાયત પામેલા, હિદાયત કરનાર અને પાક તથા પાકીઝા છે; અને તું તારી રહમત નાઝિલ કર હઝરત જબ્રઈલ (અ.) ઉપર, હઝરત મીકાઈલ ( અ.) ઉપર, હઝરત ઇસ્રાફીલ (અ.) ઉપર, હઝરત ઇઝરાઈલ (અ.) ઉપર, અને જન્નતોના ખઝાનાને પોતાના કબજામાં રાખનાર ફરિશ્તાઓ ઉપર, અને જહન્નમની આગના ખઝાનાના માલિક ઉપર, અને રૂહુલ્કુદ્દુસ ઉપર, અર્શને ઉપાડનાર ફરિશ્તાઓ ઉપર, અને જનાબે મુન્કીર ઉપર, અને જનાબે નકીર ઉપર, અને તે બન્ને ફરિશ્તાઓ ઉપર કે જેઓ મારું ધ્યાન રાખે છે; આ બધા ઉપર તારી એવી રહમત નાઝિલ કર કે જેવી તું ચાહે છે, ખુબજ વધારે, બહુજ પાક, બરકતવાળી, પાકીઝા, દરજ્જાઓને

વધારવાવાળી, પાક, ઇઝ્ઝતવાળી, ફઝીલતવાળી રહમત હોય કે તું આ રહમત થકી પેહલાની મખ્લૂક અને પછીની  મખ્લૂક ઉપર તેઓની ફઝીલતને બયાન કર;

اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ اَنْ تَسْمَعَ صَوْتِيْ وَ تُجِيْبَ دَعْوَتِيْ وَ تَغْفِرَ ذُنُوْبِيْ وَ تُنْجِحَ طَلِبَتِيْ وَ تَقْضِيَ حَاجَتِيْ وَ تَقَبَّلَ قِصَّتِيْ وَ تُنْجِزَ لِيْ مَا وَعَدْتَنِيْ وَ تُقِيْلَنِيْ عَثْرَتِيْ وَ تَتَجَاوَزَ عَنْ خَطِيْئَتِيْ وَ تَصْفَحَ عَنْ ظُلْمِيْ وَ تَعْفُوَ عَنْ جُرْمِيْ وَ تُقْبِلَ عَلَيَّ وَ لَا تُعْرِضَ عَنِّيْ وَ تَرْحَمَنِيْ وَ لَا تُعَذِّبَنِيْ وَ تُعَافِيَنِيْ وَ لَا تَبْتَلِيَنِيْ

અય અલ્લાહ, હું ખરેખર તારી પાસે સવાલ કરૂં છું કે તું મારી અવાઝ્ને સાંભળ, મારી દુઆઓને કબૂલ કર, મારા ગુનાહોને માફ કરી દે, મારી જરૂરતોને અને મારી હાજતોને પૂરી કર, અને મારી આ દુઆને કબૂલ કર, અને તું મને તે બધું અતા કર કે જેનો તેં મને વાયદો કર્યો છે, અને મારી ભૂલોને દરગુઝર કર, અને મારી ખાતાઓને દરગુઝર કર, અને મારા ઝુલ્મને માફ કર, અને મારા ગુનાહોને માફ કર, અને મને તારી બારગાહમાં કબૂલ કર અને મને તારી બારગાહમાંથી પાછો ન ફેરવજે, તું મારી ઉપર રહેમ

કર અને મને અઝાબ નહિ કરતો, તથા મને માફ કરી દે અને મને (પરેશાનીઓમાં) મુબ્તેલા ન કરજે,

وَ تَرْزُقَنِيْ مِنْ اَطْيَبِ الرِّزْقِ وَ اَوْسَعِهٖ وَ اَهْنَئِهٖ وَ اَمْرَئِهٖ وَ اَسْبَغِهٖ وَ اَكْثَرِهٖ وَ لَا تَحْرِمَنِيْ يَا رَبِّ النَّظَرَ اِلٰى وَجْهِكَ الْكَرِيْمِ وَ الْفَوْزَ بِالْجَنَّةِ وَ الْعِتْقَ مِنَ النَّارِ ، وَ اقْضِ عَنِّيْ يَا رَبِّ دَيْنِيْ وَ اَمَانَتِيْ وَ ضَعْ عَنِّيْ وِزْرِيْ وَ لَا تُحَمِّلْنِيْ مَا لَا طَاقَةَ لِيْ بِهٖ ، يَا مَوْلَايَ وَ اَدْخِلْنِيْ فِيْ كُلِّ خَيْرٍ اَدْخَلْتَ فِيْهِ مُحَمَّدًا وَّ اٰلَ مُحَمَّدٍ وَّ اَخْرِجْنِيْ مِنْ كُلِّ سُوْءٍ اَخْرَجْتَهُمْ مِنْهُ وَ لَا تُفَرِّقْ بَيْنِيْ وَ بَيْنَهُمْ طَرْفَةَ عَيْنٍ اَبَدًا فِي الدُّنْيَا وَ الْاٰخِرَةِ

અને મને ખુબજ પાક, પુષ્કળ, ફાયદો પહોંચાડનાર, સંપૂર્ણ, અને વધારે રોઝી અતા કર; અને મારી માટે તારી ઉદાર પાક ઝાત તરફ નઝર કરવાને હરામ ન કરજે, અને મને જન્નતમાં ઊંચો દરજ્જો અતા કર, જહન્નમની આગથી આઝાદી અતા કર, મારા કર્ઝને – અય મારા પાલનહાર - તું અદા કરી દે, અને મારી અમાનતોને પણ અદા કર, અને મારા ગુનાહોને મિટાવી દે, અને મારી ઉપર તેવો ભાર

લાદ્જે નહીં કે જેને ઉપાડવાની મને તાકત નથી, અય મારા મૌલા, અને મને તે દરેક ભલાઈમાં દાખલ કર કે જેમાં તેં હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને હઝરત મોહમ્મદ (સ.અ.વ.)ની ઔલાદને દાખલ કરી, અને મને તે દરેક બુરાઈઓમાંથી બહાર કાઢ જેનાથી તેં હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની ઔલાદને અલગ કરેલા છે. અને દુનિયા તથા આખેરતમાં, મને તેઓથી ક્યારેય પણ આંખની એક પલક જપકના સમય પુરતો પણ અલગ ન કરજે

اَللّٰهُمَّ اِنِّيْ اَدْعُوْكَ كَمَا اَمَرْتَنِيْ فَاسْتَجِبْ لِيْ كَمَا وَعَدْتَنِيْ ، اَللّٰهُمَّ اِنِّيْ اَدْعُوْكَ كَمَا اَمَرْتَنِيْ فَاسْتَجِبْ لِيْ كَمَا وَعَدْتَنِيْ ، اَللّٰهُمَّ اِنِّيْ اَدْعُوْكَ كَمَا اَمَرْتَنِيْ فَاسْتَجِبْ لِيْ كَمَا وَعَدْتَنِيْ

અય અલ્લાહ , ખરેખર હું તારી પાસે દુઆ કરું છું જેવી રીતે તેં મને હુક્મ આપ્યો છે, તો તું મારી દુઆ કબુલ કર જેવી રીતે તેં મને વાયદો કર્યો છે; અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે દુઆ કરું છું જેવી રીતે તેં મને હુક્મ આપ્યો છે, તો તું મારી દુઆ કબુલ કર જેવી રીતે તેં મને વાયદો કર્યો છે; અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે દુઆ કરું છું જેવી

રીતે તેં મને હુકમ   આપ્યો છે, તો તું મારી દુઆ કબુલ કર જેવી રીતે તેં મને વાયદો કર્યો છે;

اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ قَلِيْلًا مِنْ كَثِيْرٍ مَعَ حَاجَةٍ بِيْ اِلَيْهِ عَظِيْمَةٍ وَّ غِنَاكَ عَنْهُ قَدِيْمٌ وَّ هُوَ عِنْدِيْ كَثِيْرٌ وَّ هُوَ عَلَيْكَ سَهْلٌ يَسِيْرٌ فَامْنُنْ بِهٖ عَلَيَّ ، اِنَّكَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ

અય અલ્લાહ ! બેશક હું તારી પાસે ખુબજ વધારેમાંથી માત્ર થોડાની માંગણી કરૂં છું, મને તે વસ્તુઓની ખુબજ વધારે જરૂર છે જયારે કે તું તો તેનાથી હંમેશ માટે બેનિયાઝ (ગની) છે. અને તે (હાજતો) મારા માટે ખુબજ મહત્વની છે, અલબત્ત તે (અતા કરવું) તારા માટે ખુબ જ સહેલુ અને આસાન છે. તો પછી મને આ બધી વસ્તુઓ અતા કરી મારી ઉપર એહસાન કર, ખરેખર તું દરેક વસ્તુ ઉપર કુદરત રાખે છે;

اَللّٰهُمَّ بِرَحْمَتِكَ فِي الصَّالِحِيْنَ فَاَدْخِلْنَا وَ فِيْ عِلِّيِّيْنَ فَارْفَعْنَا وَ بِكَأْسٍ مِنْ مَعِيْنٍ مِنْ عَيْنٍ سَلْسَبِيْلَ فَاسْقِنَا وَ مِنَ الْحُوْرِ الْعِيْنِ بِرَحْمَتِكَ فَزَوِّجْنَا وَ مِنْ

وِلْدَانٍ مُّخَلَّدِيْنَ كَاَنَّهُمْ لُؤْلُؤٌ مَّكْنُوْنٌ فَاَخْدِمْنَا وَ

مِنْ ثِمَارِ الْجَنَّةِ وَ لُحُوْمِ الطَّيْرِ فَاَطْعِمْنَا وَ مِنْ ثِيَابِ

السُّنْدُسِ وَ الْحَرِيْرِ وَ الْاِسْتَبْرَقِ فَاَلْبِسْنَا

અય અલ્લાહ, તારી રહમત થકી અમોને સારા લોકોમાં દાખલ કર; અને જન્નત (ઈલ્લીયીન)માં અમારા દરજ્જાને બુલંદ કર; જન્નતના સલસબીલ ઝરણાંના પીણા થકી અમારી તરસને બુજાવ, તારી મહેરબાની થકી હૂરુલ-ઈન સાથે મારૂં જોડું બનાવ; અને હંમેશા જવાન રેહવાવાળા છોકરાઓ કે જે છુપાયેલા મોતી જેવા છે, તેઓને અમારી ખિદમતમાં લગાવ; અને અમોને જન્નતના ફળો તેમજ પક્ષીઓના ગોશ્ત ખવરાવ; અને અમને રેશમી તથા ચમકતા કપડાઓથી બનેલા લિબાસ પહેરાવ;

وَ لَيْلَةَ الْقَدْرِ وَ حَجَّ بَيْتِكَ الْحَرَامِ وَ قَتْلًا فِيْ سَبِيْلِكَ

مَعَ وَلِيِّكَ فَوَفِّقْ لَنَا وَ صَالِحَ الدُّعَاءِ وَ الْمَسْاَلَةِ

فَاسْتَجِبْ لَنَا ، يَا خَالِقَنَا ، اِسْمَعْ وَ اسْتَجِبْ لَنَا وَ اِذَا

جَمَعْتَ الْاَوَّلِيْنَ وَ الْاٰخِرِيْنَ يَوْمَ الْقِيَامَةِ فَارْحَمْنَا ،

وَ بَرَاءَةً مِّنَ النَّارِ وَ اَمَانًا مِنَ الْعَذَابِ فَاكْتُبْ لَنَا وَ

فِيْ جَهَنَّمَ فَلَا تَجْعَلْنَا وَ مَعَ الشَّيَاطِيْنِ فِيْ النَّارِ فَلَا

تُقِرَّنَا وَ فِيْ هَوَانِكَ وَ عَذَابِكَ فَلَا تَقْلِبْنَا وَ مِنَ

الزَّقُّوْمِ وَ الضَّرِيْعِ فَلَا تُطْعِمْنَا وَ فِيْ النَّارِ عَلٰى

وُجُوْهِنَا فَلَا تَكُبَّنَا وَ مِنْ ثِيَابِ النَّارِ وَ سَرَابِيْلِ

الْقَطِرَانِ فَلَا تُلْبِسْنَا وَ مِنْ كُلِّ سُوْءٍ يَا لَا اِلٰهَ اِلَّا

اَنْتَ بِحَقِّ لَا اِلٰهَ اِلَّا اَنْتَ فَنَجِّنَا

અને અમોને શબે કદ્ર નસીબ કર, તારા ઇઝ્ઝતવાળા ઘરની હજ્જ કરવાની તૌફીક અતા કર અને તારી રાહમાં (ઇતાઅતમાં) તારા વલી સાથે શહીદ થવું નસીબ કર; અને અમારી નેક દુઆઓ તથા નેક હાજતોને પૂરી કર; અય અમારા પૈદા કરનાર, અમોને સાંભળ અને અમારી દુઆઓને કબૂલ કર; અને કયામતના દિવસે જયારે તું પહેલાના તેમજ પછીના લોકોને ભેગા કર, ત્યારે મારી ઉપર રહેમ કર; અમારી માટે જહન્નમની આગથી મુક્તિ અને અઝાબથી અમાન લખી આપ; અને અમોને જહન્નમમાં નાખજે નહીં; અને અમોને શૈતાનો સાથે આગમાં રાખજે નહીં, અને અમોને તારા અઝાબ અને તારી ઝીલ્લતમાં મુબ્તેલા નહીં કરતો; અને અમોને થોર (જંગલી વનસ્પતિ) તથા

ઝેરી ઘાસ ન ખવરાવજે; અને અમારો શુમાર જહન્નમની આગમાં શૈતાનો સાથે નહિ કરતો; અને જહન્નમમાં અમોને ઊંધે માથે પછાડતો નહીં; અને અમોને આગના કપડા અને કતેરાન (ખુબજ બદબુદાર વસ્તુ)ના લિબાસ ન પહેરાવજે; અય કે તારા સિવાય બીજો કોઈ ઈબાદતને લાયક નથી, અને “લા ઇલાહ ઇલ્લા અન્ત” (તારા સિવાય બીજો કોઈ ઈબાદતને લાયક નથી)ના વાસ્તાથી અમોને તમામ બુરાઈઓથી બચાવ.

اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ وَلَمْ يُسْاَلْ مِثْلُكَ وَاَرْغَبُ اِلَيْكَ

وَلَمْ يُرْغَبْ اِلٰى مِثْلِكَ ، يَا رَبِّ اَنْتَ مَوْضِعُ مَسْاَلَةِ

السَّائِلِيْنَ وَمُنْتَهٰى رَغْبَةِ الرَّاغِبِيْنَ ، اَسْاَلُكَ اللّٰهُمَّ

بِاَفْضَلِ اَسْمَائِكَ كُلِّهَا وَاَنْجَحِهَا ، يَا اَللّٰهُ يَا رَحْمٰنُ وَ

بِاسْمِكَ الْمَخْزُوْنِ الْمَصُوْنِ الْاَعَزِّ الْاَجَلِّ الْاَعْظَمِ

الَّذِيْ تُحِبُّهٗ وَتَهْوَاهُ وَتَرْضٰى عَمَّنْ دَعَاكَ بِهٖ وَ

تَسْتَجِيْبُ لَهٗ دُعَائَهٗ وَ حَقٌّ عَلَيْكَ يَا رَبِّ اَنْ لَا

تَحْرِمَ سَائِلَكَ

અય અલ્લાહ, હું ખરેખર તારી પાસે માંગું છું અને

તારી જેવા બીજા કોઈ પાસે નથી માંગતો, અને હું તારી પાસે જ આશા રાખું છું અને તારી જેવા બીજા કોઈ પાસે આશા નથી રાખતો; અય મારા પાલનહાર, તું સવાલ કરવાવાળાઓના સવાલો પેશ થવાની જગ્યા અને તારી તરફ આશા રાખનાર લોકોની આશાઓની આખરી મંઝિલ છે, હું તારી પાસે સવાલ કરું છું તારા દરેક સર્વશ્રેષ્ઠ નામોના વાસ્તાથી કે જેના થકી હાજતો પૂરી થાય છે, અય અલ્લાહ, અય ખુબજ મહેરબાન, અને તને વાસ્તો છે તારા એ નામોનો કે જે તારી હિફાઝતમાં સચવાયેલા, સૌથી વધારે કુદરતવાળા, સૌથી વધારે મરતબાવાળા તથા સૌથી વધારે ઇઝ્ઝતવાળા છે, કે જે નામોને તું ચાહે છે, તને ખુબજ પસંદ છે અને જેના થકી તારી પાસે દુઆ માંગવામાં આવે તો તું રાઝી થઇ જાય છે અને તે દુઆઓને કબૂલ કરે છે, અને મને યકીન છે કે અય મારા પાલનહાર, તું તારી પાસે દુઆ માંગનારને પાછો નહીં ફેરવ.

اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ بِكُلِّ اسْمٍ هُوَ لَكَ ، دَعَاكَ بِهٖ عَبْدٌ

هُوَ لَكَ فِيْ بَرٍّ اَوْ بَحْرٍ اَوْ سَهْلٍ اَوْ جَبَلٍ اَوْ عِنْدَ بَيْتِكَ

الْحَرَامِ اَوْ فِيْ شَيْءٍ مِنْ سُبُلِكَ ، فَاَدْعُوْكَ يَا رَبِّ

دُعَاءَ مَنْ قَدِ اشْتَدَّتْ فَاقَتُهٗ وَ عَظُمَ جُرْمُهٗ وَ ضَعُفَ

كَدْحُهٗ وَ اَشْرَفَتْ عَلَى الْهَلَكَةِ نَفْسُهٗ وَ لَمْ يَثِقْ

بِشَيْءٍ مِنْ عَمَلِهٖ وَ لَمْ يَجِدْ لِمَا هُوَ فِيْهِ سَادًّا وَّ لَا

لِذَنْبِهٖ غَافِرًا وَّ لَا لِعَثْرَتِهٖ مُقِيْلًا غَيْرَكَ هَارِبًا اِلَيْكَ

مُتَعَوِّذًا بِكَ مُتَعَبِّدًا لَكَ غَيْرَ مُسْتَنْكِفٍ وَّ لَا

مُسْتَكْبِرٍ وَّ لَا مُسْتَحْسِرٍ وَّ لَا مُتَجَبِّرٍ وَّ لَا مُتَعَظِّمٍ

بَلْ بَآئِسٌ فَقِيْرٌ خَآئِفٌ مُسْتَجِيْرٌ

અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે સવાલ કરૂં છું, તે દરેક નામના વાસ્તાથી કે જે ફક્ત તારી માટે છે, જેના થકી તારા કોઈ પણ બંદાએ દુઆ કરી છે જયારે તે ઝમીન ઉપર હતો, કે દરિયામાં, અથવા તારા મોહતરમ ઘર (ખાનએ કઅબા) પાસે, અથવા તારી ઇતાઅત કરતા કરતા દુઆ કરી છે; તો હું પણ – અય મારા પાલનહાર- તારી પાસે તેના જેવી દુઆ કરૂં છું કે જેની મોહતાજી ખુબજ વધી ગઈ છે અને જેના ગુનાહો ખુબજ વધી ગયા છે અને જેની મેહનત ઓછી થઈ ગઈ છે, અને જેના નફ્સે હલાક થવા માટે માથું ઉંચું કર્યુ છે, અને તે પોતાના કોઈ પણ અમલ ઉપર ભરોસો નથી કરતો, અને તારા સિવાય બીજું કોઈ તેને નથી મળતું કે જે આ બધી મુશ્કેલીમાંથી તેને છુટકારો આપે, અને તેના

ગુનાહોને માફ કરી દે,અને તેની ભૂલોને દરગુઝર કરે; હું તારી તરફ ભાગતો આવી, તારી પાસે આશરો લઈ, તારો બંદો બનીને તારી બંદગી કરવાને હું હલકો નથી ગણતો, અને અહંકાર નથી કરતો, અને થાકતો પણ નથી, અને અભીમાન અને ઘમંડ નથી કરતો, બલ્કે હું મોહતાજ, ફકીર, ભયભીત અને તારી પાસે આશરો માંગું છું;

اَسْاَلُكَ يَا اَللّٰهُ يَا رَحْمٰنُ يَا حَنَّانُ يَا مَنَّانُ يَا بَدِيْعَ السَّمٰوَاتِ وَ الْاَرْضِ يَا ذَا الْجَلَالِ وَ الْاِكْرَامِ ، اَنْ تُصَلِّيَ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ صَلَاةً كَثِيْرَةً طَيِّبَةً مُبَارَكَةً نَامِيَةً زَاكِيَةً شَرِيْفَةً ، اَسْاَلُكَ اللّٰهُمَّ اَنْ تَغْفِرَ لِيْ فِيْ شَهْرِيْ هٰذَا وَ تَرْحَمَنِيْ وَ تُعْتِقَ رَقَبَتِيْ مِنَ النَّارِ وَ تُعْطِيَنِيْ فِيْهِ خَيْرَ مَا اَعْطَيْتَ اَحَدًا مِنْ خَلْقِكَ وَ خَيْرَ مَا اَنْتَ مُعْطِيْهِ وَ لَا تَجْعَلْهُ اٰخِرَ شَهْرِ رَمَضَانٍ صُمْتُهٗ لَكَ مُنْذُ اَسْكَنْتَنِيْ اَرْضَكَ اِلٰى يَوْمِيْ هٰذَا ، بَلِ اجْعَلْهُ عَلَيَّ اَتَمَّهٗ نِعْمَةً وَّ اَعَمَّهٗ عَافِيَةً وَّ اَوْسَعَهٗ رِزْقًا وَّ اَجْزَلَهٗ وَ اَهْنَاَهٗ ،

હું તને સવાલ કરું છું અય અલ્લાહ, અય ખુબજ મહેરબાન, અય ખુબજ મુહબ્બત કરનાર, અય ખુબજ એહસાન કરનાર, અય આસમાનો અને ઝમીનને બનાવનાર, અય બુઝુર્ગી અને ઇઝ્ઝતના માલિક, તું હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને હઝરત મોહમ્મદ (સ.અ.વ.) ઔલાદ ઉપર તારી એવી રહમત નાઝિલ કર કે જે ખુબજ વધારે, બહુજ પાક, બરકતવાળી, ઉચ્ચ દરજજાવાળી, પાક, ઇઝ્ઝતવાળી હોય; હું તારી પાસે સવાલ કરું છું કે તું આ મહીનામાં મને માફ કરી દે, અને મારી ઉપર રહેમ કર, અને મારી ગરદનને જહન્નમની આગથી આઝાદ કરી દે, અને આ મહીનામાં મારી માટે એવી બેહતરીન ભલાઈ અતા કર કે જેને તેં તારી મખ્લૂકમાંથી તારા અમુક ખાસ બંદાઓને જ આપી છે અથવા આપનાર છે, અને મારી માટે આ મહીનાને મારો છેલ્લો માહે રમઝાન નક્કી ન કરજે, તે માહે રમઝાન કે જ્યારથી તેં મને પૈદા કર્યો છે ત્યારથી લઈને અત્યાર સુધી તેના રોઝાઓને મેં ફક્ત તારી માટે રાખ્યા છે; પણ માહે રમઝાનને તું મારી માટે એવો નક્કી કર કે જેમાં તું મને બધી નેઅમતો અતા કર, દરેક પ્રકારની સલામતી અતા કર, અને ખુબજ વધારે, અઢળક અને ખુબજ ફાયદાકારક રોઝી અતા કર;

اَللّٰهُمَّ اِنِّيۡ اَعُوۡذُ بِكَ وَ بِوَجۡهِكَ الۡكَرِيۡمِ وَ مُلۡكِكَ

الۡعَظِيۡمِ اَنۡ تَغۡرُبَ الشَّمۡسُ مِنۡ يَوۡمِيۡ هٰذَا اَوۡ

يَنۡقَضِيَ بَقِيَّةُ هٰذَا الۡيَوۡمِ اَوۡ يَطۡلُعَ الۡفَجۡرُ مِنۡ لَيۡلَتِيۡ

هٰذِهٖ اَوۡ يَخۡرُجَ هٰذَا الشَّهۡرُ وَ لَكَ قِبَلِيۡ تَبِعَةٌ اَوۡ ذَنۡبٌ

اَوۡ خَطِيۡئَةٌ تُرِيۡدُ اَنۡ تُقَايِسَنِيۡ بِهَا اَوۡ تُؤَاخِذَنِيۡ بِهَا

اَوۡ تُوۡقِفَنِيۡ بِهَا مَوۡقِفَ خِزۡيٍ فِي الدُّنۡيَا وَ الۡاٰخِرَةِ اَوۡ

تُعَذِّبَنِيۡ يَوۡمَ اَلۡقَاكَ ، يَا اَرۡحَمَ الرَّاحِمِيۡنَ

અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે અને તારી ઉદાર પાક ઝાત પાસે અને તારી આ વિશાળ હુકુમતના વાસ્તાથી પનાહ માંગું છું કે એમ ન બને કે આજના દિવસનો સુરજ ડૂબી જાય, અથવા આજના દિવસનો બાકી ભાગ પૂરો થઇ જાય, અથવા આ રાત્રી પસાર થઇ જાય અને ફજરનો સમય થઇ જાય, અથવા કયાંક આ મહીનો પસાર થઇ જાય – અને તારી બારગાહમાં મારી સજા, ગુનાહો અથવા ખામીઓ બાકી હોય કે જેના કારણે મને સજા આપ, અથવા તું મને એવી હાલતમાં છોડી દે કે જે હાલતમાં સખ્ત બલાઓ અને બુરાઈના લીધે દુનિયા અને આખેરતમાં ઝલીલ અને હલાક થઈ જાઉં,

અથવા તું મને કયામતના દિવસે અઝાબ કરે !! અય રહેમ કરવાવાળાઓ માં સૌથી વધારે રહેમ કરનાર.

اَللّٰهُمَّ اِنِّيْ اَدْعُوْكَ لِهَمٍّ لَا يُفَرِّجُهُ غَيْرُكَ وَلِرَحْمَةٍ لَا تُنَالُ اِلَّا بِكَ وَلِكَرْبٍ لَا يَكْشِفُهُ اِلَّا اَنْتَ وَلِرَغْبَةٍ لَا تُبْلَغُ اِلَّا بِكَ وَلِحَاجَةٍ لَا تُقْضٰى دُوْنَكَ ، اَللّٰهُمَّ فَكَمَا كَانَ مِنْ شَاْنِكَ مَا اَرَدْتَنِيْ بِهِ مِنْ مَسْاَلَتِكَ وَ رَحِمْتَنِيْ بِهِ مِنْ ذِكْرِكَ فَلْيَكُنْ مِنْ شَاْنِكَ الْاِسْتِجَابَةُ لِيْ فِيْمَا دَعَوْتُكَ بِهِ وَالنَّجَاةُ لِيْ فِيْمَا فَزِعْتُ اِلَيْكَ مِنْهُ

અય અલ્લાહ, હું ખરેખર તારી પાસે દુઆ કરૂં છું તે દુ:ખો માટે કે જેને તારા સિવાય બીજું કોઈ દૂર નથી કરી શકતું, અને તે રહમત માટે કે જેને તારા સિવાય બીજું કોઈ નાઝિલ નથી કરી શકતું, અને તે પરેશાનીઓ માટે કે જેને કોઈ દૂર નથી કરી શકતું, અને તે આશાઓ માટે કે જે આશાઓને તારા સિવાય બીજા કોઈ તરફ નથી રાખી શકતો, અને તે હાજતો માટે કે જેને તારા સિવાય બીજું કોઈ પૂરી નથી કરી શકતું; અય અલ્લાહ, જેવી રીતે તેં તારી શાન થકી

મારી માટે ઈરાદો કર્યો કે હું તારી પાસે દુઆ માંગું અને તારી યાદ અપાવીને મારી ઉપર રહેમ કર્યો, તો આ પણ તારી શાન છે કે જે બધી બાબતો માટે મેં દુઆ કરી છે તું તે બધી દુઆઓને કબૂલ કર, અને જે બધી બાબતોમાં તારો આશરો માંગું છું અને ફરિયાદ કરું છું તે બધી બાબતોથી મને નજાત અતા કર;

اَيْ مُلَيِّنَ الْحَدِيْدِ لِدَاوُدَ ، اَيْ كَاشِفَ الضُّرِّ وَ الْكَرْبِ الْعَظِيْمِ عَنْ اَيُّوْبَ وَ مُفَرِّجَ غَمِّ يَعْقُوْبَ وَ مُنَفِّسَ كَرْبِ يُوْسُفَ ، صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ وَّ افْعَلْ بِيْ مَا اَنْتَ اَهْلُهٗ ، فَاِنَّكَ اَهْلُ التَّقْوٰى وَ اَهْلُ الْمَغْفِرَةِ

અય હઝરત દાઉદ (અ.) માટે લોઢાને નરમ કરનાર, અય હઝરત અય્યુબ (અ.)ના ખુબજ વધારે રંજ અને ગમને દૂર કરવાવાળા, અય હઝરતે યઅકૂબ (અ.)ના દુઃખને દૂર કરનાર, અય હઝરત યૂસુફ (અ.)ના ગમને દૂર કરનાર, હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને હઝરત મોહમ્મદ (સ.અ.વ)ની ઔલાદ ઉપર રહમત નાઝિલ કર, અને મારી સાથે એવો વર્તાવ કર કે જે તને શોભે છે કારણ કે ફક્ત

તું જ પનાહનો માલિક તેમજ મગફેરતનો માલિક છે;

اَللّٰهُمَّ اَنْتَ ثِقَتِيْ فِيْ كُلِّ كَرْبٍ وَّ رَجَائِيْ فِيْ كُلِّ شِدَّةٍ وَّ اَنْتَ فِيْ كُلِّ اَمْرٍ نَزَلَ بِيْ ثِقَةٌ وَّ عُدَّةٌ ، كَمْ مِنْ كَرْبٍ يَضْعُفُ مِنْهُ الْفُؤَادُ وَ تَقِلُّ فِيْهِ الْحِيْلَةُ وَ يَخْذُلُ فِيْهِ الصَّدِيْقُ وَ يَشْمَتُ فِيْهِ الْعَدُوُّ وَ اَنْزَلْتُهُ بِكَ وَ شَكَوْتُهُ اِلَيْكَ ، رَغْبَةً مِّنِّيْ فِيْهِ اِلَيْكَ عَمَّنْ سِوَاكَ ، فَفَرَّجْتَهُ وَ كَشَفْتَهُ وَ كَفَيْتَهُ ، فَاَنْتَ وَلِيُّ كُلِّ نِعْمَةٍ وَّ صَاحِبُ كُلِّ حَسَنَةٍ وَّ مُنْتَهٰى كُلِّ رَغْبَةٍ ، اَعُوْذُ بِكَلِمَاتِ اللهِ التَّآمَّاتِ مِنْ شَرِّ مَا خَلَقَ مِنْ شَيْءٍ ، اَللّٰهُمَّ عَافِنِيْ فِيْ يَوْمِيْ هٰذَا حَتّٰى اُمْسِيَ

અય અલ્લાહ, તું મારી દરેક પરેશાનીઓમાં મારો આશરો છે, અને દરેક સખ્તીઓમાં મારી ઉમ્મીદ છે, અને મારી દરેક બાબતોમાં તું મારો ભરોસો અને મારી મદદ છે; કેટલી બધી મુસીબતો એવી છે કે જેનાથી દિલો નબળા પડી જાય છે, જેના કારણે ફાયદો ઉપાડવાની કુદરત ઓછી થઇ જાય છે, અને દોસ્તો એકબીજાને પડતા મૂકી દે છે, અને દુશ્મનો

રાજી થાય છે, તો હું આ મુસીબતોને લઇ તારી બારગાહમાં હાજર થયો અને મેં તારી પાસે તેની શિકાયત કરી કારણ કે મારી ઉમ્મીદ તારા સિવાય બીજા કોઈ ઉપર નથી, તો તેં પરેશાનીઓને દૂર કરી, તેં મુશ્કેલીઓને તેં આસાન કરી અને તું તે બધી બાબતો માટે પૂરતો થઇ ગયો; તું દરેક નેઅમતોનો માલિક છે, અને દરેક નેકીઓનો માલિક છે, અને દરેક ઉમ્મીદોની છેલ્લી મંઝિલ છે; હું અલ્લાહના સંપૂર્ણ કલેમાત થકી તમામ મખ્લૂકની બુરાઈઓથી પનાહ માંગું છું; અય અલ્લાહ, મને આજે જ તંદુરસ્તી અતા કર જેથી હું મદદ કરૂં.

اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ بَرَكَةَ يَوْمِيْ هٰذَا وَمَا نَزَلَ فِيْهِ

مِنْ عَافِيَةٍ وَّ مَغْفِرَةٍ وَّ رَحْمَةٍ وَّ رِضْوَانٍ وَّ رِزْقٍ وَاسِعٍ

حَلَالٍ تَبْسُطُهٗ عَلَيَّ وَ عَلٰى وَالِدَيَّ وَ وُلْدِيْ وَ اَهْلِيْ وَ

عِيَالِيْ وَ اَهْلِ حُزَانَتِيْ وَمَنْ اَحْبَبْتُ وَ اَحَبَّنِيْ وَ

وَلَدْتُ وَ وَلَدَنِيْ ، اَللّٰهُمَّ اِنِّيْ اَعُوْذُ بِكَ مِنَ الشَّكِّ وَ

الشِّرْكِ وَ الْحَسَدِ وَ الْبَغْيِ وَ الْحَمِيَّةِ وَ الْغَضَبِ ،

اَللّٰهُمَّ رَبَّ السَّمٰوَاتِ السَّبْعِ وَرَبَّ الْاَرَضِيْنَ السَّبْعِ

وَمَا فِيهِنَّ وَمَا بَيْنَهُنَّ وَرَبَّ الْعَرْشِ الْعَظِيمِ ، صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِهٖ وَاكْفِنِيْ الْمُهِمَّ مِنْ اَمْرِيْ بِمَا شِئْتَ وَكَيْفَ شِئْتَ

અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે સવાલ કરૂં છું કે મને આજના દિવસની બરકત અતા કર, અને આજના દિવસની સલામતી, મગફેરત, રહમત, ખુશી, પુષ્કળ હલાલ રોઝીને મારી માટે નાઝિલ કર અને આ બધી બાબતોને તું મારી ઉપર ફેલાવી દે, અને મારા માં-બાપ ઉપર, અને મારી ઔલાદ અને મારા ઘરવાળાઓ તથા મારા ખાનદાન ઉપર, દુઃખના સમયના મારા સાથીઓ ઉપર, અને જેને હું મુહબ્બત કરૂં છું, અને જે મારી સાથે મુહબ્બત રાખે છે, અને જેને મેં જણ્યા છે અને જેઓએ મને જણ્યો છે (આ બધા ઉપર આ બધી બાબતોને ફેલાવી દે). અય અલ્લાહ હું તારી પાસે શક, શિર્ક, ઈર્ષા, બગાવત, મનાઈ અને ગઝબથી પનાહ માંગું છું; અય અલ્લાહ, અય સાત આસમાનોના પાલનહાર, અને સાત ઝમીનોના પાલનહાર, અને જે કાંઈ તે બન્નેમાં છે, અને જે કાંઈ તે બન્નેની વચ્ચે છે તે બધાના પાલનહાર, અને અર્શે અઝીમના પાલનહાર, હઝરત મોહમ્મદ (સ.અ.વ.) ઉપર રહમત નાઝિલ કર, અને જેના થકી ચાહે અને જેવી રીતે ચાહે તેવી

રીતે મારી માટે મારા દરેક કાર્યોમાં પૂરતો થઇ જા.

(પછી સૂરએ અલ્હમ્દ અને આયતલ કુરસી પઢે, અને પછી કહે)

اَللّٰهُمَّ اِنَّكَ قُلْتَ لِنَبِيِّكَ صَلَّى اللهُ عَلَيْهِ وَ اٰلِهٖ وَ لَسَوْفَ يُعْطِيْكَ رَبُّكَ فَتَرْضٰى ، اَللّٰهُمَّ اِنَّ نَبِيَّكَ وَ رَسُوْلَكَ وَ حَبِيْبَكَ وَ خِيَرَتَكَ مِنْ خَلْقِكَ لَا يَرْضٰى بِاَنْ تُعَذِّبَ اَحَدًا مِنْ اُمَّتِهٖ دَانَكَ بِمُوَالَاتِهٖ وَ مُوَالَاةِ الْاَئِمَّةِ مِنْ اَهْلِ بَيْتِهٖ وَ اِنْ كَانَ مُذْنِبًا خَاطِئًا فِيْ نَارِ جَهَنَّمَ فَاَجِرْنِيْ يَا رَبِّ مِنْ جَهَنَّمَ وَ عَذَابِهَا وَ هَبْنِيْ لِمُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ يَا اَرْحَمَ الرَّاحِمِيْنَ

અય અલ્લાહ, તે તારા નબી (સ.અ.વ.)ને કહ્યું છે કે "અને ચોક્કસ તારો પાલનહાર તને એટલું બધું આપશે કે તું રાજી થઇ જઈશ ". અય અલ્લાહ, ખરેખર તારા નબી (સ.અ.વ.) અને તારા રસૂલ (સ.અ.વ.), અને તું જેની સાથે મુહબ્બત કરે છે તેવા તારા હબીબ અને તારી મખ્લૂકમાંથી જે સૌથી વધારે નેક છે તે રાજી નહિ થાય જો તું તેની ઉમ્મતમાંથી કોઈને પણ જહન્નમની આગનો અઝાબ કરીશ, કે જે રસૂલે ખુદા (સ.અ.વ.)ની વિલાયત ઉપર અને

રસૂલ (સ.અ.વ.)ના ખાનદાનમાંથી ઇમામો (અ.સ.)ની વિલાયત ઉપર ઈમાન રાખતો હોય, ભલે પછી તે ગુનેહગાર અને ખતાકાર કેમ ન હોય; તો પછી મને પણ આશરો આપ -અય મારા પાલનહાર- જહન્નમથી અને તેના અઝાબથી, અને મને બખ્શી આપ, તને હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને હઝરત મોહમ્મદ (સ.અ.વ.)ની ઔલાદનો વાસ્તો છે, અય રહેમ કરવાવાળાઓમાં સૌથી વધારે રહેમ કરનાર.

يَا جَامِعًا بَيْنَ اَهْلِ الْجَنَّةِ عَلٰى تَاَلُّفٍ مِنَ الْقُلُوْبِ وَ
شِدَّةِ الْمَحَبَّةِ وَ نَازِعَ الْغِلِّ مِنْ صُدُوْرِهِمْ وَ جَاعِلَهُمْ
اِخْوَانًا عَلٰى سُرُرٍ مُّتَقَابِلِيْنَ يَا جَامِعًا بَيْنَ اَهْلِ
طَاعَتِهٖ وَ بَيْنَ مَنْ خَلَقَهَا لَهٗ وَ يَا مُفَرِّجَ حُزْنِ كُلِّ
مَحْزُوْنٍ وَّ يَا مَنْهَلَ كُلِّ غَرِيْبٍ ، يَا رَاحِمِيْ فِيْ
غُرْبَتِيْ وَ فِيْ كُلِّ اَحْوَالِيْ بِحُسْنِ الْحِفْظِ وَ الْكِلَاءَةِ لِيْ ،
يَا مُفَرِّجَ مَا بِيْ مِنَ الضِّيْقِ وَ الْخَوْفِ ،

અય જન્નતમાં રેહવાવાળાઓને એકબીજાના દિલોમાં ખુબજ મુહબ્બતની બુનિયાદ ઉપર ભેગો કરનાર, અને તેઓના દીલોમાંથી દુશ્મનીઓને બહાર કાઢી

નાખનાર, અને તેઓને એકબીજાના ભાઈઓ બનાવનાર કે જેઓ સામા-સામી ખાસ બેઠકો ઉપર બેઠા હશે, અય તેની ઇતાઅત કરવાવાળાને એકબીજાની સાથે મેળવનાર, અય દરેક ગમગીન લોકોના ગમને દૂર કરનાર, અય દરેક મુસાફરનો આશરો, અય મારી મુસાફરીમાં અને મારી દરેક હાલતમાં બેહતરીન હિફાઝત થકી મારું ધ્યાન રાખીને મારી ઉપર રહેમ કરનાર, અય મારી દરેક તંગી અને દરેક ખૌફને દૂર કરનાર,

صَلِّ عَلٰی مُحَمَّدٍ وَّاٰلِ مُحَمَّدٍ وَّاجْمَعْ بَيْنِيْ وَ بَيْنَ
اَحِبَّتِيْ وَ قَادَتِيْ وَ سَادَتِيْ وَ هُدَاتِيْ وَ مَوَالِيَّ ، يَا مُؤَلِّفًا
بَيْنَ الْاَحِبَّةِ ، صَلِّ عَلٰی مُحَمَّدٍ وَّاٰلِ مُحَمَّدٍ وَّلَا
تَفْجَعْنِيْ بِانْقِطَاعِ رُؤْيَةِ مُحَمَّدٍ وَّاٰلِ مُحَمَّدٍ عَنِّيْ وَ لَا
بِانْقِطَاعِ رُؤْيَتِيْ عَنْهُمْ فَبِكُلِّ مَسَائِلِكَ يَا رَبِّ
اَدْعُوْكَ ، اِلٰهِيْ فَاسْتَجِبْ دُعَائِيْ اِيَّاكَ ، يَا اَرْحَمَ
الرَّاحِمِيْنَ

હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને હઝરત મોહમ્મદ (સ.અ.વ.)ની ઔલાદ ઉપર રહમત નાઝિલ કર, અને મને મારા ચાહવાવાળાઓ, મારા માર્ગદર્શક,

મારા સરદારો, મારી હિદાયત કરનારાઓ, મારા મૌલાઓ સાથે મેળવી દે, અય ચાહવા વાળાઓના દિલોની અંદર મુહબ્બત પૈદા કરનાર, હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને હઝરત મોહમ્મદ (સ.અ.વ.)ની ઔલાદ ઉપર રહમત નાઝિલ કર, અને હઝરત મોહમ્મદ (સ.અ.વ) અને હઝરત મોહમ્મદ (સ.અ.વ.)ની ઔલાદ ક્યાંક મારીથી નઝર હટાવી ન લે અને હું પણ તેઓથી નઝર ન ફેરવી લઉં, કે જેના પરિણામે હું સખ્ત દુઃખી થઇ જાઉં; તો પછી હું દરેક સવાલો માટે -અય મારા પાલનહાર- ફક્ત તને પુકારૂં છું, અય મારા મઅબૂદ, તો ફક્ત તું મારી દુઆને કબૂલ કર, અય રહેમ કરવાવાળાઓમાં સૌથી વધારે રહેમ કરનાર;

اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ بِانْقِطَاعِ حُجَّتِيْ وَ وُجُوْبِ حُجَّتِكَ
اَنْ تَغْفِرَ لِيْ ، اَللّٰهُمَّ اِنِّيْ اَعُوْذُ بِكَ مِنْ خِزْيِ يَوْمِ
الْمَحْشَرِ وَ مِنْ شَرِّ مَا بَقِيَ مِنَ الدَّهْرِ وَ مِنْ شَرِّ
الْاَعْدَاءِ وَ صَفِيْرِ الْفَنَاءِ وَ عُضَالِ الدَّاءِ وَ خَيْبَةِ
الرَّجَاءِ وَ زَوَالِ النِّعْمَةِ وَ فَجَاَةِ النَّقِمَةِ ، اَللّٰهُمَّ
اجْعَلْ لِيْ قَلْبًا يَخْشَاكَ كَاَنَّهٗ يَرَاكَ اِلٰى يَوْمَ يَلْقَاكَ

અય અલ્લાહ, ખરેખર હું સવાલ કરૂં છું, મારી ખત્મ

થનારી દલીલોના વાસ્તાથી, અને હંમેશા બાકી રેહનાર તારી દલીલોના વાસ્તાથી, કે તું મને માફ કરી દે; અય અલ્લાહ, ખરેખર હું પનાહ માંગું છું કયામતના દિવસની સખ્તીઓ અને મુસીબતોથી, અને મારી બાકી રહેલ ઝીન્દગીમાં દરેક બુરાઈઓથી, અને દુશ્મનોના નુકશાનથી, અને નાબૂદ કરવાવાળા અવાજોથી, અને સખ્ત બીમારીઓથી, અને આરઝૂઓ તૂટી જવાથી, અને નેઅમતો ખત્મ થઇ જવાથી, અને અચાનક આવવાવાળી સજાથી તારી પનાહ માંગું છું. અય અલ્લાહ, મારા દિલને એવું બનાવ કે જે તારીથી એવી રીતે ડરે જેમ કે મારું દિલ તને જોઈ રહ્યું હોય, તે દિવસ સુધી કે મારું દિલ તારી સાથે મુલાકાત કરે.

## દુઆએ જવશને કબીર

જે કોઈ ખુલૂસ નિય્યત સાથે આ દુઆને પેહલી માહે રમઝાનના પઢે તો અલ્લાહ તઆલા શબે કદ્રને તેના નસીબમાં લખે છે, તેના માટે સિત્તેર હજાર ફરિશ્તાઓ પૈદા કરે છે કે જેઓ અલ્લાહની તસ્બીહ અને તકદીસ કરે છે અને આ બધાનો સવાબ આ પઢનાર માટે છે.

જે કોઈ આ દુઆને માહે રમઝાનમાં ત્રણ વખત પઢે તો અલ્લાહ તઆલા તે પઢનારના શરીરને જહન્નમની

આગ ઉપર હરામ કરે છે, તેના માટે જન્નત વાજિબ કરી આપે છે, બે ફરિશ્તાઓને મુકર્રર કરે છે કે આ બન્ને ફરિશ્તાઓ તેને ગુનાહોથી બચાવે, અને તેની આખી જીંદગી દરમ્યાન અલ્લાહ તઆલાની હિફાઝતમાં રહેશે.

રીવાયતમાં આ દુઆની ઘણી ફઝીલત બયાન કરવામાં આવેલ છે; જે કોઈ આ દુઆએ જવશને કબીરને પોતાના કફન ઉપર લખે તો અલ્લાહ તઆલા તેને જહન્નમની આગથી અઝાબ નહિ કરે; ઈમામ હુસૈન (અ.) ફરમાવે છે કે મને મારા વાલીદ હઝરત અલી ઇબ્ને અબી તાલિબ (અ.) એ વસીય્યત કરી છે કે આ દુઆને સાંચવું અને એહ્તેરામ કરું, તેમના કફન ઉપર લખું, પોતાના ઘરવાળાઓને જલ્દી તાલીમ આપું; અને આ હજાર નામો છે અને તેમાં ઇસમે અઅઝમ છે.

જે ઘરમાં આ દુઆ હશે તે ચોરી થવાથી અને બળી જવાથી મહફુઝ રહેશે. આ દુઆ પઢનારની બન્ને જહાનની આશાઓ પૂરી થશે. અને ગમે તેવી બિમારી ઉપર ખાલિસ નીય્યતથી આ દુઆ પઢનારને ખુદાના હુક્મથી શિફા મળશે ભલે તે બિમારી કોઢની હોય.

આ દુઆએ જવશને કબીરમાં ૧૦૦ ફસ્લ છે અને દરેક ફસ્લના અંતે નીચે મુજબ કહેવું

سُبْحَانَكَ يَا لَا اِلٰهَ اِلَّا اَنْتَ ، اَلْغَوْثَ الْغَوْثَ ، خَلِّصْنَا

مِنَ النَّارِ يَا رَبِّ

બલદુલ અમીન નામની કિતાબમાં છે કે દરેક ફસ્લની શરૂઆતમાં પૂરૂં બિસ્મિલ્લાહ કહેવું

નોંધ : આ દુઆઓની ખાસિયત (કેટલામાં નંબરની દુઆ પઢવાથી શું ફાયદો થાય છે) તેને અલ્લામા હાજીનાજી સાહેબ (અ.ર.) એ દર્શાવેલ ખાસિયત પ્રમાણે લેવામાં આવેલ છે.

## ૧. ગમ દુર થવા માટે

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ اِنِّيْٓ اَسْاَلُكَ بِاسْمِكَ يَا اَللّٰهُ ، يَا رَحْمٰنُ ، يَا رَحِيْمُ ، يَا كَرِيْمُ ، يَا مُقِيْمُ ، يَا عَظِيْمُ ، يَا قَدِيْمُ ، يَا عَلِيْمُ ، يَا حَلِيْمُ ، يَا حَكِيْمُ ، سُبْحَانَكَ يَا لَآ اِلٰهَ اِلَّآ اَنْتَ ، اَلْغَوْثَ الْغَوْثَ ، خَلِّصْنَا مِنَ النَّارِ يَا رَبِّ

(શરૂ કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ! ખરેખર હું

સવાલ કરૂં છું તારી પાસે તારા નામના વાસ્તાથી અય અલ્લાહ અય બક્ષનાર , અય દયા કરનાર , અય મહેરબાની કરનાર , અય કાયમ કરનાર , અય મહાન, અય હંમેશાથી રહેનાર , અય જ્ઞાની , અય સહનશીલ, અય હકીમ ; પાક છે તું , અય તે પાક ઝાત કે તારા સિવાય બીજો કોઈ મઅબૂદ નથી, અમારી ફરિયાદે પહોંચ, અમારી ફરિયાદે પહોંચ, અમોને જહન્નમની આગથી મુકત કર અય મારા પાલનહાર (આ છેલ્લું વાકય દરેક ફસ્લ પછી પઢવું.)

## ૨. મદદ મળવા માટે

يَا سَيِّدَ السَّادَاتِ ، يَا مُجِيْبَ الدَّعَوَاتِ ، يَا رَافِعَ الدَّرَجَاتِ ، يَا وَلِيَّ الْحَسَنَاتِ ، يَا غَافِرَ الْخَطِيْئَاتِ ، يَا مُعْطِيَ الْمَسْاَلَاتِ ، يَا قَابِلَ التَّوْبَاتِ ، يَا سَامِعَ الْاَصْوَاتِ ، يَا عَالِمَ الْخَفِيَّاتِ ، يَا دَافِعَ الْبَلِيَّاتِ

અય સરદારોના સરદાર , અય દુઆઓના કબૂલ કરનાર, અય દરજ્જા ઓના બુલંદ કરનાર , અય

નેકીઓના માલિક , અય ગુનાહોના  માફ કરનાર , , અય સવાલોના અતા કરનાર , અય તૌબાના કબૂલ કરનાર, અય બધાની અવાજોના સાંભળનાર, અય છુપી વાતોના જાણનાર  ,  અય બલાઓના દફે કરનાર.

## 3. ઇઝ્ઝત મળવા માટે

يَا خَيْرَ الْغَافِرِيْنَ ، يَا خَيْرَ الْفَاتِحِيْنَ ، يَا خَيْرَ النَّاصِرِيْنَ ، يَا خَيْرَ الْحَاكِمِيْنَ ، يَا خَيْرَ الرَّازِقِيْنَ ، يَا خَيْرَ الْوَارِثِيْنَ ، يَا خَيْرَ الْحَامِدِيْنَ ، يَا خَيْرَ الذَّاكِرِيْنَ ، يَا خَيْرَ الْمُنْزِلِيْنَ ، يَا خَيْرَ الْمُحْسِنِيْنَ

અય બક્ષનારાઓમાં ઉત્તમ, અય ફતેહ કરનારાઓમાં ઉત્તમ, અય મદદ કરનારાઓમાં ઉત્તમ , અય હુકમ કરનારાઓમાં ઉત્તમ ,  અય રોઝી આપનારાઓમાં ઉત્તમ,  અય વા  રિસોમાં ઉત્તમ  ,  અય વખાણ કરનારાઓમાં ઉત્તમ, અય ઝિક્ર કરનારાઓમાં ઉત્તમ,

અય નાઝિલ કરનારાઓમાં ઉત્તમ , અય એહસાન કરનારાઓમાં ઉત્તમ.

## ૪. બુઝુર્ગી મળવા માટે

يَا مَنْ لَهُ الْعِزَّةُ وَ الْجَمَالُ ، يَا مَنْ لَهُ الْقُدْرَةُ وَ الْكَمَالُ ، يَا مَنْ لَهُ الْمُلْكُ وَ الْجَلَالُ ، يَا مَنْ هُوَ الْكَبِيْرُ الْمُتَعَالُ ، يَا مُنْشِئَ السَّحَابِ الثِّقَالِ ، يَا مَنْ هُوَ شَدِيْدُ الْمِحَالِ ، يَا مَنْ هُوَ سَرِيْعُ الْحِسَابِ ، يَا مَنْ هُوَ شَدِيْدُ الْعِقَابِ ، يَا مَنْ عِنْدَهٗ حُسْنُ الثَّوَابِ ، يَا مَنْ عِنْدَهٗ اُمُّ الْكِتَابِ

અય ઇઝ્ઝત અને નેકી (ખુબસુરતી) ના માલિક, અય કુદરત અને કમાલ ના માલિક, અય મૂલ્ક અને બુઝુર્ગીના માલિક, અય એ કે તું બુઝુર્ગ (અને) મોટા મરતબાવાળો છે, અય ભારે વાદળના પેદા કરનાર , અય એ કે જે સર્વેથી બહુ જ તાકતવાળો છે, અય એ કે જે ઝડપથી હિસાબ લેનાર છે, અય એ કે જે સખ્ત અઝાબ કરનાર છે, અય એ કે જેની પાસે ઉમદામાં ઉમદા સવાબ છે , અય એ કે જેની પાસે ઉમ્મુલ (અસલ) કિતાબ છે.

## ૫. કુવ્વત માટે

اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ بِاسْمِكَ يَا حَنَّانُ ، يَا مَنَّانُ ، يَا دَيَّانُ ، يَا بُرْهَانُ ، يَا سُلْطَانُ ، يَا رِضْوَانُ ، يَا غُفْرَانُ ، يَا سُبْحَانُ ، يَا مُسْتَعَانُ ، يَا ذَا الْمَنِّ وَ الْبَيَانِ

અય અલ્લાહ! બેશક હું સવાલ કરૂં છું તારી પાસે તારા નામના વાસ્તાથી અય મહેરબાન , અય એહસાન કરનાર, અય બદલો આપનાર, અય સ્પષ્ટ દલીલ, અય બાદશાહ , અય ખુશ કરનાર , અય બક્ષનાર, અય પાક , અય સહાયક , અય નેઅમત અને બયાનના સાહેબ.

## ૬. બલાઓ દુર થવા માટે

يَا مَنْ تَوَاضَعَ كُلُّ شَيْءٍ لِعَظَمَتِهٖ ، يَا مَنِ اسْتَسْلَمَ كُلُّ شَيْءٍ لِقُدْرَتِهٖ ، يَا مَنْ ذَلَّ كُلُّ شَيْءٍ لِعِزَّتِهٖ ، يَا مَنْ خَضَعَ كُلُّ شَيْءٍ لِهَيْبَتِهٖ ، يَا مَنِ انْقَادَ كُلُّ شَيْءٍ مِنْ خَشْيَتِهٖ ، يَا مَنْ تَشَقَّقَتِ الْجِبَالُ مِنْ

مَخَافَتِهِ، يَا مَنْ قَامَتِ السَّمَاوَاتُ بِأَمْرِهِ، يَا مَنِ

اسْتَقَرَّتِ الْاَرَضُوْنَ بِإِذْنِهِ، يَا مَنْ يُسَبِّحُ الرَّعْدُ

بِحَمْدِهِ، يَا مَنْ لَا يَعْتَدِيْ عَلىٰ اَهْلِ مَمْلَكَتِهِ

يَا ذَا الْجُوْدِ وَ النِّعَمِ ، يَا ذَا الْفَضْلِ وَ الْكَرَمِ ، يَا خَالِقَ اللَّوْحِ وَ الْقَلَمِ ، يَا بَارِئَ الذَّرِّ وَ النَّسَمِ ، يَا ذَا الْبَأْسِ وَ النِّقَمِ ، يَا مُلْهِمَ الْعَرَبِ وَ الْعَجَمِ ، يَا كَاشِفَ الضُّرِّ وَ الْاَ لَمِ ، يَا عَالِمَ السِّرِّ وَ الْهِمَمِ ، يَا رَبَّ الْبَيْتِ وَ الْحَرَمِ ، يَا مَنْ خَلَقَ الْاَشْيَاءَ مِنَ الْعَدَمِ

અય બક્ષિશ અને નેઅમતના માલિક , અય ફઝલ

અને કરમના માલિક, અય પેદા કરનાર લવ્હ અને કલમના, અય દરેક જીવ ને પેદા કરનાર , અય અઝાબ અને બદલો લેવાના માલિક , અય અરબ અને અજમ ને ઇલ્હામ કરનાર , અય સખ્તી અને દર્દોના દૂર કરનાર , અય છુપું અને ઈરાદાના જાણનાર, અય ઘર અને હરમના રબ , અય એ કે ચીજોને કોઈ પણ ચીજ વગર પેદા કરી.

## ૮૧. ગુરદાનો દુ:ખાવો મટવા માટે

اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ بِاسْمِكَ يَا فَاعِلُ ، يَا جَاعِلُ ، يَا قَابِلُ ، يَا كَامِلُ ، يَا فَاضِلُ ، يَا فَاصِلُ ، يَا عَادِلُ ، يَا غَالِبُ ، يَا طَالِبُ ، يَا وَاهِبُ

ખુદાવંદા ખરેખર હું સવાલ કરું છું તારી પાસે તારા નામના વાસ્તાથી અય કાર્ય કરનાર, અય પેદા કરનાર, અય કબૂલ કરનાર, અય કામિલ, અય જુદુ કરનાર, અય જોડનાર , અય આદિલ , અય સત્તાવાન, અય ચાહનાર, અય બક્ષિશ કરનાર.

## ૮૨. પડખાનો દુ:ખાવો મટવા માટે

يَا مَنْ اَنْعَمَ بِطَوْلِهٖ ، يَا مَنْ اَكْرَمَ بِجُوْدِهٖ ، يَا مَنْ

جَادَ بِلُطْفِهٖ ، يَا مَنْ تَعَزَّزَ بِقُدْرَتِهٖ ، يَا مَنْ قَدَّرَ بِحِكْمَتِهٖ ، يَا مَنْ حَكَمَ بِتَدْبِيْرِهٖ ، يَا مَنْ دَبَّرَ بِعِلْمِهٖ ، يَا مَنْ تَجَاوَزَ بِحِلْمِهٖ ، يَا مَنْ دَنَا فِيْ عُلُوِّهٖ ، يَا مَنْ عَلَا فِيْ دُنُوِّهٖ

અય એ કે જેણે પોતાના ફઝલથી નેઅમતો આપી , અય એ કે પોતાની બક્ષિશથી મહેરબાની કરી , અય એ કે પોતાના ફઝલથી ઇનામ આપ્યું , અય એ કે પોતાની કુદરતથી ઇઝ્ઝત આપી , અય એ કે પોતાની હિકમતથી તકદીર કરે છે , અય એ કે પોતાની તદબીરથી હુકમ કર્યો , અય એ કે પોતાના ઇલ્મથી તદબીર કરી , અય એ કે પોતાની સહનશીલતાથી દરગુજર કરે છે, અય એ કે પોતાની બલંદીમાં પણ નજીક છે , અય એ કે પોતાની નજદીકીમાં બલંદ છે.

## ૮૩. કમરનો દુ:ખાવો મટવા માટે

يَا مَنْ يَخْلُقُ مَا يَشَاءُ ، يَا مَنْ يَفْعَلُ مَا يَشَاءُ ، يَا مَنْ يَهْدِيْ مَنْ يَّشَاءُ ، يَا مَنْ يُضِلُّ مَنْ يَّشَاءُ ، يَا مَنْ يُعَذِّبُ مَنْ يَّشَاءُ ، يَا مَنْ يَغْفِرُ لِمَنْ يَّشَاءُ ، يَا

مَنْ يُعِزُّ مَنْ يَّشَاءُ ، يَا مَنْ يُذِلُّ مَنْ يَّشَاءُ ، يَا مَنْ

يُصَوِّرُ فِي الْاَرْحَامِ مَا يَشَاءُ ، يَا مَنْ يَخْتَصُّ

بِرَحْمَتِهٖ مَنْ يَّشَاءُ

અય એ કે જે ચાહે છે પેદા કરે છે , અય એ કે જે ચાહે છે કરે છે, અય એ કે જેને ચાહે છે હિદાયત કરે છે, અય એ કે જેને ચાહે છે ગુમરાહીમાં મૂકી આપે છે, અય એ કે જેને ચાહે છે અઝાબ કરે છે , અય એ કે જેને ચાહે છે બક્ષી આપે છે , અય એ કે જેને ચાહે છે ઇઝ્ઝત આપે છે , અય એ કે જેને ચાહે છે બેઇઝ્ઝત કરે છે , અય એ કે ગર્ભ સ્થાનમાં જેવી ચાહે છે તેવી સુરત બનાવે છે, અય એ કે જેને ચાહે છે પોતાની રહમતથી ખાસ કરે છે.

## ૮૪. હાથના કાંડાનો દુ:ખાવો મટવા માટે

يَا مَنْ لَمْ يَتَّخِذْ صَاحِبَةً وَّلَا وَلَدًا ، يَا مَنْ جَعَلَ

لِكُلِّ شَيْءٍ قَدْرًا ، يَا مَنْ لَا يُشْرِكُ فِيْ حُكْمِهٖ اَحَدًا ،

يَا مَنْ جَعَلَ الْمَلَائِكَةَ رُسُلًا ، يَا مَنْ جَعَلَ فِي

السَّمَاءِ بُرُوْجًا ، يَا مَنْ جَعَلَ الْاَرْضَ قَرَارًا ، يَا مَنْ

خَلَقَ مِنَ الْمَاءِ بَشَرًا ، يَا مَنْ جَعَلَ لِكُلِّ شَيْءٍ اَمَدًا ، يَا مَنْ اَحَاطَ بِكُلِّ شَيْءٍ عِلْمًا ، يَا مَنْ اَحْصٰى كُلَّ شَيْءٍ عَدَدًا

અય એ કે નથી રાખતો  પત્ની અને ન અવલાદ , અય એ કે તમામ ચીજનું નિર્માણ કર્યુ , અય એ કે પોતાના હુકમમાં કોઇને ભાગીદાર કરતો નથી , અય એ કે મલાએકાઓને સંદેશાવાહક બનાવ્યા , અય એ કે આસમાનોમાં બુરૂજ  કર્યા, અય એ કે જમીનને આરામની જગ્યા  બનાવી, અય એ કે પાણીથી ઇન્સાનને પેદા કર્યા , અય એ કે દરેક ચીજ માટે મુદ્દત નક્કી કરી , અય એ કે તમામ ચીજને તેના ઇલ્મે ઘેરી લીધેલ છે , અય એ કે તમામ ચીજની સંખ્યાને જાણે છે.

## ૮૫. પગની પીંડીનું દર્દ દુર થવા

اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ بِاسْمِكَ يَا اَوَّلُ ، يَا اٰخِرُ ، يَا ظَاهِرُ ، يَا بَاطِنُ ، يَا بَرُّ ، يَا حَقُّ ، يَا فَرْدُ ، يَا وَتْرُ ، يَا صَمَدُ ، يَا سَرْمَدُ

અય અલ્લાહ! ખરેખર હું સવાલ કરૂં છું તારી પાસે

તારા નામના વાસ્તાથી અય પહેલા , અય છેલ્લા, અય જાહેર, અય છુપા, અય નેકોકાર, અય હક, અય એકમાત્ર, અય એકજ , અય બેનિયાઝ , અય બેઝવાલ (હમેશાં).

## ૮૬. તીલ્લીનું દર્દ દુર થવા માટે

يَا خَيْرَ مَعْرُوْفٍ عُرِفَ ، يَا اَفْضَلَ مَعْبُوْدٍ عُبِدَ ، يَا اَجَلَّ مَشْكُوْرٍ شُكِرَ ، يَا اَعَزَّ مَذْكُوْرٍ ذُكِرَ ، يَا اَعْلٰى مَحْمُوْدٍ حُمِدَ ، يَا اَقْدَمَ مَوْجُوْدٍ طُلِبَ ، يَا اَرْفَعَ مَوْصُوْفٍ وُصِفَ ، يَا اَكْبَرَ مَقْصُوْدٍ قُصِدَ ، يَا اَكْرَمَ مَسْئُوْلٍ سُئِلَ ، يَا اَشْرَفَ مَحْبُوْبٍ عُلِمَ

અય ઓળખવામાં આવેલાઓમાં શ્રેષ્ઠ , અય મઅબૂદોમાં અફઝલ કે જેની ઈબાદત થાય છે, અય શ્રેષ્ઠ શુક્રને લાયક કે જેનો શુક્ર કર વામાં આવે છે, અય યાદ કરવા જોઇએ તેઓમાંના ઉત્તમ કે જેને યાદ કરવામાં આવે છે , અય બલંદ તેઓમાંના કે જેઓની તારીફ કરવામાં આવે છે , અય સર્વેથી કદીમ મોજૂદ જેને તલબ કરવામાં આવે છે , અય જેના વખાણ કરવામાં આવે છે તેમાંના ઉત્તમ , અય જેની તરફ ઇરાદો કરે તેઓમાંના ઉચ્ચ , અય જેઓ

પાસે માંગવામાં આવે છે તેઓમાંના ઉચ્ચ , અય જેઓને જાણે છે તેઓમાંના વધારે દોસ્ત.

## ૮૭. બરોળની પીડા દુર થવા માટે

يَا حَبِيبَ الْبَاكِيْنَ ، يَا سَيِّدَ الْمُتَوَكِّلِيْنَ ، يَا هَادِيَ الْمُضِلِّيْنَ ، يَا وَلِيَّ الْمُؤْمِنِيْنَ ، يَا اَنِيْسَ الذَّاكِرِيْنَ، يَا مَفْزَعَ الْمَلْهُوْفِيْنَ ، يَا مُنْجِيَ الصَّادِقِيْنَ ، يَا اَقْدَرَ الْقَادِرِيْنَ ، يَا اَعْلَمَ الْعَالِمِيْنَ ، يَا اِلٰهَ الْخَلْقِ اَجْمَعِيْنَ .

અય રોવાવાળાના ચાહનાર, અય તવક્કુલ કરનારાઓના સરદાર , અય ગુમરાહોના હિદાયત કરનાર, અય ઇમાનદારોના દોસ્ત , અય યાદ કરનારાઓના મુનિસ , અય લાચારોની પનાહની જગ્યા, અય સાચાઓના નજાત આપનાર, અય સત્તા ધરાવનારામાં વધારે સત્તાવાન , અય જાણનારાઓમાં વધારે જાણનારા , અય તમામ મખ્લૂકના મઅબૂદ.

## ૮૮. મોટા માણસ પાસે જતી વખતે

يَا مَنْ عَلَا فَقَهَرَ ، يَا مَنْ مَلَكَ فَقَدَرَ ، يَا مَنْ بَطَنَ فَخَبَرَ ، يَا مَنْ عُبِدَ فَشَكَرَ ، يَا مَنْ عُصِيَ فَغَفَرَ ، يَا مَنْ لَا تَحْوِيْهِ الْفِكَرُ ، يَا مَنْ لَا يُدْرِكُهُ بَصَرٌ ، يَا مَنْ لَا يَخْفٰى عَلَيْهِ اَثَرٌ ، يَا رَازِقَ الْبَشَرِ ، يَا مُقَدِّرَ كُلِّ قَدَرٍ

અય બલંદ મરતબાવાળા , કહરવાળા, અય બાદશાહ, ઇખ્તિયારવાળા, અય એ કે છુપી વાતને જાણનાર છે, અય ઇબાદતને લાયક તે છતાં સવાબ આપનાર, અય એ કે તેની નાફરમાની કરે છે છતાં માફ કરનાર , અય એ કે નથી જાણી શકતી તેને અક્કલ, અય એ કે નથી જોઇ શકતી તેને આંખો , અય એ કે નથી છુપી તેનાથી કોઇ ચીજ , અય ઇન્સાનોના રોઝી આપનાર , અય અંદાજો કરનાર દરેક અંદાજના.

## ૮૯. કાનની પીડા દુર થવા

اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ بِاسْمِكَ يَا حَافِظُ ، يَا بَارِئُ ، يَا ذَارِئُ ، يَا بَاذِخُ ، يَا فَارِجُ ، يَا فَاتِحُ ، يَا كَاشِفُ ، يَا

ضَامِنُ ، يَا اٰمِرُ ، يَا نَاهِيُ

ખુદાવંદા ખરેખર હું સવાલ કરૂં છું તારી પાસે તારા નામના વાસ્તાથી અય હિફાઝત કરનાર, અય પેદા કરનાર, અય ખલ્ક કરનાર , અય બુઝુર્ગવાર, અય મુશ્કેલી દૂર કરનાર , અય ફતેહ કરનાર , અય ખોલનાર અય જામીન , અય હુકમ કરનાર , અય મનાઈ કરનાર.

## ૯૦. કુંટીની પીડા દુર થવા

يَا مَنْ لَا يَعْلَمُ الْغَيْبَ اِلَّا هُوَ ، يَا مَنْ لَا يَصْرِفُ

السُّوْءَ اِلَّا هُوَ ، يَا مَنْ لَا يَخْلُقُ الْخَلْقَ اِلَّا هُوَ ، يَا

مَنْ لَا يَغْفِرُ الذَّنْبَ اِلَّا هُوَ ، يَا مَنْ لَا يُتِمُّ النِّعْمَةَ

اِلَّا هُوَ ، يَا مَنْ لَا يُقَلِّبُ الْقُلُوْبَ اِلَّا هُوَ ، يَا مَنْ لَا

يُدَبِّرُ الْاَمْرَ اِلَّا هُوَ ، يَا مَنْ لَا يُنَزِّلُ الْغَيْثَ اِلَّا هُوَ ،

يَا مَنْ لَا يَبْسُطُ الرِّزْقَ اِلَّا هُوَ ، يَا مَنْ لَا يُحْيِ

الْمَوْتٰى اِلَّا هُوَ

અય એ કે તેની સિવાય બીજું કોઇ ગેબને નથી જાણતું, અય એ કે તેની સિવાય બીજું કોઈ પણ બુરાઈને ફેરવી શકતું નથી, અય એ કે તેની સિવાય બીજું કોઈ મખ્લૂકને પેદા કરી શકતું નથી, અય એ કે તેની સિવાય બીજું કોઈ ગુનાહને માફ કરતો નથી, અય એ કે તેની સિવાય બીજું કોઈ નેઅમતોને સંપૂર્ણ રીતે આપતો નથી, અય એ કે તેની સિવાય બીજું કોઈ દિલને ફેરવી શકતું નથી, અય એ કે દરેક બાબતમાં તેની સિવાય બીજું કોઈ તદબીર કરી શકતું નથી, અય એ કે તેની સિવાય વરસાદને બીજું કોઇ વરસાવી શકતું નથી, અય એ કે તેની સિવાય બીજું કોઈ રિઝ્કને બહોળું કરી શકતું નથી , અય એ કે તેની સિવાય બીજું કોઈ મુરદાને સજીવન કરી શકતું નથી.

## ૯૧. કપાળની તકલીફ દુર થવા

يَا مُعِيْنَ الضُّعَفَاءِ ، يَا صَاحِبَ الْغُرَبَاءِ ، يَا نَاصِرَ الْاَوْلِيَاءِ ، يَا قَاهِرَ الْاَعْدَاءِ ، يَا رَافِعَ السَّمَاءِ ، يَا اَنِيْسَ الْاَصْفِيَاءِ ، يَا حَبِيْبَ الْاَتْقِيَاءِ ، يَا كَنْزَ الْفُقَرَاءِ ، يَا اِلٰهَ الْاَغْنِيَاءِ ، يَا اَكْرَمَ الْكُرَمَاءِ

અય અશકતોના મદદગાર , અય પરદેશીઓના

સાથી, અય દોસ્તોના મદદગાર , અય દુશ્મનો પર ગાલિબ થનાર , અય આસમાનોના ઊંચા કરનાર , અય માનવંતાઓના દોસ્ત , અય પરહેઝગારોના દોસ્ત, અય ફકીરોના ખજાના, અય તવંગરોના ખુદા, અય મહેરબાનોમાં ઉત્તમ મહેરબાન.

## ૯૨. છુપા ભાગની બીમારી દુર થવા માટે

يَا كَافِيًا مِنْ كُلِّ شَيْءٍ ، يَا قَائِمًا عَلَىٰ كُلِّ شَيْءٍ ، يَا مَنْ لَا يُشْبِهُهُ شَيْءٌ ، يَا مَنْ لَا يَزِيْدُ فِيْ مُلْكِهِ شَيْءٌ ، يَا مَنْ لَا يَخْفَىٰ عَلَيْهِ شَيْءٌ ، يَا مَنْ لَا يَنْقُصُ مِنْ خَزَائِنِهِ شَيْءٌ ، يَا مَنْ لَيْسَ كَمِثْلِهِ شَيْءٌ ، يَا مَنْ لَا يَعْزُبُ عَنْ عِلْمِهِ شَيْءٌ ، يَا مَنْ هُوَ خَبِيْرٌ بِكُلِّ شَيْءٍ ، يَا مَنْ وَسِعَتْ رَحْمَتُهُ كُلَّ شَيْءٍ

અય કાફી દરેક ચીજ માટે , અય કાયમ દરેક ચીજની ઉપર, અય એ કે નથી તેની સમાન કોઇ ચીજ, અય એ કે નથી વધારો કરતી તેની બાદશાહીમાં કોઇ ચીજ, અય એ કે નથી છુપી કોઇ ચીજ તેની માટે, અય એ કે નથી ઓછી થતી તેના

ખજાનામાંથી કોઇ ચીજ, અય એ કે નથી તેના જેવી કોઇ ચીજ, અય એ કે નથી છુપી તેના ઇલ્મથી કોઇ ચીજ, અય એ કે તેજ જાણનાર છે દરેક ચીજના , અય એ કે તમામ ચીજથી તેની રહમત બોહળી છે.

## ૯૩. આધાશીશીની તકલીફ દુર થવા માટે

اَللّٰهُمَّ اِنِّيْٓ اَسْاَلُكَ بِاسْمِكَ يَا مُكْرِمُ ، يَا مُطْعِمُ ، يَا مُنْعِمُ ، يَا مُعْطِيُ ، يَا مُغْنِيُ ، يَا مُقْنِيُ ، يَا مُفْنِيُ ، يَا مُحْيِيُ ، يَا مُرْضِيُ ، يَا مُنْجِيُ

અય અલ્લાહ! ખરેખર હું સવાલ કરૂં છું તારી પાસે તારા નામના વાસ્તાથી અય મહેરબાન , અય ખવરાવનાર, અય નેઅમત દેનાર , અય બક્ષિશ કરનાર, અય ગની કરનાર, અય ખુશ કરનાર, અય ફના કરનાર , અય સજીવન કરનાર , અય રાઝી કરનાર, અય નજાત દેનાર.

## ૯૪. પગની બીમારી દુર થવા માટે

يَا اَوَّلَ كُلِّ شَيْءٍ وَّ اٰخِرَهٗ ، يَا اِلٰهَ كُلِّ شَيْءٍ وَّ مَلِيْكَهٗ ، يَا رَبَّ كُلِّ شَيْءٍ وَّ صَانِعَهٗ ، يَا بَارِئَ كُلِّ شَيْءٍ وَّ

خَالِقَهٗ ، يَا قَابِضَ كُلِّ شَيْءٍ وَّ بَاسِطَهٗ ، يَا مُبْدِئَ كُلِّ شَيْءٍ وَّ مُعِيْدَهٗ ، يَا مُنْشِئَ كُلِّ شَيْءٍ وَّ مُقَدِّرَهٗ ، يَا مُكَوِّنَ كُلِّ شَيْءٍ وَّ مُحَوِّلَهٗ ، يَا مُحْيِيَ كُلِّ شَيْءٍ وَّ مُمِيْتَهٗ ، يَا خَالِقَ كُلِّ شَيْءٍ وَّ وَارِثَهٗ

અય દરેક ચીજથી પહેલા અને છેલ્લા , અય દરેક ચીજના ખુદા અને તેના બાદશાહ , અય તમામ ચીજના રબ અને તેના બનાવનાર , અય દરેક ચીજના પેદા કરનાર અને તેના ખાલિક , અય દરેક ચીજના પકડનાર અને તેના ખોલનાર , અય દરેક ચીજના શરૂ કરનાર અને તે ને પાછી લાવનાર, અય દરેક ચીજના પેદા કરનાર અને તેના નિર્માણ કરનાર, અય દરેક ચીજના મોજૂદ કરનાર અને તેના બદલી નાખનાર , અય દરેક ચીજના જીવન આપનાર અને તેના મારનાર , અય દરેક ચીજના પેદા કરનાર અને તેના વારિસ.

## ૯૫. નાકની બીમારી દુર થવા માટે

يَا خَيْرَ ذَاكِرٍ وَّ مَذْكُوْرٍ ، يَا خَيْرَ شَاكِرٍ وَّ مَشْكُوْرٍ ، يَا خَيْرَ حَامِدٍ وَّ مَحْمُوْدٍ ، يَا خَيْرَ شَاهِدٍ وَّ مَشْهُوْدٍ ،

يَا خَيْرَ دَاعٍ وَّ مَدْعُوٍّ ، يَا خَيْرَ مُجِيْبٍ وَّ مُجَابٍ ، يَا

خَيْرَ مُوْنِسٍ وَّ اَنِيْسٍ ، يَا خَيْرَ صَاحِبٍ وَّ جَلِيْسٍ ،

يَا خَيْرَ مَقْصُوْدٍ وَّ مَطْلُوْبٍ ، يَا خَيْرَ حَبِيْبٍ وَّ

مَحْبُوْبٍ

અય ઉત્તમ યાદ કરનાર અને યાદ કરવામાં આવેલા, અય ઉત્તમ કદર કરનાર અને શુક્ર કરવામાં આવેલા, અય ઉત્તમ તારીફ કરનાર અને તારીફ થયેલ, અય ગવાહ અને ગવાહી અપાએલમાં ઉત્તમ, અય પુકારનાર અને પુકારવામાં આવેલાઓમાં ઉત્તમ, અય કબૂલ કરનાર અને મકબૂલ થયેલામાં ઉત્તમ, અય મુસાહેબો અને દોસ્તોમાં ઉત્તમ , અય મુસાહેબો અને સાથીઓમાં ઉત્તમ, અય મકસૂદ અને મતલબમાં શ્રેષ્ઠ , અય મોહબ્બત કરનાર અને મોહબ્બત થયેલમાં ઉત્તમ.

## ૯૬. મોઢાની બીમારી દુર થવા માટે

يَا مَنْ هُوَ لِمَنْ دَعَاهُ مُجِيْبٌ ، يَا مَنْ هُوَ لِمَنْ اَطَاعَهٗ

حَبِيْبٌ ، يَا مَنْ هُوَ اِلٰى مَنْ اَحَبَّهٗ قَرِيْبٌ ، يَا مَنْ هُوَ

بِمَنِ اسْتَحْفَظَهُ رَقِيبٌ ، يَا مَنْ هُوَ بِمَنْ رَجَاهُ كَرِيمٌ ، يَا مَنْ هُوَ بِمَنْ عَصَاهُ حَلِيمٌ ، يَا مَنْ هُوَ فِيْ عَظَمَتِهِ رَحِيمٌ ، يَا مَنْ هُوَ فِيْ حِكْمَتِهِ عَظِيمٌ ، يَا مَنْ هُوَ فِيْ اِحْسَانِهِ قَدِيمٌ ، يَا مَنْ هُوَ بِمَنْ اَرَادَهُ عَلِيمٌ

અય એ કે જે દુઆ કરનારની દુઆ કબૂલ કરે છે , અય એ કે જે પોતાના ફરમાબરદારોનો દોસ્ત છે , અય એ કે જે તેની સાથે મોહબ્બત રાખે છે તો તે તેની નજીક છે , અય એ કે જે તેની હિફાઝતમાં રહેવા માંગે છે તેને સાચવે છે , અય એ કે જે તેની પાસે ઉમ્મીદ રાખે છે તેના માટે મહેરબાન છે , અય એ કે જે તેની નાફરમાની કરે છે તેના માટે સહનશીલ છે, અય એ કે જે પોતે બુઝુર્ગ હોવા છતાં રહીમ છે, અય એ કે પોતાની હિકમતમાં મોટો છે , અય એ કે જે પોતાના એહસાનમાં કદીમ છે , અય એ કે જે તેનો ઇરાદો કરે છે તેને જાણનાર છે.

## ૯૭. ગળાની બીમારી દુર થવા માટે

اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ بِاسْمِكَ يَا مُسَبِّبُ ، يَا مُرَغِّبُ ، يَا مُقَلِّبُ ، يَا مُعَقِّبُ ، يَا مُرَتِّبُ ، يَا مُخَوِّفُ ، يَا

مُحَذِّرُ ، يَا مُذَكِّرُ ، يَا مُسَخِّرُ ، يَا مُغَيِّرُ

અય અલ્લાહ! ખરેખર હું સવાલ કરૂં છું તારી પાસે તારા નામના વાસ્તાથી અય સબબ ઉભા કરનાર, અય ચાહના અપાવનાર , અય દિલને ફેરવનાર , અય શિક્ષા કરનાર , અય તરબિયત કરનાર, અય ડરાવનાર, અય બચાવનાર, અય યાદ અપાવનાર, અય તાબે કરનાર, અય બદલી નાખનાર.

## ૯૮. પીંડીની બીમારી દુર થવા માટે

يَا مَنْ عِلْمُهُ سَابِقٌ ، يَا مَنْ وَعْدُهُ صَادِقٌ ، يَا مَنْ لُطْفُهُ ظَاهِرٌ ، يَا مَنْ اَمْرُهُ غَالِبٌ ، يَا مَنْ كِتَابُهُ مُحْكَمٌ ، يَا مَنْ قَضَائُهُ كَائِنٌ ، يَا مَنْ قُرْآنُهُ مَجِيْدٌ ، يَا مَنْ مُلْكُهُ قَدِيْمٌ ، يَا مَنْ فَضْلُهُ عَمِيْمٌ ، يَا مَنْ عَرْشُهُ عَظِيْمٌ

અય એ કે તેનું ઇલ્મ પહેલેથી જ છે , અય એ કે તેનો વાયદો ખરો છે , અય એ કે તેની મેહરબાની જાહેર છે, અય એ કે તેનો હુકમ ગાલિબ છે, અય એ કે તેની કિતાબ મજબૂત છે , અય એ કે તેનો હુકમ થનાર જ છે , અય એ કે કુરઆન તેનું બુઝુર્ગ છે ,

અય એ કે બાદશાહી તેની કદીમ છે , અય એ કે ફઝલ તેનો બધા માટે છે , અય એ કે અર્શ તેનું બુઝુર્ગ છે.

## ૯૯. દાંતનો દુ:ખાવો દુર થવા માટે

يَا مَنْ لَا يَشْغَلُهُ سَمْعٌ عَنْ سَمْعٍ ، يَا مَنْ لَا يَمْنَعُهُ فِعْلٌ عَنْ فِعْلٍ ، يَا مَنْ لَا يُلْهِيهِ قَوْلٌ عَنْ قَوْلٍ ، يَا مَنْ لَا يُغَلِّطُهُ سُؤَالٌ عَنْ سُؤَالٍ ، يَا مَنْ لَا يَحْجُبُهُ شَيْءٌ عَنْ شَيْءٍ ، يَا مَنْ لَا يُبْرِمُهُ اِلْحَاحُ الْمُلِحِّيْنَ ، يَا مَنْ هُوَ غَايَةُ مُرَادِ الْمُرِيْدِيْنَ ، يَا مَنْ هُوَ مُنْتَهٰى هِمَمِ الْعَارِفِيْنَ ، يَا مَنْ هُوَ مُنْتَهٰى طَلَبِ الطَّالِبِيْنَ، يَا مَنْ لَا يَخْفٰى عَلَيْهِ ذَرَّةٌ فِي الْعَالَمِيْنَ

અય એ કે તેને સાંભળવું તેને બીજું કાંઇ સાંભળવાથી મશગૂલ નથી કરતું , અય એ કે કોઇ કામ તેને બીજા કોઇ કામથી નથી અટકાવતું , અય એ કે કોઇ વાત તેને બીજી કોઇ વાતથી ગાફીલ નથી કરતી, અય એ કે કોઇ સવાલ તેને બીજા કોઇ

સવાલથી નથી ભૂલવાડતો , અય એ કે તેને કોઇ ચીજ બીજી કોઇ ચીજ માટે આડી આવતી નથી , અય એ કે તેને કરગરવાવાળા ઓનું કરગરવું આજીઝ નથી કરતું , અય એ કે તે જ મુરાદ માંગનારાઓનો અંત છે, અય એ કે તે જ આરિફોની હિમ્મતનો મકસૂદ છે , અય એ કે તે જ તલબ કરનારાઓના મતલબનો અંત છે , અય એ કે તેની ઉપર દુનિયાનું રજકણ પણ છુપું નથી.

## ૧૦૦. હાડકાનો દુ:ખાવો દુર થવા માટે

يَا حَلِيْمًا لَا يَعْجَلُ ، يَا جَوَادًا لَا يَبْخَلُ ، يَا صَادِقًا لَا يُخْلِفُ ، يَا وَهَّابًا لَا يَمَلُّ ، يَا قَاهِرًا لَا يُغْلَبُ ، يَا عَظِيْمًا لَا يُوْصَفُ ، يَا عَدْلًا لَا يَحِيْفُ ، يَا غَنِيًّا لَا يَفْتَقِرُ ، يَا كَبِيْرًا لَا يَصْغُرُ ، يَا حَافِظًا لَا يَغْفُلُ ، سُبْحَانَكَ يَا لَا اِلٰهَ اِلَّا اَنْتَ ، اَلْغَوْثَ الْغَوْثَ ، خَلِّصْنَا مِنَ النَّارِ يَا رَبِّ.

અય એવા સહનશીલ કે ઉતાવળ નથી કરતો , અય એવા સખી કે કંજૂસાઈ નથી કરતો , અય એવા (વાયદાના) સાચા કે ખિલાફ નથી કરતો, અય એવી

બક્ષિશ કરનાર કે કંટાળતો નથી , અય એવા ઝબરદસ્ત કે હારતો નથી, અય એવા બુઝુર્ગ કે જેની તારીફ નથી થઇ શકતી, અય એવા આદિલ કે ઝુલ્મ નથી કરતો, અય એવા બેનિયાઝ કે મોહતાજ નથી થતો, અય એવા મોટા કે નાનો નથી થતો , અય એવા રક્ષક કે ગાફીલ નથી થતો. પાક છે તું, અય તે પાક ઝાત કે તારા સિવાય બીજો કોઈ મઅબૂદ નથી, અમારી ફરિયાદે પહોંચ, અમારી ફરિયાદે પહોંચ, અમોને જહન્નમની આગથી મુકત કર અય મારા પાલનહાર !

## દુઆએ જવશને સગીર

આ દુઆમાં ખુબજ ફઝીલત, મનઝેલત અને ફાયદાઓ છે કે જે બીજી કિતાબોમાં નોંધાયેલ છે, અહિયાં ફક્ત એક જ બાબતનું વર્ણન કરીએ છીએ. જયારે હાદી નામનો (અબ્બાસી બાદ્શાહ) ઈમામ મુસા કાઝિમ (અ.)ને કત્લ કરવાનો ઈરાદો રાખતો હતો ત્યારે આપ હઝરત (અ.)એ આ દુઆ પઢી તો સપનામાં રસુલે ખુદા (સ.અ.વ.) આવ્યા અને ફરમાવ્યું કે અલ્લાહ તઆલા તમારા દુશ્મનને હલાક કરશે; અને તે દુઆ આ છે :

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اِلٰهِيْ كَمْ مِنْ عَدُوٍّ
انْتَضٰى عَلَيَّ سَيْفَ عَدَاوَتِهٖ وَ شَحَذَ لِيْ ظُبَةَ مِدْيَتِهٖ وَ

اَرْهَفَ لِيْ شَبَا حَدِّهٖ وَ دَافَ لِيْ قَوَاتِلَ سُمُوْمِهٖ وَ سَدَّدَ

اِلَيَّ صَوَائِبَ سِهَامِهٖ وَ لَمْ تَنَمْ عَنِّيْ عَيْنُ حِرَاسَتِهٖ وَ

اَضْمَرَ اَنْ يَسُوْمَنِيْ الْمَكْرُوْهَ وَ يُجَرِّعَنِيْ ذُعَافَ

مَرَارَتِهٖ ، فَنَظَرْتَ اِلٰى ضَعْفِيْ عَنِ احْتِمَالِ الْفَوَادِحِ

وَ عَجْزِيْ عَنِ الْاِنْتِصَارِ مِمَّنْ قَصَدَنِيْ بِمُحَارَبَتِهٖ وَ

وَحْدَتِيْ فِيْ كَثِيْرٍ مِمَّنْ نَاوَانِيْ وَ اَرْصَدَ لِيْ فِيْمَا لَمْ

اُعْمِلْ فِكْرِيْ فِي الْاِرْصَادِ لَهُمْ بِمِثْلِهٖ ، فَاَيَّدْتَنِيْ

بِقُوَّتِكَ وَ شَدَدْتَ اَزْرِيْ بِنُصْرَتِكَ وَ فَلَلْتَ لِيْ حَدَّهٗ وَ

خَذَلْتَهٗ بَعْدَ جَمْعِ عَدِيْدِهٖ وَ حَشْدِهٖ وَ اَعْلَيْتَ كَعْبِيْ

عَلَيْهِ وَ وَجَّهْتَ مَا سَدَّدَ اِلَيَّ مِنْ مَكَائِدِهٖ اِلَيْهِ وَ

رَدَدْتَهٗ عَلَيْهِ وَ لَمْ يَشْفِ غَلِيْلَهٗ وَ لَمْ تَبْرُدْ حَزَازَاتُ

غَيْظِهٖ وَ قَدْ عَضَّ عَلَيَّ اَنَامِلَهٗ وَ اَدْبَرَ مُوَلِّيًا قَدْ

اَخْفَقَتْ سَرَايَاهُ ، فَلَكَ الْحَمْدُ يَا رَبِّ مِنْ مُقْتَدِرٍ لَا

يُغْلَبُ وَ ذِيْ اَنَاةٍ لَا يَعْجَلُ ، صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِ

مُحَمَّدٍ وَّ اجْعَلْنِيْ لِنَعْمَائِكَ مِنَ الشَّاكِرِيْنَ وَ لِاٰ
لَائِكَ مِنَ الذَّاكِرِيْنَ

(શરૂ કરું છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુ જ દયાળુ છે. અય અલ્લાહ! મારા કેટલાક એવા દુશ્મન હતા કે તેમણે મારા ઉપર દુશ્મનીની તલવાર ખેંચી, અને મારા માટે ખંજરની ધાર કઢાવી અને તીરની અણી કાઢી, અને મારા માટે ઝેર ઢોળ્યું અને મારી તરફ પોતાના તીરના નિશાન લગાવીને બેઠા છે, અને તેઓની આંખો મારાથી ગાફિલ થઇને સુતી નથી, અને તેઓના દિલોની ઈચ્છાઓ એવી છે કે મને દરેક બુરાઈઓમાં ફસાવી દે અને મને દરેક કડવા ઘૂંટ પીવરાવે, અને તેમણે મને દુ:ખ પહોંચાડવા ઘણી કોશિશ કરી , તે વખતે તેં મારી નબળાઇ ઉપર નજર કરી , અને સમજ્યો કે હું એ મુસીબતો ઉઠાવી શકવાથી આજીઝ છું, અને તે બધા દુશ્મનો સાથે હું એકલો પહોંચું તેમ નથી, અને તેઓની વિરુધ્ધ હું એ બધી તચ્યારી નથી કરી શકતો જે તચ્યારીઓ તેઓએ મારી વિરુધ્ધ કરી લીધી છે, તેથી તેં પોતાની અનહદ કુવ્વત થકી મારી મદદ કરી અને દુશ્મનોને નબળા પાડી દીધા, અને તેઓ પાસે બધી વ્યવસ્થા હોવા છતાં તેઓને ઝલીલ કર્યા, અને મારા પાયા અને બુનિયાદ ને તેનાથી વધારે મજબૂત કર્યો અને તેને ફાવવા દીધો

નહીં, અને તેણે મારા  માટે જે કાવતરા રચ્યા હતા તેમાંજ તેને તેં ગીરફ્તાર  કર્યો કે ન તો તે પોતાની તરસ બુજાવી શકે અને ન તો તેં પોતાના ગુસ્સાની ગરમીને ઠંડક આપી શકે, તેથી તે ગુસ્સે થઇને પોતાની  આંગળીઓ કરડવા લાગ્યો અને આજ હાલતમાં મોઢું ફેરવીને ચાલ્યો ગયો, અને         (આ જોઈ) તેઓના લશ્કરો અજબ થઇ ગયા, તો તારીફ અને શુક્ર તારા  માટે છે, અય મારા પાલનહાર! અને તું એવો  શકિતમાન છે કે કોઇથી હારતો નથી અને એવો  સહનશીલ છે કે જલ્દી કરતો નથી.  હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને આલે મોહમ્મદ (સ.અ.વ) ઉપર દુરૂદ  મોકલ, અને મને તારી નેઅમતોના શુક્ર કરવાવાળા  અને તારા એહસાનોને યાદ રાખવા વાળાઓમાં મને દાખલ કર.

اِلٰهِيْ وَ كَمْ مِنْ بَاغٍ بَغَانِيْ بِمَكَائِدِهٖ وَ نَصَبَ لِيْ

اَشْرَاكَ مَصَائِدِهٖ وَ وَكَّلَ بِيْ تَفَقُّدَ رِعَايَتِهٖ وَ اَضْبَاَ اِلَيَّ

اِضْبَاءَ السَّبُعِ لِطَرِيْدَتِهِ انْتِظَارًا لِانْتِهَازِ فُرْصَتِهٖ وَ

هُوَ يُظْهِرُ بَشَاشَةَ الْمَلَقِ وَ يَبْسُطُ وَجْهًا غَيْرَ طَلِقٍ ،

فَلَمَّا رَاَيْتَ دَغَلَ سَرِيْرَتِهٖ وَ قُبْحَ مَا انْطَوٰى عَلَيْهِ

لِشَرِيْكِهٖ فِيْ مِلَّتِهٖ وَ اَصْبَحَ مُجْلِبًا لِيْ فِيْ بَغْيِهٖ

اَرْكَسْتَهٗ لِاُمِّ رَأْسِهٖ وَ اَتَيْتَ بُنْيَانَهٗ مِنْ اَسَاسِهٖ

فَصَرَعْتَهٗ فِيْ زُبْيَتِهٖ وَ اَرْدَيْتَهٗ فِيْ مَهْوٰى حُفْرَتِهٖ وَ

جَعَلْتَ خَدَّهٗ طَبَقًا لِتُرَابِ رِجْلِهٖ وَ شَغَلْتَهٗ فِيْ بَدَنِهٖ وَ

رِزْقِهٖ وَ رَمَيْتَهٗ بِحَجَرِهٖ وَ خَنَقْتَهٗ بِوَتَرِهٖ وَ ذَكَّيْتَهٗ

بِمَشَاقِصِهٖ وَ كَبَبْتَهٗ لِمَنْخِرِهٖ وَ رَدَدْتَ كَيْدَهٗ فِيْ نَحْرِهٖ

وَ رَبَقْتَهٗ بِنَدَامَتِهٖ وَ فَسَأْتَهٗ بِحَسْرَتِهٖ فَاسْتَخْذَاَ وَ

تَضَاءَلَ بَعْدَ نَخْوَتِهٖ وَ انْقَمَعَ بَعْدَ اسْتِطَالَتِهٖ ذَلِيْلًا

مَأْسُوْرًا فِيْ رِبْقِ حَبَائِلِهِ الَّتِيْ كَانَ يُؤَمِّلُ اَنْ يَرَانِيْ

فِيْهَا يَوْمَ سَطْوَتِهٖ وَ قَدْ كِدْتُ يَا رَبِّ لَوْ لَا رَحْمَتُكَ

اَنْ يَحُلَّ بِيْ مَا حَلَّ بِسَاحَتِهٖ ، فَلَكَ الْحَمْدُ يَا رَبِّ

مِنْ مُقْتَدِرٍ لَا يُغْلَبُ وَ ذِيْ اَنَاةٍ لَا يَعْجَلُ ، صَلِّ عَلٰى

مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ وَّ اجْعَلْنِيْ لِنَعْمَائِكَ مِنَ

الشَّاكِرِيْنَ وَ لِاٰلَائِكَ مِنَ الذَّاكِرِيْنَ

અય મારા અલ્લાહ ! કેટલા બધા ઝાલિમોએ દગો

આપી મારા ઉપર સિતમ કર્યો, અને મને ફસાવવા માટે ફરેબની જાળ પાથરી, અને હંમેશા મારી વિશે જાણકારી રાખતા રહ્યા , અને મારી તરફ મોઢું રાખીને એવી રીતે ભેગા થઇ ગયા કે જેવી રીતે ફાડી ખાનાર જાનવર પોતાના શિકાર માટે બેઠતા હોય છે અને મૌકાની રાહ જોઈ રહ્યો હોય છે; અને જાહેરમાં મારી સાથે મોહબ્બત રાખે છે. પણ જ્યારે તેં જોયું કે તેં મારી સાથે દગાબાઝી કરી રહ્યા છે અને પોતાના મોઅમિન ભાઈ માટે ખરાબ વિચારોને છુપાવેલા છે અને ઝુલ્મ કરવા માટે તાકત ભેગી કરી રહ્યો છે , ત્યારે તેં તેને ઊંધે માથે પછાડયો , અને તેના પાયાઓને મૂળમાંથી ઉખાડી ફેંક્યા અને તેને પોતાના અડ્ડામાંજ પછાડ્યો, અને તેં તેને પોતાના ખોદેલા ખાડા માંજ નાખ્યો કે જ્યાં તેના ગાલ ઉપર પોતાના પગની માટી ચોંટી ગઈ અને તેને એવી બીમારી અને બલામાં તેમજ ફકીરીમાં ફસાવ્યો કે તેને પોતાના જ પત્થરનું નિશાન બનાવ્યું અને તેનાજ બનાવેલા દોરડાનો ફંદો પોતાના ગળામાં નખાવ્યો, અને તેને પોતાના તીરોથી જ માર્યું અને ઊંધે માથે પછાડ્યો, અને તેની દગાબાઝીને તેના જ ગળામાં પેહરાવી અને તેને બેઇઝ્ઝતી અને અફસોસીમાં નાખ્યો તેથી તેં તકબ્બુર અને અહંકાર કરવા પછી તુચ્છ અને હલ્કો થયો, અને ફેલાય ગયા પછી સમેટાય ગયો, અને જે ઝીલ્લતના દોરડામાં

મને બાંધવા માંગતો હતો તેમાંજ તેને ફસાવ્યો. અય મારા રબ ! અગર જો તારી રહમત ન હોત તો ખુબજ નજિક હતું કે હું પણ એ બલામાં ફસાય જાત. તો તમામ તાઅરીફ અને શુક્ર તારા માટે છે , અય મારા પાલનહાર! તું એવો શકિતશાળી છે કે કોઇથી હારતો નથી, અને એવો સહનશીલ છે કે ઉતાવળ કરતો નથી. હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને આલે મોહમ્મદ (સ.અ.વ) ઉપર દુરૂદ મોકલ, અને મને તારી નેઅમતોના શુક્ર કરવાવાળા અને તારા એહસાનોને યાદ રાખવા વાળાઓમાં મને દાખલ કર.

اِلٰهِيْ وَ كَمْ مِنْ حَاسِدٍ شَرِقَ بِحَسْرَتِهٖ وَ عَدُوٍّ شَجِيَ

بِغَيْظِهٖ وَ سَلَقَنِيْ بِحَدِّ لِسَانِهٖ وَ وَخَزَنِيْ بِمُوْقِ عَيْنِهٖ وَ

جَعَلَنِيْ غَرَضًا لِمَرَامِيْهِ وَ قَلَّدَنِيْ خِلَالًا ، لَمْ تَزَلْ

فِيْهِ نَادَيْتُكَ يَا رَبِّ مُسْتَجِيْرًا بِكَ وَاثِقًا بِسُرْعَةِ

اِجَابَتِكَ مُتَوَكِّلًا عَلٰى مَا لَمْ اَزَلْ اَتَعَرَّفُهٗ مِنْ حُسْنِ

دِفَاعِكَ عَالِمًا اَنَّهٗ لَا يُضْطَهَدُ مَنْ اَوٰى اِلٰى ظِلِّ

كَنَفِكَ وَ لَنْ تَقْرَعَ الْحَوَادِثُ مَنْ لَجَاَ اِلٰى مَعْقِلِ

الْاِنْتِصَارِ بِكَ فَحَصَّنْتَنِيْ مِنْ بَأْسِهِ بِقُدْرَتِكَ ، فَلَكَ الْحَمْدُ يَا رَبِّ مِنْ مُقْتَدِرٍ لَا يُغْلَبُ وَ ذِيْ اَنَاةٍ لَا يَعْجَلُ ، صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ وَّ اجْعَلْنِيْ لِنَعْمَائِكَ مِنَ الشَّاكِرِيْنَ وَ لِاٰلَائِكَ مِنَ الذَّاكِرِيْنَ

અય મારા અલ્લાહ, કેટલા બધા હસદખોર (ઇર્ષાળુઓ) એવા છે કે તેના હસદે તેને જ નુકશાન પહોંચાડયું અને અને કેટલા બધા દુશ્મનો છે જે પોતાના ગુસ્સામાં મુબ્તેલા થઇ ગયા અને પોતાની તીક્ષ્ણ ઝબાન થકી મને ઇજા પહોંચાડી અને પોતાની આંખોથી મારી તરફ આડી નઝરે જોયું અને મને તીરોનું નિશાન બનાવ્યું તથા જે ઐબ તેનામાં હતા તે ઐબ તેણે મારા તરફ લગાડયા, અને મારી આબરૂને ધક્કો પહોંચાડયો, તે વખતે મેં તારી પાસે ફરિયાદ કરી અને તારી પનાહ માટે પુકાર્યો તો એવા યકીનની સાથે કે તું તરત જ મને સાંભળીશ અને મેં તારા તરફથી થતા બચાવ ઉપર ભરોસો કર્યો હતો અને મને ખબર હતી કે જે તારી મહેરબાનીના છાંયામાં આવી જશે તે ક્યારેય પણ પરાજિત નહીં થાય, અને જે કોઈ તારી તરફ પનાહ

લે છે  તેને કોઈ પણ અણબનાવો કોઈ જાતનું નુકશાન પહોંચાડી નહીં શકે. તેં મને  તારી કુદરતથી એ દુશ્મનની બુરાઈઓથી પનાહ આપી તો તું તમામ તઅરીફ અને   શુક્રને લાયક છે અય મારા પાલનહાર! અને એવો    શકિતશાળી છે કે કોઇથી હારતો નથી, એવો સહનશીલ છે કે ઉતાવળ કરતો નથી. હઝરત મોહમ્મદ     (સ.અ.વ.) અને આલે મોહમ્મદ (સ.અ.વ) ઉપર દુરૂદ   મોકલ,  અને મને તારી નેઅમતોના શુક્ર કરવાવાળા       અને તારા એહસાનોને યાદ રાખવા વાળાઓમાં મને દાખલ કર.

اِلٰهِيْ وَ كَمْ مِنْ سَحَائِبِ مَكْرُوْهٍ جَلَّيْتَهَا وَ سَمَاءِ

نِعْمَةٍ اَمْطَرْتَهَا وَ جَدَاوِلِ كَرَامَةٍ  اَجْرَيْتَهَا وَ اَعْيُنِ

اَحْدَاثٍ طَمَسْتَهَا وَ نَاشِئَةِ رَحْمَةٍ نَشَرْتَهَا وَ جُنَّةِ

عَافِيَةٍ اَلْبَسْتَهَا وَ غَوَامِرِ كُرُبَاتٍ كَشَفْتَهَا وَ اُمُوْرٍ

جَارِيَةٍ قَدَّرْتَهَا لَمْ تُعْجِزْكَ اِذْ طَلَبْتَهَا وَ لَمْ تَمْتَنِعْ

مِنْكَ اِذْ اَرَدْتَهَا ، فَلَكَ الْحَمْدُ يَا رَبِّ مِنْ مُقْتَدِرٍ لَا

يُغْلَبُ وَ ذِيْ اَنَاةٍ لَا يَعْجَلُ ،  صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِ

مُحَمَّدٍ ، وَ اجْعَلْنِيْ لِنَعْمَائِكَ مِنَ الشَّا كِرِيْنَ وَ لِاٰلَائِكَ مِنَ الذَّا كِرِيْنَ

અય મારા અલ્લાહ! ઝમાનાની ઘણી અણગમતી બાબતો તેં દૂર કરી અને નેઅમતોના આસમાનોને તે મારી ઉપર વરસા વ્યા, અને કેટલી બધી કરામતોની નહેરો જારી કરી અને કેટલા બધા અણબનાવોના ઝરણાઓના મોઢાં બંધ કરી દીધા, અને કેટલી બધી તાજી રહમતોને તે ફેલાવી દીધી, અને કેટલી બધી તંદુરસ્તીનો પોશાક પહેરાવ્યો અને કેટલા બ ધી સખત પરેશાની અને મુસીબતને દૂર કરી, અને કેટલા બ ધા નેઅમતો ના પ્રવાહ મારા નસીબમાં લખી દીધા કે જેને તું મારી માટે ચાહીશ તો તેને કોઈ રોકી નથી શકતું, તો તું તમામ તાઅરીફ અને શુક્રનો લાયક છે , અય મારા પાલનહાર! અને તું એવો શકિતશાળી છે કે તું કોઇથી હારતો નથી અને તું એવો સહનશીલ છે કે ઉતાવળ કરતો નથી. હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને આલે મોહમ્મદ (સ.અ.વ) ઉપર દુરૂદ મોકલ, અને મને તારી નેઅમતોના શુક્ર કરવાવાળા અને તારા એહસાનોને યાદ રાખવા વાળાઓમાં મને દાખલ કર.

اِلٰهِيْ وَ كَمْ مِنْ ظَنٍّ حَسَنٍ حَقَّقْتَ وَ مِنْ كَسْرِ

اِمْلَاقٍ جَبَرْتَ وَ مِنْ مَسْكَنَةٍ فَادِحَةٍ حَوَّلْتَ وَ مِنْ
صَرْعَةٍ مُّهْلِكَةٍ نَعَشْتَ وَ مِنْ مَشَقَّةٍ اَرَحْتَ ، لَا
تُسْاَلُ عَمَّا تَفْعَلُ وَ هُمْ يُسْاَلُوْنَ ، وَ لَا يَنْقُصُكَ مَا
اَنْفَقْتَ وَ لَقَدْ سُئِلْتَ فَاَعْطَيْتَ وَ لَمْ تُسْاَلْ
فَابْتَدَأْتَ وَ اسْتُمِيْحَ بَابُ فَضْلِكَ ، فَمَا اَكْدَيْتَ
اَبَيْتَ اِلَّا اِنْعَامًا وَّ امْتِنَانًا وَّ اِلَّا تَطَوُّلًا يَا رَبِّ وَ
اِحْسَانًا وَّ اَبَيْتُ اِلَّا انْتِهَاكًا لِحُرُمَاتِكَ وَ اجْتِرَاءً عَلٰى
مَعَاصِيْكَ وَ تَعَدِّيًا لِحُدُوْدِكَ وَ غَفْلَةً عَنْ وَعِيْدِكَ وَ
طَاعَةً لِعَدُوِّيْ وَ عَدُوِّكَ ، لَمْ يَمْنَعْكَ يَا اِلٰهِيْ وَ
نَاصِرِيْ اِخْلَالِيْ بِالشُّكْرِ عَنْ اِتْمَامِ اِحْسَانِكَ وَ لَا
حَجَزَنِيْ ذٰلِكَ عَنِ ارْتِكَابِ مَسَاخِطِكَ ، اَللّٰهُمَّ وَ هٰذَا
مَقَامُ عَبْدٍ ذَلِيْلٍ اعْتَرَفَ لَكَ بِالتَّوْحِيْدِ وَ اَقَرَّ عَلٰى
نَفْسِهٖ بِالتَّقْصِيْرِ فِيْ اَدَاءِ حَقِّكَ وَ شَهِدَ لَكَ بِسُبُوْغِ
نِعْمَتِكَ عَلَيْهِ وَ جَمِيْلِ عَادَتِكَ عِنْدَهٗ وَ اِحْسَانِكَ

اِلَيْهِ ، فَهَبْ لِيْ يَا اِلٰهِيْ وَ سَيِّدِيْ مِنْ فَضْلِكَ مَا
اُرِيْدُهٗ اِلٰى رَحْمَتِكَ وَ اَتَّخِذُهٗ سُلَّمًا اَعْرُجُ فِيْهِ اِلٰى
مَرْضَاتِكَ وَ اٰمَنُ بِهٖ مِنْ سَخَطِكَ بِعِزَّتِكَ وَ طَوْلِكَ وَ
بِحَقِّ نَبِيِّكَ مُحَمَّدٍ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَ اٰلِهٖ ، فَلَكَ
الْحَمْدُ يَا رَبِّ مِنْ مُقْتَدِرٍ لَا يُغْلَبُ وَ ذِيْ اَنَاةٍ لَا
يَعْجَلُ ، صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ وَّ اجْعَلْنِيْ
لِنَعْمَائِكَ مِنَ الشَّاكِرِيْنَ وَ لِاٰلَائِكَ مِنَ
الذَّاكِرِيْنَ

અય મારા અલ્લાહ! કેટલા બધી મેં નેક ગુમાની કરી તો તેને તેં ખરી પાડી અને કેટલા બધા તંગદસ્તીના રસ્તાને તે બંધ કર્યા અને ખતરનાક ગરીબીને દૂર કરી અને હલાક કરી નાખનાર રસ્તાઓથી મને બચાવી લીધો અને ઘણી બધી સખ્તીને તે દૂર કરી જે કાંઇ તું કરે છે તે માટે તને કોઇ પૂછનાર નથી અને તમામ ખિલ્કતને પૂછવામાં આવશે; અને તું જે કાંઇ આપે છે તેનાથી તારા ખઝાનામાં કાંઇ પણ ઓછું થનાર નથી, અને માંગનારો માંગે છે અને તેને તું આપે છે તથા જે નથી માંગતા તેને પણ તું

માંગ્યા વગર આપે છે; તારા એહસાન અને ઉદારતાના દરવાજા ઉપર માંગણી કરી તો તેં કંજૂસાઈ ન કરી અને અય મારા પાલનહાર ફઝલ , એહસાન અને મહેરબાની કર્યા સિવાય તેં બીજું કાંઈ નથી કર્યુ અને અય મારા પાલનહાર, મેં તુચ્છ બંદાએ તારા હરામ કાર્યોનું ધ્યાન પણ ન રાખ્યું, અને ગુનાહો કરવાનું સાહસ પૈદા કર્યુ અને હદ વટાવી અને અઝાબથી ગાફિલ થયો અને મારા તથા તારા દુશ્મન (શયતાન)ની તાબેદારી કરતો રહ્યો, તેમ છતાં પણ, અય મારા અલ્લાહ અને મારા મદદગાર, મારી નાશુક્રી કરવા છતાં તેં મારા ઉપર સંપૂર્ણ એહસાન કર્યો અને તારો આ એહસાન હોવા છતાં પણ હું ગુનાહ કરતો રહ્યો. અય અલ્લાહ, તારી સામે તારા તુચ્છ બંદાએ પોતાની નમ્રતા જાહેર કરી, અને તારી વહદાનીયતનો ઇકરાર કર્યો, અને તારો હક અદા કરવામાં જે ભૂલ કરી તેને કબૂલ કરી અને ગવાહી આપી કે તારી નેઅમતો સંપૂર્ણ છે અને તારી એહસાન કરવાની આદત હંમેશા જારી છે; તો અય મારા અલ્લાહ અને મારા સરદાર! મને તારા ફઝ્લ અને કરમથી તે બધી વસ્તુ અતા કર જે તારી રહમત હાંસિલ કરવાનું કારણ બને અને જેને વસીલો બનાવી હું તારી મરઝી સુધી પહોંચી જઉં અને તારા અઝાબથી બચી જઉં. હું તારી ઇઝ્ઝત , મહેરબાની અને બક્ષિશનો તથા તારા નબી હઝરત

મોહમ્મદ (સ.અ.વ.) અને તેઓની આલનો વાસ્તો આપું છું, તો તાઅરીફ અને શુક્ર તા રી માટે છે અય મારા રબ! અને તું એવો શકિતશાળી છે કે કોઇથી હારતો નથી. એવો સહનશીલ છે કે ઉતાવળ કરતો નથી. હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને આલે મોહમ્મદ (સ.અ.વ) ઉપર દુરૂદ મોકલ, અને મને તારી નેઅમતોના શુક્ર કરવાવાળા અને તારા એહસાનોને યાદ રાખવા વાળાઓમાં મને દાખલ કર.

اِلٰهِيْ وَ كَمْ مِنْ عَبْدٍ اَمْسٰى وَ اَصْبَحَ فِيْ كَرْبِ الْمَوْتِ
وَ حَشْرَجَةِ الصَّدْرِ وَ النَّظَرِ اِلٰى مَا تَقْشَعِرُّ مِنْهُ
الْجُلُوْدُ وَ تَفْزَعُ لَهُ الْقُلُوْبُ وَ اَنَا فِيْ عَافِيَةٍ مِنْ ذٰلِكَ
كُلِّهٖ ، فَلَكَ الْحَمْدُ يَا رَبِّ مِنْ مُقْتَدِرٍ لَا يُغْلَبُ وَ ذِيْ
اَنَاةٍ لَا يَعْجَلُ ، صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ وَّ
اجْعَلْنِيْ لِنَعْمَائِكَ مِنَ الشَّاكِرِيْنَ و لِاٰلَائِكَ مِنَ
الذَّاكِرِيْنَ

અય મારા અલ્લાહ! તારા કેટલાક એવા બંદા છે તેઓની સવાર તથા સાંજ એવી થાય છે કે તેઓ મોતની સખ્તી અને પરેશાનીમાં ઘેરાયેલા હોય છે

તથા તેઓ એવી  ચીઝને જુએ છે કે જે જોવાથી રૂવેરૂંવા ઉભા થાય છે  અને તેઓના દિલ બેચેની થી ડરે છે,  તો પરવરદિગાર ! હું તારી મહેરબાનીથી તમામ બલાથી મુકત છું. તો તમામ તાઅરીફ અને શુક્રને લાયક તું  જ છે અય મારા પાલનહાર! તથા તું એવો શકિતશાળી છે કે તું કોઇથી હારતો નથી અને એવો સહનશીલ  છે કે તું જલ્દી કરતો નથી. હઝરત મોહમ્મદ  (સ.અ.વ.) અને આલે મોહમ્મદ (સ.અ.વ) ઉપર દુરૂદ   મોકલ,  અને મને તારી નેઅમતોના શુક્ર કરવાવાળા  અને તારા એહસાનોને યાદ રાખવા વાળાઓમાં મને દાખલ કર.

اِلٰهِيْ وَ كَمْ مِنْ عَبْدٍ اَمْسٰى وَ اَصْبَحَ سَقِيْمًا مُوْجَعًا فِيْ اَنَّةٍ وَّ عَوِيْلٍ يَتَقَلَّبُ فِيْ غَمِّهٖ لَا يَجِدُ مَحِيْصًا وَّ لَا يُسِيْغُ طَعَامًا وَّ لَا شَرَابًا وَّ اَنَا فِيْ صِحَّةٍ مِنَ الْبَدَنِ وَ سَلَامَةٍ مِنَ الْعَيْشِ كُلُّ ذٰلِكَ مِنْكَ ، فَلَكَ الْحَمْدُ يَا رَبِّ مِنْ مُقْتَدِرٍ لَا يُغْلَبُ وَ ذِيْ اَنَاةٍ لَا يَعْجَلُ ، صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ وَّ اجْعَلْنِيْ لِنَعْمَائِكَ مِنَ الشَّاكِرِيْنَ وَ لِاٰلَائِكَ مِنَ الذَّاكِرِيْنَ

અય મારા અલ્લાહ! તારા કેટલાક એવા બંદા છે

તેઓની સવાર તથા સાંજ એવી થાય છે કે તેઓ સખ્ત બીમાર છે અને દર્દમાં ઘેરાયેલા છે, તેઓ બીમારીથી પીડાતા રહે છે, તેથી તેઓ ડરે છે અને ફરિયાદ કરે છે અને ગમગીન થઈને પડખા ફેરવી રહ્યા છે, અને તેનાથી કોઈ છુટકારો નથી મળતો; તેને ન ખાવું ભાવે છે ન પાણી અને તેં મહેરબાની કરી છે કે મારા બદનમાં તંદુરસ્તી અને ઝીંદગીમાં સલામતી આપી છે તો તમામ તાઅરીફ અને શુક્રને લાયક તું જ છે, અય મારા રબ! તથા તું એવો શક્તિવાન છે કે તું કોઇથી હારતો નથી, એવો સહનશીલ છે કે જલ્દી કરતો નથી. હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને આલે મોહમ્મદ (સ.અ.વ) ઉપર દુરૂદ મોકલ, અને મને તારી નેઅમતોના શુક્ર કરવાવાળા અને તારા એહસાનોને યાદ રાખવા વાળાઓમાં મને દાખલ કર.

اِلٰهِيْ وَ كَمْ مِنْ عَبْدٍ اَمْسٰى وَ اَصْبَحَ خَائِفًا مَرْعُوْبًا مُشْفِقًا وَجِلًا هَارِبًا طَرِيْدًا مُنْجَحِرًا فِيْ مَضِيْقٍ وَ مَخْبَاَةٍ مِنَ الْمَخَابِئِ قَدْ ضَاقَتْ عَلَيْهِ الْاَرْضُ بِرُحْبِهَا، لَا يَجِدُ حِيْلَةً وَّ لَا مَنْجًى وَ لَا مَاْوًى، وَ اَنَا فِيْ اَمْنٍ وَّ طُمَاْنِيْنَةٍ وَّ عَافِيَةٍ مِنْ ذٰلِكَ كُلِّهٖ، فَلَكَ

اَلْحَمْدُ يَا رَبِّ مِنْ مُقْتَدِرٍ لَا يُغْلَبُ وَ ذِيْ اَنَاةٍ لَا
يَعْجَلُ ، صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ وَّ اجْعَلْنِيْ
لِنَعْمَائِكَ مِنَ الشَّاكِرِيْنَ وَ لِاٰلَائِكَ مِنَ
الذَّاكِرِيْنَ

અય મારા અલ્લાહ! તારા કેટલાક એવા બંદા છે તેઓની સવાર તથા સાંજ એવી થાય છે હંમેશા તેઓ ખોફમાં રહે છે , ભયભીત છે, ધૃજે છે, ત્રાસમાં ઘેરાયેલો છે, તેઓ પોતાના વતન તથા બાલબચ્ચાઓથી છેટે એકલા પડેલા છે તથા જમીન આટલી બહોળી હોવા છતાં તેઓ ઉપર સાંકડી થઇ ગઇ અને તેઓ માટે એ બલાથી મુકિત કે ભાગવાનો ન તો કોઇ રસ્તો મળે છે અને ન તો કોઈ પનાહની જગ્યા, અને હું આ તમામ બાબતોથી અમનો અમાનમાં તેમજ ખૈર તથા આફિયતની સાથે તારા ફઝલો કરમથી ઝીંદગી ગુઝારૂં છું. તમામ તાઅરીફ તથા શુક્રને લાયક તું છે, અય મારા રબ! અને તું એવો શક્તિવાન છે કે કોઇથી હારતો નથી , એવો સહનશીલ છે કે જલ્દી કરતો નથી. હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને આલે મોહમ્મદ (સ.અ.વ) ઉપર દુરૂદ મોકલ, અને મને તારી નેઅમતોના શુક્ર કરવાવાળા અને તારા એહસાનોને યાદ રાખવા

વાળાઓમાં મને દાખલ કર.

اِلٰهِيْ وَ سَيِّدِيْ ، وَ كَمْ مِنْ عَبْدٍ اَمْسٰى وَ اَصْبَحَ مَغْلُوْلًا مُكَبَّلًا فِي الْحَدِيْدِ بِاَيْدِي الْعُدَاةِ لَا يَرْحَمُوْنَهٗ فَقِيْدًا مِنْ اَهْلِهٖ وَ وَلَدِهٖ مُنْقَطِعًا عَنْ اِخْوَانِهٖ وَ بَلَدِهٖ ، يَتَوَقَّعُ كُلَّ سَاعَةٍ بِاَيِّ قِتْلَةٍ يُقْتَلُ وَ بِاَيِّ مُثْلَةٍ يُمَثَّلُ بِهٖ ، وَ اَنَا فِيْ عَافِيَةٍ مِنْ ذٰلِكَ كُلِّهٖ ، فَلَكَ الْحَمْدُ يَا رَبِّ مِنْ مُقْتَدِرٍ لَا يُغْلَبُ وَ ذِيْ اَنَاةٍ لَا يَعْجَلُ ، صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ وَّ اجْعَلْنِيْ لِنَعْمَائِكَ مِنَ الشَّاكِرِيْنَ وَ لِاٰلَائِكَ مِنَ الذَّاكِرِيْنَ

અય મારા અલ્લાહ! તારા કેટલાક એવા બંદા છે તેઓની સવાર તથા સાંજ એવી થાય છે કે તેઓ દુશ્મનોના હાથમાં ગીરફ્તાર છે, લોખંડની સાંકળમાં કેદ છે અને એ દુશ્મનો તેઓ ઉપર રહેમ નથી કરતા અને પોતાના બાલબચ્ચાં , દોસ્ત અને વતનથી દૂર છે તથા હર સમય તેઓ એવી બીકમાં રહે છે કે તેઓને કેવી રીતે કત્લ કર વામાં આવશે ?

અથવા તેઓને કેવી રીતે કટકે કટકા કરી ઇજા પહોંચાડવામાં આવશે ? અને હું તારા ફઝલથી એ સર્વ મુસીબતોથી અમન અને અમાનમાં છું , તું તમામ તાઅરીફ તથા શુક્રને લાયક છે અય મારા પાલનહાર! અને તું એવો શક્તિવાન છે કે કોઇથી હારતો નથી , એવો સહનશીલ છે કે જલ્દી કરતો નથી. હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને આલે મોહમ્મદ (સ.અ.વ) ઉપર દુરૂદ મોકલ, અને મને તારી નેઅમતોના શુક્ર કરવાવાળા અને તારા એહસાનોને યાદ રાખવા વાળાઓમાં મને દાખલ કર.

اِلٰهِيْ وَكَمْ مِنْ عَبْدٍ اَمْسٰى وَاَصْبَحَ يُقَاسِي الْحَرْبَ

وَمُبَاشَرَةَ الْقِتَالِ بِنَفْسِهٖ قَدْ غَشِيَتْهُ الْاَعْدَاءُ مِنْ

كُلِّ جَانِبٍ بِالسُّيُوْفِ وَالرِّمَاحِ وَاٰلَةِ الْحَرْبِ ،

يَتَقَعْقَعُ فِي الْحَدِيْدِ قَدْ بَلَغَ مَجْهُوْدَهٗ ، لَا يَعْرِفُ

حِيْلَةً وَّلَا يَجِدُ مَهْرَبًا قَدْ اُدْنِفَ بِالْجِرَاحَاتِ اَوْ

مُتَشَحِّطًا بِدَمِهٖ تَحْتَ السَّنَابِكِ وَالْاَرْجُلِ ، يَتَمَنّٰى

شَرْبَةً مِّنْ مَاءٍ اَوْ نَظْرَةً اِلٰى اَهْلِهٖ وَوَلَدِهٖ لَا يَقْدِرُ

عَلَيْهَا ، وَ اَنَا فِيْ عَافِيَةٍ مِنْ ذٰلِكَ كُلِّهٖ ، فَلَكَ الْحَمْدُ يَا

رَبِّ مِنْ مُقْتَدِرٍ لَا يُغْلَبُ وَ ذِيْ اَنَاةٍ لَا يَعْجَلُ ، صَلِّ

عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ وَّ اجْعَلْنِيْ لِنَعْمَائِكَ مِنَ

الشَّاكِرِيْنَ وَ لِاٰلَائِكَ مِنَ الذَّاكِرِيْنَ

અય મારા અલ્લાહ! તારા કેટલાક એવા બંદાઓ છે કે તેઓની સવાર તથા સાંજ એવી થાય છે કે તેઓ દુશ્મનો સાથે લડાઇમાં ઉતરી પડેલા છે, દુશ્મનોએ તલવાર, નેઝા વિગેરે હિથયારોથી ઘેરી લીઘેલ છે . તેઓ બખ્તર વગેરે પહેરીને પણ હયરાનો પરેશાન છે, ઘણી બધી કોશીશ કર્યા પછી પણ તેઓને ત્યાંથી છુટકારાનો કે ભાગવાનો કોઇ રસ્તો મળતો નથી, એટલુંજ નહીં પણ તેઓ ઝખ્મોથી ચૂરચૂર થઇ ગયા અને પોતાનાં લોહીમાં ખરડાયેલા, ઘોડાઓની ટાપોથી ચગદાય છે અને એક ઘૂંટ પાણી મળવાની ઇચ્છા રાખે છે અને એક નઝર પોતાના બાલબચ્ચાઓને જોવા માટે તરસે છે પણ તેઓ કોઇ જાતની શક્તિ રાખતા નથી; અને હું તમામ બલાઓથી તારા ફઝલથી મુકત છું, તું તમામ તાઅરીફ તથા શુક્રને લાયક છે અય મારા પાલનહાર ! અને તું એવો શક્તિવાન છે કે કોઇથી હારતો નથી , એવો સહનશીલ છે કે જલ્દી કરતો

નથી. હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને આલે મોહમ્મદ (સ.અ.વ) ઉપર દુરૂદ મોકલ, અને મને તારી નેઅમતોના શુક્ર કરવાવાળા અને તારા એહસાનોને યાદ રાખવા વાળાઓમાં મને દાખલ કર.

اِلٰهِيْ وَكَمْ مِنْ عَبْدٍ اَمْسٰى وَاَصْبَحَ فِيْ ظُلُمَاتِ الْبِحَارِ وَعَوَاصِفِ الرِّيَاحِ وَالْاَهْوَالِ وَالْاَمْوَاجِ يَتَوَقَّعُ الْغَرَقَ وَالْهَلَاكَ لَا يَقْدِرُ عَلٰى حِيْلَةٍ اَوْ مُبْتَلًى بِصَاعِقَةٍ اَوْ هَدْمٍ اَوْ حَرْقٍ اَوْ شَرْقٍ اَوْ خَسْفٍ اَوْ مَسْخٍ اَوْ قَذْفٍ ، وَاَنَا فِيْ عَافِيَةٍ مِنْ ذٰلِكَ كُلِّهٖ ، فَلَكَ الْحَمْدُ يَا رَبِّ مِنْ مُقْتَدِرٍ لَا يُغْلَبُ وَذِيْ اَنَاةٍ لَا يَعْجَلُ ، صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِ مُحَمَّدٍ وَّاجْعَلْنِيْ لِنَعْمَائِكَ مِنَ الشَّاكِرِيْنَ وَلِاٰلَائِكَ مِنَ الذَّاكِرِيْنَ

અય મારા અલ્લાહ! તારા કેટલાક એવા બંદાઓ છે કે તેઓની સવાર તથા સાંજ એવી થાય છે કે તેઓ દરિયાના અંધારાઓમાં, ખુબજ ઝડપથી ફૂંકાતા

પવનમાં, તોફાનમાં સપડાઇ ગયા છે , બહુ જ મોજાઓના કારણે ડુબી જવાની બીક રાખે છે, અને ત્યાંથી મુકિત મળવાનો કોઇ માર્ગ મળતો નથી અથવા તેઓ વીજળીના કડાકાના અને મકાન પડીને દબાઇ જવાના, યા પાણીમાં ડુબી જવાના કે આગથી બળી જવાના, યા જમીનમાં ઘસી જવાના યા મસ્ખ થઇ જવાની, યા સંગસાર થવાની બલામાં સપડાયેલ છે. અને હું તારા ફઝલથી એ તમામ બલાથી મુકત છું. તું તમામ તાઅરીફ તથા શુક્રને લાયક છે અય મારા પરવરદિગાર ! અને તું એવો શક્તિવાન છે કે કોઇથી હારતો નથી , એવો સહનશીલ છે કે જલ્દી કરતો નથી. હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને આલે મોહમ્મદ (સ.અ.વ) ઉપર દુરૂદ મોકલ, અને મને તારી નેઅમતોના શુક્ર કરવાવાળા અને તારા એહસાનોને યાદ રાખવા વાળાઓમાં મને દાખલ કર.

اِلٰهِيْ وَ كَمْ مِنْ عَبْدٍ اَمْسٰى وَ اَصْبَحَ مُسَافِرًا شَاخِصًا عَنْ اَهْلِهٖ وَ وَلَدِهٖ مُتَحَيِّرًا فِي الْمَفَاوِزِ تَائِهًا مَعَ الْوُحُوْشِ وَ الْبَهَائِمِ وَ الْهَوَامِّ وَحِيْدًا فَرِيْدًا لَا يَعْرِفُ حِيْلَةً وَّ لَا يَهْتَدِيْ سَبِيْلًا اَوْ مُتَاَذِّيًا بِبَرْدٍ اَوْ

حَرٍّ اَوْ جُوْعٍ اَوْ عُرْيٍ اَوْ غَيْرِهٖ مِنَ الشَّدَائِدِ مِمَّا اَنَا

مِنْهُ خِلْوٌ فِيْ عَافِيَةٍ مِنْ ذٰلِكَ كُلِّهٖ ، فَلَكَ الْحَمْدُ يَا رَبِّ

مِنْ مُقْتَدِرٍ لَا يُغْلَبُ وَ ذِيْ اَنَاةٍ لَا يَعْجَلُ ، صَلِّ عَلٰى

مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ ، وَ اجْعَلْنِيْ لِنَعْمَائِكَ مِنَ

الشَّاكِرِيْنَ وَ لِاٰلَائِكَ مِنَ الذَّاكِرِيْنَ

અય મારા અલ્લાહ! તારા કેટલાક એવા બંદાઓ છે કે તેઓની સવાર તથા સાંજ એવી થાય છે કે પોતાના બાલબચ્ચાઓને મૂકી વતનથી પરદેશ ગએલા છે અને જંગલોમાં હેરાન , વિકરાળ પ્રાણીઓની દરમ્યાન પરેશાન અને એકલા રહે છે, જ્યાં તેના હુમલાથી બચવા માટે રસ્તો નથી; અથવા રસ્તામાં ઠંડી, ગરમી અથવા ભૂખ વગેરે ની સખત બલાઓમાં ગીરફતાર થઇ ગયા છે. અને હું તારા ફઝલથી એ તમામ બલાથી દૂર અને સલામત છું, તું તમામ તાઅરીફ તથા શુક્રને લાયક છે અય મારા પાલનહાર! અને તું એવો શક્તિવાન છે કે કોઇથી હારતો નથી , એવો સહનશીલ છે કે જલ્દી કરતો નથી. હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને આલે મોહમ્મદ (સ.અ.વ) ઉપર દુરૂદ મોકલ, અને મને તારી નેઅમતોના શુક્ર કરવાવાળા અને તારા

એહસાનોને યાદ રાખવા વાળાઓમાં મને દાખલ કર.

اِلٰهِيْ وَ سَيِّدِيْ وَ كَمْ مِنْ عَبْدٍ اَمْسٰى وَ اَصْبَحَ فَقِيْرًا عَائِلًا عَارِيًا مُمْلِقًا مُخْفِقًا مَهْجُوْرًا جَائِعًا ظَمْاٰنَ يَنْتَظِرُ مَنْ يَعُوْدُ عَلَيْهِ بِفَضْلٍ اَوْ عَبْدٍ وَجِيْهٍ عِنْدَكَ هُوَ اَوْجَهُ مِنِّيْ عِنْدَكَ وَ اَشَدُّ عِبَادَةً لَكَ مَغْلُوْلًا مَقْهُوْرًا قَدْ حُمِّلَ ثِقْلًا مِنْ تَعَبِ الْعَنَاءِ وَ شِدَّةِ الْعُبُوْدِيَّةِ وَ كُلْفَةِ الرِّقِّ وَ ثِقْلِ الضَّرِيْبَةِ اَوْ مُبْتَلًى بِبَلَاءٍ شَدِيْدٍ لَا قِبَلَ لَهٗ اِلَّا بِمَنِّكَ عَلَيْهِ ، وَ اَنَا الْمَخْدُوْمُ الْمُنَعَّمُ الْمُعَافَى الْمُكَرَّمُ فِيْ عَافِيَةٍ مِمَّا هُوَ فِيْهِ ، فَلَكَ الْحَمْدُ عَلٰى ذٰلِكَ كُلِّهٖ مِنْ مُقْتَدِرٍ لَا يُغْلَبُ وَ ذِيْ اَنَاةٍ لَا يَعْجَلُ ، صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ وَّ اجْعَلْنِيْ لِنَعْمَائِكَ مِنَ الشَّاكِرِيْنَ وَ لِاٰلَائِكَ مِنَ الذَّاكِرِيْنَ

અય મારા અલ્લાહ અને અય મારા સરદાર! તારા

કેટલાક એવા બંદાઓ છે કે તેઓની સવાર તથા સાંજ એવી થાય છે કે તેઓ મોહતાજ અને ફકીર છે, તેઓને પહેરવા માટે લિબાસ નથી અને તેઓની ઝીંદગી તંગ થઇ ગઈ છે અને તેઓની તરફ જાણીજોઈને કોઈ ધ્યાન નથી આપતું, તેઓ ભૂખયા અને તરસ્યા છે અને તેઓ ઉમ્મીદ રાખે છે કે કોઇ તેઓ ઉપર એહસાન કરે. અને કેટલાક બંદા એવા છે કે મારી કરતાં વધારે માનનીય છે અને મારીથી વધારે ઈબાદત કરવાવાળા છે પણ તેઓની ગરદનોમાં સાંકળો છે અને તેઓ ઉપર તંગદસ્તી, સખત ગુલામી અને ભારે કર્ઝનો બોજ છે અથવા તેઓ ઉપર એવી બલા આવેલી છે કે તારા એહસાન સિવાય તેઓ માટે છુટકારાનો કોઈ માર્ગ નથી. અને હું એ તમામ બાબતોથી રાહતમાં છું અને મારી પાસે નોકર-ચાકર છે અને તેં મને બહુ નેઅમતો આપી છે અને તમામ બલાઓથી બચાવી નજાત આપી છે, તો તું તમામ તાઅરીફ તથા શુક્રને લાયક છે અને તું એવો શક્તિવાન છે કે કોઇથી હારતો નથી , એવો સહનશીલ છે કે જલ્દી કરતો નથી. હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને આલે મોહમ્મદ (સ.અ.વ) ઉપર દુરૂદ મોકલ, અને મને તારી નેઅમતોના શુક્ર કરવાવાળા અને તારા એહસાનોને યાદ રાખવા વાળાઓમાં મને દાખલ કર.

اِلٰهِيْ وَ سَيِّدِيْ وَ كَمْ مِنْ عَبْدٍ اَمْسٰى وَ اَصْبَحَ عَلِيْلًا

مَرِيْضًا سَقِيْمًا مُدْنِفًا عَلٰى فُرُشِ الْعِلَّةِ وَ فِيْ لِبَاسِهَا

يَتَقَلَّبُ يَمِيْنًا وَّ شِمَالًا لَا يَعْرِفُ شَيْئًا مِنْ لَذَّةِ

الطَّعَامِ وَ لَا مِنْ لَذَّةِ الشَّرَابِ يَنْظُرُ اِلٰى نَفْسِهٖ

حَسْرَةً لَا يَسْتَطِيْعُ لَهَا ضَرًّا وَّ لَا نَفْعًا ، وَ اَنَا خِلْوٌ

مِّنْ ذٰلِكَ كُلِّهٖ بِجُوْدِكَ وَ كَرَمِكَ ، فَلَا اِلٰهَ اِلَّا اَنْتَ

سُبْحَانَكَ مِنْ مُقْتَدِرٍ لَا يُغْلَبُ وَ ذِيْ اَنَاةٍ لَا يَعْجَلُ

، صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ وَّ اجْعَلْنِيْ لَكَ مِنَ

الْعَابِدِيْنَ وَ لِنَعْمَائِكَ مِنَ الشَّاكِرِيْنَ وَ لِاٰلَائِكَ

مِنَ الذَّاكِرِيْنَ وَ ارْحَمْنِيْ بِرَحْمَتِكَ يَا اَرْحَمَ

الرَّاحِمِيْنَ

અય મારા અલ્લાહ અને અય મારા સરદાર! તારા કેટલાક એવા બંદાઓ છે કે તેઓની સવાર તથા સાંજ એવી થાય છે કે જેઓ સખત બીમારીના બિછાના ઉપર પટકાએલા છે અને તે બીમારીમાં જમણી અને ડાબી તરફ પડખા ફેરવ્યા કરે છે ,

તેઓને ન ખાવાનું ભાવે છે અને ન પાણીમાં મજા મળે છે અને અફસોસની નઝરે પોતાના નફસ તરફ જુએ છે અને તેઓ પોતા ની માટે કોઇ નફા-નુકસાનની શક્તિ ધરાવતા નથી. એ તમામ આફતોથી હું મુકત છું. તારા સિવાય કોઇ મઅબૂદે બરહક નથી. તું પાક અને પાકીઝા છે. અને તું એવો શક્તિવાન છે જે કોઇથી હારતો નથી , તું એવો સહનશીલ છે કે જલ્દી કરતો નથી. હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને આલે મોહમ્મદ (સ.અ.વ) ઉપર દુરૂદ મોકલ, અને મને તારી ઈબાદત કરવાવાળા અને નેઅમતોના શુક્ર કરવાવાળા અને તારા એહસાનોને યાદ રાખવા વાળાઓમાં મને દાખલ કર અને તને તારી રહમતનો વાસ્તો છે કે મારી ઉપર રહેમ કર, અય રહેમ કરવાવાળાઓમાં સૌથી વધારે રહેમ કરનાર

مَوْلَايَ وَ سَيِّدِيْ وَ كَمْ مِنْ عَبْدٍ اَمْسٰى وَ اَصْبَحَ وَ قَدْ دَنَا يَوْمُهٗ مِنْ حَتْفِهٖ وَ اَحْدَقَ بِهٖ مَلَكُ الْمَوْتِ فِيْ اَعْوَانِهٖ يُعَالِجُ سَكَرَاتِ الْمَوْتِ وَ حِيَاضَهٗ تَدُوْرُ عَيْنَاهُ يَمِيْنًا وَّ شِمَالًا يَنْظُرُ اِلٰى اَحِبَّائِهٖ وَ اَوِدَّائِهٖ وَ اَخِلَّائِهٖ قَدْ مُنِعَ مِنَ الْكَلَامِ وَ حُجِبَ عَنِ الْخِطَابِ ،

يَنْظُرُ اِلىٰ نَفْسِهِ حَسْرَةً لَا يَسْتَطِيْعُ لَهَا ضَرًّا اَوَّ لَا

نَفْعًا ، وَ اَنَا خِلْوٌ مِّنْ ذٰلِكَ كُلِّهِ بِجُوْدِكَ وَ كَرَمِكَ ،

فَلَا اِلٰهَ اِلَّا اَنْتَ سُبْحَانَكَ مِنْ مُقْتَدِرٍ لَا يُغْلَبُ وَ

ذِيْ اَنَاةٍ لَا يَعْجَلُ ، صَلِّ عَلىٰ مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ وَّ

اجْعَلْنِيْ لِنَعْمَائِكَ مِنَ الشَّاكِرِيْنَ وَ لِاٰلَائِكَ مِنَ

الذَّاكِرِيْنَ وَارْحَمْنِيْ بِرَحْمَتِكَ يَا اَرْحَمَ

الرَّاحِمِيْنَ

અય મારા મૌલા અને અય મારા સરદાર! તારા કેટલાક એવા બંદાઓ છે કે તેઓની સવાર તથા સાંજ એવી થાય છે કે જેઓના મરવાનો દિવસ આવી પહોંચ્યો છે અને મલેકુલ મોત તથા તેના મદદગારોએ તેઓને ઘેરી લીધેલ છે , સકરાતમાં ગીરફતાર છે અને તેઓની આંખો જમણી અને ડાબી તરફ ફરી રહી છે અને પોતાના સગાવ્હાલા તથા દોસ્ત બિરાદરોના તરફ હસરતની નઝરથી જુએ છે, પણ કાંઇ વાત કરવાની શક્તિ નથી અને તેઓ પોતાની તરફ અફસોસની નજરે જુએ છે અને ફાયદો તેમજ નુકસાનની કંઇ પણ શક્તિ ધરાવતા નથી. અને હું તારા ફઝલો કરમથી એ સર્વે

બાબતોથી મુક્ત છું. તારા સિવાય કોઇ મઅબૂદે બરહક નથી. તું પાક અને પાકીઝા છે. તું એવો શક્તિવાન છે કે કોઇથી હારતો નથી અને એવો સહનશીલ છે કે ઉતાવળ કરતો નથી. હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને આલે મોહમ્મદ (સ.અ.વ) ઉપર દુરૂદ મોકલ, અને મને તારી ઈબાદત કરવાવાળા અને નેઅમતોના શુક્ર કરવાવાળા અને તારા એહસાનોને યાદ રાખવા વાળાઓમાં મને દાખલ કર અને તને તારી રહમતનો વાસ્તો છે કે મારી ઉપર રહેમ કર, અય રહેમ કરવાવાળાઓમાં સૌથી વધારે રહેમ કરનાર

مَوْلَايَ وَ سَيِّدِيْ وَ كَمْ مِنْ عَبْدٍ اَمْسٰى وَ اَصْبَحَ فِيْ مَضَايِقِ الْحُبُوْسِ وَ السُّجُوْنِ وَ كُرَبِهَا وَ ذُلِّهَا وَ حَدِيْدِهَا يَتَدَاوَلُهٗ اَعْوَانُهَا وَ زَبَانِيَتُهَا فَلَا يَدْرِيْ اَيُّ حَالٍ يُفْعَلُ بِهٖ وَ اَيُّ مُثْلَةٍ يُمَثَّلُ بِهٖ فَهُوَ فِيْ ضُرٍّ مِنَ الْعَيْشِ وَ ضَنْكٍ مِنَ الْحَيَاةِ ، يَنْظُرُ اِلٰى نَفْسِهٖ حَسْرَةً لَا يَسْتَطِيْعُ لَهَا ضَرًّا وَّ لَا نَفْعًا ، وَ اَنَا خِلْوٌ مِّنْ ذٰلِكَ كُلِّهٖ بِجُوْدِكَ وَ كَرَمِكَ ، فَلَا اِلٰهَ اِلَّا اَنْتَ ،

سُبْحَانَكَ مِنْ مُقْتَدِرٍ لَا يُغْلَبُ وَ ذِيْ اَنَاةٍ لَا يَعْجَلُ

، صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ ، وَ اجْعَلْنِيْ لَكَ مِنَ

الْعَابِدِيْنَ وَ لِنَعْمَائِكَ مِنَ الشَّاكِرِيْنَ وَ لِاٰلَائِكَ

مِنَ الذَّاكِرِيْنَ وَ ارْحَمْنِيْ بِرَحْمَتِكَ يَا اَرْحَمَ

الرَّاحِمِيْنَ

અય મારા મૌલા અને અય મારા સરદાર! તારા કેટલાક એવા બંદાઓ છે કે જેઓની હાલત એવી છે કે કેદની તંગીઓમાં, રંજ અને ગમની સાથે લોઢાની સાંકળોમાં તેઓની સવાર અને સાંજ ગુઝરે છે કે જ્યાં કેદખાનાના સિપાહીઓ તેઓને બેઇઝ્ઝતીથી ફેરવે છે. તેઓને ખબર નથી કે તેઓ સાથે કેવું વર્તન કરવામાં આવશે , અને કેવી રીતે તેઓના ટુકડે-ટુકડા કરી દેવામાં આવશે, અને તેઓ ઝીંદગીની તકલીફોમાં અને હયાતની તંગીઓમાં એવી રીતે જીવે છે કે પોતાના નફ્સને હસરતથી જુએ છે અને ફાયદા તેમજ નુકસાનની કંઇ પણ શક્તિ ધરાવતા નથી. અને હું તારા ફઝલો કરમથી એ સર્વે બાબતોથી રાહતમાં છું. તારા સિવાય કોઇ માઅબૂદે બરહક નથી. તું પાક અને પાકીઝા છે. તું એવો શક્તિવાન છે કે કોઇથી હારતો નથી અને

એવો સહનશીલ છે કે ઉતાવળ કરતો નથી. હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને આલે મોહમ્મદ (સ.અ.વ) ઉપર દુરૂદ મોકલ, અને મને તારી ઈબાદત કરવાવાળા અને નેઅમતોના શુક્ર કરવાવાળા અને તારા એહસાનોને યાદ રાખવા વાળાઓમાં મને દાખલ કર અને તને તારી રહમતનો વાસ્તો છે કે મારી ઉપર રહેમ કર, અય રહેમ કરવાવાળાઓ માં સૌથી વધારે રહેમ કરનાર

سَيِّدِيْ وَ مَوْلَايَ وَ كَمْ مِنْ عَبْدٍ اَمْسٰى وَ اَصْبَحَ قَدِ
اسْتَمَرَّ عَلَيْهِ الْقَضَاءُ وَ اَحْدَقَ بِهِ الْبَلَاءُ وَ فَارَقَ
اَوِدَّائَهٗ وَ اَحِبَّائَهٗ وَ اَخِلَّائَهٗ وَ اَمْسٰى اَسِيْرًا حَقِيْرًا
ذَلِيْلًا فِيْ اَيْدِيْ الْكُفَّارِ وَ الْاَعْدَاءِ يَتَدَاوَلُوْنَهٗ يَمِيْنًا
وَّ شِمَالًا قَدْ حُصِرَ فِي الْمَطَامِيْرِ وَ ثُقِّلَ بِالْحَدِيْدِ لَا
يَرٰى شَيْئًا مِنْ ضِيَاءِ الدُّنْيَا وَ لَا مِنْ رَوْحِهَا يَنْظُرُ
اِلٰى نَفْسِهٖ حَسْرَةً لَا يَسْتَطِيْعُ لَهَا ضَرًّا وَّ لَا نَفْعًا ، وَ
اَنَا خِلْوٌ مِّنْ ذٰلِكَ كُلِّهٖ بِجُوْدِكَ وَ كَرَمِكَ ، فَلَا اِلٰهَ اِلَّا
اَنْتَ سُبْحَانَكَ مِنْ مُقْتَدِرٍ لَا يُغْلَبُ وَ ذِيْ اَنَاةٍ لَا

يَعْجَلُ ، صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ ، وَ اجْعَلْنِيْ لَكَ مِنَ الْعَابِدِيْنَ وَ لِنَعْمَائِكَ مِنَ الشَّاكِرِيْنَ وَ لِاٰلَائِكَ مِنَ الذَّاكِرِيْنَ وَ ارْحَمْنِيْ بِرَحْمَتِكَ يَا اَرْحَمَ الرَّاحِمِيْنَ

અય મારા સરદાર અને અય મારા મૌલા! તારા કેટલાક એવા બંદાઓ છે કે જેઓની સવાર તથા સાંજ એવી થાય છે કે જે ઓ ઉપર કઝાનો હુકમ જારી થઇ ચુક્યો છે અને બલાઓમાં ઘેરાઈ ગયા છે અને સગાવ્હાલા તેમજ દોસ્તોથી જુદા થઇ ગયા છે, અને તુચ્છ અને હલકાઇથી કેદ થઇને કાફરો અને દુશ્મનોના હાથમાં, અંધારા કૈદખાનાઓમાં ગીરફતાર છે, તેઓને જ્યાં ફાવે ત્યાં ફેરવે છે અને તેઓને ભારે સાંકળો વગેરે પહેરાવવામાં આવી છે , તેઓ માટે કોઇ પણ જાતની દુનિયાની શોભા કે રાહત જોવા નથી મળતી. તેઓ પોતાના નફસ તરફ અફસોસની નજરે નિહાળે છે અને ફાયદો તેમજ નુકસાનની કંઇ પણ શક્તિ ધરાવતા નથી. અને હું તારા ફઝલો કરમથી એ સર્વે બાબતોથી મહફૂઝ છું. તારા સિવાય કોઇ મઅબૂદે બરહક નથી. તું પાક અને પાકીઝા છે. તું એવો શક્તિવાન છે કે કોઇથી હારતો નથી અને એવો સહનશીલ છે કે ઉતાવળ કરતો નથી. હઝરત

મોહમ્મદ (સ.અ.વ.) અને આલે મોહમ્મદ (સ.અ.વ) ઉપર દુરૂદ મોકલ, અને મને તારી ઈબાદત કરવાવાળા અને નેઅમતોના શુક્ર કરવાવાળા અને તારા એહસાનોને યાદ રાખવા વાળાઓમાં મને દાખલ કર અને તને તારી રહમતનો વાસ્તો છે કે મારી ઉપર રહેમ કર, અય રહેમ કરવાવાળાઓ માં સૌથી વધારે રહેમ કરનાર.

وَ عِزَّتِكَ يَا كَرِيمُ لَاَطْلُبَنَّ مِمَّا لَدَيْكَ وَ لَاُلِحَّنَّ
عَلَيْكَ وَ لَاَمُدَّنَّ يَدِيْ نَحْوَكَ مَعَ جُرْمِهَا اِلَيْكَ ، يَا
رَبِّ فَبِمَنْ اَعُوْذُ وَ بِمَنْ اَلُوْذُ ، لَا اَحَدَ لِيْ اِلَّا اَنْتَ ، اَ
فَتَرُدُّنِيْ وَ اَنْتَ مُعَوَّلِيْ وَ عَلَيْكَ مُتَّكَلِيْ ، اَسْاَلُكَ
بِاسْمِكَ الَّذِيْ وَضَعْتَهُ عَلَى السَّمَاءِ فَاسْتَقَلَّتْ وَ عَلَى
الْاَرْضِ فَاسْتَقَرَّتْ وَ عَلَى الْجِبَالِ فَرَسَتْ وَ عَلَى
اللَّيْلِ فَاَظْلَمَ وَ عَلَى النَّهَارِ فَاسْتَنَارَ ، اَنْ تُصَلِّيَ عَلٰى
مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ ، وَ اَنْ تَقْضِيَ لِيْ حَوَائِجِيْ كُلَّهَا وَ
تَغْفِرَ لِيْ ذُنُوْبِيْ كُلَّهَا صَغِيْرَهَا وَ كَبِيْرَهَا وَ تُوَسِّعَ عَلَيَّ
مِنَ الرِّزْقِ مَا تُبَلِّغُنِيْ بِهٖ شَرَفَ الدُّنْيَا وَ الْاٰخِرَةِ ، يَا

اَرْحَمَ الرَّاحِمِيْنَ

અય કરીમ (ખુબજ ઉદાર) ! તારી ઇઝ્ઝત અને જલાલની કસમ, હું તારી એ નેઅમતો જરૂર માંગીશ કે જે તારી પાસે  છે અને તારી બારગાહમાં નમ્રતા સાથે કાલાવાલા કરીશ અને તારી સામે અરજ કરવા બન્ને હા થો ફેલાવીશ, એ છતાં કે  મેં આ હાથોથી ગુનાહ કરેલ છે , અય મારા રબ ! તારા સિવાય કોની પાસે પનાહ  માંગુ !! ?  અય કરીમ ! તારા સિવાય કોની પાસે રજૂ થાવ !!? તારા સિવાય મારૂં કોઇ નથી, તો શું મને નિરાશ પાછો ફેરવીશ એ છતાં કે ફક્ત તારા ઉપર મારો ભરોસો અને આધાર છે, અને તારા ઉપર જ મારી  આશા છે?  હું તને એ ઇસ્મે અઅઝમનો વાસ્તો આપીને સવાલ કરૂં છું કે જેના સબબથી આસમાન અને જમીન કાયમ થયેલ છે, તેમજ પહાડ મજબૂત થયા છે, રાત અંધારી થઇ છે અને દિવસ પ્રકાશિત થયો છે  , તું હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને આલે મોહમ્મદ (સ.અ.વ) ઉપર દુરૂદ મોકલ, મારી તમામ હાજતો પૂરી કર , અને મારા તમામ નાના મોટા ગુનાહ માફ કરી આપ, અને મારી રોઝીમાં એવો અઢળક વધારો કર કે જેનાથી મને દુનિયા અને આખેરતની ઇઝ્ઝત અને શરફ મળે, અય રહેમ કરવાવાળાઓ માં સૌથી વધારે રહેમ કરનાર.

مَوْلَايَ بِكَ اسْتَعَنْتُ فَصَلِّ عَلىٰ مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ وَّ

اَعِنِّيْ وَ بِكَ اسْتَجَرْتُ فَاَجِرْنِيْ وَ اَغْنِنِيْ بِطَاعَتِكَ عَنْ

طَاعَةِ عِبَادِكَ وَ بِمَسْاَلَتِكَ عَنْ مَسْاَلَةِ خَلْقِكَ وَ

انْقُلْنِيْ مِنْ ذُلِّ الْفَقْرِ اِلىٰ عِزِّ الْغِنٰى وَ مِنْ ذُلِّ

الْمَعَاصِيْ اِلىٰ عِزِّ الطَّاعَةِ ، فَقَدْ فَضَّلْتَنِيْ عَلىٰ كَثِيْرٍ

مِنْ خَلْقِكَ جُوْدًا مِنْكَ وَ كَرَمًا لَا بِاسْتِحْقَاقٍ مِنِّيْ ،

اِلٰهِيْ فَلَكَ الْحَمْدُ عَلىٰ ذٰلِكَ كُلِّهِ ، صَلِّ عَلىٰ مُحَمَّدٍ وَّ

اٰلِ مُحَمَّدٍ ، وَ اجْعَلْنِيْ لِنَعْمَائِكَ مِنَ الشَّاكِرِيْنَ وَ

لِاٰلَائِكَ مِنَ الذَّاكِرِيْنَ وَ ارْحَمْنِيْ بِرَحْمَتِكَ يَا

اَرْحَمَ الرَّاحِمِيْنَ

અય મારા મૌલા! હું ફક્ત તારી પાસે મદદ માંગું છું, તું હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને આલે મોહમ્મદ (સ.અ.વ) ઉપર દુરૂદ મોકલ, અને તું મારી મદદ કર, હું ફક્ત તારીજ પાસે પનાહ માંગું છું, તો તું મને પનાહ આપ ; અને મને તારી ઇતાઅત અને તાબેદારી થકી તારા બંદાઓની તાબેદારી કરવાથી મુક્તિ આપ અને તારી પાસેથી માંગી તારી મખ્લૂક

અને તારા બંદાઓ પાસે માંગવાથી મને બચાવી લે, મને મોહતાજીની બેઇઝ્ઝતીથી મુકત કરીને તવંગરીની ઇઝ્ઝત અતા કર , તેમજ ગુનાહોની ઝીલ્લતથી દૂર રાખીને તારી ફરમાબરદારીની ઇઝ્ઝત નસીબ કર; તેં ઘણાઓ કરતાં મારા ઉપર વધારે ફઝલ અને મહેરબાની કરી છે , અને મહેરબાનીનો હું કશો હકદાર ન હતો પણ ફકત તેં તારી ઉદારતાથી જ મહેરબાની કરી છે અને મારા મઅબૂદ ! આ તમામ નેઅમતો માટે ફક્ત તું જ તમામ તઅરીફને લાયક છે. હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને આલે મોહમ્મદ (સ.અ.વ) ઉપર દુરૂદ મોકલ, નેઅમતોના શુક્ર કરવાવાળા અને તારા એહસાનોને યાદ રાખવા વાળાઓમાં મને દાખલ કર અને તને તારી રહમતનો વાસ્તો છે કે મારી ઉપર રહેમ કર, અય રહેમ કરવાવાળાઓમાં સૌથી વધારે રહેમ કરનાર.

પછી સજદામાં જઈને આ દુઆ પઢે :

سَجَدَ وَجْهِيَ الذَّلِيْلُ لِوَجْهِكَ الْعَزِيْزِ الْجَلِيْلِ ،

سَجَدَ وَجْهِيَ الْبَالِيْ الْفَانِيْ لِوَجْهِكَ الدَّائِمِ الْبَاقِيْ ،

سَجَدَ وَجْهِيَ الْفَقِيْرُ لِوَجْهِكَ الْغَنِيِّ الْكَبِيْرِ ، سَجَدَ

وَجْهِيْ وَ سَمْعِيْ وَ بَصَرِيْ وَ لَحْمِيْ وَ دَمِيْ وَ جِلْدِيْ وَ

عَظْمِيْ وَ مَا اَقَلَّتِ الْاَرْضُ مِنِّيْ لِلّٰهِ رَبِّ الْعَالَمِيْنَ ،

اَللّٰهُمَّ عُدْ عَلٰى جَهْلِيْ بِحِلْمِكَ وَ عَلٰى فَقْرِيْ بِغِنَاكَ وَ

عَلٰى ذُلِّيْ بِعِزِّكَ وَ سُلْطَانِكَ وَ عَلٰى ضَعْفِيْ بِقُوَّتِكَ وَ

عَلٰى خَوْفِيْ بِاَمْنِكَ وَ عَلٰى ذُنُوْبِيْ وَ خَطَايَايَ بِعَفْوِكَ وَ

رَحْمَتِكَ يَا رَحْمٰنُ يَا رَحِيْمُ ، اَللّٰهُمَّ اِنِّيْ اَدْرَاُ بِكَ فِيْ

نَحْرِ [فُلَانِ بْنِ فُلَانٍ] وَ اَعُوْذُ بِكَ مِنْ شَرِّهٖ

فَاكْفِنِيْهِ بِمَا كَفَيْتَ بِهٖ اَنْبِيَاءَكَ وَ اَوْلِيَاءَكَ مِنْ

خَلْقِكَ وَ صَالِحِيْ عِبَادِكَ مِنْ فَرَاعِنَةِ خَلْقِكَ وَ طُغَاةِ

عُدَاتِكَ وَ شَرِّ جَمِيْعِ خَلْقِكَ بِرَحْمَتِكَ يَا اَرْحَمَ

الرَّاحِمِيْنَ ، اِنَّكَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ وَّ حَسْبُنَا اللّٰهُ

وَ نِعْمَ الْوَكِيْلُ.

મારા ઝલીલ ચેહરાએ તારા ઇઝ્ઝત અને મહાન ચેહરાની સામે સજદો કર્યો, મારા નબળા અને નાશ પામનાર ચેહરાએ તારા હંમેશા બાકી રેહવાવાળા ચેહરાની સામે સજદો કર્યો, મારા ફકીર ચેહરાએ તારા બેનિયાઝ અને મહાન ચેહરાની સામે સજદો

કર્યો; મારા ચેહરા, મારા કાનો, મારી આંખો, મારૂં ગોશ્ત, મારૂં લોહી, મારી ચામડી, મારા હાડકા અને મારો પૂરો વજૂદ શામિલ છે કે જે તમામ કાએનાતના પાલનહારની બારગાહમાં સજદો કરે છે. અય અલ્લાહ, તારી સહનશીલતા થકી મારા જહલ ઉપર, તારી બેનીયાઝી થકી મારી ફકીરી ઉપર, તારી ઇઝ્ઝત અને કુદરત થકી મારી ઝીલ્લત ઉપર, તારી કુવ્વત થકી મારી નબળાઈ ઉપર, તારી સલામતી થકી મારા ભય ઉપર, તારી માફી અને તારી મહેરબાની થકી મારા ગુનાહો અને ભૂલો ઉપર, તારી દયાળુ નઝર થકી મારી ઉપર રહેમ કર, અય ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ, અય અલ્લાહ , ખરેખર હું તારી મદદથી (ફલાણા ફલાણા – અહી પોતાના દુશ્મનનું નામ લે) શખ્સની બુરાઈથી દૂર થવા માંગું છું અને તેની બુરાઈઓથી તારી પાસે આશરો માંગું છું, તો તું અમારી માટે પણ એવીજ રીતે પુરતો અને કાફી થઇ જા જેવી રીતે તારી મખ્લૂકમાંથી તારા નબીઓ અને વલીઓ અને નેક બંદાઓ માટે પોતાના ઝમાનાના ફીરૌન અને પોતાના કટ્ટર દુશ્મન અને ખરાબમાં ખરાબ મખ્લૂકની બુરાઈની વિરુધ્ધમાં તું પૂરતો અને કાફી હતો, તને તારી રહમતનો વાસ્તો છે, અય રહેમ કરવાવાળાઓમાં સૌથી વધારે રહેમ કરનાર, ખરેખર તું દરેક વસ્તું ઉપર કુદરત ધરાવે છે અને અલ્લાહ

અમારી માટે કાફી છે જે ખુબજ સારી સરપરસ્તી કરનાર અને જવાબદાર છે.

## દુઆએ મુજીર

આ દુઆ ઉચ્ચ મનઝેલતવાળી છે કે જે રસુલે ખુદા (સ.અ.વ.)થી રિવાયત થયેલ છે. જયારે આપ હઝરત (સ.અ.વ.) મકામે ઈબ્રાહીમ પર નમાઝમાં મશગુલ હતા ત્યારે જ. જબ્રઈલ (અ.) આ દુઆને લાવ્યા, આ દુઆને માહે રમઝાનની ૧૩મી, ૧૪મી તથા ૧૫મી રાતે પઢનારના તમામ ગુનાહો માફ થઈ જાય છે - ભલે પછી તેના ગુનાહ વરસાદના ટીપા જેટલા હોય, કે વૃક્ષોના પાન જેટલા હોય કે પછી ઝમીન ઉપરની માટીની કણો જેટલા હોય – તેમજ આ દુઆ થકી બિમારોને શિફા મળે છે, કર્ઝ અદા થાય છે, ફકીરી અને મોહતાજીથી દૂર થઈ બેનિયાઝ થઇ જાય છે, ગમ અને પરેશાની દુર થાય છે, અને બીજા ઘણા બધા ફાયદાઓ છે.

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، سُبْحَانَكَ يَا اَللّٰهُ ،
تَعَالَيْتَ يَا رَحْمٰنُ ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ ،
سُبْحَانَكَ يَا رَحِيْمُ ، تَعَالَيْتَ يَا كَرِيْمُ ، اَجِرْنَا مِنَ
النَّارِ يَا مُجِيْرُ ، سُبْحَانَكَ يَا مَلِكُ ، تَعَالَيْتَ يَا

مَالِكُ ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ ، سُبْحَانَكَ يَا قُدُّوْسُ، تَعَالَيْتَ يَا سَلَامُ ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ ، سُبْحَانَكَ يَا مُؤْمِنُ، تَعَالَيْتَ يَا مُهَيْمِنُ ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ

(શરૂ કરું છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુ જ દયાળુ છે. તું પાક છે અય અલ્લાહ, તું ખુબજ મહાન છે અય મેહરબાન, અમને જહન્નમની આગથી પનાહ આપ, અય પનાહ આપનાર; તું પાક છે અય રહેમ કરનાર તું ખુબજ મહાન છે અય દયા કરનાર, અમને જહન્નમની આગથી પનાહ આપ , અય પનાહ આપનાર , તું પાક છે અય માલિક, તું ખુબજ મહાન છે અય માલિક, અમને જહન્નમની આગથી પનાહ આપ, અય પનાહ આપનાર; તું પાક છે અય ખુબજ મહાન પાકીઝા, તું ખુબજ મહાન છે અય સલામતી આપનાર, અમને જહન્નમની આગથી પનાહ આપ, અય પનાહ આપનાર; તું પાક છે અય અમન આપનાર, તું ખુબજ મહાન છે અય પ્રબળ, અમને જહન્નમની આગથી પનાહ આપ, અય પનાહ આપનાર

سُبْحَانَكَ يَا عَزِيْزُ، تَعَالَيْتَ يَا جَبَّارُ ، اَجِرْنَا مِنَ

النَّارِ يَا مُجِيْرُ ، سُبْحَانَكَ يَا مُتَكَبِّرُ ، تَعَالَيْتَ يَا

مُتَجَبِّرُ ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ ، سُبْحَانَكَ يَا

خَالِقُ ، تَعَالَيْتَ يَا بَارِئُ ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ

، سُبْحَانَكَ يَا مُصَوِّرُ ، تَعَالَيْتَ يَا مُقَدِّرُ ، اَجِرْنَا مِنَ

النَّارِ يَا مُجِيْرُ ، سُبْحَانَكَ يَا هَادِيْ ، تَعَالَيْتَ يَا

بَاقِيْ ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ

તું પાક છે અય ઇઝ્ઝત આપનાર, તું ખુબજ મહાન છે અય શક્તિશાળી, અમને જહન્નમની આગથી પનાહ આપ, અય પનાહ આપનાર; તું પાક છે અય અય ખુબજ મોટો , તું ખુબજ મહાન છે અય મોટાઈનો માલિક, અમને જહન્નમની આગથી પનાહ આપ, અય પનાહ આપનાર ; તું પાક છે અય પૈદા કરનાર, તું ખુબજ મહાન છે અય બનાવનાર, અમને જહન્નમની આગથી પનાહ આપ , અય પનાહ આપનાર; તું પાક છે અય સૂરત બનાવનાર, તું ખુબજ મહાન છે અય બરાબર ગોઠવણ કરનાર , અમને જહન્નમની આગથી પનાહ આપ , અય પનાહ આપનાર; તું પાક છે અય હિદાયત કરનાર તું ખુબજ મહાન અય બાકી રેહનાર, અમને જહન્નમની આગથી પનાહ આપ, અય પનાહ આપનાર

سُبْحَانَكَ يَا وَهَّابُ، تَعَالَيْتَ يَا تَوَّابُ، اَجِرْنَا مِنَ
النَّارِ يَا مُجِيْرُ، سُبْحَانَكَ يَا فَتَّاحُ، تَعَالَيْتَ يَا
مُرْتَاحُ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ، سُبْحَانَكَ يَا
سَيِّدِيْ، تَعَالَيْتَ يَا مَوْلَايَ، اَجِرْنَا مِنَ النَّارِ يَا
مُجِيْرُ، سُبْحَانَكَ يَا قَرِيْبُ، تَعَالَيْتَ يَا رَقِيْبُ،
اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ، سُبْحَانَكَ يَا مُبْدِئُ،
تَعَالَيْتَ يَا مُعِيْدُ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ

તું પાક છે અય ખુબજ આપનાર, તું ખુબજ મહાન છે અય તૌબા કબુલ કરનાર , અમને જહન્નમની આગથી પનાહ આપ, અય પનાહ આપનાર; તું પાક છે અય ખોલ્નાર, તું ખુબજ મહાન છે અય રાહત આપનાર, અમને જહન્નમની આગથી પનાહ આપ , અય પનાહ આપનાર ; તું પાક છે અય મારા સરદાર, તું ખુબજ મહાન છે અય મારા મોલા , અમને જહન્નમની આગથી પનાહ આપ , અય પનાહ આપનાર; તું પાક છે અય ખુબજ નઝદીક, તું ખુબજ મહાન છે અય ખુબજ ધ્યાન રાખનાર , અમને જહન્નમની આગથી પનાહ આપ , અય પનાહ આપનાર; તું પાક છે અય શરૂઆત કરનાર, તું

ખુબજ મહાન છે અય   ફરી પાછા લાવનાર , અમને જહન્નમની આગથી પનાહ આપ,

سُبْحَانَكَ يَا حَمِيْدُ، تَعَالَيْتَ يَا مَجِيْدُ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ، سُبْحَانَكَ يَا قَدِيْمُ، تَعَالَيْتَ يَا عَظِيْمُ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ، سُبْحَانَكَ يَا غَفُوْرُ، تَعَالَيْتَ يَا شَكُوْرُ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ، سُبْحَانَكَ يَا شَاهِدُ، تَعَالَيْتَ يَا شَهِيْدُ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ، سُبْحَانَكَ يَا حَنَّانُ، تَعَالَيْتَ يَا مَنَّانُ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ

અય પનાહ આપનાર ; તું પાક છે અય હમ્દ (વખાણ)ને લાયક, તું ખુબજ મહાન છે અય ખુબજ શાનવાળા, અમને જહન્નમની આગથી પનાહ આપ , અય પનાહ આપનાર ; તું પાક છે અય સર્વથી પેહલા, તું ખુબજ મહાન છે અય ખુબજ ભવ્ય , અમને જહન્નમની આગથી પનાહ આપ, અય પનાહ આપનાર; તું પાક છે અય ખુબજ માફ કરનાર, તું ખુબજ મહાન છે અય શુક્રના લાયક , અમને જહન્નમની આગથી પનાહ આપ , અય પનાહ આપનાર; તું પાક છે અય હંમેશા હાજર, તું ખુબજ

મહાન છે અય  ગવાહ, અમને જહન્નમની આગથી પનાહ આપ, અય પનાહ આપનાર; તું પાક છે અય મોહબ્બતવાળા, તું ખુબજ મહાન છે અય  એહસાન કરનાર, અમને જહન્નમની આગથી પનાહ આપ  , અય પનાહ આપનાર

سُبْحَانَكَ يَا بَاعِثُ، تَعَالَيْتَ يَا وَارِثُ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ، سُبْحَانَكَ يَا مُحْيِيُ، تَعَالَيْتَ يَا مُمِيْتُ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ، سُبْحَانَكَ يَا شَفِيْقُ، تَعَالَيْتَ يَا رَفِيْقُ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ، سُبْحَانَكَ يَا اَنِيْسُ، تَعَالَيْتَ يَا مُؤْنِسُ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ، سُبْحَانَكَ يَا جَلِيْلُ، تَعَالَيْتَ يَا جَمِيْلُ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ

તું પાક છે અય ઉઠાડનાર, તું ખુબજ મહાન છે અય મહાન વારિસ , અમને જહન્નમની આગથી પનાહ  આપ, અય પનાહ આપનાર; તું પાક છે અય જીવંત કરનાર, તું ખુબજ મહાન છે અય  મોત આપનાર, અમને જહન્નમની આગથી પનાહ આપ , અય પનાહ આપનાર; તું પાક છે અય ખુબજ  મેહરબાન, તું ખુબજ મહાન છે અય સાથ દેનાર, અમને જહન્નમની

આગથી પનાહ આપ, અય પનાહ આપનાર; તું પાક છે અય હમેશા સાથ દેનાર, તું ખુબજ મહાન છે અય હંમેશા સાથે રેહનાર , અમને જહન્નમની આગથી પનાહ આપ, અય પનાહ આપનાર; તું પાક છે અય મહાપ્રતિષ્ઠિત તું ખુબજ મહાન છે અય ખુબજ ખુબસુરત, અમને જહન્નમની આગથી પનાહ આપ , અય પનાહ આપનાર

سُبْحَانَكَ يَا خَبِيْرُ، تَعَالَيْتَ يَا بَصِيْرُ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ، سُبْحَانَكَ يَا حَفِيُّ، تَعَالَيْتَ يَا مَلِيُّ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ، سُبْحَانَكَ يَا مَعْبُوْدُ، تَعَالَيْتَ يَا مَوْجُوْدُ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ، سُبْحَانَكَ يَا غَفَّارُ، تَعَالَيْتَ يَا قَهَّارُ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ، سُبْحَانَكَ يَا مَذْكُوْرُ، تَعَالَيْتَ يَا مَشْكُوْرُ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ

તું પાક છે અય દરેક વસ્તુની ખબર રાખનાર , તું ખુબજ મહાન છે અય દરેક વસ્તુને જોનાર , અમને જહન્નમની આગથી પનાહ આપ , અય પનાહ આપનાર; તું પાક છે અય બધીજ વસ્તુને જાણનાર, તું ખુબજ મહાન છે અય મુરાદોને પૂરી કરનાર ,

અમને જહન્નમની આગથી પનાહ આપ, અય પનાહ આપનાર; તું પાક છે અય ઈબાદતના લાયક, તું ખુબજ મહાન છે અય હંમેશા હાજર, અમને જહન્નમની આગથી પનાહ આપ, અય પનાહ આપનાર; તું પાક છે અય ખુબજ માફ કરનાર, તું ખુબજ મહાન છે અય દરેક વસ્તુ પર પ્રબળ, અમને જહન્નમની આગથી પનાહ આપ, અય પનાહ આપનાર; તું પાક છે અય જેને ખુબજ યાદ રાખવામાં આવે, તું ખુબજ મહાન છે અય ખુબજ શુક્રના લાયક, અમને જહન્નમની આગથી પનાહ આપ, અય પનાહ આપનાર

سُبْحَانَكَ يَا جَوَادُ، تَعَالَيْتَ يَا مَعَاذُ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ، سُبْحَانَكَ يَا جَمَالُ، تَعَالَيْتَ يَا جَلَالُ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ، سُبْحَانَكَ يَا سَابِقُ، تَعَالَيْتَ يَا رَازِقُ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ، سُبْحَانَكَ يَا صَادِقُ، تَعَالَيْتَ يَا فَالِقُ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ، سُبْحَانَكَ يَا سَمِيْعُ، تَعَالَيْتَ يَا سَرِيْعُ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ

તું પાક છે અય ખુબજ ઉદાર(સખી), તું ખુબજ

મહાન છે અય આશ્રય આપનાર, અમને જહન્નમની આગથી પનાહ આપ, અય પનાહ આપનાર; તું પાક છે અય ખુબસુરત, તું ખુબજ મહાન છે અય પ્રતિષ્ઠિત, અમને જહન્નમની આગથી પનાહ આપ, અય પનાહ આપનાર ; તું પાક છે અય સર્વથી પેહલો, તું ખુબજ મહાન છે અય રોઝી આપનાર, અમને જહન્નમની આગથી પનાહ આપ, અય પનાહ આપનાર; તું પાક છે અય સર્વથી સાચ્ચો, તું ખુબજ મહાન છે અય ભાગલા કરનાર, અમને જહન્નમની આગથી પનાહ આપ, અય પનાહ આપનાર; તું પાક છે અય દરેક વસ્તુને સાંભળનાર, તું ખુબજ મહાન છે અય ખુબજ ઝડપી, અમને જહન્નમની આગથી પનાહ આપ, અય પનાહ આપનાર

سُبْحَانَكَ يَا رَفِيْعُ، تَعَالَيْتَ يَا بَدِيْعُ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ ، سُبْحَانَكَ يَا فَعَّالُ، تَعَالَيْتَ يَا مُتَعَالُ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ، سُبْحَانَكَ يَا قَاضِيْ، تَعَالَيْتَ يَا رَاضِيْ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ، سُبْحَانَكَ يَا قَاهِرُ، تَعَالَيْتَ يَا طَاهِرُ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ، سُبْحَانَكَ يَا عَالِمُ،

تَعَالَيْتَ يَا حَاكِمُ ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ

તું પાક છે અય ખુબજ બુલંદ, તું ખુબજ મહાન છે અય સર્વથી પેહલા બનાવવનાર , અમને જહન્નમની આગથી પનાહ આપ, અય પનાહ આપનાર; તું પાક છે અય ખુબજ કાર્યરત, તું ખુબજ મહાન છે અય સર્વોચ્ચ, અમને જહન્નમની આગથી પનાહ આપ , અય પનાહ આપનાર ; તું પાક છે અય ફેસલો કરનાર, તું ખુબજ મહાન છે અય રાઝી થનાર , અમને જહન્નમની આગથી પનાહ આપ , અય પનાહ આપનાર; તું પાક છે અય પ્રબળ, તું ખુબજ મહાન છે અય પાક, અમને જહન્નમની આગથી પનાહ આપ, અય પનાહ આપનાર ; તું પાક છે અય દરેક વસ્તુનું ઇલ્મ રાખનાર , તું ખુબજ મહાન છે અય હુક્મ દેનાર, અમને જહન્નમની આગથી પનાહ આપ, અય પનાહ આપનાર

سُبْحَانَكَ يَا دَائِمُ ، تَعَالَيْتَ يَا قَائِمُ ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ ، سُبْحَانَكَ يَا عَاصِمُ ، تَعَالَيْتَ يَا قَاسِمُ ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ ، سُبْحَانَكَ يَا غَنِيُّ ، تَعَالَيْتَ يَا مُغْنِيْ ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ ، سُبْحَانَكَ يَا وَفِيُّ ، تَعَالَيْتَ يَا قَوِيُّ ، اَجِرْنَا مِنَ

النَّارِ يَا مُجِيْرُ ، سُبْحَانَكَ يَا كَافِيْ، تَعَالَيْتَ يَا شَافِيْ ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ

તું પાક છે અય હંમેશા રેહનાર, તું ખુબજ મહાન છે અય હંમેશાથી મોજુદ , અમને જહન્નમની આગથી પનાહ આપ, અય પનાહ આપનાર; તું પાક છે અય હિફાઝત કરનાર , તું ખુબજ મહાન છે અય ભાગ પાડનાર, અમને જહન્નમની આગથી પનાહ આપ , અય પનાહ આપનાર; તું પાક છે અય સ્વતંત્ર અને બેનિયાઝ, તું ખુબજ મહાન છે અય (મખ્લૂક થી) બેનિયાઝ કરનાર, અમને જહન્નમની આગથી પનાહ આપ, અય પનાહ આપનાર ; તું પાક છે અય વફાદાર, તું ખુબજ મહાન છે અય મહાન શક્તિશાળી, અમને જહન્નમની આગથી પનાહ આપ, અય પનાહ આપનાર ; તું પાક છે અય (બધીજ જગ્યાએ) પુરતો , તું ખુબજ મહાન છે અય શિફા દેનાર, અમને જહન્નમની આગથી પનાહ આપ, અય પનાહ આપનાર

سُبْحَانَكَ يَا مُقَدِّمُ ، تَعَالَيْتَ يَا مُؤَخِّرُ ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ ، سُبْحَانَكَ يَا اَوَّلُ، تَعَالَيْتَ يَا اٰخِرُ ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ ، سُبْحَانَكَ يَا ظَاهِرُ ،

تَعَالَيْتَ يَا بَاطِنُ ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ ،
سُبْحَانَكَ يَا رَجَاءُ، تَعَالَيْتَ يَا مُرْتَجٰى ، اَجِرْنَا مِنَ
النَّارِ يَا مُجِيْرُ ، سُبْحَانَكَ يَا ذَا الْمَنِّ، تَعَالَيْتَ يَا ذَا
الطَّوْلِ ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ

તું પાક છે અય સૌથી પેહલો, તું ખુબજ મહાન છે અય છેલ્લે (પણ) રહેનાર , અમને જહન્નમની આગથી પનાહ આપ, અય પનાહ આપનાર; તું પાક છે અય પેહલો , તું ખુબજ મહાન છે અય છેલ્લો (હંમેશા બાકી રેહનાર) , અમને જહન્નમની આગથી પનાહ આપ, અય પનાહ આપનાર; તું પાક છે અય ઝાહિર(સ્પષ્ટ), તું ખુબજ મહાન છે અય બાતીન (છુપાયેલો), અમને જહન્નમની આગથી પનાહ આપ, અય પનાહ આપનાર ; તું પાક છે અય ઉમ્મીદ, તું ખુબજ મહાન છે અય તે કે જેની ઉપર ઉમ્મીદ રાખવામાં આવે, અમને જહન્નમની આગથી પનાહ આપ, અય પનાહ આપનાર ; તું પાક છે અય એહસાનવાળા, તું ખુબજ મહાન છે અય ઘણું અતા કરનાર, અમને જહન્નમની આગથી પનાહ આપ , અય પનાહ આપનાર

سُبْحَانَكَ يَا حَيُّ، تَعَالَيْتَ يَا قَيُّوْمُ ، اَجِرْنَا مِنَ

النَّارِ يَا مُجِيْرُ ، سُبْحَانَكَ يَا وَاحِدُ ، تَعَالَيْتَ يَا

اَحَدُ ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ ، سُبْحَانَكَ يَا سَيِّدُ ،

تَعَالَيْتَ يَا صَمَدُ ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ ،

سُبْحَانَكَ يَا قَدِيْرُ ، تَعَالَيْتَ يَا كَبِيْرُ ، اَجِرْنَا مِنَ

النَّارِ يَا مُجِيْرُ ، سُبْحَانَكَ يَا وَالِيُ ، تَعَالَيْتَ يَا

مُتَعَالِيُ ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ

તું પાક છે અય હંમેશા જીવંત, તું ખુબજ મહાન છે અય હંમેશા બાકી રેહનાર , અમને જહન્નમની આગથી પનાહ આપ, અય પનાહ આપનાર; તું પાક છે અય એકમાત્ર, તું ખુબજ મહાન છે અય ફક્ત એક, અમને જહન્નમની આગથી પનાહ આપ , અય પનાહ આપનાર; તું પાક છે અય મારા સરદાર, તું ખુબજ મહાન છે અય બેનિયાઝ (જે કોઈનો મોહતાજ નથી), અમને જહન્નમની આગથી પનાહ આપ, અય પનાહ આપનાર; તું પાક છે અય ખુબજ કુદરતવાળા તું ખુબજ મહાન છે અય મહાન, અમને જહન્નમની આગથી પનાહ આપ , અય પનાહ આપનાર; તું પાક છે અય હાકીમ (બાદશાહ), તું ખુબજ મહાન છે અય બુલંદ મર્તબાવાળા, અમને જહન્નમની આગથી પનાહ આપ , અય પનાહ

આપનાર

سُبْحَانَكَ يَا عَلِيُّ، تَعَالَيْتَ يَا اَعْلٰى، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ، سُبْحَانَكَ يَا وَلِيُّ، تَعَالَيْتَ يَا مَوْلٰى، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ، سُبْحَانَكَ يَا ذَارِئُ، تَعَالَيْتَ يَا بَارِئُ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ، سُبْحَانَكَ يَا خَافِضُ، تَعَالَيْتَ يَا رَافِعُ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ، سُبْحَانَكَ يَا مُقْسِطُ، تَعَالَيْتَ يَا جَامِعُ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ

તું પાક છે અય સર્વથી બુલંદ (સર્વોચ્ચ), તું ખુબજ મહાન છે અય સૌથી વધારે બુલંદ મર્તબાવાળા , અમને જહન્નમની આગથી પનાહ આપ, અય પનાહ આપનાર; તું પાક છે અય સરપરસ્ત (વલી), તું ખુબજ મહાન છે અય સરદાર, અમને જહન્નમની આગથી પનાહ આપ, અય પનાહ આપનાર; તું પાક છે અય (દરેક ને) બનાવનાર, તું ખુબજ મહાન છે અય પૈદા કરનાર, અમને જહન્નમની આગથી પનાહ આપ, અય પનાહ આપનાર ; તું પાક છે અય જુકાવનાર, તું ખુબજ મહાન છે અય ઉંચો લાવનાર, અમને જહન્નમની આગથી પનાહ આપ, અય પનાહ

આપનાર; તું પાક છે અય ન્યાયપૂર્વક વહેંચણી કરનાર, તું ખુબજ મહાન છે અય ભેગું કરનાર , અમને જહન્નમની આગથી પનાહ આપ , અય પનાહ આપનાર

سُبْحَانَكَ يَا مُعِزُّ ، تَعَالَيْتَ يَا مُذِلُّ ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ ، سُبْحَانَكَ يَا حَافِظُ ، تَعَالَيْتَ يَا حَفِيْظُ ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ ، سُبْحَانَكَ يَا قَادِرُ ، تَعَالَيْتَ يَا مُقْتَدِرُ ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ ، سُبْحَانَكَ يَا عَلِيْمُ ، تَعَالَيْتَ يَا حَلِيْمُ ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ ، سُبْحَانَكَ يَا حَكَمُ ، تَعَالَيْتَ يَا حَكِيْمُ ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ

તું પાક છે અય ઇઝ્ઝત આપનાર, તું ખુબજ મહાન છે અય ઝીલ્લત આપનાર , અમને જહન્નમની આગથી પનાહ આપ, અય પનાહ આપનાર; તું પાક છે અય હિફાઝત કરનાર, તું ખુબજ મહાન છે અય ઘણુંજ ધ્યાન રાખનાર , અમને જહન્નમની આગથી પનાહ આપ, અય પનાહ આપનાર; તું પાક છે અય કુદરતવાળા, તું ખુબજ મહાન છે અય સત્તાવાન, અમને જહન્નમની આગથી પનાહ આપ , અય પનાહ

આપનાર; તું પાક છે અય દરેક  વસ્તુ નુ બધું ઇલ્મ રાખનાર,  તું ખુબજ મહાન છે અય        સહનશીલ, અમને જહન્નમની આગથી પનાહ આપ , અય પનાહ આપનાર; તું પાક છે અય ફેસલો  કરનાર, તું ખુબજ મહાન છે અય     હિકમતવાળા,  અમને જહન્નમની આગથી પનાહ આપ, અય પનાહ આપનાર

سُبْحَانَكَ يَا مُعْطِيُ، تَعَالَيْتَ يَا مَانِعُ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ، سُبْحَانَكَ يَا ضَآرُّ، تَعَالَيْتَ يَا نَافِعُ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ، سُبْحَانَكَ يَا مُجِيْبُ، تَعَالَيْتَ يَا حَسِيْبُ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ، سُبْحَانَكَ يَا عَادِلُ، تَعَالَيْتَ يَا فَاصِلُ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ، سُبْحَانَكَ يَا لَطِيْفُ، تَعَالَيْتَ يَا شَرِيْفُ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ

તું પાક છે અય અતા  કરનાર, તું ખુબજ મહાન છે અય  રોકી લેનાર, અમને જહન્નમની આગથી પનાહ આપ,  અય પનાહ આપનાર  ;  તું પાક છે અય  નુકસાન આપનાર , તું ખુબજ મહાન છે અય    નફો કરનાર,  અમને જહન્નમની આગથી પનાહ આપ    , અય પનાહ આપનાર ; તું પાક છે અય દુઆ  કબુલ

કરનાર, તું ખુબજ મહાન છે અય  હિસાબ કરનાર, અમને જહન્નમની આગથી પનાહ આપ, અય પનાહ આપનાર; તું પાક છે અય અદલ કરનાર, તું ખુબજ મહાન છે અય  જુદા કરનાર , અમને જહન્નમની આગથી પનાહ આપ, અય પનાહ આપનાર; તું પાક છે અય ખુબજ  દયાળુ, તું ખુબજ મહાન છે અય ઇઝ્ઝત આપનાર, અમને જહન્નમની આગથી પનાહ આપ, અય પનાહ આપનાર

سُبْحَانَكَ يَا رَبُّ، تَعَالَيْتَ يَا حَقُّ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ، سُبْحَانَكَ يَا مَاجِدُ، تَعَالَيْتَ يَا وَاحِدُ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ، سُبْحَانَكَ يَا عَفُوُّ، تَعَالَيْتَ يَا مُنْتَقِمُ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ، سُبْحَانَكَ يَا وَاسِعُ، تَعَالَيْتَ يَا مُوَسِّعُ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ، سُبْحَانَكَ يَا رَءُوْفُ، تَعَالَيْتَ يَا عَطُوْفُ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ

તું પાક છે અય પાલનહાર, તું ખુબજ મહાન છે અય હક્ક, અમને જહન્નમની આગથી પનાહ આપ , અય પનાહ આપનાર; તું પાક છે અય ખુબજ  બુઝુર્ગ, તું ખુબજ મહાન છે અય  એકમાત્ર, અમને જહન્નમની

આગથી પનાહ આપ, અય પનાહ આપનાર; તું પાક છે અય માફ  કરનાર,  તું ખુબજ મહાન છે અય બદલો લેનાર ,  અમને જહન્નમની આગથી પનાહ આપ, અય પનાહ આપનાર; તું પાક છે અય ખુબજ વધારે અતા કરનાર  ,  તું ખુબજ મહાન છે અય અઢળક અતા કરનાર  ,  અમને જહન્નમની આગથી પનાહ આપ, અય પનાહ આપનાર; તું પાક છે અય મેહરબાની કરનાર  ,  તું ખુબજ મહાન છે અય નરમીથી વર્તન કરનાર , અમને જહન્નમની આગથી પનાહ આપ, અય પનાહ આપનાર

سُبْحَانَكَ يَا فَرْدُ، تَعَالَيْتَ يَا وِتْرُ ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ ، سُبْحَانَكَ يَا مُقِيْتُ، تَعَالَيْتَ يَا مُحِيْطُ ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ ، سُبْحَانَكَ يَا وَكِيْلُ، تَعَالَيْتَ يَا عَدْلُ ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ ، سُبْحَانَكَ يَا مُبِيْنُ، تَعَالَيْتَ يَا مَتِيْنُ ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ ، سُبْحَانَكَ يَا بَرُّ، تَعَالَيْتَ يَا وَدُوْدُ ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ

તું પાક છે અય કે  તારી જેવું બીજું કોઈ નથી  , તું ખુબજ મહાન છે અય  એકમાત્ર, અમને જહન્નમની

આગથી પનાહ આપ, અય પનાહ આપનાર; તું પાક છે અય હમેશા ધ્યાન રાખનાર, તું ખુબજ મહાન છે અય દરેક વસ્તુને ઘેરી લેનાર , અમને જહન્નમની આગથી પનાહ આપ, અય પનાહ આપનાર; તું પાક છે અય કાર્યસાધક, તું ખુબજ મહાન છે અય ઇન્સાફ કરનાર, અમને જહન્નમની આગથી પનાહ આપ , અય પનાહ આપનાર; તું પાક છે અય ખુબજ રોશન (સ્પષ્ટ) કરવાવાળા, તું ખુબજ મહાન છે અય ખુબજ કુદરતવાળા, અમને જહન્નમની આગથી પનાહ આપ, અય પનાહ આપનાર; તું પાક છે અય સૌથી બેહતર, તું ખુબજ મહાન છે અય મોહબ્બતવાળા, અમને જહન્નમની આગથી પનાહ આપ, અય પનાહ આપનાર

سُبْحَانَكَ يَا رَشِيْدُ، تَعَالَيْتَ يَا مُرْشِدُ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ، سُبْحَانَكَ يَا نُوْرُ، تَعَالَيْتَ يَا مُنَوِّرُ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ، سُبْحَانَكَ يَا نَصِيْرُ، تَعَالَيْتَ يَا نَاصِرُ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ، سُبْحَانَكَ يَا صَبُوْرُ، تَعَالَيْتَ يَا صَابِرُ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ، سُبْحَانَكَ يَا مُحْصِيْ، تَعَالَيْتَ يَا

مُنْشِئُ ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ

તું પાક છે અય  હિદાયત કરનાર, તું ખુબજ મહાન છે અય  ખુબજ હિદાયત દેનાર ,  અમને જહન્નમની આગથી પનાહ આપ, અય પનાહ આપનાર; તું પાક છે અય નુર, તું ખુબજ મહાન છે અય નુર આપનાર, અમને જહન્નમની આગથી પનાહ આપ , અય પનાહ આપનાર; તું પાક છે અય ખુબજ  મદદ કરનાર, તું ખુબજ મહાન છે અય  મદદ કરનાર ,  અમને જહન્નમની આગથી પનાહ આપ , અય પનાહ આપનાર; તું પાક છે અય ખુબજ  સબ્ર કરનાર, તું ખુબજ મહાન છે અય  સબ્ર કરનાર ,  અમને જહન્નમની આગથી પનાહ આપ , અય પનાહ આપનાર; તું પાક છે અય દરેકની ગણત્રી જાણનાર, તું ખુબજ મહાન છે અય  પૈદા કરનાર ,  અમને જહન્નમની આગથી પનાહ આપ , અય પનાહ આપનાર

سُبْحَانَكَ يَا سُبْحَانُ ، تَعَالَيْتَ يَا دَيَّانُ ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ ، سُبْحَانَكَ يَا مُغِيْثُ ، تَعَالَيْتَ يَا غِيَاثُ ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ ، سُبْحَانَكَ يَا فَاطِرُ ، تَعَالَيْتَ يَا حَاضِرُ ، اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرُ

، سُبْحَانَكَ يَا ذَا الْعِزِّ وَ الْجَمَالِ تَبَارَكْتَ يَا ذَا
الْجَبَرُوْتِ وَ الْجَلَالِ سُبْحَانَكَ لَا اِلٰهَ اِلَّا اَنْتَ
سُبْحَانَكَ اِنِّيْ كُنْتُ مِنَ الظَّالِمِيْنَ فَاسْتَجَبْنَا لَهٗ وَ
نَجَّيْنَاهُ مِنَ الْغَمِّ وَ كَذٰلِكَ نُنْجِي الْمُؤْمِنِيْنَ وَ صَلَّى
اللّٰهُ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ وَّ اٰلِهٖ اَجْمَعِيْنَ وَ الْحَمْدُ لِلّٰهِ
رَبِّ الْعَالَمِيْنَ وَ حَسْبُنَا اللّٰهُ وَ نِعْمَ الْوَكِيْلُ وَ لَا
حَوْلَ وَ لَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ الْعَلِيِّ الْعَظِيْمِ

તું પાક છે અય પાકીઝા, તું ખુબજ મહાન છે અય જઝા (બદલો) દેનાર , અમને જહન્નમની આગથી પનાહ આપ, અય પનાહ આપનાર; તું પાક છે અય સખ્તીમાં મદદ કરનાર , તું ખુબજ મહાન છે અય ફરયાદ સાંભળનાર , અમને જહન્નમની આગથી પનાહ આપ, અય પનાહ આપનાર; તું પાક છે અય બનાવનાર, તું ખુબજ મહાન છે અય હંમેશા હાજર, અમને જહન્નમની આગથી પનાહ આપ, અય પનાહ આપનાર; તું પાક છે અય કુદરત અને ખુબસુરતીના માલિક તું ખુબજ બાબરકત છે અય ખુબજ કુદરતવાળા અને પ્રભાવશાળી તું પાક છે , તારા સિવાય બીજો કોઈ મઅબૂદ નથી "તું પાક છે, બેશક

હું ખતાકારો માંથી છું  તો પછી અમે તેમની  દુઆ કબુલ કરી અને અમે તેને ગમથી નજાત (છુટકારો) આપી અને આવીજ રીતે અમે  મોઅમિનોને નજાત આપીએ છીએ" અને અય અલ્લાહ, અમારા સરદાર હઝરત મોહમ્મદ (સ) અને એમની તમામ આલ ઉપર રહમત નાઝિલ કર  અને તમામ  વખાણ(શુક્ર) ફક્ત અલ્લાહની માટે છે જે કાએનાતનો પાલનહાર છે અને અલ્લાહ અમારી માટે કાફી (પુરતો) છે અને તેં સૌથી સારો કાર્યસાધક છે  અને કોઈ કુદરત નથી અને કોઈ તાકત નથી સિવાય અલ્લાહ તરફથી , જે ખુબજ સર્વોચ્ચ અને મહાન છે.

## મુનાજાતે ઈમામ અલી અ.સ .

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ إِنِّيٓ أَسْأَلُكَ الْأَمَانَ يَوْمَ لَا يَنْفَعُ مَالٌ وَّلَا بَنُوْنَ إِلَّا مَنْ أَتَى اللهَ بِقَلْبٍ سَلِيْمٍ ، وَأَسْأَلُكَ الْأَمَانَ يَوْمَ يَعَضُّ الظَّالِمُ عَلٰى يَدَيْهِ يَقُوْلُ يَا لَيْتَنِي اتَّخَذْتُ مَعَ الرَّسُوْلِ سَبِيْلًا

(શરૂ કરું છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ હું એ દિવસના ડર (ભય)થી તારી પાસે સુરક્ષા ચાહું છું કે  જે દિવસે

માલ અને ઔલાદ કાંઈ પણ કામ નહીં આવે ,
સિવાય તેની કે જે દિલને પાક રાખીને અલ્લાહની
બરગાહમાં હાજર થાય અને (અય અલ્લાહ) હું એ
દિવસના ડર (ભય)થી તારી પાસે સુરક્ષા ચાહું છું કે
જે દિવસે ઝાલિમ પોતાના હાથોને બટકા ભરીને કહી
રહ્યો હશે કે અય કાશ કે મેં રસૂલની સાથેનો રસ્તો
ગ્રહણ (ઇખ્તેયાર) કર્યો હોત તો કેવું સારું થાત !

وَاَسْاَلُكَ الْاَمَانَ يَوْمَ يُعْرَفُ الْمُجْرِمُوْنَ بِسِيْمَاهُمْ

فَيُؤْخَذُ بِالنَّوَاصِيْ وَالْاَقْدَامِ ، وَاَسْاَلُكَ الْاَمَانَ يَوْمَ

لَايَجْزِيْ وَالِدٌ عَنْ وَلَدِهٖ وَلَامَوْلُوْدٌ هُوَ جَازٍ عَنْ

وَالِدِهٖ شَيْئًا ، اِنَّ وَعْدَ اللّٰهِ حَقٌّ ،

અને (અય અલ્લાહ) હું એ દિવસના ડર (ભય)થી
તારી પાસે સુરક્ષા ચાહું છું કે જે દિવસે ગુનાહગારને
પોતાની નિશાનીઓથી ઓળખવામાં આવશે અને
તેઓને તેમના વાળ અને પગથી પકડી લેવામાં
આવશે, અને (અય અલ્લાહ) હું એ દિવસના ડર
(ભય)થી તારી પાસે સુરક્ષા ચાહું છું કે જે દિવસે
કોઈ બાપ પોતાની ઔલાદને કામ નહિ આવે અને
કોઈ પણ રીતે ઔલાદ પોતાના બાપને કામ નહિ
આવે, બેશક અલ્લાહનો વાયદો હક (સાચ્ચો) છે.

وَاَسْاَلُكَ الْاَمَانَ يَوْمَ لَايَنْفَعُ الظَّالِمِيْنَ مَعْذِرَتُهُمْ

وَلَهُمُ اللَّعْنَةُ وَلَهُمْ سُوْءُ الدَّارِ ، وَ اَسْاَلُكَ الْاَمَانَ

يَوْمَ لَا تَمْلِكُ نَفْسٌ لِنَفْسٍ شَيْئًا وَّ الْاَمْرُ يَوْمَئِذٍ

لِلّٰهِ ،

અને (અય અલ્લાહ) હું એ દિવસના ડર (ભય)થી તારી પાસે સુરક્ષા ચાહું છું કે જે દિવસે ઝાલિમ લોકોનું બહાનુ (માફી માગવું) તેઓને જરાય ફાયદો નહિ પહોંચાડે અને તેઓ માટે લઅનત હશે અને તેઓ માટે બહુ જ ખરાબ ઠેકાણું હશે અને (અય અલ્લાહ) હું એ દિવસના ડર (ભય)થી તારી પાસે સુરક્ષા ચાહું છું કે જે દિવસે કોઈને પણ એક બીજા માટે જરાય અધિકાર નહીં હોય અને તે દિવસે (પણ) દરેક હુકમો અલ્લાહના જ હશે

وَاَسْاَلُكَ الْاَمَانَ يَوْمَ يَفِرُّ الْمَرْءُ مِنْ اَخِيْهِ وَاُمِّهٖ

وَاَبِيْهِ وَصَاحِبَتِهٖ وَبَنِيْهِ لِكُلِّ امْرِ ئٍ مِنْهُمْ يَوْمَئِذٍ

شَأْنٌ يُغْنِيْهِ، وَاَسْاَلُكَ الْاَمَانَ يَوْمَ يَوَدُّ الْمُجْرِمُ لَوْ

يَفْتَدِيْ مِنْ عَذَابِ يَوْمِئِذٍ بِبَنِيْهِ وَصَاحِبَتِهٖ وَاَخِيْهِ

وَفَصِيْلَتِهِ الَّتِيْ تُؤْوِيْهِ وَمَنْ فِي الْاَرْضِ جَمِيْعًا ، ثُمَّ
يُنْجِيْهِ ، كَلَّا ، اِنَّهَا لَظٰى نَزَّاعَةً لِلشَّوٰى .

અને (અય અલ્લાહ) હું એ દિવસના ડર (ભય)થી તારી પાસે સુરક્ષા ચાહું છું કે જે દિવસે ઇન્સાન પોતાના ભાઈ, પોતાની માતા, પોતાના પિતા અને પોતાની પત્નિ તેમજ પોતાની ઔલાદથી ભાગશે કારણ કે તે દિવસે દરેક વ્યક્તિ પોતાની ચિંતામાં મશગૂલ હશે, જે (ચિંતા) તેમની માટે કાફી છે અને (અય અલ્લાહ) હું એ દિવસના ડર (ભય)થી તારી પાસે સુરક્ષા ચાહું છું કે જે દિવસે અઝાબથી બચવા માટે ગુનેહગાર (મુજરિમ) એમ ચાહશે કે પોતાની બદલે પોતાના દિકરાને ફિદા કરે (ઢાલ બનાવે) અને પોતાની પત્નિને અને પોતાના ભાઈને અને પોતાના નજીકના સગા વ્હાલાઓને (પણ પોતાની બદલે ફિદા કરે) કે જેઓએ તેને આશરો આપ્યો હતો; અને (એમ ચાહશે કે) જમીનના દરેક રહેવાવાળાને (પોતાની બદલે ફિદા કરી) પછી પોતે બચી જાય; પણ હરગીઝ, તેવું શક્ય નથી. બેશક તે જહન્નમની આગ છે જે માથાની ચામડીને ઉતારી લેનાર છે

مَوْلَايَ يَا مَوْلَايَ اَنْتَ الْمَوْلٰى وَاَنَا الْعَبْدُ وَهَلْ

يَرْحَمُ الْعَبْدُ اِلَّا الْمَوْلٰى، مَوْلَايَ يَا مَوْلَايَ اَنْتَ الْمَالِكُ وَاَنَا الْمَمْلُوْكُ وَهَلْ يَرْحَمُ الْمَمْلُوْكَ اِلَّا الْمَالِكُ،

મારા મૌલા, અય મારા મૌલા , તું મારો મૌલા છે અને હું તારો બંદો છું , તો શું બંદા ઉપર મૌલા સિવાય બીજુ કોઈ રહેમ કરી શકે ?મારા મૌલા, અય મારા મૌલા, તું માલિક છે અને હું તારો ગુલામ છું , તો શું ગુલામ ઉપર માલિક સિવાય બીજુ કોઈ રહેમ કરી શકે ?

مَوْلَايَ يَا مَوْلَايَ اَنْتَ الْعَزِيْزُ وَاَنَا الذَّلِيْلُ وَهَلْ يَرْحَمُ الذَّلِيْلَ اِلَّا الْعَزِيْزُ، مَوْلَايَ يَا مَوْلَايَ اَنْتَ الْخَالِقُ وَاَنَا الْمَخْلُوْقُ وَهَلْ يَرْحَمُ الْمَخْلُوْقَ اِلَّا الْخَالِقُ،

મારા મૌલા, અય મારા મૌલા, તું ઇઝ્ઝતનો માલિક છે અને હું ઝલીલ બંદો છું, અને ઝલીલ બંદા ઉપર ઇઝ્ઝતના માલિક સિવાય કોણ રહેમ કરી શકે ? મારા મૌલા, અય મારા મૌલા , તું પૈદા કરનાર છે અને હું પૈદા થયેલો છું, તો શું પૈદા થયેલા ઉપર પૈદા કરનાર સિવાય બીજુ કોઈ રહેમ કરી શકે ?

مَوْلَايَ يَا مَوْلَايَ اَنْتَ الْعَظِيْمُ وَاَنَا الْحَقِيْرُ وهَلْ يَرْحَمُ الْحَقِيْرُ اِلَّا الْعَظِيْمُ، مَوْلَايَ يَا مَوْلَايَ اَنْتَ الْقَوِيُّ وَاَنَا الضَّعِيْفُ وَهَلْ يَرْحَمُ الضَّعِيْفَ اِلَّا الْقَوِيُّ،

મારા મૌલા, અય મારા મૌલા, તું મહાન છે અને હું તુચ્છ, તો શું તુચ્છ ઉપર મહાન સિવાય બીજુ કોઈ રહેમ કરી શકે ? મારા મૌલા, અય મારા મૌલા, તું શક્તિશાળી છે અને હું નબળો છું, તો શું નબળા ઉપર શક્તિશાળી સિવાય બીજુ કોઈ રહેમ કરી શકે ?

مَوْلَايَ يَامَوْلَايَ اَنْتَ الْغَنِيُّ وَاَنَا الْفَقِيْرُ وَهَلْ يَرْحَمُ الْفَقِيْرَ اِلَّا الْغَنِيُّ، مَوْلَايَ يَا مَوْلَايَ اَنْتَ الْمُعْطِيْ وَاَنَا السَّائِلُ وَهَلْ يَرْحَمُ السَّائِلَ اِلَّا الْمُعْطِيْ،

મારા મૌલા, અય મારા મૌલા, તું સખી છે અને હું ફકીર છું, તો શું ફકીર ઉપર સખી સિવાય બીજુ કોઈ રહેમ કરી શકે ? મારા મૌલા, અય મારા મૌલા, તું અતા કરવાવાળો છે અને હું માંગવાવાળો છું, તો શું

માંગવાવાળો ઉપર અતા કરવાવાળા સિવાય બીજુ કોઈ રહેમ કરી શકે ?

مَوْلَايَ يَا مَوْلَايَ اَنْتَ الْحَيُّ وَ اَنَا الْمَيِّتُ وَهَلْ يَرْحَمُ الْمَيِّتَ اِلَّا الْحَيُّ، مَوْلَايَ يَا مَوْلَايَ اَنْتَ الْبَاقِيْ وَ اَنَا الْفَانِيْ وَ هَلْ يَرْحَمُ الْفَانِيْ اِلَّا الْبَاقِيْ،

મારા મૌલા, અય મારા મૌલા, તું હંમેશા જીવિત છે અને હું મરવાવાળો છું , તો શુ મરવાવાળા ઉપર હંમેશા જીવિત સિવાય બીજુ કોઈ રહેમ કરી શકે ? મારા મૌલા, અય મારા મૌલા, તું હંમેશા રહેવાવાળો છે અને હું નાબૂદ થનાર છું. તો શુ નાબૂદ થનાર ઉપર હંમેશા રહેવાવાળા સિવાય બીજુ કોઈ રહેમ કરી શકે ?

مَوْلَايَ يَا مَوْلَايَ اَنْتَ الدَّائِمُ وَ اَنَا الزَّائِلُ وَهَلْ يَرْحَمُ الزَّائِلَ اِلَّا الدَّائِمُ، مَوْلَايَ يَا مَوْلَايَ اَنْتَ الرَّازِقُ وَ اَنَا الْمَرْزُوْقُ وَ هَلْ يَرْحَمُ الْمَرْزُوْقَ اِلَّا الرَّازِقُ،

મારા મૌલા, અય મારા મૌલા , તું સદા રહેવાવાળો છે અને હું ખત્મ થનાર છું , તો શું ખત્મ થનાર ઉપર સદા રહેવાવાળા સિવાય બીજુ કોઈ રહેમ કરી શકે ?

મારા મૌલા, અય મારા મૌલા, તું રોઝી આપનાર છે અને હું રોઝી લેનાર છું, તો શું રોઝી લેનાર ઉપર રોઝી આપનાર સિવાય બીજુ કોઈ રહેમ કરી શકે ?

مَوْلَايَ يَا مَوْلَايَ اَنْتَ الجَوَادُ وَ اَنَا الْبَخِيْلُ وهَلْ يَرْحَمُ البَّخِيْلَ اِلَّا الْجَوَادُ، مَوْلَايَ يَا مَوْلَايَ اَنْتَ الْمُعَافِيْ وَ اَنَا الْمُبْتَلىٰ وَهَلْ يَرْحَمُ المُبْتَلىٰ اِلَّا الْمُعَافِيْ،

મારા મૌલા અય મારા મૌલા , તું ઉદાર (સખી) છે અને હું કંજુસ છું, તો શું કંજૂસ ઉપર ઉદાર સિવાય બીજુ કોઈ રહેમ કરી શકે ? મારા મૌલા, અય મારા મૌલા, તું સલામતી આપવાવાળો છે અને હું બલામાં ફસાએલો છું, તો શું જે બલામાં ફસાએલો હોય તેની ઉપર સલામતી આપવાવાળા સિવાય બીજુ કોઈ રહેમ કરી શકે ?

مَوْلَايَ يَا مَوْلَايَ اَنْتَ الكَبِيْرُ وَ اَنَا الصَّغِيْرُ وَهَلْ يَرْحَمُ الصَّغِيْرَ اِلَّا الْكَبِيْرُ، مَوْلَايَ يَا مَوْلَايَ اَنْتَ الْهَادِيْ وَ اَنَا الضَّآلُّ وهَلْ يَرْحَمُ الضَّالَ اِلَّا الْهَادِيْ،

મારા મૌલા, અય મારા મૌલા , તું ખુબજ મહાન છે અને હું અત્યંત નાનો બંદો છું, તો શું અત્યંત નાના બંદા ઉપર ખુબજ મહાન સિવાય બીજુ કોઈ રહેમ કરી શકે ? મારા મૌલા, અય મારા મૌલા , તું હિદાયત કરનાર છે અને હું હિદાયતથી દૂર (ગુમરાહ) થનાર છું, તો શું જે હિદાયતથી દૂર થનાર હોય તેની ઉપર હિદાયત કરનાર સિવાય બીજું કોઈ રહેમ કરી શકે ?

مَوْلَايَ يَا مَوْلَايَ اَنْتَ الرَّحْمٰنُ وَاَنَا الْمَرْحُوْمُ وَهَلْ يَرْحَمُ الْمَرْحُوْمَ اِلَّا الرَّحْمٰنُ، مَوْلَايَ يَا مَوْلَايَ اَنْتَ السُّلْطَانُ وَاَنَا الْمُمْتَحَنُ وَهَلْ يَرْحَمُ الْمُمْتَحَنَ اِلَّا السُّلْطَانُ،

મારા મૌલા અય મારા મૌલા , તું ખુબજ રહેમ કરવાવાળો છે અને હું રહમતનો તલબગાર છું, તો શું રહમતના તલબગાર ઉપર ખુબજ રહેમ કરવાવાળા સિવાય બીજુ કોઈ રહેમ કરી શકે ? મારા મૌલા, અય મારા મૌલા, તું બાદશાહ છે અને હું ઇમ્તેહાન (પરીક્ષા)માં ઘેરાએલો છું, તો શું ઇમ્તેહાનમાં ઘેરાએલા ઉપર બાદશાહ સિવાય બીજુ કોઈ રહેમ કરી શકે ?

مَوْلَايَ يَا مَوْلَايَ اَنْتَ الدَّلِيْلُ وَاَنَا الْمُتَحَيِّرُ وَهَلْ يَرْحَمُ الْمُتَحَيِّرَ اِلَّا الدَّلِيْلُ، مَوْلَايَ يَا مَوْلَايَ اَنْتَ الْغَفُوْرُ وَاَنَا الْمُذْنِبُ وَهَلْ يَرْحَمُ الْمُذْنِبَ اِلَّا الْغَفُوْرُ،

મારા મૌલા, અય મારા મૌલા, તું માર્ગદર્શક છે અને હું બેચેન છું, તો શું બેચેન ઉપર માર્ગદર્શક સિવાય બીજુ કોઈ રહેમ કરી શકે ? મારા મૌલા, અય મારા મૌલા, તું ખુબજ માફ કરવાવાળો છે અને હું ગુનેહગાર છું, તો શું ગુનેહગાર ઉપર ખુબજ માફ કરવાવાળા સિવાય બીજુ કોઈ રહેમ કરી શકે ?

مَوْلَايَ يَا مَوْلَايَ اَنْتَ الْغَالِبُ وَاَنَا الْمَغْلُوْبُ وَهَلْ يَرْحَمُ الْمَغْلُوْبَ اِلَّا الْغَالِبُ، مَوْلَايَ يَا مَوْلَايَ اَنْتَ الرَّبُّ وَاَنَا الْمَرْبُوْبُ وَ هَلْ يَرْحَمُ الْمَرْبُوْبَ اِلَّا الرَّبُّ، مَوْلَايَ يَا مَوْلَايَ اَنْتَ الْمُتَكَبِّرُ وَاَنَا الْخَاشِعُ وَهَلْ يَرْحَمُ الْخَاشِعَ اِلَّا الْمُتَكَبِّرُ،

મારા મૌલા, અય મારા મૌલા , તું ગાલિબ (કુદરત ધરાવનાર) છે અને હું પરાજિત થનાર છું , તો શું

પરાજિત થનાર ઉપર ગાલિબ સિવાય બીજુ કોઈ રહેમ કરી શકે ? મારા મૌલા, અય મારા મૌલા, તું પાલનહાર છે અને હું પાળવામાં આવ્યો છું, તો શું પાળવામાં આવેલા ઉપર પાલનહાર સિવાય બીજુ કોઈ રહેમ કરી શકે ? મારા મૌલા, અય મારા મૌલા, તું મહાનતાનો માલિક છે હું વિનમ્ર છું, તો શું વિનમ્ર ઉપર મહાનતાના માલિક સિવાય બીજુ કોઈ રહેમ કરી શકે ?

مَوْلَايَ يَا مَوْلَايَ ، اِرْحَمْنِيْ بِرَحْمَتِكَ وَارْضَ عَنِّيْ بِجُوْدِكَ وَكَرَمِكَ وَفَضْلِكَ ، يَا ذَا الْجُوْدِ وَالْاِحْسَانِ وَالطَّوْلِ وَالْاِمْتِنَانِ ، بِرَحْمَتِكَ يَا اَرْحَمَ الرَّاحِمِيْنَ.

મારા મૌલા, અય મારા મૌલા, તને તારી રહમતનો વાસ્તો છે કે મારા પર રહેમ કર અને તારી ઉદારતા, તારી રહમત અને તારા ફઝલના વાસ્તાથી મારાથી રાઝી થઇ જા અય ઉદારતા, એહસાન, અતા અને મહેરબાનીના માલિક, તને તારી રહમતનો વાસ્તો છે, અય રહેમ કરવા વાળાઓમાં સૌથી વધારે રહેમ કરનાર.

# દુઆએ કુમૈલ

અમીરૂલ મોઅમેનીન હઝરત અલી (અ.સ) આ દુઆને કુમૈલ બિન ઝિયાદ (ર.અ.) કે જે તેમના ખાસ સહાબી હતા તેમને તાલીમ આપેલ. દુશ્મનોના નુકશાનથી મહફૂઝ રેહવા માટે, રિઝ્કના દરવાજા ખોલવા માટે, ગુનાહો માફ થવા માટે તેમજ દરેક હાજતો પૂરી થવા માટે આ દુઆ ખુબજ ફાયદાકારક છે.

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ بِرَحْمَتِكَ الَّتِيْ وَسِعَتْ كُلَّ شَيْءٍ وَّ بِقُوَّتِكَ الَّتِيْ قَهَرْتَ بِهَا كُلَّ شَيْءٍ وَّ خَضَعَ لَهَا كُلُّ شَيْءٍ وَّ ذَلَّ لَهَا كُلُّ شَيْءٍ وَّ بِجَبَرُوْتِكَ الَّتِيْ غَلَبْتَ بِهَا كُلَّ شَيْءٍ وَّ بِعِزَّتِكَ الَّتِيْ لَا يَقُوْمُ لَهَا شَيْءٌ

(શરૂ કરૂ છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ! ખરેખર હું સવાલ કરૂં છું તારાથી , તે રહમતના વાસ્તાથી કે જેણે દરેક ચીઝને ઘેરેલી છે, અને તારી કુવ્વતના વાસ્તાથી કે જેના થકી તું દરેક ચીઝ ઉપર ગાલિબ છે, અને જે (કુવ્વત)ની સામે દરેક વિનમ્ર છે , અને જે (કુવ્વત)ની સામે દરેક ચીઝ હલ્કી બની , અને

તારી મોટાઈના વાસ્તાથી કે જેના થકી તેં દરેક ચીઝ ઉપર વર્ચસ્વ મેળવ્યું છે , અને તારી એ ઈઝ્ઝતના વાસ્તાથી કે જેની સામે કોઈ ચીઝ ટકી શકતી નથી.,

وَ بِعَظَمَتِكَ الَّتِيْ مَلَاَتْ كُلَّ شَيْءٍ وَّ بِسُلْطَانِكَ الَّذِيْ عَلَا كُلَّ شَيْءٍ وَّ بِوَجْهِكَ الْبَاقِيْ بَعْدَ فَنَاءِ كُلِّ شَيْءٍ وَّ بِاَسْمَائِكَ الَّتِيْ مَلَاَتْ اَرْكَانَ كُلِّ شَيْءٍ وَّ بِعِلْمِكَ الَّذِيْ اَحَاطَ بِكُلِّ شَيْءٍ وَّ بِنُوْرِ وَجْهِكَ الَّذِيْ اَضَاءَ لَهٗ كُلُّ شَيْءٍ ، يَا نُوْرُ يَا قُدُّوْسُ ، يَا اَوَّلَ الْاَوَّلِيْنَ وَ يَا اٰخِرَ الْاٰخِرِيْنَ

અને તારી એ બુઝુર્ગીના વાસ્તાથી કે જેણે દરેક ચીઝને ઘેરીને ભરી દીધેલ છે, અને તારી એ બાદશાહતના વાસ્તાથી કે જેનાથી દરેક ચીઝની ઉપર પ્રભુત્વ મેળવ્યું છે , અને તારી એ ઝાતના વાસ્તાથી કે જે દરેક ચીઝના વિનાશ પછી બાકી રહેનારી છે, અને તારા એ નામોના વાસ્તાથી કે જેણે દરેક ચીઝના પાયાઓને ઘેરીને ભરી દીધા છે, અને તારા એ ઈલ્મના વાસ્તાથી કે જેણે દરેક ચીઝને ઘેરી લીધેલ છે , અને તારી ઝાતના એ નૂરના વાસ્તાથી કે જેના થકી દરેક ચીઝ રોશન છે , અય

નૂર! અય કુદ્દુસ! (પાક પાકીઝા) અય સૌથી પહેલા ! અને અય બાકી રહેનારાઓમાં (હંમેશા) બાકી રહેનાર!

اَللّٰهُمَّ اغْفِرْ لِيَ الذُّنُوبَ الَّتِي تَهْتِكُ الْعِصَمَ ، اَللّٰهُمَّ اغْفِرْ لِيَ الذُّنُوبَ الَّتِي تُنْزِلُ النِّقَمَ ، اَللّٰهُمَّ اغْفِرْ لِيَ الذُّنُوبَ الَّتِي تُغَيِّرُ النِّعَمَ ، اَللّٰهُمَّ اغْفِرْ لِيَ الذُّنُوبَ الَّتِي تَحْبِسُ الدُّعَاءَ ، اَللّٰهُمَّ اغْفِرْ لِيَ الذُّنُوبَ الَّتِي تَقْطَعُ الرَّجَاءَ ، اَللّٰهُمَّ اغْفِرْ لِيَ الذُّنُوبَ الَّتِي تُنْزِلُ الْبَلَاءَ ، اَللّٰهُمَّ اغْفِرْ لِي كُلَّ ذَنْبٍ اَذْنَبْتُهُ وَكُلَّ خَطِيئَةٍ اَخْطَأْتُهَا

અય અલ્લાહ! મારા એ ગુનાહોને બક્ષી આપ કે જે બેગુનાહી (ના પર્દા )ને ફાડે છે, અય અલ્લાહ! મારા એ ગુનાહોને બક્ષી આપ કે જે અઝાબ નાઝિલ કરે છે, અય અલ્લાહ! મારા એ ગુનાહોને બક્ષી આપ કે જે નેઅમતોને બદલી નાખે છે, અય અલ્લાહ! મારા એ ગુનાહોને બક્ષી આપ કે જે ગુનાહો દુઆઓને કબૂલ થવાથી રોકે છે , અય અલ્લાહ! મારા એ ગુનાહોને બક્ષી આપ કે જે ઉમ્મીદોને તોડી નાખે છે, અય અલ્લાહ! મારા એ ગુનાહોને બક્ષી આપ કે જે

બલાઓને નાઝિલ કરે છે, અય અલ્લાહ! મારા દરેક ગુનાહોને બક્ષી આપ  કે જે મેં કર્યા છે  , અને દરેક ભૂલને બક્ષી આપ કે જે મેં કરી છે,

اَللّٰهُمَّ اِنِّيْ اَتَقَرَّبُ اِلَيْكَ بِذِكْرِكَ وَ اَسْتَشْفِعُ بِكَ اِلٰى نَفْسِكَ وَ اَسْاَلُكَ بِجُوْدِكَ اَنْ تُدْنِيَنِيْ مِنْ قُرْبِكَ وَ اَنْ تُوْزِعَنِيْ شُكْرَكَ وَ اَنْ تُلْهِمَنِيْ ذِكْرَكَ ، اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ سُؤَالَ خَاضِعٍ مُّتَذَلِّلٍ خَاشِعٍ اَنْ تُسَامِحَنِيْ وَ تَرْحَمَنِيْ وَ تَجْعَلَنِيْ بِقِسْمِكَ رَاضِيًا قَانِعًا وَّ فِيْ جَمِيْعِ الْاَحْوَالِ مُتَوَاضِعًا ، اَللّٰهُمَّ وَ اَسْاَلُكَ سُؤَالَ مَنِ اشْتَدَّتْ فَاقَتُهٗ وَ اَنْزَلَ بِكَ عِنْدَ الشَّدَائِدِ حَاجَتَهٗ وَ عَظُمَ فِيْمَا عِنْدَكَ رَغْبَتُهٗ

અય અલ્લાહ! બેશક હું તારા ઝિક્ર થકી  તારી નઝદીકી ચાહું છું, અને તારી ઝાત થકી તારી નજીક શફાઅત તલબ કરૂં છું, અને તારા કરમના વાસ્તાથી તને સવાલ કરૂં છું કે મને તારી કુરબત  અતા કર, અને મને તારો શુક્ર અદા કરવાની તવફીક  અતા કર, અને મને તારો ઝિક્ર કરવાનું ઈલ્હામ (આંતરીક પ્રેરણા) અતા કર , અય અલ્લાહ! ખરેખર  હું સવાલ

કરૂં છું તારાથી એના જેવો કે જે નમ્ર , ધ્રુજનાર અને આજીજી સાથે સવાલ કરતો હોય, કે તું મારાથી જતું કર અને મારી ઉપર રહેમ કર , અને મને તારી વહેંચણી ઉપર રાજી રહેનાર અને સંતોષી બનાવી દે, અને મને તમામ પરિસ્થિતિમાં નરમાશની સાથે રહેનાર બનાવી દે , અય અલ્લાહ! અને સવાલ કરૂં છું એના જેવો કે જેની જરૂરિયાતો સખત થઈ ગઈ હોય, અને એના જેવો કે જે તારી પાસે સખ્તીને વખતે પોતાની હાજત લઈને આવે છે , અને એના જેવો કે જે કાંઈ તારી પાસે છે તેનું આકર્ષણ તેને ખૂબજ વધારે હોય,

اَللّٰهُمَّ عَظُمَ سُلْطَانُكَ وَ عَلَا مَكَانُكَ وَ خَفِيَ مَكْرُكَ وَ ظَهَرَ اَمْرُكَ وَ غَلَبَ قَهْرُكَ وَ جَرَتْ قُدْرَتُكَ وَ لَا يُمْكِنُ الْفِرَارُ مِنْ حُكُومَتِكَ ، اَللّٰهُمَّ لَا اَجِدُ لِذُنُوبِي غَافِرًا وَّ لَا لِقَبَائِحِي سَاتِرًا وَّ لَا لِشَيْءٍ مِنْ عَمَلِيَ الْقَبِيحِ بِالْحَسَنِ مُبَدِّلًا غَيْرَكَ ، لَا اِلٰهَ اِلَّا اَنْتَ ، سُبْحَانَكَ وَ بِحَمْدِكَ

અય અલ્લાહ! તારી બાદશાહત મોટી છે, અને તારૂં સ્થાન ખૂબજ બલંદ છે , અને તારો ભેદ છુપો છે , અને તારો હુકમ જાહેર છે , અને તારી સત્તા ગાલિબ

છે, અને તારી કુદરત જારી છે, અને તારી હુકૂમતથી ભાગવું શકય નથી, અય અલ્લાહ! હું તારા સિવાય મારા ગુનાહોને કોઈ બક્ષી આપનાર નથી પામતો, અને તારા સિવાય મારા બૂરા કામોને કોઈ છુપાવનાર નથી પામતો, અને તારા સિવાય મારા બૂરા કામોને સારા કામોમાં કોઈ બદલનાર નથી પામતો, તારા સિવાય કોઈ મઅબૂદ નથી, તારી ઝાત પાક છે અને તારી હમ્દ વડે તારી પ્રસંશા કરૂં છું

ظَلَمْتُ نَفْسِيْ وَ تَجَرَّأْتُ بِجَهْلِيْ وَ سَكَنْتُ اِلٰى قَدِيْمِ ذِكْرِكَ لِيْ وَ مَنِّكَ عَلَيَّ ، اَللّٰهُمَّ مَوْلَايَ كَمْ مِنْ قَبِيْحٍ سَتَرْتَهٗ وَ كَمْ مِنْ فَادِحٍ مِنَ الْبَلَاءِ اَقَلْتَهٗ وَ كَمْ مِنْ عِثَارٍ وَقَيْتَهٗ وَ كَمْ مِنْ مَكْرُوْهٍ دَفَعْتَهٗ وَ كَمْ مِنْ ثَنَاءٍ جَمِيْلٍ لَسْتُ اَهْلًا لَهٗ نَشَرْتَهٗ

મેં મારા ઉપર ઝુલ્મ કર્યો છે, અને મારી અજ્ઞાનતાથી (ગુનાહો કરવાની) હિમ્મત (જુરઅત) કરી છે, અને તારા મને હંમેશા યાદ રાખવાના લીધે અને હંમેશા મારા ઉપર એહસાન કરવાના લીધે (તારી માફીના) ભરોસામંદ છું અય અલ્લાહ! અય મારા મૌલા! મારા કેટલા બધા ગુનાહો કે જેને તેં

છુપાવ્યા છે, અને મારી કેટલી બધી સખત બલાઓ કે જેને તેં ટાળી દીધી છે, અને કેટલી બધી ઠોકરો કે જેને તેં રોકી રાખી છે , અને કેટલી બધી એવી નાપસંદ બાબતો કે જેને તેં દૂર કરી દીધી છે , અને કેટલા બધા ખુબસુરત અને આકર્ષક વખાણ કે જેને હુ લાયક ન હતો આમ છતાં તેં (લોકોમાં) ફેલાવી દીધા છે

اَللّٰهُمَّ عَظُمَ بَلَائِیُ وَ اَفْرَطَ بِيْ سُوْءُ حَالِيْ وَ قَصُرَتْ

بِيْ اَعْمَالِيْ وَ قَعَدَتْ بِيْ اَغْلَالِيْ وَ حَبَسَنِيْ عَنْ نَفْعِيْ

بُعْدُ اَمَلِيْ وَ خَدَعَتْنِيْ الدُّنْيَا بِغُرُوْرِهَا وَ نَفْسِيْ

بِجِنَايَتِهَا وَ مِطَالِيْ يَا سَيِّدِيْ فَاَسْاَلُكَ بِعِزَّتِكَ اَنْ

لَا يَحْجُبَ عَنْكَ دُعَائِیُ سُوْءُ عَمَلِيْ وَ فِعَالِيْ ، وَ لَا

تَفْضَحْنِيْ بِخَفِيِّ مَا اطَّلَعْتَ عَلَيْهِ مِنْ سِرِّيْ وَ لَا

تُعَاجِلْنِيْ بِالْعُقُوْبَةِ عَلٰى مَا عَمِلْتُهٗ فِيْ خَلَوَاتِيْ ، مِنْ

سُوْءِ فِعْلِيْ وَ اِسَاءَتِيْ ، وَ دَوَامِ تَفْرِيْطِيْ وَ جَهَالَتِيْ ،

وَ كَثْرَةِ شَهَوَاتِيْ وَ غَفْلَتِيْ ، وَ كُنِ اللّٰهُمَّ بِعِزَّتِكَ لِيْ فِيْ

كُلِّ الْاَحْوَالِ رَءُوْفًا وَّ عَلَيَّ فِيْ جَمِيْعِ الْاُمُوْرِ عَطُوْفًا

અય અલ્લાહ! મારી મુસીબત બહુ મોટી છે, અને મારી ખરાબ હાલતે મને અતિશ્યોક્તિ તરફ ધકેલ્યો છે, અને મારા કાર્યોએ મને ખામી ભર્યો કરી દીધો છે, અને મારી કમઝોરીની સાંકળે મને જકડી લીધો છે, અને મારી લાંબી ઉમ્મીદોએ મને મારા ફાયદાઓથી રોકી દીધો છે, અને દુનિયાએ પોતાના ફરેબથી મને છેતરી લીધો છે, અને મારા નફસે મને અત્યાચાર અને ટાળમટોળથી છેતરી લીધો છે, અય મારા સરદાર! તો તારી ઈઝ્ઝતના વાસ્તાથી તને સવાલ કરૂં છું કે મારા બૂરા અને ખરાબ કાર્યો મારી દુઆને કબૂલ થતા રોકી ન લે , અને મારા છુપા (ખરાબ) કાર્યો કે જેની જાણકારી તારી પાસે છે તેના કારણે મને જાહેરમાં અપમાનિત ન કર , અને મને મારા એકાંતમાં અંજામ આપેલા ખરાબ કાર્યો અને બેઅદબીની સજા આપવામાં ઉતાવળ ન કર, જે કામો મારી કાયમી ઢીલાશ અને અજ્ઞાનતાના અને ખૂબજ વાસના અને મારી ગફલતના કારણે કર્યા (તેની સજા આપવામાં ઉતાવળ ન કર) , અને અય અલ્લાહ! તારી ઈઝ્ઝતના વાસ્તાથી તમામ પરિસ્થિતિમાં મારી ઉપર મહેરબાન રહે , અને મારા દરેક કાર્યોમાં મારી ઉપર પ્રેમાળ બન,

اِلٰهِيْ وَرَبِّيْ مَنْ لِيْ غَيْرُكَ ، اَسْاَلُهٗ كَشْفَ ضُرِّيْ وَ

النَّظَرَ فِيْ اَمْرِيْ ، اِلٰهِيْ وَمَوْلَايَ ، اَجْرَيْتَ عَلَيَّ

حُكْمًا اتَّبَعْتُ فِيْهِ هَوٰى نَفْسِيْ وَلَمْ اَحْتَرِسْ فِيْهِ

مِنْ تَزْيِيْنِ عَدُوِّيْ ، فَغَرَّنِيْ بِمَا اَهْوٰى وَاَسْعَدَهٗ عَلٰى

ذٰلِكَ الْقَضَاءُ فَتَجَاوَزْتُ بِمَا جَرٰى عَلَيَّ مِنْ ذٰلِكَ

بَعْضَ حُدُوْدِكَ وَخَالَفْتُ بَعْضَ اَوَامِرِكَ ، فَلَكَ

الْحَمْدُ عَلَيَّ فِيْ جَمِيْعِ ذٰلِكَ وَلَا حُجَّةَ لِيْ فِيْمَا جَرٰى

عَلَيَّ فِيْهِ قَضَاؤُكَ وَاَلْزَمَنِيْ حُكْمُكَ وَبَلَاؤُكَ

અય મારા અલ્લાહ અને મારા પરવરદિગાર ! તારા સિવાય મારૂં બીજું કોણ છે? કે જેની પાસે હું સવાલ કરૂં મારા નુકસાનોને દૂર કરવાનો અને મારા કાર્યોની દેખરેખ રાખવાનો?! અય મારા અલ્લાહ! અને મારા મૌલા! મારા ઉપર તેં હુકમ જારી કર્યો કે જેમાં મેં મારા નફસની ઈચ્છાઓની તાબેદારી કરી, અને મેં તેમાં દુશ્મન (શૈતાનના) શણગાર (વસવસા)થી બચી ન શકયો, પછી શૈતાનને મારી પસંદનીય વસ્તુ વડે મને દગો આપ્યો અને કઝાએ પણ તેનો સાથ આપ્યો , પછી તેમાંથી જે કાંઈ સંજોગો ઉભા થયા તેના લીધે મેં અમૂક હદોને ઓળંગી લીધી , અને તારા અમુક હુકમોની નાફરમાની કરી, આમ છતાં આ બધી બાબતોમાં મારા માટે તો તારો શુક્ર જરૂરી છે , જે કાંઈ મારી

ઉપર તારી કઝામાંથી જારી થયું છે (તારો અઝાબ) તેમા મારી પાસે કોઈ હુજ્જત (છુટકારો) નથી, અને તારો હુકમ અને તારૂં ઈમ્તેહાન મારી ઉપર નક્કી થઇ ચૂકયું છે,

وَقَدْ اَتَيْتُكَ يَا اِلٰهِيْ بَعْدَ تَقْصِيْرِيْ وَاِسْرَافِيْ عَلٰى نَفْسِيْ مُعْتَذِرًا نَادِمًا مُنْكَسِرًا مُسْتَقِيْلًا مُسْتَغْفِرًا مُنِيْبًا مُقِرًّا مُذْعِنًا مُعْتَرِفًا لَا اَجِدُ مَفَرًّا مِمَّا كَانَ مِنِّيْ وَلَا مَفْزَعًا اَتَوَجَّهُ اِلَيْهِ فِيْ اَمْرِيْ غَيْرَ قَبُوْلِكَ عُذْرِيْ وَاِدْخَالِكَ اِيَّايَ فِيْ سَعَةِ رَحْمَتِكَ

તો પછી અય મારા મઅબૂદ! મારી કોતાહી અને મારા નફસ ઉપર ઝિયાદતી કર્યા પછી તારી તરફ માફી માંગતો , પસ્તાતો, ભાંગી પડેલો , પાછો ફરનારો, બક્ષિસ ચાહતો, રજૂ થનારો ઈકરાર કરતો, ભૂલ કબૂલ કરતો , સ્વીકારતો તારી બારગાહમાં હાજર થયો છું , હું જે કાંઈ મારાથી થઇ ચૂકયું છે તેનાથી છટકીને ભાગવાનો કોઈ રસ્તો નથી પામતો,અને હવે મારી પાસે કોઈ આશ્રયસ્થાન નથી કે હું મારી બક્ષીસ માટે તેની તરફ જાઉં , એ સિવાય કે તું મારૂં બહાનું કબૂલ કરી લે અને તું મને તારી

વિશાળ રહમતમાં દાખલ કરી દે,

اَللّٰهُمَّ فَاقْبَلْ عُذْرِيْ وَارْحَمْ شِدَّةَ ضُرِّيْ وَفُكَّنِيْ مِنْ شَدِّ وَثَاقِيْ ، يَا رَبِّ ارْحَمْ ضَعْفَ بَدَنِيْ وَرِقَّةَ جِلْدِيْ وَدِقَّةَ عَظْمِيْ ، يَا مَنْ بَدَاَ خَلْقِيْ وَذِكْرِيْ وَتَرْبِيَتِيْ وَبِرِّيْ وَتَغْذِيَتِيْ هَبْنِيْ لِاِبْتِدَاءِ كَرَمِكَ وَسَالِفِ بِرِّكَ بِيْ

અય અલ્લાહ! તો પછી તું મારા ઉજરને કબૂલ કર , અને મારી સખત મુશ્કેલી ઉપર રહેમ કર, અને મને સખત બંધનમાંથી છોડી દે, અય મારા પરવરદિગાર ! રહમ કર તું મારા શરીરની નબળાઈ અને ચામડીની નાજુકાઈ અને હાડકાની બારીકાઈ ઉપર , અય કે જેણે મારી પૈદાઈશની અને મને યાદ રાખવાની અને મારી પરવરીશ કરવાની અને મારી સાથે નેકી કરવાની અને મને ખોરાક આપવાની શરૂઆત કરી, તારા શરૂઆતના કરમ અને મારી ઉપર અગાઉના એહસાનોને ધ્યાનમાં રાખીને, મને માફ કરી દે.

يَا اِلٰهِيْ وَسَيِّدِيْ وَرَبِّيْ ، اَتُرَاكَ مُعَذِّبِيْ بِنَارِكَ بَعْدَ تَوْحِيْدِكَ وَبَعْدَ مَا انْطَوٰى عَلَيْهِ قَلْبِيْ مِنْ

مَعْرِفَتِكَ وَلَهِجَ بِهِ لِسَانِيْ مِنْ ذِكْرِكَ وَاعْتَقَدَهُ

ضَمِيْرِيْ مِنْ حُبِّكَ وَبَعْدَ صِدْقِ اعْتِرَافِيْ وَدُعَائِيْ

خَاضِعًا لِرُبُوْبِيَّتِكَ ، هَيْهَاتَ ، اَنْتَ اَكْرَمُ مِنْ اَنْ

تُضَيِّعَ مَنْ رَبَّيْتَهُ اَوْ تُبَعِّدَ مَنْ اَدْنَيْتَهُ اَوْ تُشَرِّدَ مَنْ

اٰوَيْتَهُ اَوْ تُسَلِّمَ اِلَى الْبَلَاءِ مَنْ كَفَيْتَهُ وَرَحِمْتَهُ

અય મારા મઅબૂદ! અને અય મારા સરદાર! અને અય મારા પરવરદિગાર ! શું તને એમ જોવામાં આવે કે તું મને અઝાબ કરનારો હો , એ પછી કે મેં તારી વહ્દાનિય્યતનો ઈકરાર કર્યો છે ? અને જ્યારે કે મારૂં દિલ તારી મઅરેફતથી ઘેરાયેલું છે , અને મારી ઝબાન તારો ઝિક્ર કરે છે, અને મારૂં અંત:કરણ તારી મોહબ્બતમાં બંધાયેલું છે , અને જ્યારે કે મેં સાચો એકરાર કર્યો છે , અને તારી પરવરદિગારી સામે વિનમ્રતાથી દુઆ કરી છે , તો બહુજ દૂર છે તારાથી એ વાત! કે (તું મને અઝાબ કરે) , તું તેનાથી વધારે કરીમ છે કે બરબાદ કરે તેને કે જેની તેં પરવરીશ કરી હતી, અથવા દૂર કરે તેને કે જેને તેં નઝદીક કરેલો હતો , અથવા શું ભટકતો કરીશ તેને કે જેને તેં પનાહ આપી હતી , અથવા તેને બલાઓના હવાલે કરી દે કે જેનું તું ભરણપોષણ

કરતો હતો અને જેના ઉપર તેં મહેરબાની કરી હતી,

وَلَيْتَ شِعْرِيْ ، يَا سَيِّدِيْ وَ اِلٰهِيْ وَ مَوْلَايَ ، اَ

تُسَلِّطُ النَّارَ عَلٰى وُجُوْهٍ خَرَّتْ لِعَظَمَتِكَ سَاجِدَةً وَ عَلٰى

اَلْسُنٍ نَطَقَتْ بِتَوْحِيْدِكَ صَادِقَةً وَ بِشُكْرِكَ مَادِحَةً

وَ عَلٰى قُلُوْبٍ اعْتَرَفَتْ بِاِلٰهِيَّتِكَ مُحَقِّقَةً وَّ عَلٰى ضَمَائِرَ

حَوَتْ مِنَ الْعِلْمِ بِكَ حَتّٰى صَارَتْ خَاشِعَةً وَّ عَلٰى

جَوَارِحَ سَعَتْ اِلٰى اَوْطَانِ تَعَبُّدِكَ طَائِعَةً وَّ اَشَارَتْ

بِاسْتِغْفَارِكَ مُذْعِنَةً ، مَا هٰكَذَا الظَّنُّ بِكَ وَلَا

اُخْبِرْنَا بِفَضْلِكَ عَنْكَ يَا كَرِيْمُ يَا رَبِّ

અને અય કાશ! અય મારા સરદાર! અને અય મારા મઅબૂદ! અને અય મારા મૌલા! શું તું કાબૂ આપીશ જહન્નમની આગને એ ચહેરાઓ ઉપર કે જે તારી અઝમતની સામે સજદામાં ઝૂકેલા હતા ? અને તે જબાનો ઉપર કે જેણે સાચા દિલથી તારી વહદાનિય્યતનો ઈકરાર કર્યો હતો અને તારા શુક્રથી વખાણ કર્યા હતા, અને તે દિલો ઉપર કે જેણે હકની સાથે તારી ઈલાહીય્યતનો સ્વીકાર કર્યો હતો , અને તે અંત:કરણો ઉપર કે જે તારા ઈલ્મથી ઘેરાયેલા

હતા, ત્યાં સુધી કે તારી સમક્ષ વિનમ્ર થઈ ગયા, અને તે અવયવો ઉપર કે જેણે તારી બંદગીની કોશિશ કરી હતી, અને તારી બક્ષિશ તરફ ઈશારો કર્યો હતો, તારાથી આવું ગુમાન નથી, અને અમને તારા ફઝલ બાબતે એવી કોઈ ખબર પણ દેવા માં નથી આવી, અય કરીમ! અય મારા પરવરદિગાર !

وَ اَنْتَ تَعْلَمُ ضَعْفِيْ عَنْ قَلِيْلٍ مِنْ بَلَاءِ الدُّنْيَا وَ عُقُوْبَاتِهَا وَ مَا يَجْرِيْ فِيْهَا مِنَ الْمَكَارِهِ عَلٰى اَهْلِهَا عَلٰى اَنَّ ذٰلِكَ بَلَاءٌ وَّ مَكْرُوْهٌ ، قَلِيْلٌ مَكْثُهٗ ، يَسِيْرٌ بَقَاۤئُهٗ ، قَصِيْرٌ مُدَّتُهٗ ، فَكَيْفَ احْتِمَالِيْ لِبَلَاءِ الْاٰخِرَةِ وَ جَلِيْلِ وُقُوْعِ الْمَكَارِهِ فِيْهَا وَ هُوَ بَلَاءٌ ، تَطُوْلُ مُدَّتُهٗ وَ يَدُوْمُ مَقَامُهٗ ، وَلَا يُخَفَّفُ عَنْ اَهْلِهٖ ، لِاَنَّهٗ لَا يَكُوْنُ اِلَّا عَنْ غَضَبِكَ وَ انْتِقَامِكَ وَ سَخَطِكَ وَ هٰذَا مَا لَا تَقُوْمُ لَهُ السَّمَاوَاتُ وَ الْاَرْضُ يَا سَيِّدِيْ فَكَيْفَ لِيْ وَ اَنَا عَبْدُكَ الضَّعِيْفُ الذَّلِيْلُ الْحَقِيْرُ الْمِسْكِيْنُ الْمُسْتَكِيْنُ

અને તું મારી કમઝોરીને જાણે છે, કે હું આ દુનિયાની

થોડી એવી બલા અને તેની સજાને પણ સહન કરી શકતો નથી, અને જે તેની અંદર તેના રહેવાસીઓ ઉપર અણગમતી બાબતો, જારી થાય છે (તેને પણ સહન કરી શકતો નથી), જ્યારે કે હકીકતમાં તે બલાઓ અને અણગમતી બાબતોનું બાકી રહેવું થોડું છે, અને તેનું બાકી રહેવું સહેલું છે અને મુદ્દત તેની ટૂંકી છે, તો પછી કેવી રીતે, હું આખેરતની બલાઓને અને તેમાં પડવાવાળી ભારે અણગમતી બાબતોને ખમી શકીશ? જ્યારે કે તે એવી બલા છે કે મુદ્દત તેની લાંબી છે અને બાકી રહેવું તેનું હંમેશા છે અને તેમાં સપડાએલાઓને છૂટ આપવામાં આવશે નહિ , એ માટે કે તે બલા નથી પણ હકીકતમાં તારો ગઝબ અને તારો ઈન્તેકામ અને તારી નારાઝગી છે, અને આ બલાની સામે આસમાનો અને જમીન ટકી શકે નહિ, તો અય મારા સરદાર! હું કેવી રીતે ટકી શકીશ જ્યારે કે હું તારો કમઝોર, અપમાનિત, તુચ્છ, લાચાર અને બેબસ બંદો છું,

يَا اِلٰهِي وَ رَبِّيْ وَ سَيِّدِيْ وَ مَوْلَايَ ، لِاَيِّ الْاُمُوْرِ اِلَيْكَ
اَشْكُوْ وَ لِمَا مِنْهَا اَضِجُّ وَ اَبْكِيْ ، لِاَلِيْمِ الْعَذَابِ وَ
شِدَّتِهِ اَمْ لِطُوْلِ الْبَلَاءِ وَ مُدَّتِهِ ، فَلَئِنْ صَيَّرْتَنِيْ
لِلْعُقُوْبَاتِ مَعَ اَعْدَائِكَ وَ جَمَعْتَ بَيْنِيْ وَ بَيْنَ اَهْلِ

بَلَائِكَ وَ فَرَّقْتَ بَيْنِيْ وَ بَيْنَ اَحِبَّائِكَ وَ اَوْلِيَائِكَ فَهَبْنِيْ

અય મારા મઅબૂદ! અને અય મારા પરવરદિગાર ! અને અય મારા સરદાર! અને અય મારા મૌલા! હું તારા તરફ કયા કયા કામોની શિકાયત કરૂં ? અને તેમાંથી કઈ કઈ વસ્તુઓ ઉપર ફરિયાદ કરૂં અને રોઉં? કે તેની લાંબી બલા ઉપર અને તેના સમયગાળા ઉપર , તો અગર જો તું મને તે સજાઓમાં તારા દુશ્મનોની સાથે શા મિલ કરીશ, અને મને તારા અઝાબમાં સપડાએલાઓ ની સાથે ભેગા કરીશ, તેમજ મારા અને તારા ચહીતાઓ તથા તારા વલીઓમાં જુદાઈ નાખીશ (તો મારૂં શું થશે?), તો પછી બક્ષી આપ મને

يَا اِلٰهِيْ وَ سَيِّدِيْ وَ مَوْلَايَ وَ رَبِّيْ صَبَرْتُ عَلٰى عَذَابِكَ فَكَيْفَ اَصْبِرُ عَلٰى فِرَاقِكَ ، وَ هَبْنِيْ صَبَرْتُ عَلٰى حَرِّ نَارِكَ فَكَيْفَ اَصْبِرُ عَنِ النَّظَرِ اِلٰى كَرَامَتِكَ اَمْ كَيْفَ اَسْكُنُ فِي النَّارِ وَ رَجَائِيْ عَفْوُكَ

અય મારા મઅબૂદ! અને અય મારા સરદાર! અને અય મારા મૌલા! અને અય મારા પરવરદિગાર ! હું તારા અઝાબ ઉપર સબ્ર કરીશ પણ તારી જુદાઈ

ઉપર કેવી રીતે સબ્ર કરીશ?! અને હું તારી જહન્નમની ગરમી ઉપર સબર કરીશ પણ તારી કરામતની નજરથી દૂર રહેવા ઉપર કેવી રીતે સબર કરીશ?! અથવા કેવી રીતે હું જહન્નમમાં રહું જ્યારે કે તારી બક્ષિસની મને ઉમ્મીદ છે

فَبِعِزَّتِكَ يَا سَيِّدِيْ وَمَوْلَايَ ، اُقْسِمُ صَادِقًا ، لَئِنْ تَرَكْتَنِيْ نَاطِقًا ، لَاَضِجَّنَّ اِلَيْكَ بَيْنَ اَهْلِهَا ضَجِيْجَ الْاٰمِلِيْنَ وَلَاَصْرُخَنَّ اِلَيْكَ صُرَاخَ الْمُسْتَصْرِخِيْنَ وَ لَاَبْكِيَنَّ عَلَيْكَ بُكَاءَ الْفَاقِدِيْنَ وَلَاُنَادِيَنَّكَ اَيْنَ كُنْتَ يَا وَلِيَّ الْمُؤْمِنِيْنَ ، يَا غَايَةَ اٰمَالِ الْعَارِفِيْنَ ، يَا غِيَاثَ الْمُسْتَغِيْثِيْنَ ، يَا حَبِيْبَ قُلُوْبِ الصَّادِقِيْنَ وَ يَا اِلٰهَ الْعَالَمِيْنَ

તો તને તારી ઈઝ્ઝતની કસમ છે , અય મારા સરદાર! અને અય મારા મૌલા! હું ખરેખર કસમ ખાઉં છું, કે અગર મને બોલવાની છુટ આપીશ તો હું ઉમ્મીદ રાખનારાઓની ફરિયાદની જેમ તારી તરફ આખેરતવાળાઓની વચ્ચે ફરિયાદ કરીશ, અને તારી તરફ ફરિયાદ કરીશ જેવી રીતે ફરિયાદો કરનાર ફરિયાદ કરે છે , અને હું તારી તરફ વંચિત

થનારાઓની જેમ રડીશ અને હું તને પોકારીશ કે કયાં છે તું અય મોઅમીનોના સરપરસ્ત! અય મઅરેફત ધરાવનારાઓની ઉમ્મીદોના મકસદ , અય ફરિયાદીઓની ફરિયાદોને પહોંચનાર , અય સારા લોકોના દિલોના ચહીતા , અને અય તમામ દુનિયાઓના મઅબૂદ

اَفَتُرَاكَ سُبْحَانَكَ يَا اِلٰهِيْ وَ بِحَمْدِكَ تَسْمَعُ فِيْهَا

صَوْتَ عَبْدٍ مُّسْلِمٍ سُجِنَ فِيْهَا بِمُخَالَفَتِهٖ ، وَ ذَاقَ

طَعْمَ عَذَابِهَا بِمَعْصِيَتِهٖ وَ حُبِسَ بَيْنَ اَطْبَاقِهَا

بِجُرْمِهٖ وَ جَرِيْرَتِهٖ وَ هُوَ يَضِجُّ اِلَيْكَ ضَجِيْجَ مُؤَمِّلٍ

لِرَحْمَتِكَ وَ يُنَادِيْكَ بِلِسَانِ اَهْلِ تَوْحِيْدِكَ وَ

يَتَوَسَّلُ اِلَيْكَ بِرُبُوْبِيَّتِكَ

તારી ઝાત પાક છે, અય મારા મઅબૂદ! અને હમ્દ વડે તારી પ્રસંશા કરૂં છું, શું તને એમ જોવામાં આવે કે તું સાંભળતો હો જહન્નમમાંથી સમર્પિત થયેલા બંદાની અવાઝને કે જે તારી વિરૂધ્ધતાને કારણે તેમાં કેદ હોય , અને તે ગુનાહના કારણે જહન્નમના અઝાબની મજા ચાખતો હોય , અને તેને તેના કસુર અને અપરાધના કારણે જહન્નમના તબક્કાઓમાં કેદ કરેલો હોય , જ્યારે કે તે ઉમ્મીદ રાખનારાઓની

ફરિયાદની જેમ તારી તરફ તારી રહમત માટે ફરિયાદ કરતો હોય , અને તે તને તવહીદમાં માનવાવાળાઓની ઝબાનથી પોકારતો હોય, અને તારી તરફ તારી પરવરદીગારીનો વસીલો બનાવતો હોય,

يَا مَوْلَايَ فَكَيْفَ يَبْقٰى فِي الْعَذَابِ وَ هُوَ يَرْجُوْ مَا سَلَفَ مِنْ حِلْمِكَ ، اَمْ كَيْفَ تُؤْلِمُهُ النَّارُ وَ هُوَ يَأْمُلُ فَضْلَكَ وَ رَحْمَتَكَ ، اَمْ كَيْفَ يُحْرِقُهٗ لَهِيْبُهَا وَ اَنْتَ تَسْمَعُ صَوْتَهٗ وَ تَرٰى مَكَانَهٗ ، اَمْ كَيْفَ يَشْتَمِلُ عَلَيْهِ زَفِيْرُهَا وَ اَنْتَ تَعْلَمُ ضَعْفَهٗ ، اَمْ كَيْفَ يَتَقَلْقَلُ بَيْنَ اَطْبَاقِهَا وَ اَنْتَ تَعْلَمُ صِدْقَهٗ ، اَمْ كَيْفَ تَزْجُرُهٗ زَبَانِيَتُهَا وَ هُوَ يُنَادِيْكَ يَا رَبَّهُ

અય મારા મૌલા! તો તે કેવી રીતે અઝાબમાં રહેશે જ્યારે કે તે તારી અગાઉની સહનશીલતાની જેવી ઉમ્મીદ રાખતો હોય , અથવા કેવી રીતે જહન્નમની આગ તેને દર્દ પહોંચાડશે જ્યારે કે તેં તારા ફઝલ અને રહમતની ઉમ્મીદ રાખતો હોય?! અથવા કેવી રીતે જહન્નમની ગરમી તેને બાળશે જ્યારે કે તું તેનો અવાઝ સાંભળતો હોઈશ અને તેનું ઠેકાણું જોતો

હોઈશ? અથવા કેવી રીતે જહન્નમની જવાળાઓ તેને ઘેરી લે જ્યારે કે તું તેની કમઝોરીને જાણતો હોઈશ? અથવા કેવી રીતે જહન્નમના તબક્કાઓમાં તે વ્યાકુળ થશે જ્યારે કે તું તેની સચ્ચાઈને જાણતો હોઈશ?! અથવા કેવી રીતે જહન્નમના ફરિશ્તાઓ તેને પકડશે જ્યારે કે તેં તને પોકારતો હોય અય મારા પરવરદિગાર ?!

اَمْ كَيْفَ يَرْجُوْ فَضْلَكَ فِيْ عِتْقِهٖ مِنْهَا فَتَتْرُكُهٗ فِيْهَا ، هَيْهَاتَ ، مَا ذٰلِكَ الظَّنُّ بِكَ وَلَا الْمَعْرُوْفُ مِنْ فَضْلِكَ وَلَا مُشْبِهٌ لِمَا عَامَلْتَ بِهِ الْمُوَحِّدِيْنَ مِنْ بِرِّكَ وَاِحْسَانِكَ ، فَبِالْيَقِيْنِ اَقْطَعُ لَوْلَا مَا حَكَمْتَ بِهٖ مِنْ تَعْذِيْبِ جَاحِدِيْكَ وَقَضَيْتَ بِهٖ مِنْ اِخْلَادِ مُعَانِدِيْكَ لَجَعَلْتَ النَّارَ كُلَّهَا بَرْدًا وَّسَلَامًا وَّمَا كَانَ لِاَحَدٍ فِيْهَا مَقَرًّا وَّلَا مُقَامًا ،

અથવા કેવી રીતે તે જહન્નમમાંથી છુટકારાનો ઉમ્મીદવાર હોય અને તું તેને તેમાંજ છોડી દે ?! તો બહુજ દૂર છે તારાથી એ વાત! , તેવું ગુમાન પણ તારા બારામાં નથી, અને તારા ફઝલની બાબત તેમ કરવું મશ્હૂર પણ નથી , અને તેં તવહીદમાં

માનવાવાળઓ સાથે જે નેકી અને એહસાનનો વ્યવહાર કર્યો છે તેની સાથે આમ (અઝાબ) કરવું સરખાપણું નથી ધરાવતું , તો હું યકીનની સાથે દિલના ઊંડાણથી કહું છું કે અગર તે તારા ઈન્કાર કરનારાઓ માટે અઝાબનો ફેંસલો ન કર્યો હોત , તો તું તમામ આગને ઠંડી અને સલામતીવાળી બનાવી દેત તેમા કોઈ એકનું પણ રહેઠાણ અને ઠેકાણું ન હોત.

لٰكِنَّكَ تَقَدَّسَتْ اَسْمَاؤُكَ اَقْسَمْتَ اَنْ تَمْلَاَهَا مِنَ الْكَافِرِيْنَ، مِنَ الْجِنَّةِ وَالنَّاسِ اَجْمَعِيْنَ ، وَاَنْ تُخَلِّدَ فِيْهَا الْمُعَانِدِيْنَ وَاَنْتَ جَلَّ ثَنَاؤُكَ قُلْتَ مُبْتَدِئًا وَّتَطَوَّلْتَ بِالْاِنْعَامِ مُتَكَرِّمًا ، اَفَمَنْ كَانَ مُؤْمِنًا كَمَنْ كَانَ فَاسِقًا لَا يَسْتَوُوْنَ ،

પરંતુ તે તારા નામો ખૂબજ પાકીઝા છે તેની કસમ ખાધી છે કે જહન્નમને કાફીરોમાંથી તમામ જિન્નાતો અને આદમીઓથી ભરી દઈશ, અને વિરોધીઓને તેમાં હંમેશા રાખીશ, અને તું કે જેની તઅરીફ મહાન છે, શરૂઆતમાં તું કહી ચૂકયો છે અને તું ઉદાર બનીને નેઅમતો વડે ઉપકાર કરી ચૂકયો છે , કે જે મોઅમિન હોય શું એ ફાસિક (ગુનેહગાર) જેવો હોય

શકે? કદી બરાબર નથી હોતા.

اِلٰهِيْ وَ سَيِّدِيْ ، فَاَسْاَلُكَ بِالْقُدْرَةِ الَّتِيْ قَدَّرْتَهَا وَ بِالْقَضِيَّةِ الَّتِيْ حَتَمْتَهَا وَ حَكَمْتَهَا وَ غَلَبْتَ مَنْ عَلَيْهِ اَجْرَيْتَهَا ، اَنْ تَهَبَ لِيْ فِيْ هٰذِهِ اللَّيْلَةِ وَ فِيْ هٰذِهِ السَّاعَةِ كُلَّ جُرْمٍ اَجْرَمْتُهُ وَ كُلَّ ذَنْبٍ اَذْنَبْتُهُ وَ كُلَّ قَبِيْحٍ اَسْرَرْتُهُ وَ كُلَّ جَهْلٍ عَمِلْتُهُ ، كَتَمْتُهُ اَوْ اَعْلَنْتُهُ اَخْفَيْتُهُ اَوْ اَظْهَرْتُهُ ،

અય મારા મઅબૂદ! અને અય મારા સરદાર! તો હું તારાથી સવાલ કરૂં છું એ તકદીરના વાસ્તાથી કે જેની તેં ગોઠવણ કરી છે , અને તે ફેંસલાના વાસ્તાથી સવાલ કરૂં છું કે જેને તેં નિશ્ચિત કર્યો છે અને જારી કર્યો છે, અને જેની ઉપર તેં ફેંસલો જારી કર્યો છે તેની ઉપર તું સત્તા ધરાવે છે , કે મને આ રાતમાં અને આ પળમાં બક્ષી આપ, દરેક કસુરને કે જે મેં કર્યા છે અને દરેક ગુનાહને કે જે મેં કર્યા છે , અને દરેક બૂરા કામને કે જે મેં છુપાવ્યા છે, અને દરેક નાદાનીને કે જને મેં છુપાવી અથવા એઅલાન કરી, ગુપ્ત રાખી અથવા જાહેર કરી;

وَ كُلَّ سَيِّئَةٍ اَمَرْتَ بِاِثْبَاتِهَا الْكِرَامَ الْكَاتِبِيْنَ ،

اَلَّذِيْنَ وَكَّلْتَهُمْ بِحِفْظِ مَا يَكُوْنُ مِنِّيْ وَ جَعَلْتَهُمْ

شُهُوْدًا عَلَيَّ مَعَ جَوَارِحِيْ وَ كُنْتَ اَنْتَ الرَّقِيْبَ عَلَيَّ

مِنْ وَرَائِهِمْ وَ الشَّاهِدَ لِمَا خَفِيَ عَنْهُمْ وَ بِرَحْمَتِكَ

اَخْفَيْتَهُ وَ بِفَضْلِكَ سَتَرْتَهُ وَ اَنْ تُوَفِّرَ حَظِّيْ مِنْ كُلِّ

خَيْرٍ اَنْزَلْتَهُ اَوْ اِحْسَانٍ فَضَّلْتَهُ اَوْ بِرٍّ نَشَرْتَهُ اَوْ

رِزْقٍ بَسَطْتَهُ اَوْ ذَنْبٍ تَغْفِرُهُ اَوْ خَطَاٍ تَسْتُرُهُ

અને દરેક ગુનાહ કે જેને નોંધવાનો તે માનનીય લખનારાઓ (ફરિશ્તાઓ)ને હુકમ આપ્યો છે ,કે જેઓને મારા દરેક કાર્યોની યાદી બનાવવાની જવાબદારી સોંપી છે, અને તેં તેઓને મારા શરીરના અંગોની સાથે મારી ઉપર ગવાહ બનાવ્યા છે , અને આ બધા પાછળ તું જ મારા ઉપર નિરીક્ષણ કરનાર છે, અને તું જ જે કાંઈ તેઓથી છુપુ છે તેનો ગવાહ છે, પરંતુ તેં તારી રહમત વડે જ તેને છુપાવ્યું છે , અને તારા ફઝલ વડે જ તેને ઢાકયું છે અને એ કે દરેક ખૈર કે જે તેં નાઝિલ કરી છે, દરેક તે એહસાન કે જેનો તેં ઉપકાર કર્યો છે , અથવા દરેક તે નેકી કે જેને તેં ફેલાવી છે , અને દરેક તે રોઝી કે જેને તેં ફેલાવી છે અને દરેક તે ગુનાહ કે જેને તેં બક્ષી આપ્યા છે, અને દરેક તે ભૂલ કે જેને તેં છુપાવી છે

તેમાં મારો હિસ્સો બહોળો કર

يَارَبِّ يَارَبِّ يَارَبِّ ، يَا اِلٰهِيْ وَ سَيِّدِيْ وَمَوْلَايَ وَ مَالِكَ رِقِّيْ ، يَا مَنْ بِيَدِهٖ نَاصِيَتِيْ ، يَا عَلِيْمًا بِضُرِّيْ وَ مَسْكَنَتِيْ ، يَا خَبِيْرًا بِفَقْرِيْ وَ فَاقَتِيْ

અય મારા પરવરદિગાર ! અય મારા પરવરદિગાર ! અય મારા પરવરદિગાર ! અય મારા મઅબૂદ! અને અય મારા સરદાર! અને અય મારા મૌલા! અને મારી ગુલામીના માલિક! અય કે જેના હાથમાં મારો કાબૂ છે! અય મારા નુકસાન અને લાચારીને જાણનાર! અય મારી તંગદસ્તી અને મારી જરૂરિયાતોની ખબર રાખનાર!

يَارَبِّ يَارَبِّ يَارَبِّ ، اَسْاَلُكَ بِحَقِّكَ وَ قُدْسِكَ وَ اَعْظَمِ صِفَاتِكَ وَ اَسْمَائِكَ ، اَنْ تَجْعَلَ اَوْقَاتِيْ مِنَ اللَّيْلِ وَ النَّهَارِ بِذِكْرِكَ مَعْمُوْرَةً وَّ بِخِدْمَتِكَ مَوْصُوْلَةً وَّ اَعْمَالِيْ عِنْدَكَ مَقْبُوْلَةً حَتّٰى تَكُوْنَ اَعْمَالِيْ وَ اَوْرَادِيْ كُلُّهَا وِرْدًا وَّاحِدًا وَّ حَالِيْ فِيْ خِدْمَتِكَ سَرْمَدًا ، يَا سَيِّدِيْ يَا مَنْ عَلَيْهِ مُعَوَّلِيْ ، يَا

مَنْ اِلَيْهِ شَكَوْتُ اَحْوَالِيْ

અય મારા પરવરદિગાર ! અય મારા પરવરદિગાર ! અય મારા પરવરદિગાર ! હું તને સવાલ કરૂં છું તારા હકના વાસ્તાથી, તારી પાકીઝગીના વાસ્તાથી અને તારી મહાન સિફતો અને તારા મહાન નામોના વાસ્તાથી, કે તું રાત અને દિવસના મારા સમયને તારા ઝિક્રથી આબાદ બનાવ અને તારી ખિદમતમાં જોડી દે , અને મારા આઅમાલને તારી નઝદીક કબૂલીય્યતને પાત્ર બનાવ , ત્યાં સુધી કે મારા તમામ આઅમાલ અને મારો તમામ ઝિક્ર એક જ થઈ જાય (જે તારો ઝિક્ર હોય), અને મારી હાલતને તારી ખિદમતમાં હંમેશગીની બનાવ , અય મારા સરદાર! અય તે કે જેના ઉપર હું નિર્ભર છું, અય તે કે જેની પાસે હું મારી હાલતની ફરિયાદ કરૂં છું.

يَا رَبِّ يَا رَبِّ يَا رَبِّ ، قَوِّ عَلٰى خِدْمَتِكَ جَوَارِحِيْ

وَاشْدُدْ عَلَى الْعَزِيْمَةِ جَوَانِحِيْ وَهَبْ لِيَ الْجِدَّ فِيْ

خَشْيَتِكَ وَالدَّوَامَ فِي الْاِتِّصَالِ بِخِدْمَتِكَ حَتّٰى

اَسْرَحَ اِلَيْكَ فِيْ مَيَادِيْنِ السَّابِقِيْنَ وَاُسْرِعَ اِلَيْكَ فِي

الْبَارِزِيْنَ وَاَشْتَاقَ اِلٰى قُرْبِكَ فِي الْمُشْتَاقِيْنَ وَاَدْنُوَ

مِنْكَ دُنُوَّ الْمُخْلِصِيْنَ وَ اَخَافَكَ مَخَافَةَ الْمُوْقِنِيْنَ وَ

اَجْتَمِعَ فِيْ جِوَارِكَ مَعَ الْمُؤْمِنِيْنَ

અય મારા પરવરદિગાર ! અય મારા પરવરદિગાર ! અય મારા પરવરદિગાર ! તારી ખિદમત માટે મારા શરીરના અવયવોમાં કુવ્વત આપ, અને પાકા ઈરાદા માટે મારા બાતિનને મજબૂત બનાવી દે , અને તારા ખૌફમાં મને ગંભરીતા ઈનાયત કર, અને તારી ખિદમતમાં સતત જોડાયેલા રહેવાની તવફીક અતા કર , ત્યાં સુધી કે પહેલ કરવાવાળાઓના મૈદાનોમાં હું તારી તરફ રવાના થાઉં, અને આગળ જનારાઓની સાથે તારી તરફ જલ્દી કરૂં , અને ઉત્સુકોની સાથે તારી તરફ નઝદીક થવામાં આતુર થાઉં, અને મુખ્લિસ લોકોની જેમ તારી તરફ નઝદીક થાઉં, અને હું યકીન રાખનારાઓની જેમ તારાથી ડરૂં , અને તારા પાડોશમાં મોઅમીનોની સાથે ભેગો થાઉં;

اَللّٰهُمَّ وَ مَنْ اَرَادَنِيْ بِسُوْءٍ فَاَرِدْهُ وَ مَنْ كَادَنِيْ فَكِدْهُ وَ

اجْعَلْنِيْ مِنْ اَحْسَنِ عَبِيْدِكَ نَصِيْبًا عِنْدَكَ وَ

اَقْرَبِهِمْ مَنْزِلَةً مِّنْكَ وَ اَخَصِّهِمْ زُلْفَةً لَدَيْكَ ، فَاِنَّهٗ

لَا يُنَالُ ذٰلِكَ اِلَّا بِفَضْلِكَ وَ جُدْ لِيْ بِجُوْدِكَ وَ اعْطِفْ

عَلَيَّ بِمَجْدِكَ وَاحْفَظْنِيْ بِرَحْمَتِكَ وَاجْعَلْ لِسَانِيْ

بِذِكْرِكَ لَهِجًا وَّ قَلْبِيْ بِحُبِّكَ مُتَيَّمًا وَّ مُنَّ عَلَيَّ

بِحُسْنِ اِجَابَتِكَ وَاَقِلْنِيْ عَثْرَتِيْ وَاغْفِرْ زَلَّتِيْ

અય અલ્લાહ, અને જે કોઈ મારા બારામાં બૂરો ઈરાદો કરે તો તેની સાથે તેવું જ કર , અને જે મારી સાથે કપટ કરે તેની સાથે તેવું કર , અને મને તારા બહેતરીન બંદાઓમાંથી કરાર દે કે જે તારી નઝદીક શ્રેષ્ઠ હિસ્સો ધરાવે છે , અને જે તારાથી દરજ્જામાં સૌથી વધારે નઝદીક છે , અને જે તારાથી નઝદીકીમાં સૌથી વધારે મખ્સૂસ છે , કારણકે બેશક તે દરજ્જા સુધી તારા ફઝલ સિવાય પહોંચી શકાય તેમ નથી, અને તું તારી ઉદારતા વડે મારી ઉપર સખાવત કર , અને તારી બુઝુર્ગી વડે મારી ઉપર પ્રેમાળ બન, અને તારી રહમત વડે મારી હિફાઝત કર, અને મારી ઝબાનને તારા ઝિક્રમાં તરબોળ રાખ, અને મારા દિલને તારી મોહબ્બતમાં ફના થવાવાળું બનાવી દે , અને મારી દુઆ સારી રીતે કબૂલ કરીને મારી ઉપર એહસાન કર , અને મારી ભૂલ ચૂકને દરગુઝર કરી દે અને મારાથી થઈ ગયેલા ગુનાહોને માફ કરી દે

فَاِنَّكَ قَضَيْتَ عَلٰى عِبَادِكَ بِعِبَادَتِكَ وَاَمَرْتَهُمْ

بِدُعَائِكَ وَ ضَمِنْتَ لَهُمُ الْاِجَابَةَ ، فَاِلَيْكَ يَا رَبِّ

نَصَبْتُ وَجْهِيْ وَ اِلَيْكَ يَا رَبِّ مَدَدْتُ يَدِيْ ،

فَبِعِزَّتِكَ اسْتَجِبْ لِيْ دُعَائِيْ وَ بَلِّغْنِيْ مُنَايَ وَ لَا

تَقْطَعْ مِنْ فَضْلِكَ رَجَائِيْ وَ اكْفِنِيْ شَرَّ الْجِنِّ وَ

الْاِنْسِ مِنْ اَعْدَائِيْ

કારણ કે બેશક તેં તારા બંદાઓ ઉપર તારી ઈબાદતનો હુકમ કર્યો છે , અને તેમની માટે દુઆ કબૂલ કરવાની જમાનત લીધી છે , તો પછી તારી તરફ જ અય મારા પરવરદિગાર ! મેં મારૂં મોઢું રાખ્યું છે , અને તારી તરફ જ અય મારા પરવરદિગાર ! મેં હાથ ફેલાવ્યા છે, તો પછી તારી ઇજ્જતના વાસ્તાથી મારા માટે મારી દુઆને કબૂલ કરી લે , અને મને મારા દિલની આરઝુ સુધી પહોંચાડી દે, અને તારા ફઝલથી મને નાઉમ્મીદ ન કર, અને જિન્નાત અને ઈન્સાન કે જે મારા દુશ્મનો હોય તેના શરથી મારા માટે પૂરતો થઈ જા,

يَا سَرِيْعَ الرِّضَا ، اِغْفِرْ لِمَنْ لَا يَمْلِكُ اِلَّا الدُّعَاءَ ،

فَاِنَّكَ فَعَّالٌ لِمَا تَشَاءُ ، يَا مَنِ اسْمُهٗ دَوَاءٌ وَّ ذِكْرُهٗ

شِفَاءٌ وَّ طَاعَتُهُ غِنًى ، اِرْحَمْ مَنْ رَأْسُ مَالِهِ الرَّجَاءُ

وَ سِلَاحُهُ الْبُكَاءُ ، يَا سَابِغَ النِّعَمِ ، يَا دَافِعَ النِّقَمِ ،

يَا نُوْرَ الْمُسْتَوْحِشِيْنَ فِي الظُّلَمِ ، يَا عَالِمًا لَا يُعَلَّمُ ،

صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ وَّ افْعَلْ بِيْ مَا اَنْتَ اَهْلُهٗ

وَ صَلَّى اللّٰهُ عَلٰى رَسُوْلِهٖ وَ الْاَئِمَّةِ الْمَيَامِيْنِ مِنْ اٰلِهٖ وَ

سَلَّمَ تَسْلِيْمًا كَثِيْرًا

અય જલ્દી રાજી થવાવાળા! બક્ષી દે એને કે જે દુઆ સિવાય બીજું કંઈ જ ધરાવતો નથી , કારણકે બેશક તું જે ચાહે છે તે કરનાર છે , અય તે કે જેનું નામ દવા છે, અને જેનો ઝિક્ર શિફા છે , અને જેની ઈતાઅત તવંગરી છે, તે માણસ ઉપર રહમ કર કે જેની મૂડી ઉમ્મીદ છે , અને જેનું હિથયાર રડવું છે, અય પુષ્કળ નેઅમતો આપનારા! અય અણગમતી બાબતેને દૂર કરનારા! અય અંધકારમાં ગભરાવવાવાળાઓને રોશની આપનારા! અય આલિમ કે જેને શીખવવામાં નથી આવ્યું , સલવાત મોકલ હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને આલે મોહમ્મદ (અ.મુ.સ.) ઉપર , અને મારી સાથે એવું વર્તન કર કે જેનો તું લાયક છે , અને અલ્લાહ સલવાત મોકલે તેના રસૂલ (સ.અ.વ.) અને તેમની

આલમાંથી પવિત્ર ઈમામો (અ.મુ.સ.) ઉપર અને સઘળા સલામ મોકલે.

## દુઆએ નુદબહ

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ ، اَلۡحَمۡدُ لِلّٰهِ رَبِّ الۡعَالَمِيۡنَ وَ صَلَّى اللّٰهُ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ نَبِيِّهٖ وَ اٰلِهٖ وَ سَلَّمَ تَسۡلِيۡمًا ، اَللّٰهُمَّ لَكَ الۡحَمۡدُ عَلٰى مَا جَرٰى بِهٖ قَضَاؤُكَ فِيۡ اَوۡلِيَائِكَ ، اَلَّذِيۡنَ اسۡتَخۡلَصۡتَهُمۡ لِنَفۡسِكَ وَ دِيۡنِكَ اِذِ اخۡتَرۡتَ لَهُمۡ جَزِيۡلَ مَا عِنۡدَكَ مِنَ النَّعِيۡمِ الۡمُقِيۡمِ ، اَلَّذِيۡ لَا زَوَالَ لَهٗ وَ لَا اضۡمِحۡلَالَ ، بَعۡدَ اَنۡ شَرَطۡتَ عَلَيۡهِمُ الزُّهۡدَ فِيۡ دَرَجَاتِ هٰذِهِ الدُّنۡيَا الدَّنِيَّةِ وَ زُخۡرُفِهَا وَ زِبۡرِجِهَا

(શરૂ કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. સઘળા વખાણ એ અલ્લાહના માટે છે જે તમામ દુનીયાઓનો પાલનહાર છે. અને રહમત નાઝીલ થાય તેના નબી અને અમારા સરદાર હઝરત મોહમ્મદ મુસ્તુફા (સ.અ.વ.) અને તેની પવિત્ર આલ ઉપર, એવી રહમત અને સલામ થાય કે જે

સલામ થવાનો હક છે. બારે ઇલાહા ! જે હુકમો તેં તારા અવ્લીયા માટે નક્કી કર્યા છે તેના માટે તું વખાણ કરવાને લાયક છે. એ વલીઓ જેમને તેં તારા માટે અને તારા દીન માટે ચુંટી કાઢ્યા.તેથી તેં તેમને તારી એવી અનંત નેઅમતો આપવાનું નક્કી કર્યુ કે જેમાં કદી ઘટાડો (થતો નથી) કે ઉણપ થતી નથી.આ ત્યારે બન્યું જયારે તેં તેમની પાસેથી આ પસ્ત દુનિયાના દરેક હોદ્દાઓ અને તેના ખોટા મોહ અને આકર્ષણના રાખવાના બારામાં વાયદો લીધો.

فَشَرَطُوْا لَكَ ذٰلِكَ وَ عَلِمْتَ مِنْهُمُ الْوَفَاءَ بِهٖ ،

فَقَبِلْتَهُمْ وَ قَرَّبْتَهُمْ وَ قَدَّمْتَ لَهُمُ الذِّكْرَ الْعَلِيَّ وَ

الثَّنَاءَ الْجَلِيَّ ، وَ اَهْبَطْتَ عَلَيْهِمْ مَلاۤئِكَتَكَ وَ

كَرَّمْتَهُمْ بِوَحْيِكَ وَ رَفَدْتَهُمْ بِعِلْمِكَ ، وَ جَعَلْتَهُمُ

الذَّرِيْعَةَ ]اِلَيْكَ وَ الْوَسِيْلَةَ اِلٰى رِضْوَانِكَ

પછી તેઓએ તારી ખાતર એ વાયદો કર્યો અને તું એ વાતને સારી રીતે જાણતો હતો કે તેઓ આ વાયદાને નિભાવશે. પછી તેં તેઓને સ્વિકાર્યા અને તેં તેઓને તારી નજદીકીનું સ્થાન આપ્યું અને તેં તેમના માટે ઉચ્ચતર યાદ અને સ્પષ્ટ વખાણ રજુ કર્યા અને તેમના ઉપર તારા માલાએકાઓને નાઝીલ કર્યા અને

તેમને તારી વહી વડે માનવંત બનાવ્યા, અને તેં તારા ઇલ્મ વડે તેમને નવાજ્યા અને તેઓને તારી તરફ આવવાનો તેમજ તારી ખુશનુંદીનો વસીલો બનાવ્યા.

فَبَعْضٌ اَسْكَنْتَهٗ جَنَّتَكَ اِلٰى اَنْ اَخْرَجْتَهٗ مِنْهَا وَ بَعْضٌ حَمَلْتَهٗ فِيْ فُلْكِكَ وَ نَجَّيْتَهٗ وَ مَنْ اٰمَنَ مَعَهٗ مِنَ الْهَلَكَةِ بِرَحْمَتِكَ ، وَ بَعْضٌ اتَّخَذْتَهٗ لِنَفْسِكَ خَلِيْلًا وَّ سَاَلَكَ لِسَانَ صِدْقٍ فِي الْاٰخِرِيْنَ فَاَجَبْتَهٗ وَ جَعَلْتَ ذٰلِكَ عَلِيًّا ، وَ بَعْضٌ كَلَّمْتَهٗ مِنْ شَجَرَةٍ تَكْلِيْمًا وَ جَعَلْتَ لَهٗ مِنْ اَخِيْهِ رِدْءًا وَ وَزِيْرًا وَّ بَعْضٌ اَوْلَدْتَهٗ مِنْ غَيْرِ اَبٍ وَّاٰتَيْتَهُ الْبَيِّنَاتِ وَ اَيَّدْتَهٗ بِرُوْحِ الْقُدُسِ

પછી તેમાંથી અમુકને (હ. આદમ અ.સ.ને ) જન્નતના બગીચાઓમાં સ્થાન આપ્યું અને પછી તેં તેમને તેની બહાર મોકલ્યા.અને તેઓમાંથી અમુકને (હઝરત નુહ અ.સ.ને ) તેં હોડીમાં સવાર કર્યા અને તારી રહમત થકી તેં તેમને અને તેમના ઉપર ઈમાન લાવનારાઓને વિનાશથી બચાવી લીધા. અને

તેઓમાંથી અમુકને (હઝરત ઈબ્રાહીમ અ. સ.ને ) તેં તારા ખલીલ (મિત્ર) તરીકે ચુંટી કાઢ્યા અને તેમને તને વિનંતી કરી કે તેમને આખર ઝમાનામાં સાચી ઝબાન આપવામાં આવે તો તેં તેમની ઈચ્છાને પૂર્ણ કરી અને તેમને ઉચ્ચ દરજ્જા ઉપર નિયુક્ત કર્યા.અને તેઓમાંથી અમુક ( હઝરત મુસા અ. સ.)ની સાથે ઝાડની મારફતે વાત કરી અને તેમના ભાઈ (હઝરત હારુન અ.સ.)ને તેમના સાથી અને વઝીર બનાવ્યા. અને તેઓમાંથી અમુકને ( હઝરત ઈસા અ.સ. ને) પિતા વિના પૈદા કર્યા, અને તેમને સ્પષ્ટ નિશાનીઓ આપી અને રૂહુલ કુદુસ થકી તેમની મદદ કરી.

وَكُلٌّ شَرَعْتَ لَهٗ شَرِيْعَةً وَّ نَهَجْتَ لَهٗ مِنْهَاجًا وَّ

تَخَيَّرْتَ لَهٗ اَوْصِيَاءَ ، مُسْتَحْفِظًا بَعْدَ مُسْتَحْفِظٍ ،

مِنْ مُدَّةٍ اِلٰى مُدَّةٍ ، اِقَامَةً لِدِيْنِكَ ، وَ حُجَّةً عَلٰى

عِبَادِكَ ، وَلِئَلَّا يَزُوْلَ الْحَقُّ عَنْ مَقَرِّهٖ وَ يَغْلِبَ

الْبَاطِلُ عَلٰى اَهْلِهٖ وَ لَا يَقُوْلَ اَحَدٌ لَوْ لَا اَرْسَلْتَ اِلَيْنَا

رَسُوْلًا مُنْذِرًا وَّ اَقَمْتَ لَنَا عَلَمًا هَادِيًا فَنَتَّبِعَ اٰيَاتِكَ

مِنْ قَبْلِ اَنْ نَذِلَّ وَ نَخْزٰى ، اِلٰى اَنِ انْتَهَيْتَ

بِالْاَمْرِ اِلٰى حَبِيْبِكَ وَ نَجِيْبِكَ مُحَمَّدٍ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَ اٰلِهٖ،

અને તેઓ દરેકને માટે તેં એક શરીઅત બનાવી અને દરેકને માટે રસ્તાઓ નિયુક્ત કર્યા.અને તેં તેમના માટે વસીઓને ચુંટી કાઢ્યા, એક મુદ્દતથી બીજી મુદ્દત સુધી એક પછી એક તારા દીનનું રક્ષણ કરનાર અને દીનને કાયમ કરનાર, જેથી તારા બંદાઓ ઉપર હુજ્જત તમામ થાય અને એ માટે કે હક પોતાના કેન્દ્રથી હટી ન જાય અને બાતીલ હકવાળા ઉપર ગાલિબ ન થઈ જાય. અને કોઈ પણ એમ ન કહી શકે કે અમારા માટે કોઈ ડરાવનાર રસુલને શા માટે ન મોકલ્યા? અને અમારા માટે હિદાયતની નિશાનીની સ્થાપના શા માટે ન કરી? કે જેથી અમે તિરસ્કૃત અને હડધૂત થતા પેહલા તારી નિશાનીઓ(પયગમ્બરો અને ઇમામો)નું અનુસરણ કરતે. ત્યાં સુધી કે તેં તારા મેહબુબ અને તારા ઉમદા રસૂલ હઝરત મોહમ્મદ (સ.અ.વ.) તેમની અને તેમની ઔલાદ ઉપર અલ્લાહ રહમત નાઝીલ કરે, તેમના દ્વારા રિસાલતના ક્રમને સંપૂર્ણ કર્યો.

فَكَانَ كَمَا انْتَجَبْتَهٗ سَيِّدَ مَنْ خَلَقْتَهٗ وَ صَفْوَةَ مَنِ اصْطَفَيْتَهٗ وَ اَفْضَلَ مَنِ اجْتَبَيْتَهٗ وَ اَكْرَمَ مَنِ

اِعْتَمَدْتَهُ ، قَدَّمْتَهُ عَلٰى اَنْۢبِيَائِكَ وَ بَعَثْتَهُ اِلَى

الثَّقَلَيْنِ مِنْ عِبَادِكَ وَ اَوْطَأْتَهُ مَشَارِقَكَ وَ مَغَارِبَكَ

وَ سَخَّرْتَ لَهُ الْبُرَاقَ وَ عَرَجْتَ بِهٖ اِلٰى سَمَائِكَ

તેઓ એવા જ હતા કે જેવા તેં તેમને પસંદ કર્યા હતા, તમામ મખ્લુકના સરદાર અને તારા પસંદ કરાએલા બન્દાઓમાં સૌથી શ્રેષ્ઠ અને તારા પસંદ કરેલા બંદાઓમાં સૌથી ઉત્તમ અને તારા ભરોસા પાત્ર લોકોમાં સૌથી વધારે માનનીય હતા. તેં તેમને તારા તમામ નબીઓ ઉપર પ્રાથમિક્તા આપી અને તેમને તારા તમામ બંદાઓ તરફ મોકલ્યા અને તારા પૂર્વ અને પશ્ચિમને તેમના કબ્જામાં સોંપ્યા અને તેમને બુરાકની સવારી ઉપર સવાર કર્યા અને તેમને તારા આસમાનની બુલંદીઓ સુધી લઇ ગયો.

وَ اَوْدَعْتَهُ عِلْمَ مَا كَانَ وَ مَا يَكُوْنُ اِلَى انْقِضَاءِ

خَلْقِكَ ، ثُمَّ نَصَرْتَهُ بِالرُّعْبِ وَ حَفَفْتَهُ بِجَبْرَئِيْلَ

وَ مِيْكَائِيْلَ وَ الْمُسَوِّمِيْنَ مِنْ مَلَائِكَتِكَ وَ وَعَدْتَهُ

اَنْ تُظْهِرَ دِيْنَهُ عَلَى الدِّيْنِ كُلِّهٖ وَ لَوْ كَرِهَ الْمُشْرِكُوْنَ

، وَ ذٰلِكَ بَعْدَ اَنْ بَوَّأْتَهُ مُبَوَّاَ صِدْقٍ مِنْ اَهْلِهٖ

અને તેં તેમને જે કઇ પણ બની ચુક્યું છે અને તારી ખીલ્કતના અંત સુધી જે કઇ પણ બનવાનું છે તેનું ઇલ્મ અતા કર્યુ. ત્યાર પછી તેં તેઓને રોઅબ અને જલાલ થકી મદદ કરી, અને તેં તેઓની આજુબાજુ જીબ્રઇલ (અ.) , મીકાઈલ (અ.) , અને ખાસ ફરીશ્તાઓને નીમ્યા. અને તેં તેમને વાયદો કર્યો કે તું તેમના દીનને બધા મઝહબો ઉપર ગાલિબ બનાવીશ પછી ભલેને મુશરીકોને તે અણગમતું જ કેમ ન લાગે. અને આ એની બાદ કર્યુ કે તેં તેમના એહલેબયતમાંથી તેમના વસીને નિયુક્ત કર્યા.

وَ جَعَلْتَ لَهٗ وَ لَهُمْ اَوَّلَ بَيْتٍ وُضِعَ لِلنَّاسِ، لَلَّذِيْ بِبَكَّةَ مُبَارَكًا وَّ هُدًى لِلْعَالَمِيْنَ ، فِيْهِ اٰيَاتٌ بَيِّنَاتٌ مَقَامُ اِبْرَاهِيْمَ وَ مَنْ دَخَلَهٗ كَانَ اٰمِنًا ، وَ قُلْتَ اِنَّمَا يُرِيْدُ اللّٰهُ لِيُذْهِبَ عَنْكُمُ الرِّجْسَ اَهْلَ الْبَيْتِ وَ يُطَهِّرَكُمْ تَطْهِيْرًا

અને તેં તેમના અને તેમની એહલેબૈત (અ.સ.)ના માટે પ્રથમ ઘર ( કા'બા) નિયુક્ત કર્યુ કે જેને લોકોને માટે બનાવવામાં આવ્યું છે. તે મક્કામાં છે કે જે દુનિયાઓ માટે હિદાયત અને બરકતનું સ્થાન છે. તેમાં નિશાનીઓ અને સ્પષ્ટ પુરાવાઓ છે, મકામે ઈબ્રાહીમ,

કે જે કોઈ તેમાં દાખલ થઇ ગયો તે સુરક્ષિત છે. અને તેં ફરમાવ્યું કે : “બેશક અય એહલેબૈત (અ.સ.)! ખુદા એ સિવાય કઇજ નથી ચાહતો કે દરેક નજાસતોને તમારાથી દૂર રાખે અને તમોને એવી રીતે પાક રાખે જેવો પાક રાખવાનો હક છે.

ثُمَّ جَعَلْتَ اَجْرَ مُحَمَّدٍ صَلَوَاتُكَ عَلَيْهِ وَاٰلِهٖ

مَوَدَّتَهُمْ فِيْ كِتَابِكَ ، فَقُلْتَ قُلْ لَا اَسْـَٔلُكُمْ عَلَيْهِ

اَجْرًا اِلَّا الْمَوَدَّةَ فِي الْقُرْبٰى ، وَقُلْتَ مَا سَاَلْتُكُمْ مِنْ

اَجْرٍ فَهُوَ لَكُمْ ، وَقُلْتَ مَا اَسْـَٔلُكُمْ عَلَيْهِ مِنْ اَجْرٍ

اِلَّا مَنْ شَاءَ اَنْ يَتَّخِذَ اِلٰى رَبِّهٖ سَبِيْلًا

પછી તારી કિતાબ ( કુરાને મજીદ)માં તેઓની (એહલેબૈત અ.સ.ની) મોહબ્બતને હ. મોહમ્મદ (સ.અ.વ.)ની રિસાલતના કાર્યોનો બદલો ઠરાવ્યો. પછી તેં કહ્યું : “અય રસુલ! આપ કહી દો કે હું (રિસાલતના કાર્યોના) બદલામાં મારા એહલેબૈત (અ.સ.)ની મોહબ્બત સિવાય બીજો કોઈ બદલો નથી ચાહતો.” અને પછી તેં ફરમાવ્યું કે (આપ કહી દો કે) “મેં જે કોઈ બદલો તમારી પાસેથી માંગ્યો છે તે તમારાજ માટે છે.” અને તેં કહ્યું (આપ કહી દો) : “ હું તમારી પાસે બીજો કોઈ જ બદલો નથી ચાહતો

સિવાય કે જે કોઈ ચાહે તે તેના રબ તરફના રસ્તાને અપનાવી લે.”

فَكَانُوا هُمُ السَّبِيْلَ اِلَيْكَ وَ الْمَسْلَكَ اِلٰى رِضْوَانِكَ ، فَلَمَّا انْقَضَتْ اَيَّامُهٗ اَقَامَ وَلِيَّهٗ عَلِيَّ بْنَ اَبِيْ طَالِبٍ صَلَوَاتُكَ عَلَيْهِمَا وَ اٰلِهِمَا هَادِيًا ، اِذْ كَانَ هُوَ الْمُنْذِرَ وَ لِكُلِّ قَوْمٍ هَادٍ ، فَقَالَ وَ الْمَلَاُ اَمَامَهٗ مَنْ كُنْتُ مَوْلَاهُ فَعَلِيٌّ مَوْلَاهُ ، اَللّٰهُمَّ وَالِ مَنْ وَالَاهُ وَ عَادِ مَنْ عَادَاهُ وَ انْصُرْ مَنْ نَصَرَهٗ وَ اخْذُلْ مَنْ خَذَلَهٗ

આથી તેઓ ( એહલેબૈત અ.સ.) તારા સુધી પહોંચવાનો રસ્તો છે અને તારી ખુશનુદી હાસિલ કરવાનો માર્ગ છે. અને જયારે તેમનો ( રસુલ સ.અ.વ.ની નબુવ્વતનો) સમયગાળો પૂરો થયો. તેમણે હ. અલી ઇબ્ને અબી તાલિબ ( અ.સ.)ને હિદાયત માટે પોતાના વલી નિયુક્ત કર્યા. તારી રેહમત નાઝિલ થાય તે બન્ને ઉપર અને તેમની આલ ઉપર કે તેઓ ડરાવનારા અને દરેક ઉમ્મતના માટે હાદી હતા. પછી તેમણે (રસુલ સ.અ.વ. એ) એક જાહેર મજમામાં એલાન કર્યું : “જેનો હું મૌલા છું તેના અલી (અ.) પણ મૌલા છે.” “અય અલ્લાહ તું તેણે દોસ્ત રાખ કે જે અલી (અ.)ને દોસ્ત રાખે અને તેની

સાથે દુશ્મની રાખ જે અલી (અ.) સાથે દુશ્મની રાખે અને તેની મદદ કર કે જે અલી (અ.)ની મદદ કરે અને જે તેમને ત્યજી દે તેને તું ત્યજી દે."

وَ قَالَ مَنْ كُنْتُ اَنَا نَبِيَّهٗ فَعَلِيٌّ اَمِيْرُهٗ وَ قَالَ اَنَا وَ عَلِيٌّ مِّنْ شَجَرَةٍ وَّاحِدَةٍ وَ سَائِرُ النَّاسِ مِنْ شَجَرٍ شَتّٰى، وَ اَحَلَّهٗ مَحَلَّ هَارُوْنَ مِنْ مُوْسٰى ، فَقَالَ لَهٗ اَنْتَ مِنِّيْ بِمَنْزِلَةِ هَارُوْنَ مِنْ مُوْسٰى اِلَّا اَنَّهٗ لَا نَبِيَّ بَعْدِيْ ، وَ زَوَّجَهُ ابْنَتَهٗ سَيِّدَةَ نِسَاءِ الْعَالَمِيْنَ ، وَ اَحَلَّ لَهٗ مِنْ مَسْجِدِهٖ مَا حَلَّ لَهٗ ، وَ سَدَّ الْاَبْوَابَ اِلَّا بَابَهٗ ، ثُمَّ اَوْدَعَهٗ عِلْمَهٗ وَ حِكْمَتَهٗ

પછી ફરમાવ્યું કે : "જેનો હું નબી છું, અલી (અ.) તેના અમીર છે." અને ફરમાવ્યું : "હું અને અલી (અ.) બંને એક જ ઝાડમાંથી છીએ અને બીજા બધા લોકો જુદા ઝાડમાંથી છે." અને તેઓની નિસ્બત પોતાની સાથે એવી રીતે આપી જેવી રીતે હારૂન (અ.)ની નિસ્બત હઝરત મુસા (અ.) સાથે હતી. પછી તેમેણે (હઝરત રસુલે ખુદા સ.અ.વ. એ) તેમને (હઝરત અલી અ.સ. ને) ફરમાવ્યું : "તમારો દરજ્જો મારી નજદીક એવો છે જેવો હ. હારૂન (અ.)નો હ. મુસા (અ.)ની નજદીક હતો.

સિવાય એ કે મારા પછી કોઈ નબી નથી.” અને તેમને તેમની (હ. અલી અ.સ. ની) શાદી પોતાની દુખ્તર જે દુનીયાઓની સ્ત્રીઓની સરદાર છે તેમની સાથે કરી. અને તેમના માટે મસ્જીદમાં તે બધું હલાલ ઠરાવ્યું જે પોતાના ( હ. રસુલે ખુદા સ.અ.વ. ના) માટે હલાલ હતું. અને તેમના ( ઘરના) દરવાજા સિવાય બીજા બધાના ( ઘરના) દરવાજાઓ બંધ કરાવી દીધા. ( જે મસ્જીદમાં ખુલતા હતા) પછી આપ ( સ.અ.વ.)એ પોતાનું ઇલ્મ અને હિકમત તેમને અતા કર્યું

فَقَالَ اَنَا مَدِيْنَةُ الْعِلْمِ وَ عَلِيٌّ بَابُهَا فَمَنْ اَرَادَ الْمَدِيْنَةَ وَالْحِكْمَةَ فَلْيَأْتِهَا مِنْ بَابِهَا ، ثُمَّ قَالَ اَنْتَ اَخِيْ وَ وَصِيِّيْ وَ وَارِثِيْ ، لَحْمُكَ مِنْ لَحْمِيْ وَ دَمُكَ مِنْ دَمِيْ وَ سِلْمُكَ سِلْمِيْ وَ حَرْبُكَ حَرْبِيْ وَ الْاِيْمَانُ مُخَالِطٌ لَحْمَكَ وَ دَمَكَ كَمَا خَالَطَ لَحْمِيْ وَ دَمِيْ ، وَ اَنْتَ غَدًا عَلَى الْحَوْضِ خَلِيْفَتِيْ

અને પછી ફરમાવ્યું “હું ઇલ્મનું શહેર છું અને અલી (અ.) તેનો દરવાજો છે. તો પછી જે કોઈ આ શહેર (ઇલ્મ) અને હિકમતનો ઈરાદો કરે તો તેણે આ દરવાજામાંથી દાખલ થવું જોઈએ.” પછી આપ (સ.અ.વ.)એ ફરમાવ્યું : “ તમે મારા ભાઈ, મારા વસી

અને મારા વારસદાર છો.” “તમારૂં ગોશ્ત મારૂં ગોશ્ત છે.” “અને તમારૂં લોહી મારૂં લોહી છે,” “અને તમારી સુલેહ એ મારી સુલેહ છે,” “અને તમારી જંગ એ મારી જંગ છે.” “અને ઈમાન તમારા ગોશ્ત અને લોહીમાં એવી રીતે ભળી ગયું છે જેવી રીતે મારા ગોશ્ત અને લોહીમાં ભળેલું છે.” “અને કાલે હૌઝે કૌસર ઉપર તમે મારા ખલીફા હશો”

وَ اَنْتَ تَقْضِيْ دَيْنِيْ وَ تُنْجِزُ عِدَاتِيْ ، وَ شِيْعَتُكَ عَلٰى مَنَابِرَ مِنْ نُوْرٍ مُّبْيَضَّةً وُجُوْهُهُمْ حَوْلِيْ فِي الْجَنَّةِ وَ هُمْ جِيْرَانِيْ ، وَلَوْ لَا اَنْتَ يَا عَلِيُّ لَمْ يُعْرَفِ الْمُؤْمِنُوْنَ بَعْدِيْ ، وَ كَانَ بَعْدَهٗ هُدًى مِنَ الضَّلَالِ وَ نُوْرًا مِنَ الْعَمٰى وَ حَبْلَ اللّٰهِ الْمَتِيْنَ وَ صِرَاطَهُ الْمُسْتَقِيْمَ، لَا يُسْبَقُ بِقَرَابَةٍ فِيْ رَحِمٍ ، وَ لَا بِسَابِقَةٍ فِيْ دِيْنٍ ، وَ لَا يُلْحَقُ فِيْ مَنْقَبَةٍ مِنْ مَنَاقِبِهٖ يَحْذُوْ حَذْوَ الرَّسُوْلِ صَلَّى اللّٰهُ عَلَيْهِمَا وَ اٰلِهِمَا

“અને તમે મારા કર્ઝને અદા કરશો અને મારા વાયદાઓને પૂરા કરશો.” “અને તમારા શીયાઓ નૂરના મીમ્બર ઉપર (બેઠા) હશે. તેઓ પ્રકાશિત ચેહરા

સાથે જન્નતમાં મારી આજુબાજુ હશે અને મારા પાડોશી હશે.” અને (પછી કહ્યું) “અય અલી (અ.) અગર તમે ન હોતે તો મારા બાદ મોઅમિનોની ઓળખ ન થઇ શકતે.” અને તેમના ( હ. રસુલે ખુદા સ.અ.વ. ની) પછી તેઓ ( હ. અલી અ.સ.), ગુમરાહીમાં હિદાયત અને અંધકારમાં નુર છે. અને અલ્લાહની મજબૂત રસ્સી અને તેનો સીધો રસ્તો છે. ન તો કોઈ તેમના કરતાં ( પયગંબર સ .અ.વ. સાથે) સંબંધમાં વધારે નજદીક છે, અને ન તો કોઈ દીનમાં તેમના કરતા આગળ છે. અને કોઈપણ વ્યક્તિ, કોઈપણ ગુણમાં, તેમના ( અલી અ.સ. ના) ગુણોથી ચઢીયાતું બની શકતું નથી. તેઓ (અલી અ.સ.) રસૂલ ( સ.અ.વ.)ના રસ્તાને અનુસર્યા. અલ્લાહની રહમત થાય તે બંને ઉપર અને તેમની આલ ઉપર.

وَ يُقَاتِلُ عَلَى التَّأْوِيْلِ وَ لَا تَأْخُذُهٗ فِي اللّٰهِ لَوْمَةُ لَائِمٍ

، قَدْ وَتَرَ فِيْهِ صَنَادِيْدَ الْعَرَبِ وَ قَتَلَ اَبْطَالَهُمْ وَ

نَاوَشَ ذُؤْبَانَهُمْ فَاَوْدَعَ قُلُوْبَهُمْ اَحْقَادًا بَدْرِيَّةً وَّ

خَيْبَرِيَّةً وَّ حُنَيْنِيَّةً وَّ غَيْرَهُنَّ ، فَاَضَبَّتْ عَلٰى عَدَاوَتِهٖ

وَ اَكَبَّتْ عَلٰى مُنَابَذَتِهٖ حَتّٰى قَتَلَ النَّاكِثِيْنَ وَ

الْقَاسِطِيْنَ وَ الْمَارِقِيْنَ ، وَ لَمَّا قَضٰى نَحْبَهٗ وَ قَتَلَهٗ

اَشْقَى الْاٰخِرِيْنَ يَتْبَعُ اَشْقَى الْاَوَّلِيْنَ

અને તેમણે (કુરઆનની) તાવીલના આધારે જંગ કરી. અને અલ્લાહની રાહમાં તેમણે કોઈ ઠપકો આપનારના મેણા-ટોણા કે ધમકીની પરવા ન કરી. તેમણે અરબોના મોટા મોટા બહાદુરોનું ખૂન વહાવ્યું અને તેમના લડવૈયાઓને કત્લ કર્યા અને તેમન વરૂઓ (હીંસક લોકો)નું ઉપર હુમલો કર્યો. ત્યાં સુધી કે તેમણે બદ્ર, ખૈબર, હુનૈન અને બીજી જંગો કરી જેના કરને તેમના દીલો નફરત અને દુશ્મનીથી ભરાઈ ગયા.અને (તેઓ) તેમની દુશ્મનીમાં તેમની વિરુદ્ધ ઉભા થયા અને (તેઓએ) તેમના વિરુદ્ધ હુમલાઓ કર્યા. ત્યાં સુધી કે બયઅત તોડવાવાળાઓ અને ઇસ્લામની વિરુદ્ધ લડવાવાળા દુશ્મનો અને દીનથી નીકળી જવાવાળાઓને કત્લ કરી લીધા.અને જયારે તેમની ઝીન્દગીની મુદ્દત પૂરી થઇ તો આખરી દૌરના બદ્તરીન વ્યક્તિએ આપને કત્લ કરી શહીદ કર્યા. તેણે જુના દૌરના બદ્તરીન વ્યક્તિનું અનુસરણ કર્યુ.

لَمْ يُمْتَثَلْ اَمْرُ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَاٰلِهٖ فِي الْهَادِيْنَ بَعْدَ الْهَادِيْنَ وَالْاُمَّةُ مُصِرَّةٌ عَلٰى مَقْتِهٖ ، مُجْتَمِعَةٌ عَلٰى قَطِيْعَةِ رَحِمِهٖ ، وَاِقْصَاءِ وُلْدِهٖ ، اِلَّا

الْقَلِيْلَ مِمَّنْ وَفٰى لِرِعَايَةِ الْحَقِّ فِيْهِمْ ،

અને (હઝરત અલી અ.સ. અને ઇમામો અ.સ. કે) જેઓ એકની પછી એક હાદી હતા, તેમના વિષે અલ્લાહના રસુલ (સ.અ.વ.)ના હુકમનું પાલન કરવામાં ન આવ્યું. અને ઉમ્મતે તેમની વિરૂદ્ધ દુશ્મનીનો સીલસીલો ચાલુ રાખ્યો અને તેઓ તેમના (પયગમ્બર સ.અ.વ.) સાથે કત્એ રહેમ માટે અને તેમની ઓલાદને (ખીલાફતના હોદ્દા પરથી) દૂર કરી દેવા માટે ભેગા થયા, સિવાય કે બહુજ થોડા લોકો કે જેઓ એહલેબૈત (અ.સ.)ની સાથે વફાદરી કરી અને તેમના હકને અદા કરવાવાળા હતા.

فَقُتِلَ مَنْ قُتِلَ وَ سُبِيَ مَنْ سُبِيَ وَ اُقْصِيَ مَنْ اُقْصِيَ ،

وَ جَرٰى الْقَضَاءُ لَهُمْ بِمَا يُرْجٰى لَهٗ حُسْنُ الْمَثُوْبَةِ ،

اِذْ كَانَتِ الْاَرْضُ لِلّٰهِ يُوْرِثُهَا مَنْ يَّشَاءُ مِنْ عِبَادِهٖ وَ الْعَاقِبَةُ لِلْمُتَّقِيْنَ ، وَ سُبْحَانَ رَبِّنَا اِنْ كَانَ وَعْدُ رَبِّنَا لَمَفْعُوْلًا ، وَلَنْ يُخْلِفَ اللّٰهُ وَعْدَهٗ وَ هُوَ الْعَزِيْزُ الْحَكِيْمُ

પછી તેમાંથી અમુકને કત્લ કરવામાં આવ્યા, અમુકને કૈદ કરવામાં આવ્યા, અને અમુકને દેશનિકાલ

કરવામાં આવ્યા. અને આ હુકમ તેમન ઉપર જારી કરવામાં આવ્યો એટલા માટે કે તેના થકી તેમને ઉંચો દરજ્જો પ્રાપ્ત થાય . જયારે કે આ ધરતી તો અલ્લાહની છે (તો) તે પોતાના બંદાઓમાંથી જેણે ચાહે તેને પોતાનો વારસદાર બનાવે છે અને સારી આકેબત (અંત) તો મુત્તકીઓ ( પરહેઝગારો) માટેજ છે. અને પાક છે અમારો પાલનહાર. અને અમારા પલનાહારનો વાયદો જરૂર પૂરો થઈને રહેશે; અને અલ્લાહ કદીપણ પોતાના વચનથી ફરી જતો નથી. અને તે શક્તિશાળી અને હીકમતવાળો છે.

فَعَلَى الْاَطَائِبِ مِنْ اَهْلِ بَيْتِ مُحَمَّدٍ وَّ عَلِيٍّ صَلَّى اللّٰهُ

عَلَيْهِمَا وَ اٰلِهِمَا ، فَلْيَبْكِ الْبَاكُوْنَ وَ اِيَّاهُمْ

فَلْيَنْدُبِ النَّادِبُوْنَ وَ لِمِثْلِهِمْ فَلْتُذْرَفِ الدُّمُوْعُ وَ

لْيَصْرُخِ الصَّارِخُوْنَ وَ يَضِجَّ الضَّاجُّوْنَ وَ يَعِجَّ

الْعَاجُّوْنَ

તેથી હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને હ. અલી (અ.) તે બંને ઉપર અને તેમની આલ ઉપર અલ્લાહની રહમત થાય, તે બંને ઉપર અને તેમના એહલેબૈત (અ.સ.) ઉપર જે કાંઈ મુસીબતો પડી. તેથી

રડવાવાળાઓને જોઈએ કે તેમના ઉપર રડે. વિલાપ કરવાવાળાઓને જોઈએ કે ફક્ત તેમના પર જ વિલાપ કરે. અને તેમન જેવા લોકો માટે આંસુઓ વહેવા જોઈએ. અને મોટા અવાજે રડવાવાળાઓને જોઈએ કે મોટા અવાજે રડે અને ચીખ પોકારીને રડવાવાળાને જોઈએ કે ચીખ પોકારીને રડે.

اَيْنَ الْحَسَنُ اَيْنَ الْحُسَيْنُ اَيْنَ اَبْنَاءُ الْحُسَيْنِ ، صَالِحٌ بَعْدَ صَالِحٍ وَّ صَادِقٌ بَعْدَ صَادِقٍ ، اَيْنَ السَّبِيْلُ بَعْدَ السَّبِيْلِ ، اَيْنَ الْخِيَرَةُ بَعْدَ الْخِيَرَةِ ، اَيْنَ الشُّمُوْسُ الطَّالِعَةُ ، اَيْنَ الْاَقْمَارُ الْمُنِيْرَةُ ، اَيْنَ الْاَنْجُمُ الزَّاهِرَةُ ، اَيْنَ اَعْلَامُ الدِّيْنِ وَ قَوَاعِدُ الْعِلْمِ ، اَيْنَ بَقِيَّةُ اللّٰهِ الَّتِيْ لَا تَخْلُوْ مِنَ الْعِتْرَةِ الْهَادِيَةِ

ક્યાં છે હસન (અ.)? ક્યાં છે હુસૈન (અ.)? ક્યાં છે હુસૈન (અ.)ના ફરઝંદો? જેઓ સાલેહની પછી સાલેહ અને સાચાઓની પછી સાચાઓ હતા. ક્યાં છે એક પછી એક (હિદાયતના) રસ્તાઓ? ક્યાં છે એક પછી એક સર્વશ્રેષ્ઠ? ક્યાં છે ઉગતા સૂર્યો? ક્યાં છે ઝળહળતા ચાંદ? ક્યાં છે ઝગમગતા સિતારાઓ? ક્યાં

છે દિનની નિશાનીઓ અને ઈલમની બુનીયદો? ક્યાં છે એ બકીયતુલ્લાહ? જે હાદીઓના વંશમાંથી છે, જેમના વગર કોઈપણ જમીન ક્યારેય ખાલી નથી રહેતી.

اَيْنَ الْمُعَدُّ لِقَطْعِ دَابِرِ الظَّلَمَةِ، اَيْنَ الْمُنْتَظَرُ لِاِقَامَةِ الْاَمْتِ وَالْعِوَجِ، اَيْنَ الْمُرْتَجٰى لِاِزَالَةِ الْجَوْرِ وَالْعُدْوَانِ، اَيْنَ الْمُدَّخَرُ لِتَجْدِيْدِ الْفَرَائِضِ وَ السُّنَنِ، اَيْنَ الْمُتَخَيَّرُ لِاِعَادَةِ الْمِلَّةِ وَالشَّرِيْعَةِ، اَيْنَ الْمُؤَمَّلُ لِاِحْيَاءِ الْكِتَابِ وَحُدُوْدِهٖ، اَيْنَ مُحْيِيْ مَعَالِمِ الدِّيْنِ وَاَهْلِهٖ

ક્યાં છે એ કે જે ઝુલ્મને કચડી નાખવા માટે તૈયાર છે? ક્યાં છે એ કે જેઓની કપટી અને દગાખોરોને સીધા દોર કરી દેવા માટે રાહ જોવામાં આવી રહી છે. ક્યાં છે એ કે જેમનાથી ઝુલ્મ અને અન્યાયને જડમૂળમાંથી ઉખેડી નાખવાની આશા બંધાએલી છે? ક્યાં છે એ કે જેમને વાજીબાત અને સુન્નતોને પુનઃજીવીત કરવા માટે સાચવી રાખવામાં આવ્યા છે? ક્યાં છે એ જેમને મઝહબ અને શરીઅતના નવજીવન માટે પસંદ કરવામાં આવ્યા છે? ક્યાં છે એ કે કુરઆન અને તની હદોને સજીવન કરવા માટે જેમની રાહ જોવાઈ રહી

છે? ક્યાં છે ઓલુમે દીન ( દીનના ઈલ્મો) અને દીનદારોને જીવંત કરનાર?

اَيْنَ قَاصِمُ شَوْكَةِ الْمُعْتَدِيْنَ، اَيْنَ هَادِمُ اَبْنِيَةِ الشِّرْكِ وَ النِّفَاقِ، اَيْنَ مُبِيْدُ اَهْلِ الْفُسُوْقِ وَ الْعِصْيَانِ وَ الطُّغْيَانِ، اَيْنَ حَاصِدُ فُرُوْعِ الْغَيِّ وَ الشِّقَاقِ، اَيْنَ طَامِسُ اٰثَارِ الزَّيْغِ وَ الْاَهْوَاءِ، اَيْنَ قَاطِعُ حَبَائِلِ الْكِذْبِ وَ الْاِفْتِرَاءِ، اَيْنَ مُبِيْدُ الْعُتَاةِ وَ الْمَرَدَةِ، اَيْنَ مُسْتَأْصِلُ اَهْلِ الْعِنَادِ وَ التَّضْلِيْلِ وَ الْاِلْحَادِ

ક્યાં છે અત્યાચારીઓના પ્રભાવને તોડી નાખનાર? ક્યાં છે શિર્ક અને નીફાકના પાયાને જડમૂળમાંથી ઉખાડી નાખનાર? ક્યાં છે ફાસિકો, ગુનેહગારો અને બળવાખોરોને નષ્ટ કરનાર? ક્યાં છે ગુમરાહી અને વિરોધની તમામ શાખાઓને ઉખાડી ફેકનાર? ક્યાં છે ગુમરાહી અને વાસનાઓનું નામો નિશાન મિટાવી દેનાર? ક્યાં છે જુઠ અને તોહમતની ગાંઠના ટુકડે ટુકડા કરી નાખનાર? ક્યાં છે અધમ અને નાફરમાનોનો નાશ કરનાર? ક્યાં છે દુરાગ્રહીઓ, ગુમરાહો અને દીનથી ફરી જનારાઓને જડમૂળમાંથી

ઉખાડી ફેંકનાર?

اَیْنَ مُعِزُّ الْاَوْلِیَاءِ وَ مُذِلُّ الْاَعْدَاءِ، اَیْنَ جَامِعُ الْكَلِمَةِ عَلَى التَّقْوٰى، اَیْنَ بَابُ اللّٰهِ الَّذِیْ مِنْهُ یُؤْتٰى، اَیْنَ وَجْهُ اللّٰهِ الَّذِیْ اِلَیْهِ یَتَوَجَّهُ الْاَوْلِیَاءُ، اَیْنَ السَّبَبُ الْمُتَّصِلُ بَیْنَ الْاَرْضِ وَ السَّمَاءِ، اَیْنَ صَاحِبُ یَوْمِ الْفَتْحِ وَ نَاشِرُ رَایَةِ الْهُدٰى، اَیْنَ مُؤَلِّفُ شَمْلِ الصَّلَاحِ وَ الرِّضَا،

ક્યાં છે દોસ્તોને ઇઝ્ઝત આપનાર અને દુશ્મનોને ઝલીલ કરનાર? ક્યાં છે લોકોને તકવાની બુનિયાદ ઉપર એકઠાં કરનાર? ક્યાં છે એ બાબુલ્લાહ (અલ્લાહનો દરવાજો) કે જેમાંથી દાખલ થવાય છે? ક્યાં છે એ વજહુલ્લાહ (અલ્લાહનો ચેહરો) કે જેમની તરફ દોસ્તો પોતાને રજુ કરે છે? ક્યાં છે ઝમીન અને આસમાનની વચ્ચે સંપર્કનું માધ્યમ? ક્યાં છે ફત્હના દિવસના માલિક અને હિદાયતનો પરચમ ફરકાવનાર? ક્યાં છે નેકીઓ અને પસંદ કરવાને લાયક ચીજોને ભેગી કરનાર?

اَیْنَ الطَّالِبُ بِذُحُوْلِ الْاَنْبِیَاءِ وَ اَبْنَاءِ الْاَنْبِیَاءِ،

اَیْنَ الطَّالِبُ بِدَمِ الْمَقْتُوْلِ بِکَرْبَلَاءَ، اَیْنَ

الْمَنْصُوْرُ عَلٰی مَنِ اعْتَدٰی عَلَیْهِ وَ افْتَرٰی، اَیْنَ

الْمُضْطَرُّ الَّذِيْ یُجَابُ اِذَا دَعَا، اَیْنَ صَدْرُ الْخَلَائِقِ

ذُو الْبِرِّ وَ التَّقْوٰی، اَیْنَ ابْنُ النَّبِيِّ الْمُصْطَفٰی وَ ابْنُ

عَلِيٍّ نِ الْمُرْتَضٰی وَ ابْنُ خَدِیْجَةَ الْغَرَّاءِ وَ ابْنُ فَاطِمَةَ

الْکُبْرٰی، بِاَبِيْ اَنْتَ وَ اُمِّيْ وَ نَفْسِيْ لَکَ الْوِقَاءُ وَ

الْحِمٰی

ક્યાં છે નબીઓ અને તેમની ઓલાદના ખુનનો બદલો લેનાર? ક્યાં છે કરબલાના શહીદોના ખુનનો બદલો લેનાર? ક્યાં છે એ લોકો ઉપર કામયાબ થનાર કે જેઓએ તેમના પર ઝુલ્મ કર્યા અને તોહમત લગાડી? ક્યાં છે એ બેકરાર કે જયારે તે દુઆ કરે તો તેમની દુઆ કબુલ થાય છે? ક્યાં છે નેક લોકો અને પરહેઝગારોના સરદાર? ક્યાં છે પસંદ કરાયેલ નબી (હ. મોહમ્મદ મુસ્તફા સ.અ.વ.)ના ફરઝંદ? અને અલી એ મુર્તુઝા (અ.)ના ફરઝંદ? અને માનનીય ખાદીજા ( સ.અ.)ના ફરઝંદ? અને ફાતેમતલ કુબરા

(સ.અ.)ના ફરઝંદ? મારા મા-બાપ અને મારી જાન આપની સલામતી અને રક્ષણ માટે કુરબાન થાય.

يَا ابْنَ السَّادَةِ الْمُقَرَّبِيْنَ ، يَا ابْنَ النُّجَبَاءِ الْاَكْرَمِيْنَ ، يَا ابْنَ الْهُدَاةِ الْمَهْدِيِّيْنَ ، يَا ابْنَ الْخِيَرَةِ الْمُهَذَّبِيْنَ ، يَا ابْنَ الْغَطَارِفَةِ الْاَنْجَبِيْنَ ، يَا ابْنَ الْاَطَائِبِ الْمُطَهَّرِيْنَ ، يَا ابْنَ الْخَضَارِمَةِ الْمُنْتَجَبِيْنَ ، يَا ابْنَ الْقَمَاقِمَةِ الْاَكْرَمِيْنَ ، يَا ابْنَ الْبُدُوْرِ الْمُنِيْرَةِ ، يَا ابْنَ السُّرُجِ الْمُضِيْئَةِ ، يَا ابْنَ الشُّهُبِ الثَّاقِبَةِ ، يَا ابْنَ الْاَنْجُمِ الزَّاهِرَةِ ،

અય અલ્લાહ તઆલાના ખૂબજ નજીક અને સરદારોના ફરઝંદ! અય ઈઝઝતો ઇકરામ ધરાવનારના ફરઝંદ! અય ચૂંટાએલા અને પાક રખાએલાઓના ફરઝંદ! અય સૌથી વધુ શરીફ બુઝુર્ગોના ફરઝંદ! અય પાકીઝા અને તય્યબ હઝરાતના ફરઝંદ! અય પસંદ કરાએલા સખીઓના ફરઝંદ! અય ઉદાર અને સન્માનીતના ફરઝંદ! અય ચમકતા ચંદ્રોના ફરઝંદ! અય રોશન ચિરાગના ફરઝંદ! અય ઝળહળતા ચિરાગોના ફરઝંદ! અય ઝગમગતા સિતારાઓના ફરઝંદ!

يَا ابْنَ السُّبُلِ الْوَاضِحَةِ ، يَا ابْنَ الْاَعْلَامِ اللَّائِحَةِ

، يَا ابْنَ الْعُلُومِ الْكَامِلَةِ ، يَا ابْنَ السُّنَنِ

الْمَشْهُورَةِ ، يَا ابْنَ الْمَعَالِمِ الْمَأْثُورَةِ ، يَا ابْنَ

الْمُعْجِزَاتِ الْمَوْجُودَةِ ، يَا ابْنَ الدَّلَائِلِ الْمَشْهُودَةِ

يَا ابْنَ الصِّرَاطِ الْمُسْتَقِيمِ ، يَا ابْنَ النَّبَإِ الْعَظِيمِ

، يَا ابْنَ مَنْ هُوَ فِيْ اُمِّ الْكِتَابِ لَدَى اللهِ عَلِيٌّ حَكِيمٌ

અય સ્પષ્ટ રસ્તાઓના ફરઝંદ! અતી સ્પષ્ટ નીશાનીઓના ફરઝંદ! અય સંપૂર્ણ (ઇલાહી) ઈલ્મના ફરઝંદ! અય મશ્હૂર સુન્નતોના ફરઝંદ! અય વર્ણવાયેલ નીશાનીઓના ફરઝંદ! અય મૌજુદ મોઅજીઝાઓના ફરઝંદ! અય રોશન દલીલોના ફરઝંદ! અય સિરાતે મુસ્તકીમ ( સીધા રસ્તા)ના ફરઝંદ! અય મહાન ખબરોના ફરઝંદ! અય તેના ફરઝંદ જે ઉમ્મુલ કિતાબમાં પોતાની નજિક ઘણા જ ઉંચા અને હિકમતવાળા છે!

يَا ابْنَ الْاٰيَاتِ وَ الْبَيِّنَاتِ ، يَا ابْنَ الدَّلَائِلِ

الظَّاهِرَاتِ ، يَا ابْنَ الْبَرَاهِيْنِ الْوَاضِحَاتِ

اَلْبَاهِرَاتِ، يَا ابْنَ الْحُجَجِ الْبَالِغَاتِ ، يَا ابْنَ
النِّعَمِ السَّابِغَاتِ، يَا ابْنَ طٰهٰ وَالْمُحْكَمَاتِ، يَا ابْنَ
يٰسٓ وَالذَّارِيَاتِ ، يَا ابْنَ الطُّوْرِ وَالْعَادِيَاتِ

અય નિશાનીઓ અને સ્પષ્ટ પુરાવાઓના ફરઝંદ! અય જાહેર દલીલોના ફરઝંદ! અય ખુલ્લી સાબિતી અને સ્પષ્ટ પુરાવાના ફરઝંદ! અય સંપુર્ણ હુજ્જતોના ફરઝંદ! અય ખુદાની વિપુલ નેઅમતોના ફરઝંદ! અય તાહા અને મજબુત નીશાનીઓના ફરઝંદ! અય યા'સીન અને ઝારેયાતના ફરઝંદ! અય તૂર અને આદેયાતના ફરઝંદ!

يَا ابْنَ مَنْ دَنَا فَتَدَلّٰى فَكَانَ قَابَ قَوْسَيْنِ اَوْ اَدْنٰى
دُنُوًّا وَّ اقْتِرَابًا مِنَ الْعَلِيِّ الْاَعْلٰى ، لَيْتَ شِعْرِيْ اَيْنَ
اسْتَقَرَّتْ بِكَ النَّوٰى ، بَلْ اَيُّ اَرْضٍ تُقِلُّكَ اَوْ ثَرٰى ،
اَبِرَضْوٰى اَوْ غَيْرِهَا اَمْ ذِيْ طُوًى ، عَزِيْزٌ عَلَيَّ اَنْ
اَرَى الْخَلْقَ وَلَا تُرٰى وَلَا اَسْمَعَ لَكَ حَسِيْسًا وَّ لَا
نَجْوٰى ، عَزِيْزٌ عَلَيَّ اَنْ تُحِيْطَ بِكَ دُوْنِيَ الْبَلْوٰى وَلَا
يَنَالَكَ مِنِّيْ ضَجِيْجٌ وَّ لَا شَكْوٰى

અય તેમના ફરઝંદ કે જે (શબે મેઅરાજ) અલ્લાહની નઝદીકીમાં વધતા ગયા અને પછી તેઓ નીચે જુક્યા પછી અલીય્યુલ અઅલા ( અલ્લાહ) થી બે કમાન અથવા તેનાથી પણ વધુ નજીક હતા! અય કાશ કે હું જાણી શકતે કે આપનું રહેઠાણ કેટલું દૂર છે? અથવા તે કઈ જમીન છે કે જે આપના અસ્તિત્વથી સરફરાઝ છે? શું તે ‘ રઝવા’નો પહાડ છે કે પછી ‘ વાદીએ ઝીતોવા’ અથવા તો બીજી કોઈ જમીન? મારા માટે એટલું અસહ્ય છે કે હું દરેક વસ્તુને તો જોઈ શકું છું પણ આપના દીદારથી મહેરૂમ રહું છું. અને તમને હું ન તો મોટા અવાજમાં કે ન તો એકાંતમાં સાંભળી શકું છું. મારા માટે તે કેટલું અસહ્ય છે કે બલાઓ મારા બદલે આપને ઘેરી લે છે અને મારૂં આક્રંદ અને ફરિયાદ તમારા સુધી નથી પહોંચતી.

بِنَفْسِيْ اَنْتَ مِنْ مُغَيَّبٍ لَمْ يَخْلُ مِنَّا بِنَفْسِيْ اَنْتَ مِنْ نَازِحٍ مَا نَزَحَ عَنَّا بِنَفْسِيْ اَنْتَ اُمْنِيَّةُ شَائِقٍ يَتَمَنّٰى مِنْ مُؤْمِنٍ وَّ مُؤْمِنَةٍ ذَكَرَا فَحَنَّا بِنَفْسِيْ اَنْتَ مِنْ عَقِيْدِ عِزٍّ لَا يُسَامٰى،

મારી જાન આપના ઉપર કુરબાન થાય, આપ ગાયબ છો પણ અમારી વચ્ચેથી કદી બહાર નથી ગયા. મારી જાન આપના ઉપર કુરબાન થાય, આપ દૂર છો પણ

અમારાથી કઈ દૂર નથી થતા. મારી જાન આપના પર કુરબાન, આપ દરેક ચાહનારાઓની આરઝુ છો. દરેક મોઅમીન અને મોઅમેનાત આપની તમન્ના રાખે છે અને આપને યાદ કરે છે અને આપના માટે લાગણી વ્યક્ત કરે છે. મારી જાન આપના ઉપર નિસાર, આપ ઈઝઝતના મોહાફીઝ છો જેની બરાબરી નથી થઇ શકતી.

بِنَفۡسِيۡ اَنۡتَ مِنۡ اَثِيۡلِ مَجۡدٍ لَا يُجَارٰى ، بِنَفۡسِيۡ اَنۡتَ مِنۡ تِلَادِ نِعَمٍ لَا تُضَاهٰى ، بِنَفۡسِيۡ اَنۡتَ مِنۡ نَصِيۡفِ شَرَفٍ لَا يُسَاوٰى ، اِلٰى مَتٰى اَحَارُ فِيۡكَ يَا مَوۡلَايَ ، وَاِلٰى مَتٰى وَاَيَّ خِطَابٍ اَصِفُ فِيۡكَ وَاَيَّ نَجۡوٰى

મારી જાન આપના ઉપર ફિદા થાય, આપ એવી ખરી ભવ્યતાવાળા છો જેની સરખામણી થઇ શકતી નથી. મારી જાન આપના ઉપર કુરબાન, આપ એવી કદીમ નેઅમતમાંથી છો જેની કોઈ મીસાલ નથી. મારી જાન આપના ઉપર નિસાર, આપ એવા શરફ અને બુઝુર્ગીવાળા છો જેમની બરોબરી અશક્ય છે. અય મૌલા, ક્યાં સુધી હું આપના માટે વ્યાકુળ રહું? અને ક્યાં સુધી અને આપના બારામાં કઈ સિફતો વડે હું

આપને સંબોધન કરૂં અને કેવી રીતે હું (આપની સાથે) દીલના ભેદની વાતો કરૂં

عَزِيْزٌ عَلَيَّ اَنْ اُجَابَ دُوْنَكَ وَ اُنَاغٰى، عَزِيْزٌ عَلَيَّ اَنْ اَبْكِيَكَ وَ يَخْذُلَكَ الْوَرٰى، عَزِيْزٌ عَلَيَّ اَنْ يَجْرِيَ عَلَيْكَ دُوْنَهُمْ مَا جَرٰى ، هَلْ مِنْ مُعِيْنٍ فَاُطِيْلَ مَعَهُ الْعَوِيْلَ وَالْبُكَاءَ ، هَلْ مِنْ جَزُوْعٍ فَاُسَاعِدَ جَزَعَهٗ اِذَا خَلَا ، هَلْ قَذِيَتْ عَيْنٌ فَسَاعَدَتْهَا عَيْنِي عَلَى الْقَذٰى ،

મારા માટે એ વાત અસહ્ય છે કે આપના સિવાય બીજાઓ મને જવાબ આપે મારા માટે એ ખૂબજ દુઃખદાયક વાત છે કે હું આપના માટે રડું જયારે કે માનવજાત આપને ત્યજી દે. મારા માટે એ ખૂબજ કષ્ટદાયક છે કે એ બધી મુસીબતો આપના ઉપર પડે છે, જે બીજાઓ ઉપર પડે છે. છે કોઈ મદદગાર કે જેની સાથે હું મારા રૂદન અને વિલાપને લંબાવી શકું? છે કોઈ (આપને યાદ કરીને) રડવાવાળો? કે જયારે તે એકલો રડે તો હું તેની સાથે જોડાઈ જાઉં. છે કોઈ એવી આંખ કે જે (આપના વિયોગમાં) બેચૈન થઇ ગઈ હોય જેથી મારી આંખ તેની હમદર્દ બને?

هَلْ اِلَيْكَ يَا ابْنَ اَحْمَدَ سَبِيْلٌ فَتُلْقٰى ، هَلْ يَتَّصِلُ

يَوْمُنَا مِنْكَ بِعِدَةٍ فَنَحْظٰى ، مَتٰى نَرِدُ مَنَاهِلَكَ

الرَّوِيَّةَ فَنَرْوٰى ، مَتٰى نَنْتَقِعُ مِنْ عَذْبِ مَائِكَ فَقَدْ

طَالَ الصَّدٰى ، مَتٰى نُغَادِيْكَ وَ نُرَاوِحُكَ فَنُقِرَّ عَيْنًا

مَتٰى تَرَانَا وَ نَرَاكَ ،

અય ઇબ્ને એહમદ (અ.)! શું કોઈ રસ્તો છે કે આપની સાથે મુલાકાત થાય? શું અમારો આ ( જુદાઈનો) દિવસ (આપને મળવાની) ખુશખબરીના દિવસ સાથે જોડાઈ જશે? કે અમને આપના દીદાર નસીબ થાય? ક્યારે અમે આપના એ સૈરાબ કરનારા ઝરણા ઉપર હાજર થશું? જેના થકી અમો અમારી તરસને (તમારા દીદારની) બુજાવી શકીશું? ક્યારે અમે આપના ઝરણાના મધુર પાણીથી ફાયદો મેળવીશું? પ્યાસ તો બહુજ લંબાણી છે. ક્યારે અમો આપની સાથે સવાર અને સાંજ વીતાવીશું અને આપના દીદારથી અમારી આંખોને સુકૂન (ઠંડક) પહોંચાડશું? ક્યારે આપ અમને જોશો અને અમે આપને જોઈશું?

وَ قَدْ نَشَرْتَ لِوَاءَ النَّصْرِ تُرٰى ، اَتَرَانَا نَحُفُّ بِكَ وَ

اَنْتَ تَؤُمُّ الْمَلَاَ وَ قَدْ مَلَأْتَ الْاَرْضَ عَدْلًا ، وَ اَذَقْتَ

اَعْدَاءَكَ هَوَانًا وَّ عِقَابًا وَّ اَبَرْتَ الْعُتَاةَ وَ جَحَدَةَ الْحَقِّ وَ قَطَعْتَ دَابِرَ الْمُتَكَبِّرِيْنَ وَ اجْتَثَثْتَ اُصُوْلَ الظَّالِمِيْنَ،

અને આપ વિજયનો પરચમ ( અલમ) લહેરાવતા નજરે પડશો? આપ અમને આપની ફરતે ભેગા થયેલા જોશો અને આપ બધા લોકોની ઇમામત કરી રહ્યા હશો. જયારે આપે જમીનને અદ્લો-ઇન્સાફથી ભરી દીધી હશે અને આપના દુશ્મનોને ઝીલ્લત અને અઝાબનો સ્વાદ ચખાડી દીધો હશે. અને આપે બળવાખોરો અને હકનો ઇનકાર કરનારાઓનો નાશ કરી દીધો હશે અને ઘમંડીઓના સિલસિલાને કાપી નાખ્યો હશે અને ઝાલીમોના મૂળિયા ઉખાડી ફેંક્યા હશે.

وَ نَحْنُ نَقُوْلُ اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعَالَمِيْنَ ، اَللّٰهُمَّ اَنْتَ كَشَّافُ الْكُرَبِ وَالْبَلْوٰى ، وَاِلَيْكَ اَسْتَعْدِيْ فَعِنْدَكَ الْعَدْوٰى ، وَ اَنْتَ رَبُّ الْاٰخِرَةِ وَ الدُّنْيَا ، فَاَغِثْ يَا غِيَاثَ الْمُسْتَغِيْثِيْنَ عُبَيْدَكَ الْمُبْتَلٰى

અને પછી અમે કહી રહ્યા હશું : “ સઘળા વખાણ દુનીયાઓના પાલનહાર અલ્લાહના માટે છે” અય

અલ્લાહ! તુંજ દુઃખો અને બલાઓને દૂર કરનારો છે. અને તારી બરગાહમાં હું ફરિયાદ કરૂં છું અને તારી પાસેજ આશ્રય સ્થાન છે; અને તુજ દુનિયા અને આખેરતનો પાલનહાર છે. પછી ફરીયાદને પહોંચ, અય ફરીયાદીઓની ફરીયાદને સાંભળનાર, મુસીબતમાં ફસાએલા તારા બંદાઓની ફરીયાદને દૂર કર.

وَ اَرِهِ سَيِّدَهٗ يَا شَدِيْدَ الْقُوٰى وَ اَزِلْ عَنْهُ بِهِ الْاَسٰى وَ الْجَوٰى، وَ بَرِّدْ غَلِيْلَهٗ يَا مَنْ عَلَى الْعَرْشِ اسْتَوٰى ، وَ مَنْ اِلَيْهِ الرُّجْعٰى وَ الْمُنْتَهٰى. اَللّٰهُمَّ وَ نَحْنُ عَبِيْدُكَ التَّآئِقُوْنَ اِلٰى وَلِيِّكَ الْمُذَكِّرِ بِكَ وَ بِنَبِيِّكَ ، خَلَقْتَهٗ لَنَا عِصْمَةً وَّ مَلَاذًا وَّ اَقَمْتَهٗ لَنَا قِوَامًا وَّ مَعَاذًا ، وَ جَعَلْتَهٗ لِلْمُؤْمِنِيْنَ مِنَّا اِمَامًا ، فَبَلِّغْهُ مِنَّا تَحِيَّةً وَّ سَلَامًا.

અય બહુજ શક્તિશાળી! તું તારા આ બંદાને તેના સરદાર અને આકાનો દીદાર કરાવ. અને તેમના (ઈમામ અ.સ.ના) થકી તેના (આ બંદાના) દુઃખ અને દર્દને દૂર કરી દે. અને તેના દિલની આગને ઠંડી કરી દે, અય અર્શ ઉપર હુકુમત ધરાવવાવાળા અને જેની

તરફ પાછું ફરવાનું છે અને તેની તરફ જ અંત છે. અય અલ્લાહ અમે તારા નાચીઝ ( તુચ્છ) બંદાઓ છીએ, તારા એ વલીના દીદારના તલબગાર છીએ, કે જે તારી અને તારા નબીની યાદ અપાવે છે. તે એમને અમારા માટે (અમારા દીનના) રક્ષક અને નીગેહદાર બનાવ્યા અને અમારા માટે સહારો અને પનાહનો ઝરીયો બનાવ્યો. અને તે એમને અમો જે મોઅમીનો છે તેના માટે ઈમામ બનાવ્યા. તો પછી તું એમની ખીદમતમાં અમારી શુભેચ્છા (તહીય્યત) અને સલામ પહોંચાડી દે.

وَ زِدْنَا بِذٰلِكَ يَا رَبِّ اِكْرَامًا وَّ اجْعَلْ مُسْتَقَرَّهٗ لَنَا مُسْتَقَرًّا وَّ مُقَامًا ، وَ اَتْمِمْ نِعْمَتَكَ بِتَقْدِيْمِكَ اِيَّاهُ اَمَامَنَا حَتّٰى تُوْرِدَنَا جِنَانَكَ وَ مُرَافَقَةَ الشُّهَدَاءِ مِنْ خُلَصَائِكَ

અને આ (સલામ)ના કારણેને અમારી ઈઝઝતમાં અને ઇકરામમાં વધારો કર. અય અમારા પરવરદિગાર! અને એમના રહેઠાણને અમારૂં રહેઠાણ અને રહેવાની જગ્યા બનાવી દે. અને તેમની ઈમામતના થકી અમારા ઉપર તારી નેઅમતોને સંપુર્ણ કરી દે. ત્યાં સુધી કે તું અમને તારી જન્નતમાં દાખલ કરી દે અને અમને તારા મુખ્લીસ બંદાઓમાંથી જે શહીદો છે

તેમનો સાથ અતા કર.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ ، وَ صَلِّ عَلٰى مُحَمَّدٍ جَدِّهٖ وَ رَسُوْلِكَ السَّيِّدِ الْاَكْبَرِ، وَ عَلٰى اَبِيْهِ السَّيِّدِ الْاَصْغَرِ وَ جَدَّتِهِ الصِّدِّيْقَةِ الْكُبْرٰى فَاطِمَةَ بِنْتِ مُحَمَّدٍ وَّ عَلٰى مَنِ اصْطَفَيْتَ مِنْ اٰبَائِهِ الْبَرَرَةِ ، وَ عَلَيْهِ اَفْضَلَ وَ اَكْمَلَ وَ اَتَمَّ وَ اَدْوَمَ وَ اَكْثَرَ وَ اَوْفَرَ مَا صَلَّيْتَ عَلٰى اَحَدٍ مِنْ اَصْفِيَائِكَ وَ خِيَرَتِكَ مِنْ خَلْقِكَ ،

અય અલ્લાહ, મોહમ્મદ ( સ.અ.વ.) અને અલે મોહમ્મદ (સ.અ.વ.) ઉપર સલવાત નાઝિલ કર. અને દુરૂદ નાઝિલ કર એમના જદ્ અને તારા રસૂલ મોહમ્મદ (સ.અ.વ.) ઉપર કે જે મોટા સૈયદ (સરદાર) છે. અને તેમન પિતા (અલી અ.સ.) ઉપર કે જે નાના સૈયદ ( સરદાર) છે. અને એમના દાદી, જ. ફાતેમા (સ.અ.) કે જે મોહમ્મદ ( સ.અ.વ.)ના દુખ્તર સીદ્દીકતુલ કુબરા છે. અને એમના નેક બાપ દાદાઓ જેમને તે ચુંટી કાઢ્યા છે એમના ઉપર પણ સલવાત નાઝિલ કર. અને ખુદા એમની ( ઈમામ અ.સ.ની) ઉપર ઉત્તમ, બધી રીતે સંપૂર્ણ અને તમામ, અને

હંમેશા બાકી રહેવાવાળી, ખૂબજ અને ભરપૂર રહેમતો નાઝિલ કર કે જે કઈ તે તારી મખ્લુકમાંથી તારા પસંદ કરેલા ખાસ અને શ્રેષ્ઠ બંદાઓ ઉપર નાઝિલ કરી છે.

وَ صَلِّ عَلَيْهِ صَلاةً لَا غَايَةَ لِعَدَدِهَا وَ لَا نِهَايَةَ لِمَدَدِهَا وَ لَا نَفَادَ لِاَمَدِهَا . اَللّٰهُمَّ وَ اَقِمْ بِهِ الْحَقَّ وَ اَدْحِضْ بِهِ الْبَاطِلَ وَ اَدِلْ بِهِ اَوْلِيَاءَكَ وَ اَذْلِلْ بِهِ اَعْدَاءَكَ . وَ صِلِ اللّٰهُمَّ بَيْنَنَا وَ بَيْنَهُ وُصْلَةً تُؤَدِّي اِلٰى مُرَافَقَةِ سَلَفِهِ

અને એમના ઉપર એવી સલવાત મોકલ કે જે ગણી ન શકાય અને જેની વિશાળતાનો અંત ન હોય અને જેની મુદ્દત કદી ખતમ ન થાય. અય અલ્લાહ! એમના થકી હકને સ્થાપિત કરી દે. અને એમના થકી બાતિલનો નાશ કરી દે. અને એમના થકી તારા દોસ્તોને બલંદી અતા ફરમાવ. અને એમના થકી તારા દુશ્મનોને ઝલીલ (અપમાનિત) કર. અને અય અલ્લાહ અમારા અને એમાંન દરમ્યાન એવા સંબંધ કાયમ કર જે અમને તેમના બુઝુર્ગોના સંગાથનું બહુમાન (ઇઝ્ઝત) અતા કરે.

وَ اجْعَلْنَا مِمَّنْ يَأْخُذُ بِحُجْزَتِهِمْ وَ يَمْكُثُ فِيْ ظِلِّهِمْ

وَ اَعِنَّا عَلٰى تَأْدِيَةِ حُقُوْقِهٖ اِلَيْهِ وَ الْاِجْتِهَادِ فِيْ طَاعَتِهٖ

وَ اجْتِنَابِ مَعْصِيَتِهٖ ، وَ امْنُنْ عَلَيْنَا بِرِضَاهُ وَ هَبْ

لَنَا رَأْفَتَهٗ وَ رَحْمَتَهٗ وَ دُعَائَهٗ وَ خَيْرَهٗ مَا نَنَالُ بِهٖ سَعَةً

مِّنْ رَحْمَتِكَ وَ فَوْزًا عِنْدَكَ وَ اجْعَلْ صَلَاتَنَا بِهٖ

مَقْبُوْلَةً وَّ ذُنُوْبَنَا بِهٖ مَغْفُوْرَةً ،

અને અમારો તે લોકોમાં શુમાર કર જે તેમના દામનથી જોડાએલા છે અને જે તેમના છાયામાં પનાહ લે છે. અને અમને એમના હક અદા કરવામાં, એમની ઇતાઅતની કોશીશ કરવામાં અને એમની નાફરમાનીથી બચવામાં અમારી મદદ કર, અને અમારા ઉપર એ એહસાન કર કે એમની ખુશનુદી હાસિલ થઇ જાય અને અમને એમની મહેરબાની, રહમત, એમની દુઆ અને એમની નેકીઓ અતા કર. જેથી કરીને તેમના દ્વારા તારી રહમતની વિશાળતા મેળવીએ અને તારી નજીક સફળતા મેળવીએ. અને એમના વાસ્તાથી અમારી નમાઝોને કબુલ કર, અને એમના વાસ્તાથી અમારા ગુનાહોને માફ કર.

وَ دُعَاءَنَا بِهٖ مُسْتَجَابًا وَ اجْعَلْ اَرْزَاقَنَا بِهٖ

مَبْسُوْطَةً وَّ هُمُوْمَنَا بِهٖ مَكْفِيَّةً وَّ حَوَائِجَنَا بِهٖ

مَقْضِيَّةً وَّ اَقْبِلْ اِلَيْنَا بِوَجْهِكَ الْكَرِيْمِ وَ اقْبَلْ

تَقَرُّبَنَا اِلَيْكَ وَ انْظُرْ اِلَيْنَا نَظْرَةً رَحِيْمَةً نَسْتَكْمِلُ

بِهَا الْكَرَامَةَ عِنْدَكَ ، ثُمَّ لَا تَصْرِفْهَا عَنَّا بِجُوْدِكَ وَ

اسْقِنَا مِنْ حَوْضِ جَدِّهٖ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَ اٰلِهٖ بِكَأْسِهٖ وَ

بِيَدِهٖ ، رَيًّا رَوِيًّا هَنِيْئًا سَائِغًا ، لَا ظَمَاَ بَعْدَهٗ ، يَا

اَرْحَمَ الرَّاحِمِيْنَ .

અને એમના વાસ્તાથી અમારી દોઆઓને કબુલ કર. અને એમના વાસ્તાથી અમારી રોઝીમાં વિશાળતા અતા કર, અને એમના વાસ્તાથી અમારા ગમો (દુ:ખો)ને દૂર કર. અને એમના વાસ્તાથી અમારી હાજતોને પૂરી કર. અને તારો કરીમ ચેહરો અમારી તરફ ફેરવી દે. અને તારી તરફ અમારી નજદીકીને કબુલ કરી લે. અને અમારા તરફ રહમતની નજર ફરમાવ, જેના થકી તારી નજદીક અમારી ઇઝ્ઝત (માન) સંપૂર્ણ થાય. પછી કદી પણ તારી ઉદારતા (કરમ)થી અમને વંચિત ન રાખજે. અને એમના (ઈમામ અ.સ.ના) જદ્ ( નબી સ.અ.વ.)ના હૌઝથી અમારી તરસને બુજાવી દે, તેમના જ પ્યાલા વડે અને તેમના જ મુબારક હાથે. એક મીઠું, ઠંડુ, ચોખ્ખું, મનપસંદ પીણું (પીવડાવ) કે જેના પછી ક્યારેય પણ

પ્યાસનો અહેસાસ ન થાય. અય રહેમ કરનારાઓમાં શ્રેષ્ઠ રહેમ કરનાર.

અગર દુઆએ નુદબહને ઈદના દિવસે પઢી રહ્યા હોય તો દુઆ પઢયા પછી સજદામાં જાય અને કહે :

اَعُوْذُ بِكَ مِنْ نَارٍ حَرُّهَا لَا يُطْفٰى وَ جَدِيْدُهَا لَا يَبْلٰى وَ عَطْشَانُهَا لَا يَرْوٰى

તારી પનાહ માંગુ છું જહન્નમની આગથી કે જેની ગરમી ક્યારેય ઓછી થતી નથી, અને જે આગની સખ્તાઈ જૂની નથી થતી, અને તે આગની તરસ ક્યારેય દૂર નથી થતી.

અને પછી જમણા ગાલને સજદા ઉપર રાખી આ દુઆ પઢે,

اِلَهِيْ لَا تُقَلِّبْ وَجْهِيْ فِي النَّارِ بَعْدَ سُجُوْدِيْ وَ تَعْفِيْرِيْ لَكَ بِغَيْرِ مَنٍّ مِنِّيْ عَلَيْكَ بَلْ لَكَ الْمَنُّ عَلَيَّ

અય મારા અલ્લાહ, મારા ચેહરાને આગમાં ફેરવ્યા ફેરવ કરજે નહીં જયારે કે મારા સજદાઓ અને મારા ચેહરાને માટી ઉપર રાખવું ફક્ત તારી માટે હતું કે જેમાં તારી ઉપર મારો કોઈ એહસાન નથી, બલ્કે તારો એહસાન મારી ઉપર છે.

અને પછી ડાબા ગાલને સજદા ઉપર રાખી આ દુઆ

પઢે,

اِرْحَمْ مَنْ اَسَاءَ وَاقْتَرَفَ وَاسْتَكَانَ وَاعْتَرَفَ

તું રહેમ કર તેની ઉપર કે જેણે બુરાઈ કરી, નાફરમાની કરી, જે લાચાર છે અને જેણે તેનો સ્વીકાર કર્યો છે.

અને પછી સજદાની હાલતમાં પાછો આવી જાય અને કહે

اِنْ كُنْتُ بِئْسَ الْعَبْدُ فَاَنْتَ نِعْمَ الرَّبُّ ، عَظُمَ الذَّنْبُ مِنْ عَبْدِكَ فَلْيَحْسُنِ الْعَفْوُ مِنْ عِنْدِكَ ، يَا كَرِيْمُ

અગર હું એક ખરાબ બંદો છું તો પણ તું તો ખરેખર સારો પાલનહાર છે. તારા બંદાથી મોટા મોટા ગુનાહો થયા છે, તો તારી તરફથી મળતી માફી કેટલી સારી છે, અય ઘણોજ ઉદાર

અને ૧૦૦ વખત કહે

اَلْعَفْوَ الْعَفْوَ

મને માફ કર, મને માફ કર

## દુઆએ મકારેમુલ અખલાક

શ્રેષ્ઠ અખ્લાક માટે ઈમામ સજ્જાદ (અ.)ની દુઆ જે સહીફએ સજ્જાદીય્યાહ ની દુઆ નંબર ૨૦ છે.

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ ، اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِهٖ ، وَ بَلِّغۡ بِاِيۡمَانِيۡۤ اَكۡمَلَ الۡاِيۡمَانِ ، وَ اجۡعَلۡ يَقِيۡنِيۡۤ اَفۡضَلَ الۡيَقِيۡنِ ، وَ انۡتَهِ بِنِيَّتِيۡۤ اِلٰى اَحۡسَنِ النِّيَّاتِ ، وَ بِعَمَلِيۡۤ اِلٰى اَحۡسَنِ الۡاَعۡمَالِ .

اَللّٰهُمَّ وَفِّرۡ بِلُطۡفِكَ نِيَّتِيۡ ، وَ صَحِّحۡ بِمَا عِنۡدَكَ يَقِيۡنِيۡ ، وَ اسۡتَصۡلِحۡ بِقُدۡرَتِكَ مَا فَسَدَ مِنِّيۡ.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર રહમત નાઝિલ કર , મારી શ્રદ્ધા (ઈમાન)ને સંપૂર્ણતા તરફ પ્રગતિ અર્પણ કર , મારી માન્યતાને સર્વશ્રેષ્ઠ માન્યતા બનાવ, મારી નિયતને સારી નિયતોમાંથી શ્રેષ્ઠ અને બેહતરીન અમલોને મારૂં ચાલચલણ બનાવ. અય અલ્લાહ ! મારી સારી નિયતોમાંથી વધારો અતા કર , તારા ઉપર મારી શ્રદ્ધાને દ્રઢ બનાવ અને મારામાં જે ખરાબીઓ (નબળાઈ) આવી ગઈ છે તેમાં તારી કુદરતથી

સુધારો અતા કર.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِهٖ ، وَ اكْفِنِيْ مَا يَشْغَلُنِيْ
الْاِهْتِمَامُ بِهٖ ، وَ اسْتَعْمِلْنِيْ بِمَا تَسْاَلُنِيْ غَدًا عَنْهُ ، وَ
اسْتَفْرِغْ اَيَّامِيْ فِيْمَا خَلَقْتَنِيْ لَهٗ ، وَ اَغْنِنِيْ وَ اَوْسِعْ
عَلَيَّ فِيْ رِزْقِكَ ، وَ لَا تَفْتِنِّيْ بِالنَّظَرِ ، وَ اَعِزَّنِيْ وَ لَا
تَبْتَلِيَنِّيْ بِالْكِبْرِ ، وَ عَبِّدْنِيْ لَكَ ، وَ لَا تُفْسِدْ عِبَادَتِيْ
بِالْعُجْبِ ، وَ اَجْرِ لِلنَّاسِ عَلٰى يَدِيَ الْخَيْرَ ، وَ لَا
تَمْحَقْهُ بِالْمَنِّ ، وَ هَبْ لِيْ مَعَالِيَ الْاَخْلَاقِ ، وَ
اعْصِمْنِيْ مِنَ الْفَخْرِ ، اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِهٖ ،
وَ لَا تَرْفَعْنِيْ فِي النَّاسِ دَرَجَةً اِلَّا حَطَطْتَنِيْ عِنْدَ
نَفْسِيْ مِثْلَهَا ، وَ لَا تُحْدِثْ لِيْ عِزًّا ظَاهِرًا اِلَّا
اَحْدَثْتَ لِيْ ذِلَّةً بَاطِنَةً عِنْدَ نَفْسِيْ بِقَدَرِهَا .

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર રહમત નાઝિલ કર. જે વસ્તુની (વાતની) મને સંભાળ લેતા રહેવી પડે છે તેમાં તેની સલામતી અતા કર, મને એ જ અમલ બજાવી

લાવવાની તૌફીક અતા કર જેના વિષે કાલે (આખેરતમાં) તું મને સવાલ પૂછીશ અને મારા દિવસો એવા જ કામોમાં પસાર થાય જેના માટે તેં મને ખલ્ક કર્યો છે ( તારી ઈબાદત માટે). મને સ્વતંત્રતા અતા કર અને મારી રોજી બહોળી કર. (શ્રીમંતાઈના કારણે) અહંકારથી મને વંચિત રાખ અને હું લાલચુ ન બની જાઉં એવી તૌફીક અતા કર તથા મને આબરૂદાર બનાવ પણ મારામાં ઘમંડ ન આવે. મને તારી ઈબાદત કરવાની તૌફીક અતા કર અને મારી એ ઇબાદતને જૂઠા દેખાવથી (ઉજબથી) બચાવ.મારા અમલો લોકોની ભલાઈ માટે હોય અને ભલાઈ સાથે ( મૌખિક અથવા શારીરિક) ઈજા પહોંચાડીને તે અમલ ઉપર પાણી ન ફરી વળે. મને સર્વશ્રેષ્ઠ વર્તન અતા કર અને અભિમાનથી પનાહ અતા કર. અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર રહમત નાઝિલ કર, અને લોકો દરમ્યાન મારો દરજ્જો જેટલો ઉચ્ચ થાય તેટલાજ પ્રમાણમાં મારા નફ્સની સમક્ષ મારો દરજ્જો ઘટાવજે; અને જાહેરમાં જેટલી મારી ઇઝ્ઝત વધાર તેટલાજ પ્રમાણમાં મારી અંદરની ઝિલ્લતમાં વધારો કર

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِ مُحَمَّدٍ ، وَمَتِّعْنِيْ

بِهُدًى صَالِحٍ لَا اَسْتَبْدِلُ بِهٖ ، وَطَرِيْقَةِ حَقٍّ لَا

اَزِيْغُ عَنْهَا ، وَنِيَّةِ رُشْدٍ لَا اَشُكُّ فِيْهَا ، وَعَمِّرْنِيْ مَا كَانَ عُمُرِيْ بِذْلَةً فِيْ طَاعَتِكَ ، فَاِذَا كَانَ عُمُرِيْ مَرْتَعًا لِلشَّيْطَانِ فَاقْبِضْنِيْ اِلَيْكَ قَبْلَ اَنْ يَسْبِقَ مَقْتُكَ اِلَيَّ ، اَوْ يَسْتَحْكِمَ غَضَبُكَ عَلَيَّ. اَللّٰهُمَّ لَا تَدَعْ خَصْلَةً تُعَابُ مِنِّيْ اِلَّا اَصْلَحْتَهَا ، وَلَا عَائِبَةً اُوَنَّبُ بِهَا اِلَّا حَسَّنْتَهَا ، وَلَا اُكْرُوْمَةً فِيَّ نَاقِصَةً اِلَّا اَتْمَمْتَهَا.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર રહમત નાઝિલ કર. સીધી રાહ ઉપર મારી હિદાયત કર જેને હું બદલી ન કરૂં, એ હક રાહ પર જેના ઉપર હું ગુમરાહ ન થઇ શકું અને એવી નિયત સાથે જેના વિષે મને શંકા ન ઉપજે. મારી પૂરી જિંદગી તારી ઇબાદતમાં વિતાવવાની તૌફીક અતા કર. જયારે મારી જિંદગીમાં શૈતાન કાર્યગ્રસ્ત બને ત્યારે મને તું તારી બારગાહમાં બોલાવી લે એ પહેલાં કે તું મારા ઉપર કોપાયમાન બને અથવા તારો ગઝબ મારા ઉપર ઉતરે. મારી કોઈ એવી કુટેવને સુધાર્યા વગરની ન રાખ જે દોષને પાત્ર હોય અને એવી ખામી પણ દૂર કર્યા

વગરની ન રાખ જે દોષને પાત્ર હોય. મારા સદગુણોવાળા આચરણની સંપૂર્ણતા તરફ દોરવણી કર.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ ، وَ اَبْدِلْنِيْ مِنْ بِغْضَةِ اَهْلِ الشَّنَاٰنِ الْمَحَبَّةَ ، وَ مِنْ حَسَدِ اَهْلِ الْبَغْيِ الْمَوَدَّةَ ، وَ مِنْ ظِنَّةِ اَهْلِ الصَّلَاحِ الثِّقَةَ ، وَ مِنْ عَدَاوَةِ الْاَدْنَيْنَ الْوَلَايَةَ ، وَ مِنْ عُقُوْقِ ذَوِي الْاَرْحَامِ الْمَبَرَّةَ ، وَ مِنْ خِذْلَانِ الْاَقْرَبِيْنَ النُّصْرَةَ ، وَ مِنْ حُبِّ الْمُدَارِيْنَ تَصْحِيْحَ الْمِقَةِ ، وَ مِنْ رَدِّ الْمُلَابِسِيْنَ كَرَمَ الْعِشْرَةِ ، وَ مِنْ مَرَارَةِ خَوْفِ الظَّالِمِيْنَ حَلَاوَةَ الْاَمَنَةِ.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર રહમત નાઝિલ કર. જાલિમોની દુશમનાવટને મારા માટે પ્રેમમાં , બળવાખોરોની ઈર્ષાને મિત્રતામાં , સજજનો પ્રત્યેના અવિશ્વવાસને શ્રદ્ધામાં અને સંબંધીઓ પ્રત્યેના તિરસ્કારને પ્રેમમાં , પરિવર્તન અતા કર. કુટુંબીજનોના અસહકાર તરફ નમ્રતા, મિત્રોની બેવફાઈ પ્રત્યે મદદરૂપ , થવું,

નમ્રતા તથા વિવેકથી વર્તાવ કરનારાઓના પ્રેમ માટે લાગણી ભરેલો આદર , સહ કાર્યકરોના તુચ્છ વર્તન સમક્ષ સદવર્તન અને જાલિમના ભયની કડવાશના બદલે શાંતિની મીઠાશ ઇનાયત ફરમાવ.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِهٖ ، وَ اجْعَلْ لِيْ يَدًا عَلٰى مَنْ ظَلَمَنِيْ ، وَلِسَانًا عَلٰى مَنْ خَاصَمَنِيْ ، وَ ظَفَرًا بِمَنْ عَانَدَنِيْ ، وَ هَبْ لِيْ مَكْرًا عَلٰى مَنْ كَايَدَنِيْ ، وَ قُدْرَةً عَلٰى مَنِ اضْطَهَدَنِيْ ، وَ تَكْذِيْبًا لِمَنْ قَصَبَنِيْ ، وَ سَلَامَةً مِمَّنْ تَوَعَّدَنِيْ ، وَ وَفِّقْنِيْ لِطَاعَةِ مَنْ سَدَّدَنِيْ ، وَ مُتَابَعَةِ مَنْ اَرْشَدَنِيْ.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર રહમત નાઝિલ કર.જેણે મારી ઉપર ઝુલ્મ કર્યો હોય તેની વિરુધ્ધમાં મને વધારે શક્તિ અતા કર અને જે મારી નિષ્ફળતા ઈચ્છતો હોય તેના ઉપર મને સફળતા (વિજય) અતા કર. જેણે મારી સાથે દગો કર્યો હોય તેની વિરૂધ્ધ મને ચપળતા અતા કર અને જે મારી વિરૂધ્ધ દાવપેચ રચતો હોય તેની વિરૂધ્ધ મને શક્તિશાળી બનાવ. જેણે મારા ઉપર તોહમત નાખી હોય તેને જૂઠો સાબિત કર અને જેણે મને ધમકી આપી હોય

તેનાથી મને નજાત અતા કર. જેણે સીધી રાહ તરફ મારી દોરવણી કરી તેનું કહ્યું માનવાની મને તૌફીક અતા કર અને જેણે મને હકની નસીહત કરી તેના કહ્યા મુજબ અમલ કરવાની મને તૌફીક અતા કર

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِهٖ ، وَسَدِّدْنِيْ لِاَنْ اُعَارِضَ مَنْ غَشَّنِيْ بِالنُّصْحِ ، وَاَجْزِيَ مَنْ هَجَرَنِيْ بِالْبِرِّ ، وَاُثِيْبَ مَنْ حَرَمَنِيْ بِالْبَذْلِ ، وَاُكَافِيَ مَنْ قَطَعَنِيْ بِالصِّلَةِ ، وَاُخَالِفَ مَنِ اغْتَابَنِيْ اِلٰى حُسْنِ الذِّكْرِ ، وَاَنْ اَشْكُرَ الْحَسَنَةَ ، وَاُغْضِيَ عَنِ السَّيِّئَةِ.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર રહમત નાઝિલ કર. જેનો વર્તાવ મારી પ્રત્યે અપ્રમાણિક હતો તેની પ્રત્યે સદવર્તન કરવાની મને તૌફીક અતા કર, જેણે મને ત્યજી દીધો હોય તેને નેકી ઇનાયત કર અને જેણે અમારામાં જુદાઈ નાખી છે તેને મિલન અતા કર. જે મારી ગીબત કરતો હોય તેના વિષે મને સારૂં બોલવાની તૌફીક અતા કર, કોઈએ મારા ઉપર કરેલી મહેરબાનીના બદલામાં તેનું એહસાન માનવાની મને તૌફીક અતા કર અને કોઈએ મારી

પ્રત્યે કરેલી ખરાબી તરફ મને ધ્યાન ન આપવાની તૌફીક અતા કર.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِهٖ ، وَ حَلِّنِيْ بِحِلْيَةِ

الصَّالِحِيْنَ ، وَ اَلْبِسْنِيْ زِيْنَةَ الْمُتَّقِيْنَ ، فِيْ بَسْطِ

الْعَدْلِ ، وَ كَظْمِ الغَيْظِ ، وَ اِطْفَاءِ النَّآئِرَةِ ، وَ ضَمِّ

اَهْلِ الْفُرْقَةِ ، وَ اِصْلَاحِ ذَاتِ الْبَيْنِ ، وَ اِفْشَاءِ

الْعَارِفَةِ ، وَ سَتْرِ الْعَائِبَةِ ، وَ لِيْنِ الْعَرِيْكَةِ ، وَ

خَفْضِ الْجَنَاحِ ، وَ حُسْنِ السِّيْرَةِ ، وَ سُكُوْنِ الرِّيْحِ

، وَ طِيْبِ الْمُخَالَقَةِ ، وَ السَّبْقِ اِلَى الْفَضِيْلَةِ ، وَ

اِيْثَارِ التَّفَضُّلِ ، وَ تَرْكِ التَّعْيِيْرِ ، وَ الْاِفْضَالِ عَلٰى

غَيْرِ الْمُسْتَحِقِّ ، وَ الْقَوْلِ بِالْحَقِّ وَ اِنْ عَزَّ ، وَ

اسْتِقْلَالِ الْخَيْرِ وَ اِنْ كَثُرَ مِنْ قَوْلِيْ وَ فِعْلِيْ ، وَ

اسْتِكْثَارِ الشَّرِّ وَ اِنْ قَلَّ مِنْ قَوْلِيْ وَ فِعْلِيْ ، وَ اَكْمِلْ

ذٰلِكَ لِي بِدَوَامِ الطَّاعَةِ ، وَلُزُومِ الْجَمَاعَةِ ، وَرَفْضِ اَهْلِ الْبِدَعِ ، وَمُسْتَعْمِلِ الرَّأْيِ الْمُخْتَرَعِ.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર રહમત નાઝિલ કર. મને સાલેહ બંદાઓના ગુણો અતા કર અને ‘તકવા-પરહેઝગારી’નો સુંદર પોશાક અતા કર જેથી હું ન્યાય સાથે વર્તી શકું, ક્રોધને કાબૂમાં રાખી શકું, નકારાત્મક ઇચ્છાઓને દાબી શકું, વિખૂટા પડી ગયેલાઓનો મેળાપ કરાવી શકું, લોકોમાંથી જુદાઈને નાબૂદ કરી શકું, વિનયથી વર્તી શકું, લોકો સાથે નમ્રતા તથા આદર કેળવી શકું, ચાલચલણ સુધારી શકું, (લોકોમાં) મનગમતા વ્યવહાર થઈ શકે, સર્વોપરીતા તરફ પ્રગતિ થઇ શકે, ઉદારતાને અપનાવી શકું, અપમાન સહન કરી શકું, સામાન્ય મનુષ્ય પ્રત્યે પણ નેકી દાખવી શકું, મુશ્કેલીમાં પણ સચ્ચાઈને વળગી રહું, પોતાની નેકીને તુચ્છ સમજું ભલે પછી તે મહામૂલ્ય હોય, શબ્દોમાં કે અમલમાં, અને પોતાની ખરાબીને (બદીને) અધિક સમજું ભલે પછી તે કેટલી પણ સમાન્ય હોય, શબ્દોમાં કે અમલમાં. તારી ઈબાદત હંમેશા કરતો રહું એવી તૌફીકની દુઆ સાથે મારી આ હાજતોની દુઆ કબૂલ ફરમાવી મને તે અતા કર, મોઅમિનોની કોમમાં

મારી ગણતરી કર અને દીનમાં ફેરબદલ (બિદઅત) કરનારા તથા પોતાની ઈચ્છા (રાય) પ્રમાણે વર્તાવ કરનારાથી દૂર ખસી જવાની મને તૌફીક અતા કર.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِهٖ ، وَ اجْعَلْ اَوْسَعَ رِزْقِكَ عَلَيَّ اِذَا كَبِرْتُ ، وَ اَقْوٰى قُوَّتِكَ فِيَّ اِذَا نَصِبْتُ ، وَ لَا تَبْتَلِيَنِّيْ بِالْكَسَلِ عَنْ عِبَادَتِكَ ، وَ لَا الْعَمٰى عَنْ سَبِيْلِكَ ، وَ لَا بِالتَّعَرُّضِ لِخِلَافِ مَحَبَّتِكَ ، وَ لَا مُجَامَعَةِ مَنْ تَفَرَّقَ عَنْكَ ، وَ لَا مُفَارَقَةِ مَنِ اجْتَمَعَ اِلَيْكَ.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર રહમત નાઝિલ કર. મારા ઘડપણ વખતે મને રોજીમાં બરકતો વુસઅત અતા કર અને જયારે મને બહુ જ થાક હોય ત્યારે તારી બહોળી શક્તિ થકી મારી શક્તિમાં વધારો કર, મને એવી તૌફીક અતા કર કે તારી ઈબાદત કરવામાં હું આળસ ન કરૂં તારી હક રાહ પ્રત્યે આંધળો ન બની જાઉં, તારી મોહબ્બતની વિરૂધ્ધ કોઈ કાર્યમાં મગ્ન ન બનું, જે તારી રાહથી ગુમરાહ હોય તેનો સાથી ન બનું, જે તારી હક રાહ ઉપર હોય તેનાથી વિમુખ ન રહું

اَللّٰهُمَّ اجْعَلْنِيْ اَصُوْلُ بِكَ عِنْدَ الضَّرُوْرَةِ ، وَاَسْاَلُكَ عِنْدَ الْحَاجَةِ ، وَاَتَضَرَّعُ اِلَيْكَ عِنْدَ الْمَسْكَنَةِ ، وَ لَا تَفْتِنِّيْ بِالْاِسْتِعَانَةِ بِغَيْرِكَ اِذَا اضْطُرِرْتُ ، وَلَا بِالْخُضُوْعِ لِسُؤَالِ غَيْرِكَ اِذَا افْتَقَرْتُ ، وَلَا بِالتَّضَرُّعِ اِلٰى مَنْ دُوْنَكَ اِذَا رَهِبْتُ ، فَاَسْتَحِقَّ بِذٰلِكَ خِذْلَانَكَ وَمَنْعَكَ وَاِعْرَاضَكَ ، يَا اَرْحَمَ الرَّاحِمِيْنَ

જરૂરત સમયે મારી ઇચ્છાઓ તારી બારગાહમાં પૂરી થાય, હાજત સમયે તારી બારગાહમાં તલબ કરૂં અને દરિદ્રતા સમયે તારી બારગાહમાં દુઆ કરૂં, અય રબ ! મારા ઉપર મુસીબતના સમયે તારા સિવાય બીજા કોઈથી હું મદદ તલબ ન કરૂં એવી તૌફીક મને અતા કર, જરૂરતના સમયે તારા સિવાય બીજા કોઈથી હાજત તલબ ન કરૂં અને ખોફના સમયે પણ તારા સિવાય બીજા કોઈથી દુઆ ન કરૂં, જેથી તારી બારગાહમાં હું તારા રદિયા, તારી મનાઈ તથા તારી નારાજી (કરાહત)ને લાયક ન બનું, અય સૌથી વધારે રહેમ કરનાર !

اَللّٰهُمَّ اجْعَلْ مَا يُلْقِي الشَّيْطَانُ فِيْ رُوْعِي مِنَ التَّمَنِّيْ وَ التَّظَنِّيْ وَ الْحَسَدِ ذِكْرًا لِعَظَمَتِكَ ، وَ تَفَكُّرًا فِيْ قُدْرَتِكَ ، وَ تَدْبِيْرًا عَلٰى عَدُوِّكَ ، وَ مَا اَجْرٰى عَلٰى لِسَانِيْ مِنْ لَفْظَةِ فُحْشٍ اَوْ هُجْرٍ اَوْ شَتْمِ عِرْضٍ اَوْ شَهَادَةِ بَاطِلٍ اَوِ اغْتِيَابِ مُؤْمِنٍ غَائِبٍ اَوْ سَبِّ حَاضِرٍ وَّ مَا اَشْبَهَ ذٰلِكَ نُطْقًا بِالْحَمْدِ لَكَ ، وَاِغْرَاقًا فِيْ الثَّنَاءِ عَلَيْكَ ، وَ ذَهَابًا فِيْ تَمْجِيْدِكَ ، وَ شُكْرًا لِنِعْمَتِكَ ، وَ اعْتِرَافًا بِاِحْسَانِكَ ، وَاِحْصَاءً لِمِنَنِكَ .

અય અલ્લાહ ! મારા દિલમાં શૈતાન જે આશાઓ, શંકાઓ તથા ઈર્ષા નાખે છે તેને તારી અઝમતના ઝિક્રનું કારણ બનાવ જેથી તારી અપાર કુદરત ઉપર વિચાર-વિમર્શ કરી શકું તથા તારા દુશ્મન વિરૂધ્ધ યોજનાઓ ઘડી શકું. તેં મને મારી જબાનથી જે અપશબ્દો, બણગાઓ, ખુશામતો, ઝઘડાખોરી, જૂઠી ગવાહીઓ, કોઈ સાચા મોઅમિનની ગીબતો અથવા કોઈનું અપમાન કરવું તથા એવા બીજા સંવાદો બોલવા માટે ઉપસાવે છે તેને તારી હમ્દોસના, તારી બાદશાહતના વખાણમાં ગરકાવ

રહેવામાં, તારી નેઅમતની શુકગુજારીમાં, તારી મહેરબાનીઓનો આભાર માનવામાં અને તારી નેઅમતો માણવામાં ફેરવી નાખવાની તૌફીક અતા કર.

اَللّٰهُمَّ صَلِّ عَلىٰ مُحَمَّدٍ وَّ اٰلِهِ ، وَلَا اُظْلَمَنَّ وَ اَنْتَ مُطِيْقٌ لِلدَّفْعِ عَنِّيْ ، وَلَا اَظْلِمَنَّ وَ اَنْتَ الْقَادِرُ عَلَى الْقَبْضِ مِنِّيْ ، وَلَا اَضِلَّنَّ وَ قَدْ اَمْكَنَتْكَ هِدَايَتِيْ ، وَ لَا اَفْتَقِرَنَّ وَ مِنْ عِنْدِكَ وُسْعِيْ ، وَلَا اَطْغَيَنَّ وَ مِنْ عِنْدِكَ وُجْدِيْ. اَللّٰهُمَّ اِلىٰ مَغْفِرَتِكَ وَفَدْتُ ، وَاِلىٰ عَفْوِكَ قَصَدْتُ ، وَاِلىٰ تَجَاوُزِكَ اشْتَقْتُ ، وَ بِفَضْلِكَ وَثِقْتُ ، وَلَيْسَ عِنْدِيْ مَا يُوْجِبُ لِيْ مَغْفِرَتَكَ ، وَ لَا فِيْ عَمَلِيْ مَا اَسْتَحِقُّ بِهٖ عَفْوَكَ ، وَمَا لِيْ بَعْدَ اَنْ حَكَمْتُ عَلىٰ نَفْسِيْ اِلَّا فَضْلُكَ

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર રહમત નાઝિલ કર. મારા ઉપર અત્યચાર ન થવા દે જયારે કે મારી મુસીબત દૂર કરવા માટે તું શક્તિ ધરાવે છે, મને એવી તૌફીક

અતા કર કે હું જુલમગાર (જાલિમ) ન બનું જયારે કે મને એમ કરતા રોકી શકવા માટે તું શક્તિમાન છે, હું ગુમરાહ ન થઇ જાઉં જયારે કે મારી હિદાયત કરનાર તું છે, હું ગરીબ ન થઈ જાઉં જયારે કે તું મને ગનિ બનાવી શકે છે અને હું બળવાખોર પણ ન બનું જયારે કે મારા અસ્તિત્વનો તું માલિક છે. અય અલ્લાહ ! હું તારી બારગાહમાં મગફેરત તલબ કરતો હાજર થયો છું, તારી મગફેરત માટે પરિશ્રમ (કસ્દ) કરી રહ્યો છું, હું તારી સહનશીલતાની આશા રાખું છું અને તારી ઉદારતા ઉપર શ્રદ્ધા ધરાવું છું.મારી એવી કોઈ લાયકાત નથી જેથી હું તારી મગફેરતને લાયક બનું અને નથી મારા કોઈ એવા અમલો જેના થકી હું તારી મગફેરને લાયક બનું. જો હું પોતે મારા નફસના પરિણામનો નિર્ણય લઉં તો મારી પાસે તારા ફઝલની આશા સિવાય બીજું કંઈ જ નથી.

فَصَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِهٖ ، وَ تَفَضَّلْ عَلَيَّ اَللّٰهُمَّ وَ

اَنْطِقْنِيْ بِالْهُدٰى ، وَ اَلْهِمْنِيَ التَّقْوٰى ، وَ وَفِّقْنِيْ

لِلَّتِيْ هِيَ اَزْكٰى ، وَ اسْتَعْمِلْنِيْ بِمَا هُوَ اَرْضٰى . اَللّٰهُمَّ

اسْلُكْ بِيَ الطَّرِيْقَةَ الْمُثْلٰى ، وَ اجْعَلْنِيْ عَلٰى مِلَّتِكَ

اَمُوْتُ وَاَحْيَا.

તેથી, અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર રહમત નાઝિલ કર અને મને તારા ફઝલો-કરમ ઇનાયત ફરમાવ. અય અલ્લાહ ! મને હક વાત કરવાની હિદાયત અતા કર, પરહેઝગારીની ( તકવાની) પ્રેરણા અતા કર, પવિત્રતાની (તઝકીયાની) તૌફીક અતા કર અને તું જેવા અમલોથી રાજી હોય તેવા અમલો બજાવી લાવવાની તૌફીક અતા કર. અય અલ્લાહ ! મને એવી રાહ ઉપર ચલાવ જે એક શ્રેષ્ઠ નમૂનો બને અને મારા જીવનમાં તથા મૃત્યુ સમયે મને તારા દીન ઉપર મક્કમ (સાબિત કદમ) રહેવાની તૌફીક અતા કર.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِهٖ ، وَ مَتِّعْنِيْ بِالْاِقْتِصَادِ ، وَ اجْعَلْنِيْ مِنْ اَهْلِ السَّدَادِ ، وَ مِنْ اَدِلَّةِ الرَّشَادِ ، وَ مِنْ صَالِحِ الْعِبَادِ ، وَ ارْزُقْنِيْ فَوْزَ الْمَعَادِ ، وَ سلَامَةَ الْمِرْصَادِ. اَللّٰهُمَّ خُذْ لِنَفْسِكَ مِنْ نَفْسِيْ مَا يُخَلِّصُهَا ، وَ اَبْقِ لِنَفْسِيْ مِنْ نَفْسِيْ مَا يُصْلِحُهَا ، فَاِنَّ نَفْسِيْ هَالِكَةٌ اَوْ تَعْصِمَهَا.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર રહમત નાઝિલ કર. મને કરકસર ( ઇકતેસાદ) કરવું ઇનાયત ફરમાવ. સજજનોમાં સમૂહમાં, નેકીની હિદાયત કરનારાઓમાં અને સાલેહ બંદાઓમાં મને દાખલ કર. કયામતના દિવસે મને સફળતા ઇનાયત ફરમાવ અને અંતિમ પરિણામ સમયે મને સલામતી અતા કર.

اَللّٰهُمَّ اَنْتَ عُدَّتِيْ اِنْ حَزِنْتُ ، وَاَنْتَ مُنْتَجَعِيْ اِنْ حُرِمْتُ ، وَبِكَ اسْتِغَاثَتِيْ اِنْ كَرِثْتُ ، وَعِنْدَكَ مِمَّا فَاتَ خَلَفٌ ، وَلِمَا فَسَدَ صَلَاحٌ ، وَفِيْمَا اَنْكَرْتَ تَغْيِيْرٌ ، فَامْنُنْ عَلَيَّ قَبْلَ الْبَلَاءِ بِالْعَافِيَةِ ، وَقَبْلَ الطَّلَبِ بِالْجِدَةِ ، وَقَبْلَ الضَّلَالِ بِالرَّشَادِ ، وَاكْفِنِيْ مَئُوْنَةَ مَعَرَّةِ الْعِبَادِ ، وَهَبْ لِيْ اَمْنَ يَوْمِ الْمَعَادِ ، وَامْنَحْنِيْ حُسْنَ الْاِرْشَادِ.

અય અલ્લાહ ! જયારે હું ગમગીન થાઉં છું ત્યારે તું મારી પનાહ છે, જયારે હું જરૂરતમંદ હોઉં છું ત્યારે તું મારા મદદગાર છે અને જયારે હું સખત મુસીબતમાં હોઉં છું ત્યારે હું તને પોકારૂં છું. જે કંઈ ખોવાયેલું છે તે પ્રાપ્ય થવું, ફસાદ થયો હોય તો તેની સુલેહ થવી

અને તું જે રદ કરે છે તેમાં ફેરબદલ થવી તારી બારગાહમાં થઇ શકે છે. તેથી, તું મને આફત આવવા પહેલાં સલામતી, માંગવા પહેલાં તે નેઅમત અને ગુમરાહ થવા પહેલાં હિદાયત અતા કર. નિંદાખોરોના અત્યાચારથી મને પનાહ અતા કર, કયામતના દિવસની અમાન અતા કર અને મને શ્રેષ્ઠ હિદાયત ઇનાયત ફરમાવ.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِهٖ ، وَ ادْرَأْ عَنِّيْ بِلُطْفِكَ ، وَ اغْذُنِيْ بِنِعْمَتِكَ ، وَ اَصْلِحْنِيْ بِكَرَمِكَ ، وَ دَاوِنِيْ بِصُنْعِكَ ، وَ اَظِلَّنِيْ فِيْ ذَرَاكَ ، وَ جَلِّلْنِيْ رِضَاكَ ، وَ وَفِّقْنِيْ اِذَا اشْتَكَلَتْ عَلَيَّ الْاُمُوْرُ لِاَهْدَاهَا ، وَ اِذَا تَشَابَهَتِ الْاَعْمَالُ لِاَزْكَاهَا ، وَ اِذَا تَنَاقَضَتِ الْمِلَلُ لِاَرْضَاهَا.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર રહમત નાઝિલ કર. તારી મહેરાબની થકી મારામાંથી ખરાબીઓ દૂર કર, તારી રહમત થકી મને પુષ્ટિ અતા કર, તારા એહસાન થકી મને સુધારો અતા કર, તારી ભલાઈ થકી મને શુદ્ધિ અતા કર, તારી રહમતના કિલ્લામાં મને પનાહ અતા કર, તારી ખુશીનો પોશાક ઇનાયત ફરમાવ,

જયારે મારા માટે નિર્ણય લેવા મુશ્કેલ થઇ પડે ત્યારે મારી નેક હિદાયત કર, કાર્યો પરિણામ આપવા જયારે મારા માટે શંકાસ્પદ બને ત્યારે તેમાંથી નેક (સારા) અમલો પરિણામ આપવાની મને તૌફીક અતા કર અને જયારે મુલકી ફસાદ થાય ત્યારે સત્યવાદીઓનો સાથ આપવાની મને તૌફીક અતા કર.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِهٖ ، وَتَوِّجْنِيْ بِالْكِفَايَةِ ، وَسُمْنِيْ حُسْنَ الْوِلَايَةِ ، وَهَبْ لِيْ صِدْقَ الْهِدَايَةِ ، وَلَا تَفْتِنِّيْ بِالسَّعَةِ ، وَامْنَحْنِيْ حُسْنَ الدَّعَةِ ، وَلَا تَجْعَلْ عَيْشِيْ كَدًّا كَدًّا ، وَلَا تَرُدَّ دُعَائِيْ عَلَيَّ رَدًّا ، فَاِنِّيْ لَا اَجْعَلُ لَكَ ضِدًّا ، وَلَا اَدْعُوْ مَعَكَ نِدًّا .

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર રહમત નાઝિલ કર. મને કિફ઼ાયતી (સાદગી અને મધ્યમતા)નો તાજ પહેરાવ, તારી મોહબ્બતની મહેરબાનીઓનો શણગાર અતા કર, મારી નેક હિદાયત કર, ગુણવતા થકી મારી પરીક્ષા ન કર, મને આરામની ખૂબસૂરતી અતા કર તથા મારૂં જીવન ભરપૂર પરીક્ષાઓ વાળું ન બનાવ અને મારી દુઆને રદિયો આપી નામંજૂર ન કર

કારણ કે હું બીજા કોઈને તારો હરીફ નથી સમજતો તથા એમ પણ નથી જાણતો અથવા કહેતો કે તારી બરાબરીનો બીજો કોઈ છે.

اَللّٰهُمَّ صَلِّ عَلىٰ مُحَمَّدٍ وَّ اٰلِهٖ ، وَ امْنَعْنِيْ مِنَ السَّرَفِ ، وَ حَصِّنْ رِزْقِيْ مِنَ التَّلَفِ ، وَ وَفِّرْ مَلَكَتِيْ بِالْبَرَكَةِ فِيْهِ ، وَ اَصِبْ بِيْ سَبِيْلَ الْهِدَايَةِ لِلْبِرِّ فِيْمَا اُنْفِقُ مِنْهُ.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર રહમત નાઝિલ કર. મને ફુઝૂલખર્ચીથી ( ઇસરાફથી) બચાવ, મારી રોજી વેડફાઈ જવાથી બચાવ, મારી મિલકતમાં બરકત અતા કરી વધારો કર અને હું જે કાંઈ પણ ખર્ચ કરૂં તે તારી નેક રાહમાં તથા ભલાઈની સાથે હોય એવી તૌફીક અતા કર.

اَللّٰهُمَّ صَلِّ عَلىٰ مُحَمَّدٍ وَّ اٰلِهٖ ، وَ اكْفِنِيْ مَئُوْنَةَ الْاِكْتِسَابِ ، وَ ارْزُقْنِيْ مِنْ غَيْرِ احْتِسَابٍ ، فَلَا اَشْتَغِلَ عَنْ عِبَادَتِكَ بِالطَّلَبِ ، وَ لَا اَحْتَمِلَ اِصْرَ تَبِعَاتِ الْمَكْسَبِ، اَللّٰهُمَّ فَاَطْلِبْنِيْ بِقُدْرَتِكَ مَا

اَطْلُبُ ، وَاَجِرْنِيْ بِعِزَّتِكَ مِمَّا اَرْهَبُ.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર રહમત નાઝિલ કર. રોજી કમાવવાની સખત મહેનત મારા માટે સહેલી કર અને મને બેહિસાબ રોજી અતા કર જેથી રોજી કમાવવની લાલચ મને તારી ઇબાદતથી ગાફેલ ન કરી દે તથા અપ્રમાણિકતાથી ધન કમાવવાના સખત પરિણામ મને ભોગવવા ન પડે. અય રબ ! તારી કુદરતથી મારી હાજત પૂરી કર અને જે ડર છે તેનાથી તારી ઇજજત થકી મને પનાહ અતા કર.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِهٖ ، وَصُنْ وَجْهِيْ بِالْيَسَارِ ، وَلَا تَبْتَذِلْ جَاهِيْ بِالْاِقْتَارِ فَاَسْتَرْزِقَ اَهْلَ رِزْقِكَ ، وَاَسْتَعْطِيَ شِرَارَ خَلْقِكَ ، فَاَفْتَتِنَ بِحَمْدِ مَنْ اَعْطَانِيْ ، وَاُبْتَلٰى بِذَمِّ مَنْ مَنَعَنِيْ ، وَ اَنْتَ مِنْ دُوْنِهِمْ وَلِيُّ الْاِعْطَاءِ وَالْمَنْعِ.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર રહમત નાઝિલ કર. મને ગુણવતા અતા કરી મારી આબરૂની સંભાળ લે અને મારી ખ્યાતિને ગરીબી થકી ઉદાસ ન કર જેથી મને એ લોકો પાસે માંગવાની જરૂરત ન પડે જેઓને તું

રોજી અતા કરે છે અથવા મને કોઈ દુર્જનનો ઉપકાર મેળવવો ન પડે નહિં તો મારા ઉપર એહસાન કરનારાના મને વખાણ કરવા પડશે તથા તેની વિરૂધ્ધ ખરાબ બોલવું પડશે જેણે મને મદદ માટે મનાઈ કરી હશે જયારે કે તેઓ બધા કરતા વધારે અતા કરનાર તથા મનાઈ ફરમાવનાર માલિક તું છે.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِهٖ ، وَ ارْزُقْنِيْ صِحَّةً فِيْ عِبَادَةٍ ، وَ فَرَاغًا فِيْ زَهَادَةٍ ، وَ عِلْمًا فِي اسْتِعْمَالٍ ، وَ وَرَعًا فِيْ اِجْمَالٍ. اَللّٰهُمَّ اخْتِمْ بِعَفْوِكَ اَجَلِيْ ، وَ حَقِّقْ فِيْ رَجَاءِ رَحْمَتِكَ اَمَلِيْ ، وَ سَهِّلْ اِلٰى بُلُوْغِ رِضَاكَ سُبُلِيْ ، وَ حَسِّنْ فِيْ جَمِيْعِ اَحْوَالِيْ عَمَلِيْ.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર રહમત નાઝિલ કર. મને તારી ખરી તથા સંપૂર્ણ ઈબાદત કરવાની તૌફીક અતા કર. પરહેઝગારીમાં આનંદ, ઇલ્મ સાથેના અમલો અને પવિત્રતા સાથે ભલાઈ અતા કર. અય રબ ! મારા આયુષ્યને તારી મગફેરત સાથે સમાપ્ત કર તથા તારી રહમત માટેની મારી આશાને સત્યનું (હકીકતનું) સ્વરૂપ અતા કર.તારી ખુશી મેળવવી

મારા માટે સહેલી બનાવ અને દરેક સંજોગોમાં અમલે-ખૈર બજાવી લાવવની તૌફીક ફરમાવ.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِهٖ ، وَ نَبِّهْنِيْ لِذِكْرِكَ فِيْ اَوْقَاتِ الْغَفْلَةِ ، وَ اسْتَعْمِلْنِيْ بِطَاعَتِكَ فِيْ اَيَّامِ الْمُهْلَةِ، وَ انْهَجْ لِيْ اِلٰى مَحَبَّتِكَ سَبِيْلًا سَهْلَةً ، اَكْمِلْ لِيْ بِهَا خَيْرَ الدُّنْيَا وَ الْاٰخِرَةِ. اَللّٰهُمَّ وَ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِهٖ ، كَاَفْضَلِ مَا صَلَّيْتَ عَلٰى اَحَدٍ مِنْ خَلْقِكَ قَبْلَهٗ ، وَ اَنْتَ مُصَلٍّ عَلٰى اَحَدٍ بَعْدَهٗ ، وَ اٰتِنَا فِي الدُّنْيَا حَسَنَةً وَّ فِي الْاٰخِرَةِ حَسَنَةً ، وَ قِنِيْ بِرَحْمَتِكَ عَذَابَ النَّارِ.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર રહમત નાઝિલ કર. મારી ગફલતના સમયે મને તારો ઝિક્ર કરવાની તૌફીક અતા કર, નવરાશના સમયે મને તારી ઇબાદતમાં મગ્ન રહેવાની તૌફીક અતા કર અને તારી મોહબ્બત પ્રત્યેની એવી નેક રાહ ઉપર મારી હિદાયત કર કે હું દુનિયા તથા આખેરતની ભલાઈ પામી શકું. અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ

(સ.અ.વ.) અને તેમની આલ ઉપર રહમત નાઝિલ કર. એવી રહમત જે તેમનાથી પહેલાના તારા બંદાઓ ઉપરની રહમત કરતા વધારે હોય અને એના કરતા પણ વધારે હોય જે તું તેમના પછી કોઈના ઉપર ભવિષ્યમાં નાઝિલ કરનાર છે. અય મારા રબ્બ ! અમને આ દુનિયાની તથા અખેરતની નેકીઓ અતા કર અને તારી રહમત થકી જહન્નમની આગથી પનાહ અતા કર. તારી રહમતની સાથે. અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

## દુઆએ તૌબા

**ગુનાહોથી તૌબા અને મગફેરત માટે ઈમામ સજ્જાદ (અ.)ની દુઆ જે સહીફએ સજ્જાદીય્યાહ ની દુઆ નંબર ૩૧ છે :**

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ يَا مَنْ لَا يَصِفُهٗ نَعْتُ الْوَاصِفِيْنَ ، وَيَا مَنْ لَا يُجَاوِزُهٗ رَجَاءُ الرَّاجِيْنَ ، وَيَا مَنْ لَا يَضِيْعُ لَدَيْهِ اَجْرُ الْمُحْسِنِيْنَ ، وَيَا مَنْ هُوَ مُنْتَهٰى خَوْفِ الْعَابِدِيْنَ ، وَيَا مَنْ هُوَ غَايَةُ خَشْيَةِ الْمُتَّقِيْنَ ،

અય અલ્લાહ ! અય તું ! વખાણ કરનારાના વખાણ જેનું વર્ણન નથી કરી શકતા. અય તું ! ઈચ્છા કરનારાઓની ઈચ્છાઓ જેનાથી દૂર નથી જઈ શકતી. અય તું ! જેની બારગાહમાં નેકી કરનારાની જઝા વેડફાઈ નથી જતી. અય તું ! જે નેક બંદાઓના ખોફનું કારણ છે. અય તું ! જે મુત્તકી (પરહેઝગાર) બંદાઓ માટે સર્વોચ્ચ ભય છે.

هٰذَا مَقَامُ مَنْ تَدَاوَلَتْهُ اَيْدِي الذُّنُوْبِ ، وَ قَادَتْهُ اَزِمَّةُ الْخَطَايَا ، وَ اسْتَحْوَذَ عَلَيْهِ الشَّيْطَانُ ، فَقَصَّرَ عَمَّا اَمَرْتَ بِهٖ تَفْرِيْطًا ، وَ تَعَاطٰى مَا نَهَيْتَ عَنْهُ تَغْرِيْرًا ، كَالْجَاهِلِ بِقُدْرَتِكَ عَلَيْهِ ، اَوْ كَالْمُنْكِرِ فَضْلَ اِحْسَانِكَ اِلَيْهِ حَتّٰى اِذَا انْفَتَحَ لَهٗ بَصَرُ الْهُدٰى ، وَ تَقَشَّعَتْ عَنْهُ سَحَائِبُ الْعَمٰى ، اَحْصٰى مَا ظَلَمَ بِهٖ نَفْسَهٗ ، وَ فَكَّرَ فِيْمَا خَالَفَ بِهٖ رَبَّهٗ ، فَرَاٰى كَبِيْرَ عِصْيَانِهٖ كَبِيْرًا وَّ جَلِيْلَ مُخَالَفَتِهٖ جَلِيْلًا ،

આ હાલત એક એવા ઇન્સાનની છે જેને અચાનક ગુનાહોના હાથોએ જકડી લીધો છે , જે ભૂલોની લગામથી તણાઈ ગયો છે અને જેના ઉપર શૈતાન

છવાઈ ગયો છે , તેથી, તેણે તારા હુકમની નાફરમાની કરી અને તારા હુકમ મુજબ અમલ કરવામાં તે નિષ્ફળ નીવડયો છે. જે પોતાના ઉપર તારી શક્તિથી અજાણ હોય તેની જેમ તેં મનાઈ ફરમાવેલી બાબતોમાં તે આનંદિત રહી મગ્ન રહ્યો અને એના જેમ રહ્યો જેણે પોતાના ઉપર તારી મહત્વની મહેરબાનીઓને જૂઠલાવી , ત્યાં સુધી કે તેના માટે હિદાયતની આંખો ઉઘડી , તેની સામેથી અંધાપા ના ઘનઘોર વાદળા વીખરાઈ ગયા અને તેને પૂરી રીતે સમજમાં આવ્યું કે તેણે પોતાના અંતઃકરણ (નફસ) સાથે કેવો અન્યાય કર્યો છે તથા તે બાબતો ઉપર વિચાર કર્યો જેમાં તેણે પોતાના સર્જનહાર (ખાલિક)નો વિરોધ કર્યો છે. પછી તેણે પોતાના ગુનાહોની ગંભીરતાને ધ્રુણાથી જોઈ અને પોતાના વિરોધની સંપૂર્ણ મહત્તાને પૂરી રીતે જોઈ.

فَاَقْبَلَ نَحْوَكَ مُؤَمِّلًا لَكَ مُسْتَحْيِيًا مِنْكَ ، وَ وَجَّهَ
رَغْبَتَهٗ اِلَيْكَ ثِقَةً بِكَ ، فَاَمَّكَ بِطَمَعِهٖ يَقِيْنًا ، وَ
قَصَدَكَ بِخَوْفِهٖ اِخْلَاصًا ، قَدْ خَلَا طَمَعُهٗ مِنْ كُلِّ
مَطْمُوْعٍ فِيْهِ غَيْرِكَ ، وَ اَفْرَخَ رَوْعُهٗ مِنْ كُلِّ مَحْذُوْرٍ
مِنْهُ سِوَاكَ ؛ فَمَثَلَ بَيْنَ يَدَيْكَ مُتَضَرِّعًا ، وَ غَمَّضَ

بَصَرَهُ اِلَى الْاَرْضِ مُتَخَشِّعًا ، وَ طَأْطَأَ رَأْسَهُ لِعِزَّتِكَ

مُتَذَلِّلًا ، وَ اَبَثَّكَ مِنْ سِرِّهٖ مَا اَنْتَ اَعْلَمُ بِهٖ مِنْهُ

خُضُوْعًا ، وَ عَدَّدَ مِنْ ذُنُوْبِهٖ مَا اَنْتَ اَحْصٰى لَهَا

خُشُوْعًا ، وَ اسْتَغَاثَ بِكَ مِنْ عَظِيْمِ مَا وَقَعَ بِهٖ فِيْ

عِلْمِكَ وَ قَبِيْحِ مَا فَضَحَهُ فِيْ حُكْمِكَ : مِنْ ذُنُوْبٍ

اَدْبَرَتْ لَذَّاتُهَا فَذَهَبَتْ ، وَ اَقَامَتْ تَبِعَاتُهَا فَلَزِمَتْ

તેથી, તારા એહસાનની ઉમેદના તથા શર્મસાર બનીને, પોતાના વલણને તારી તરફ દોરીને તથા પ્રમાણિકતાથી તારા ઉપર વિશ્વાસ રાખીને , તારાથી ઈચ્છાઓ રાખવાના હેતુ સાથે તથા તારી તરફ પાછા ફરવાના કારણે ભયભીત બનીને, તારી ઈચ્છા સિવાય બીજી બધી ઈચ્છાઓને ત્યજી દઈને તથા તારા સિવાય બીજી બધી વસ્તુઓના ભયથી મુક્ત થઈને તે તારી તરફ ફર્યા અને તારી બારગાહમાં દુઆ કરતા ઊભો રહ્યો. તેણે જમીન તરફ પોતાની આંખોને શરમથી ઝૂકાવી , તારી બાદશાહત સમક્ષ નમ્રતાથી પોતાનું માથું નમાવ્યું , શર્મસાર બની પોતાની ખાનગી બાબતોની તારી બારગાહમાં (સાચા દિલથી) કબૂલાત કરી જે તેના કરતા વધારે સારી રીતે તું જાણે છે અને નમ્રતાની સાથે પોતાના

ગુનાહોની ગણતરી કરી જેનો હિસાબ તારી પાસે છે. તારા ઇલ્મ મુજબ જે મોટો ગુનાહો છે જેમાં તેં ગિરફતાર રહ્યો અને તારા હુકમ મુજબ જે સૌથી ખરાબ ગુનાહો છે જેના કારણે તે બેઆબરૂ થયો , તેનાથી તેણે તારી મગફેરત તલબ કરી , જે ગુનાહોના આનંદનો તો અંત આવ્યો અને મજા ચાલી ગઈ પણ તેની સજા બાકી રહી અને હંમેશા માટેની થઇ ગઈ.

لَا يُنْكِرُ يَا اِلٰهِيْ عَدْلَكَ اِنْ عَاقَبْتَهٗ ، وَلَا يَسْتَعْظِمُ عَفْوَكَ اِنْ عَفَوْتَ عَنْهُ وَرَحِمْتَهٗ ، لِاَنَّكَ الرَّبُّ الْكَرِيْمُ الَّذِيْ لَا يَتَعَاظَمُهٗ غُفْرَانُ الذَّنْبِ الْعَظِيْمِ ، اَللّٰهُمَّ فَهَا اَنَا ذَا قَدْ جِئْتُكَ مُطِيْعًا لِاَمْرِكَ فِيْمَا اَمَرْتَ بِهٖ مِنَ الدُّعَاءِ ، مُتَنَجِّزًا وَّعْدَكَ فِيْمَا وَعَدْتَ بِهٖ مِنَ الْاِجَابَةِ ، اِذْ تَقُوْلُ: اُدْعُوْنِيْ اَسْتَجِبْ لَكُمْ ؛ اَللّٰهُمَّ فَصَلِّ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِهٖ ، وَالْقَنِيْ بِمَغْفِرَتِكَ كَمَا لَقِيْتُكَ بِاِقْرَارِيْ ، وَارْفَعْنِيْ عَنْ مَصَارِعِ الذُّنُوْبِ كَمَا وَضَعْتُ لَكَ نَفْسِيْ ، وَ

اسْتُرْنِي بِسِتْرِكَ كَمَا تَأَنَّيْتَنِي عَنِ الِانْتِقَامِ مِنِّي ؛

તારા ન્યાયને તે જૂઠલાવતો નથી. અય અલ્લાહ ! જો તું તેને સજા કરે, જો તું તેને માફ કરે અને તેના ઉપર રહેમ કરે તો તારૂં મગફેરત કરવું તારા માટે તે કોઈ મોટી વાત નથી ગણતો કારણ કે તું એવા કરમોનો માલિક છે જે મોટા ગુનાહોની મગફેરત કરવી કોઈ મુશ્કેલ વાત નથી જાણતો. તેથી, મારી તરફ જો, અય અલ્લાહ ! હું અહી હાજર છું , તારા હુકમની ફરમાબરદારી કરીને હું તારી બારગાહમાં દુઆ કરતો હાજર થયો છું , તારા વાયદાની પૂરા થવાની ઇચ્છા લઈને જેવી રીતે તેં દુઆનો જવાબ આપવાનો વાયદો કર્યો છે તથા ઈરશાદ ફરમાવ્યો છે, ‘મને પોકારો (મારાથી દુઆ કરો) , હું તમારી દુઆનો જવાબ આપનાર છું. ’ તેથી, હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર રહમત નાઝિલ કર. જયારે તારી બારગાહમાં હું મારા ગુનાહોની કબૂલાત કરી હાજર થયો છું તો મને તારી મગફેરત અતા કર. જયારે હું તારી બારગાહમાં મારા મનને લઇ નમ્રતા સાથે હાજર થયો છું તો મને ગુનાહોવાળી લપસણી જમીન ઉપરથી ઊઠાવી લે. જયારે તેં મને સજા કરવામાં ઢીલ કરી છે તો તારી પરદાપોશી થકી મને છુપાવી લે.

اَللّٰهُمَّ وَثَبِّتْ فِيْ طَاعَتِكَ نِيَّتِيْ ، وَاَحْكِمْ فِيْ

عِبَادَتِكَ بَصِيْرَتِيْ ، وَ وَفِّقْنِيْ مِنَ الْاَعْمَالِ لِمَا
تَغْسِلُ بِهٖ دَنَسَ الْخَطَايَا عَنِّيْ ، وَ تَوَفَّنِيْ عَلٰى مِلَّتِكَ
وَ مِلَّةِ نَبِيِّكَ مُحَمَّدٍ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَ آلِهٖ اِذَا
تَوَفَّيْتَنِيْ ؛ اَللّٰهُمَّ اِنِّيْ اَتُوْبُ اِلَيْكَ فِيْ مَقَامِيْ هٰذَا
مِنْ كَبَائِرِ ذُنُوْبِيْ وَ صَغَائِرِهَا ، وَ بَوَاطِنِ سَيِّئَاتِيْ وَ
ظَوَاهِرِهَا ، وَ سَوَالِفِ زَلَّاتِيْ وَ حَوَادِثِهَا ، تَوْبَةَ مَنْ لَا
يُحَدِّثُ نَفْسَهٗ بِمَعْصِيَةٍ ، وَلَا يُضْمِرُ اَنْ يَعُوْدَ فِيْ
خَطِيْئَةٍ ،

અય અલ્લાહ ! તારા હુકમો માનવાની મારી નિય્યતને મજબૂત બનાવ, તારી ઈબાદત કરવામાં મારા અંત:કરણને શક્તિ અતા કર , મને એવા અમલો બજાવી લાવવાની તૌફીક અતા કર જેના થકી મારા પાછલા ગુનાહો માફ થઇ જાય અને જયારે મને મૃત્યુ અતા કર ત્યારે હું તારા દીન ઉપર (તારી મીલ્લત ઉપર) તથા તારા નબી હઝરત મોહમ્મદ મુસ્તફા (સ.અ.વ.)ના દીન ઉપર હોઉં એવી તૌફીક અતા કર. અય અલ્લાહ ! મારી આ હાલતમાં હું તારી બારગાહમાં મારા મોટા ગુનાહોની

તથા નાના ગુનાહોની તૌબા કરૂં છું , મારી ખુલ્લી (જાહેર) ખરાબીની અને ખાનગી ખરાબીની પણ તૌબા તથા પાછલી ભૂલોની અને એ ગુનાહોની પણ તૌબા જે મારાથી હાલમાં જ થઇ ગયા છે. હું એવા ઇન્સાનની તૌબા જેવી તૌબા કરૂં છું જે પોતાના નફસ સાથે તારી નાફરમાનીનો વાતો જ ન કરતો હોય તથા ન તો ગુનાહો તરફ પાછા ફરવાનો વિચાર સુધ્ધા કરતો હોય.

وَ قَدْ قُلْتَ يَا اِلَهِيْ فِيْ مُحْكَمِ كِتَابِكَ: اِنَّكَ تَقْبَلُ التَّوْبَةَ عَنْ عِبَادِكَ ، وَ تَعْفُوْ عَنِ السَّيِّئَاتِ ، وَ تُحِبُّ التَّوَّابِيْنَ ، فَاقْبَلْ تَوْبَتِيْ كَمَا وَعَدْتَ ، وَ اعْفُ عَنْ سَيِّئَاتِيْ كَمَا ضَمِنْتَ ، وَ اَوْجِبْ لِيْ مَحَبَّتَكَ كَمَا شَرَطْتَ، وَلَكَ يَا رَبِّ شَرْطِيْ اَ لَّا اَعُوْدَ فِيْ مَكْرُوْهِكَ ، وَ ضَمَانِيْ اَنْ لَا اَرْجِعَ فِيْ مَذْمُوْمِكَ ، وَ عَهْدِيْ اَنْ اَهْجُرَ جَمِيْعَ مَعَاصِيْكَ؛

નિ:શંક, તેં તારી મહાન કિતાબમાં ઈરશાદ ફરમાવ્યો છે, અય અલ્લાહ ! કે તું તારી મખ્લૂકની દુઆ કબૂલ ફરમાવે છે, ગુનાહની મગફેરત અતા કરે છે અને એ કે ગુનાહોની તૌબા કરનારને તું પસંદ કરે છે. તેથી ,

તારા વાયદા મુજબ મારી તૌબા કબૂલ કર , તારી ખાતરી મુજબ મને મારા ગુનાહોની મગફેરત અતા કર અને તારી મંજૂરી મુજબ મને તારી મોહબ્બત અતા કર. હું તને વાયદો કરૂં છું , અય અલ્લાહ ! હું એ તરફ પાછો નહિં ફરૂં જેને તું નાપસંદ કરે છે , હું તને ખાતરી આપું છું કે હું એ તરફ પાછો નહિં જાઉં જેની તેં મનાઈ ફરમાવી છે અને હું તારી બારગાહમાં અહદ કરૂં છું કે તારી નાફરમાનીના બધા અમલોને હું ત્યજી દઈશ.

اَللّٰهُمَّ اِنَّكَ اَعْلَمُ بِمَا عَمِلْتُ فَاغْفِرْ لِيْ مَا عَلِمْتَ ، وَ اصْرِفْنِيْ بِقُدْرَتِكَ اِلىٰ مَا اَحْبَبْتَ ؛ اَللّٰهُمَّ وَ عَلَيَّ تَبِعَاتٌ قَدْ حَفِظْتُهُنَّ ، وَ تَبِعَاتٌ قَدْ نَسِيْتُهُنَّ ، وَ كُلُّهُنَّ بِعَيْنِكَ الَّتِيْ لَا تَنَامُ ، وَ عِلْمِكَ الَّذِيْ لَا يَنْسىٰ ، فَعَوِّضْ مِنْهَا اَهْلَهَا ، وَ احْطُطْ عَنِّيْ وِزْرَهَا ، وَ خَفِّفْ عَنِّيْ ثِقْلَهَا ، وَ اعْصِمْنِيْ مِنْ اَنْ اُقَارِفَ مِثْلَهَا ؛ اَللّٰهُمَّ وَ اِنَّهُ لَا وَفَاءَ لِيْ بِالتَّوْبَةِ اِلَّا بِعِصْمَتِكَ ، وَ لَا اسْتِمْسَاكَ بِيْ عَنِ الْخَطَايَا اِلَّا عَنْ قُوَّتِكَ ، فَقَوِّنِيْ

بِقُوَّةٍ كَافِيَةٍ ، وَ تَوَلَّنِيْ بِعِصْمَةٍ مَانِعَةٍ ؛

અય અલ્લાહ ! નિ:શંક , તું બેહતર જાણે છે કે મેં શું શું કર્યુ છે. તેથી , જે કંઈ તું જાણે છે તેની મને મગફેરત અતા કર અને તારી શક્તિ થકી મને એ દિશામાં ફેરવી નાખ જેને તું પસંદ કરે છે.અય અલ્લાહ ! હું ઘણા લોકોના ઉપકારોથી દબાયેલો છું જેમાંથી થોડા મને યાદ નથી અને થોડા હું ભૂલી ગયો છું , પણ એ બધાં તારી ન ઊંઘનારી નજર સમક્ષ છે અને તારા ન ભૂલનાર ઈલ્મમાં છે. તેથી , તું તેઓને મારા તરફથી ઉપકારનો બદલો અતા કર જેઓ તેને લાયક છે. આ ઉપકારોના બોજથી મને નજાત અતા કર , મારા ઉપરથી તેનું વજન ઓછું કર અને ફરી પાછા તેવા ઉપકારો મારા માથા ઉપર ન લઉં તેવી મને તૌફીક અતા કર. અય અલ્લાહ ! નિ:શંક, હું મારી તૌબાને વફાદાર નથી રહી શકતો સિવાય કે તારી પનાહ હોય અને મારા પોતાને હું હદ ઓળગવાથી બચાવી નથી શકતો સિવાય કે તું શક્તિ અતા કરે. તેથી, પૂરી શક્તિ અતા કરીને મને શક્તિવાન બનાવ અને અસરકારક પનાહ થકી મને બચાવ.

اَللّٰهُمَّ اَيُّمَا عَبْدٍ تَابَ اِلَيْكَ وَ هُوَ فِيْ عِلْمِ الْغَيْبِ عِنْدَكَ فَاسِخٌ لِتَوْبَتِهٖ ، وَ عَائِدٌ فِيْ ذَنْبِهٖ وَ خَطِيْئَتِهٖ ،

فَاِنِّي اَعُوْذُ بِكَ اَنْ اَكُوْنَ كَذٰلِكَ ، فَاجْعَلْ تَوْبَتِي

هٰذِهٖ تَوْبَةً لَا اَحْتَاجُ بَعْدَهَا اِلٰى تَوْبَةٍ ، تَوْبَةً

مُوْجِبَةً لِمَحْوِ مَا سَلَفَ ، وَ السَّلَامَةِ فِيْمَا بَقِيَ ؛

اَللّٰهُمَّ اِنِّي اَعْتَذِرُ اِلَيْكَ مِنْ جَهْلِيْ ، وَ اَسْتَوْهِبُكَ

سُوْءَ فِعْلِيْ ، فَاضْمُمْنِيْ اِلٰى كَنَفِ رَحْمَتِكَ تَطَوُّلًا ، وَ

اسْتُرْنِيْ بِسِتْرِ عَافِيَتِكَ تَفَضُّلًا ؛

અય અલ્લાહ ! જે કોઈ તારી મખ્લૂક તારી બારગાહમાં તૌબા કરે છે અને તારા ભેદી ઇલ્મ મુજબ નક્કી જ છે કે તે પોતાની તૌબાને વફાદાર નથી રહેવાનો તથા ગુનાહ અને હદ બહાર જવા તરફ પાછો ફરવાનો જ છે તો હું તેના જેવો થવાથી તારી પનાહ તલબ કરૂં છું. તેથી , મારી આ તૌબાને એવી તૌબા કરાર ફરમાવ કે તે પછી મને તૌબા કરવાની જરૂરત ન રહે અને એવી તૌબા કે જે ભૂતકાળને બુઝાવી નાખે તથા બાકી જિંદગી છે તેમાં સલામતી રહે. અય અલ્લાહ ! તારી બારગાહમાં હું મારી અજ્ઞાનતાની ક્ષમા ઈચ્છું છું અને મારા કુકર્મોની મગફેરત તલબ કરૂં છું. તેથી , તારા એહસાન થકી તારી રહમતની સુરક્ષામાં મને દાખલ કર અને તારી મહેરબાની થકી તારી સલામતીની

મને ચાદર ઓઢાડી દે.

اَللّٰهُمَّ وَاِنِّيْ اَتُوْبُ اِلَيْكَ مِنْ كُلِّ مَا خَالَفَ اِرَادَتَكَ ، اَوْ زَالَ عَنْ مَحَبَّتِكَ مِنْ خَطَرَاتِ قَلْبِيْ ، وَ لَحَظَاتِ عَيْنِيْ، وَ حِكَايَاتِ لِسَانِيْ ، تَوْبَةً تَسْلَمُ بِهَا كُلُّ جَارِحَةٍ عَلٰى حِيَالِهَا مِنْ تَبِعَاتِكَ ، وَ تَأْمَنُ مِمَّا يَخَافُ الْمُعْتَدُوْنَ مِنْ اَلِيْمِ سَطَوَاتِكَ ؛ اَللّٰهُمَّ فَارْحَمْ وَحْدَتِيْ بَيْنَ يَدَيْكَ ، وَ وَجِيْبَ قَلْبِيْ مِنْ خَشْيَتِكَ ، وَ اضْطِرَابَ اَرْكَانِيْ مِنْ هَيْبَتِكَ ، فَقَدْ اَقَامَتْنِيْ يَا رَبِّ ذُنُوْبِيْ مَقَامَ الْخِزْيِ بِفِنَائِكَ ، فَاِنْ سَكَتُّ لَمْ يَنْطِقْ عَنِّيْ اَحَدٌ ، وَاِنْ شَفَعْتُ فَلَسْتُ بِاَهْلِ الشَّفَاعَةِ ؛

હું તારી બારગાહમાં એ સર્વે બાબતોની તૌબા કરૂં છું જે તારી મરજી વિરૂધ્ધ છે અને મારા દિલના એ વિચારોની જે તારી મોહબ્બતને નાબૂદ કરતા હતા , મારી નજરના ઈશારાઓની અને મારી જીભના ઉચ્ચારોની, એવી તૌબા જેના થકી મારા શરીરના દરેક અવયવો તારી સજાથી સલામત રહે અને હદ

ઓળંગનારાઓ તારા જે દુ:ખદાયક ક્રોધથી ભયભીત રહે છે તે ક્રોધથી સુરક્ષિત રહે. તેથી, અય અલ્લાહ ! તારી બારગાહમાં મારી તુચ્છતા ઉપર રહેમ કર,મારા દિલ ઉપર રહેમ કર જે તારા ખોફના કારણે ઝડપી ધબકારા મારે છે અને હાથપગ ઉપર પણ જે તારા ભયથી ધ્રુજી રહ્યા છે, કારણ કે, નિ:શંક, અય મારા પાલનહાર ! તારી બારગાહમાં મારા ગુનાહોએ મને એવી પરિસ્થિતિમાં મૂકી દીધો છે કે જો હું ચૂપ રહું તો મારા વતી કોઈ બોલવાવાળું નથી અને જો હું કોઈની મધ્યસ્થી ઈચ્છું તો હું તેને લાયક નથી.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِهٖ ، وَ شَفِّعْ فِيْ خَطَايَايَ كَرَمَكَ ، وَ عُدْ عَلٰى سَيِّئَاتِيْ بِعَفْوِكَ ، وَ لَا تَجْزِنِيْ جَزَائِيْ مِنْ عُقُوْبَتِكَ ، وَ ابْسُطْ عَلَيَّ طَوْلَكَ ، وَ جَلِّلْنِيْ بِسِتْرِكَ ، وَ افْعَلْ بِيْ فِعْلَ عَزِيْزٍ تَضَرَّعَ اِلَيْهِ عَبْدٌ ذَلِيْلٌ فَرَحِمَهٗ ، اَوْ غَنِيٍّ تَعَرَّضَ لَهٗ عَبْدٌ فَقِيْرٌ فَنَعَشَهٗ؛

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર રહમત નાઝિલ કર. તારા કરમને મારી ભૂલો માટે મધ્યસ્થી કરાર ફરમાવ ,

મારી ખરાબીઓને તારી મગફેરતની નજરોથી જો, હું તારી જે સજાને લાયક છું તે પરિણામ મને ન આપ, મારા ઉપર તારી દયા ફેલાવી દે અને તારા પરદા થકી મને ઢાંકી દે. મારી સાથે અવો વર્તાવ કર જેવો એક આદરણીય માલિક દયાળુ બની એક તુચ્છ નોકર સાથે કરે છે જયારે તે નોકર દયાની ભીખ માંગે છે અથવા જેવો વર્તાવ એક શ્રીમંત માણસ એક જરૂરતમંદની જરૂરત પૂરી કરવા માટે કરે છે જયારે કે તે જરૂરતમંદ તેની પાસે જરૂરત લઈને આવે છે.

اَللّٰهُمَّ لَا خَفِيْرَ لِيْ مِنْكَ فَلْيَخْفُرْنِيْ عِزُّكَ ، وَ لَا شَفِيْعَ لِيْ اِلَيْكَ فَلْيَشْفَعْ لِيْ فَضْلُكَ ، وَ قَدْ اَوْجَلَتْنِيْ خَطَايَايَ فَلْيُؤْمِنِّيْ عَفْوُكَ؛ فَمَا كُلُّ مَا نَطَقْتُ بِهٖ عَنْ جَهْلٍ مِنِّيْ بِسُوْءِ اَثَرِيْ ، وَ لَا نِسْيَانٍ لِمَا سَبَقَ مِنْ ذَمِيْمِ فِعْلِيْ ، لٰكِنْ لِتَسْمَعَ سَمَاؤُكَ وَ مَنْ فِيْهَا وَ اَرْضُكَ وَ مَنْ عَلَيْهَا ، مَا اَظْهَرْتُ لَكَ مِنَ النَّدَمِ ، وَ لَجَأْتُ اِلَيْكَ فِيْهِ مِنَ التَّوْبَةِ ؛ فَلَعَلَّ بَعْضَهُمْ بِرَحْمَتِكَ يَرْحَمُنِيْ لِسُوْءِ مَوْقِفِيْ ، اَوْ تُدْرِكُهُ الرِّقَّةُ

عَلَيَّ لِسُوءِ حَالِي فَيَنَالَنِي مِنْهُ بِدَعْوَةٍ هِيَ اَسْمَعُ
لَدَيْكَ مِنْ دُعَائِي ، اَوْ شَفَاعَةٍ اَوْكَدُ عِنْدَكَ مِنْ
شَفَاعَتِي تَكُونُ بِهَا نَجَاتِي مِنْ غَضَبِكَ وَ فَوْزَتِي
بِرِضَاكَ ؛

અય અલ્લાહ ! એવું કોઈ નથી જે મને તારાથી બચાવી શકે , તેથી, તારી બાદશાહતે મને સુરક્ષા આપવી જોઈએ અને એવું કોઈ નથી જે તારી બારગાહમાં મારા , માટે મધ્યસ્થી કરે , તેથી, તારી મહેરબાનીએ મારા માટે મધ્યસ્થી કરવી જોઈએ. નિ:શંક, મારી ભૂલોએ મને ભયભીત કરી મૂકયો છે ; તેથી, તારી મગફેર તે મને ખાતરી આપવી જોઈએ કારણ કે હુંએ જે કાંઈ પણ કહ્યું છે તે મારા કુકર્મો ભૂલી જઈને નહિં અથવા મારા દોષિત ચાલચલણને પણ ભૂલીને નહિં પણ એ આશા સાથે કે તારી જન્નત તથા તેમાં જે લોકો છે તેઓ, અને તારી જમીન તથા તેના ઉપર જે લોકો છે તેઓ બધા તારી બારગાહમાં મારી તૌબા  કે જેને મેં  તારી પનાહ માંગવા માટે જાહેર કરી છે, તેને સાંભળે અને મારી મગફેરત માટે દુઆ કરે. અને  ,  કદાચ, તેઓમાંથી કોઈને તારા એહસાન થકી તરસ આવે તથા તેઓ પાસેથી મને એવી દુઆ મળે જે મારી દુઆ કરતા વધારે જલદી

કબૂલ થવાને લાયક હોય અથવા એવી મધ્યસ્થી મળે જે મારી મગફેરતની તલબ કરતા વધારે અસરકારક હોય અને તેં મને તારા ક્રોધથી નજાત પામવાનું તથા તારી મંજૂરી (ખુશી) પામવામાં મારા માટે સફળતાનું કારણ બને.

اَللّٰهُمَّ اِنْ يَكُنِ النَّدَمُ تَوْبَةً اِلَيْكَ فَاَنَا اَنْدَمُ النَّادِمِيْنَ ، وَاِنْ يَكُنِ التَّرْكُ لِمَعْصِيَتِكَ اِنَابَةً فَاَنَا اَوَّلُ الْمُنِيْبِيْنَ ، وَاِنْ يَكُنِ الْاِسْتِغْفَارُ حِطَّةً لِلذُّنُوْبِ فَاِنِّيْ لَكَ مِنَ الْمُسْتَغْفِرِيْنَ ؛ اَللّٰهُمَّ فَكَمَا اَمَرْتَ بِالتَّوْبَةِ ، وَضَمِنْتَ الْقَبُوْلَ ، وَحَثَثْتَ عَلَى الدُّعَاءِ ، وَوَعَدْتَ الْاِجَابَةَ ، فَصَلِّ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِهٖ ، وَاقْبَلْ تَوْبَتِيْ ، وَلَا تَرْجِعْنِيْ مَرْجِعَ الْخَيْبَةِ مِنْ رَحْمَتِكَ ، اِنَّكَ اَنْتَ التَّوَّابُ عَلَى الْمُذْنِبِيْنَ ، وَ الرَّحِيْمُ لِلْخَاطِئِيْنَ الْمُنِيْبِيْنَ ؛

અય અલ્લાહ ! જો પસ્તાવો કર વો તારી નજરમાં ખરી તૌબા છે તો , નિ:શંક, હું એ પસ્તાવો કરવાવાળામાંથી છું જેઓ ખરેખર પસ્તાવો કરે છે;

જો તારી નાફરમાની ત્યજી દેવી તૌબા છે તો તારી તરફ પાછા ફરનારાઓ માંથી સૌથી પહેલો તારી તરફ પાછો ફરનાર હું છું અને જો તારી મગફેરત તલબ કરવી ગુનાહોને ધોઈ નાખે છે તો , નિ:શંક, હું તેઓમાંથી છું જેઓ તારી બારગાહમાં તારી મગફેરત માટે દુઆ કરે છે. અય અલ્લાહ ! તેં અમને તૌબા કરવાનો હુકમ કર્યો છે , તૌબા કબૂલ કરવાની ખાતરી આપી છે, દુઆ કરવા માટે ઉત્તેજન આપ્યું છે અને જવાબ દેવાનો વાયદો કર્યો છે; તેથી, હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર રહમત નાઝિલ કર. તારી રહમતથી ઉદાસ કરી પાછો ન ફેરવ ; નિ:શંક, તું ગુનેહગારોની તૌબાનો કબૂલ કરનાર છે અને તારી બારગાહમાં જેઓ પાછા ફરે છે તેઓના ઉપર તું દયા કરનાર છે.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِهٖ ، كَمَا هَدَيْتَنَا بِهٖ ، وَ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِهٖ ، كَمَا اسْتَنْقَذْتَنَا بِهٖ ، وَ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِهٖ ، صَلَاةً تَشْفَعُ لَنَا يَوْمَ الْقِيَامَةِ وَ يَوْمَ الْفَاقَةِ اِلَيْكَ ، اِنَّكَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ، وَ هُوَ عَلَيْكَ يَسِيْرٌ.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને

તેમની આલ ઉપર રહમત નાઝિલ કર કારણ કે તેમના થકી તેં અમારી હિદાયત કરી છે ; હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર રહમત નાઝિલ કર કારણ કે તેમના થકી તેં અમને નજાત અતા કરી છે ; હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર રહમત નાઝિલ કર જે તારી બારગાહમાં કયામતના દિવસે તથા જરૂરતના (ફાકાના) દિવસે અમારા માટે મધ્યસ્થી કરનાર હોય. નિ:શંક, તું દરેક વસ્તુ ઉપર શક્તિ (કુદરત) ધરાવનાર છે અને તારા માટે દરેક વસ્તુ સહેલી છે. તારી રહમતની સાથે. અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

## એક બીજી દુઆએ તૌબા

**અલ્લાહ તઆલાની બારગાહમાં ગુનાહની કબુલાત અને તૌબાની તલબ માટે ઈમામ સજ્જાદ (અ.)ની દુઆ જે સહીફએ સજ્જાદીય્યાહ ની દુઆ નંબર ૧૨ છે.**

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ اِنَّهٗ يَحْجُبُنِيْ عَنْ مَسْاَلَتِكَ خِلَالٌ ثَلَاثٌ ، وَتَحْدُوْنِيْ عَلَيْهَا خَلَّةٌ وَاحِدَةٌ ، يَحْجُبُنِيْ اَمْرٌ اَمَرْتَ بِهٖ فَاَبْطَأْتُ عَنْهُ ، وَ نَهْيٌ نَهَيْتَنِيْ عَنْهُ فَاَسْرَعْتُ اِلَيْهِ ، وَنِعْمَةٌ اَنْعَمْتَ

بِهَا عَلَيَّ فَقَصَّرْتُ فِيْ شُكْرِهَا ؛ وَ يَحْدُوْنِيْ عَلٰى

مَسْاَلَتِكَ تَفَضُّلُكَ عَلٰى مَنْ اَقْبَلَ بِوَجْهِهٖ اِلَيْكَ ، وَ

وَفَدَ بِحُسْنِ ظَنِّهٖ اِلَيْكَ ، اِذْ جَمِيْعُ اِحْسَانِكَ تَفَضُّلٌ

، وَاِذْ كُلُّ نِعَمِكَ ابْتِدَاءٌ ،

અય અલ્લાહ ! મને ત્રણ વસ્તુઓ તારી બારગાહમાં દુઆ કરવામાં અડચણરૂપ છે અને એક વસ્તુ મને દુઆ કરવાની પ્રેરણા આપે છે. તારા હુકમ મુજબ અમલ કરવામાં ઢીલ કરવાથી શરમના કારણે દુઆ કરતા હું અચકાઉં છું , એ વસ્તુ કે જેની તેં મનાઈ ફરમાવી છે અને તેની તરફ મેં ઉતાવળ કરી તેથી હું અચકાઉં છું તથા એ કારણથી પણ અચકાઉં છું કે તેં મને નેઅમતો અતા કરી અને હું તેનો શુક્ર કરવામાં નિષ્ફળ રહ્યો; એ વસ્તુ જે મને તારી બારગાહમાં દુઆ કરવાની પ્રેરણા આપે છે તે તારી મહેરબાની છે જે તું એના ઉપર કરે છે જે તારી તરફ રજૂ થયો (જે તારી તરફ ફર્યો) અને તારી બારગાહમાં આશાવાદી થઈને હાજર થયો કારણ કે તારી નેઅમત તારી મહેરબાની છે , તારી દરેક નેઅમત મારા ઉપર તારો એહસાન છે (નહિં કે મારા હકનો બદલો અથવા ઇનામ છે.)

فَهَا اَنَا ذَا ، يَا اِلَهِيْ ، وَاقِفٌ بِبَابِ عِزِّكَ وُقُوْفَ الْمُسْتَسْلِمِ الذَّلِيْلِ ، وَ سَائِلُكَ عَلَى الْحَيَاءِ مِنِّيْ سُؤَالَ الْبَائِسِ الْمُعِيْلِ ، مُقِرٌّ لَكَ بِاَنِّيْ لَمْ اَسْتَسْلِمْ وَقْتَ اِحْسَانِكَ اِلَّا بِالْاِقْلَاعِ عَنْ عِصْيَانِكَ ، وَ لَمْ اَخْلُ فِي الْحَالَاتِ كُلِّهَا مِنِ امْتِنَانِكَ ؛ فَهَلْ يَنْفَعُنِيْ ، يَا اِلَهِيْ ، اِقْرَارِيْ عِنْدَكَ بِسُوْءِ مَا اكْتَسَبْتُ وَ هَلْ يُنْجِيْنِيْ مِنْكَ اعْتِرَافِيْ لَكَ بِقَبِيْحِ مَا ارْتَكَبْتُ اَمْ اَوْجَبْتَ لِيْ فِيْ مَقَامِيْ هٰذَا سُخْطَكَ اَمْ لَزِمَنِيْ فِيْ وَقْتِ دُعَايَ مَقْتُكَ ؛

તેથી, અય રબ્બ ! તું મારી તરફ નિગાહે કરમ કર કારણ કે હું તારી બાદશાહતના દરવાજા ઉપર આવીને ઉભો છું, એવી રીતે કે જે આજ્ઞાધીન થઈને ધ્રુજે છે, તને આજીજી કરે છે, શર્મસાર છે, ગરીબી તથા મોહતાજીની લાગણી સાથ સ્વીકાર કરે છે કે તેણે કોઈ દિવસ તારી નેઅમતોનો ઉપકાર વ્યક્ત નથી કર્યો સિવાય કે તારી માઅસીયતો (નાફરમાની) જ શોધી શોધીને કરતો રહ્યો અને

પોતાની દરેક હાલતમાં તારી નેઅમતોથી વંચિત ન હતો. તો શું અય અલ્લાહ ! હુંએ જે કઈ ખરાબીઓ (નાફરમાનીઓ) કરી છે તે વિષેની મારી કબૂલાત તારી બારગાહમાં મને કઈ નફો પહોંચાડશે ? હું જે કઈ ખરાબીઓ કરી છે એનો એકરાર કરવું શું મને તારા ક્રોધથી નજાત આપશે ? અથવા પછી મારી આ હાલતમાં તેં તારો ક્રોધ મારા ઉપર કોઇપણ ફેરબદલ વગર નિર્ણીત કરી દીધો છે ? દુઆ કરતી વખતે શું હું તારી નારાજીથી ઘેરાયેલો જ છું?

سُبْحَانَكَ ، لَا اَيْاَسُ مِنْكَ وَ قَدْ فَتَحْتَ لِيْ بَابَ

التَّوْبَةِ اِلَيْكَ ، بَلْ اَقُوْلُ مَقَالَ الْعَبْدِ الذَّلِيْلِ

الظَّالِمِ لِنَفْسِهٖ الْمُسْتَخِفِّ بِحُرْمَةِ رَبِّهٖ ، اَلَّذِيْ

عَظُمَتْ ذُنُوْبُهٗ فَجَلَّتْ ، وَ اَدْبَرَتْ اَيَّامُهٗ فَوَلَّتْ حَتّٰى

اِذَا رَاٰى مُدَّةَ الْعَمَلِ قَدِ انْقَضَتْ وَ غَايَةَ الْعُمُرِ قَدِ

انْتَهَتْ ، وَ اَيْقَنَ اَنَّهٗ لَا مَحِيْصَ لَهٗ مِنْكَ ، وَ لَا

مَهْرَبَ لَهٗ عَنْكَ ، تَلَقَّاكَ بِالْاِنَابَةِ ، وَ اَخْلَصَ لَكَ

التَّوْبَةَ ، فَقَامَ اِلَيْكَ بِقَلْبٍ طَاهِرٍ نَقِيٍّ ، ثُمَّ دَعَاكَ

بِصَوْتٍ حَائِلٍ خَفِيٍّ ؛ قَدْ تَطَأْطَأَ لَكَ فَانْحَنَىٰ ، وَ نَكَّسَ رَأْسَهُ فَانْثَنَىٰ ، قَدْ أَرْعَشَتْ خَشْيَتُهُ رِجْلَيْهِ ، وَ غَرَّقَتْ دُمُوعُهُ خَدَّيْهِ ،

અય પાક-ઝાત ! હું તારી રહમતથી નાઉમેદ નથી થતો જ્યારે કે તેં મારા માટે તૌબાના દ્વાર ઉઘાડા મૂક્યા છે. હા, હું એક તુચ્છ બંદા તરીકે મારા શબ્દો ઉચ્ચારૂં છું જેણે પોતાના નફસ ઉપર જુલમ કર્યો છે, જેણે પોતાના રબની પૂરતી કદર કરી નથી, જેના ગુનાહો મોટા છે તથા વધતા જાય છે, જેના દિવસો વીતી ગયા છે તથા જીવન સમાપ્ત થયું છે ત્યાં સુધી કે તેની નેકીઓ કરવાની તકો ચાલી ગઈ છે અને તેના જીવનનું આયુષ્ય પૂરૂં થયું છે તથા તેણે ખાતરી થઇ છે કે તારી બારગાહમાં તેના માટે નથી કોઈ છૂટકારો કે નથી કોઈ બીજો સહારો. ત્યારે તે તારી બારગાહમાં હાજર થયો છે , પોતાને બદલી દઈને, શુદ્ધ ભાવનાઓ સાથે અને તારી બારગાહમાં તૌબા કરી, આમ તેણે તારી બારગાહમાં શુદ્ધ અને સાચા દિલથી, ધીમા અને અચકાતા અવાજ સાથે દુઆ કરી. નિ:શંક, તે તારી બારગાહમાં નમી ગયો એટલે સુધી કે તે વાંકો વળી ગયો અને પોતાનું માથું ઝૂકાવી દીધું એટલે સુધી કે તે બેવડો વળી ગયો. નિ:શંક, (પોતાના ગુનાહોના કારણે) ડરથી

તેના પગો ધ્રુજે છે અને તેના ગાલો ઉપર આંસુઓની ધારા વહે છે.

يَدْعُوكَ بِيَا اَرْحَمَ الرَّاحِمِيْنَ ، وَيَا اَرْحَمَ مَنِ

انْتَابَهُ الْمُسْتَرْحِمُوْنَ ، وَيَا اَعْطَفَ مَنْ اَطَافَ بِهِ

الْمُسْتَغْفِرُوْنَ ، وَيَا مَنْ عَفْوُهُ اَكْثَرُ مِنْ نَقِمَتِهِ ، وَ

يَا مَنْ رِضَاهُ اَوْفَرُ مِنْ سَخَطِهِ ؛ وَيَا مَنْ تَحَمَّدَ اِلٰى

خَلْقِهِ بِحُسْنِ التَّجَاوُزِ ، وَيَا مَنْ عَوَّدَ عِبَادَهُ قَبُوْلَ

الْاِنَابَةِ ، وَيَا مَنِ اسْتَصْلَحَ فَاسِدَهُمْ بِالتَّوْبَةِ وَيَا

مَنْ رَضِيَ مِنْ فِعْلِهِمْ بِالْيَسِيْرِ ، وَمَنْ كَافٰى قَلِيْلَهُمْ

بِالْكَثِيْرِ ، وَيَا مَنْ ضَمِنَ لَهُمْ اِجَابَةَ الدُّعَاءِ ، وَيَا

مَنْ وَعَدَهُمْ عَلٰى نَفْسِهِ بِتَفَضُّلِهِ حُسْنَ الْجَزَاءِ ؛

તે તને પોકારે છે અને દુઆ કરે છે , (અય અલ્લાહ !) અય સૌથી વધારે રહેમ કરનાર ! અય સૌથી વધારે મહેરબાન ! જેની પાસે રહેમની આશા લઇને લોકો આવતાં જ રહે છે. અય સૌથી વધારે દયાળુ ! જેની બારગાહમાં મગફેરત તલબ કરનારા પહોંચે છે. અય તું ! જેની મગફેરત તેની સજા કરતા વધારે

વ્યાપક છે. અય તું ! જેણે તારા બંદાઓની ભૂલોને જતી કરી અને તેમના ઉપર મહેરબાની કરી. અય તું ! જેણે તારા બંદાઓને શીખવ્યું કે તું તેમની તૌબા કબૂલ કરે છે (એવી રીતે કે તેઓ ફરી પાછા ગુનાહો ન કરે અને સારા કામો કરે). અય તું ! જેણે તેઓને તૌબા થકી સુધાર્યા. અય તું ! જે તેઓના થોડા એવા સારા કામોથી રાજી થયો. અય તું ! જેણે તેઓના સામાન્ય કામોની ગણના કરી. અય તું ! જેણે દુઆ કબૂલ કરવાની તેઓને ખાતરી આપી. અય તું ! જેણે પોતાની મહેરબાની તથા વચન થકી સુંદર ઇનામો અર્પણ કરવાનો તેઓને વાયદો કર્યો.

مَا اَنَا بِاَعْصٰى مَنْ عَصَاكَ فَغَفَرْتَ لَهٗ ، وَمَا اَنَا
بِاَلْوَمِ مَنِ اعْتَذَرَ اِلَيْكَ فَقَبِلْتَ مِنْهُ ، وَمَا اَنَا
بِاَظْلَمِ مَنْ تَابَ اِلَيْكَ فَعُدْتَ عَلَيْهِ ؛ اَتُوْبُ اِلَيْكَ فِيْ
مَقَامِيْ هٰذَا تَوْبَةَ نَادِمٍ عَلٰى مَا فَرَطَ مِنْهُ ، مُشْفِقٍ
مِمَّا اجْتَمَعَ عَلَيْهِ ، خَالِصِ الْحَيَاءِ مِمَّا وَقَعَ فِيْهِ ؛
عَالِمٍ بِاَنَّ الْعَفْوَ عَنِ الذَّنْبِ الْعَظِيْمِ لَا يَتَعَاظَمُكَ ،
وَاَنَّ التَّجَاوُزَ عَنِ الْاِثْمِ الْجَلِيْلِ لَا يَسْتَصْعِبُكَ ، وَ

اَنَّ احْتِمَالَ الْجِنَايَاتِ الْفَاحِشَةِ لَا يَتَكَادُكَ ، وَ اَنَّ

اَحَبَّ عِبَادِكَ اِلَيْكَ مَنْ تَرَكَ الْاِسْتِكْبَارَ عَلَيْكَ ، وَ

جَانَبَ الْاِصْرَارَ ، وَلَزِمَ الْاِسْتِغْفَارَ ؛ وَ اَنَا اَبْرَاُ

اِلَيْكَ مِنْ اَنْ اَسْتَكْبِرَ ، وَ اَعُوْذُ بِكَ مِنْ اَنْ اُصِرَّ ، وَ

اَسْتَغْفِرُكَ لِمَا قَصَّرْتُ فِيْهِ ، وَ اَسْتَعِيْنُ بِكَ عَلٰى مَا

عَجَزْتُ عَنْهُ؛

હું એવા લોકોમાંથી સૌથી વધારે ગુનેહગાર નથી જેઓએ તારી નાફરમાની કરી અને તેં તેઓને માફ કર્યા. હું એવા લોકોમાંથી સૌથી વધારે દોષિત નથી જેઓએ તૌબા કરી અને તેં તેઓની તૌબા કબૂલ કરી. હું એવા લોકોમાંથી સૌથી વધારે અન્યાયી નથી જેઓએ તારી બારગાહમાં તૌબા કરી અને તેં તેઓના ઉપર એહસાન કરી બતાવ્યું. હું મારી આ હાલતમાં તારી બારગાહમાં તૌબા કરૂં છું જે પોતાની ફરજો બજાવવા તરફ બેદરકાર રહ્યો હોવાના કારણે શર્મસાર છે, ભયભીત છે એના કારણે જે કાંઈ પણ તેણે પોતાની વિરૂધ્ધ જમા કર્યુ છે , પ્રમાણિકપણે દિલગીર છે એ માટે જેમાં તેં ગિરફ્તાર થયો છે , ખબરદાર થઈને કે ગુનાહોની મગફેરત કરવી તારા માટે કોઈ મોટું કામ નથી કે નથી બહુ મુશ્કેલ અને

(લોકોની) અતિશય નાફરમાની વેઠવી તારા માટે સખત નથી. તારો જે બંદો અભિમાન ત્યજી દે છે , ગુનાહોને ફરીવાર કરવાથી પરહેઝ કરે છે અને મગફેરત તલબ કરતો રહે છે , તે તારો સૌથી પ્રિય બંદો છે. હું તારી બારગાહમાં પોતાને અભિમાનથી મુક્ત કરૂં છું, ગુનાહોને ફરીવાર ન કરૂં એ માટે તારી પનાહ માંગુ છું , મારી નિષ્ફળતા માટે તારી મગફેરત ચાહું છું અને જે કંઈ કરવા માટે હું નબળો છું તે માટે તારી મદદ તલબ કરૂં છું.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِهٖ ، وَ هَبْ لِيْ مَا يَجِبُ عَلَيَّ لَكَ ، وَ عَافِنِيْ مِمَّا اَسْتَوْجِبُهٗ مِنْكَ ، وَ اَجِرْنِيْ مِمَّا يَخَافُهٗ اَهْلُ الْاِسَاءَةِ ، فَاِنَّكَ مَلِيْءٌ بِالْعَفْوِ ، مَرْجُوٌّ لِلْمَغْفِرَةِ ، مَعْرُوْفٌ بِالتَّجَاوُزِ ، لَيْسَ لِحَاجَتِيْ مَطْلَبٌ سِوَاكَ ، وَ لَا لِذَنْبِيْ غَافِرٌ غَيْرُكَ ، حَاشَاكَ ، وَ لَا اَخَافُ عَلٰى نَفْسِيْ اِلَّا اِيَّاكَ ، اِنَّكَ اَهْلُ التَّقْوٰى وَ اَهْلُ الْمَغْفِرَةِ ،

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર રહમત નાઝિલ કર , તારા હુકમોની નાફરમાની માટે મારી મગફેરત કર , તારી

બારગાહમાં હું જે સજાને લાયક છું તેનાથી મને નજાત અતા કર અને બદકારોને જેવી  સજા મળવી જોઈએ તેવી સજાથી મને સલામતી અતા કર       ; નિ:શંક, તું બહુ જ માફ કરનાર છે. તારી બારગાહમાં મગફેરતની આશા સેવાય છે , ભૂલોને નજર અંદાજ કરવા માટે (જતી કરવા માટે) તું પ્રખ્યાત છે , તારા સિવાય બીજું કોઈ નથી જેની પાસે   ઈચ્છાઓ પૂરી કરવાની દુઆ કરી શકાય છે અને તારા સિવાય ગુનાહોની મગફેરત કરનાર  બીજું કોઈ નથી. મને કોઈ ડર નથી કે મારા નફસને કઈ થઇ જશે સિવાય કે તારા  તરફથી. નિ:શંક,  તું જ લાયક છે જેનાથી ડરવું જોઈએ અને તું જ ગુનાહોની મગફેરત   કરવા માટે શક્તિશાળી  છે.

صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِ مُحَمَّدٍ ، وَاقْضِ حَاجَتِيْ ، وَ اَنْجِحْ طَلِبَتِيْ ، وَاغْفِرْ ذَنْبِيْ ، وَاٰمِنْ خَوْفَ نَفْسِيْ ، اِنَّكَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ، وَ ذٰلِكَ عَلَيْكَ يَسِيْرٌ ، اٰمِيْنَ رَبَّ الْعَالَمِيْنَ.

(અય અલ્લાહ !) હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર રહમત નાઝિલ કર, મારી હાજત પૂરી કર ,  મારી દુઆ કબૂલ કર  ,  મારા ગુનાહોની મગફેરત કર અને મારા નફસના ભયને નાબૂદ કર ;

નિ:શંક, તું દરેક વસ્તુ ઉપર કુદરત  ધરાવે છે અને આ તારા માટે સહેલું છે.     આમીન ! અય પૂરી ‘કાએનાત’ના રબ ! તારી રહમતની સાથે. અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

## દુઆએ આફિયત (સુરક્ષા)

આફિયત અને  શુક્ર અદા કરવા માટે ઈમામ સજ્જાદ (અ.)ની દુઆ  જે  સહીફએ સજ્જાદીય્યાહ ની દુઆ  નંબર ૨૩ જેનો ઝિક્ર પેજ નંબર **208** ઉપર કરવામાં આવેલ છે.

## માં-બાપ (વાલેદૈન) માટે ની દુઆ

માતા-પિતા માટે  ઈમામ સજ્જાદ (અ.)ની દુઆ   જે સહીફએ સજ્જાદીય્યાહ ની દુઆ નંબર ૨૪ છે :

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ عَبْدِكَ وَرَسُوْلِكَ ، وَاَهْلِ بَيْتِهِ الطَّاهِرِيْنَ ، وَاخْصُصْهُمْ بِاَفْضَلِ صَلَوَاتِكَ وَرَحْمَتِكَ وَبَرَكَاتِكَ وَسَلَامِكَ ؛ وَاخْصُصِ اَللّٰهُمَّ وَالِدَيَّ بِالْكَرَامَةِ لَدَيْكَ ، وَالصَّلَاةِ مِنْكَ ، يَا اَرْحَمَ الرَّاحِمِيْنَ ؛

અય અલ્લાહ ! તારા બંદા તથા રસૂલ હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમના કુટુંબીજનો ઉપર

રહમત નાઝિલ કર. તારા સર્વોતમ એહસાનો ,
રહમત, બરકતો અને તારી સલામતી થકી તેમણે
સન્માનિત કર. અય અલ્લાહ ! તારી બારગાહમાં
મારા વાલેદૈનને શ્રેષ્ઠતા અને તારી ખાસ રહમતથી
સન્માનિત કર, અય સૌથી વધારે રહેમ કરનાર !

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِهِ ، وَ اَلْهِمْنِيْ عِلْمَ مَا يَجِبُ لَهُمَا عَلَيَّ اِلْهَامًا ، وَ اجْمَعْ لِيْ عِلْمَ ذٰلِكَ كُلِّهِ تَمَامًا ، ثُمَّ اسْتَعْمِلْنِيْ بِمَا تُلْهِمُنِيْ مِنْهُ ، وَ وَفِّقْنِيْ لِلنُّفُوْذِ فِيْمَا تُبَصِّرُنِيْ مِنْ عِلْمِهِ حَتّٰى لَا يَفُوْتَنِيْ اسْتِعْمَالُ شَيْءٍ عَلَّمْتَنِيْهِ ، وَ لَا تَثْقُلَ اَرْكَانِيْ عَنِ الْحَفُوْفِ فِيْمَا اَلْهَمْتَنِيْهِ ،

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને
તેમની આલ ઉપર રહમત નાઝિલ કર. મને તારી
પ્રેરણા થકી મારા વાલેદૈન પ્રત્યેની મારી ફરજો વિષે
ઇલ્મ અતા કર; આ વિષે મને સંપૂર્ણ ઇલ્મ એકત્રિત
રીતે અતા કર તથા મને તારી પ્રેરણા મુજબ અમલ
કરવાની તૌફીક અતા કર અને મને એવી તૌફીક
અતા કરે કે હું આ ઇલ્મ સંપૂર્ણ રીતે સમજી શકું
તથા કોઈ પણ સંજોગોમાં તેં જે શીખવ્યું છે તે મુજબ
અમલ કરવાનું હું ચૂકી ન જાઉં અથવા તેં મને જે

પ્રેરણા અતા કરી છે તે મુજબ અમલ કરવામાં મારા હાથપગ ભારે થઇ આળસ ન કરી જાય.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِهٖ كَمَا شَرَّفْتَنَا بِهٖ ، وَ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِهٖ ، كَمَا اَوْجَبْتَ لَنَا الْحَقَّ عَلَى الْخَلْقِ بِسَبَبِهٖ ؛ اَللّٰهُمَّ اجْعَلْنِيْ اَهَابُهُمَا هَيْبَةَ السُّلْطَانِ الْعَسُوْفِ ، وَ اَبَرُّهُمَا بِرَّ الْاُمِّ الرَّءُوْفِ ، وَ اجْعَلْ طَاعَتِيْ لِوَالِدَيَّ وَ بِرِّيْ بِهِمَا اَقَرَّ لِعَيْنِيْ مِنْ رَقْدَةِ الْوَسْنَانِ ، وَ اَثْلَجَ لِصَدْرِيْ مِنْ شَرْبَةِ الظَّمْاٰنِ حَتّٰى اُوْثِرَ عَلٰى هَوَايَ هَوَاهُمَا ، وَ اُقَدِّمَ عَلٰى رِضَايَ رِضَاهُمَا وَ اَسْتَكْثِرَ بِرَّهُمَا بِيْ وَ اِنْ قَلَّ ، وَ اَسْتَقِلَّ بِرِّيْ بِهِمَا وَ اِنْ كَثُرَ ؛

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર રહમત નાઝિલ કર. જેમના કારણે તેં તારી મખ્લૂક ઉપર અમને અધિકાર અતા કર્યો છે. મારા વાલેદૈનનો મને એવો ખોફ અતા કર જેવી રીતે હું એક ક્રૂર બાદશાહથી ડરૂં અને તેમની એવી મોહબ્બત અતા કર જેવી રીતે એક રહેમદિલ

માનો હેત. તેમની ફરમાબરદારી (ઇતાઅત) કરવી તથા તેમના સાથે ભલાઈ (નેકી) કરવી મારા માટે આકર્ષક બનાવ જેવી રીતે એક નિદ્રાધીન માટે નિદ્રા હોય છે, અને એવી હૈયાધારણ બનાવ જેવી રીતે એક તરસ્યા માટે પાણી હોય છે , ત્યાં સુધી કે હું મારી ઈચ્છાઓ ઉપર તેમની ઈચ્છાઓ પહેલે પસંદગી આપું તથા મારી જરૂરતો પહેલા તેમની જરૂરતો પૂરી કરૂં. મારી સાથે તેમની થોડી એવી ભલાઈ પણ હું ઘણી સમજું અને તેમના સાથે મારી મોટી ભલાઈને પણ થોડી એવી સમજું.

اَللّٰهُمَّ خَفِّضْ لَهُمَا صَوْتِيْ ، وَ اَطِبْ لَهُمَا كَلَامِيْ ، وَ

اَلِنْ لَهُمَا عَرِيْكَتِيْ ، وَ اعْطِفْ عَلَيْهِمَا قَلْبِيْ ، وَ

صَيِّرْنِيْ بِهِمَا رَفِيْقًا ، وَ عَلَيْهِمَا شَفِيْقًا ؛ اَللّٰهُمَّ

اشْكُرْ لَهُمَا تَرْبِيَتِيْ ، وَ اَثِبْهُمَا عَلٰى تَكْرِمَتِيْ ، وَ

احْفَظْ لَهُمَا مَا حَفِظَاهُ مِنِّيْ فِيْ صِغَرِيْ ؛ اَللّٰهُمَّ وَ مَا

مَسَّهُمَا مِنِّيْ مِنْ اَذًى ، اَوْ خَلَصَ اِلَيْهِمَا عَنِّيْ مِنْ

مَكْرُوْهٍ ، اَوْ ضَاعَ قِبَلِيْ لَهُمَا مِنْ حَقٍّ فَاجْعَلْهُ حِطَّةً

لِذُنُوْبِهِمَا ، وَ عُلُوًّا فِيْ دَرَجَاتِهِمَا ، وَ زِيَادَةً فِيْ

حَسَنَاتِهِمَا ، يَا مُبَدِّلَ السَّيِّئَاتِ بِأَضْعَافِهَا مِنَ الْحَسَنَاتِ ؛

અય અલ્લાહ ! અને મને તૌફીક અતા કર કે તેમની સમક્ષ મારો અવાજ હું ધીમો રાખું તથા મારી વાણી તેમને યોગ્ય લાગે તેવી હોય , તેમની સાથે મારો વર્તાવ નમ્ર રાખવાની તૌફીક અતા કર તથા મારા દિલને તેમના માટે મહેરબાન બનાવ અને તેઓ બન્ને સાથે મને નમણો તથા વિનમ્ર બનવાની તૌફીક અતા કર. અય અલ્લાહ ! મને ઉછેરીને મોટો કરવા બદલ તેઓને ઇનામ અતા કર , મને હેત કરવા બદલ તેમને તેનો બદલો અતા કર તેઓની હિફાઝત કર જેવી રીતે મારા બાળપણમાં તેઓએ મારી હિફાઝત કરી. અય અલ્લાહ ! મારા તરફથી તેઓને જેટલી તકલીફો પહોચી હોય , મારા કારણે તેઓને જેટલી પણ નારાજી થઇ હોય અથવા તેમના પ્રત્યેની મારી કોઇ પણ ફરજમાં ખામી રહી ગઈ હોય તો તેના થકી તું તેમના ગુનાહોની મગફેરત કર , તારી બારગાહમાં તેમનો દરજ્જો વધાર અને તેમના અમલે ખૈરમાં વૃદ્ધિ કર , અય તું ! જે બદ અમલોને અમલે ખૈરમાં વધારો અર્પણ કરી ફેરવી નાખનાર છે.

اَللّٰهُمَّ وَمَا تَعَدَّيَا عَلَيَّ فِيْهِ مِنْ قَوْلٍ ، اَوْ اَسْرَفَا

عَلَيَّ فِيْهِ مِنْ فِعْلٍ ، اَوْ ضَيَّعَاهُ لِيْ مِنْ حَقٍّ ، اَوْ قَصَّرَا

بِيْ عَنْهُ مِنْ وَاجِبٍ فَقَدْ وَهَبْتُهُ لَهُمَا ، وَ جُدْتُ بِهِ

عَلَيْهِمَا وَ رَغِبْتُ اِلَيْكَ فِيْ وَضْعِ تَبِعَتِهِ عَنْهُمَا ، فَاِنِّيْ

لَا اَتَّهِمُهُمَا عَلٰى نَفْسِيْ ، وَ لَا اَسْتَبْطِئُهُمَا فِيْ بِرِّيْ ، وَ

لَا اَكْرَهُ مَا تَوَلَّيَاهُ مِنْ اَمْرِيْ يَا رَبِّ ؛ فَهُمَا اَوْجَبُ

حَقًّا عَلَيَّ ، وَ اَقْدَمُ اِحْسَانًا اِلَيَّ ، وَ اَعْظَمُ مِنَّةً لَدَيَّ

مِنْ اَنْ اُقَاصَّهُمَا بِعَدْلٍ ، اَوْ اُجَازِيَهُمَا عَلٰى مِثْلٍ ،

અય અલ્લાહ ! અને તેઓ મને કંઈ વધારે પડતું બોલ્યા હોય અથવા મારે સાથે એવો વર્તાવ હોય જે વધારે પડતો હોય અથવા મારો કોઈ અધિકાર આપવાનું તેઓ ચુકી ગયા હોય અથવા એવી કોઈ મારા પ્રત્યેની ફરજ જે તેઓ પૂરી ન કરી શક્યા હોય. તો, નિ:શંક હું તેઓને દરગુજર કરૂં છું અને તેઓની તરફદારી માટે રાજી છું. હું તારી બારગાહમાં દુઆ કરૂં છું કે આવી કોઈ બાબત માટે તેઓને તું સજાપાત્ર ન કરાર ફરમાવ કારણ કે , નિ:શંક, તેઓએ જાણી જોઈને મને દુ:ખ પહોંચાડયાનો દોષ હું તેમને નથી આપતો હું એમ પણ નથી માનતો કે તેઓએ મારી સાથે ભલાઈ

કરવામાં કોઈ ખામી રાખી હોય અને તેઓએ મારી જે સંભાળ લીધી છે તેને હું નજીવી પણ નથી સમજતો; અને કારણ કે , અય અલ્લાહ ! તેઓના મારા ઉપર મહત્વના હકો એટલા છે , મારી સાથેની તેઓની ભલાઈઓ એટલી સર્વોચ્ચ છે અને હું તેઓનો એટલો એહસાનમંદ છું કે નથી હું તેને પહોચી શકતો અને નથી તેનો પૂરી રીતે બદલો ચૂકવી શકતો.

اَيْنَ اِذًا يَا اِلَهِيْ طُوْلُ شُغْلِهِمَا بِتَرْبِيَتِيْ! وَ اَيْنَ شِدَّةُ تَعَبِهِمَا فِيْ حِرَاسَتِيْ! وَ اَيْنَ اِقْتَارُهُمَا عَلٰى اَنْفُسِهِمَا لِلتَّوْسِعَةِ عَلَيَّ! ، هَيْهَاتَ ، مَا يَسْتَوْفِيَانِ مِنِّيْ حَقَّهُمَا ، وَ لَا اُدْرِكُ مَا يَجِبُ عَلَيَّ لَهُمَا ، وَ لَا اَنَا بِقَاضٍ وَظِيْفَةَ خِدْمَتِهِمَا ، فَصَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِهِ ، وَ اَعِنِّيْ يَا خَيْرَ مَنِ اسْتُعِيْنَ بِهِ ، وَ وَفِّقْنِيْ يَا اَهْدٰى مَنْ رُغِبَ اِلَيْهِ ، وَ لَا تَجْعَلْنِيْ فِيْ اَهْلِ الْعُقُوْقِ لِلْاٰبَاءِ وَ الْاُمَّهَاتِ يَوْمَ تُجْزٰى كُلُّ نَفْسٍ بِمَا كَسَبَتْ وَ هُمْ لَا يُظْلَمُوْنَ ؛

અય મારા રબ ! મને ઉછેરવામાં તેઓએ જે દુ:ખ વેઠયા છે, મારી હિફાઝત માટે જે સખત મહેનતો કરી છે અને મને આરામ તથા સુખ આપવા માટે તેઓએ પોતાનો જે આરામ ત્યજી દીધો છે , તે સર્વે એહસાનોનો બદલો હું કેવી રીતે ચૂકવી શકું ? અફસોસ ! અફસોસ ! (હું તેમ કરી શકું એ શક્ય જ નથી.) તેમના હક મારાથી અદા નથી થઈ શકતા , તેઓના મારા ઉપરના હકો હું પૂરી રીતે સમજી પણ નથી શકતો અને તેમની પૂરી સેવા કરવા માટે પણ હું અશકત છું. તેથી, અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર રહમત નાઝિલ કર અને મારી મદદ કર , અય જઓથી સહાયની વિનંતી કરી શકાય તેઓમાં સર્વોતમ સહાય કરનાર ! મને તૌફીક અતા કર , અય હિદાયત કરનારાઓમાં સર્વશ્રેઠ , જેની તરફ લોકો (રૂજૂઅ થઈ) ધસીને આવે છે ! અને મારો શુમાર એ દિવસે મા-બાપે આક કરેલાઓમાં ન કર જે દિવસે દરેક નફસને એ જ બદલો આપવામાં આવશે જે એણે કમાવ્યું છે અને તેઓ સાથે અન્યાય કરવામાં નહિં આવે.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِهٖ وَذُرِّيَّتِهٖ ، وَاخْصُصْ

اَبَوَيَّ بِاَفْضَلِ مَا خَصَصْتَ بِهٖ اٰبَاءَ عِبَادِكَ

الْمُؤْمِنِيْنَ وَاُمَّهَاتِهِمْ ، يَا اَرْحَمَ الرَّاحِمِيْنَ ؛

اَللّٰهُمَّ لَا تُنْسِنِيْ ذِكْرَهُمَا فِيْ اَدْبَارِ صَلَوَاتِيْ ، وَفِيْ اِنًى

مِنْ اٰنَاءِ لَيْلِيْ ، وَفِيْ كُلِّ سَاعَةٍ مِنْ سَاعَاتِ نَهَارِيْ ؛

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર રહમત નાઝિલ કર. તથા તેમના વંશમાંથી તેમની ઓલાદો ઉપર રહમત નાઝિલ કર. તારા મોઅમિન બંદાઓના મા-બાપને તેં જે ખાસ દરજ્જો અતા કરી સન્માનિત કર્યો છે તેવું જ ખાસ અને શ્રેષ્ઠ સન્માન મારા વાલેદૈનને પણ અતા કર , અય સૌથી વધારે રહેમ કરનાર ! અય અલ્લાહ ! મને એવી તૌફીક અતા કર કે મારી દરેક નમાઝ પછી, દરેક રાતના સમયોમાં તથા દરરોજ દરેક કલાકોમાં મારા વાલેદૈનનો ઝિક્ર કરવાનું હું ભૂલી ન જાઉં.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِهٖ ، وَاغْفِرْ لِيْ بِدُعَائِيْ

لَهُمَا ، وَاغْفِرْ لَهُمَا بِبِرِّهِمَا بِيْ مَغْفِرَةً حَتْمًا ، وَارْضَ

عَنْهُمَا بِشَفَاعَتِيْ لَهُمَا رِضًى عَزْمًا ، وَبَلِّغْهُمَا

بِالْكَرَامَةِ مَوَاطِنَ السَّلَامَةِ ؛ اَللّٰهُمَّ وَاِنْ سَبَقَتْ

مَغْفِرَتُكَ لَهُمَا فَشَفِّعْهُمَا فِيَّ، وَاِنْ سَبَقَتْ

مَغْفِرَتُكَ لِيْ فَشَفِّعْنِيْ فِيْهِمَا حَتّٰى نَجْتَمِعَ بِرَأْفَتِكَ

فِيْ دَارِ كَرَامَتِكَ وَ مَحَلِّ مَغْفِرَتِكَ وَرَحْمَتِكَ ، اِنَّكَ

ذُو الْفَضْلِ الْعَظِيْمِ ، وَالْمَنِّ الْقَدِيْمِ ، وَاَنْتَ

اَرْحَمُ الرَّاحِمِيْنَ.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર રહમત નાઝિલ કર. મારા વાલેદૈન માટેની મારી દુઆ કબૂલ કર તથા તેમની મગફેરત કર , તેઓની મારા ઉપર રહેમદિલીના કારણે તેમને તું જરૂર મગફેરત અતા કર, તેઓ માટે મારી મધ્યસ્થીના કારણે તું તેઓથી પૂરી રીતે રાજી થવાનું અમારા ઉપર એહસાન કર અને તારી રહમત થકી તેઓનો દરજ્જો ઉચ્ચ ફરમાવી તેઓને તારી બારગાહમાં સલામતીનું ઠેકાણું અતા કર. અય અલ્લાહ ! મારી દોઆના પહેલા જો તેઓ તારી મગફેરત મેળવી ચુક્યા હોય તો તેઓને મારી શફાઅત કરનાર (મારા માટે મધ્યસ્થી કરનાર) કરાર આપ અને જો તારી બારગાહમાં તેમના કરતા પહેલા મારી મગફેરત થઇ ગઈ હોય તો મને તેમના માટે મધ્યસ્થી કરવા નો મૌકો અતા કર , જેથી તારી

રહમત થકી તારી બારગાહમાં તારી મગફેરત અને રહમતથી ભરપુર હોય એવી જગાએ અમે ભેગા મળી જઈએ. નિ:શંક, તારી ઉદારતા મહાન છે, તારી મહેરબાનીઓ અપાર છે અને તું સૌથી વધારે રહેમ કરનાર છે. તારી રહમત થકી , અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

## ઓલાદના માટે માં-બાપની દુઆ

ઈમામ સજ્જાદ (અ.)ની દુઆ જે સહીફએ સજ્જાદીય્યાહની દુઆ નંબર ૨૫ છે :

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ وَمُنَّ عَلَيَّ

بِبَقَاءِ وُلْدِيْ وَبِاِصْلَاحِهِمْ لِيْ وَبِاِمْتَاعِيْ بِهِمْ ؛

اِلٰهِيْ امْدُدْ لِيْ فِيْ اَعْمَارِهِمْ ، وَزِدْ لِيْ فِيْ اٰجَالِهِمْ ، وَ

رَبِّ لِيْ صَغِيْرَهُمْ ، وَقَوِّ لِيْ ضَعِيْفَهُمْ ، وَاَصِحَّ لِيْ

اَبْدَانَهُمْ وَاَدْيَانَهُمْ وَاَخْلَاقَهُمْ ، وَعَافِهِمْ فِيْ

اَنْفُسِهِمْ وَفِيْ جَوَارِحِهِمْ وَفِيْ كُلِّ مَا عُنِيْتُ بِهٖ مِنْ

اَمْرِهِمْ ، وَاَدْرِرْ لِيْ وَعَلٰى يَدِيْ اَرْزَاقَهُمْ ؛ وَ

اجْعَلْهُمْ اَبْرَارًا اَتْقِيَاءَ بُصَرَاءَ سَامِعِيْنَ مُطِيْعِيْنَ

لَكَ ، وَ لِاَوْلِيَائِكَ مُحِبِّيْنَ مُنَاصِحِيْنَ ، وَلِجَمِيْعِ
اَعْدَائِكَ مُعَانِدِيْنَ وَ مُبْغِضِيْنَ ، اٰمِيْنَ ؛

અય અલ્લાહ ! મારી ઓલાદને મારી સાથે સુલેહ-શાંતિથી રહેવાની તૌફીક અતા કર , તારી રહમત થકી મને તેમનો સાથ અતા કર અને તેઓને બાકી રાખવાનું મારા ઉપર એહસાન કર. મારા રબ ! મારા માટે તેઓનું આયુષ્ય લાંબુ કર , તેઓની હયાતીની મુદ્દતમાં વધારો કર અને નાનપણના નાજુક વર્ષોમાં મારા માટે તેમનું પાલનપોષણ કર. તેઓમાંના નબળાઓને શક્તિ અતા કર અને તેઓના શરીર , ઈમાન-શ્રદ્ધા તથા નીતિ-નિયમોને તંદુરસ્તી અતા કર ; તેઓની આત્મા અને શરીરને તથા તેના સંબંધી દરેક એવી વસ્તુઓને સલામતી અતા કર જેના વિષે હું ચિંતાતુર છું અને તેઓનું ભરણપોષણ કરવા માટે મારા હાથોને શક્તિ અતા કર. તેઓને તૌફીક અતા કર કે તેઓ સદગુણી (નેક) બને, ધાર્મિક રહે, જોઈ શકે તથા સાંભળી શકે, તારી ફરમાબરદારી (ઇતાઅત) કરે, તને ચાહે, તારા દોસ્તોના શુભેચ્છક રહે અને તારા દુશ્મનોના પ્રતિકૂળ (વિરોધી) રહે તથા તેમના સાથે કઠોર બને; આમીન.

اَللّٰهُمَّ اشْدُدْ بِهِمْ عَضُدِيْ ، وَاَقِمْ بِهِمْ اَوَدِيْ ، وَ

كَثِّرْ بِهِمْ عَدَدِيْ ، وَ زَيِّنْ بِهِمْ مَحْضَرِيْ ، وَ اَحْيِ بِهِمْ ذِكْرِيْ ، وَ اكْفِنِيْ بِهِمْ فِيْ غَيْبَتِيْ ، وَ اَعِنِّيْ بِهِمْ عَلٰى حَاجَتِيْ ، وَ اجْعَلْهُمْ لِيْ مُحِبِّيْنَ ، وَ عَلَيَّ حَدِبِيْنَ مُقْبِلِيْنَ مُسْتَقِيْمِيْنَ لِيْ ، مُطِيْعِيْنَ ، غَيْرَ عَاصِيْنَ وَ لَا عَاقِّيْنَ وَ لَا مُخَالِفِيْنَ وَ لَا خَاطِئِيْنَ ؛ وَ اَعِنِّيْ عَلٰى تَرْبِيَتِهِمْ وَ تَأْدِيْبِهِمْ ، وَ بِرِّهِمْ ، وَ هَبْ لِيْ مِنْ لَدُنْكَ مَعَهُمْ اَوْلَادًا ذُكُوْرًا ، وَ اجْعَلْ ذٰلِكَ خَيْرًا لِيْ ، وَ اجْعَلْهُمْ لِيْ عَوْنًا عَلٰى مَا سَاَلْتُكَ ؛

અય અલ્લાહ ! તેઓ થકી મારા હાથને મજબૂત બનાવ અને તેઓ થકી મારી કમર સીધી કર. તેઓ થકી મારો વંશ વધાર અને સમાજમાં તેઓને મારા વંશની શોભ બનાવ. તેઓ થકી મારી યાદશક્તિને પ્રગતિશીલ બનાવ અને મારી ગેરહાજરીમાં તેઓ મારા કામોની સંભાળ લઈ શકે તેવી તેઓને તૌફીક અતા કર. તેઓ મારાથી મોહબ્બત રાખે, મારી સાથે ભલાઈ કરે, અનુકૂળ રહે (સાથ આપે), વફાદાર રહે,

આજ્ઞાકિત રહે, નાફરમાની ન કરે, દુરાચારી ન બને, પ્રતિકૂળ (વિરોધી) ન બને અને પાપી ન બને એવી તૌફીક અતા કર. તેઓને ઉછેરવામાં , શિક્ષણ આપવામાં અને તેઓની સાથે ભલાઈ કરવામાં મારી મદદ કર , તારી બારગાહમાં તેઓની સાથે મને (બીજા) દીકરાઓ અતા કર અને એ મારા માટે લાભદાયી બનાવ. હું તારી બારગાહમાં જે કંઈપણ સવાલો કરૂં છું તેમાં મને મદદરૂપ થાય એવી તૌફીક અતા કર.

وَ اَعِذْنِيْ وَ ذُرِّيَّتِيْ مِنَ الشَّيْطَانِ الرَّجِيْمِ ، فَاِنَّكَ خَلَقْتَنَا وَ اَمَرْتَنَا وَ نَهَيْتَنَا وَ رَغَّبْتَنَا فِيْ ثَوَابِ مَا اَمَرْتَنَا وَ رَهَّبْتَنَا عِقَابَهٗ ، وَ جَعَلْتَ لَنَا عَدُوًّا يَكِيْدُنَا ، سَلَّطْتَهٗ مِنَّا عَلٰى مَا لَمْ تُسَلِّطْنَا عَلَيْهِ مِنْهُ ، اَسْكَنْتَهٗ صُدُوْرَنَا ، وَ اَجْرَيْتَهٗ مَجَارِيَ دِمَائِنَا ، لَا يَغْفُلُ اِنْ غَفَلْنَا ، وَ لَا يَنْسٰى اِنْ نَسِيْنَا ، يُؤْمِنُنَا عِقَابَكَ ، وَ يُخَوِّفُنَا بِغَيْرِكَ؛

મને અને મારી ઓલાદને એ શૈતાનથી પનાહ અતા

કર જેને તારી બારગાહમાંથી પથ્થરો વરસાવી કાઢી મૂકવામાં આવ્યો હતો (કારણ કે, તેણે તારા હુકમની નાફરમાની કરી હતી તથા અભિમાની થયો હતો અને) કારણ કે તેં અમને ખલ્ક કર્યા , અમને હુકમ ફરમાવ્યો, અમારા માટે મનાઈની પાબંદીઓ ફરમાવી અને તારા હુકમોની ફરમાબરદારી (ઇતાઅત) માટે ઇનામોનો વાયદો કરી અમને આકર્ષ્યા તથા અમારી નાફરમાની (અને શૈતાનના હુકમોની ફરબરદારી) અમારા માટે સજાપાત્ર નીવડશે એવી ચેતવણીથી માહિતગાર કર્યા. તેં તેને અમારો દુશ્મન કરાર આપ્યો કારણ કે તેણે અમને ફરેબમાં નાખ્યા, તેં તેને અમારામાંથી કેટલાય ઉપર સત્તા આપી છે અને અમને તેના લોકોમાંથી કેટલાક ઉપર સત્તા નથી આપી, તેં તેને અમારા દિલો અને લોહીની રગો સુધી પહોચવાની શક્તિ અતા કરી છે , અમે બેદરકાર (ગાફીલ) થઇ જઈએ છીએ પણ તે જરા પણ ગફલત નથી કરતો અને અમે ભૂલી જઈએ છીએ પણ તે જરા પણ નથી ભૂલતો. તે અમને તારી સજાથી (અઝાબથી) સલામત હોવાની ખોટી હૈયાધારણ આપે છે અને તારા સિવાય બીજા કોઈની સજાથી અમને ડરાવે છે (ધમકીઓ આપે છે).

اِنْ هَمَمْنَا بِفَاحِشَةٍ شَجَّعَنَا عَلَيْهَا ، وَاِنْ هَمَمْنَا

بِعَمَلٍ صَالِحٍ ثَبَّطَنَا عَنْهُ ، يَتَعَرَّضُ لَنَا بِالشَّهَوَاتِ ، وَيَنْصِبُ لَنَا بِالشُّبُهَاتِ ، اِنْ وَعَدَنَا كَذَبَنَا ، وَاِنْ مَنَّانَا اَخْلَفَنَا ، وَاِلَّا تَصْرِفْ عَنَّا كَيْدَهٗ يُضِلَّنَا ، وَ اِلَّا تَقِنَا خَبَالَهٗ يَسْتَزِلَّنَا ؛ اَللّٰهُمَّ فَاقْهَرْ سُلْطَانَهٗ عَنَّا بِسُلْطَانِكَ حَتّٰى تَحْبِسَهٗ عَنَّا بِكَثْرَةِ الدُّعَاءِ لَكَ فَنُصْبِحَ مِنْ كَيْدِهٖ فِي الْمَعْصُوْمِيْنَ بِكَ ؛

જો અમે કોઈ સ્પષ્ટ ગુનાહનો ઈરાદો કરીએ છીએ તો તે માટે અમને તે ઉતેજન આપે છે અને જો અમે કોઈ નેકીનો ઈરાદો કરીએ છીએ તો તે અમને તેનાથી રોકે છે. તે અમારા દિલમાં તે ઘણી બધી શંકાઓ ઊભી કરે છે. જો તે અમને વાયદાઓ કરે છે તો તે જૂઠાં હોય છે અને જો આશાઓ બંધાવે છે તો તે અમને નિરાશ જ કરે છે. તેના ફરેબને જો તું અમારાથી દૂર નહિં કરે તો જરૂર તે અમારી ગેરદોરવણી જ કરશે અને તેની ખરાબીથી જો તું અમને સલામતી નહિં અતા કરે તો તે જરૂર અમને ગુમરાહ જ કરશે.    અય અલ્લાહ ! તેથી , તારી બારગાહમાં અમારી ખંતીલી ઈબાદત અને દુઆના

સબબથી અમારા ઉપરની તેની સત્તાને તારી શક્તિ વડે ફગાવી દે , ત્યાં સુધી કે તું તેને અમારા વતી સંપૂર્ણ અંકુશમાં લઈ લે , જેથી અમે તેના સખત ફરેબમાંથી નીકળી જઈ તારા પરહે ઝગાર, સલામત તથા પવિત્ર બંદાઓના ટોળામાં દાખલ થઇ જઈએ.

اَللّٰهُمَّ اَعْطِنِيْ كُلَّ سُؤْلِيْ ، وَ اقْضِ لِيْ حَوَائِجِيْ ، وَ لَا تَمْنَعْنِيْ الْاِجَابَةَ وَ قَدْ ضَمِنْتَهَا لِيْ، وَ لَا تَحْجُبْ دُعَائِيْ عَنْكَ وَ قَدْ اَمَرْتَنِيْ بِهِ ، وَ امْنُنْ عَلَيَّ بِكُلِّ مَا يُصْلِحُنِيْ فِيْ دُنْيَايَ وَ اٰخِرَتِيْ مَا ذَكَرْتُ مِنْهُ وَ مَا نَسِيْتُ ، اَوْ اَظْهَرْتُ اَوْ اَخْفَيْتُ اَوْ اَعْلَنْتُ اَوْ اَسْرَرْتُ

؛

અય અલ્લાહ ! મારા દરેક સવાલોને પૂરા કર , મારી દરેક જરૂરતો પૂરી કર અને મારી દુઆ રદ ન કર કારણ કે તેં દુઆ કબૂલ કરવાનો વાયદો કર્યો છે. અને જયારે તેં દુઆ કરવાનો હુકમ ફરમાવ્યો છે તો મારી દોઆને તારા સુધી પહોંચા ડવાથી વંચિત ન ફરમાવ. તારી જે નેઅમતો આ દુનિયામાં મારી ભલાઈ માટે હોય અને આખેરતમમાં પણ , જે વસ્તુઓ માટે દુઆ કરવાનું મને યાદ રહ્યું હોય અને જે વસ્તુઓ (નેઅમતો) માટે દુઆ કરવાનું હું ભૂલી

ગયો હોઉં, જે મેં જાહેર કર્યું હોય અને જે મેં છુપાવ્યું હોય ,જે વસ્તુઓ (નેઅમતો) માટે હુંએ દુઆ કરી હોય, અને જે વસ્તુઓ માટે હુંએ દુઆ ન કરી હોય , તે સર્વે (નેઅમતો) મને અતા કર.

وَ اجْعَلْنِيْ فِيْ جَمِيْعِ ذٰلِكَ مِنَ الْمُصْلِحِيْنَ بِسُؤَالِيْ

اِيَّاكَ ، اَلْمُنْجِحِيْنَ بِالطَّلَبِ اِلَيْكَ غَيْرِ الْمَمْنُوْعِيْنَ

بِالتَّوَكُّلِ عَلَيْكَ ؛ اَلْمُعَوَّدِيْنَ بِالتَّعَوُّذِ بِكَ ،

اَلرَّابِحِيْنَ فِي التِّجَارَةِ عَلَيْكَ ، اَلْمُجَارِيْنَ بِعِزِّكَ ،

اَلْمُوَسَّعِ عَلَيْهِمُ الرِّزْقُ الْحَلَالُ مِنْ فَضْلِكَ ،

اَلْوَاسِعِ بِجُوْدِكَ وَ كَرَمِكَ ، اَلْمُعَزِّيْنَ مِنَ الذُّلِّ بِكَ

، وَ الْمُجَارِيْنَ مِنَ الظُّلْمِ بِعَدْلِكَ، وَ الْمُعَافَيْنَ مِنَ

الْبَلَاءِ بِرَحْمَتِكَ ، وَ الْمُغْنَيْنَ مِنَ الْفَقْرِ بِغِنَاكَ ، وَ

الْمَعْصُوْمِيْنَ مِنَ الذُّنُوْبِ وَ الزَّلَلِ وَ الْخَطَاءِ

بِتَقْوَاكَ ، وَ الْمُوَفَّقِيْنَ لِلْخَيْرِ وَ الرُّشْدِ وَ الصَّوَابِ

بِطَاعَتِكَ ، وَ الْمُحَالِ بَيْنَهُمْ وَ بَيْنَ الذُّنُوْبِ

بِقُدْرَتِكَ ، اَلتَّارِكِيْنَ لِكُلِّ مَعْصِيَتِكَ ، اَلسَّاكِنِيْنَ فِيْ جِوَارِكَ؛

મને એવી તૌફીક અતા કર કે (તારી બારગાહમાં ઈબાદત તથા દુઆઓ થકી) હું સદાચાર (નેક) લોકોમાં શુમાર થાઉં અને એ લોકોમાંથી જેઓને તારી બારગાહમાં દુઆઓની સફળતા પ્રાપ્ત થઇ છે; એ લોકોમાંથી જેઓ તા રી ઉપર ઈમાન ધરાવવાના કારણે કોઈ પણ નેઅમતથી વંચિત નથી અને એ લોકોમાંથી જેઓ તારી સાથે તેજારત (વેપાર) કરવામાં લાભમાં રહ્યા છે; એ લોકોમાંથી જેઓ તારી બારગાહમાં પનાહ લે છે અને એ લોકોમાંથી જે લોકો તારી ઘણી જ મહેરબાનીઓ થકી , દયા તથા ઉદારતા થકી અતા થયેલી અઢળક હલાલ રોજીના માલિક છે; એ લોકોમાંથી જેઓ તારા ન્યાય (અદલ) થકી થતી સજાથી (તારી બારગાહમાં) સંરક્ષણની યાચના કરે છે અને એ લોકોમાંથી જેઓ તારી પુષ્કળ દોલત થકી ગરીબીમાંથી નીકળી તવંગર થયા છે અને એ લોકોમાંથી જેઓ તારા ખોફ થકી ગુનાહોથી, ભૂલોથી તથા ગુમરાહીથી સુરક્ષિત છે; એ લોકોમાંથી જેઓ તારી ફરમાબરદારી (ઈતાઅત) થકી ભલાઇ કરવા માટે નમ્ર છે , નેક તથા પ્રમાણિક છે અને એ લોકોમાંથી જેઓના તથા ગુનાહોના વચમાં તારી શક્તિ થકી એક દીવાલ છે ; એ

લોકોમાંથી જેઓ તમામ ગુનાહોથી પરહેઝ કરે છે અને એ લોકોમાંથી જેઓ તારી નજીક (કુરબત) ધરાવે છે.

اَللّٰهُمَّ اَعْطِنَا جَمِيْعَ ذٰلِكَ بِتَوْفِيْقِكَ وَ رَحْمَتِكَ ، وَ اَعِذْنَا مِنْ عَذَابِ السَّعِيْرِ ، وَ اَعْطِ جَمِيْعَ الْمُسْلِمِيْنَ وَ الْمُسْلِمَاتِ وَ الْمُؤْمِنِيْنَ وَ الْمُؤْمِنَاتِ ، مِثْلَ الَّذِي سَاَلْتُكَ لِنَفْسِيْ وَ لِوُلْدِيْ فِيْ عَاجِلِ الدُّنْيَا وَ اٰجِلِ الْاٰخِرَةِ ، اِنَّكَ قَرِيْبٌ مُجِيْبٌ سَمِيْعٌ عَلِيْمٌ عَفُوٌّ غَفُوْرٌ رَءُوْفٌ رَحِيْمٌ ؛ وَ اٰتِنَا فِي الدُّنْيَا حَسَنَةً ، وَ فِي الْاٰخِرَةِ حَسَنَةً وَّ قِنَا عَذَابَ النَّارِ.

અય અલ્લાહ ! તારી મહેરબાની અને રહમત થકી અમને આ બધું જ અતા કર. અમને જહન્નમની આગના અઝાબથી પનાહ અતા કર. આ દુનિયામાં તથા હવે પછી ભવિષ્યમાં ( આખેરતમાં) દરેક મુસલમાન સ્ત્રી-પુરૂષોને, દરેક મોઅમિન બિરાદરને તથા મોઅમિન ઓરતને આ બધી નેઅમતો અતા કર જેની દુઆ હુંએ મારા માટે અને મારી ઓલાદ માટે તારી બારગાહમાં ગુજારી છે. નિ :શંક, તું નજીક (કરીબ) છે, જવાબ આપનાર છે, સાંભળનાર છે,

જાણનાર છે, જતું કરનાર છે, ક્ષમા કરનાર છે (મગફેરત અતા કરનાર છે), કૃપાળુ તથા રહેમ કરનાર છે. અમને આ દુનિયાની તથા આખેરતની નેકીઓ અતા કર અને જહન્નમની આગના અઝાબથી પનાહ અતા કર. તારી રહમત થકી, અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

## દુઆએ ખત્મે કુરઆન

**જયારે કુરઆને મજીદની તિલાવત કરી કુરઆન ખત્મ કરતા તે સમયની ઈમામ સજ્જાદ (અ.)ની દુઆ જે સહીફએ સજ્જાદીય્યાહની દુઆ નંબર ૪૨ છે કે જેનો ઝિક્ર પેજ નંબર 334 ઉપર કરેલ છે**

## દુઆ એ વિદાઅ

**માહે રમઝાનને વિદાય માટે ઈમામ સજ્જાદ (અ.)ની દુઆ જે પેજ નંબર 474 ઉપર ઝિક્ર થયેલ છે.**

# વિભાગ ૫ – ઝિયારતો

## શબે કદ્રમાં ઝિયારતે ઈમામ હુસૈન (અ.)

ઈમામ હુસૈન (અ.)ની શબે કદ્રની મખ્સૂસ ઝિયારત પેજ નંબર 200 ઉપર ઝિક્ર થયેલ છે

## ઈદે ફિત્ર અને ઈદે કુરબાનની રાત્રે ઝિયારતે ઈમામ હુસૈન (અ.સ)

ઈમામ હુસૈન (અ.)ની બન્ને ઈદના દિવસોમાં મખ્સૂસ ઝિયારત પેજ નંબર 955 ઉપર ઝિક્ર થયેલ છે

## ઈદે ફિત્ર અને ઈદે કુરબાનના દિવસે ઝિયારતે ઈમામ હુસૈન (અ.સ)

આ બન્ને ઈદના દિવસોમાં ઈમામ હુસૈન (અ.)ની શબે કદ્રની મખ્સૂસ ઝિયારત પઢવાનું વારિદ થયું છે જે પેજ નંબર 200 ઉપર ઝિક્ર થયેલ છે

## ઝિયારતે વારેસા – ઝિયારતે ઈમામ હુસૈન (અ.)

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَلسَّلَامُ عَلَيْكَ يَا

وَارِثَ اٰدَمَ صَفْوَةِ اللهِ ، اَلسَّلَامُ عَلَيْكَ يَا وَارِثَ

نُوْحٍ نَبِيِّ اللهِ ، اَلسَّلَامُ عَلَيْكَ يَا وَارِثَ اِبْرَاهِيْمَ

خَلِيْلِ اللّٰهِ ، اَلسَّلَامُ عَلَيْكَ يَا وَارِثَ مُوْسٰى كَلِيْمِ

اللّٰهِ ، اَلسَّلَامُ عَلَيْكَ يَا وَارِثَ عِيْسٰى رُوْحِ اللّٰهِ ،

اَلسَّلَامُ عَلَيْكَ يَا وَارِثَ مُحَمَّدٍ حَبِيْبِ اللّٰهِ ،

اَلسَّلَامُ عَلَيْكَ يَا وَارِثَ اَمِيْرِ الْمُؤْمِنِيْنَ عَلَيهِ

السَّلَامُ وَلِيِّ اللّٰهِ ، اَلسَّلَامُ عَلَيْكَ يَا ابْنَ مُحَمَّدٍ ۣ

الْمُصْطَفٰى ، اَلسَّلَامُ عَلَيْكَ يَا ابْنَ عَلِيٍّ ۣ الْمُرْتَضٰى

، اَلسَّلَامُ عَلَيْكَ يَا ابْنَ فَاطِمَةَ الزَّهْرَاءِ ، اَلسَّلَامُ

عَلَيْكَ يَا ابْنَ خَدِيْجَةَ الْكُبْرٰى ، اَلسَّلَامُ عَلَيْكَ يَا

ثَارَ اللّٰهِ وَابْنَ ثَارِهٖ وَالْوِتْرَ الْمَوْتُوْرَ ،

اَشْهَدُ اَنَّكَ قَدْ اَقَمْتَ الصَّلَاةَ وَاٰتَيْتَ الزَّكَاةَ وَاَمَرْتَ

بِالْمَعْرُوْفِ وَنَهَيْتَ عَنِ الْمُنْكَرِ وَاَطَعْتَ اللّٰهَ وَ

رَسُوْلَهٗ حَتّٰى اَتَاكَ الْيَقِيْنُ ، فَلَعَنَ اللّٰهُ اُمَّةً قَتَلَتْكَ وَ

لَعَنَ اللّٰهُ اُمَّةً ظَلَمَتْكَ وَلَعَنَ اللّٰهُ اُمَّةً سَمِعَتْ بِذٰلِكَ

فَرَضِيَتْ بِهٖ، يَا مَوْلَايَ يَا اَبَا عَبْدِ اللّٰهِ ، اَشْهَدُ اَنَّكَ

كُنْتَ نُوْرًا فِي الْاَصْلَابِ الشَّامِخَةِ وَالْاَرْحَامِ

الْمُطَهَّرَةِ لَمْ تُنَجِّسْكَ الْجَاهِلِيَّةُ بِاَنْجَاسِهَا وَلَمْ

تُلْبِسْكَ مِنْ مُدْلَهِمَّاتِ ثِيَابِهَا وَاَشْهَدُ اَنَّكَ مِنْ

دَعَائِمِ الدِّيْنِ وَاَرْكَانِ الْمُؤْمِنِيْنَ وَاَشْهَدُ اَنَّكَ

الْاِمَامُ الْبَرُّ التَّقِيُّ الرَّضِيُّ الزَّكِيُّ الْهَادِيُّ الْمَهْدِيُّ

،

وَاَشْهَدُ اَنَّ الْاَئِمَّةَ مِنْ وُلْدِكَ كَلِمَةُ التَّقْوٰى وَاَعْلَامُ

الْهُدٰى وَالْعُرْوَةُ الْوُثْقٰى وَالْحُجَّةُ عَلٰى اَهْلِ الدُّنْيَا

وَاُشْهِدُ اللّٰهَ وَمَلَائِكَتَهٗ وَاَنْبِيَائَهٗ وَرُسُلَهٗ اَنِّيْ بِكُمْ

مُؤْمِنٌ وَّ بِاِيَابِكُمْ مُوْقِنٌ بِشَرَائِعِ دِيْنِيْ وَخَوَاتِيْمِ

عَمَلِيْ وَ قَلْبِيْ لِقَلْبِكُمْ سِلْمٌ وَّ اَمْرِيْ لِاَمْرِكُمْ مُتَّبِعٌ

صَلَوَاتُ اللّٰهِ عَلَيْكُمْ وَ عَلٰى اَرْوَاحِكُمْ وَ عَلٰى

اَجْسَادِكُمْ وَ عَلٰى اَجْسَامِكُمْ وَ عَلٰى شَاهِدِكُمْ وَ عَلٰى

غَائِبِكُمْ وَ عَلٰى ظَاهِرِكُمْ وَ عَلٰى بَاطِنِكُمْ.

## ઝિયારતે હઝરત અલી અકબર (અ.)

اَلسَّلَامُ عَلَيْكَ يَا ابْنَ رَسُوْلِ اللّٰهِ ، اَلسَّلَامُ عَلَيْكَ

يَا ابْنَ نَبِيِّ اللّٰهِ ، اَلسَّلَامُ عَلَيْكَ يَا ابْنَ اَمِيْرِ

الْمُؤْمِنِيْنَ ، اَلسَّلَامُ عَلَيْكَ يَا ابْنَ الْحُسَيْنِ

الشَّهِيْدِ ، اَلسَّلَامُ عَلَيْكَ اَيُّهَا الشَّهِيْدُ وَ ابْنُ

الشَّهِيْدِ ، اَلسَّلَامُ عَلَيْكَ اَيُّهَا الْمَظْلُوْمُ وَ ابْنُ

الْمَظْلُوْمِ ، لَعَنَ اللّٰهُ اُمَّةً قَتَلَتْكَ وَ لَعَنَ اللّٰهُ اُمَّةً

ظَلَمَتْكَ وَ لَعَنَ اللّٰهُ اُمَّةً سَمِعَتْ بِذٰلِكَ فَرَضِيَتْ بِهٖ.

# ઝિયારતે શોહદાએ કરબલા (અ.મુ)

اَلسَّلَامُ عَلَيْكُمْ يَا اَوْلِيَاءَ اللهِ وَاَحِبَّائَهُ ، اَلسَّلَامُ عَلَيْكُمْ يَا اَصْفِيَاءَ اللهِ وَاَوِدَّائَهُ ، اَلسَّلَامُ عَلَيْكُمْ يَا اَنْصَارَ دِيْنِ اللهِ ، اَلسَّلَامُ عَلَيْكُمْ يَا اَنْصَارَ رَسُوْلِ اللهِ ، اَلسَّلَامُ عَلَيْكُمْ يَا اَنْصَارَ اَمِيْرِ الْمُؤْمِنِيْنَ ، اَلسَّلَامُ عَلَيْكُمْ يَا اَنْصَارَ فَاطِمَةَ سَيِّدَةِ نِسَاءِ الْعَالَمِيْنَ ، اَلسَّلَامُ عَلَيْكُمْ يَا اَنْصَارَ اَبِي مُحَمَّدٍ الْحَسَنِ بْنِ عَلِيٍّ الْوَلِيِّ الزَّكِيِّ النَّاصِحِ ، اَلسَّلَامُ عَلَيْكُمْ يَا اَنْصَارَ اَبِي عَبْدِ اللهِ بِاَبِي اَنْتُمْ وَاُمِّي طِبْتُمْ وَطَابَتِ الْاَرْضُ الَّتِي فِيْهَا دُفِنْتُمْ وَفُزْتُمْ فَوْزًا عَظِيْمًا ، فَيَا لَيْتَنِي كُنْتُ مَعَكُمْ فَاَفُوْزَ مَعَكُمْ

اَلسَّلَامُ عَلَيْكَ يَا اَبَا الْفَضْلِ الْعَبَّاسَ ابْنَ اَمِيْرِ
الْمُؤْمِنِيْنَ ، اَلسَّلَامُ عَلَيْكَ يَا ابْنَ سَيِّدِ الْوَصِيِّيْنَ
، اَلسَّلَامُ عَلَيْكَ يَا ابْنَ اَوَّلِ الْقَوْمِ اِسْلَامًا وَّ
اَقْدَمِهِمْ اِيْمَانًا وَّ اَقْوَمِهِمْ بِدِيْنِ اللهِ وَ اَحْوَطِهِمْ
عَلَى الْاِسْلَامِ ، اَشْهَدُ لَقَدْ نَصَحْتَ لِلّٰهِ وَلِرَسُوْلِهٖ وَ
لِاَخِيْكَ فَنِعْمَ الْاَخُ الْمُوَاسِيْ ،
فَلَعَنَ اللهُ اُمَّةً قَتَلَتْكَ وَلَعَنَ اللهُ اُمَّةً ظَلَمَتْكَ وَلَعَنَ
اللهُ اُمَّةً اسْتَحَلَّتْ مِنْكَ الْمَحَارِمَ وَ انْتَهَكَتْ حُرْمَةَ
الْاِسْلَامِ فَنِعْمَ الصَّابِرُ الْمُجَاهِدُ الْمُحَامِيْ النَّاصِرُ
وَ الْاَخُ الدَّافِعُ عَنْ اَخِيْهِ ، اَلْمُجِيْبُ اِلٰى طَاعَةِ رَبِّهٖ ،
اَلرَّاغِبُ فِيْمَا زَهِدَ فِيْهِ غَيْرُهٗ مِنَ الثَّوَابِ الْجَزِيْلِ وَ
الثَّنَاءِ الْجَمِيْلِ وَ اَلْحَقَكَ اللهُ بِدَرَجَةِ اٰبَائِكَ فِيْ
جَنَّاتِ النَّعِيْمِ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَلسَّلَامُ عَلَيْكَ يَا اَبَا
عَبْدِ اللّٰهِ ، اَلسَّلَامُ عَلَيْكَ يَا ابْنَ رَسُوْلِ اللّٰهِ
اَلسَّلَامُ عَلَيْكَ يَا خِيَرَةَ اللّٰهِ وَ ابْنَ خِيَرَتِهٖ ، اَلسَّلَامُ
عَلَيْكَ يَا ابْنَ اَمِيْرِ الْمُؤْمِنِيْنَ وَ ابْنَ سَيِّدِ الْوَصِيِّيْنَ
، اَلسَّلَامُ عَلَيْكَ يَا ابْنَ فَاطِمَةَ سَيِّدَةِ نِسَاءِ
الْعَالَمِيْنَ ، اَلسَّلَامُ عَلَيْكَ يَا ثَارَ اللّٰهِ وَ ابْنَ ثَارِهٖ وَ
الْوِتْرَ الْمَوْتُوْرَ ، اَلسَّلَامُ عَلَيْكَ وَ عَلَى الْاَرْوَاحِ الَّتِيْ
حَلَّتْ بِفِنَائِكَ عَلَيْكُمْ مِنِّيْ جَمِيْعًا سَلَامُ اللّٰهِ اَبَدًا
مَا بَقِيْتُ وَ بَقِيَ اللَّيْلُ وَ النَّهَارُ
يَا اَبَا عَبْدِ اللّٰهِ ، لَقَدْ عَظُمَتِ الرَّزِيَّةُ وَ جَلَّتْ وَ
عَظُمَتِ الْمُصِيْبَةُ بِكَ عَلَيْنَا وَ عَلٰى جَمِيْعِ اَهْلِ
الْاِسْلَامِ وَ جَلَّتْ وَ عَظُمَتْ مُصِيْبَتُكَ فِي السَّمٰوَاتِ
عَلٰى جَمِيْعِ اَهْلِ السَّمٰوَاتِ ، فَلَعَنَ اللّٰهُ اُمَّةً اَسَّسَتْ

اَسَاسَ الظُّلْمِ وَ الْجَوْرِ عَلَيْكُمْ اَهْلَ الْبَيْتِ وَ لَعَنَ اللهُ اُمَّةً دَفَعَتْكُمْ عَنْ مَقَامِكُمْ وَ اَزَالَتْكُمْ عَنْ مَرَاتِبِكُمُ الَّتِيْ رَتَّبَكُمُ اللهُ فِيْهَا وَ لَعَنَ اللهُ اُمَّةً قَتَلَتْكُمْ وَ لَعَنَ اللهُ الْمُمَهِّدِيْنَ لَهُمْ بِالتَّمْكِيْنِ مِنْ قِتَالِكُمْ بَرِئْتُ اِلَى اللهِ وَ اِلَيْكُمْ مِنْهُمْ وَ مِنْ اَشْيَاعِهِمْ وَ اَتْبَاعِهِمْ وَ اَوْلِيَائِهِمْ

يَا اَبَا عَبْدِ اللهِ ، اِنِّيْ سِلْمٌ لِمَنْ سَالَمَكُمْ وَ حَرْبٌ لِمَنْ حَارَبَكُمْ اِلٰى يَوْمِ الْقِيَامَةِ ، وَ لَعَنَ اللهُ اٰلَ زِيَادٍ وَ اٰلَ مَرْوَانَ وَ لَعَنَ اللهُ بَنِيْ اُمَيَّةَ قَاطِبَةً وَّ لَعَنَ اللهُ ابْنَ مَرْجَانَةَ وَ لَعَنَ اللهُ عُمَرَ بْنَ سَعْدٍ وَّ لَعَنَ اللهُ شِمْرًا ، وَ لَعَنَ اللهُ اُمَّةً اَسْرَجَتْ وَ اَلْجَمَتْ وَ تَنَقَّبَتْ لِقِتَالِكَ بِاَبِيْ اَنْتَ وَ اُمِّيْ لَقَدْ عَظُمَ مُصَابِيْ بِكَ فَاَسْاَلُ اللهَ الَّذِيْ اَكْرَمَ مَقَامَكَ وَ اَكْرَمَنِيْ بِكَ اَنْ يَرْزُقَنِيْ طَلَبَ ثَارِكَ مَعَ اِمَامٍ مَنْصُوْرٍ مِنْ اَهْلِ

بَيْتِ مُحَمَّدٍ صَلَّى اللهُ عَلَيْهِ وَ اٰلِهٖ

اَللّٰهُمَّ اجْعَلْنِيْ عِنْدَكَ وَجِيْهًا بِالْحُسَيْنِ عَلَيْهِ السَّلَامُ فِي الدُّنْيَا وَ الْاٰخِرَةِ ، يَا اَبَا عَبْدِ اللهِ اِنِّيْ اَتَقَرَّبُ اِلَى اللهِ وَ اِلٰى رَسُوْلِهٖ وَ اِلٰى اَمِيْرِ الْمُؤْمِنِيْنَ وَ اِلٰى فَاطِمَةَ وَ اِلَى الْحَسَنِ وَ اِلَيْكَ بِمُوَالَاتِكَ وَ بِالْبَرَاءَةِ مِمَّنْ اَسَّسَ اَسَاسَ ذٰلِكَ وَ بَنٰى عَلَيْهِ بُنْيَانَهٗ وَ جَرٰى فِيْ ظُلْمِهٖ وَ جَوْرِهٖ عَلَيْكُمْ وَ عَلٰى اَشْيَاعِكُمْ بَرِئْتُ اِلَى اللهِ وَ اِلَيْكُمْ مِنْهُمْ وَ اَتَقَرَّبُ اِلَى اللهِ ثُمَّ اِلَيْكُمْ بِمُوَالَاتِكُمْ وَ مُوَالَاةِ وَلِيِّكُمْ وَ بِالْبَرَاءَةِ مِنْ اَعْدَائِكُمْ وَ النَّاصِبِيْنَ لَكُمُ الْحَرْبَ وَ بِالْبَرَاءَةِ مِنْ اَشْيَاعِهِمْ وَ اَتْبَاعِهِمْ ،

اِنِّيْ سِلْمٌ لِمَنْ سَالَمَكُمْ وَ حَرْبٌ لِمَنْ حَارَبَكُمْ وَ وَلِيٌّ لِمَنْ وَالَاكُمْ وَ عَدُوٌّ لِمَنْ عَادَاكُمْ فَاَسْاَلُ اللهَ الَّذِيْ اَكْرَمَنِيْ بِمَعْرِفَتِكُمْ وَ مَعْرِفَةِ اَوْلِيَائِكُمْ وَ رَزَقَنِيْ

الْبَرَاءَةَ مِنْ اَعْدَائِكُمْ اَنْ يَجْعَلَنِيْ مَعَكُمْ فِي الدُّنْيَا

وَ الْاٰخِرَةِ وَ اَنْ يُثَبِّتَ لِيْ عِنْدَكُمْ قَدَمَ صِدْقٍ فِي

الدُّنْيَا وَ الْاٰخِرَةِ وَ اَسْاَلُهٗ اَنْ يُبَلِّغَنِيَ الْمَقَامَ

الْمَحْمُوْدَ لَكُمْ عِنْدَ اللهِ وَ اَنْ يَرْزُقَنِيْ طَلَبَ ثَارِيْ

مَعَ اِمَامٍ هُدًى ظَاهِرٍ نَاطِقٍ بِالْحَقِّ مِنْكُمْ

وَ اَسْاَلُ اللهَ بِحَقِّكُمْ بِالشَّأْنِ الَّذِيْ لَكُمْ عِنْدَهٗ اَنْ

يُعْطِيَنِيْ بِمُصَابِيْ بِكُمْ اَفْضَلَ مَا يُعْطِيْ مُصَابًا

بِمُصِيْبَتِهٖ مُصِيْبَةً مَّا اَعْظَمَهَا وَ اَعْظَمَ رَزِيَّتَهَا فِي

الْاِسْلَامِ وَ فِيْ جَمِيْعِ السَّمٰوَاتِ وَ الْاَرْضِ ، اَللّٰهُمَّ

اجْعَلْنِيْ فِيْ مَقَامِيْ هٰذَا مِمَّنْ تَنَالُهٗ مِنْكَ صَلَوَاتٌ وَّ

رَحْمَةٌ وَّ مَغْفِرَةٌ ، اَللّٰهُمَّ اجْعَلْ مَحْيَايَ مَحْيَا مُحَمَّدٍ

وَّ اٰلِ مُحَمَّدٍ وَّ مَمَاتِيْ مَمَاتَ مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ

اَللّٰهُمَّ اِنَّ هٰذَا يَوْمٌ تَبَرَّكَتْ بِهٖ بَنُوْ اُمَيَّةَ وَ ابْنُ اٰكِلَةِ

الْاَكْبَادِ اللَّعِيْنُ ابْنُ اللَّعِيْنِ عَلٰى لِسَانِكَ وَ لِسَانِ

نَبِيِّكَ صَلَّى اللهُ عَلَيْهِ وَ اٰلِهِ فِيْ كُلِّ مَوْطِنٍ وَّ مَوْقِفٍ وَقَفَ فِيْهِ نَبِيُّكَ صَلَّى اللهُ عَلَيْهِ وَ اٰلِهِ ، اَللّٰهُمَّ الْعَنْ اَبَا سُفْيَانَ وَ مُعَاوِيَةَ وَ يَزِيْدَ بْنَ مُعَاوِيَةَ ، عَلَيْهِمْ مِنْكَ اللَّعْنَةُ اَبَدَ الْاٰبِدِيْنَ وَ هٰذَا يَوْمٌ فَرِحَتْ بِهِ اٰلُ زِيَادٍ وَ اٰلُ مَرْوَانَ بِقَتْلِهِمُ الْحُسَيْنَ صَلَوَاتُ اللهِ عَلَيْهِ ، اَللّٰهُمَّ فَضَاعِفْ عَلَيْهِمُ اللَّعْنَ مِنْكَ وَ الْعَذَابَ الْاَلِيْمَ

اَللّٰهُمَّ اِنِّيْ اَتَقَرَّبُ اِلَيْكَ فِيْ هٰذَا الْيَوْمِ وَ فِيْ مَوْقِفِيْ هٰذَا وَ اَيَّامِ حَيَاتِيْ بِالْبَرَاءَةِ مِنْهُمْ وَ اللَّعْنَةِ عَلَيْهِمْ وَ بِالْمُوَالَاةِ لِنَبِيِّكَ وَ اٰلِ نَبِيِّكَ عَلَيْهِ وَ عَلَيْهِمُ السَّلَامُ

પછી ૧૦૦ વખત કહે :

اَللّٰهُمَّ الْعَنْ اَوَّلَ ظَالِمٍ ظَلَمَ حَقَّ مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ وَّ اٰخِرَ تَابِعٍ لَهٗ عَلٰى ذٰلِكَ ، اَللّٰهُمَّ الْعَنِ الْعِصَابَةَ

الَّتِيْ جَاهَدَتِ الْحُسَيْنَ وَ شَايَعَتْ وَ بَايَعَتْ وَ

تَابَعَتْ عَلىٰ قَتْلِهٖ ، اَللّٰهُمَّ الْعَنْهُمْ جَمِيْعًا .

પછી ૧૦૦ વખત કહે :

اَلسَّلَامُ عَلَيْكَ يَا اَبَا عَبْدِ اللّٰهِ وَ عَلَى الْاَرْوَاحِ الَّتِيْ

حَلَّتْ بِفِنَائِكَ ، عَلَيْكَ مِنِّيْ سَلَامُ اللّٰهِ اَبَدًا مَا

بَقِيْتُ وَ بَقِيَ اللَّيْلُ وَ النَّهَارُ وَ لَا جَعَلَهُ اللّٰهُ اٰخِرَ

الْعَهْدِ مِنِّيْ لِزِيَارَتِكُمْ ، اَلسَّلَامُ عَلَى الْحُسَيْنِ وَ عَلىٰ

عَلِيِّ بْنِ الْحُسَيْنِ وَ عَلىٰ اَوْلَادِ الْحُسَيْنِ وَ عَلىٰ

اَصْحَابِ الْحُسَيْنِ

પછી કહે :

اَللّٰهُمَّ خُصَّ اَنْتَ اَوَّلَ ظَالِمٍ بِاللَّعْنِ مِنِّيْ وَ ابْدَأْ بِهٖ

اَوَّلًا ثُمَّ الثَّانِيَ وَ الثَّالِثَ وَ الرَّابِعَ ، اَللّٰهُمَّ الْعَنْ

يَزِيْدَ خَامِسًا وَّ الْعَنْ عُبَيْدَ اللّٰهِ بْنَ زِيَادٍ وَّ بْنَ

مَرْجَانَةَ وَ عُمَرَ بْنَ سَعْدٍ وَّ شِمْرً ا وَّ اٰلَ اَبِيْ سُفْيَانَ وَ اٰلَ زِيَادٍ وَّ اٰلَ مَرْوَانَ اِلٰى يَوْمِ الْقِيَامَةِ

પછી સજદામાં જઈને પઢે

اَللّٰهُمَّ لَكَ الْحَمْدُ حَمْدَ الشَّاكِرِيْنَ لَكَ عَلٰى مُصَابِهِمْ، اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى عَظِيْمِ رَزِيَّتِيْ ، اَللّٰهُمَّ ارْزُقْنِيْ شَفَاعَةَ الْحُسَيْنِ يَوْمَ الْوُرُوْدِ وَ ثَبِّتْ لِيْ قَدَمَ صِدْقٍ عِنْدَكَ مَعَ الْحُسَيْنِ وَ اَوْلَادِ الْحُسَيْنِ وَ اَصْحَابِ الْحُسَيْنِ الَّذِيْنَ بَذَلُوْا مُهَجَهُمْ دُوْنَ الْحُسَيْنِ عَلَيْهِ السَّلَامُ

## ઝિયારતે અમીનુલ્લાહ

આપણા ચોથા ઈમામ હઝરત ઝૈનુલ આબેદીન (અ.)થી આ ઝિયારત મન્કૂલ છે. આ ઝિયારત હઝરત અલી (અ.)ની શાનમાં બેહતરીન ઝિયારત છે અને આ ઝિયારતને બધા ઈમામો (અ.મુ.)ના રોઝા મુબારક પર પણ પઢવી જોઈએ. આ ઝિયારત પેજ નંબર 224 ઉપર ઝિક્ર થયેલ છે.

## ઝિયારતે અમીરૂલ મોઅમેનીન (અ.)

મૌલા અલી (અ.) ની ઝિયારત પેજ નંબર 227 ઉપર ઝિક્ર થયેલ છે.

## ઝિયારતે હઝરત ઈમામ હસને મુજ્તબા (અ.)

આપ (અ.) ની ઝિયારત પેજ નંબર 407 ઉપર ઝિક્ર થયેલ છે.

## ઝિયારતે જનાબે ખદીજા (સ.અ.)

ઉમ્મુલ મોઅમેનીન જનાબે ખદીજતુલ કુબરા (સ.અ.) ની ઝિયારત પેજ નંબર 386 ઉપર ઝિક્ર થયેલ છે.

## ઝિયારતે હઝરત અબુતાલિબ (અ.)

હઝરત અબુ તાલિબ (અ.) ની ઝિયારત પેજ નંબર 372 ઉપર ઝિક્ર થયેલ છે.

### ઝિયારતે અઈમ્માએ બકી (અ.મુ.)

ઈમામ હસન (અ.), ઈમામ ઝૈનુલ આબેદીન (અ.), ઈમામ મોહમ્મદ બાકિર (અ.) અને ઈમામ સાદિક (અ.) ની ભેગી ઝિયારત પેજ નંબર 1011 ઉપર ઝિક્ર થયેલ છે.

### ઝિયારતે જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)

જનાબે સય્યદા (સ.અ.) ની ઝિયારત પેજ નંબર

1015 ઉપર ઝિક્ર થયેલ છે.

# વિભાગ ૬ - ઈદુલ ફિત્રના આમાલ

## શબે ઇદુલ ફિત્ર

આ રાત ખુબજ અઝમતવાળી રાત છે અને આ રાત્રે ઈબાદત અને શબ-બેદારી (આખી રાત જાગીને ઇબાદત કરવા)ની ખુબજ વધારે ફઝીલતો અને સવાબ હદીસોમાં બયાન થયેલ છે. રિવાયતમાં છે કે આ રાતની ફઝીલત શબે કદ્ર કરતાં ઓછી નથી અને તેમાં અમુક આમાલ છે.

## ગુસ્લ કરવું

સુર્યાસ્તના સમયે ગુસ્લ કરવું

## શબ-બેદારી

આ રાતના શબ-બેદારી કરે. આ રાતના મસ્જીદમાં રોકાઈ, પુરી રાતને નમાઝ, દુઆ, અને ઇસ્તેગ્ફારમાં પસાર કરે. રસૂલે ખુદા (સ.અ.વ.)થી મન્કૂલ છે કે જે કોઈ ઈદની રાત્રે જાગે તો તેનું દિલ એ દિવસે નહીં મરે કે જે દિવસે બીકથી તમામ દિલ મરી જશે.

## તકબીર પઢવી

નમાઝે મગરિબ, ઈશા, સુબહ અને નમાઝે ઈદ પછી આ તકબીર પઢે

اَللّٰهُ اَكْبَرُ ، اَللّٰهُ اَكْبَرُ ، لَا اِلٰهَ اِلَّا اللّٰهُ وَ اللّٰهُ اَكْبَرُ ،

اَللّٰهُ اَكْبَرُ ، وَ لِلّٰهِ الْحَمْدُ ، اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى مَا هَدَانَا ،

وَلَهُ الشُّكْرُ عَلٰى مَا اَوْلَانَا

અલ્લાહ સૌથી મહાન છે, અલ્લાહ સૌથી મહાન છે, અલ્લાહ સિવાય બીજું કોઈ ઈબાદતને લાયક નથી, અને અલ્લાહ સૌથી મહાન છે, અલ્લાહ સૌથી મહાન છે, ફક્ત અલ્લાહ માટે જ બધા વખાણ છે, અલ્લાહના વખાણ છે તે માટે કે અમારી હિદાયત કરી અને અમોને આપેલ દરેક નેઅમતો માટે ફક્ત તેનો જ શુક્ર છે

## ઈમામ સાદિક અ.થી મન્કૂલ અમલ

ઈમામ જઅફરે સાદિક (અ.)થી મન્કૂલ છે કે ઈદની રાત મજૂરી મળવાની રાત છે, અને ઈદની રાત્રે નીચે પ્રમાણે અમલ કરે :

સુર્યાસ્ત થાય તે સમયે ગુસ્લ કરે અને મગરિબની નમાઝ તથા તેની ૪ રકઆત નાફેલા પઢયા પછી હાથોને આસમાન તરફ ઊંચા કરે અને કહે :

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، يَا ذَا الْمَنِّ وَ الطَّوْلِ ،

يَا ذَا الْجُوْدِ ، يَا مُصْطَفِيَ مُحَمَّدٍ وَّ نَاصِرَهٗ ، صَلِّ عَلٰى

مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ وَّ اغْفِرْ لِيْ كُلَّ ذَنْبٍ اَحْصَيْتَهٗ وَ

هُوَ عِنْدَكَ فِيْ كِتَابٍ مُّبِيْنٍ

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય ફઝ્લ અને એહસાનના માલિક, અય બખ્શીશના માલિક, અય હઝરત મોહમ્મદ (સ.અ.વ.)ને ચૂંટવાવાળા અને તેની મદદ કરવાવાળા, હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને હઝરત મોહમ્મદ (સ.અ.વ)ની ઔલાદ ઉપર રહમત નાઝિલ કર, અને મારા તમામ ગુનાહોને માફ કરી દે કે જે સ્પષ્ટ કિતાબમાં તારી પાસે નોંધાયેલા છે.

**અને પછી સજદામાં ૧૦૦ વખત નીચે મુજબ કહે**

اَتُوْبُ اِلَى اللّٰهِ

હું અલ્લાહ પાસે તૌબા કરૂં છું.

**અને પછી જે હાજત ચાહે તે અલ્લાહ તઆલા પાસે માંગે, ઇન્શાલ્લાહ તમામ હાજત પુરી થશે**

## ઝિયારતે ઈમામ હુસૈન (અ.સ)

**ઇદુલ ફિત્ર અને ઈદે કુરબાનની રાત્રે ઝિયારતે ઈમામ હુસૈન (અ.સ) ની ખુબજ ફઝીલત છે :**

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَلسَّلَامُ عَلَيْكَ يَا

وَارِثَ اٰدَمَ صَفْوَةِ اللّٰهِ ، اَلسَّلَامُ عَلَيْكَ يَا وَارِثَ نُوْحٍ

اَمِيْنِ اللّٰهِ ، اَلسَّلَامُ عَلَيْكَ يَا وَارِثَ اِبْرَاهِيْمَ

خَلِيْلِ اللّٰهِ ، اَلسَّلَامُ عَلَيْكَ يَا وَارِثَ مُوْسٰى كَلِيْمِ

اللّٰهِ ، اَلسَّلَامُ عَلَيْكَ يَا وَارِثَ عِيْسٰى رُوْحِ اللّٰهِ ،

اَلسَّلَامُ عَلَيْكَ يَا وَارِثَ مُحَمَّدٍ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَاٰلِهٖ

حَبِيْبِ اللّٰهِ ، اَلسَّلَامُ عَلَيْكَ يَا وَارِثَ عَلِيٍّ حُجَّةِ اللّٰهِ

، اَلسَّلَامُ عَلَيْكَ اَيُّهَا الْوَصِيُّ الْبَرُّ التَّقِيُّ ، اَلسَّلَامُ

عَلَيْكَ يَا ثَارَ اللّٰهِ وَابْنَ ثَارِهٖ وَالْوِتْرَ الْمَوْتُوْرَ ،

اَشْهَدُ اَنَّكَ قَدْ اَقَمْتَ الصَّلَاةَ وَاٰتَيْتَ الزَّكَاةَ وَ

اَمَرْتَ بِالْمَعْرُوْفِ وَنَهَيْتَ عَنِ الْمُنْكَرِ وَجَاهَدْتَ

فِي اللّٰهِ حَقَّ جِهَادِهٖ حَتّٰى اسْتُبِيْحَ حَرَمُكَ وَقُتِلْتَ

مَظْلُوْمًا .

اَلسَّلَامُ عَلَيْكَ يَا اَبَا عَبْدِ اللّٰهِ ، اَلسَّلَامُ عَلَيْكَ يَا
ابْنَ رَسُوْلِ اللّٰهِ ، اَلسَّلَامُ عَلَيْكَ يَا ابْنَ سَيِّدِ
الْوَصِيِّيْنَ ، اَلسَّلَامُ عَلَيْكَ يَا ابْنَ فَاطِمَةَ الزَّهْرَاءِ
سَيِّدَةِ نِسَاءِ الْعَالَمِيْنَ ، اَلسَّلَامُ عَلَيْكَ يَا بَطَلَ
الْمُسْلِمِيْنَ ، يَا مَوْلَايَ ، اَشْهَدُ اَنَّكَ كُنْتَ نُوْرًا فِي
الْاَصْلَابِ الشَّامِخَةِ وَ الْاَرْحَامِ الْمُطَهَّرَةِ لَمْ
تُنَجِّسْكَ الْجَاهِلِيَّةُ بِاَنْجَاسِهَا وَ لَمْ تُلْبِسْكَ مِنْ
مُدْلَهِمَّاتِ ثِيَابِهَا وَ اَشْهَدُ اَنَّكَ مِنْ دَعَائِمِ الدِّيْنِ وَ
اَرْكَانِ الْمُسْلِمِيْنَ وَ مَعْقِلِ الْمُؤْمِنِيْنَ وَ اَشْهَدُ اَنَّكَ
الْاِمَامُ الْبَرُّ التَّقِيُّ الرَّضِيُّ الزَّكِيُّ الْهَادِي الْمَهْدِيُّ
، وَ اَشْهَدُ اَنَّ الْاَئِمَّةَ مِنْ وُلْدِكَ كَلِمَةُ التَّقْوٰى وَ
اَعْلَامُ الْهُدٰى وَ الْعُرْوَةُ الْوُثْقٰى وَ الْحُجَّةُ عَلٰى اَهْلِ
الدُّنْيَا .

اَلسَّلَامُ عَلَى الْحُسَيْنِ بْنِ عَلِيٍّ ِ الْمَظْلُوْمِ الشَّهِيْدِ ،

قَتِيْلِ الْعَبَرَاتِ وَ اَسِيْرِ الْكُرُبَاتِ ، اَللّٰهُمَّ اِنِّيْ اَشْهَدُ

اَنَّهُ وَلِيُّكَ وَ ابْنُ وَلِيِّكَ وَ صَفِيُّكَ الثَّائِرُ بِحَقِّكَ ،

اَكْرَمْتَهُ بِكَرَامَتِكَ وَ خَتَمْتَ لَهُ بِالشَّهَادَةِ وَ جَعَلْتَهُ

سَيِّدًا مِنَ السَّادَةِ وَ قَائِدًا مِنَ الْقَادَةِ وَ اَكْرَمْتَهُ

بِطِيْبِ الْوِلَادَةِ وَ اَعْطَيْتَهُ مَوَارِيْثَ الْاَنْبِيَاءِ وَ

جَعَلْتَهُ حُجَّةً عَلٰى خَلْقِكَ مِنَ الْاَوْصِيَاءِ فَاَعْذَرَ فِيْ

الدُّعَاءِ وَ مَنَحَ النَّصِيْحَةَ وَ بَذَلَ مُهْجَتَهُ فِيْكَ حَتّٰى

اسْتَنْقَذَ عِبَادَكَ مِنَ الْجَهَالَةِ وَ حَيْرَةِ الضَّلَالَةِ وَ قَدْ

تَوَازَرَ عَلَيْهِ مَنْ غَرَّتْهُ الدُّنْيَا وَ بَاعَ حَظَّهُ مِنَ

الْاٰخِرَةِ بِالْاَدْنٰى وَ تَرَدّٰى فِيْ هَوَاهُ وَ اَسْخَطَكَ وَ

اَسْخَطَ نَبِيَّكَ وَ اَطَاعَ مِنْ عِبَادِكَ اُوْلِي الشِّقَاقِ وَ

النِّفَاقِ وَ حَمَلَةَ الْاَوْزَارِ الْمُسْتَوْجِبِيْنَ النَّارَ ،

فَجَاهَدَهُمْ فِيْكَ صَابِرًا مُحْتَسِبًا مُقْبِلًا غَيْرَ
مُدْبِرٍ لَا تَأْخُذُهُ فِي اللّٰهِ لَوْمَةُ لَائِمٍ حَتّٰى سُفِكَ فِيْ
طَاعَتِكَ دَمُهٗ وَاسْتُبِيْحَ حَرِيْمُهٗ ، اَللّٰهُمَّ الْعَنْهُمْ
لَعْنًا وَبِيْلًا وَ عَذِّبْهُمْ عَذَابًا اَلِيْمًا

اَلسَّلَامُ عَلَيْكَ يَا وَلِيَّ اللّٰهِ ، اَلسَّلَامُ عَلَيْكَ يَا ابْنَ
رَسُوْلِ اللّٰهِ ، اَلسَّلَامُ عَلَيْكَ يَا ابْنَ خَاتَمِ النَّبِيِّيْنَ
، اَلسَّلَامُ عَلَيْكَ يَا ابْنَ فَاطِمَةَ سَيِّدَةِ نِسَاءِ
الْعَالَمِيْنَ ، اَلسَّلَامُ عَلَيْكَ يَا ابْنَ اَمِيْرِ الْمُؤْمِنِيْنَ ،
اَلسَّلَامُ عَلَيْكَ اَيُّهَا الْمَظْلُوْمُ الشَّهِيْدُ ، بِاَبِيْ اَنْتَ وَ
اُمِّيْ ، عِشْتَ سَعِيْدًا وَ قُتِلْتَ مَظْلُوْمًا شَهِيْدًا .

## ઝિયારતે શોહદાએ કરબલા (અ.મુ)

اَلسَّلَامُ عَلَيْكُمْ اَيُّهَا الذَّابُّوْنَ عَنْ تَوْحِيْدِ اللّٰهِ ،
اَلسَّلَامُ عَلَيْكُمْ بِمَا صَبَرْتُمْ فَنِعْمَ عُقْبَى الدَّارِ ،

بِأَبِيْ اَنْتُمْ وَ اُمِّيْ ، فُزْتُمْ فَوْزًا عَظِيْمًا .

## ઝિયારતે હઝરત અબ્બાસ (અ.)

اَلسَّلَامُ عَلَيْكَ اَيُّهَا الْعَبْدُ الصَّالِحُ وَ الصِّدِّيْقُ الْمُوَاسِيْ ، اَشْهَدُ اَنَّكَ اٰمَنْتَ بِاللّٰهِ وَ نَصَرْتَ ابْنَ رَسُوْلِ اللّٰهِ وَ دَعَوْتَ اِلٰى سَبِيْلِ اللّٰهِ وَ وَاسَيْتَ بِنَفْسِكَ فَعَلَيْكَ مِنَ اللّٰهِ اَفْضَلُ التَّحِيَّةِ وَ السَّلَامِ ، بِأَبِيْ اَنْتَ وَ اُمِّيْ يَا نَاصِرَ دِيْنِ اللّٰهِ ، اَلسَّلَامُ عَلَيْكَ يَا نَاصِرَ الْحُسَيْنِ الصِّدِّيْقِ ، اَلسَّلَامُ عَلَيْكَ يَا نَاصِرَ الْحُسَيْنِ الشَّهِيْدِ ، عَلَيْكَ مِنِّيْ السَّلَامُ مَا بَقِيْتُ وَ بَقِيَ اللَّيْلُ وَ النَّهَارُ .

## દુઆ : યા દાએમલ્ફઝ્લે અલલ બરીય્યહ

આ દુઆને દસ વખત પઢે જે દુઆ શબે જુમ્માના પણ પઢવાની હોય છે :

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، يَا دَائِمَ الْفَضْلِ عَلَى

الْبَرِيَّةِ ، يَا بَاسِطَ الْيَدَيْنِ بِالْعَطِيَّةِ ، يَا صَاحِبَ الْمَوَاهِبِ السَّنِيَّةِ ، صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِهٖ خَيْرِ الْوَرٰى سَجِيَّةً ، وَاغْفِرْ لَنَا يَا ذَا الْعُلٰى فِيْ هٰذِهِ الْعَشِيَّةِ .

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય હંમેશા પોતાની મખ્લૂક ઉપર એહસાન કરવાવાળા, અય તે કે જેના બન્ને હાથો અતા કરવા માટે ફેલાયેલા છે, અય મોટી મોટી નેઅમતોના માલિક, હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેની ઔલાદ ઉપર રહમત નાઝિલ કર કે જેઓ તારી મખ્લૂકાતમાં સર્વશ્રેષ્ઠ છે, અય સર્વોચ્ચતાના માલિક, આજે રાત્રે અમોને માફ કરી દે.

## દસ રકઆત નમાઝ

ઇદુલ ફિત્રની રાત્રે (તેમજ અમુક ફેરફારની સાથે માહે રમઝાનની છેલ્લી રાત્રે) પઢવાની આ દસ રકઆત નમાઝ છે કે જેની વિશે રસૂલે ખુદા (સ.અ.વ.) થી રિવાયત છે કે બે-બે રકઆત કરીને આ દસ રકઆત નમાઝ પઢે કે જેમાં દરેક રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી દસ વખત સૂરએ તૌહીદ (કુલ હોવલ્લાહો અહદ) પઢે,

અને રુકૂઅ તેમજ બન્ને સજદાઓમાં તેના ઝિક્રની જગ્યાએ દસ-દસ વખત તસ્બીહાતે અરબા (સુબ્હાનલ્લાહે વલ્હમ્દોલિલ્લાહે વ લા એલાહ ઈલ્લલ્લાહો વલ્લાહો અક્બર) પઢે. દસ રકઆત નમાઝ પૂરી થયા પછી :

૧000 વખત ઇસ્તિગફાર પઢે :

اَسْتَغْفِرُ اللّٰهَ رَبِّيْ وَاَتُوْبُ اِلَيْهِ

હું મારા પાલનહાર અલ્લાહ પાસે માફી માંગું છું અને હું તૌબા કરું છું

પછી સજદો કરે અને સજદામાં આ મુજબ પઢે :

يَا حَيُّ يَا قَيُّوْمُ يَا ذَا الْجَلَالِ وَالْإِكْرَامِ ، يَا رَحْمَانَ الدُّنْيَا وَالْاٰخِرَةِ وَرَحِيْمَهُمَا ، يَا أَرْحَمَ الرَّاحِمِيْنَ ، يَا إِلٰهَ الْأَوَّلِيْنَ وَالْاٰخِرِيْنَ ، اِغْفِرْ لِيْ ذُنُوْبِيْ وَتَقَبَّلْ مِنِّيْ صَلَاتِيْ وَصِيَامِيْ وَقِيَامِيْ

અય હંમેશાથી જીવંત અને અય હંમેશા બાકી રેહનાર, અય બુઝુર્ગી અને ઇઝ્ઝતના માલિક, અય દુનિયા અને આખેરતમાં ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ, અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે

રહેમ કરનાર, અય પહેલા ગુઝરી ચુકેલા તેમજ પછી આવનાર બધાના મઅબૂદ, મારા ગુનાહોને માફ કરી દે, અને મારી નમાઝો, મારા રોઝાઓ તેમજ મારી ઇબાદતોને કબૂલ કરી લે.

રસૂલે ખુદા (સ.અ.વ.) અલ્લાહની કસમ ખાઈને ફરમાવે છે કે ઉપરોક્ત મુજબ અમલ કરનાર સજદામાંથી માથું ઉંચું કરે તે પહેલા અલ્લાહ તઆલા તેને માફ કરી દેશે, અને તેની માહે રમઝાનની ઇબાદતોને કબૂલ કરશે અને તેના ગુનાહોને દરગુઝર કરશે.

## બે રકઆત નમાઝ

અમીરૂલ મોઅમેનીન ઈમામ અલી (અ.) આ બે રકઆત નમાઝને નીચે મુજબ અદા કરતા અને પછી સજદાની દુઆ બાદ જયારે સજદામાંથી માથું ઉંચું કરતા હતા ત્યારે કસમ ખાઈને ફરમાવતા હતા તેની કસમ છે કે જેની કુદરતમાં મારો નફસ છે, જે કોઈ પણ આ અમલ (નમાઝ અને દુઆ) અદા કરે તો તેની દરેકે દરેક હાજતો પુરી થશે અને અગર તેના ગુનાહ રેતીના દાણા જેટલા હશે,તો પણ અલ્લાહ તેને માફ કરી આપશે.

## બે રકઆત નમાઝની પેહલી રીત

પહેલી રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી ૧૦૦૦ વખત સૂરએ તૌહીદ અને બીજી રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી

એક વખત સૂરએ તૌહીદ પઢે

## બે રકઆત નમાઝની બીજી રીત

બીજી એક રિવાયતમાં પેહલી રકઆતમાં ૧૦૦૦ વખત સૂરએ તૌહીદ પઢવાની બદલે ૧૦૦ વખત પઢવું તેમ  આવ્યું છે, પણ જો આ રીતે નમાઝ પઢવાની હોય તો આ નમાઝને મગરીબની નમાઝ અને મગરીબની ૪ રકઆત નાફેલા નમાઝ પછી અદા કરવામાં આવે કે જેમાં પહેલી રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી ૧૦૦ વખત સૂરએ તૌહીદ અને બીજી રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી એક વખત સૂરએ તૌહીદ પઢે.

## બે રકઆત નમાઝ પછીના આમાલ

ઉપરોક્ત બન્નેમાંથી કોઈ પણ એક રીતમાં ૨ રકઆત નમાઝ પૂરી થયા પછી સજદામાં જાય અને ૧૦૦ વખત કહે

اَتُوْبُ اِلَی اللّٰهِ

હું અલ્લાહ પાસે તૌબા કરૂં છું.

અને પછી કહે

يَا ذَا الْمَنِّ وَ الْجُوْدِ ، يَا ذَا الْمَنِّ وَ الطَّوْلِ ، يَا مُصْطَفِيَ مُحَمَّدٍ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَ اٰلِهِ ، صَلِّ عَلٰى

مُحَمَّدٍ وَّ اٰلِهٖ وَ افْعَلْ بِيْ كَذَا وَ كَذَا

(અને પોતાની હાજત માંગે)

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય ફઝ્લ અને એહસાનના માલિક, અય બખ્શીશના માલિક, અય હઝરત મોહમ્મદ (સ.અ.વ.)ને ચૂંટવાવાળા, હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને હઝરત મોહમ્મદ (સ.અ.વ)ની ઔલાદ ઉપર રહમત નાઝિલ કર, અને મારી આ હાજતોને પૂરી કર.... (પોતાની હાજત માંગે)

**અને નમાઝ પછી આ દુઆ પઢે :**

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، يَا اَللّٰهُ يَا اَللّٰهُ يَا اَللّٰهُ ،

يَا رَحْمٰنُ يَا اَللّٰهُ ، يَا رَحِيْمُ يَا اَللّٰهُ ، يَا مَلِكُ يَا اَللّٰهُ ،

يَا قُدُّوْسُ يَا اَللّٰهُ ، يَا سَلَامُ يَا اَللّٰهُ ، يَا مُؤْمِنُ يَا اَللّٰهُ

، يَا مُهَيْمِنُ يَا اَللّٰهُ ، يَا عَزِيْزُ يَا اَللّٰهُ ، يَا جَبَّارُ يَا اَللّٰهُ

، يَا مُتَكَبِّرُ يَا اَللّٰهُ ، يَا خَالِقُ يَا اَللّٰهُ ، يَا بَارِئُ يَا اَللّٰهُ

، يَا مُصَوِّرُ يَا اَللّٰهُ ، يَا عَالِمُ يَا اَللّٰهُ ، يَا عَظِيْمُ يَا اَللّٰهُ ،

يَا عَلِيْمُ يَا اَللّٰهُ ، يَا كَرِيْمُ يَا اَللّٰهُ ، يَا حَلِيْمُ يَا اَللّٰهُ ،

يَا حَكِيْمُ يَا اَللّٰهُ ، يَا سَمِيْعُ يَا اَللّٰهُ ، يَا بَصِيْرُ يَا اَللّٰهُ ،
يَا قَرِيْبُ يَا اَللّٰهُ ، يَا مُجِيْبُ يَا اَللّٰهُ ، يَا جَوَادُ يَا اَللّٰهُ ،
يَا مَاجِدُ يَا اَللّٰهُ ، يَا مَلِيُّ يَا اَللّٰهُ ، يَا وَفِيُّ يَا اَللّٰهُ ، يَا
مَوْلٰى يَا اَللّٰهُ ، يَا قَاضِيْ يَا اَللّٰهُ ، يَا سَرِيْعُ يَا اَللّٰهُ ، يَا
شَدِيْدُ يَا اَللّٰهُ ، يَا رَءُوْفُ يَا اَللّٰهُ ، يَا رَقِيْبُ يَا اَللّٰهُ ،
يَا مَجِيْدُ يَا اَللّٰهُ ، يَا حَفِيْظُ يَا اَللّٰهُ ، يَا مُحِيْطُ يَا اَللّٰهُ
، يَا سَيِّدَ السَّادَاتِ يَا اَللّٰهُ ، يَا اَوَّلُ يَا اَللّٰهُ ، يَا اٰخِرُ يَا
اَللّٰهُ ، يَا ظَاهِرُ يَا اَللّٰهُ ، يَا بَاطِنُ يَا اَللّٰهُ ، يَا فَاخِرُ يَا
اَللّٰهُ ، يَا قَاهِرُ يَا اَللّٰهُ ، يَا رَبَّاهْ يَا اَللّٰهُ ، يَا رَبَّاهْ يَا اَللّٰهُ ،
يَا رَبَّاهْ يَا اَللّٰهُ ، يَا وَدُوْدُ يَا اَللّٰهُ ، يَا نُوْرُ يَا اَللّٰهُ ، يَا
رَافِعُ يَا اَللّٰهُ ، يَا مَانِعُ يَا اَللّٰهُ ، يَا دَافِعُ يَا اَللّٰهُ ، يَا
فَاتِحُ يَا اَللّٰهُ ، يَا نَفَّاحُ يَا اَللّٰهُ ، يَا جَلِيْلُ يَا اَللّٰهُ ، يَا
جَمِيْلُ يَا اَللّٰهُ ، يَا شَهِيْدُ يَا اَللّٰهُ ، يَا شَاهِدُ يَا اَللّٰهُ ، يَا
مُغِيْثُ يَا اَللّٰهُ ، يَا حَبِيْبُ يَا اَللّٰهُ ، يَا فَاطِرُ يَا اَللّٰهُ ، يَا

مُطَهِّرُ يَا اَللّٰهُ ، يَا مَلِكُ يَا اَللّٰهُ ، يَا مُقْتَدِرُ يَا اَللّٰهُ ، يَا
قَابِضُ يَا اَللّٰهُ ، يَا بَاسِطُ يَا اَللّٰهُ ، يَا مُحْيِيْ يَا اَللّٰهُ ، يَا
مُمِيْتُ يَا اَللّٰهُ ، يَا بَاعِثُ يَا اَللّٰهُ ، يَا وَارِثُ يَا اَللّٰهُ ، يَا
مُعْطِيْ يَا اَللّٰهُ ، يَا مُفْضِلُ يَا اَللّٰهُ ، يَا مُنْعِمُ يَا اَللّٰهُ ،
يَا حَقُّ يَا اَللّٰهُ ، يَا مُبِيْنُ يَا اَللّٰهُ ، يَا طَيِّبُ يَا اَللّٰهُ ، يَا
مُحْسِنُ يَا اَللّٰهُ ، يَا مُجْمِلُ يَا اَللّٰهُ ، يَا مُبْدِئُ يَا اَللّٰهُ ،
يَا مُعِيْدُ يَا اَللّٰهُ ، يَا بَارِئُ يَا اَللّٰهُ ، يَا بَدِيْعُ يَا اَللّٰهُ ،
يَا هَادِيْ يَا اَللّٰهُ ، يَا كَافِيْ يَا اَللّٰهُ ، يَا شَافِيْ يَا اَللّٰهُ ، يَا
عَلِيُّ يَا اَللّٰهُ ، يَا عَظِيْمُ يَا اَللّٰهُ ، يَا حَنَّانُ يَا اَللّٰهُ ، يَا
مَنَّانُ يَا اَللّٰهُ ، يَا ذَا الطَّوْلِ يَا اَللّٰهُ ، يَا مُتَعَالِيْ يَا اَللّٰهُ ،
يَا عَدْلُ يَا اَللّٰهُ ، يَا ذَا الْمَعَارِجِ يَا اَللّٰهُ ، يَا صَادِقُ يَا
اَللّٰهُ ، يَا صَدُوْقُ يَا اَللّٰهُ ، يَا دَيَّانُ يَا اَللّٰهُ ، يَا بَاقِيْ يَا
اَللّٰهُ ، يَا وَاقِيْ يَا اَللّٰهُ ، يَا ذَا الْجَلَالِ يَا اَللّٰهُ ، يَا ذَا
الْاِكْرَامِ يَا اَللّٰهُ ، يَا مَحْمُوْدُ يَا اَللّٰهُ ، يَا مَعْبُوْدُ يَا اَللّٰهُ

، يَا صَانِعُ يَا اَللّٰهُ ، يَا مُعِيْنُ يَا اَللّٰهُ ، يَا مُكَوِّنُ يَا اَللّٰهُ

، يَا فَعَّالُ يَا اَللّٰهُ ، يَا لَطِيْفُ يَا اَللّٰهُ ، يَا غَفُوْرُ يَا اَللّٰهُ ،

يَا شَكُوْرُ يَا اَللّٰهُ ، يَا نُوْرُ يَا اَللّٰهُ ، يَا قَدِيْرُ يَا اَللّٰهُ ، يَا

رَبَّاهُ يَا اَللّٰهُ ، يَا رَبَّاهُ يَا اَللّٰهُ ، يَا رَبَّاهُ يَا اَللّٰهُ ، يَا رَبَّاهُ

يَا اَللّٰهُ ، يَا رَبَّاهُ يَا اَللّٰهُ ، يَا رَبَّاهُ يَا اَللّٰهُ ، يَا رَبَّاهُ يَا

اَللّٰهُ ، يَا رَبَّاهُ يَا اَللّٰهُ ، يَا رَبَّاهُ يَا اَللّٰهُ ، يَا رَبَّاهُ يَا اَللّٰهُ ،

اَسْأَلُكَ اَنْ تُصَلِّيَ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ وَّ تَمُنَّ

عَلَيَّ بِرِضَاكَ وَ تَعْفُوَ عَنِّيْ بِحِلْمِكَ وَ تُوَسِّعَ عَلَيَّ مِنْ

رِزْقِكَ الْحَلَالِ الطَّيِّبِ وَ مِنْ حَيْثُ اَحْتَسِبُ وَ مِنْ

حَيْثُ لَا اَحْتَسِبُ ، فَاِنِّيْ عَبْدُكَ لَيْسَ لِيْ اَحَدٌ سِوَاكَ

وَ لَا اَحَدٌ اَسْأَلُهُ غَيْرُكَ يَا اَرْحَمَ الرَّاحِمِيْنَ ، مَا شَاءَ

اللّٰهُ ، لَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ الْعَلِيِّ الْعَظِيْمِ

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ, અય અલ્લાહ, અય અલ્લાહ, અય ખુબજ મહેરબાન, અય અલ્લાહ,

અય બહુજ દયાળુ, અય અલ્લાહ, અય બાદશાહ, અય અલ્લાહ, અય પાકીઝા, અય અલ્લાહ, અય સલામતી આપનાર, અય અલ્લાહ, અય અમાન આપનાર, અય અલ્લાહ, અય હિફાઝત કરનાર, અય અલ્લાહ, અય કુદરતવાળા, અય અલ્લાહ, અય સર્વ શક્તિમાન, અય અલ્લાહ, અય મહાન, અય અલ્લાહ, અય પૈદા કરનાર, અય અલ્લાહ, અય બનાવનાર, અય અલ્લાહ, અય ઘડનાર, અય અલ્લાહ, અય જાણનાર, અય અલ્લાહ, અય મહાન, અય અલ્લાહ, અય દરેક વસ્તુના જાણનાર, અય અલ્લાહ, અય ખુબજ ઉદાર, અય અલ્લાહ, અય સહનશીલ, અય અલ્લાહ, અય હકીમ, અય અલ્લાહ, અય ખુબજ સાંભળનાર, અય અલ્લાહ, અય દરેક વસ્તુ જોનાર, અય અલ્લાહ, અય નજિક, અય અલ્લાહ, અય દુઆઓનો કબૂલ કરવાવાળો, અય અલ્લાહ, અય બખ્શીશ કરવાવાળો, અય અલ્લાહ, અય બુઝુર્ગીના માલિક, અય અલ્લાહ, અય ભરી દેનાર, અય અલ્લાહ, અય વફા કરવાવાળો, અય અલ્લાહ, અય મૌલા, અય અલ્લાહ, અય ફેસલો કરનાર, અય અલ્લાહ, અય જલ્દી કરનાર, અય અલ્લાહ, અય સખત, અય અલ્લાહ, અય મહેરબાન, અય અલ્લાહ, અય ધ્યાન રાખનાર, અય અલ્લાહ, અય મહાન, અય અલ્લાહ, અય હિફાઝત કરવાવાળા, અય અલ્લાહ, અય ઘેરી લેનાર, અય

અલ્લાહ, અય સરદારોના સરદાર, અય અલ્લાહ, અય અવ્વલ, અય અલ્લાહ, અય આખર, અય અલ્લાહ, અય ઝાહિર, અય અલ્લાહ, અય બાતિન, અય અલ્લાહ, અય ફખ્રના માલિક, અય અલ્લાહ, અય કુદરત ધરાવનાર, અય અલ્લાહ, અય પાલનહાર, અય અલ્લાહ, અય પાલનહાર, અય અલ્લાહ, અય પાલનહાર, અય અલ્લાહ, અય મુહબ્બત કરનાર, અય અલ્લાહ, અય નૂર, અય અલ્લાહ, અય બુલન્દ કરનાર, અય અલ્લાહ, અય રોકવાવાળા, અય અલ્લાહ, અય દૂર કરનાર, અય અલ્લાહ,  અય ખોલવાવાળો, અય અલ્લાહ, અય આસાની આપનાર, અય અલ્લાહ, અય મહાન, અય અલ્લાહ, અય ખૂબજ સારો, અય અલ્લાહ, અય ગવાહ, અય અલ્લાહ, અય જોનાર, અય અલ્લાહ, અય ફરિયાદે પહોંચનાર, અય અલ્લાહ, અય ખુબજ ચાહવાવાળો, અય અલ્લાહ, અય બનાવનાર, અય અલ્લાહ, અય પાક કરનાર, અય અલ્લાહ, અય બાદશાહ, અય અલ્લાહ, અય કુદરતના માલિક, અય અલ્લાહ, અય ભેગું કરનાર, અય અલ્લાહ, અય ફેલાવવા વાળા, અય અલ્લાહ, અય જીંદગી દેનાર, અય અલ્લાહ, અય મૌત આપનાર, અય અલ્લાહ, અય કબરમાંથી ઉઠાડનાર, અય અલ્લાહ, અય વારિસ, અય અલ્લાહ, અય અતા કરનાર, અય અલ્લાહ, અય ફઝ્લ કરનાર, અય અલ્લાહ, અય

નેઅમતો આપનાર, અય અલ્લાહ, અય માલિકે બરહક્ક, અય અલ્લાહ, અય સ્પષ્ટ, અય અલ્લાહ, અય પાકીઝા, અય અલ્લાહ, અય એહસાન કરનાર, અય અલ્લાહ, અય બેહતરીન વર્તાવ કરનાર, અય અલ્લાહ, અય શરૂઆત કરનાર, અય અલ્લાહ, અય ફરી ઉઠાડનારનાર, અય અલ્લાહ, અય પૈદા કરનાર, અય અલ્લાહ, અય બેમિસાલ, અય અલ્લાહ, અય હિદાયત કરનાર, અય અલ્લાહ, અય પૂરતા, અય અલ્લાહ, અય શિફા આપનાર, અય અલ્લાહ, અય સર્વોચ્ચ, અય અલ્લાહ, અય માનનીય, અય અલ્લાહ, અય ખુબજ મહેરબાન, અય અલ્લાહ, અય એહસાન કરવાવાળા, અય અલ્લાહ, અય નેઅમતોના માલિક, અય અલ્લાહ, અય સર્વોચ્ચતાના માલિક, અય અલ્લાહ, અય ખુબજ ન્યાયી, અય અલ્લાહ, અય બુલંદીઓના માલિક, અય અલ્લાહ, અય સાચ્ચો, અય અલ્લાહ, અય સૌથી વધારે સાચો, અય અલ્લાહ, અય ખબર દેવાવાળા, અય અલ્લાહ, અય હંમેશાથી બાકી, અય અલ્લાહ, અય બચાવનાર, અય અલ્લાહ, અય બુઝુર્ગીના માલિક, અય અલ્લાહ, અય ઇઝ્ઝાતના માલિક, અય અલ્લાહ, અય વખાણને લાયક, અય અલ્લાહ, અય ઈબાદતને લાયક, અય અલ્લાહ, અય બનાવનાર, અય અલ્લાહ, અય મદદગાર, અય અલ્લાહ, અય પૈદા કરનાર, અય અલ્લાહ,

અય ખુબજ કાર્યશીલ, અય અલ્લાહ, અય લતીફ, અય અલ્લાહ, અય ખુબજ માફ કરવાવાળા, અય અલ્લાહ, અય શુક્ર માટે લાયક, અય અલ્લાહ, અય નૂર, અય અલ્લાહ, અય ખુબજ કુદરતવાળા, અય અલ્લાહ, અય મારા પાલનહાર, અય અલ્લાહ, અય મારા પાલનહાર, અય અલ્લાહ, અય મારા પાલનહાર, અય અલ્લાહ, અય મારા પાલનહાર, અય અલ્લાહ, અય મારા પાલનહાર, અય અલ્લાહ, અય મારા પાલનહાર, અય અલ્લાહ, અય મારા પાલનહાર, અય અલ્લાહ, અય મારા પાલનહાર, અય અલ્લાહ, અય મારા પાલનહાર, અય અલ્લાહ, અય મારા પાલનહાર; હું તારી પાસે સવાલ કરૂં છું કે હઝરત મોહમ્મદ સ.અ.વ. ઉપર અને હઝરત મોહમ્મદ (સ.અ.વ.)ની ઔલાદ ઉપર રહમત નાઝિલ કર, અને તું મારીથી રાઝી થઇને મારી ઉપર એહસાન કર અને તારી સહનશીલતા થકી મને માફ કરી દે, અને મારી માટે તારી તરફથી મળતી પાક અને હલાલ રોઝીમાં વધારો કર, અને મને ત્યાંથી પણ રોઝી આપ કે જ્યાંથી મને ઉમ્મીદ છે અને ત્યાંથી પણ કે જ્યાંથી મને ઉમ્મીદ પણ નથી; કારણ કે ખરેખર હું તારો બંદો છું, અને મારી માટે તારા સિવાય બીજું કોઈ નથી અને તારા સિવાય બીજું કોઈ સવાલ કરવાને લાયક નથી, અય રહેમ કરવાવાળાઓ માં સૌથી વધારે રહેમ કરનાર;

જે અલ્લાહ ચાહે છે થઇ જાય છે, અને સર્વોચ્ચ તથા મહાન અલ્લાહ સિવાય બીજા કોઈ પાસે તાકત નથી.

પછી સજદામાં જઈ આ દુઆ પઢે :

يَا اَللّٰهُ يَا اَللّٰهُ يَا اَللّٰهُ ، يَا رَبِّ يَا رَبِّ يَا رَبِّ ، يَا مُنْزِلَ الْبَرَكَاتِ بِكَ تُنْزَلُ كُلُّ حَاجَةٍ ، اَسْاَلُكَ بِكُلِّ اسْمٍ فِيْ مَخْزُوْنِ الْغَيْبِ عِنْدَكَ وَ الْاَسْمَاءِ الْمَشْهُوْرَاتِ عِنْدَكَ الْمَكْتُوْبَةِ عَلٰى سُرَادِقِ عَرْشِكَ اَنْ تُصَلِّيَ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ وَّ اَنْ تَقْبَلَ مِنِّيْ شَهْرَ رَمَضَانَ وَ تَكْتُبَنِيْ مِنَ الْوَافِدِيْنَ اِلٰى بَيْتِكَ الْحَرَامِ وَ تَصْفَحَ لِيْ عَنِ الذُّنُوْبِ الْعِظَامِ وَ تَسْتَخْرِجَ لِيْ يَا رَبِّ كُنُوْزَكَ يَا رَحْمَانُ

અય અલ્લાહ, અય અલ્લાહ, અય અલ્લાહ, અય મારા પાલનહાર, અય મારા પાલનહાર, અય મારા પાલનહાર, અય બરકતોને નાઝિલ કરવાવાળા, ફક્ત તારી બારગાહમાં બધી હાજતો રજુ કરવામાં આવે છે; હું તે દરેક નામના વાસ્તાથી સવાલ કરૂં છું જે તારા ગયબના ખઝાનામાં છે અને તે નામોના

વાસ્તાથી કે જે તારી પાસે મશહૂર છે અને અર્શના પરદા ઉપર લખેલા છે, કે તું હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને હઝરત મોહમ્મદ (સ.અ.વ.)ની ઔલાદ ઉપર રહમત નાઝિલ કર, અને મારી પાસેથી માહે રમઝાનને કબૂલ કર, મને તારા મોહતરમ ઘરમાં દાખલ થવા વાળા લોકોમાં શામિલ કર, મારા મોટા મોટા ગુનાહોને બખ્શી આપ, અને અય મારા પાલનહાર, મારી માટે તારા ખઝાનાઓ અતા કર, અય સૌથી વધારે મહેરબાની કરનાર.

## ૧૪ રકઆત નમાઝ

૧૪ રકઆત નમાઝ પઢે અને દરેક રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી આયતલ કુરસી પઢે અને પછી ૩ વખત સૂરએ તૌહીદ પઢે તો તેને દરેક રકઆતના બદલામાં ૪૦ વર્ષની ઈબાદતનો સવાબ મળશે, અને આ મહીનામાં જે બધા લોકોએ રોઝા રાખ્યા હશે અને નમાઝ પઢી હશે તેની ઈબાદતનો સવાબ તેને મળશે.

## રાતના છેલ્લા ભાગમાં ગુસ્લ કરે

રાતના છેલ્લા ભાગમાં ગુસ્લ કરે અને મુસલ્લા ઉપર (જે જગ્યા ઉપર નમાઝ અદા કરતો હોય) ત્યાં તુલુએ ફજ્ર (નમાઝે સુબહના અવ્વલ સમય) સુધી બેસે (અને ઇબાદતોમાં મશગૂલ રહે).

# ઈદના દિવસના આમાલ (તેમજ માહે શવ્વાલના આમાલ)

સય્યદ ઇબ્ને તાઉસ (અ.ર.) કહે છે કે તમારા આ ઈદના દિવસને રમત-ગમત અને વધારાના બિન-જરૂરી કાર્યોમાં પસાર ન કરો કારણ કે તમને ખબર નથી કે તમારા આમાલ કબૂલ થયા છે કે કબૂલ નથી થયા. જો તમને ઉમ્મીદ હોય કે કબૂલ થયા છે તો તમારી ઉમ્મીદને અલ્લાહનો બેહતરીન શુક્ર અદા કરી આવકારો અને જો તમને ડર હોય કર તમારા આમાલ કબૂલ નહિ થાય તો તમે તેની માટે દુ:ખમાં ડૂબેલા રહો.

પેહલી શવ્વાલનો દિવસ ઈદુલ ફિત્રનો દિવસ છે અને તેના અમુક આમાલ છે.

## તકબીર પઢવી

સુબહની નમાઝ પછી અને ઈદની નમાઝ પછી આ તકબીર પઢે.

اَللّٰهُ اَكْبَرُ ، اَللّٰهُ اَكْبَرُ ، لَا اِلٰهَ اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ ،

اَللّٰهُ اَكْبَرُ ، وَ لِلّٰهِ الْحَمْدُ ، اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى مَا هَدَانَا ،

وَلَهُ الشُّكْرُ عَلٰى مَا اَوْلَانَا

અલ્લાહ સૌથી મહાન છે, અલ્લાહ સૌથી મહાન છે, અલ્લાહ સિવાય બીજું કોઈ ઈબાદતને લાયક નથી, અને અલ્લાહ સૌથી મહાન છે, અલ્લાહ સૌથી મહાન છે, ફક્ત અલ્લાહ માટે જ બધા વખાણ છે, અલ્લાહના વખાણ છે તે માટે કે અમારી હિદાયત કરી અને અમોને આપેલ દરેક નેઅમતો માટે ફક્ત તેનો જ શુક્ર છે

## નમાઝે સુબહ પછી પઢવાની દુઆ

સુબહની નમાઝ પછી આ દુઆ પઢે કે જેને ઈદની નમાઝ પછી પણ પઢી શકાય છે.

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ اِنِّيْ تَوَجَّهْتُ اِلَيْكَ بِمُحَمَّدٍ صَلَّى اللهُ عَلَيْهِ وَ اٰلِهٖ اَمَامِيْ وَ عَلِيٍّ مِنْ خَلْفِيْ وَ اَئِمَّتِيْ عَنْ يَمِيْنِيْ وَ شِمَالِيْ ، اَسْتَتِرُ بِهِمْ مِنْ عَذَابِكَ وَ سَخَطِكَ وَ اَتَقَرَّبُ اِلَيْكَ زُلْفٰى ، لَا اَجِدُ اَحَدًا اَقْرَبَ اِلَيْكَ مِنْهُمْ ، فَهُمْ اَئِمَّتِيْ فَاٰمِنْ بِهِمْ خَوْفِيْ مِنْ عَذَابِكَ وَ سَخَطِكَ وَ اَدْخِلْنِيْ بِرَحْمَتِكَ

الْجَنَّةَ فِيْ عِبادِكَ الصَّالِحِيْنَ

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ, ખરેખર હું તારી બારગાહમાં મારી સામેની તરફથી હઝરત મોહમ્મદ (સ.અ.વ.)નો – તેમની ઉપર તથા તેમની ઔલાદ ઉપર રહમત નાઝિલ થાય – વાસ્તો આપું છું, અને મારી પાછળની તરફથી તથા મારી જમણી બાજુથી હઝરત અલી (અ.)નો વાસ્તો આપું છું, અને મારી ડાબી બાજુથી બીજા બધા ઇમામોનો વાસ્તો આપું છું, તેઓ બધાનો વાસ્તો આપું છું કે મને તારા અઝાબથી બચાવ, અને હું તારી નજીકનો દરજ્જો ચાહું છું; હું તેઓની સિવાય બીજા કોઈને તારાથી વધારે નજિક નથી પામતો, તેઓ મારા ઇમામો છે, તો તને તેઓનો વાસ્તો છે કે મને તારી સજાઓ તથા તારી સખ્તીઓના ખૌફથી અમન અને સલામતી આપ, અને મને તારી રહમત થકી મને તારા નેક બંદાઓની સાથે જન્નતમાં દાખલ કર;

اَصْبَحْتُ بِاللّٰهِ مُؤْمِنًا مُوْقِنًا مُخْلِصًا عَلٰى دِيْنِ مُحَمَّدٍ

صَلَّى اللّٰهُ عَلَيْهِ وَاٰلِهٖ وَسُنَّتِهٖ ، وَعَلٰى دِيْنِ عَلِيٍّ وَّ

سُنَّتِهٖ وَعَلٰى دِيْنِ الْاَوْصِيَاءِ وَسُنَّتِهِمْ ، اٰمَنْتُ

بِسِرِّهِمْ وَ عَلَانِيَتِهِمْ وَ اَرْغَبُ اِلَى اللّٰهِ تَعَالىٰ فِيْمَا

رَغِبُوْا فِيْهِ ، وَ اَعُوْذُ بِاللّٰهِ مِنْ شَرِّ مَا اسْتَعَاذُوْا مِنْهُ وَ

لَا حَوْلَ وَ لَا قُوَّةَ وَ لَا مَنَعَةَ اِلَّا بِاللّٰهِ الْعَلِيِّ الْعَظِيْمِ ،

تَوَكَّلْتُ عَلَى اللّٰهِ ، حَسْبِيَ اللّٰهُ ، وَ مَنْ يَتَوَكَّلْ عَلَى اللّٰهِ

فَهُوَ حَسْبُهٗ ، اَللّٰهُمَّ اِنِّيْ اُرِيْدُكَ فَاَرِدْنِيْ وَ اَطْلُبُ مَا

عِنْدَكَ فَيَسِّرْهُ لِيْ

મારી સવાર પડી છે તે હાલતમાં કે હું અલ્લાહ ઉપર ઈમાન રાખું છું, અને હું હઝરત મોહમ્મદ (સ.અ.વ.)ના દીન અને તેની સીરત ઉપર ખુલૂસની સાથે યકીન રાખું છું – તેમની ઉપર તેમજ તેમની ઔલાદ ઉપર અલ્લાહની રહમત નાઝિલ થાય – અને હઝરત અલી (અ.)ના દીન ઉપર અને તેની સીરત ઉપર, અને તારા વસીઓના દીન ઉપર અને તેમની સીરત ઉપર ખુલૂસની સાથે યકીન રાખું છું; તેઓની રાઝની વાતો તેમજ જાહેર વાતો ઉપર ઈમાન રાખું છું; અને હું અલ્લાહ પાસે તે વસ્તુઓની ઈચ્છા કરૂં કે જે વસ્તુઓની તેઓએ ઈચ્છા કરી હતી; અને હું અલ્લાહ પાસે તે બુરાઈઓથી પનાહ માંગું છું

જેનાથી તેઓએ તારી પનાહ માંગી હતી; અને મહાન અલ્લાહ સિવાય બીજા કોઈની તાકત અથવા કુદરત નથી અથવા રૂકાવટ નથી; મેં અલ્લાહ ઉપર ભરોસો કર્યો છે, અલ્લાહ મારી માટે પૂરતો છે, અને જે કોઈ અલ્લાહ ઉપર ભરોસો કરે છે તો અલ્લાહ તેની માટે પૂરતો છે; અય અલ્લાહ હું તારો ઈરાદો કરૂં છું તો તું પણ મારો ઈરાદો કર અને જે તારી પાસે છે તેને માંગું છું તો તું પણ તેમાં મારી માટે આસાની અતા કર;

اَللّٰهُمَّ اِنَّكَ قُلْتَ فِيْ مُحْكَمِ كِتَابِكَ الْمُنْزَلِ وَ قَوْلُكَ

الْحَقُّ وَ وَعْدُكَ الصِّدْقُ شَهْرُ رَمَضَانَ الَّذِيْ اُنْزِلَ

فِيْهِ الْقُرْاٰنُ ، هُدًى لِلنَّاسِ ، فَعَظَّمْتَ شَهْرَ رَمَضَانَ

بِمَا اَنْزَلْتَ فِيْهِ مِنَ الْقُرْاٰنِ الْكَرِيْمِ وَ خَصَصْتَهٗ

بِاَنْ جَعَلْتَ فِيْهِ لَيْلَةَ الْقَدْرِ ، اَللّٰهُمَّ وَ قَدِ انْقَضَتْ

اَيَّامُهٗ وَ لَيَالِيْهِ وَ قَدْ صِرْتُ مِنْهُ اِلىٰ مَا اَنْتَ اَعْلَمُ بِهٖ

مِنِّيْ ، فَاَسْاَلُكَ يَا اِلٰهِيْ بِمَا سَاَلَكَ بِهٖ مَلَائِكَتُكَ

الْمُقَرَّبُوْنَ وَ اَنْبِيَاؤُكَ الْمُرْسَلُوْنَ وَ عِبَادُكَ

الصَّالِحُوْنَ اَنْ تُصَلِّيَ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ وَّ اَنْ

تَقْبَلَ مِنِّيْ كُلَّمَا تَقَرَّبْتُ بِهٖ اِلَيْكَ فِيْهِ وَ تَتَفَضَّلَ

عَلَيَّ بِتَضْعِيْفِ عَمَلِيْ وَ قَبُوْلِ تَقَرُّبِيْ وَ قُرُبَاتِيْ وَ

اسْتِجَابَةِ دُعَائِيْ وَ هَبْ لِيْ مِنْ لَدُنْكَ رَحْمَةً وَّ اَعْتِقْ

رَقَبَتِيْ مِنَ النَّارِ وَ اٰمِنِّيْ يَوْمَ الْخَوْفِ مِنْ كُلِّ الْفَزَعِ وَ

مِنْ كُلِّ هَوْلٍ اَعْدَدْتَهٗ لِيَوْمِ الْقِيَامَةِ

અય અલ્લાહ, તેં તારી નાઝિલ કરેલી મજબૂત કિતાબમાં કહી દીધું છે, અને તારૂં કહેલું હક્ક છે, અને તારો વાયદો સાચો જ છે, “માહે રમઝાન તે છે જેમાં કુરઆન નાઝિલ થયું, કે જે તમામ લોકો માટે હિદાયત છે” તો તેં આ મહીનામાં કુરઆને કરીમ નાઝિલ કરીને માહે રમઝાનને ઇઝ્ઝત આપી, અને આ મહીનામાં શબે કદ્ર રાખીને તેને ખાસ બનાવ્યો; અય અલ્લાહ, આ મહીનાના દિવસો અને રાત્રીઓ પસાર થઇ ચુક્યા છે અને તું મારાથી વધારે મારી હાલતને જાણે છે, તો હું તારાથી તે વસ્તુઓનો સવાલ કરૂં છું, અય મારા મઅબૂદ, કે જે વસ્તુઓને તારા નજીકના ફરિશ્તાઓએ તથા તારા મોકલાવેલ નબીઓએ તથા તારા નેક બંદાઓએ માંગી હતી, કે તું હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને હઝરત

મોહમ્મદ (સ.અ.વ.)ની ઔલાદ ઉપર રહમત નાઝિલ કર, અને મારા આ મહીનાના તે બધા અમલોને કબૂલ કર કે જેના થકી હું તારાથી વધારે નજિક થઇ જઉં, અને અમારી ઉપર તારો એહસાન કરી અમારા નબળા અમલને, અમારા તવસ્સુલને અને અમારી કુરબાનીને, અને અમારી દુઆઓને કબૂલ કર અને તારી તરફથી મને તારી રહમત અતા કર, અને મને જહન્નમની આગથી છુટકારો અતા કર, અને મારી ઉપર એહસાન કરીને મને ખૌફના દિવસે દરેક પ્રકારના ભયથી સલામત રાખજે કે જેને તેં કયામતના દિવસ માટે તય્યાર કરેલા છે

اَعُوْذُ بِحُرْمَةِ وَجْهِكَ الْكَرِيْمِ وَ بِحُرْمَةِ نَبِيِّكَ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَاٰلِهٖ وَ بِحُرْمَةِ الْاَوْصِيَاءِ عَلَيْهِمُ السَّلَامُ، اَنْ يَتَصَرَّمَ هٰذَا الْيَوْمُ وَلَكَ قِبَلِيْ تَبِعَةٌ تُرِيْدُ اَنْ تُؤَاخِذَنِيْ بِهَا اَوْ خَطِيْئَةٌ تُرِيْدُ اَنْ تَقْتَصَّهَا مِنِّيْ لَمْ تَغْفِرْهَا لِيْ ، اَسْاَلُكَ بِحُرْمَةِ وَجْهِكَ الْكَرِيْمِ ، يَا لَا اِلٰهَ اِلَّا اَنْتَ ، اَنْ تَرْضٰى عَنِّيْ وَاِنْ كُنْتَ رَضِيْتَ عَنِّيْ فَزِدْ فِيْمَا بَقِيَ مِنْ عُمْرِيْ

رِضًى وَاِنْ كُنْتَ لَمْ تَرْضَ عَنِّيْ فَمِنَ الْاٰنَ فَارْضَ عَنِّيْ يَا سَيِّدِيْ وَمَوْلَايَ اَلسَّاعَةَ اَلسَّاعَةَ اَلسَّاعَةَ وَ اجْعَلْنِيْ فِيْ هٰذِهِ السَّاعَةِ وَفِيْ هٰذَا الْيَوْمِ وَفِيْ هٰذَا الْمَجْلِسِ مِنْ عُتَقَائِكَ مِنَ النَّارِ عِتْقًا لَا رِقَّ بَعْدَهُ

અય અલ્લાહ હું તારી ઉદાર ઝાતના એહ્તેરામના વાસ્તાથી અને તારા નબી (સ.અ.વ.)ના એહ્તેરામના વાસ્તાથી –તેમના ઉપર તથા તેમની ઔલાદ ઉપર અલ્લાહની રહમત નાઝિલ થાય-, અને તારી વસીઓની એહ્તેરામના વાસ્તાથી પનાહ માંગુ છું, કયાંક એવું ન બને કે આ દિવસ પસાર થઈ જાય અને મારી ઉપર કોઈ પણ જાતની જવાબદારી બાકી હોય જેના કારણે તું મને પકડી લે, અથવા કોઈ ભૂલ હોય કે જેની તું સજા આપવા માંગતો હોય અને તેને માફ ન કરી દીધી હોય; અય અલ્લાહ હું તારી ઉદાર ઝાતના એહ્તેરામના વાસ્તાથી પનાહ માંગું છું, અય તે પાક ઝાત કે તારા સિવાય બીજું કોઈ પણ મઅબૂદ નથી, કે તું મારાથી રાજી થઇ જા, અગર તું મારીથી રાઝી થઇ ગયો છે તો મારી બાકીની ઝીંદગીમાં પણ મારાથી વધારે રાઝી રહેજે, અને અગર તું મારાથી રાઝી નથી થયો તો અત્યારથી જ મારાથી રાજી થઇ જા,

આ ઘડીએ જ, આ ઘડીએ જ, આ ઘડીએ જ, અય મારા સરદાર અને અય મારા મૌલા; અને આજ ઘડીએ અને આજના દિવસે અને આજ બેઠકમાં જહન્નમની આગથી આઝાદ થયેલા લોકોમાં મને શામિલ કર, એવી આઝાદી કે જેની પછી હું બીજા કોઈનો બંદો ન બનું;

اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ بِحُرْمَةِ وَجْهِكَ الْكَرِيْمِ اَنْ تَجْعَلَ يَوْمِيْ هٰذَا خَيْرَ يَوْمٍ عَبَدْتُكَ فِيْهِ مُنْذُ اَسْكَنْتَنِي الْاَرْضَ ، اَعْظَمَهٗ اَجْرًا وَّ اَعَمَّهٗ نِعْمَةً وَّ عَافِيَةً وَّ اَوْسَعَهٗ رِزْقًا وَّ اَبْتَلَهٗ عِتْقًا مِنَ النَّارِ وَ اَوْجَبَهٗ مَغْفِرَةً وَّ اَكْمَلَهٗ رِضْوَانًا وَّ اَقْرَبَهٗ اِلٰى مَا تُحِبُّ وَ تَرْضٰى ، اَللّٰهُمَّ لَا تَجْعَلْهُ اٰخِرَ شَهْرِ رَمَضَانَ صُمْتُهٗ لَكَ وَ ارْزُقْنِيَ الْعَوْدَ فِيْهِ ثُمَّ الْعَوْدَ فِيْهِ حَتّٰى تَرْضٰى وَ يَرْضٰى كُلُّ مَنْ لَهٗ قِبَلِيْ تَبِعَةٌ وَّ لَا تُخْرِجْنِيْ مِنَ الدُّنْيَا اِلَّا وَ اَنْتَ عَنِّيْ رَاضٍ

અય અલ્લાહ , ખરેખર હું તારી ઉદાર ઝાતના એહ્‌તેરામના વાસ્તાથી સવાલ કરૂં છું કે જ્યારથી તેં

મને પૈદા કર્યો છે ત્યારથી લઇ અત્યાર સુધીના દિવસોમાં મારા આ દિવસને સૌથી સારો દિવસ બનાવ કે જેમાં મેં તારી એવી ઈબાદત કરી હોય કે જેનો બદલો માનનીય હોય, જેમાં સઘળી નેઅમતો અને સલામતી હોય, જેમાં ખુબજ વધારે રોઝી હોય, અને જહન્નમની આગથી આઝાદી હોય, જેમાં મને તારી મગફેરત જરૂર મળે, અને જેમાં તું મારાથી સંપૂર્ણ પણે રાજી થઈ જા, અને જે બાબતોમાં તું ચાહે અને રાજી રહે તેનાથી હું વધારે નજિક થઇ જાવ; અય અલ્લાહ, આ મહીનાને મારો છેલ્લો માહે રમઝાન ન બનાવજે કે જેમાં મેં તારી માટે રોઝા રાખ્યા છે, અને મને ફરીથી માહે રમઝાન નસીબ કરજે, અને પછી ફરી વખત માહે રમઝાન નસીબ કરજે, જેથી તું મારાથી રાજી થઇ જા અને તે બધા લોકો પણ મારાથી રાજી થઇ જાય કે જેઓના હક્કો મારી ઉપર છે, અને જ્યાં સુધી કે તું મારાથી રાજી ન થઈ ગયો હોય ત્યાં સુધી મને આ દુનિયામાં મૌત ન આપજે;

اَللّٰهُمَّ اجْعَلْنِيْ مِنْ حُجَّاجِ بَيْتِكَ الْحَرَامِ فِيْ هٰذَا الْعَامِ ، اَلْمَبْرُوْرِ حَجُّهُمْ ، اَلْمَشْكُوْرِ سَعْيُهُمْ ، اَلْمَغْفُوْرِ ذَنْبُهُمْ ، اَلْمُسْتَجَابِ دُعَاۤئُهُمْ ،

اَلْمَحْفُوْظِيْنَ فِيْ اَنْفُسِهِمْ وَ اَدْيَانِهِمْ وَ ذَرَارِيِّهِمْ وَ اَمْوَالِهِمْ وَ جَمِيْعِ مَا اَنْعَمْتَ بِهٖ عَلَيْهِمْ ، اَللّٰهُمَّ اقْلِبْنِيْ مِنْ مَجْلِسِيْ هٰذَا وَ فِيْ يَوْمِيْ هٰذَا وَ فِيْ سَاعَتِيْ هٰذِهٖ مُفْلِحًا مُنْجِحًا مُسْتَجَابًا دُعَائِيْ مَرْحُوْمًا صَوْتِيْ مَغْفُوْرًا ذَنْبِيْ .

અય અલ્લાહ, આ વર્ષે તારા મોહતરમ ઘરની હજ્જ કરવાવાળા લોકોમાં મને શામિલ કર, કે જેમની હજ્જ પાક અને તને પસંદ પડે તેવી છે, અને જેમની સઈ (અને મહેનત) કબૂલ છે, અને જેમના ગુનાહો માફ થયેલા છે, અને જેમની દુઆઓ કબૂલ છે, જેઓના નફસ તથા દીન તથા ખાનદાન તથા મિલકત તથા તે દરેક નએમતો કે જે તેઓને અતા કરેલ છે તે બધું સલામત હોય; અય અલ્લાહ, મારી આ બેઠક ઉપરથી અને મારા આજના દિવસે અને મારી આજની આ ઘડીએ મને નજાત પામેલો, કામયાબ પાછો ફેરવજે એ હાલતમાં કે મારી દુઆઓ કબૂલ થયેલી હોય, મારા અવાજ ઉપર રહેમ ફરમાવેલ હોય, મારા ગુનાહ માફ થયેલા હોય;

اَللّٰهُمَّ وَ اجْعَلْ فِيْمَا شِئْتَ وَ اَرَدْتَ وَ قَضَيْتَ وَ

حَتَمْتَ اَنْ تُطِيْلَ عُمُرِيْ وَاَنْ تُقَوِّيَ ضَعْفِيْ وَتَجْبُرَ
فَاقَتِيْ وَاَنْ تُعِزَّ ذُلِّيْ وَتُؤْنِسَ وَحْشَتِيْ وَاَنْ تُكَثِّرَ
قِلَّتِيْ وَاَنْ تُدِرَّ رِزْقِيْ فِيْ عَافِيَةٍ وَّ رِزْقٍ وَّ يُسْرٍ وَّ خَفْضِ
عَيْشٍ وَّ تَكْفِيَنِيْ كُلَّ مَا اَهَمَّنِيْ مِنْ اَمْرِ اٰخِرَتِيْ وَلَا
تَكِلْنِيْ اِلٰى نَفْسِيْ فَاَعْجِزَ عَنْهَا وَلَا اِلٰى النَّاسِ
فَيَرْفُضُوْنِيْ وَعَافِنِيْ فِيْ بَدَنِيْ وَاَهْلِيْ وَوُلْدِيْ وَاَهْلِ
مَوَدَّتِيْ وَجِيْرَانِيْ وَاِخْوَانِيْ وَذُرِّيَّتِيْ وَاَنْ تَمُنَّ عَلَيَّ
بِالْاَمْنِ اَبَدًا مَا اَبْقَيْتَنِيْ

અય અલ્લાહ, તેં જે બાબતો માટે ચાહ્યું છે અને ઈરાદો કર્યો છે, અને ફેંસલો કર્યો છે અને નક્કી કર્યું છે તેમાં મારી આયુષ્યને લાંબી કર, અને મારી નબળાઈને દૂર કરી મને શક્તિ આપ, અને મારી ફકીરી દૂર કરી મારી જરૂરતોને પૂરી કર, અને મારી ઝીલ્લતને દૂર કરી મને ઇઝ્ઝત અતા કર, અને મારા ભયના સમયે મારા મદદગાર બન, અને મારી સારી ઓછી વસ્તુઓને તું વધારી દે, મારી સલામતીમાં વધારો કર, મારી રોઝી વધાર અને તેમાં આસાની આપ અને સહેલું જીવન જીવવાની

તૌફિકમાં વધારો કર, અને તું આખેરતની મારી મુશ્કેલીઓ માટે પૂરતો થઇ જા, અને મને મારા હાલ ઉપર છોડી ન દેજે કારણે કે હું ખુબજ નબળો છું, અને મને લોકોના હવાલે પણ ન કરજે કારણે કે તેઓ પણ મને છોડી દેશે, અને મને, તથા મારા ખાનદાનને, અને મારી ઔલાદને, અને મારા ચાહવા વાળાઓને, અને મારા પડોશીઓને, અને મારા ભાઈઓને, અને મારી નસ્લને તદુરસ્તી અતા કર; અને મને હંમેશા માટે સલામતી આપી મારી ઉપર એહસાન કર;

تَوَجَّهْتُ اِلَيْكَ بِمُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ صَلَّى اللّٰهُ عَلَيْهِمْ

وَ قَدَّمْتُهُمْ اِلَيْكَ اَمَامِيْ وَ اَمَامَ حَاجَتِيْ وَ طَلِبَتِيْ وَ

تَضَرُّعِيْ وَ مَسْاَلَتِيْ ، فَاجْعَلْنِيْ بِهِمْ عِنْدَكَ وَجِيْهًا

فِي الدُّنْيَا وَ الْاٰخِرَةِ ، فَاِنَّكَ مَنَنْتَ عَلَيَّ بِمَعْرِفَتِهِمْ

فَاخْتِمْ لِيْ بِهَا السَّعَادَةَ ، اِنَّكَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ،

فَاِنَّكَ وَلِيِّيْ وَ مَوْلَايَ وَ سَيِّدِيْ وَ رَبِّيْ وَ اِلٰهِيْ وَ ثِقَتِيْ

وَ رَجَائِيْ وَ مَعْدِنُ مَسْاَلَتِيْ وَ مَوْضِعُ شَكْوَايَ وَ

مُنْتَهٰى رَغْبَتِيْ وَ مُنَايَ فَلَا تُخَيِّبَنَّ عَلَيْكَ دُعَائِيْ يَا

سَيِّدِيْ وَ مَوْلَايَ

હઝરત મોહમ્મદ (સ.અ.વ) અને હઝરત મોહમ્મદ (સ.અ.વ.)ની ઔલાદના વાસ્તાથી તારી બારગાહમાં આવ્યો છું – તેઓ બધાની ઉપર અલ્લાહની રહમત નાઝિલ થાય – અને તેઓને તારી બારગાહમાં મારી માટે અને મારી હાજતો તથા મારી માંગણીઓ તથા મારી ફરિયાદો અને મારા સવાલો માટે વસીલો બનાવું છું, તો પછી તેઓના વસીલાથી તું મને દુનિયા અને આખેરતમાં તારી સમક્ષ માનનીય બંદો બનાવી દે કારણ કે ખરેખર તું જ મારો સરપરસ્ત છે, મારો મૌલા છે અને મારો સરદાર છે, અને મારો પાલનહાર છે, અને મારો મઅબૂદ છે, અને મારો ભરોસો છે, અને મારી ઉમ્મીદ છે, અને મારા સવાલોની ખાણ છે, અને મારી શિકાયતની જગ્યા છે, અને મારી તિવ્ર ઈચ્છાઓની આખરી મંઝિલ છે, અને મારી આરઝૂ છે, તો પછી તું મારી દુઆઓને કદાપી (હરગીઝ) રદ નહિ કરતો, અય મારા સરદાર અને અય મારા મૌલા;

اَللّٰهُمَّ فَلَا تُبْطِلَنَّ عَمَلِيْ وَ طَمَعِيْ وَ رَجَائِىْ ، يَا اِلَهِيْ وَ مَسْاَلَتِيْ وَ اخْتِمْ لِيْ بِالسَّعَادَةِ وَ السَّلَامَةِ وَ الْاِسْلَامِ وَ الْاَمْنِ وَ الْاِيْمَانِ وَ الْمَغْفِرَةِ وَ الرِّضْوَانِ وَ

الشَّهَادَةِ وَ الْحِفْظِ ، يَا مَنْزُوْلًا بِهٖ كُلُّ حَاجَةٍ ، يَا اَللّٰهُ

يَا اَللّٰهُ يَا اَللّٰهُ ، اَنْتَ لِكُلِّ حَاجَةٍ ، فَتَوَلَّ عَاقِبَتَهَا وَ لَا

تُسَلِّطْ عَلَيْنَا اَحَدًا مِنْ خَلْقِكَ بِشَيْءٍ لَا طَاقَةَ لَنَا

بِهٖ وَ اكْفِنَا كُلَّ اَمْرٍ مِنْ اَمْرِ الدُّنْيَا وَ الْاٰخِرَةِ وَ

فَرِّغْنَا لِاَمْرِ الْاٰخِرَةِ يَا ذَا الْجَلَالِ وَ الْاِكْرَامِ ، صَلِّ

عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ وَّ بَارِكْ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِ

مُحَمَّدٍ وَّ سَلِّمْ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ كَاَفْضَلِ مَا

صَلَّيْتَ وَ بَارَكْتَ وَ تَرَحَّمْتَ وَ سَلَّمْتَ وَ تَحَنَّنْتَ وَ

مَنَنْتَ عَلٰى اِبْرَاهِيْمَ وَ اٰلِ اِبْرَاهِيْمَ اِنَّكَ حَمِيْدٌ

مَجِيْدٌ

અય અલ્લાહ, અને મારા અમલને, મારી ઉમ્મીદોને, મારી આશાઓને કદાપી બાતિલ ન કરજે, અય મારા મઅબૂદ, અને મારા સવાલોને પણ; અને મને ખુશબખ્તી, સલામતી, ઇસ્લામ, શાંતિ, ઈમાનની સાથે તથા તારી મગફેરત, ખુશનુદી અને હિફાઝત ઉપર મને મૌત આપજે; અય તે પાક ઝાત કે જેની બારગાહમાં દરેક હાજતો પહોંચે છે, અય અલ્લાહ,

અય અલ્લાહ, અય અલ્લાહ, ફક્ત તું જ દરેક હાજતોનો માલિક છે, તો પછી મારી હાજતોને પૂરી કરી દે, અને તારી મખ્લૂકમાંથી કોઈને પણ અમારી ઉપર કુદરત નહિ આપતો કે જે અમારી તાકતની બહાર હોય, દુનિયા તથા આખેરતની દરેક બાબતોમાં અમારી માટે પૂરતો થઇ જા અને અમોને આખેરતની બાબતો માટે ફુરસત અને નવરાશ અતા કર, અય બુઝુર્ગી અને ઇઝ્ઝતના માલિક, હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને હઝરત મોહમ્મદ (સ.અ.વ.)ની ઔલાદ ઉપર રહમત નાઝિલ કર, અને હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને હઝરત મોહમ્મદ (સ.અ.વ.)ની ઔલાદ ઉપર બરકત નાઝિલ કર, હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને હઝરત મોહમ્મદ (સ.અ.વ.)ની ઔલાદ ઉપર સલામ નાઝિલ કર, એવી વધારે ફઝીલતવાળી સલવાત, બરકત, રહમત, સલામ, રહમત અને એહસાન કે જે તેં હઝરત ઇબ્રાહીમ (અ.) અને હઝરત ઇબ્રાહીમ (અ.)ની ઔલાદ ઉપર નાઝિલ કરી, બેશક તું જ વખાણને લાયક છે અને ખુબજ મહાન છે;

مَنَنْتَ عَلَيَّ بِهِمْ ، فَاخْتِمْ لِيْ بِالسَّعَادَةِ وَ الْاَمْنِ ، وَ
السَّلَامَةِ وَ الْاِيْمَانِ ، وَ الْمَغْفِرَةِ وَ الرِّضْوَانِ ، وَ

السَّعادَةِ وَ الْحِفْظِ ، يَا اَللهُ اَنْتَ لِكُلِّ حاجَةٍ لَنا ،
فَصَلِّ عَلىٰ مُحَمَّدٍ وَّ اٰلِهٖ وَ عافِنَا ، وَ لَا تُسَلِّطْ عَلَيْنَا
اَحَدًا مِنْ خَلْقِكَ لَا طاقَةَ لَنا بِهٖ ، يَا ذَا الْجَلَالِ وَ
الْاِكْرَامِ ، صَلِّ عَلىٰ مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ ، وَ تَرَحَّمْ عَلىٰ
مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ ، وَ سَلِّمْ عَلىٰ مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ ،
كَاَفْضَلِ ما صَلَّيْتَ وَ بارَكْتَ وَ تَرَحَّمْتَ ، وَ سَلَّمْتَ وَ
تَحَنَّنْتَ ، عَلىٰ اِبْرٰاهِيْمَ وَ اٰلِ اِبْرٰاهِيْمَ ، اِنَّكَ حَمِيْدٌ
مَجِيْدٌ .

## ઝકાતે ફીત્રા કાઢવી

ઈદની નમાઝ પહેલા ફીત્રો આપવો કે આ ફિત્રો વાજિબ ઝકાતનો એક પ્રકાર છે (જેની વિગતો મરાજેઅ કેરામની ફિકહની કિતાબો જેમ કે તવ્ઝીહુલ મસાએલમાં મૌજૂદ છે) આ એ વાજિબ કાર્ય છે જેની ખુબજ તાકીદ કરવામાં આવેલ છે. ફિત્રો આપવો તે માહે રમઝાનના રોઝા કબુલ થવાની શર્ત છે અને જે કોઈ ફિત્રો આપશે તે આવતા વર્ષ સુધી હિફાઝતમાં રેહશે. ફીત્રાને ઈદની

નમાઝ પહેલા આપવો જોઈએ.

## ગુસ્લ કરવું

આ દિવસે ગુસ્લ કરવું અને બેહતર છે કે નદીમાં ગુસ્લ કરવું; અને તેનો સમય તુલુએ ફજ્રથી (નમાઝે સુબહના અવ્વલ સમયથી) લઈને ઈદની નમાઝ સુધી છે અને અમુક રિવાયતમાં છે કે એવી જગ્યા ઉપર ગુસ્લ કરે કે જ્યાં છાંયો હોય અથવા તેની ઉપર છાપરૂં (દીવાલ) બંધાયેલી હોય (ખુલ્લા આસમાનની નીચે ગુસ્લ ન કરે). અને ગુસ્લ શરૂ કર્યા પહેલા આ દુઆ પઢે અને પછી બિસ્મિલ્લાહ બોલીને ગુસ્લ શરૂ કરે

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ اِيْمَانًا بِكَ وَ تَصْدِيْقًا بِكِتَابِكَ وَ اتِّبَاعَ سُنَّةِ نَبِيِّكَ مُحَمَّدٍ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَ اٰلِهِ

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ તારી ઉપર ઈમાન રાખું છું, તારી કિતાબને સાચી માનું છું, અને તારા નબી હઝરત મોહમ્મદ (સ.અ.વ.)ની સુન્નત પ્રમાણે અમલ કરૂં છું. તારી રહમત થાય હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેઓની ઔલાદ ઉપર.

અને જયારે ગુસ્લ પુરૂ થઈ જાય તો આ દુઆ પઢે.

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ اجْعَلْهُ كَفَّارَةً لِذُنُوْبِيْ وَطَهِّرْ دِيْنِيْ ، اَللّٰهُمَّ اَذْهِبْ عَنِّي الدَّنَسَ

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે.અય અલ્લાહ, મારા આ ગુસ્લને મારા ગુનાહોનો કફ્ફારો બનાવી દે, મારા દીન (ઈમાન)ને પાક કર; અય અલ્લાહ મારીથી નાપાકીને દૂર કર.

## ઈદની નમાઝ પહેલા ઇફતારી કરવી

દિવસની શરૂઆતમાં અને ઈદની નમાઝ પહેલા કોઈ વસ્તુ ખાઈ લેવી (ઇફતારી કરવી) અને બહેતર છે કે ખજુર અથવા કોઈ મીઠી વસ્તુ દ્વારા ઇફતારી કરે. અને શૈખ મુફીદે કહ્યું છે કે મુસ્તહબ છે કે ઈમામ હુસૈન (અ.)ની તુરબતની જરાક માટી ગળી જાય કારણ કે તે દરેક બિમારી માટે શિફા છે.

## નમાઝ માટે નીકળતા પેહલા પઢવાની દુઆ

આ દિવસે સારા કપડા પેહરવા, ખુશ્બુ લગાડવી, અને નમાઝ માટે મક્કાએ મોઅઝ્ઝમ સિવાયના સહરા (ખુલ્લી વિશાળ જગ્યા/જંગલ/રણ)માં ખુલ્લા આસમાન નીચે નમાઝ અદા કરવા માટે જવું. તુલુએ આફતાબ (સુર્યોદય) પછી ઈદની નમાઝ પઢવા માટે બહાર નીકળે .

ઈમામ મોહમ્મદ બાકિર (અ.)થી રિવાયતમાં છે કે આ દુઆ ઇદુલ ફિત્રના તેમજ ઇદુલ અઝ્હાના અને જુમ્માના જયારે નમાઝ માટે બહાર નીકળો ત્યારે પઢો :

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ مَنْ تَهَيَّاَ فِيْ

هٰذَا الْيَوْمِ اَوْ تَعَبَّاَ اَوْ اَعَدَّ وَ اسْتَعَدَّ لِوِفَادَةٍ اِلٰى

مَخْلُوْقٍ رَجَاءَ رِفْدِهٖ وَ نَوَافِلِهٖ وَ فَوَاضِلِهٖ وَ عَطَايَاهُ ،

فَاِنَّ اِلَيْكَ يَا سَيِّدِيْ تَهْيِئَتِيْ وَ تَعْبِئَتِيْ وَ اِعْدَادِيْ وَ

اسْتِعْدَادِيْ رَجَاءَ رِفْدِكَ وَ جَوَائِزِكَ وَ نَوَافِلِكَ وَ

فَوَاضِلِكَ وَ فَضَائِلِكَ وَ عَطَايَاكَ ، وَ قَدْ غَدَوْتُ اِلٰى

عِيْدٍ مِنْ اَعْيَادِ اُمَّةِ نَبِيِّكَ مُحَمَّدٍ صَلَوَاتُ اللّٰهِ عَلَيْهِ

وَ عَلٰى اٰلِهٖ وَ لَمْ اَفِدْ اِلَيْكَ الْيَوْمَ بِعَمَلٍ صَالِحٍ اَثِقُ

بِهٖ قَدَّمْتُهٗ وَ لَا تَوَجَّهْتُ بِمَخْلُوْقٍ اَمَّلْتُهٗ وَ لٰكِنْ

اَتَيْتُكَ خَاضِعًا مُقِرًّا بِذُنُوْبِيْ وَ اِسَاءَتِيْ اِلٰى نَفْسِيْ ،

فَيَا عَظِيْمُ يَا عَظِيْمُ يَا عَظِيْمُ ، اغْفِرْ لِيَ الْعَظِيْمَ

مِنْ ذُنُوْبِيْ ، فَاِنَّهٗ لَا يَغْفِرُ الذُّنُوْبَ الْعِظَامَ اِلَّا اَنْتَ

، يَالَا اِلٰهَ اِلَّا اَنْتَ، يَا اَرْحَمَ الرَّاحِمِيْنَ

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ, જે શખ્સ આજે લોકોની તરફ જવા માટે તય્યાર છે અથવા તય્યાર થઇ રહ્યો છે, તે ઉમ્મીદની સાથે કે તે લોકો પાસેથી રોકડ, બખ્શીશ અને તોહફાઓ મેળવે, પણ અય મારા સરદાર, મારી તય્યારી અને કોશિશ તો ફક્ત તારી તરફ આવવા માટે છે, તે ઉમ્મીદની સાથે કે મને તારી અતાઓ, તારી નેઅમતો, તારા તોહફાઓ અને તારા એહસાનો, અને તારી મહેરબાનીઓ મેળવું. આજે મારી સવાર પડી છે તે ઈદના દિવસે કે જે તારા નબી હઝરત મોહમ્મદ (સ.અ.વ.)ની ઉમ્મતની ઈદ છે – તારી રહમત નાઝિલ કર હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની ઔલાદ ઉપર; અને આજે હું તારી બારગાહમાં એવો કોઈ નેક અમલ નથી લાવ્યો કે જેની ઉપર મને ભરોસો હોય અને હું તારી મખ્લૂક ઉપર આશા અને ઉમ્મીદ નથી રાખતો; પણ હું તારી બારગાહમાં વિનમ્રતાની સાથે, મારા નફસ ઉપર મેં કરેલ ગુનાહો અને બુરાઈઓને સ્વીકારૂં છું; તો અય મહાન ઇઝ્ઝતવાળા, અય મહાન ઇઝ્ઝતવાળા, અય મહાન ઇઝ્ઝતવાળા, મારા મોટા મોટા ગુનાહોને માફ કરી દે કારણ કે તારા સિવાય બીજું કોઈ નથી

જે મોટા મોટા ગુનાહોને માફ કરે છે, અય અલ્લાહ કે તારા સિવાય બીજો કોઈ મઅબૂદ નથી, અય રહેમ કરવા વાળાઓમાં સૌથી વધારે રહેમ કરનાર.

## નમાઝે ઈદ

બહેતર છે કે ઈદની નમાઝને ખુલ્લા આસમાનની નીચે કંઇ પણ પાથરણું અથવા ચટાઈ પાથર્યા વગર ઝમીન ઉપર (નમાઝ) પઢે. અને જે રસ્તેથી નમાઝ પઢવા ગયો હતો, નમાઝ પઢીને પાછા ફરતી વખતે તે સિવાય બીજા કોઈ રસ્તાથી પાછો ફરે. પોતાના મોઅમિન ભાઈઓ માટે દુઆ કરે કે અલ્લાહ તઆલા તેમના દરેક આમાલને કબૂલ કરે.

નમાઝે ઈદની રીત : ઈદની નમાઝ બે રકઆત છે. પહેલી રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી સૂરએ અઅલા (સબ્બેહિસ્મ રબ્બેકલ અઅલા) પઢે અને પાંચ તકબીર (અલ્લાહો અકબર) કહે કે જેમાં દરેક તકબીર પછી કુનુત પઢે અને કુનુતમાં નીચે મુજબ દુઆ પઢે, અને પછી છઠ્ઠી તકબીર કહે અને રૂકુઅ તથા સજદાઓ અદા કરે અને બીજી રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી સૂરએ શમ્સ (વશ્શમ્સે વ ઝોહાહા) પઢે અને ચાર તકબીર કહે અને દરેક તકબીર પછી કુનુત પઢે અને કુનુતમાં નીચે મુજબ દુઆ પઢે અને પછી પાંચમી તકબીર કહે અને રૂકુઅ તથા

સજદાઓ અદા કરે અને નમાઝ પુરી કરે. નમાઝ પછી જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની તસ્બીહ પઢે .ઈદની નમાઝના કુનૂતમાં પઢવાની દુઆ :

اَللّٰهُمَّ اَهْلَ الْكِبْرِيَاۤءِ وَ الْعَظَمَةِ وَ اَهْلَ الْجُوْدِ وَ
الْجَبَرُوْتِ وَ اَهْلَ الْعَفْوِ وَ الرَّحْمَةِ وَ اَهْلَ التَّقْوٰى وَ
الْمَغْفِرَةِ ، اَسْاَلُكَ بِحَقِّ هٰذَا الْيَوْمِ الَّذِيْ جَعَلْتَهٗ
لِلْمُسْلِمِيْنَ عِيْدًا ، وَلِمُحَمَّدٍ صَلَّى اللهُ عَلَيْهِ وَاٰلِهٖ
ذُخْرًا وَّ كَرَامَةً وَّ شَرَفًا وَّ مَزِيْدًا ، اَنْ تُصَلِّيَ عَلٰى
مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ وَّ اَنْ تُدْخِلَنِيْ فِيْ كُلِّ خَيْرٍ اَدْخَلْتَ
فِيْهِ مُحَمَّدًا وَّ اٰلَ مُحَمَّدٍ وَّ اَنْ تُخْرِجَنِيْ مِنْ كُلِّ سُوْءٍ
اَخْرَجْتَ مِنْهُ مُحَمَّدًا وَّ اٰلَ مُحَمَّدٍ ، صَلَوَاتُكَ عَلَيْهِ وَ
عَلَيْهِمْ اَجْمَعِيْنَ ، اَللّٰهُمَّ اِنِّيْ اَسْاَلُكَ خَيْرَ مَا سَاَلَكَ
مِنْهُ عِبَادُكَ الصَّالِحُوْنَ وَ اَعُوْذُ بِكَ مِمَّا اسْتَعَاذَ مِنْهُ
عِبَادُكَ الْمُخْلِصُوْنَ.

(શરૂ કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય અલ્લાહ, તું બુઝુર્ગીઓ

અને મહાનતાઓનો માલિક છે, અને તું બખ્શીશ અને જબરૂતનો માલિક છે, અને તું માફી અને મહેરબાનીનો માલિક છે, અને તું પનાહ અને મગફેરતનો માલિક; હું તારી પાસે સવાલ કરૂં છું આજના દિવસના વાસ્તાથી કે જેને તેં મુસલમાનો માટે ઈદ બનાવી, અને હઝરત મોહમ્મદ (સ.અ.વ.) માટે ઝખીરો, કરામત, શરફ બનાવેલ છે અને તેમાં વધારા કરેલ છે; કે તું હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને હઝરત મોહમ્મદ (સ.અ.વ.)ની ઔલાદ ઉપર રહમત નાઝિલ કર અને મને તે તમામ નેકીઓમાં દાખલ કર કે જે નેકીઓમાં હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની ઔલાદને દાખલ કરી હતી, અને મને તે તમામ બુરાઈઓથી બહાર કાઢ જેનાથી તેં હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની ઔલાદને અલગ કરેલા છે, તેઓ બધી પાક હસ્તીઓ ઉપર તારી રહમત નાઝિલ થાય. અય અલ્લાહ, ખરેખર હું તારી પાસે તમામ નેકીઓનો સવાલ કરૂં છું કે જેને તારા નેક બંદાઓ એ માંગી છે અને હું તે તમામ બુરાઈઓથી તારી પનાહ ચાહું છે કે જેનાથી તારા નેક અને ખાલિસ બંદાઓએ પનાહ માંગી છે.

## દુઆ એ ઈદુલ ફિત્ર – ઈમામે સજ્જાદ (અ.સ)ની દુઆ

ઈદુલ ફિત્રના દિવસે ઈબાદત પછી કિબલા તરફ ઊભા રહી ઈમામ સજ્જાદ (અ.)ની દુઆ (સહીફએ સજ્જાદીય્યાહ- નંબર ૪૬) છે જેને જુમ્માના પણ પઢવામાં આવે છે

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، يَا مَنْ يَرْحَمُ مَنْ لَا يَرْحَمُهُ الْعِبَادُ ، وَ يَا مَنْ يَقْبَلُ مَنْ لَا تَقْبَلُهُ الْبِلَادُ، وَ يَا مَنْ لَا يَحْتَقِرُ اَهْلَ الْحَاجَةِ اِلَيْهِ ، وَ يَا مَنْ لَا يُخَيِّبُ الْمُلِحِّيْنَ عَلَيْهِ ، وَ يَا مَنْ لَا يَجْبَهُ بِالرَّدِّ اَهْلَ الدَّالَّةِ عَلَيْهِ ، وَ يَا مَنْ يَجْتَبِيْ صَغِيْرَ مَا يُتْحَفُ بِهِ ، وَ يَشْكُرُ يَسِيْرَ مَا يُعْمَلُ لَهُ ،

(શરૂં કરૂં છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય તું ! જે તેના ઉપર પણ રહેમ કરે છે જેના ઉપર તારા બંદા દયા નથી કરતા. અય તું ! જે તેને કબૂલ કરે છે જેને કોઇ ગામ (કે દેશ) કબૂલ કરવા તૈયાર નથી. અય તું ! જે તેની બારગાહમાં હાજતમંદોને ધિક્કારતો નથી. અય તું ! જે એ લોકોને નિરાશ નથી કરતો જેઓ તેને

પોકારે છે. અય તું ! તેના ઉપર વિશ્વાસ રાખનારને રદ નથી કરતો. અય તું ! જે તેની બારગાહમાં ધરેલા નાના એવા તોહફાને પણ કબૂલ કરે છે અને તેની થોડી એવી ઇબાદત કરવાનો પણ અજ્ર અતા કરે છે. અય તું ! જે તેની ઓછામાં ઓછી ફરમાબદારી માટે પણ શુક્રગુજાર છે અને બદલામાં મોટી જઝા (ઇનામ) અતા કરે છે.

وَ يَا مَنْ يَشْكُرُ عَلَى الْقَلِيْلِ وَ يُجَازِيْ بِالْجَلِيْلِ ، وَ
يَا مَنْ يَدْنُوْ اِلٰى مَنْ دَنَا مِنْهُ ؛ وَ يَا مَنْ يَدْعُوْ اِلٰى
نَفْسِهٖ مَنْ اَدْبَرَ عَنْهُ ؛ وَ يَا مَنْ لَا يُغَيِّرُ النِّعْمَةَ ، وَ
لَا يُبَادِرُ بِالنَّقِمَةِ ؛ وَ يَا مَنْ يُثْمِرُ الْحَسَنَةَ حَتّٰى
يُنْمِيَهَا ، وَ يَتَجَاوَزُ عَنِ السَّيِّئَةِ حَتّٰى يُعَفِّيَهَا ؛
اِنْصَرَفَتِ الْاٰمَالُ دُوْنَ مَدٰى كَرَمِكَ بِالْحَاجَاتِ ، وَ
امْتَلَاَتْ بِفَيْضِ جُوْدِكَ اَوْعِيَةُ الطَّلِبَاتِ ، وَ
تَفَسَّخَتْ دُوْنَ بُلُوْغِ نَعْتِكَ الصِّفَاتُ ،

અય તું ! જે તેનાથી નજીક થવાની કોશિશ કરનારની નજીક જરૂર જાય છે. અય તું ! જે તેની રહમત રોકતો નથી અને સજા કરવમાં જલદી કરતો

નથી. અય તું ! જે નેક અમલને ફળદાયી કરાર આપે છે જેથી તે ફળદ્રૂપ બને અને ખરાબ કામોને જતા કરે છે જેથી પોતાની મગફેરત અતા કરે. તારી ઉદારતા (કરમ)ના હોજ પાસેથી ઉમ્મીદો સંતોષ પામીને પાછી ફરે છે , તારી સખાવતના ફૈઝથી (ફુવારાથી) તલબોના (વિનંતિઓના) ઠામ છલકાઇ જાય છે અને ગુણો તારા વખાણ કરવામાં નિષ્ફળ નીવડે છે.

فَلَكَ الْعُلُوُّ الْاَعْلٰى فَوْقَ كُلِّ عَالٍ ، وَالْجَلَالُ الْاَمْجَدُ فَوْقَ كُلِّ جَلَالٍ ؛ كُلُّ جَلِيْلٍ عِنْدَكَ صَغِيْرٌ ، وَكُلُّ شَرِيْفٍ فِيْ جَنْبِ شَرَفِكَ حَقِيْرٌ ، خَابَ الْوَافِدُوْنَ عَلٰى غَيْرِكَ ، وَخَسِرَ الْمُتَعَرِّضُوْنَ اِلَّا لَكَ ، وَضَاعَ الْمُلِمُّوْنَ اِلَّا بِكَ ، وَاَجْدَبَ الْمُنْتَجِعُوْنَ اِلَّا مَنِ انْتَجَعَ فَضْلَكَ ،

તેથી, દરેક ઊંચાઈઓ કરતા સર્વોચ્ચ દરજ્જાનો તું જ માલિક છે અને દરેક જાહોજલાલીથી વધારે સર્વોત્તમ જાહોજલાલીનો પણ. દરેક મહાન તારી સમક્ષ નાનો છે , દરેક મોભો ધરાવનાર તારા મોભાની પડખે તુચ્છ છે અને તારા સિવાય બીજાની બારગાહમાં જનારા નિરાશ થયા. તે લોકો જે બીજા

કોઈની સમક્ષ (હાજત લઈને) હાજર થયા તેઓ નુકસાનીમાં રહ્યા સિવાય એ લોકો જેઓ તારી બરગાહમાં હાજર થયા. તારા મુલાકાતીઓ સિવાય બીજા મુલાકાતીઓ બધાં જ ભટકી ગયા. જે લોકો લાભ શોધતા હતા તેઓ દુકાળમાં ફસાયા સિવાય કે જેણે તારા ફઝલથી લાભની આશા રાખી.

بَابُكَ مَفْتُوْحٌ لِلرَّاغِبِيْنَ ، وَ جُوْدُكَ مُبَاحٌ

لِلسَّائِلِيْنَ ، وَاِغَاثَتُكَ قَرِيْبَةٌ مِّنَ الْمُسْتَغِيْثِيْنَ ؛

لَا يَخِيْبُ مِنْكَ الْاٰمِلُوْنَ ، وَلَا يَيْاَسُ مِنْ عَطَائِكَ

الْمُتَعَرِّضُوْنَ ، وَلَا يَشْقٰى بِنَقِمَتِكَ الْمُسْتَغْفِرُوْنَ ؛

رِزْقُكَ مَبْسُوْطٌ لِمَنْ عَصَاكَ ، وَ حِلْمُكَ مُعْتَرِضٌ لِمَنْ

نَاوَاكَ ، عَادَتُكَ الْاِحْسَانُ اِلَى الْمُسِيْئِيْنَ ، وَ سُنَّتُكَ

الْاِبْقَاءُ عَلَى الْمُعْتَدِيْنَ حَتّٰى لَقَدْ غَرَّتْهُمْ اَنَاتُكَ

عَنِ الرُّجُوْعِ ، وَصَدَّهُمْ اِمْهَالُكَ عَنِ النُّزُوْعِ ؛ وَ

اِنَّمَا تَاَنَّيْتَ بِهِمْ لِيَفِيْئُوْا اِلٰى اَمْرِكَ ، وَاَمْهَلْتَهُمْ

ثِقَةً بِدَوَامِ مُلْكِكَ

જેઓ તારી બારગાહમાં ઉમ્મીદ રાખે છે તેઓ માટે

તારા દ્વાર ઉઘાડા જ છે અને માંગવાવાળા માટે તારી રહમતના ખજાના ખુલ્લા છે. જેઓ (મુસીબતમાં) મદદ ઈચ્છે છે તેઓ માટે તારી મદદ નજીક છે , ઉમ્મીદવારો તારી બારગાહમાં નિરાશ નથી થતાં અને તારી બારગાહમાં હાજત તલબ કરનારા તારી રહમતથી નાઉમ્મીદ નથી થતા. જે લોકો તારી મગફેરત તલબ કરે છે તેઓ તારી સજાથી બચવામાં કમનસીબ નથી નીવડતા. જે તારી નાફરમાની કરે છે તેને પણ તારી રોજી અતા થાય છે અને તારી સહનશીલતા એના માટે પણ છે જે તારા હુકમોનું પાલન નથી કરતો. ખરાબ કાર્યો કરનારા સાથે ભલાઈથી વર્તવું એ તારી આદત છે અને હદ ઓળંગી જનારાને (ગુનાહગારોને) સહન કરવું અને તારી સુન્નત (રીત) છે એટલે સુધી કે તારી સહનશીલતા તેઓને તારી બારગાહમાં તૌબા કરવાથી બેદરકાર બનાવી દે છે અને તારી સહનશીલતાના કારણે તેઓ ગુનાહ કરવા ત્યજી પણ નથી દેતા. પણ , નિ:શંક તેં સહન કર્યું છે અને તારી અનંત સતા થકી (સુધારવાની) મોહલત અતા કરી છે એ માટે કે તેઓ તારી ઈબાદત તરફ પાછા ફરે.

فَمَنْ كَانَ مِنْ اَهْلِ السَّعَادَةِ خَتَمْتَ لَهٗ بِهَا ، وَمَنْ كَانَ مِنْ اَهْلِ الشَّقَاوَةِ خَذَلْتَهٗ لَهَا ؛ كُلُّهُمْ صَائِرُوْنَ

، اِلٰى حُكْمِكَ ، وَاُمُوْرُهُمْ اٰئِلَةٌ اِلٰى اَمْرِكَ ، لَمْ يَهِنْ

عَلٰى طُوْلِ مُدَّتِهِمْ سُلْطَانُكَ ، وَلَمْ يَدْحَضْ لِتَرْكِ

مُعَاجَلَتِهِمْ بُرْهَانُكَ ؛ حُجَّتُكَ قَائِمَةٌ لَا تُدْحَضُ ،

وَسُلْطَانُكَ ثَابِتٌ لَا يَزُوْلُ ، فَالْوَيْلُ الدَّائِمُ لِمَنْ

جَنَحَ عَنْكَ ، وَالْخَيْبَةُ الْخَاذِلَةُ لِمَنْ خَابَ مِنْكَ ، وَ

الشَّقَاءُ الْاَشْقٰى لِمَنِ اغْتَرَّ بِكَ ؛

તેથી, જેઓ ખુશનસીબ હતા તેઓ (તારી રાહ તરફ પાછા ફરી) નેક થયા તથા તેં તેઓને કબૂલ કર્યા અને કમનસીબ હતા તેઓ જેઓ (તારી રાહ તરફ) પાછા ન ફરવાના કારણે તારી બારગાહમાં ઝલીલ (નાઉમ્મીદ) થયા. તેઓ બધાને તારા જ ફેસલા તરફ આગળ વધવાનું છે અને તેઓ બધાના જ મામલાઓ તારા હુકમ (ન્યાય) માટે તારી બારગહમાં જ પાછા ફરવાના છે. તેઓની સજાની મુદ્દત લાંબી કરી આપવાથી તારી સતા નબળી નથી પડતી તથા તેઓની સજાની મુદ્દતમાં ઢીલ કરવાથી તારી હુજ્જત બિનઅસરકારક નથી નીવડતી. તારી સાક્ષી એવી મક્કમ છે જે નકામી ન નીવડી શકે અને તારી સત્તા એટલી મજબૂત છે જેનું કયારેય પણ પતન નથી તેથી , ધિક્કાર છે એના ઉપર જે તારી

બારગાહથી વિમુખ થયો (મોઢું ફેરવ્યું) અને જેને તેં નામંજૂર કર્યા તેના માટે અપમાનભરી નિષ્ફળતા છે. જેણે તારી બારગાહમાં અભિમાનથી વર્તાવ કર્યો તે અતિશય બદનસીબ છે.

مَا اَكْثَرَ تَصَرُّفَهٗ فِيْ عَذَابِكَ ، وَمَا اَطْوَلَ تَرَدُّدَهٗ فِيْ عِقَابِكَ ، وَمَا اَبْعَدَ غَايَتَهٗ مِنَ الْفَرَجِ ، وَمَا اَقْنَطَهٗ مِنْ سُهُوْلَةِ الْمَخْرَجِ!! عَدْلًا مِنْ قَضَائِكَ لَا تَجُوْرُ فِيْهِ ، وَاِنْصَافًا مِنْ حُكْمِكَ لَا تَحِيْفُ عَلَيْهِ ؛ فَقَدْ ظَاهَرْتَ الْحُجَجَ ، وَاَبْلَيْتَ الْاَعْذَارَ ، وَقَدْ تَقَدَّمْتَ بِالْوَعِيْدِ ، وَتَلَطَّفْتَ فِي التَّرْغِيْبِ ، وَضَرَبْتَ الْاَمْثَالَ ، وَاَطَلْتَ الْاِمْهَالَ ، وَاَخَّرْتَ وَاَنْتَ مُسْتَطِيْعٌ لِلْمُعَاجَلَةِ ، وَتَاَنَّيْتَ وَاَنْتَ مَلِيْءٌ بِالْمُبَادَرَةِ ، لَمْ تَكُنْ اَنَاتُكَ عَجْزًا ، وَلَا اِمْهَالُكَ وَهْنًا ، وَلَا اِمْسَاكُكَ غَفْلَةً ، وَلَا انْتِظَارُكَ مُدَارَاةً ، بَلْ لِتَكُوْنَ حُجَّتُكَ اَبْلَغَ ، وَكَرَمُكَ اَكْمَلَ ، وَ

اِحْسَانُكَ اَوْفٰى ، وَ نِعْمَتُكَ اَتَمَّ ، كُلُّ ذٰلِكَ كَانَ وَ لَمْ تَزَلْ ، وَ هُوَ كَآئِنٌ وَّ لَا تَزَالُ ؛

કેટલી આકરી છે તારી સજાની વેદના અને કેટલી લાંબી છે તેની તે પીડાની મુદ્દત ! કેટલો દૂર છે તેનો (સજાથી) નજાત પામવાનો સમય અને બચવાની આશાઓ કેટલી ઓછી છે ! આ બધું તારા ન્યાયપૂર્ણ ફેસલાના કારણ છે જેમાં તું ઝુલ્મ નથી કરતો અને તારા ઇન્સાફના હુકમ મુજબ છે જેમાં તું અત્યાચાર નથી કરતો, કારણ કે તારી હુજજતો તેં ખુલ્લી જાહેર કરી દીધી છે અને ત્યાર પછી કોઈ કારણ બાકી નથી રહેતું, નિ:શંક, તેં પહેલાથી ચેતવણીઓ ઉચ્ચારી દીધી છે, તારી મહેરબાનીઓ થકી પ્રેરણા પણ આપી છે, ઉદાહરણો પણ ટાંકયા છે અને મુદ્દતમાં વધારો પણ કર્યો છે. (સજા કરવામાં) તેં ઢીલ મૂકી છે જયારે જલદી કરવાને તું સત્તધીશ છે અને તેં મુદ્દતો પસાર કરી જયારે કે જલદી કરવાને તું શક્તિશાળી છે. ઢીલ કરવું તારી અશક્તિના કારણે ન હતું તથા તારૂં મુદ્દતમાં વધારો કરવું તારી નબળાઈના કારણે ન હતું. તારી સહનાશીલતા તારી બેદરકારીના કારણે ન હતી અને ન તો તારી ધીરજમાં (તારો) કોઈ સ્વાર્થ હતો, આ બધું એટલા માટે હતું કે તારી હુજજત ખુલ્લી રીતે નિર્ણયાત્મક થઇ જાય , તારી ઉદારતા સંપૂર્ણ થઈ જાય , તારા એહસાન ભરપૂર

રહે અને તારી નેઅમત પૂર્ણ થઈ જાય. આ બધું હતું જ અને કયારે પણ રોકાયું નહિં તથા એ બધું રહેશે અને કયારેય પણ રોકાશે નહિં

حُجَّتُكَ اَجَلُّ مِنْ اَنْ تُوْصَفَ بِكُلِّهَا ، وَ مَجْدُكَ اَرْفَعُ

مِنْ اَنْ يُحَدَّ بِكُنْهِهٖ ، وَ نِعْمَتُكَ اَكْثَرُ مِنْ اَنْ

تُحْصٰى بِاَسْرِهَا ، وَاِحْسَانُكَ اَكْثَرُ مِنْ اَنْ تُشْكَرَ

عَلٰىٓ اَقَلِّهٖ ، وَ قَدْ قَصَّرَ بِيَ السُّكُوْتُ عَنْ تَحْمِيْدِكَ ، وَ

فَهَّهَنِيَ الْاِمْسَاكُ عَنْ تَمْجِيْدِكَ ، وَ قُصَارَايَ

الْاِقْرَارُ بِالْحُسُوْرِ ، لَا رَغْبَةً يَا اِلٰهِيْ بَلْ عَجْزًا ؛

તારી હુજ્જત એટલી ઉચ્ચ દરજ્જાની છે જેનું સંપૂર્ણ રીતે વર્ણન નથી થઈ શકતું , તારી બાદશાહત એટલી સર્વોચ્ચ છે જેનું વ્યાખ્યાન નથી થઈ શકતું , તારી નેઅમતો એટલી બધી છે જનો પૂરી રીતે હિસાબ નથી થઈ શકતો અને તારા એહસન એટલા બધા છે કે તેમાંથી જે સૌથી ઓછામાં ઓછું છે તેનો પણ શુક્ર અદા નથી થઈ શકતો. નિ:શંક, ચુપકીદીએ મને વખાણ કરવા માટે અશકત કરી દીધો છે તથા ધગશની ઓછપે મને તારા ગુણ ગાવાથી મૂક બનાવી દીધો છે. વધારેમાં વધારે હું એટલું જ કહી શકું છું કે મારી લાચારી અને દિલગીરી જાહેર કરી

શકું છું, મારી સ્વેચ્છાએ નહિ, અય મારા રબ ! પણ મારી અશક્તિના કારણે.

فَهَا اَنَا ذَا اَؤُمُّكَ بِالْوِفَادَةِ ، وَ اَسْأَلُكَ حُسْنَ الرِّفَادَةِ ، فَصَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِهٖ ، وَ اسْمَعْ نَجْوَايَ ، وَ اسْتَجِبْ دُعَائِيْ ، وَ لَا تَخْتِمْ يَوْمِيْ بِخَيْبَتِيْ ، وَ لَا تَجْبَهْنِيْ بِالرَّدِّ فِيْ مَسْاَلَتِيْ ، وَ اَكْرِمْ مِنْ عِنْدِكَ مُنْصَرَفِيْ ، وَ اِلَيْكَ مُنْقَلَبِيْ ، اِنَّكَ غَيْرُ ضَائِقٍ بِمَا تُرِيْدُ ، وَ لَا عَاجِزٍ عَمَّا تُسْاَلُ ، وَ اَنْتَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ، وَ لَا حَوْلَ وَ لَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ الْعَلِيِّ الْعَظِيْمِ .

તેથી, મારા ઉપર નિગાહે-કરમ કર જે તારી બારગાહમાં હાજર થવા ઈચ્છે છે અને હું તારી શ્રેષ્ઠ સહાયતા માંગું છું. તેથી, હઝરત મોહંમદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર રહમત નાઝિલ કર. મારી છૂપી વાત સાંભળ અને મારી દુઆ કબૂલ કર , મારા દિવસને નિરાશામાં સમાપ્ત ન થવા દે અને મારી વિનંતિને રદ કરી ઠુકરાવી ન દે તથા તારી બારગાહમાંથી મારૂં પાછું ફરવું અને ફરી પાછું તારી બરગાહમાં હાજર થવું મારા માટે સુખમય કરાર આપ. નિ:શંક, જે કઈ તું ઈરાદો કરે છે તેને તું

સીમિત નથી રાખતો, તારી બરગાહમાં જે કંઇ પણ સવાલ કરવામાં આવે છે તેને અતા કરવા માટે તું અશક્ત નથી અને દરેક વસ્તુ ઉપર તું કુદરત ધરાવે છે. કોઈ સત્તા નથી કે નથી કોઈ શક્તિ સિવાય અલ્લાહની , જે સર્વોચ્ચ અને મહાન છે. તારી રહમતની સાથે , અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર !

## ઝિયારતે ઈમામ હુસૈન (અ.સ)

ઈદ ના દિવસે ઈમામ હુસૈન (અ.) ની ઝિયારત ની ઘણીજ ફઝીલત છે અને શબે કદ્રમાં જે ઝિયારતનો ઝિક્ર થયેલ છે તે જ ઝિયારત ઇદુલ ફિત્ર અને ઇદુલ અઝ્હાના દિવસે પઢવામાં આવે છે. આ ઝિયારતનો ઝિક્ર પેજ નંબર 200 ઉપર કરવામાં આવેલ છે

## દુઆએ નુદબહ

દુઆએ નુદબહ પઢે જે પેજ નંબર 832 ઉપર ઝિક્ર કરવામાં આવ્યો છે.

દુઆએ નુદબહ પઢયા પછી સજદામાં જાય અને કહે

اَعُوْذُ بِكَ مِنْ نَارٍ حَرُّهَا لَا يُطْفٰى وَ جَدِيْدُهَا لَا يَبْلٰى وَ عَطْشَانُهَا لَا يَرْوٰى

તારી પનાહ માંગુ છું જહન્નમની આગથી કે જેની

ગરમી ક્યારેય ઓછી થતી નથી, અને જે આગની સખ્તાઈ જૂની નથી થતી, અને તે આગની તરસ ક્યારેય દૂર નથી થતી.

**અને પછી જમણા ગાલને સજદા ઉપર રાખી આ દુઆ પઢે,**

**اِلَهِيْ لَا تُقَلِّبْ وَجْهِيْ فِي النَّارِ بَعْدَ سُجُوْدِيْ وَ تَعْفِيْرِيْ لَكَ بِغَيْرِ مَنٍّ مِنِّيْ عَلَيْكَ بَلْ لَكَ الْمَنُّ عَلَيَّ**

અય મારા અલ્લાહ, મારા ચેહરાને આગમાં ફેરવ્યા ફેરવ કરજે નહીં જયારે કે મારા સજદાઓ અને મારા ચેહરાને માટી ઉપર રાખવું ફક્ત તારી માટે હતું કે જેમાં તારી ઉપર મારો કોઈ એહસાન નથી, બલ્કે તારો એહસાન મારી ઉપર છે.

**અને પછી ડાબા ગાલને સજદા ઉપર રાખી આ દુઆ પઢે,**

**اِرْحَمْ مَنْ اَسَاءَ وَاقْتَرَفَ وَاسْتَكَانَ وَاعْتَرَفَ**

તું રહેમ કર તેની ઉપર કે જેણે બુરાઈ કરી, નાફરમાની કરી, જે લાચાર છે અને જેણે તેનો સ્વીકાર કર્યો છે.

**અને પછી સજદાની હાલતમાં પાછો આવી જાય અને કહે**

إِنْ كُنْتُ بِئْسَ الْعَبْدُ فَأَنْتَ نِعْمَ الرَّبُّ ، عَظُمَ الذَّنْبُ مِنْ عَبْدِكَ فَلْيَحْسُنِ الْعَفْوُ مِنْ عِنْدِكَ ، يَا كَرِيمُ

અગર હું એક ખરાબ બંદો છું તો પણ તું તો ખરેખર સારો પાલનહાર છે. તારા બંદાથી મોટા મોટા ગુનાહો થયા છે, તો તારી તરફથી મળતી માફી કેટલી સારી છે, અય ઘણોજ ઉદાર

**અને ૧૦૦ વખત કહે**

الْعَفْوَ الْعَفْوَ

મને માફ કર, મને માફ કર

## ૮મી શવ્વાલ – ચમ્મે ગમ - જન્નતુલ બકી મુન્હદિમ થવાનો ગમનાક દિવસ

**હિજરી સન ૧૩૪૪ માં આ દિવસે જન્નતુલ બકીઅને ખંડિત કરવામાં આવ્યું જે આજ દિન સુધી વિરાન છે; જન્નતુલ બકીઅના કબ્રસ્તાનમાં અહલે-બય્ત (અ.મુ.) ના ખાનદાનવાળાઓ ની કબરો છે કે જેમાં આપણા ૪ ઇમામો (અ.મુ.) તેમજ રીવાયતો મુજબ જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) ની કબ્રે મુબારક આવેલી છે. તમામ મુઅમિનોને ગુઝારીશ છે કે દુઆ કરે કે જન્નતુલ બકીઅ તેમજ બીજા**

બિસ્માર થયેલા રોઝા મુબારકો ફરી જલ્દીથી આબાદ થાય, ઇલાહી આમીન

## ઝિયારતે અઈમ્માએ બકીઅ (અ.મુ.)

ઈમામ હસન (અ.), ઈમામ ઝૈનુલ આબેદીન (અ.), ઈમામ મોહમ્મદ બાકિર (અ.) અને ઈમામ સાદિક (અ.) ની ભેગી ઝિયારત :

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَلسَّلَامُ عَلَيْكُمْ يَا أَئِمَّةَ الْهُدٰى ، اَلسَّلَامُ عَلَيْكُمْ يَا أَهْلَ التَّقْوٰى ، اَلسَّلَامُ عَلَيْكُمْ يَا حُجَجَ اللهِ عَلٰى أَهْلِ الدُّنْيَا ، اَلسَّلَامُ عَلَيْكُمْ أَيُّهَا الْقَوَّامُوْنَ فِي الْبَرِيَّةِ بِالْقِسْطِ ، اَلسَّلَامُ عَلَيْكُمْ يَا أَهْلَ الصَّفْوَةِ ، اَلسَّلَامُ عَلَيْكُمْ يَا أَهْلَ النَّجْوٰى ، أَشْهَدُ أَنَّكُمْ قَدْ بَلَّغْتُمْ وَ نَصَحْتُمْ وَ صَبَرْتُمْ فِي ذَاتِ اللهِ عَزَّ وَ جَلَّ وَ كُذِّبْتُمْ وَ أُسِيْءَ إِلَيْكُمْ فَغَفَرْتُمْ وَ أَشْهَدُ أَنَّكُمُ الْأَئِمَّةُ الرَّاشِدُوْنَ وَ أَنَّ طَاعَتَكُمْ مَفْرُوْضَةٌ وَّ أَنَّ قَوْلَكُمُ الصِّدْقُ وَ أَنَّكُمْ دَعَوْتُمْ فَلَمْ تُجَابُوْا وَ

أَمَرْتُمْ فَلَمْ تُطَاعُوا وَ أَنَّكُمْ دَعَائِمُ الدِّينِ وَ أَرْكَانُ

الْأَرْضِ لَمْ تَزَالُوا بِعَيْنِ اللهِ يَنسَخُكُمْ فِي أَصْلَابِ

الْمُطَهَّرِينَ وَ يَنْقُلُكُمْ فِي أَرْحَامِ الْمُطَهَّرَاتِ لَمْ

تُدَنِّسْكُمُ الْجَاهِلِيَّةُ الْجَهْلَاءُ وَ لَمْ تَشْرَكْ فِيكُمْ

فِتَنُ الْأَهْوَاءِ طِبْتُمْ وَ طَابَتْ مَنْبِتُكُمْ أَنْتُمُ الَّذِينَ

مَنَّ بِكُمْ عَلَيْنَا دَيَّانُ الدِّينِ فَجَعَلَكُمْ فِي بُيُوتٍ

أَذِنَ اللَّهُ أَنْ تُرْفَعَ وَ يُذْكَرَ فِيهَا اسْمُهُ وَ جَعَلَ

صَلَوَاتِنَا عَلَيْكُمْ رَحْمَةً لَنَا وَ كَفَّارَةً لِذُنُوبِنَا إِذَا

اخْتَارَكُمْ لَنَا وَ طَيَّبَ خَلْقَنَا بِمَا مَنَّ عَلَيْنَا مِنْ

وَلَايَتِكُمْ وَ كُنَّا عِنْدَهُ بِفَضْلِكُمْ مُعْتَرِفِينَ وَ

بِتَصْدِيقِنَا إِيَّاكُمْ مُقِرِّينَ وَ هَذَا مَقَامُ مَنْ أَسْرَفَ

وَ أَخْطَأَ وَ اسْتَكَانَ وَ أَقَرَّ بِمَا جَنَى وَ رَجَا بِمَقَامِهِ

الْخَلَاصَ وَ أَنْ يَسْتَنْقِذَهُ بِكُمْ مُسْتَنْقِذُ الْهَلْكَى

مِنَ النَّارِ فَكُونُوا لِي شُفَعَاءَ فَقَدْ وَفَدْتُ إِلَيْكُمْ إِذْ

رَغِبَ عَنْكُمْ أَهْلُ الدُّنْيَا وَ اتَّخَذُوْا آيَاتِ اللهِ هُزُوًا
وَّ اسْتَكْبَرُوْا عَنْهَا ، يَا مَنْ هُوَ قَائِمٌ لَا يَسْهُوْ وَ دَائِمٌ
لَا يَلْهُوْ وَ مُحِيْطٌ بِكُلِّ شَيْءٍ لَكَ الْمَنُّ بِمَا وَفَّقْتَنِي وَ
عَرَّفْتَنِي بِمَا اُئْتَمَنْتَنِي عَلَيْهِ إِذْ صَدَّ عَنْهُ عِبَادُكَ وَ
جَهِلُوْا مَعْرِفَتَهُمْ وَ اسْتَخَفُّوْا بِحَقِّهِمْ وَ مَالُوْا إِلَى
سِوَاهُمْ فَكَانَتِ الْمِنَّةُ مِنْكَ عَلَيَّ مَعَ أَقْوَامٍ
خَصَصْتَهُمْ بِمَا خَصَصْتَنِي بِهِ ، فَلَكَ الْحَمْدُ إِذْ كُنْتُ
عِنْدَكَ فِي مَقَامِي مَكْتُوْباً فَلَا تَحْرِمْنِي مَا رَجَوْتُ وَ
لَا تُخَيِّبْنِي فِيْمَا دَعَوْتُ

## ઝિયારતે જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَلسَّلَامُ عَلَيْكِ يَا
سَيِّدَةَ نِسَاءِ الْعَالَمِيْنَ ، اَلسَّلَامُ عَلَيْكِ يَا وَالِدَةَ
الْحُجَجِ عَلَى النَّاسِ أَجْمَعِيْنَ ، اَلسَّلَامُ عَلَيْكِ أَيَّتُهَا
الْمَظْلُوْمَةُ الْمَمْنُوْعَةُ حَقَّهَا ، اَللّٰهُمَّ صَلِّ عَلٰى أَمَتِكَ وَ

ابْنَةِ نَبِيِّكَ وَ زَوْجَةِ وَصِيِّ نَبِيِّكَ ، صَلَاةً تُزْلِفُهَا فَوْقَ زُلْفَى عِبَادِكَ الْمُكْرَمِيْنَ مِنْ أَهْلِ السَّمَاوَاتِ وَ أَهْلِ الْأَرَضِيْنَ

## ૨૫મી શવ્વાલ – ઈમામે સાદિક (અ.)ની શહાદત

હિજરી સન ૧૪૮માં ઈમામ જઅફરે સાદિક (અ.)ની શહાદતનો દિવસ છે. અમુક આલિમો તેમની શહાદતને ૧૫મી રજબના દિવસે પણ માને છે. મનસુર (અબ્બાસી બાદશાહ) ઈમામ (અ.) ને દ્રાક્ષમાં ઝેર ભેળવીને શહીદ કરે છે. રિવાયતમાં છે જયારે ઈમામ (અ.) નો આખરી સમય હતો ત્યારે ઈમામ (અ.) આંખ ખોલીને પોતાના રિશ્તેદારોને ભેગા થવાનું કહે છે; જયારે બધા ભેગા થઈ ગયા ત્યારે તેઓની સામે જોઈને કહ્યું કે અમારી શફાઅત તે લોકોને નસીબ નહી થાય જે લોકો નમાઝને હલકી સમજે છે.

# કિતાબોની સૂચી

- કુરઆને કરીમ
- સહીફએ સજ્જાદીય્યહ – ઈમામ સજ્જાદ (અ.) ની દુઆઓ
- અલ-ઇકબાલ – સય્યદ અલી ઇબ્ને મૂસા (અ.ર.) (સય્યદ ઇબ્ને તાઉસ)
- અલ-મિસ્બાહ – ઇબ્રાહિમ ઇબ્ને અલી આમેલી કફઅમી (અ.ર.)
- બલદુલ અમીન - ઇબ્રાહિમ ઇબ્ને અલી આમેલી કફઅમી (અ.ર.)
- ઝાદુલ મઆદ – અલ્લામા મુહમ્મદ બાકિર ઇબ્ને મુહમ્મદ તકી મજલિસી (અ.ર.)
- મફાતીહુલ જિનાન – શેખ અબ્બાસે કુમ્મી (અ.ર.)
- દુઆઓનો મજમુઓ – અલ્લામા હાજી નાજી સાહેબ (અ.ર.)
- ઝીનતુસ્સાએમીન – મ. અકબરઅલી મીરઝા સાહેબ (અ.ર.)
- અર્મગાને ઇસ્લામ – શૈખ મુહમ્મદ હસન નજફી સાહેબ (અ.ર.)
- આમાલે માહે રમઝાન (ઉર્દૂ) – સય્યદ ઝીશાન

હૈદર જવાદી સાહેબ (અ.ર.)

- મફાતીહુલ જિનાન (ઉર્દુ તરજુમો) – સય્યદ ઝીશાન હૈદર જવાદી સાહેબ (અ.ર.)
- મફાતીહુલ જિનાન – (ફારસી તરજુમો) – શૈખ હુસૈન અન્સારીયાન (દા.બ)

## કિતાબના સવાબમાં તમે પણ ભાગીદાર બનો...

સલામુન અલયકુમ,

તમારી સમક્ષ રજુ થયેલ આ કિતાબ “હિલ્યતુલ આબેદીન” તેમજ બીજી નવી કિતાબો માટે અત્યંત જરૂરી છે કે અમે તમારા સલાહ સૂચનો જાણીએ અને શક્ય હોય ત્યાં સુધી તેને નવા પ્રકાશનોમાં આવરી લઈએ. તેમજ આ કિતાબમાં રહી ગયેલ ભૂલ-ચૂક તરફ અમારું ધ્યાન દોરવશો જેથી આ જ ભુલો બીજી આવૃત્તિઓમાં ફરી વખત રહી ન જાય તેની અમે કાળજી રાખીએ.

આ હેતુસર અમે તમામ લાભ લેનાર મોઅમિનોને વિનંતી કરીએ છીએ કે નીચે મુજબની વિગતો ભરી આ કાગળ અમોને પરત મોકલે; અથવા અલગ કાગળ, ઈમેલ વિગેરે થકી અથવા અમારા વેબ બ્લોગ http://maaheramazan.blogspot.in/ ઉપર કમેન્ટ (Comment) કરીને અમોને આ કિતાબના સુધારા-વધારા કરવા વિશે માહિતગાર કરે, અને આ રીતે આપણે બધા આ કિતાબના સવાબમાં ભાગીદાર બનીએ.

તદ્દુપરાંત અગર તમે તમારું સરનામું અથવા ઈમેલને સાથે લખી જણાવશો  અથવા અમારા વેબ બ્લોગ ઉપર ઇમેલ નોંધાવશો તો કિતાબના જરૂરી

સુધારા-વધારા ઉપરાંત તમને અમારી બીજી કિતાબોની માહિતી પણ આસાનીથી મળી રહે તેની અમે પૂરી કોશીશ કરશું. (અમારું ઈમેલ એડ્રેસ: hilyatul.aabedeen@gmail.com)

અંતમાં હું તમો બધાનો અગાઉથી જ ઘણો આભારી છું કે તમારા અમુલ્ય સલાહ-સૂચનો વડે આપણી આ કિતાબની બીજી આવૃત્તિને તેમજ બીજી કિતાબોને આસાની સાથે અને ભૂલ-ચૂક રહિત પેશ કરી શકીએ.

- **પ્રકાશક**

૧. શું આવી અરબી – ગુજરાતી દુઆની કિતાબની જરૂર હતી કે જેમાં પૂરા માહે રમઝાનના આમાલ શામિલ કરી લેવામાં આવે ? હા ના અન્ય

---

૨. શું આવી અરબી – ગુજરાતી દુઆની કિતાબની જરૂર છે કે જેમાં બીજા મહીનાઓના આમાલ શામિલ કરી લેવામાં આવે ? હા ના અન્ય

---

૩. શું આ કિતાબમાં માહે રમઝાનના બીજા જરૂરી તથા મખ્સૂસ આમાલ રહી ગયેલ છે કે જેને શામિલ કરી

લેવામાં આવે ? હા  ના વિગત

_______________________________________

૪. શું આ કિતાબમાં માહે રમઝાનના આમાલ સિવાયની કોઈ એવી બાબત શામિલ છે જે માહે રમઝાનમાં ફાયદાકારક ન હતી ? હા  ના

વિગત ___________________________

૫. તમારા ધ્યાનમાં આવેલ ભૂલ-ચૂક ની યાદી (પેજ ની પાછળ ની જગ્યાનો ઉપયોગ કરી શકો છો)

___________________________________________

___________________________________________

___________________________________________

___________________________________________

___________________________________________

___________________________________________